ૐકાર ચિંતામણિ

(પ્રણવ રહસ્યમ્)

લેખક અને સંશોધનકર્તા
શરદચંદ્ર ઈશ્વરલાલ પુરોહિત (શરદ વસિષ્ઠ)

ૐકાર ચિંતામણિ

(પ્રણવ રહસ્યમ્)

લેખક અને સંશોધનકર્તા
શરદચંદ્ર ઈશ્વરલાલ પુરોહિત (શરદ વસિષ્ઠ)

: પ્રકાશક :

ગૂર્જર સાહિત્ય પ્રકાશન

102, લેન્ડમાર્ક બિલ્ડીંગ, સીમાહૉલની સામે, 100 ફૂટ રોડ,
પ્રહ્લાદનગર, અમદાવાદ-380015.
ફોન : 079-26934340, મો : 9825268759

AUMKAR CHINTAMANI (PRANAV RAHASYAM)
Written by Sharadchandra Ishwarlal Purohit (Sharad Vasistha)
Published by Gurjar Sahitya Prakashan
102, Landmark Building, Opp. Seema Hall,
100ft. Road, Prahladnagar,
Ahmedabad-380015.
Phone : 079-26934340, Mo. : 9825268759

© શરદચંદ્ર ઈશ્વરલાલ પુરોહિત (શરદ વસિષ્ઠ)

પ્રથમ આવૃત્તિ : January, 2019

નકલ : 1000

પૃષ્ઠ સંખ્યા : 520

કિંમત : રૂ. 650/-

ISBN : 978-93-85581-87-8

પ્રાપ્તિસ્થાન

પ્રકાશક : ગૂર્જર સાહિત્ય પ્રકાશન
102, લૅન્ડમાર્ક બિલ્ડિંગ, સીમા હૉલની સામે,
100 ફૂટ રોડ, પ્રહ્લાદનગર, અમદાવાદ-380015.
ફોન : 079-26934340, મો : 9825268759

ગૂર્જર સાહિત્ય ભવન
રતનપોળ નાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ-380 001.
ફોન : 079-22144663

ટાઇપસેટિંગ અને મુદ્રણ : વિક્રમ કોમ્પ્યુટર સેન્ટર
એ-1, વિક્રમ એપાર્ટમેન્ટ, શ્રેયસ ક્રૉસિંગની પાસે,
આંબાવાડી, અમદાવાદ-380 015.
ફોન : 079-26620472, મો. 9879500179

॥ સર્વમંગલ પ્રણવ પ્રશસ્તિ

ॐकारं बिन्दुसंयुक्तं नित्यं ध्यायन्ति योगिनः ।
कामदं मोक्षदं चैव ॐकाराय नमो नमः ॥

-યોગીઓ ૐકારનું બિંદુસહિત નિત્ય ધ્યાન કરે છે. તે મનુષ્યની સર્વ કામનાઓ પૂર્ણ કરનારો છે તથા મોક્ષસુખને આપનારો છે તેને પુનઃ પુનઃ નમસ્કાર કરું છું.

ऊर्ध्व शुण्डमधः शुण्डं द्विधा त्वां वृत्तशुण्डकम् ।
सर्ग विसर्ग सन्धीशं नौम्योङ्कार विनायकम् ॥

-ઊર્ધ્વ સૂંઢ અધઃ સૂંઢ તેમજ બેવડી વળી ગયેલી સૂંઢવાળા અને એ રીતે સર્ગ, વિસર્ગ અને સંધિના ઈશ્વર એવા ૐકાર રૂપી વિનાયક ગણેશજીને હું પ્રણામ કરું છું.

प्रणवः परमं ब्रह्म प्रणवः परमः शिवः ।
प्रणवो परमो विष्णुः प्रणवंल्लसर्वंदेवता : ॥

-પ્રણવ એ પર બ્રહ્મ છે, પ્રણવ એ પરમ શિવ છે. પ્રણવ એ પરમ વિષ્ણુ સ્વરૂપ છે. પ્રણવ જ સર્વદેવતાઓનો આદિ સ્ત્રોત છે.

कलावन्तं कलारुपं कालाकालम् कालकम् ।
कल्या कल्प विशेषसं प्रणवंल्लनिर्मलम्भजे ॥

-કળાવાન, કળારૂપ, કાળનો પણ કાળ (મહાકાળ) છતાં અકાળરૂપ એટલે કે કાળથી પર ઉઁકાર છે. કલ્પો અને કલાથી પર વિશેષરૂપે જાણવા યોગ્ય પ્રણવને હું ભજું છું.

साक्षात्कृत्य यमात्मानं न पश्यन्ति यतीश्वराः ।
जीवभेदं विश्वभेदं संस्मरेद्यतिः ॥

- યતીશ્વરો ત્યાગીશ્વરો પ્રણવનું સંસ્કરણ કરતા રહેવાથી જીવભેદ અને વિશ્વના ભેદને જાણી લે છે. અને તેના વડે આત્માનો સાક્ષાત્કાર કરે છે.

बिन्दो ब्रह्मात्मरुपं परशिवपरमाकार रुपं महेश,
तत्वा तस्यान्तरस्थां त्रिपुरपदयुतां सुन्दरी नौमि दिव्याम् ।
एवं पूरण स्वरुपं प्र व मनुमयं शुद्धबोधैक्यगम्यं,
वन्दे शक्त्याश्च शंभोः समरसमुदितं सर्व बीजैक नाथम् ॥

- પરાશિવ પર પરમાકાર રૂપ, બ્રહ્માત્મરૂપ મહેશ બિંદુ સ્વરૂપે રહેલા છે. બધા તત્ત્વો તેની અંદર સમાયેલાં છે. એવી ત્રિપદયુક્ત (શ્રી ત્રિપુરસુંદરી) જે દિવ્ય સ્વરૂપા છે તેને હું નમન કરું છું, આ પ્રમાણે પૂર્ણ સ્વરૂપ પ્રણવયુક્ત (આંનદમય) એવો જે સર્વ બીજોનો સ્વામી (ઉઁકાર) છે, તેને મારા વંદન હજો.

ॐकारमाद्यं परमात्मरुपं, संसारनाशे समयमन्तम् ।
अचञ्चलं प्राप्यनिज ब्रह्मभक्तैः ध्यायेत् दा देशिकवाक्यमानात् ॥

- સર્વ જગતના કારણ પરમાત્માનું શબ્દ બ્રહ્મરૂપ (ઉઁકાર) અથવા સ્વરૂપને પ્રકટ કરનાર અને તેથી જ સંસારનો નાશ કરવામાં તથા નિરતિશય સુખ આપવા સમર્થ, કુટિલતા વગેરે સર્વદોષોથી રહિત તથા સરળતા, નિરાભિમાનતા જેવા ગુણોથી યુક્ત એવા બ્રહ્મ (સાધક) ભક્તો વડે અંદર અને બહારની ચંચળતાથી રહિત થયા પછી સ્થિરતા આપનાર એવા ઉઁકાર મંત્રનું પોતાની ગુરુ પંરપરા થકી પ્રાપ્ત એવા અંગ અને રહસ્યનું જ્ઞાન મેળવી નિરંતર ધ્યાન કરવું.

ॐ कार वाच्यमुच्च चण्डांशु लृसदृशप्रभम् ।
वासुदेवाभिधं ब्रह्म विश्वगर्भमुपास्महे ॥

-ॐકારરૂપ વાચ્ય જે મધ્યાહન સૂર્ય જેવી પ્રભાવાળો છે, વાસુદેવ તરીકે ઓળખાય છે તે બ્રહ્મસ્વરૂપ છે તથા વિશ્વગર્ભ છે, એટલે કે સમસ્ત વિશ્વ જેના ગર્ભમાં રહેલું છે તેની અમે ઉપાસના કરીએ છીએ.

प्रणवंलृहीश्वर विद्यात्सर्वस्य हृदि लृसंस्थितम् ।
सर्व व्यापिनं ॐकार मत्वा धीरो न शोचति ॥

-પ્રણવને બધાનાં હૃદયમાં સ્થિત ઈશ્વર જાણવો. આ પ્રકારે સર્વવ્યાપક ૐકારને જાણીને બુદ્ધિમાન પુરુષ શોક કરતો નથી.

अमात्रो अनन्तमात्रश्च द्वैतस्योपशमः शिवः ।
ॐकारो विदितो येन मुनिर्नेतरो नः ॥

-જેણે માત્રાહીન, અનન્ત માત્રાઓવાળા, દ્વૈતભાવના ઉપરામ સ્થાન સમાન ૐકારને જાણ્યો છે, તે જ મુનિ છે. અન્ય કોઈ માણસ નથી.

ભૂમિકા

ૐ સર્વપ્રથમ મંત્ર છે. એ જ પ્રણવ છે. ૐકારમાં છંદ, પ્રયોગ આદિ બધું જ છે અને તેનાથી ઉત્પન્ન બ્રહ્માંડ સમ્પુટિત રહે છે.

ગુરુરૂપમાં જે પ્રકટ પ્રણવમૂર્તિ છે. તેમાં સમસ્ત શક્તિઓ સમ્યક્ રૂપમાં પ્રસ્ફુટિત છે. ૐકારનું આ પ્રકૃત સ્વરૂપ માત્રાતીત છે, એ જ તાર પણ છે. કાલિકા પુરાણમાં કથન છે કે - જ્યાં સુધી કોઈપણ મંત્રના આરંભમાં અને અંતમાં પ્રણવનો પ્રયોગ નથી કરવામાં આવતો ત્યાં સુધી તે મંત્ર પ્રભાવી નથી થતો. શાક્ટાયન સ્મૃતિનું પણ કથન છે - ''ભેટ, બલિ, તર્પણ, હોમ તપસ્યા, જપ, ધ્યાન, સંધ્યા,પ્રાણાયામ, મંત્ર જાપ અને દેવતાઓનું ધ્યાન વગેરે કાર્ય પ્રણવથી જ આરંભ કરવા જોઈએ.''

સ્મૃતિઓમાં જે ૐ તત્સદિતિ નો જે ઉલ્લેખ છે, તે પણ આ પ્રણવ છે. લિંગત્રય પણ એ જ માનવામાં આવે છે. ૐમાં ત્રણ માત્રાઓ છે. - 'અ', 'ઉ', અને 'મં' ત્રણ માત્રાઓ સત્, ચિત્, આનંદ. અકાર નાદ બિંદુ, ત્રણ દેવ બ્રહ્મા, વિષ્ણુ, રૂદ્રને અભિવ્યકત કરે છે. કાવ્યાયન સ્મૃતિનું કથન છે કે - વેદપાઠ, હોમ, જપ, બલિ, પ્રાયશ્ચિત ક્રિયાઓમાં આદિ અને અંતમાં પ્રણવ આવશ્યક છે. આ રીતે શ્રુતિની માન્યતા છે કે : પ્રણવમાં જ સંપૂર્ણ વાક્નો આશય મંત્રથી છે.

ૐ, તત્, સત્ બ્રહ્મનાં ત્રિવિધ નામ છે. તે ત્રણ પ્રકારના બ્રહ્મના નિર્દેશ દ્વારા સૃષ્ટિના આદિકાળમાં બ્રહ્માએ બ્રાહ્મણ ગ્રંથો, વેદ અને યજ્ઞ-સમૂહનું નિર્માણ કર્યું હતું, અથવા આ ૐનો આશય પાંચ દેવો બ્રહ્મા, વિષ્ણુ, રૂદ્ર, ઈશ્વર અને સદાશિવથી છે, અને એ ત્રણ ભાગ 'અ', 'ઉ', 'મ' તથા નાદ અને બિંદુ છે.

બૃહદ્ નારદીય પુરાણનું કથન છે : 'અ'નો અર્થ બ્રહ્મા, 'ઉ' અર્થાત્ વિષ્ણુ અને 'મ' રૂદ્ર છે તથા અર્ધમાત્રા પરમ છે. આ રીતે કહેવામાં આવ્યું છે કે પ્રણવ વાક્ (વાણી) છે. અને બ્રહ્મ તે જેના વિષયમાં કહેવામાં આવ્યું છે. બ્રહ્મ અને પ્રણવનો આ સંબંધ કેવળ આલંકારિક જ છે. આમ તો બ્રહ્મ એકલું જ છે. પુષ્પદંતાચાર્યનું કહેવું છે કે - ''શબ્દ બ્રહ્મમાં આ ભાવ છે કે તેઓ વ્યક્તિગત અને સામૂહિક દૃષ્ટિથી સંપૂર્ણ જીવોનું આશ્રયસ્થળ છે.''

સૂતસંહિતા (અ. ૪, ૧૭-૨૨)માં કહેવામાં આવ્યું છે કે - ''જ્યારે કોઈ વસ્તુનું જ્ઞાન છે તો એમ નથી કહેવાતું કે હું જાણું છું, તેઓ કહે છે 'ૐ', જ્યારે કોઈ વસ્તુનું જ્ઞાન નથી તો એમ વસ્તુને સમજવામાં સંદેહ ઉત્પન્ન થાય તો એમ નથી કહેવામાં આવતું કે આમાં સંદેહ છે. તો પણ એમ જ કહેવાય છે કે ૐ, આ રીતે અન્ય વસ્તુઓ આકાશાદિને પણ ૐ જ કહે છે. પ્રણવ બ્રહ્મની સમાન છે. હે મુનિ! જે આ સર્વવ્યાપક મંત્ર 'ૐ'ના જાપ કરે છે, તે, તે સંપૂર્ણ પદાર્થોને પ્રાપ્ત કરી લે છે જેને અન્ય મંત્રોના જાપ કરવાથી પ્રાપ્ત કરી શકાતા નથી.'' એટલે પ્રણવના અનેક અર્થ છે જેમ કે આકાશાદિ તથા અન્ય વસ્તુઓના નામ એની અંતર્ગત આવે છે. પ્રણવ બ્રહ્મના સમાન છે કારણ કે તે સમસ્ત વસ્તુઓના પ્રકાશક છે.

પારાશર સ્મૃતિનું કથન છે કે પ્રણવ મહાન તત્ત્વ છે, પ્રણવ વેદ છે, ત્રણે ગુણો પણ તે છે. ત્રણ દેવ પણ છે, ત્રણ લોક પણ છે, ચૈતન્યનું ત્રયી રૂપ છે, ત્રણ અવસ્થા છે, ત્રણ કૂટ છે. ત્રણ કાળ છે અને ત્રણેય લિંગ પણ છે, મહાજનોનું કહેવું છે કે સમસ્ત બ્રહ્માંડત્રયી પ્રણવ રૂપમાં ઓતપ્રોત અથવા આક્રાન્ત છે. આથી આગળ કહેવામાં આવ્યું છે કે અગ્નિ, સોમ, સૂર્ય, ત્રણ લોક છે. આંતર ચેતના, બાહ્ય ચેતના અને ઘનીભૂત ચેતના એ ત્રણે પ્રજ્ઞાન છે. હૃદય, કંઠ અને તાલુ (તાળવું) ત્રણ સ્થાણુ છે. અ,ઉ,મ ત્રણ માત્રાઓ છે કોઈપણ કાર્યના પૂર્વમાં પ્રણવનો ઉદ્‌ઘોષ આવશ્યક છે. પ્રત્યેક શબ્દ એમાં સમાહિત છે અને સર્વ એમાં

ઓતપ્રોત છે. એના વગર કોઈપણ શબ્દનું ઉચ્ચારણ થઈ શકતું નથી.

લિંગપુરાણમાં શિવ દેવીને કહે છે - મારા પ્રણવમાં અ,ઉ,મ અને તમારા પ્રણવમાં ઉ,મા ,અ ક્રમશઃ છે એની સાથે ત્રણ માત્રાઓ અને ઉચ્ચતર પ્લુત છે. મહાવાશિષ્ઠ રામાયણમાં કથન છે કે 'ઉમા એટલા માટે કહેવાય છે કે એમાં પ્રણવનો સાર છે.' ફરી આગળ કહે છે કે - ઉમા ઈન્દુકલા છે, જે ત્રણે લોકોના પ્રાણીઓના હૃદયને જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ અવસ્થાઓમાં શ્વાસ પ્રદાન કરે છે. ટીકાકાર આને આ રીતે સમજાવે છે કે - સર્વ પ્રાણીઓના હૃદયમાં યદ્યપિ તેઓ જાગ્રત અથવા સુષુપ્ત અવસ્થામાં હો, અનાહતનાદ નીકળતો રહે છે જે પ્રણવનો એક ભાગ છે. એમાં માત્રા નથી અને હૃદયસ્થિત ગુહામાં એનો ઉદય થાય છે. એ નાદશબ્દ બ્રહ્મ છે, એ પ્રણવ છે, ગુહા શિવ છે. તેમના શિરમાં ઈન્દુકલા બિંદુ રૂપમાં સ્થિત છે.

વાયવીય સંહિતામાં ઉલ્લેખ પ્રાપ્ત થાય છે - 'ઉઁકાર બ્રહ્મ છે, જેમાં બે જ અક્ષર છે. લિંગ શરીરના શિરમાં એ સાંભળી શકાય છે જેનો પદાંશ અર્ધો છે.' અન્ય તથ્યોને સ્પષ્ટ કરતાં જણાવ્યું છે કે લિંગમાં તે સમયે ઉત્થાન થાય છે, જ્યારે કમળનું તુર્યાવસ્થામાં જાગરણ થાય છે અને હંસ(જીવ) તે નાદમાં પૂર્ણતયા લીન થઈ જાય છે, જે લિંગના શિરમાં છે, તો એવી અવસ્થા પ્રાપ્ત થઈ જાય છે જે ચતુર્થ અવસ્થાથી પણ આગળની અવસ્થા છે.

પ્રાચીનકાળમાં વાગ્-યોગને મુમુક્ષુઓના આશ્રય યોગ્ય સર્વાધિક સરળ માર્ગ માનવામાં આવતો હતો. મનની સ્થિરતા-સાધન માટે તથા મૂઢ ચિત્તના બોધનને માટે નાદની પરમ ઉપયોગિતા છે. યોગ તથા તાંત્રિક સાધનામાં અને મંત્રજપમાં પણ નાદનું જ સર્વાધિક મહત્વ છે. પ્રાણાત્મક ઉચ્ચારણથી એક અવ્યક્ત ધ્વનિ નિરંતર સ્ફુરિત થતો રહે છે. એને જ અનાહતનાદ કહેવાય છે. એ પ્રાણીમાત્રના હૃદયમાં સ્વાભાવિક રૂપથી સદાને માટે ચાલતો જ રહે છે. એનો કોઈ કર્તા નથી અને કોઈ પ્રતિરોધક પણ નથી. અભિવ્યકતરૂપમાં બધા વર્ણો એમાં વિદ્યમાન છે - એ જ વર્ણોની ઉત્પત્તિનું નિમિત્ત છે. એટલા માટે એ પણ વર્ણ પદવાચ્ય છે.

નાદથી જ સમગ્ર વિશ્વ સૃષ્ટિ થાય છે અને સૃષ્ટ વિશ્વના અંદર જ પ્રાણ યા જીવનશક્તિના રૂપમાં નિહિત રહે છે. આ અનંત વિશ્વને ગર્ભમાં ધારણ કરીને

પ્રસુપ્ત સર્પાકાર રૂપમાં રહે છે એને જ પરમબીજ કહે છે. જ્યારે એ વિશ્વને ગર્ભમાં ધારણ કરીને રહે છે તો એનું નામ પરાકુંડલી, અને જ્યારે એનું નાદાત્મક રૂપમાં સ્ફુરણ થાય છે, ત્યારે એનું નામ વર્ણકુંડલી અને જ્યારે એ નાદ ગહન સુષુપ્તિમાં અવસ્થિત હોય છે ત્યારે એનું નામ પ્રાણકુંડલી છે. નાદથી જ્યોતિનો પણ સંબંધ છે. નાદની ભિન્નતાને અનુરૂપ જ્યોતિમાં પણ ભિન્નતા હોય છે. વિશુદ્ધ જ્યોતિમાં કોઈ રંગ રહેતો નથી અને કોઈ વિભાગ નથી.

અનાહતનાદના મુખ્ય અભિવ્યક્તિ સ્થાન બે બીજ છે - એક સૃષ્ટિબીજ સકાર અને બીજો સંહારબીજ હકાર છે. આ બંનેનો આશ્રય લઈને આ નાદ અભિવ્યકત થાય છે. યોગીઓ જાણે છે કે પ્રાણના આદિ મૂળનું સંધાન કરવાથી ચિદાકાશનું પ્રથમ સ્પંદન જ દૃષ્ટિપથ પર પડે છે. બિંદુયુક્ત 'હ'કાર (હં) પરમપુરુષનું અને વિસર્ગ યુક્ત સકાર(સઃ) પરમા પ્રકૃતિનો વાચક છે. બંનેની યુક્તાવસ્થા જ આદિ હંસનું રૂપ છે, જેને નિઃસ્પન્દ અને સ્પંદન તત્ત્વનું સંધિસ્થાન માનવામાં આવે છે. આ આદિ પ્રાણને જ સંવિત્‌નું પ્રથમ પરિણામ કહે છે - સૃષ્ટિના સર્વ તત્વોની ધારિકા શક્તિ આ છે. શરીરમાં શ્વાસ-પ્રશ્વાસનો ખેલ આ હંસરૂપી પ્રાણનો જ વ્યાપાર છે. હંકારથી બહિર્મુખ ગતિ યા અનન્તની તરફની ગતિ થાય છે અને સઃકારથી અંતઃપ્રવેશ યા દેહમાં પ્રત્યાવર્તન સૂચિત થાય છે. હઠયોગમાં નાદ-સાધનાનો ઉપદેશ છે. નાદની નવ-ભૂમિઓ છે, જેને નવનાદ કહે છે. સ્થૂળ અને સૂક્ષ્મ બંનેમાં જ આ ભૂમિઓ છે.

અંતમાં જણાવવાનું કે આ ગ્રંથમાં જે કોઈ ક્ષતિ હોય તે મારી છે; જેના માટે હું ક્ષમાપ્રાર્થી છું. જે કંઈ સર્વોત્તમ છે, શુભ અને મંગલમય છે તે ૐકાર સ્વરૂપ પરમકૃપાળુ પરમાત્માનો અનુગ્રહ છે. ગ્રંથમાં જે ગ્રંથોનો આધાર લીધો છે તે ગ્રંથકારો, તત્ત્વચિંતકો અને ઋષિ-મુનિઓનો ઋણ સ્વીકાર કરી વિરમું છું.

કણબીવાડ
મુ.પો. ડુમસ, જી-સુરત
તા. ૨૦૧૭

વિદ્વજન ચરણચંચરિક,
શરદચંદ્ર ઈશ્વરલાલ પુરોહિત

લેખક પરિચય

નામ : **શ્રી શરદચંદ્ર ઈશ્વરલાલ પુરોહિત** (શરદવસિષ્ઠ)

જન્મદિનાંક : આસો સુદ-૧૩, ગુરુવાર, વિ.સં. ૧૯૯૪, તા. ૭.૧૦.૧૯૩૮

નિવાસસ્થાન : બ્લોકનં. ૫૫/૪૨૦, ગુજરાત હાઉસીંગ બોર્ડ, પાલનપુર પાટીઆ, રાંદેર રોડ, સુરત - ૩૯૫ ૦૦૫

પિતા : શ્રી ઈશ્વરલાલ ભાઈશંકર પુરોહિત

માતા : અ.સૌ. કમલાગૌરી ઈશ્વરલાલ પુરોહિત

પત્ની : અ.સૌ. સરલાદેવી શરદચંદ્ર પુરોહિત

જ્ઞાતિ : મોઢ ચતુર્વેદી બ્રાહ્મણ, ગોત્ર : વશિષ્ઠ

વેદશાખા : શુક્લ યજુર્વેદ, ત્રિપ્રવરાન્વિત માધ્યંદિનીશાખા

વ્યવસાય પદ : (૧) ગુજરાત સરકારના સહકારીખાતામાં સહકારી અધિકારી પરથી નિવૃત્ત તા. ૩૧.૮.૧૯૯૬

(૨) હાલમાં સાહિત્ય સંશોધન, લેખન અને વૈદિક, પુરાણોક્ત્ તાંત્રોક્ત કર્મકાંડ તેમજ ઉપાસના

પ્રકાશિત ગુજરાતી પુસ્તકો : (૧) તત્ત્વોપચાર (યૌગિક ચિકિત્સા) (૨) શ્રી સત્યનારાયણ વ્રતકથા તત્ત્વ (૩) આ બધું શા માટે ? (૬૫ વિષયોનું વૈજ્ઞાનિક-તાત્ત્વિક વિવેચન) (૪) ગુરુત્વ પ્રકાશ તેમ જ ગુરુસાધના અને સિદ્ધિ

શ્રી ગજાનન પુસ્તકાલય, સુરત દ્વારા પ્રકાશિત પુસ્તકો : (૫) શિવ સ્વરોદય

રત્નાકર (વૈજ્ઞાનિક તત્ત્વજ્ઞાન સ્વરોદય) બૃહદ્ગ્રંથ (ત્રીજી આવૃત્તિ) (૬) કર્મની ગતિ (૭) નવગ્રહ પ્રભાવ અને કષ્ટ નિવારણ (૮) શ્રી સત્ય વિનાયક વ્રતકથા તત્ત્વ (૯) કામજિજ્ઞાસા (તૃતીય પુરુષાર્થ કામ) ગુજરાતી સાહિત્યમાં અજોડ ચિંતન પ્રધાન બૃહદ્ ગ્રંથ ભોગ અને મોક્ષના બંને લક્ષ્યોને પ્રાપ્ત કરાવનાર, કાયાની સરગમ પર પ્રગટ થતી મધુર સુરાવલિની મૌન ભાષા સાથે મદનના પ્રગટ વિરામચિહ્નોને પ્રગટ કરતું ક્રિયાત્મક વૈજ્ઞાનિક વિવેચન, નવીન ઉન્મેષોના પરિપ્રેક્ષ્યમાં..! (૧૦) 'દેવતા સિદ્ધિ મુદ્રા મહાવિજ્ઞાન' વિવિધ દેવતાઓની ઉપાસનામાં વપરાતી મુદ્રાઓ, ન્યાસ વિધાનની વૈજ્ઞાનિક ઉપયોગિતા, યોગસાધનાની મુદ્રાઓ, મુદ્રા દ્વારા ગ્રહદોષનિવારણ,વેદ વાઙ્મયમાં હસ્તમુદ્રાઓ વગેરે(૧૧) શીઘ્ર રોગનિવારક મુદ્રા મહાવિજ્ઞાન-હસ્તમુદ્રાઓથી અસાધ્ય કે કષ્ટસાધ્ય રોગોની પોતે કરી શકાય તેવી સ્વયં સંચાલિત સારવારની વિસ્તૃત સમજ. પ્રાણશક્તિની ગતિવિધિ અને પ્રાણપ્રતિષ્ઠાનું વિજ્ઞાન, કામશાસ્ત્રની મુદ્રાઓ, આપણો હાથ જગન્નાથ સદા રહે સર્વની સાથ ...! (૧૨) શ્રી માતંગી મહાવિદ્યા (સાધના અને સિદ્ધિ) (૧૩) છિન્નમસ્તા મહા વિદ્યા (સાધના અને સિદ્ધિ) (૧૪) ભવતારિણી તારામહાવિદ્યા (સાધના અને સિદ્ધ)

શીઘ્ર પ્રકાશિત થનારા ગ્રંથો : (૧૫) શ્રી ભુવનેશ્વરી મહાવિદ્યા (સાધના અને સિદ્ધિ (બૃહદ્ ગ્રંથ) (૧૬) શ્રી ધૂમાવતી મહાવિદ્યા (સાધના અને સિદ્ધિ) (૧૭) આકાશપ્રવાહ (આકાશવાણી પર પ્રસારિત પ્રવચનો) (૧૮) જન્મદિન ક્યારે અને કેવી રીતે ઉજવશો ? (૧૯) બ્રાહ્મણની અસ્મિતા (૨૦) દીપક તંત્ર (૨૧) સ્વસ્તિક તંત્ર (૨૨) ભસ્મતંત્ર (૨૩) ઓંકાર ચિંતામણી (૨૪) શ્રદ્ધાવિજ્ઞાન

અપ્રકાશિત હિન્દી પુસ્તકો : (૨૫) **जन्म कुण्डली के समस्त कुयोगो का निवारण** (૨૬) **रहस्यमयी सिद्धविद्या बगलामुखी (साधाना और सिद्धि)** (૨૭) **श्री जगतारिणी तारा महाविद्या ।**

શ્રી પુરોહિત અનેક વિષયના મર્મજ્ઞ વિદ્વાન, સંશોધક સાહિત્યકાર તરીકે જાણીતા છે. કોઈપણ ગૂઢ વિષય પસંદ કરી તેના મર્મ સુધી પહોંચી વિષયને ન્યાય આપવો તેમને માટે સ્વભાવગત છે. તેમના પ્રત્યેક પુસ્તકો અન્ય પ્રકાશનો કરતાં અલગ દૃષ્ટિકોણથી લખાયેલ ચિંતનસભર છતાં સર્વજન ઉપયોગી છે. જેને વિદ્વાનો પણ આવકારે છે.

સામાન્યતઃ લેખકની તત્ત્વશોધક વૃત્તિ, જ્ઞાન પ્રગલ્લભતા, યોગાનુભૂતિ અને ઉપાસના પદ્ધતિ સાથે તેમની કર્મઠતા તેમના ગ્રંથોના માધ્યમથી પ્રગટ થાય છે.

અનુક્રમણિકા

૧. ૐકાર રહસ્યમ્ ૦૧૫

૨. ૐકાર મહિમા ૦૩૬

૩. વેદોમાં ૐકાર ૦૪૭

૪. બ્રાહ્મણ ગ્રંથોમાં ૐકાર ૦૫૪

૫. તંત્રમાં ૐકાર ૦૬૨

૬. પુરાણોમાં ૐકાર ૦૮૫

૭. ઉપનિષદમાં ૐકાર ૧૦૮

૮. યોગશાસ્ત્ર, ઉપનિષદ્ અને ૐકાર ૧૩૨

૯. શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ૐકાર ૧૪૬

૧૦. સ્મૃતિ ગ્રંથોમાં ૐકાર ૧૫૧

૧૧. સાહિત્ય ગ્રંથોમાં ૐકાર ૧૫૫

૧૨. રામગીતામાં ૐકાર ૧૫૮

૧૩. સંતમતમાં ૐકાર ૧૬૨

૧૪. ૐકારના બાર અવયવો ૨૦૭

૧૫. કુંડલિની જાગરણમાં ૐકાર ૧૯૩

૧૬. ૐકાર અને વૈજ્ઞાનિકતા ૨૨૦

૧૭. ૐની વ્યાપકતા ૨૨૯

૧૮. સર્વધર્મમાં ૐકાર ૨૩૬

૧૯. ૐકાર, ગણેશજી અને સ્વસ્તિક ૨૪૩
૨૦. ગોરક્ષ શતકમાં ૐકાર વર્ણન ૨૪૭
૨૧. ૐ સમાન રામ ૨૪૯
૨૨. ૐકાર સ્વરૂપ શ્રી કૃષ્ણ ૨૬૩
૨૩. પ્રણવનો ગાયત્રી તત્ત્વમાં સમાવેશ ૨૭૧
૨૪. ૐની ઉત્પત્તિ, દિવ્ય રાજ્ય અને કાળ રાજ્ય ૨૮૧
૨૫. ૐ તત્ સત્ ૨૮૭
૨૬ ૐ મણિ પદ્મે હુમ્ ૨૯૭
૨૭. ૐ શબ્દ અને વર્ણમાળા ૩૦૩
૨૮. સર્વશ્રેષ્ઠ જપ યજ્ઞ ૩૨૪
૨૯. જપ કોણે કોના કરવા...(?) ૩૩૨
૩૦. ૐકારના જપ કેવી રીતે થાય...(?) ૩૩૬
૩૧. નામ જપ કરવાની ઉંમર કઈ ? ૩૪૫
૩૨. ૐકાર ઉપાસનાના વિધિસંકેત ૩૫૩
૩૩. પ્રણવોચ્ચાર (ૐકારનું ઉચ્ચારણ) ૩૭૪
૩૪. નાદાનુસંધાન રહસ્યમ્ ૩૮૦
૩૫. પ્રાણાયામ અને ૐકાર સાધના ૩૯૦
૩૬. ૐકારની ધ્યાન સાધના ૩૯૫
૩૭. મનોદૈહિક રોગ નિવારક ૐકાર ૪૦૨
૩૮. ૐકાર પૂજા રહસ્યમ્ ૪૦૯
૩૯. ૐકારના મંત્ર પ્રયોગો ૪૧૩

૪૦. ૐકારના યંત્ર પ્રયોગો ૪૧૮
૪૧. પ્રણવ માલામંત્ર ૪૩૩
૪૨. પ્રણવાક્ષર માલામંત્ર ૪૩૫
૪૩. પ્રણવ કવચમ્ ૪૩૮
૪૪. પ્રણવ હૃદયમ્ ૪૪૪
૪૫. પ્રણવ પઞ્જર સ્તોત્ર ૪૪૭
૪૬. પ્રણવ સ્તવરાજ ૪૫૦
૪૭. પ્રણવાનુસ્મૃતિ ૪૫૩
૪૮. ૐકાર ગીતા ૪૫૬
૪૯. પ્રણવ અષ્ટોત્તરશતનામ સ્તોત્ર ૪૬૧
૫૦. પ્રણવ ષોડશનામ્ સ્તોત્ર ૪૬૬
૫૧. પ્રણવ સહસ્ત્રનામ સ્તોત્રમ્ ૪૬૮
૫૨. શ્રી સ્વામી શિવાનંદજી કૃત 'ૐકાર બાવની' ૪૭૯
૫૩. શ્રી સ્વામી શિવાનંદજી કૃત 'ૐકાર બાવની'
(ગુજરાતી ભાવાનુવાદ) ૪૮૫
૫૪. ૐકાર કીર્તન ૪૯૧
૫૫. ૐકાર સ્મરણ સ્તોત્ર ૪૯૩
૫૬. વેદાન્ત આધાર ૪૯૫
૫૭. ૐકાર કીર્તન ચાલીસા ૪૯૮
૫૮. શ્રી ૐકાર ચાલીસા ૫૦૨
૫૯. શ્રી ૐકાર આરતી ૫૦૫
૬૦. પ્રણવ (ૐ) સાર સર્વસ્વ ૫૦૭

૧

ૐકાર રહસ્યમ્

વિશ્વકલ્યાણની કામના કરનારા આપણા ઋષિ મુનિઓએ મંત્રશાસ્ત્રની જે અદ્‌ભુત રચના કરી છે, એ બધા મંત્રોમાં સૌથી નાનો એકાક્ષરી હોવા છતાં એ ખૂબ જ મહાન પ્રભાવશાળી, શક્તિશાળી અને પરમ મંગલકારી મંત્ર છે, તે પ્રણવ મંત્ર છે. આપણે સર્વ ભારતીયજનો તેને ૐ(ઓઽમ્) કહીએ છીએ. આ મંત્રને પ્રાયઃ સર્વ ભારતીયજનો જાણે છે. પરંતુ તેનો પૂરો મહિમા યા પૂર્ણ પ્રભાવથી કદાચ બધાં પરિચિત નથી.



❖ વેદ : સર્વોત્કૃષ્ટ જ્ઞાનકોષ ❖

સૃષ્ટિમાત્રમાં જો શ્રુતિમધુર કોઈ શબ્દ છે તો ૐ છે જેનો સહજ સ્વભાવવશ જ પોતાની આનંદાતિરેક અવસ્થામાં હર કોઈ પ્રાણી પ્રયોગ કરે છે, પરંતુ તે પ્રણવનું જ અપભ્રંશ છે. યથાર્થમાં પ્રણવ પૂર્ણરૂપથી બાહ્ય ચેષ્ટાઓથી અનુચ્ચાર્ય છે. તે પ્રભવનું અપભ્રંશ જ સર્વપ્રથમ પરમ સરળતાથી નવજાત બાળકના મુખથી પ્રસ્ફૂરિત થાય છે તે છે ઓ અક્ષર. એના રહસ્યાર્થની ખોજમાં વેદ સર્વોત્કૃષ્ટ જ્ઞાનકોષ છે. આ વેદના શિરોભાગમાં પ્રકાશ પાથરનારી વિદ્યા 'ઉપનિષદ્' કહેવાય છે. આ સર્વશ્રેષ્ઠ અધ્યાત્મવિદ્યા પરાવિદ્યા છે જે પરબ્રહ્મનો બોધ કરાવે છે. આ સર્વશ્રેષ્ઠ વિદ્યા વેદના જ્ઞાનને પ્રકાશિત કરનારી હોવાથી 'વેદાન્ત' અથવા 'ઉપનિષદ્' કહેવાય છે. જો વાસ્તવિક રીતે પ્રણવ (ઓંકાર)નું રહસ્ય જાણવું કે શોધવું હોય તો વેદ, ઉપનિષદ્, આગમ આદિ સર્વનું અવલોકન કરવું આવશ્યક છે.

વેદ હિન્દુઓનો તો અક્ષય અને અમૂલ્ય નિધિ છે જ, પરંતુ તે મનુષ્ય માત્રની સમ્પત્તિ છે. વેદે સ્વયં ડિંડિમઘોષ સાથે કહ્યું છે કે -

इमां वाचं कल्याणीमावदानि जनेभ्यः ।

ब्रह्मराजन्याभ्यां वैश्याय च शुद्राय स्वाय चारणाय च ।

- આ કલ્યાણમયી વાણી સર્વ મનુષ્યોને માટે છે. એનો ઉપદેશ બધાને આપવો જોઈએ. બ્રાહ્મણ અને ક્ષત્રિયને, વૈશ્ય અને શૂદ્રોને પોતાના અને પારકાને. 'પરાયા' (પારકા) શબ્દ એટલો વ્યાપક છે કે એની અંતર્ગત મનુષ્યમાત્રની ગણના થઈ શકે છે. અધિકારી ભેદથી શિક્ષા દીક્ષામાં બહુ જ થોડો ભેદ અવશ્ય કરવો પડે છે, પરંતુ એવી કોઈ વ્યક્તિ નથી જે કોઈને કોઈ અંશમાં વૈદિક આદેશ અને ઉપદેશની પરિધિથી સંપૂર્ણપણે બહાર હોય.

❖ ઉપનિષદોમાં ૐકાર ❖

સૃષ્ટિના રચનાકાળ પહેલાં સૃષ્ટિની ઉત્પત્તિ નિમિત્તે ઈશ્વરમાં જ્યારે ઈચ્છા પ્રકટે છે તો એક મોટો ઘોર શબ્દ અર્થરહિત ગૂંજની સાથે નીકળે છે, જેમ એન્જિનમાં થાય છે અને તે લાંબા સમય સુધી રહે છે તે સાંભળીને જે જીવન્મુક્ત ઋષિ હોય છે તેઓ ૐ અથવા 'અ,ઉ,મ્' માં તેનું આરોપણ કરી લે છે અને જ્યારે તે શબ્દ ફાટી જાય છે ત્યારે તેમાંથી આકાશ, વાયુ, અગ્નિ, જલ અને પૃથ્વીતત્ત્વ સૂક્ષ્મરૂપે બહાર આવે છે. ફરી તે શબ્દ શાંત બની લુપ્ત થઈ જાય છે. આ આકાશાદિ પાંચ તત્વો દ્વારા સંપૂર્ણ સૃષ્ટિની ઉત્પત્તિ થાય છે. એટલા માટે જે કંઈ સૃષ્ટિ છે, તે 'ૐકાર' રૂપ જ છે. એટલા માટે 'તૈત્તિરીયોપનિષદ' માં પ્રણવની વ્યાખ્યાને આ રીતે સમર્થન પ્રાપ્ત થાય છે.

'ओमिति ब्रह्म' ओमिती दꣳ सर्वम् .... (१/८)

- પ્રણવ (ૐ) એ બ્રહ્મ છે. ૐકાર જ આ સંપૂર્ણ જગત છે.

માણ્ડુક્યોપનિષદ્ પ્રણવને અક્ષર (અવિનાશી બ્રહ્મ) બતાવે છે. જુઓ

- शान्तं शिवमद्वैतं चतुर्थं मन्यते स आत्मा ।

- આ મંત્ર અનુસાર પ્રણવરૂપ પરમાત્માના ચતુર્થ પાદને શાંત, શિવ, અદ્વૈત બ્રહ્મ કહેવામાં આવેલ છે.

કઠોપનિષદ (૧/૨/૧૫)નું વાક્ય આ પ્રમાણે છે -

तत्ते पदं संग्रहेण ब्रवीमि ॐ(ओम्) इत्येतत् ।

-પ્રણવને વેદવેદ્ય પદ માનવામાં આવ્યું છે

કઠોપનિષદમાં ધર્મરાજ નચિકેતાને કહે છે કે - હે નચિકેત ! સંપૂર્ણ વેદ જે પદનું વર્ણન કરે છે તે આ પ્રમાણે છે -

सर्वे वेदा यत्पदमामनन्ति,
तपांसि सर्वाणि च यद्वदन्ति ।
यदिच्छन्तो ब्रह्मचर्यं चरन्ति,
तत्ते पदं संग्रहेण ब्रवीम्योमित्येत ॥
एतद्धयेवाक्षरं ब्रह्म एतद्धयेवाक्षरं परम् ।
एतद्धयेवाक्षरं ज्ञात्वा यो यदिच्छति तस्यतत् ॥
एतदावलम्बनं श्रेष्ठमेतदालम्बनं परम् ।
एतदावलम्बनं ज्ञात्वा ब्रह्मलोके महियते ।

- સર્વ વેદ જે પદનું મનન કરે છે, સર્વ તપસ્વીઓ જેનું ગાન કરે છે, ઉચ્ચારે છે, જેની ઈચ્છા કરવાથી બ્રહ્મચર્ય આદિનું આચરણ કરે છે. તે પદ તમને સંક્ષેપમાં કહું છું, એ પદ ૐકાર જ છે. એ જ સગુણ બ્રહ્મ છે અને એ જ નિર્ગુણ - પરબ્રહ્મ પણ છે. આ અક્ષરને જાણીને જે જે ફળની ઈચ્છા કરે છે તેને તે પ્રાપ્ત થાય છે. આ આલમ્બન શ્રેષ્ઠ છે. આ આલંબનને જાણીને બ્રહ્મલોકમાં જઈને કૈવલ્યને પ્રાપ્ત થાય છે.

પ્રશ્નોપનિષદ્‌માં સત્યકામ પિપ્પલાદ ઋષિને પૂછે છે કે ''ભગવન્ ! મનુષ્યોમાં જે મરણ પર્યન્ત ૐકારનું ધ્યાન કરે છે. તેને કયા લોકની પ્રાપ્તિ થાય છે ?'' ઋષિ કહે છે કે -

एतद्वै सत्यकाम परं चापरं ब्रह्म यदोंकार (यद+ॐकार) ।
तस्माद्विद्वाने तेनैवायतननेनैकतरमन्वैति ॥

- ''હે સત્યકામ ! તે સગુણ યા નિર્ગુણ ૐકાર રૂપ બ્રહ્મને પ્રાપ્ત થાય છે.''

બધા મંત્રોમાં ઉત્તમ ખ્યાતિ પામેલો ૐકાર સંસારરૂપી સાગર પાર કરવાની નૌકા (હોડી) છે.

માણસ મૃત્યુથી ડરે છે. મૃત્યુથી દૂર ભાગવા પ્રયત્ન કરે છે, રડે છે મૃત્યુ ઉપર પરંતુ મૃત્યુ અટલ ઘટના છે. તેનાથી છૂટકારો જગતમાં શક્ય નથી. 'जातस्य हि ध्रुवो मृत्यु ध्रुवम् जन्ममृतस्य च' (ગીતા) જગતમાં જે જન્મે છે તેનું મૃત્યુ થાય છે અને મરેલાનો જન્મ પણ નિશ્ચિત જ છે. મૃત્યુના પાશમાંથી છૂટવા દેવોએ વેદત્રયીનો આશરો લીધો. 'છંદ'-ધાતુ આચ્છાદનાર્થક છે. દેવો વેદોની ગુફામાં સંતાયા તેથી વેદોને 'છંદસ્' એવી સંજ્ઞા પ્રાપ્ત થઈ. પરંતુ ત્યાં પણ મૃત્યુએ દેવોનો પીછો કર્યો તેથી દેવો ૐકારના આશ્રયે ગયા. આ ૐકાર વેદના કિલ્લામાં રહેલું દુર્ગમ અને અભેદ્ય સ્થાન છે. ત્યાં મૃત્યુને પ્રવેશ મળ્યો નહીં અને દેવો અમર થયા. ૐકારનું આ સામર્થ્ય ધ્યાનમાં લઈને ઉપનિષદ્ના ઋષિઓએ માણસોને સલાહ આપી કે, જેને મૃત્યુના ભયમાંથી છૂટવું હોય તેણે ૐકારની ઉપાસના કરવી. ૐકારનો મહિમા ઉદ્ઘોષિત કરનારી આ આખ્યાયિકા 'છાંદોગ્ય ઉપનિષદ્' કહેવામાં આવી છે.

ૐ એટલે વેદત્રયીનો સાર. વેદગ્રંથોની રચના થઈ તે પહેલાં તો ૐકાર જ એક માત્ર વેદ હતો. વિદ્ (વિન્દ) ધાતુ પરથી વેદ શબ્દ આવ્યો. જેનો અર્થ થાય પરમાત્માની પ્રાપ્તિ કરવાનું સાધન, પરમાત્માને જાણવાની વિદ્યા, એવી સ્વસંવેદની વિદ્યા. સ્વરોદયશાસ્ત્ર કથન છે કે – 'न वेदो वेदः परमात्मा विद्यते येन स वेदः वेदमुच्यते' વેદ ગ્રંથ માત્ર વેદ નથી, પરમાત્મા સુધી લઈ જાય તે જ સાચો વેદ છે.

ૐકારની વિદ્યાએ અક્ષરવિદ્યા છે. અક્ષર એટલે અવિનાશી અને અવિનાશી એટલે પરબ્રહ્મ 'ॐ इति एकाक्षरं ब्रह्म' એ શબ્દોથી ભગવાને તેનું મહિમાગાન કર્યું છે. વેદોની ઉપાસનાથી બહુ બહુ તો સ્વર્ગ મળે પણ ૐકારની ઉપાસનાથી સાક્ષાત્ અમૃતત્વની પ્રાપ્તિ થાય છે. ૐકારના જ પ્રણવ અને ઉદ્ગીથ એવાં બીજા નામો પણ છે. 'नु' ધાતુનો અર્થ છે સ્તુતિ કરવી, એ ધાતુને 'प्र' ઉપસર્ગ લગાડીને 'प्रणव' શબ્દ બન્યો. તેનો અર્થ પ્રકર્ષ રીતે કરેલી સ્તુતિ કે ઉત્તમ સ્તોત્ર એવો થઈ શકે. સર્વોત્તમ સ્તોત્ર પરબ્રહ્મનું જ હોઈ શકે. પરબ્રહ્મની સ્તુતિ કરતી વખતે બધું જ વાઙમય અધૂરું સાબિત થાય છે. ત્યાં શબ્દચાપલ્ય કામ આવતું નથી.

❖ ૐકારનું ઉચ્ચારણ ❖

આત્માના પ્રયત્નથી જ્યારે અંતસ્થ વાયુનો આઘાત પ્રાપ્ત થાય છે. તો તે વાયુ કંઠાદિ સ્થાનોમાં થઈને પુનઃજીભના પ્રયત્નથી અક્ષર, શબ્દ અને વાક્યના રૂપમાં પ્રકટ થાય છે. જે સ્થાનોથી અક્ષરોનું ઉચ્ચારણ થાય છે, તે સર્વમાં પ્રથમ સ્થાન કંઠ છે. જે અક્ષરોનું કંઠસ્થાન છે, તે સર્વમાં પ્રથમ અક્ષર અકાર છે. આથી એ સિદ્ધ થાય છે કે સૃષ્ટિકાળમાં પરમાત્મા જ્ઞાનપૂર્વક પ્રયત્નથી જ્યારે અક્ષરવિદ્યા ઉચ્ચારણનું વિધાન થયું તો સર્વથી પ્રથમ 'અ' નો ધ્વનિ પ્રકટ થયો, એને જ નાદ કહેવામાં આવે છે. આ અવ્યક્ત સ્વર સર્વપ્રકારના ઉચ્ચારણની આધારભૂમિ છે. શબ્દ અને વાક્યરચના એનું જ પરિણામ છે.

સંકલ્પ વિધાનમાં જેવી રીતે સૃષ્ટિની ઉત્પત્તિના ઈતિહાસનું ભારતીય કર્મકાંડમાં સ્મરણ રોજ રોજ થાય છે, ઠીક તેવી જ રીતે ચતુર ગાયક સૃષ્ટિ-સમકાલમાં થનારા 'અ' એ અવ્યકત સ્વરનો જ પ્રથમ આલાપ કરે છે. પછી જ તેનું ગીત ગાય છે. સંસારભરમાં આ જ પ્રણાલી છે. વેદ અને નાદનો નિત્ય સંબંધ છે. આ સર્વોત્તમ સ્વર છે અને એનું ઉચ્ચારણ બહુ જ સરળ છે. અભિનવજાત બાળક પોતાની સાથે સ્વયંસિદ્ધ એની ભાષાને લઈને જન્મે છે. આ સ્વયંસિદ્ધ ભાષા એટલે પ્રાકૃત ભાષા, દૈવી ગુણથી સંસ્કાર પામેલી સંસ્કૃત ભાષા છે. એ દેવનાગરી લિપિમાં સાકાર થયેલી દેવભાષા છે. બાળક પોતાની સંવેદના (સુખ-દુઃખ) પોતાની સ્વયંસિદ્ધ ભાષામાં જ વ્યક્ત કરે છે. પાછળથી માતૃભાષા અને અન્ય ભાષાઓની છાયા એના ઉપર આવી જાય છે. જેથી જે તે ભાષાની છાપ તેના ઉપર ઉપસે છે. જેવી રીતે અવ્યકત પ્રકૃતિથી વ્યકત સંસાર ઉત્પન્ન થાય છે, તેવી જ રીતે અવ્યક્ત ભાષામાંથી અભ્યાસ વડે બળપૂર્વક વ્યકત ભાષાઓ ઉત્પન્ન થાય છે.

હવે આપણે નાના બાળકની પાસે બેસીને જો ધ્યાનપૂર્વક સાંભળીશું તો તે 'અ'નું ઉચ્ચારણ કરતું હોવાની પ્રતીતિ થશે. હવે તેના સ્થાને અને અન્ય પ્રયત્નપૂર્વક જેની સહાયતાથી અન્ય અક્ષરોનું ઉચ્ચારણ થાય છે - તે દુર્બળ છે, પરંતુ અનાયાસ પ્રકટ થનારા ધ્વનિનું 'અ' થી સામાનાધિકરણ્ય થઈ રહ્યું

છે. શયનકાળમાં પરમાત્માના પ્રબંધથી પ્રયત્નપૂર્વક શ્વાસનું જે આવાગમન થઈ રહ્યું છે, એનાથી પણ દીર્ઘ-હ્રસ્વ 'આ' 'અ'ના પ્રતિધ્વનિનો બોધ થાય છે. પ્રાણીમાત્રના જીવનનો આધાર પ્રાણ છે. ગુપ્ત યા પ્રકટરૂપથી આ વ્યાપાર પ્રાણના ઉત્થાનમાં સમાન છે. આ નિયમ પરમાત્માની વિચિત્ર માયાનો સૂચક છે. શાસ્ત્રોમાં આ પરમાત્માનું પ્રકૃતિ, પ્રધાન, અવ્યક્ત, માયા આદિ નામોથી સ્મરણ કરવામાં આવ્યું છે. ગીતાજીમાં ભગવાન, શ્રીકૃષ્ણએ શ્રીમુખે કહ્યું છે કે વર્ણોની મધ્યમાં 'અકાર' હું છું.

રશ્મિમાલામાં કથન છે કે - નીચેનો શ્લોક બોલીને ૐકારનું ધ્યાન કરવું.

ॐकार वाच्यमुच्च चण्डांशुसदृशप्रभम् ।
वासुदेवाभिधं ब्रह्म विश्वगर्भमुपास्महे ॥

ૐ રૂપ વાચ્ય છે જે મધ્યાહ્નના સૂર્ય જેવી પ્રભાવવાળો છે, વાસુદેવ તરીકે ઓળખાય છે તે બ્રહ્મરૂપ છે તથા વિશ્વગર્ભ છે. એટલે કે સકળ વિશ્વ તેના ગર્ભમાં રહેલું છે તેની અમે ઉપાસના કરીએ છીએ.

જ્યારે જીવોના કર્મફળ ભોગાર્થ સૃષ્ટિ રચવાની ઈચ્છા કરી તો પ્રથમ ધ્વન્યાત્મક ૐ પ્રકટ થયો, તેમાંથી ત્યારબાદ વર્ણાત્મક શબ્દ **'एकोऽहं बहु स्याम्'** ઉત્પન્ન થયો, અર્થાત્ એક અદ્વિતીય ૐકાર રૂપ બ્રહ્મમાં 'હું અનેક રૂપમાં પ્રકટ થાઉં', આ ઈચ્છા થતાં જ ચરાચર સૃષ્ટિ ઉત્પન્ન થઈ. આથી જેટલી સૃષ્ટિ છે, ચાહે પ્રકટભાવમાં હો યા અપ્રકટ ભાવમાં હો, આ સર્વ બ્રહ્મ જ છે અથવા ૐકાર રૂપ છે. વેદોમાં જે ઋચાની આગળ યા પાછળ ૐનો પ્રયોગ કરવામાં આવે છે, તે એ સૂચવે છે કે - જે કંઈ પણ ૐશબ્દની પછી કહેવામાં આવ્યું છે યા પહેલાં કહેવામાં આવ્યું છે તે સર્વ ૐકાર રૂપ જ છે. તેનાથી પૃથક કોઈ વસ્તુ નથી. આ કારણે ૐકાર ઉપાસના અતિશ્રેષ્ઠ છે. એ ઈશ્વરનું પ્રથમ નામ છે.

શ્રીમદ્ ભાગવતમાં કથન છે કે - **'वेदः प्रणव एवाग्रे'** સૃષ્ટિના આરંભમાં પ્રણવ જ વેદ હતો, વળી એવું પણ કહ્યું છે કે - **'स सर्वमंत्रोपनिषद् वेद बीजं सनातनम् ।'** તે ૐ સર્વ મંત્રોનું રહસ્ય છે. વેદ-વેદાન્ત (ઉપનિષદ) નું બીજ છે અને સનાતન છે.

❖ 'અ, ઉ, મ્' નો અર્થ ❖

ઓંકારમાં ત્રણ અક્ષરો 'અ, ઉ, મ્' છે . 'અ' નો અર્થ છે - જાગૃતના અભિમાની દેવતા, વિશ્વ,'ઉ'નો વાચ્ય છે સ્વપ્નનો અભિમાની દેવતા તેજસ, તથા 'મ્' થી બોધ્ય છે - સુષુપ્તિનો અભિમાની દેવતા પ્રાજ્ઞ. તાત્પર્ય એ છે કે આ ત્રણે અવસ્થાઓના જે પૃથક્ પૃથક અભિમાની દેવતા છે, તેઓ ઓંકાર રૂપ જ છે. માયા વિશિષ્ટ બ્રહ્મ, ઈશ્વર, હિરણ્યગર્ભ અને વિરાટ્ એ પણ ઓંકાર રૂપ જ છે. આ ઓંકાર પરમાત્માનું મુખ્ય નામ છે. એ નામના ઉચ્ચારણથી પરમાત્મા પ્રસન્ન થાય છે. જે વૈદિક કર્મ ઓંના ઉચ્ચારણપૂર્વક યોગ દ્વારા કરવામાં આવે છે, તે સિદ્ધિને પ્રાપ્ત થાય છે. કહેવાનો ભાવ એવો છે કે - ઈશ્વરથી માંડીને તણખલા સુધી સર્વ ઓંકાર રૂપ છે.

ઓંકારનું બીજું એક નામ ઉદ્ગીથ છે. 'ગૈ' ધાતુનો અર્થ થાય ગાવું તે, તેને 'ઉત્' ઉપસર્ગ લગાડવાથી શબ્દ બન્યો છે 'ઉદ્ગીથ'. તેનો અર્થ પણ ઉચ્ચગીત કાં તો ઉત્તમ સ્તુતિ એવો જ થાય છે. શબ્દો જ્યાં પહોંચતા નથી એવા પરમાત્માનું ઉત્તમ સ્તવન કરવાના હેતુથી ઋષિઓએ સકલ સંકેત જેની સાડા ત્રણ માત્રાઓમાં સમાઈ જાય છે એવા ઓંકારનો પ્રયોગ કર્યો. ઓં ધ્વનિ પરબ્રહ્મનો વાચક બન્યો.

❖ ઓંકારની દંતકથાઃ છાંદોગ્ય ઉપનિષદ ❖

'છાંદોગ્ય ઉપનિષદ્'માં એક એવી કથા છે કે દેવો દાનવો વચ્ચે થયેલા સંગ્રામમાં અસુરોનો પરાભવ કરવા માટે દેવોએ ઉદ્ગીથનો આશ્રય લીધો. ઉદ્ગીથનો અર્થ તેઓના ધ્યાનમાં ન આવવાથી તેમણે ઉચ્છ્વાસ, વાણી, આંખ, કાન, મન વગેરેની અનુક્રમે ઉદ્ગીથ સમજીને ઉપાસના કરી, તેમાં તેઓ સફળ થયા નહી. દેવોએ તે ઈન્દ્રિય પર પાપનો મારો કરતાં નાક સુગંધની સાથે દુર્ગંધ પણ સૂંઘવા લાગ્યું. આંખ શુભ જોડે અશુભ પણ જોવા લાગી, કાન ન સાંભળવા જેવું પણ સાંભળવા લાગ્યા. વાણી સત્યની સાથે અસત્યનું પણ ઉચ્ચારણ કરવા લાગી અને મન સંકલ્પ વિકલ્પોમાં અટવાવા લાગ્યું.

અંતે દેવોએ હૃદયસ્થ પ્રાણની 'ઉદ્ગીથ' રૂપે ઉપાસના શરૂ કરી. તેના

પર કરેલા અસુરોના પ્રહારો નિષ્ફળ ગયા અને અંતે અસુરો નાશ પામ્યા. આ રીતે નિઃસ્વાર્થ રીતે ઈન્દ્રિયોનું રક્ષણ કરનાર પ્રાણ નિષ્પાપ છે અને પ્રણવ એ એનું પ્રતીક છે. માણસના જીવનને જરૂરી એવી ઉષ્ણતા સૂર્ય પાસેથી પ્રાપ્ત થાય છે, સૂર્ય એ વિશ્વનો પ્રાણ છે. એ રીતે જોતાં અમૃતત્વની પ્રાપ્તિની ઈચ્છા રાખનારે પ્રાણ અને સૂર્યની ઉપાસના ૐકાર રૂપે કરવી આવશ્યક છે.

'છાંદોગ્ય ઉપનિષદ્' માં એક મૂળભૂત દંપતિની કલ્પના છે. આ દાંપત્ય વાણી અને પ્રાણનું જ છે. એ બંનેનું મિલન ૐકારમાં જ થાય છે. વાણી અને પ્રાણના વિશિષ્ટ સંયોગથી જ ૐકારનો ઉચ્ચાર થાય છે. બીજા શબ્દોમાં કહેવું હોય તો ૐકારરૂપી બાળકને જન્મ આપી વાણી અને પ્રાણનું દાંપત્ય જીવન કૃતાર્થ બને છે. બૃહસ્પતિએ પણ તેની 'ઉદ્ગીથ' તરીકે ઉપાસના કરી છે. 'બૃહતી' એટલે વાણી અને તેના 'પતિ' એટલે પ્રાણ. વેદમાંનો જે બૃહસ્પતિ તે જ પુરાણોમાંનો 'ગણપતિ', તેના અવયવોને ૐકાર દ્વારા પ્રગટ કરી દેખાડે છે.

ઉપાસના કેવી રીતે કરવી ? આ બાબત ભગવતી શ્રુતિના પર્યાપ્ત સંકેત મળે છે. ઉદાહરણ માટે 'છાંદોગ્ય ઉપનિષદ્'માં કેટલીક વિદ્યાઓનો ઉલ્લેખ છે. એમાંથી અધિકાંશનો લોપ થઈ ગયો છે. ભલે વિદ્વાનો એની શાબ્દિક વિવેચનાઓ કરી નાંખે, પરંતુ એનો અભ્યાસ કે અનુભવ હોતો નથી. કેટલાંક સંપ્રદાયો છે જેણે વિશેષરૂપમાં તેનો સ્વીકાર કર્યો છે. આ તે શૈલી છે, જેનો 'છાંદોગ્ય'માં 'ઉદ્ગીથ વિદ્યા' નામથી ઉલ્લેખ કરવામાં આવ્યો છે. પંડિતવર્ગ આથી ઘણું કરીને અનભિજ્ઞ છે. તે શબ્દોની વ્યાખ્યા કરીને પોતાનો પરિતોષ કરી લે છે, પરંતુ આ વિદ્યામાં દીક્ષિત અને એના થકી ઉપાસના કરનારાઓની ખોટ નથી. આજકાલ એનું જૂનું નામ પ્રચલિત નથી. એના અભ્યાસ 'નાદાનુસંધાન'ના નામે થાય છે. અને સંત કબીરજી અને તેમના પછીના સંતમતના આચાર્યોએ એનો પ્રચાર 'સુરત-શબ્દ યોગ'ના નામથી કર્યો છે.

❖ પ્રણવ અને ૐકાર ❖

મહર્ષિ પતંજલિએ સ્પષ્ટ જ કહ્યું છે કે – **'तस्य वाचकः प्रणवः'** પ્રણવ ઈશ્વર વાચક છે. આમ તો ઈશ્વર અનામી છે. તે કોઈ એક નામની

પકડમાં આવતો નથી. લોકો તેને બહુનામી પણ કહે છે. પરંતુ પરમતત્ત્વરૂપ પરમાત્માનું જો કોઈ નામ હોય તો તે પ્રણવ છે. તંત્રગ્રંથોની સંકેત ભાષામાં એને તાર કહેવામાં આવે છે. તે સંસાર સાગરથી તારનારો છે. પ્રણવને લોકો મુખ્યતયા ૐકાર નામથી જાણે છે.

પ્રણવને માટે કહેવામાં આવ્યું છે કે અ, ઉ, મ્ ને મેળવવાથી ૐ (ओऽम्)। શબ્દ બને છે. અને ત્રણ અક્ષરોને બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ આદિ અનેક અર્થ બતાવવામાં આવે છે. આ બધો પંડિતોનો વાણીવિલાસ છે. વસ્તુતઃ ૐકાર વ્યાકરણના નિયમો અનુસાર બન્યો નથી. આ એક એવો ધ્વનિ છે જેનો અનુભવ યોગીઓને જ થાય છે અને તે પણ પ્રત્યુત ભૂમિકામાં પહોંચ્યા પછી, જ્યાં ધ્યાતા, ધ્યાન અને ધ્યેયની ત્રિપુટી એકત્ર થતાં ધ્યાન માત્ર અવશેષ રહી જાય છે. ૐ પદ વાચ્ય પરમાત્માનો સાક્ષાત્કાર મનુષ્યના કલ્યાણનું નિધાન છે.

વ્યાકરણની રીતે 'અ, ઉ, મ્ ' આ ત્રણના મેળવી ૐ (ઓમ) શબ્દ સિદ્ધ થાય છે. - આ અવ્યુત્પન્ન પ્રતિપાદિક છે. બીજો મત એવો છે કે 'अव्' ધાતુથી જેટલા અર્થ છે, તેઓ સર્વના બોધક છે. 'अव्' ધાતુના અર્થ એ છે કે - રક્ષણ, ગતિ, કાન્તિ, પ્રીતિ, તૃપ્તિ, અવગમ, પ્રવેશ, શ્રવણ, સ્વામ્યર્થ, યાચન, ક્રિયા, ઈચ્છા, દીપ્તિ, અવાપ્તિ, આલિંગન, હિંસા, દાન, ભાગ અને વૃદ્ધિ - આ ૧૯ અર્થ છે. વ્યાકરણની રીતે ૐ (ઓમ) શબ્દ સિદ્ધ થઈને તે ઉક્ત ઓગણીસ અર્થોનો બોધક થાય છે. આ બધો વાણીવિલાસ નથી તો શું છે ?

❖ દુર્ગા સપ્તશતીમાં ૐકાર ❖

દુર્ગા સપ્તશતીના પ્રથમ અધ્યાયમાં આ બાબતે સ્પષ્ટ સંકેત પ્રાપ્ત થાય છે કે -

त्वं स्वाहा त्वं स्वधा त्वं हिवषट्कारः स्वरात्मिका ।
सुधा त्वमक्षरे नित्ये त्रिधा मात्रात्मिका स्थिता ।
अर्धमात्रा स्थिता नित्या यानुचार्या विशेषतः ॥

- હે ભગવતિ ! તમે સ્વાહા, અને સ્વધા છો, તમે જ વષટ્કાર છો, તમે જ વાક્સ્વરૂપા છો, તમે અમૃતસ્વરૂપા છો અને અવિનાશી, અક્ષર છો. તમારામાં

સાડા ત્રણ માત્રાઓ સમાયેલી છે. ત્રણ તો જે પ્રત્યક્ષ છે અને અર્ધમાત્રા જે નિત્ય છે તે અવિનાશી છે, પરંતુ અનુચ્ચાર્ય, (ઉચ્ચાર) ન થઈ કરે તેવી છે. અહીં સ્પષ્ટપણે સમજાય છે કે આ ૐકાર રૂપનું જ વર્ણન છે એની પ્રથમ ત્રણ માત્રાઓ તો તે છે જે 'અ, ઉ, મ્' થી વ્યકત કરવામાં આવે છે અને આ ત્રણ માત્રાઓના સમાપ્ત થયા પછી એક સૂક્ષ્માતિસૂક્ષ્મ દિવ્યનાદ શેષ રહી જાય છે, તે અનુચ્ચાર્ય છે. વાણીથી વ્યક્ત થતો નથી.તેનો અનુભવ તો થઈ શકે છે. લખવાની પરિપાટી પર કોઈ રીતે તેનો શબ્દમાં તેનો સંકેત થઈ શકતો નથી.

ખરેખર, આ ૐકાર હિન્દુઓના બ્રહ્મા આદિ ઉપાસ્યો સાથે સંબંધ રાખતો નથી. તેનું અસ્તિત્વ જ અલગ છે. વસ્તુતઃ તે યોગ સાથે સંબંધ રાખે છે. એના બે પ્રમાણ છે. એક તો એ કે છાંદોગ્ય ઉપનિષદ્ના દ્વિતીય ખંડ અનુસાર અનુસંધાન કર્યા પછી દેવગણને તેની મુખ્ય પ્રાણોમાં પ્રાપ્તિ થઈ છે. આ વાક્યનો અર્થ એ થઈ શકે છે કે પ્રાણના અભ્યાસથી અર્થાત્ યોગાભ્યાસથી એની પ્રાપ્તિ થઈ શકે છે.બીજું પ્રમાણ એ છે કે બૌદ્ધ અને જૈન આમ્નાયોમાં પણ એનું સ્થાન છે. તેઓના મંત્રોમાં પણ આરંભમાં ૐકાર આવે છે. આજ સુધી તો સામાન્ય રીતે તેઓ પણ હિન્દુઓની માફક અર્થને ભૂલી ગયા છે.. તિબેટમાં તો અશિક્ષિત લોકો પણ 'ॐ मणिपद्मे हुम्' મંત્રના જપ કરે છે, પરંતુ તેઓ જાણતા નથી કે ૐ તથા 'હુમ્' નો અર્થ શું થાય છે, તેનું તાત્પર્ય શું છે ?

જે મહાશક્તિએ આ સર્વ જગતની રચના કરી છે. વેદાદિ સમસ્ત ધર્મગ્રંથો, દેવતાઓ અને ઋષિ-મુનિઓ, સંતો અને સાધકો, મંહતો અને ભગવન્તો તેમજ સમસ્ત વિદ્વાનો જેની ઉપાસના કરે છે. જે અણુ પરમાણુ અને અનન્ત આકાશમાં અંદર અને બહાર વ્યાપી રહેલો છે, જે પોતાના અનન્ત સામર્થ્ય થકી અનન્ત લોકોને ધારણ કરી રહ્યો છે, જેના પ્રકાશથી સૂર્યાદિ લોક પ્રકાશમાન થઈ રહ્યા છે અને જે સર્વશક્તિમાન, સર્વનો ન્યાયકર્તા, સર્વનો ઈષ્ટદેવ પરમેશ્વર (પરમાત્મા, પરબ્રહ્મ) કહેવાય છે તે જ ૐ છે.

❖ ૐકારના વિવિધ અર્થો ❖

અહીં એવા ૐનાં કેટલાંક સંક્ષિપ્ત અર્થ રજૂ કરું છું તે નીચે પ્રમાણે છે.

અ+ઉ+મ્ આ ત્રણ અક્ષરોનું એકત્રીકરણ કરવાથી ૐ (ઓડમ્)નું નાદાત્મક સ્વરૂપ નિર્માણ થયું છે.

અકારમાં (૧) વિરાટ (૨) અગ્નિ (૩) વિશ્વ એ ત્રણ સમાવિષ્ટ છે. તેનું અર્થચિંતન આ પ્રમાણે છે :- **(૧) विराट् : (विविधं चराचरं जगत् राज्यते प्रकाशयते य सः विराट्)**

વિવિધ ચરાચર જગતને પ્રકટ કરનાર, ઉત્પન્ન કરી તેનું આધિપત્ય કરનાર પરમાત્માનું નામ વિરાટ્ છે. ततो विराऽजायत (પુરુષસૂક્ત)

(૨) अग्निः शास्त्रः (अर्च्यते पूज्यते सत् क्रियते वेदादिभिः विद्वद्भिः शास्त्रै श्चेत्यग्निः

વેદાદિ સમસ્ત ગ્રંથ અને સંસારના સમસ્ત વિદ્વાનો જેનું પૂજન કરે છે - ઉપાસના કરે છે. તે પરમાત્માનું નામ અગ્નિ છે. વિશ્વના સૌથી પ્રાચીન ગ્રંથ વેદોમાં ऋग्वेद અતિપ્રાચીન છે. તેનો પ્રથમ મંત્ર **'अग्नि मीडे'** શબ્દથી વેદારંભ થયો છે.

(૩) विश्वः (विष्टानि आकाशादीनी यस्मिन् અથવા **विष्टोस्ति प्रकृत्यादिषु या स विश्व :)** જે (મહાશક્તિ) અણુ-પરમાણુથી આકાશ પર્યંત અંદર અને બહાર સર્વત્ર પરિપૂર્ણ છે તે સર્વ તે સર્વતોવ્યાપક મહાન (પરમાત્મા) શક્તિ (પરમાત્મા)નું નામ વિશ્વ છે.

ૐકારમાં (૧) હિરણ્યગર્ભ (૨) વાયુ (૩) તૈજસ્ એ ત્રણનો સમાવેશ થયેલ છે. તેનું અર્થ ચિંતન નીચે દર્શાવેલ છે-

(૧) हिरण्य गर्भः (हिरण्यानि सूर्यादिनि गर्भे यस्य અથવા **हिरण्यानां सूर्यादिनां गर्भः उत्पादकः स हिरण्य गर्भः)** જેના ગર્ભમાં સૂર્યાદિ લોક અવસ્થિત છે. અથવા જે સૂર્યાદિલોકના ઉત્પન્ન કરનારા છે. તે જગત્ પિતા પરમેશ્વરનું નામ હિરણ્યગર્ભ છે. **(हिरण्य गर्भाः समवर्ततात्रे इति श्रुतेः)**

(૨) वायु : (वाति जानाति धारयति वा अनन्त बलत्येन सर्व जगत् स वायुः) જે પોતાના અનન્ત સામર્થ્ય આધારે અનન્ત લોકને જાણે

છે. અને ધારણ પણ કરે છે તે સર્વશક્તિમાન પરમેશ્વર વાયુ સ્વરૂપે વ્યાપ્ત છે.

(૩) तैजसः (तेजसः स्व प्रकाश स्वरूपः) જેના પ્રકટ પ્રકાશથી સર્વ લોક લોકાન્તર પ્રકાશિત થઈ રહ્યાં છે. પરંતુ તેને કોઈ પ્રત્યક્ષ રૂપે પ્રકાશિત કરી શકતું નથી, તે સ્વયં પ્રકાશરૂપે પ્રકટ છે. તેથી તેનું નામ તૈજસ છે.

મ્ કારમાં (૧) ઈશ્વર (૨) આદિત્ય (૩) પ્રાજ્ઞ વગેરે સ્થિત છે. તેનું અર્થચિંતન આ પ્રમાણે છે -

(૧) ईश्वरः (इष्टेऽसौ सर्वशक्तिमान् न्यायकारीश्वरः) જે સર્વ શક્તિમાન ન્યાય કરનારા સર્વના ઈષ્ટદેવ હોવાથી તેને પરમેશ્વર કહેવામાં આવે છે.

(૨) आदित्यः (अविनाशीत्वात् आदित्यः) કોઈ કાળે તેનો વિનાશ થતો નથી. સદા સર્વદા તે હાજરાહજુર છે. એથી જ તે પરમાત્માનું નામ આદિત્ય છે.

(૩) प्राज्ञः (प्रकर्षेण जानाति सर्वं जगत् स प्रज्ञः / प्रज्ञः एव प्राज्ञः) જે સર્વનો અંતયામી હોવાથી સર્વ કંઈ જાણે છે. તે પરમેશ્વરનું નામ પ્રાજ્ઞ છે.

ૐના પણ બીજા અનેક અર્થો છે. ૐ ત્રિવિદ્યા છે, વેદત્રયી છે. **અ** થી ઋગ્વેદ, **ઉ** થી સામવેદ, **મ્** થી યજુર્વેદનો બોધ થાય છે. સાહિત્ય પણ ત્રણ ભાગમાં વિભક્ત છે - પદ્યાત્મક, ગદ્યાત્મક અને ચમ્પુ યા ઉભયાત્મક. આ જે પદ્યાત્મક, ગદ્યાત્મક અને ઉભયાત્મક ત્રણ પ્રકારનું જે ઉત્કૃષ્ટ સાહિત્ય છે, તે પોતાના અર્થમાં ઋક્ઃ સામ્ અને યજ્ઞુઃ કહેવાય છે. આ સત્યમ્, શિવમ્, સુંદરમ્ યા સમસ્ત સાહિત્ય પણ ૐકાર સ્વરૂપ છે.

❖ અગ્નિ અને ૐકાર ❖

અગ્નિ એ ૐકારરૂપ પરમાત્માનું એક રૂપ છે, એવું આપણે આગળ વિચારી ગયા. અગ્નિના પણ ત્રણ ભેદ છે - (૧) ગાર્હપત્ય, આપહનીય, અને દક્ષિણાગ્નિ, યજ્ઞોપવીત્માં પણ ત્રણ સૂત્ર (તાર) હોય છે. - જે ક્રમશઃ દેવઋણ, ઋષિ ઋણ અને પિતૃઋણ શોધનની પ્રેરણા મનુષ્ય માત્રને આપે છે. આ ત્રણ અગ્નિ અને ત્રણ ઋણોનો વિવેક અ,ઉ,મ્ જ છે. ૐ માંથી એનો

ઉદ્‌ભવ થયો છે અને ૐથી જ એનું પર્યવસાન છે.

'શતપથ બ્રાહ્મણ'ના ચતુર્થ કાંડમાં કહેવામાં આવ્યું છે કે -

त्रयो वै देवाः वसवो रुद्रा आदित्याः तेषां विभवानि सवनानि वसुनामेव प्रातः सवनम्, रुद्राणं माध्यन्दित सवनम्, आदित्यानां तृतीया सवनम् ।

- વૈદિક દેવતા ત્રણ છે. - વસુ, રુદ્ર અને આદિત્ય, તેઓના સવન પણ ત્રણ છેઃ પ્રાતઃ સવન, માધ્યન્દિત સવન અને તૃતીય સવન.

❖ વૈદિક દેવતા સામે ૐકારની તુલના ❖

પ્રાતઃ સવન વસુઓનું, મધ્યાહ્ન સવન રુદ્ર ગણોનું અને તૃતીય સવન આદિત્યોનું કહેવામાં આવેલ છે. આ ત્રિવેદ અને સવનત્રય ક્રમશઃ 'અ, ઉ, મ્ ' જ છે.

'અ, ઉ, મ્ ' જ બ્રહ્મા, વિષ્ણુ, મહેશ નામથી કથિત પૌરાણિક દેવતા છે. મહાલક્ષ્મી, મહાસરસ્વતી અને મહાકાલી આ ત્રિગુણાત્મિકા બ્રહ્મશક્તિઓ 'અ, ઉ, મ્ ' અન્તર્હિત છે. તે સર્વ ૐથી અભિન્ન છે. ત્રિપુંડ, ત્રિશૂલ અને ત્રિવિક્રમ પણ ૐ સ્વરૂપ જ છે.

❖ સાંખ્યશાસ્ત્ર અને ૐકાર ❖

સાંખ્યશાસ્ત્રકારે ત્રણ પ્રકારના દુઃખો વર્ણવેલ છે. આધ્યાત્મિક, આધિદૈવિક અને આધિભૌતિક. એ જ 'ત્રિવિધ દુરિત' છે. એનાથી છૂટકારો પ્રાપ્ત કરવો તેને મોક્ષ કહેવાય છે. તે 'અ, ઉ, મ્ ' જ ત્રિતાપ છે. અને મધ્યસ્થ પ્લુત ધ્વનિ જ એને દૂર ભગાડનારા ગંભીર ઘોષ છે, સિંહનાદ છે.

સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ નામના ત્રણ શરીર ક્રમશઃ 'અ, ઉ, મ્ ' થી અભિહિત કરવામાં આવે છે. મધ્યમાં રહેનારો પ્લુત મનુષ્યમાત્રનું ધ્યાન આ ત્રિવિધ શરીરના સ્વાસ્થ્યની તરફ અનવરત દોરે છે. તે ઉપદેશ કરે છે. શરીર આત્માનું વાહન છે. જીવન યાત્રાનું સાધન છે. આત્મદેવના મંદિર ત્રિવિધ

કક્ષ છે. ત્રિવિધ આયામ છે.

માતા-પિતાના માધ્યમથી મનુષ્ય શરીર મળ્યું છે. ભારતીય ધર્મશાસ્ત્ર અનુસાર માતા, પિતા અને આચાર્યને ગુરુ માનવામાં આવે એ પણ ૐકાર સ્વરૂપ 'અ, ઉ, મ્' જ છે. સમાપન સંસ્કારમાં વૈદિક અનુશાસનમાં 'આચાર્યદેવો ભવ, માતૃદેવો ભવ, પિતૃદેવો ભવ' જેવાં વચનો જે છે તે આ ત્રણે પ્રતિ ૐ તુલ્ય શ્રદ્ધાભાવ રાખવાની પ્રેરણા પ્રદાન કરે છે.

જ્ઞાનયોગ, ભક્તિયોગ, કર્મયોગ આ ત્રણ મુખ્ય માર્ગ છે. મોક્ષ, આત્મવિશ્વાસ, પરમાત્માની પ્રીતિ, આત્મસાક્ષાત્કાર જેવા શબ્દો આપણી સમક્ષ જે મહાન ઉદ્દેશ્ય લઈને આવે છે. તેની પરિકલ્પના શાસ્ત્રકારોએ આપણી સમક્ષ પ્રસ્તુત કરી છે. તે પણ ત્રિરૂપ જ છે. આત્મનિર્માણ, પરિવારનિર્માણ અને સમાજનિર્માણના ત્રણ પ્રકલ્પો દ્વારા જ તેને સાધી શકાય છે. આ ત્રિવિધમાર્ગ, ત્રિવિધ નિર્માણના રહસ્યને સમજે છે અને તે પ્રમાણે પ્રબળ પુરુષાર્થ કરે છે તે જ સાચા અર્થમાં 'પ્રાજ્ઞ' છે, તે જ ૐને યથાર્થરૂપે જાણનારો છે.

ૐ મંત્રના 'અ, ઉ, મ્' ક્રમશઃ ભૂર્લોક, ભુવર્લોક અને સ્વર્લોક પ્રવાચી છે. એવું કહેવાનું તાત્પર્ય માત્ર એટલું જ છે કે ઈશ્વર એકદેશીય નથી, સર્વદેશીય છે. ત્રણ લોકોની માફક કાળ પણ ત્રણ છે - ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળ. અ કાર ભૂતકાળ, ઉકાર વર્તમાનકાળ અને મ્ કાર ભવિષ્યકાળ છે. ૐકાર આ રીતે ત્રિવિધ કાળોનો સૂચક છે. પરમાત્મા માત્ર સર્વદેશીય જ નહીં સર્વકાલિક પણ છે. તે હર સમય, હરેક જગ્યાએ ઉપસ્થિત છે. ઈશ્વરની સર્વવ્યાપકતાની સર્વકાલીનતા પર પણ વિશ્વાસ કરવો જોઈએ. જે સર્વત્ર છે, સર્વકાલિક છે, તેમનું સર્વજ્ઞ હોવું પણ સ્વાભાવિક છે. ભગવાન સર્વ વસ્તુને જાણનારા સર્વજ્ઞાતા છે, સર્વ વૈદ્ય પણ છે. તેનાથી કંઈ છૂપું કંઈ જ નથી. તેમનાથી કંઈ છૂપાવી શકાતું પણ નથી. એક કવિએ કહ્યું છે કે -

''આસપાસ ચોપાસ છે, વિશ્વપતિનો વાસઃ

ભોંય પેસી ભોંયરે કરે છાની વાતો તે જાણે વિશ્વનો નાથ !''

સંત કબીરજી તો કહે છે કે -

''મસ્જિદ ચઢકર મુલ્લા પુકારે કયોં સાહબ તેરા બહેરા હૈ,
ચીંટી કે પાંવ મેં ઘૂંઘરૂ બાજે વહી સાહેબ તો સુનતા હૈ. ''

'અ, ઉ, મ્' નો આ જ સંદેશ છે જે સાધકે ધારણ કરવો જોઈએ. પરમાત્માની પ્રાપ્તિ માટે તેણે સર્વ દુર્ગુણ, છળકપટ, મિથ્યાચારથી દૂર રહેવું જોઈએ.

ઈશ્વરનું આરાધન કરતી વેળાએ ભક્તો પરમાત્માના વિષયમાં એવી બુદ્ધિ યા ભાવના પોતાનામાં જાગૃત રાખવી જોઈએ કે પોતાની ઉપર નીચે, ડાબા-જમણી આગળ પાછળ સર્વત્ર, સર્વકાળ હાજર જ છે. તે જ્યારે મારો સંરક્ષક છે ત્યારે મને કંઈ વાતનો ભય ? ડર કોનો ? ખતરો શાનો ? ચિંતા કેવી ? હું પરમાત્માથી રક્ષિત છું. તેની મારા પર અનહદ કૃપા છે. આટલું સમજે ને વિચારે તો તેનું મસ્તક ભય-ચિંતાજનિત તનાવ (સંસ્પર્શો) થી સર્વથા મુક્ત બની જાય છે.

સાધકે યાદ રાખવાનું કે ૐ પ્લુત ધર્મી છે. તે દેશાતીત છે. તે કાલાતીત છે. સમસ્ત બ્રહ્માંડ તેના અંશમાં નિહિત છે. તે દેશકાળ દ્વારા બાધિત નથી. તે તો દેશ-કાળનો પ્રણેતા છે. પ્લુતની તાર સ્વરતા (ઉચ્ચ-ઉચ્ચારણ) એ રહસ્યનું ઉદ્‌ઘાટન કરે છે.

❖ શિવાથર્વશીર્ષોપનિષદ્‌માં ૐકારની વ્યાખ્યાઓ અભિવંદિત ❖

પ્રણવ, અનન્ત, તાર જેવાં ખાસ નામ ૐકારને આપવામાં આવ્યાં છે તે શિવાથર્વશીર્ષોપનિષદ્‌માં દર્શાવ્યું છે જે નીચે પ્રમાણે છે. આ નામોની વ્યાખ્યા ઘણા માર્મિક શબ્દોમાં પ્રશ્નોત્તર શૈલીમાં આ રીતે આપવામાં આવી છે.

અથ કસ્માદુચ્યતે ઓંકારઃ ? યસ્માદુચ્ચાર્યમાણ એવ પ્રાણાનૂર્ધ્વ-મુત્ક્રામયતિ તસ્માદુચ્યતે ઓંકારઃ ।

અથ કસ્માદુચ્યતે પ્રણવઃ ? યસ્માદુચ્ચાર્યમાણ એવ ઋગ્યજુઃ

सामाथर्वाङ्गिरसं ब्रह्म ब्राह्मणभ्यः प्रणवमयति नामयति तस्मादुच्यते प्रणवः ।

अथ कस्मादुच्यते सर्वव्यापि? यस्मादुच्चार्यमाण एव यथा स्नेहेन पललमिण्डिमिव शांतरूपमातप्रोतमनुप्राप्तो व्यतिपत्कश्च तस्मादुच्यते सर्वव्यापी ।

अथ कस्मादुच्यतेनन्तः? यस्मादुच्चार्यमाण एव तिर्यगूर्ध्वम् मधस्ताच्चास्यान्तो नोपलभ्यते तस्मादुच्यतेऽनन्तः ।

अथ कस्मादुच्यते तारम् ? यस्मादुच्चार्यमाण एव गर्भजन्मव्याधिजरामरणसंसारमहाभयात्तारयति त्रायते च तस्मादुच्यते तारम् ।

अथ कस्मादुच्यते शुक्लम् ? यस्मादुच्चार्यमाण एव क्लन्दते कलामयति च तस्मादुच्यते शुक्लम् ।

अथ कस्मादुच्यते सूक्ष्मम् ? यस्मादुच्चार्य माण एव सूक्ष्मो भूत्वा शरीराण्यधितिष्ठति सर्वाणि चाङ्गन्यभिमृश्यति तस्मादुच्यते सूक्ष्मम् ।

अथ कस्मादुच्यते वैद्युतम् ? यस्मादुच्चार्यमाण एव व्यक्ते महति तमसि द्योतयति तस्मादुच्चयते वैद्युतम् ।

अथ कस्मादुच्यते परं ब्रह्म ? यस्मात् परमपरं परायणम् बृहद् च बृहत्या बृहयति तस्मादुच्चयते परं ब्रह्म ।

❖ બ્રહ્મ અને ૐ ❖

બ્રહ્મને ૐકાર કેમ કહેવાય છે ? ઉચ્ચારણ માત્રથી પ્રાણોને ઉપરની તરફ આકર્ષિત કરે છે. એટલા માટે ૐકાર કહેવાય છે.

બ્રહ્મને પ્રણવ કેમ કહેવાય છે ? જેના ઉચ્ચારણ માત્રથી જ તે બ્રહ્મ અભિવંદિત થાય છે અને બ્રાહ્મણો માટે (શ્રેષ્ઠ ઉપાસકો માટે) ઋક્, યજુઃ સામ આદિનું તત્ત્વજ્ઞાન પ્રાપ્ત થાય છે. એટલા માટે તેને 'પ્રણવ' કહેવાય છે.

બ્રહ્મને સર્વવ્યાપી કેમ કહેવાય છે ? ઋષિ આ વાતનો જવાબ આપતાં કહે છે કે ઉચ્ચારણ માત્રથી તલચૂર્ણમાં તેલની માફક શાંતરૂપ થઈને તે જગતમાં

ઓતપ્રોત તથા પરિવ્યાપ્ત થઈ જાય છે. એટલા માટે 'સર્વવ્યાપી' કહેવાય છે.

બ્રહ્મને અનન્ત કેમ કહેવાય છે ? આ વાત પર ઋષિવરે કહ્યું - ઉચ્ચારણ માત્રથી જ ઉપાસક એ અનુભવ કરવા લાગે છે કે તે બ્રહ્મનો ઉપર નીચે, આસ-પાસ ક્યાંય પણ અંત મળતો નથી. એટલે અનન્ત કહેવાય છે.

બ્રહ્મને તાર કેમ કહેવાય છે ? આ માટે ઋષિએ બતાવ્યું છે કે - ઉચ્ચારણ માત્રથી ગર્ભ, જન્મ, વ્યાધિ, જરા, આયુ (મૃત્યુ) આદિ સંસારસાગરના મહાભયોથી તારે છે, ઉગારે છે માટે તેને તાર (તારક) કહેવાય છે. દસ મહાવિદ્યા પૈકી દ્વિતીયા તારા મહાવિદ્યા પણ આ 'તાર' સ્વરૂપ જ છે.

બ્રહ્મને શુક્લ શા માટે કહેવામાં આવે છે ? જવાબમાં ઋષિ બોલ્યા કે શુક્લપદ એવું છે કે જેના ઉચ્ચારણ માત્રથી પ્રસન્ન થઈને તે ઉપાસકના હૃદયને આર્દ્ર બનાવી, દયા-દ્રવિત કરીને સંસાર પ્રતિ ઉપેક્ષિત ભાવ ગ્લાનિ ઉત્પન્ન કરે છે, અને તેને શુદ્ધ પવિત્ર નિર્વિકાર સ્વરૂપ બનાવી દે છે. એટલા માટે તે 'શુક્લ' કહેવાય છે. કદાચ શુક્લપક્ષનું ઉપાસના કાળમાં આથી જ મહત્વ વધી જાય છે.

બ્રહ્મને સૂક્ષ્મ શા માટે કહેવાય છે ? આ બાબતમાં ઋષિવચન છે કે - ઉચ્ચારણ માત્રથી સૂક્ષ્મરૂપ બની સાધક શરીરમાં સ્થિત થઈ જાય છે. અને અંગ-અંગને પોતાના મૃદુ સ્પર્શ થકી પરિમાર્જિત (શુદ્ધ) અને પ્રફુલ્લિત કરે છે. એટલા માટે જ તેને સૂક્ષ્મ (પરતર) કહેવાય છે.

બ્રહ્મને વૈદ્યુત કહેવાનું કારણ શું ? ઋષિ ઉત્તર આપે છે કે ઉચ્ચારણ માત્રથી ઉપાસકના હૃદયમાં વ્યકત મહાઅંધકારમાં વીજળીની માફક પ્રકાશ પાથરે છે. પોતાના માદન સ્વરૂપને દ્યોતિત (પ્રકટ) કરે છે. એટલા માટે તેને 'વૈદ્યુત' કહેવામાં આવે છે.

અંતિમ પ્રશ્ન છે પરમાત્માને પરમબ્રહ્મ તરીકે સંબોધવાનું કારણ શું ? ઋષિએ સમાપન ઉત્તરમાં કહ્યું કે - ઉચ્ચારણ માત્રથી તે પોતાની મહત્તા દ્વારા કહો કે પ્રભુત્વ વડે ઉપાસનાના હૃદયમાં પરઅપર બ્રહ્મભાવ (અદ્વૈતભાવના) પરિપુષ્ટ કરે છે. એટલા માટે તે 'પરમબ્રહ્મ' છે. તે પરમભાવનું પોષણ કરે છે.

❖ ॐકારના દશનામ ❖

આ રીતે નવ નામોની પરિભાષા અહીં દર્શાવી છે.

પરંતુ યોગ સંખ્યા અનુસાર ॐકારનાં મુખ્ય દસ નામ આ પ્રમાણે છે.

ॐकारं प्रणव चैक सर्वव्यापिनमेव च ।
अनन्तञ्च तथा तारं शुक्लं वैद्युतमेव च ।
तुर्य हंस परंब्रह्म इति नामाति जानते ।

ॐ યા ॐકાર, પ્રણવ, સર્વવ્યાપી, અનન્ત, તાર, શુક્લ વૈદ્યુત, તુર્ય, હંસ અને પરબ્રહ્મ - એ ॐના દસ નામ છે. આનામાંથી પ્રાજ્ઞજન તે દિવ્ય તત્ત્વને જાણે છે. આ નામોથી તેની પૂજા થાય છે. અહીં જે વિશેષ બે નામ છે તેની વ્યાખ્યા આ પ્રમાણે છે. નિત્ય તૃપ્ત અને પરમાનંદમય હોવાથી તુર્ય કહેવાય છે. તે સર્વનો અંતરાત્મા છે એટલે તેને 'હંસ' નામથી સંબોધિત કરવામાં આવે છે.

ॐકારના આ નામોની ઉક્ત દિવ્યતાનું મનન, નિદિધ્યાસન, સ્મરણ - ચિંતન પણ ઉપાસના જ છે. પોપટની માફક ઉચ્ચારણ કરવું એટલું લાભદાયક થશે નહીં કે જેટલું 'ॐ' ના જપ-સ્મરણ કરતી વેળાએ મનોમન જીભ હલાવ્યા વિના 'ॐ'ની તથોક્ત ભાવના પણ કરવી જોઈએ. ભાવનાથી જ ઉપાસના પ્રાણવાન બને. સિદ્ધિપ્રદ બને છે. આ છે - ॐકાર ઉપાસના રહસ્યમ્

જ્યાં પ્રકૃતિની લય અવસ્થા છે ત્યાં ॐકાર બ્રહ્મમાં વિલીન છે. જ્યાં નિર્ગુણ સત્તામાં સંકલ્પ અનુસાર સગુણ ઈશ્વરભાવનું સૂચન છે. ત્યાં પ્રકૃતિના પ્રથમ સ્પંદનરૂપે ॐકારનો આવિર્ભાવ છે. જ્યાં સ્હેજ પણ કાર્ય (હલન-ચલન) ગતિશીલતા હોય ત્યાં કંપન અવશ્ય હોય જ; જ્યાં કંપન હોય ત્યાં શબ્દ અવશ્ય હોય એ પણ સંભવિત છે; પરિણામે સૃષ્ટિરૂપી કાર્યમાં સામ્યાવસ્થા પ્રકૃતિના સર્વપ્રથમ હિલ્લોલના ધ્વનિનું નામ શિવરૂપી ॐકાર છે. ઈશ્વરભાવ, ઈશ્વરનો સંકલ્પ, પ્રકૃતિની પ્રવૃત્તિ અને પ્રણવ વિકાસ એ સઘળાં સમસામાયિક છે. એટલા જ કારણે વાચ્ય, વાચક યા અધિધાન અભિધેયરૂપે ॐકારની સાથે ઈશ્વરભાવનો ખાસ સંબંધ છે. આ જ કારણથી આર્યશાસ્ત્રોમાં ॐકારને ઈશ્વરનો વાચક તથા વાચ્ય-વાચકની એકતાના

વિચારે બંનેમાં એકતા બતાવવામાં આવી છે. પ્રલય બાદ જ્યારે ઈશ્વરમાં 'હું એકથી અનેકરૂપે પ્રગટ થાઉં, સૃષ્ટિની રચના કરું' એવો સંકલ્પ થાય ત્યારે બ્રહ્માંડની પ્રકૃતિમાં જે સ્પંદન થાય અને સમસ્ત બ્રહ્માંડની પ્રકૃતિને કંપાવનારો જે શબ્દ નીકળે છે તે જ પ્રણવનાદ છે. ઓંકાર છે. આ ધ્વનિ કેવો છે તે વિષયે યોગશાસ્ત્ર જણાવે છે કે -

तैलधारामिवाच्छिन्नं दीर्घघंटा निनादवत् ।

- અર્થાત્, પ્રણવ તેલની ધારાની માફક અવિચ્છિન્ન અને દીર્ઘ ઘંટાનાદના ધ્વનિ માફક સાંભળતાં મધુર લાગે તેવો છે. અને તેનું કોઈપણ અંગ મુખ વડે ઉચ્ચારણ કરાતું નથી. વાસ્તવમાં ઈશ્વરવાચક આદિ શબ્દ ઓંકાર, યોગીગણને ત્યારે જ સંભળાય છે કે જ્યારે તેઓ યોગયુક્ત થઈને સામ્યાવસ્થામાં પ્રકૃતિમાં મન સ્થિર કરી શક્યા હોય. આ ઓંકાર ધ્વનિ વાચ્ય-વાચક સંબંધ વડે અનાદિ અને અનંત છે. અને એવી રીતે, પ્રણવ જે અક્ષરો વડે લખવામાં અથવા મુખ દ્વારા ઉચ્ચારણ કરવામાં આવે છે એ તો પ્રતિશબ્દ (પડઘો) છે- મૂળ પ્રણવ નાદનો.અને ઓંકાર તેનું પ્રતિરૂપ'અ''ઉ''મ્'ના સંકલનથી બનેલું અક્ષરરૂપ છે. પ્રણવ એટલે પ્રાણ પ્રક્રિયાથી પ્રકટ થતું નાદ બ્રહ્મ અને તેનું પ્રતિરૂપ અક્ષરો (અ,ઉ,મ્) નું મિશ્રણ તે અક્ષરબ્રહ્મ છે. આ તેના સૂક્ષ્મ ભેદ છે. આજ ઓંકારનું વૈજ્ઞાનિક રહસ્ય છે. જે ભારતના ત્રિકાળદર્શી મહર્ષિગણે એમની યોગયુક્ત સમાધિ દશામાં અનુભવેલું છે.

સામાન્ય રીતે ઉચ્ચાર કરવાથી પણ અભ્યાસી પર એના કંઈક પ્રભાવ તો પડે છે. પરંતુ યથાર્થ રીતે જો પ્રણવનું ઉચ્ચારણ કરવામાં આવે તો શરીરના પ્રત્યેક પરમાણુ પરિવર્તિત થઈ જાય છે, એમાં નવીન સ્પંદનથી નવીન સ્થિતિનું અવશ્ય નિર્માણ થાય છે. અને દેહમાં રહેલી અનેક સુષુપ્ત શક્તિઓ જાગ્રત થઈ ક્રિયાન્વિત બને છે. જેના પર વિચાર કરવાથી, મનન કરવાથી અને ઉપાસના દ્વારા અનુભવ કરવાથી સાધક નિઃસંદેહ સંસારસિંધુ તરી જઈ શકે છે. ઓંકાર ખરેખર અદ્‌ભુત નાદ છે.

❖❖❖

-: ૐકારનું વિસ્તૃત વિવેચન :-

સમષ્ટિ ૐકારની ચાર માત્રાઓ	૧અકાર	૨ઉકાર	૩મ્ કાર	૪-અર્ધમાત્રા
સમાષ્ટિ ૐકારના અધિષ્ઠાતા	વિરાટ્	હિરણ્યગર્ભ	ઈશ્વર	શુદ્ધ બ્રહ્મ
ૐકારનું સમષ્ટિ શરીર	સ્થૂળ જગત	સૂક્ષ્મ જગત	કારણજગત	૦
વ્યષ્ટિ ૐકારના અભિમાની	વિશ્વ	તૈજસ	પ્રાજ્ઞ	સાક્ષી(કુટસ્થ)
વ્યષ્ટિ ૐકારના શરીર	સ્થૂળ	સૂક્ષ્મ	કારણ	અશરીર
ૐકારની અવસ્થા	જાગ્રત	સ્વપ્ન	સુષુપ્તિ	તુર્યા
ૐકારના ગુણ	રજોગુણ	સત્ત્વગુણ	તમોગુણ	નિર્ગુણ
ૐકારના રંગ	લાલ	શ્વેત (સફેદ)	કૃષ્ણ (કાળો)	રંગરહિત
ૐકારના દેવતા	બ્રહ્મા	વિષ્ણુ	શિવ	સર્વરૂપ
ૐકારના કર્મ	ઉત્પત્તિ	પાલન	સંહાર	અક્રિય
ૐકારના સ્થાન	જમણું નેત્ર	કંઠ	હૃદય	રોમ-રોમમાં
ૐકારના ભોગ	સ્થૂળ	સૂક્ષ્મ	આનંદ	અભોક્તા
ૐકારની વાણી	વૈખરી	મધ્યમા	પશ્યન્તિ	પરા
ૐ બુદ્ધિ સ્વરૂપે	બ્રહ્મપ્રજ્ઞા	અન્તઃપ્રજ્ઞા	વિજ્ઞાનપ્રજ્ઞા	અપ્રજ્ઞા
ૐકારની ઉપાધિ	વ્યષ્ટિ-સમાષ્ટિ	વ્યષ્ટિ-સમાષ્ટિ	વ્યષ્ટિ-સમાષ્ટિ	વ્યષ્ટિ-સમાષ્ટિ

ઉત્પત્તિ શુદ્ધ બ્રહ્મથી ઈશ્વર, ઈશ્વરથી હિરણ્યગર્ભ, હિરણ્યગર્ભથી વિરાટ્

લય- વિરાટ્નો લય હિરણ્યગર્ભમાં, હિરણ્યગર્ભનો લય ઈશ્વરમાં તથા ઈશ્વરનો લય શુદ્ધ બ્રહ્મમાં થાય છે.

૨

ઓંકાર મહિમા

પ્રાચીન વૈદિક વાઙ્મયમાં, વિશેષતઃ ઉપનિષદો અને આધ્યાત્મિક સાહિત્યમાં, ઓંકાર ઉપાસનાનું અતિ મહત્વ છે.

ओमित्येकाक्षरं ब्रह्म नित्यं सचिंतयेद् यतिः ।
शब्द ब्रह्मादिरूपेण, शब्दातीतं निरंजनम् ॥

– યતિ અર્થાત્ સાધક ઓં એ એકાક્ષર નિત્ય બ્રહ્મનું મૂલાધારથી આજ્ઞાચક્ર પર્યન્ત સુષુમ્ણા પ્રવાહમાં, અનાહત ધ્વનિ શબ્દ બ્રહ્મરૂપે ચિંતન કરતાં કરતાં શબ્દાતીત અવ્યક્ત નિરંજન અવસ્થા પ્રાપ્ત થાય છે.

अष्टांग च चतुष्पादं त्रिस्थानं पंचदेवताः ।
ॐकारं योऽभि जानाति ब्रह्मविष्णुशिवात्मकम् ॥

- એ ઉઁકાર, મૂલાધારાદિ ષડ્‌ચક્ર અને નાદ અર્થાત્ માયા અને બિન્દુ, એ આઠ અંગોમાં વિભક્ત છે. ભૂલોક મૂલાધાર, ભૂવઃસ્વાધિષ્ઠાન, સ્વઃ મણિપુરાદિ આજ્ઞા અને નાદબિંદુ એ ચતુષ્પાદ અને હૃદય, નાભિ, મૂર્દ્ધા એ ત્રિસ્થાન, બ્રહ્મા, વિષ્ણુ, રૂદ્ર, પ્રાણાત્મા (શક્તિ) અને બ્રહ્મ એ પંચદેવતા દ્વારા બ્રહ્મા, વિષ્ણુ અને રૂદ્ર એ ત્રિદેવાત્મક રૂપે જીવ શરીરમાં વિરાજમાન છે.

त्रिस्थानं च त्रिमात्रंच त्रयो मात्रां त्र्ययाक्षरम् ।
त्रिमात्रं लृसाद्‌र्धमात्रंच प्रणत्रंच विशेषतः ॥

- ત્રિસ્થાન એ હૃદય, નાભિ, અને કંઠ, ત્રિમાત્રા એટલે હ્રસ્વ, દીર્ઘ અને પ્લૂત, માત્રા ત્રય એટલે બ્રહ્મા, વિષ્ણુ અને શિવ (રૂદ્રાત્મક)માં, ત્રિમાત્રા ઉત્પતિ, સ્થિતિ અને લયમાં, અર્ધમાત્રા માયાતીત, સંવિત શક્તિના યોગથી પ્રણવ અથવા ઉઁકારકૃતિ સવિશેષ ભાવે અવસ્થિત છે.

ॐकारं प्रभवा देवा ॐकारं प्रभवाः स्वराः ।
ॐकारं प्रभवं सर्व्वं त्रैलोक्यं सचराचरम् ॥

-ૐના પ્રભાવથી જ સકલ દેવતા અને સ્વર અર્થાત્ સારનાદ, વર્ણાદિ અને શ્વાસ-પ્રશ્વાસ ઉત્પન્ન થયા છે. આ ચરાચર વિશ્વ બ્રહ્માંડ સ્થિત ત્રૈલોક્ય અર્થાત્ સ્વર્ગ, મૃત્યુ, પાતાલ અને સકલજીવ દેહાદિ સર્વ પદાર્થ ૐકારના પ્રભાવથી જ પરિચાલિત થાય છે.

ॐ इत्येकाक्षरध्यानात् विष्णुर्विष्णुत्वमाप्तवान् ।
ब्रह्मा ब्रह्मत्वमापन्नः शिवतामभजत् शिवः ॥

- ૐકારના એકાક્ષર ધ્યાનથી વિષ્ણુને વિષ્ણુત્વ, બ્રહ્માને બ્રહ્મતા તથા શિવને શિવત્વની સંપ્રાપ્તિ થઈ છે.

तैलधारामिवाच्छिन्नं दीर्घघण्टानिनादवत् ।
उपास्यं प्रणवस्याग्रं यस्तं वेद स वेदवित् ॥

- જે મનુષ્ય એક પાત્રમાંથી બીજા પાત્રમાં નિરન્તર પડતી તેલની ધારાની માફક અથવા ઘંટાના દીર્ઘ નિનાદની માફક પ્રણવ મંત્રના ધ્યાનમાં લીન રહે છે, તે જ વાસ્તવમાં વેદવિદ્ (અર્થાત વેદને જાણનાર) કહેવાય છે.

बुद्धितत्वेन धीदोषं शून्येनेकान्तवासिना ।
दीर्घप्रणवमुच्चार्य मनोराज्यं विजीयते ॥

- ૐકારના નિરન્તર ઉચ્ચારણથી બ્રહ્મજ્ઞાન, મૌની બુદ્ધિના દોષથી ભ્રમિત મન પર પૂર્ણ વિજય પ્રાપ્ત કરી લે છે.

ॐ इति स्मरणनैव ब्रह्मज्ञानं परापरम् ।
तदेकं मोक्षसिद्धिं च तदेवामृतमश्नुते ॥

- ૐકારના સ્મરણ માત્રથી મનુષ્ય બ્રહ્મજ્ઞાનની પરમસ્થિતિ તથા મુક્તિ અને અમરતાની પ્રાપ્તિ કરી લે છે.

नासाग्रे बुद्धिमारोप्य हस्तपादं च संयमेत् ।
मनः सर्वत्र संगुह्य ॐकारं तत्र चिन्तयेत् ॥

- હાથ તથા પગના સંયમની સાથે, નાકના અગ્રભાગ પર ધ્યાન કેન્દ્રિત કરી મનને તમામ ક્રિયાઓમાંથી મુક્ત (ક્રિયાહીન) કરી સાધકે ૐનું ચિંતન કરવું જોઈએ.

प्रणवाद्यं गृहस्थानां नो चेत शून्ये फलं भवेत् ।
आद्यान्तयोर्वनस्थानां यतीनां महतामपि ॥

-ગૃહસ્થ સાધકો માટે શાસ્ત્રનું વિધાન છે કે સાધક જે મંત્રની સાધના કરે છે તેના આરંભમાં ૐકાર અવશ્ય લગાડવો જોઈએ. જો તે આ પ્રમાણે નહીં કરે તો તે મંત્રના જપ નિષ્ફળ જાય છે. વાનપ્રસ્થી અને સંન્યાસી મહાપુરુષોને માટે પણ આદેશ છે કે તેઓ ઈષ્ટ મંત્રની આગળ અને પાછળ ૐકાર અવશ્ય લગાડે.

मांगल्यं पावनं धर्म्य सर्वकाम प्रसाधकम् ।
ॐकारः परमं ब्रह्म, सर्वमन्त्रेषु नायकम् ॥

- ૐકાર સર્વ મંગલ પ્રદાતા છે. પવિત્રતાનો સંચાર કરવાવાળો છે. ધર્મમય છે. સર્વકામનાઓની પૂર્તિનું પ્રસાધન છે એટલે પરબ્રહ્મરૂપ ૐકારને મંત્રરાજ કહેવો સર્વથા ઉપયુક્ત છે.

આજ સુધી प्रणवश्च स्मृतः साक्षादद्वैत ब्रह्म बोधकः । કહીને પ્રણવને અદ્વૈત બ્રહ્મનો બોધક કહેવામાં આવેલ છે, તથાપિ એને મંત્રશાસ્ત્રમાં વ્યાપ્ત તત્ત્વ, મંત્ર, દૈવત વિગ્રહ, સર્વામ્નાય મૂલક તથા મોક્ષનો બોધક વ્યકત કરતા એવા આદ્ય શંકરાચાર્યએ સર્વ પ્રથમ કહ્યું છે કે -

सर्व तत्त्वमयः सर्व मंत्रदैवतविग्रहः ।
सर्वम्नायात्मकश्चायं प्रणवः परिपठ्यते ।
शब्दब्रह्मात्मना सोऽयं महानिवार्ण बोधक : ॥

- આ જ કારણ છે કે પ્રત્યેક સાધનાપથના પથિકે પ્રણવમાં સ્થિત માત્રાઓ અને મંત્રોને અવશ્ય જાણવા જોઈએ. પ્રણવની સંરચના અ+ઉ+મ્ - આ ત્રણ વર્ણોથી થઈ છે, જેનાથી સૌ કોઈ પરિચિત છે. પ્રણવનું લેખન શ્રી ગણેશજીની ઊર્ધ્વ સૂંઢ, મધ્ય સૂંઢ અને અધઃસૂંઢના રૂપમાં ચંદ્રકલા અને બિંદુના યોગ વડે પૂર્ણ થાય છે. આ ત્રણ સૂંઢ (શુણ્ડ) રૂપ પ્રમુખ ભાગ જ સોમ, સૂર્ય અને અગ્નિરૂપી ત્રણ માત્રાઓ ૐમાં વિરાજમાન છે.

આ બાબતે તાંત્રિક ગ્રંથોમાં પ્રમાણ મળે છે કે -

सोमसूर्याग्नि रुपास्तु तिस्त्रो मात्राः प्रतिष्ठितः ।
प्रणवे स्थूल रुपेण याभिर्विश्वं व्यवस्थितम् ॥

- તાંત્રિક ગ્રંથોમાં સોમની એકસો છત્રીસ (૧૩૬), સૂર્યની એકસો સોળ (૧૧૬), અને અગ્નિની એક્સો આઠ (૧૦૮) માત્રાઓ બતાવવામાં આવી છે. આ સર્વ મળીને ત્રણસો સાઠ (૩૬૦) થાય છે. આમ એ માત્રાઓ વડે વર્ષના દિવસો ૩૬૦ છે તેનો બોધ થાય છે. એટલે પ્રણવના અ+ઉ+મ્ એ ત્રણ વર્ષ ક્રમશઃ સોમ, સૂર્ય તથા અગ્નિના પ્રતીક હોવાની સાથે આપણી વર્ષગણનાના પણ દ્યોતક છે.

આથી વધુ આશ્ચર્યજનક વિગત જિજ્ઞાસુ સાધકો માટે ઉપયોગી છે તે નીચે દર્શાવવામાં આવી છે. એ રહસ્યપૂર્ણ છે. ઘણી જ આનંદ ઉપજાવનારી પણ છે.

(૧)

ઉઁકારનું દોલા (ઝૂલા) યા હિંડોળાના સંગીતરૂપે વર્ણન.

प्रेमकारुण्ययोर्धाम तत्त्वं विश्वनियामकम् ।
यत् तेन निर्मितामेतां तेनेवान्दोलितां तथा ॥ १॥
श्वासप्रश्वास्योर्दोलामारुढो मोदनिर्भरम् ।
गायाम्योंकारसंगीत मधुरं मधुराक्षरम् ॥ २॥

- અર્થાતં પ્રેમ અને કારુણ્યના સ્થાન તથા સમગ્ર વિશ્વની નિયંતા ભગવાને શ્વાસ અને પ્રશ્વાસની બે દોરીઓવાળો એક ઝૂલો (હિંડોળો કે હિંચકો) મારા માટે બનાવ્યો છે. અને સ્વયં તેઓ તે હિંડોળાને આંદોલિત કરી રહ્યાં છે. તેઓ દ્વારા હું તે હિંચકા (ઝૂલા) માં બેસાડેલો આંનદવિભોર બનીને ઊંચા અવાજે મધુરાક્ષર ઉઁકારરૂપી સંગીતને ગાઇ રહ્યો છું, બરાબર એવી જ રીતે જેમ કોઈ બાળક પોતાના પિતા દ્વારા માતા દ્વારા હિંડોળામાં બેસાડીને ઝૂલાવીને આંનદ મગ્ન બનીને ગીત ગાય છે.

(૨)

માતાને બોલાવવા માટે બાળકનું આવાહન (ચેષ્ટા) રૂપમાં વર્ણન

યાસો સર્વજગન્માતા સર્વદેવનમસ્કૃતા ।
ઋષિભિર્મુનિભિર્ગીતા સર્વશાસ્ત્રોપબૃંહિતા ॥૩॥
નાનાસંતાપસંતપ્તમ્તસ્યા આવાહનમુત્તમમ્ ।
ઓંકારામાશ્રયે નિત્યં ભક્તિપ્રણવમાનસઃ ॥૪॥

– 'સર્વદેવતાઓથી નમસ્કૃત, ઋષિઓ અને મુનિઓ વડે ગવાયેલ, તથા સર્વ શાસ્ત્રો દ્વારા જેનું વર્ણન કરવામાં આવ્યું છે, એવી સમગ્ર જગતની માતા છે, ૐકાર તેમના આવાહનનું- પોતાના તરફ આકર્ષિત કરવા માટેનું શ્રેષ્ઠ સાધન છે. અનેકાનેક સંતાપોથી ત્રસ્ત થઈને હું મનથી ભક્તિ-પ્રવણ બનીને સર્વદા તે ૐકારનો આશ્રય લઉં છું.'

અભિપ્રાય એવો છે કે ડરેલા કે ભયભીત બાળકની માફક હું પણ વિવિધ સંતાપોથી ડરેલો ૐકાર દ્વારા જ વિશ્વની માતાને બોલાવવા ઈચ્છું છું. તેમને બોલાવવા માટે ૐકાર જ સર્વોત્તમ સાધન છે.

છાંદોગ્ય ઉપનિષદ્ના ભાષ્યકાર ભગવત્પાદ આદિ શંકરાચાર્યએ કહ્યું છે કે –'ॐ इत्यारभ्य हि यस्माद् उद्गायति अतः उदगीत ॐकार इत्यर्थः ।' પ્રણવમંત્રથી આરંભ કરીને 'ઉદ્ગીથ' ગાન થાય છે, એટલા માટે પ્રણવને 'ઉદ્ગીથ' કહ્યો છે. પ્રણવગાની ભગવાનનું ગાન પ્રણવ નામ જ ભગવાનનું નામ છે. એટલા જ માટે યોગદર્શનમાં મહર્ષિ પતંજલિએ સૂત્ર આપ્યું – 'तस्य वाचकः प्रणवः ।' એ સૂત્ર દ્વારા ૐકારને ભગવાનવાચક નામ કહેવામાં આવ્યું છે. આ સંબંધમાં ભગવાન ભાષ્યકારે સ્પષ્ટતા કરતાં લખ્યું છે કે – 'तस्मिन् हि प्रयुज्यमाने स प्रसीदति, प्रियनाम ग्रहण इव लोकः ।' જેવી રીતે પ્રિય લાગે એનું નામ લઈને બોલાવવાથી માણસ ખુશ થાય છે અને પ્રસન્નચિત્તે ઉત્તર આપે છે, તેવી જ રીતે 'ૐ' નામે પોકાર કરવાથી ભગવાન પ્રસન્ન થઈને ઉત્તર આપે છે (કેવી રીતે ઉત્તર આપી જીવનની સમસ્યાનો ભગવાન ઉકેલ આપે છે તે બાબતમાં આ જ ગ્રંથમાં એક વિશિષ્ટ સાધના પ્રયોગ આગળ જણાવવામાં આવેલ છે.)

(૩)

ભગવત્પદની પ્રાપ્તિ માટે સોપાનના રૂપમાં વર્ણન.

યોગિનામપિ દુર્ગમ્યં ભક્તાનામાનિ દુર્લભમ્ ।
જ્ઞાનિનામપિ દુશ્ચિન્ત્યં ગતઃ પ્રભવાપ્યયમ્ ॥ ૫॥
કૂટસ્થં શાશ્વતં દિવ્યં વિષ્ણોર્યત્ પરમં પદમ્ ।
ઓમિત્યુદ્ગિથિનઃ પ્રાહુસ્તસ્ય સોપાનમદ્ભુતમ્ ॥ ૬॥

- ઓંકારનું ગાન કરનારા આચાર્યોનું કહેવું છે કે ઓંકાર જ તે કૂટસ્થ શાશ્વત અને દિવ્ય ભગવદત્પદની પ્રાપ્તિ માટે એક અદ્‌ભુત સોપાન (સીડી) છે, જે યોગીઓને માટે પણ દુર્લભ છે, ભક્તોને માટે પણ દુર્લભ છે, જ્ઞાનીઓ માટે પણ ચિંતન કરવાનું મુશ્કેલ છે તથા જ્યાંથી જગતની ઉત્પતિ થાય છે અને જેમાં તેનો પ્રલય થાય છે.

આત્મરક્ષાર્થ કવચના રૂપમાં વર્ણન.

આન્તરાણામરાતીનાં વિજયવ્રતધારિણામ્।
ભવબન્ધવિનાશાર્થં મુનીનાં ધર્મચારિણામ્ ॥ ૭॥
ઓંકારં પરમં પ્રાહુરાશ્રયં તદ્વિદો બુધાઃ ।
તમેવં સુદૃઢં મન્યે બ્રહ્મ વર્મ મમાન્તરમ્ ॥ ૮॥

-કામ, ક્રોધ, મદ, મત્સર આદિ આભ્યન્તર શત્રુઓ પર વિજય મેળવવાનું વ્રત લેનારા અને ભવબંધ અર્થાત્ સાંસારિક જીવનની ત્રુટિઓ અને અપૂર્ણતાઓની નિવૃત્તિને માટે ધર્માચરણમાં રત રહેનારા મુનિઓનો ઓંકાર જ એક જ માત્ર સહારો હોય છે, ઓંકારના તત્વને જાણનારાઓનો એવો મત છે. તે ઓંકારને હું બ્રહ્મરૂપમાં પોતાનું સુદૃઢ આધ્યાત્મિક કવચ માનું છું

'બ્રહ્મ વર્મ મમાન્તરમ્' આ અથર્વવેદ (૧/૧૯/૪) નો મંત્ર છે. એની ઓંકારપરક વ્યાખ્યા અહીં કરવામાં આવી છે. અભિપ્રાય એવો છે કે - ઈશ્વરભક્તને માટે ઓંકાર એક સુદૃઢ કવચનું કામ કરે છે.

(૫)

ઓંકારનું સુગન્ધિત પુષ્પ, પરમ જ્યોતિઃ અમૃત,
પરમ ઔષધ તથા બ્રહ્માસ્ત્રના રૂપમાં વર્ણન.

ज्ञानविज्ञानवृक्षस्य सुगन्धि कुसुमंलक्षशुभम् ।
ज्योतिषामपि यज्ज्योतिरमृतं भोज्यमात्मनः ॥ ९॥
नानासंतापतप्तानां यज्ञाप्योषधमुत्तमम् ।
पापौघं भस्मासात्कर्तुं ब्रह्मास्त्रं ब्रह्मवादिनाम् ॥ १०॥

- ઓંકાર જ્ઞાન-વિજ્ઞાનરૂપી વૃક્ષનું સુંદર સુગન્ધિત પુષ્પ છે અર્થાત્ જેવી રીતે કોઈ ફૂલવાળા છોડનું ઉત્કૃષ્ટ સૌંદર્યમય સારાંશ પુષ્પરૂપમાં વિકસિત થાય છે, તેવી રીતે જ સમસ્ત જ્ઞાન અને વિજ્ઞાનનો અંતિમ નિચોડ યા પરમ ધ્યેય અથવા પર્યવસાન ઓંકાર છે. ઓં સમસ્ત પ્રકાશમય પદાર્થોનો પણ પ્રકાશ છે. ઓંકાર જ વાસ્તવમાં આત્માનું અમૃતમય ભોજ્ય છે. અભિપ્રાય એવો છે કે મનુષ્યમાત્રમાં પોતાનામાં પૂર્ણત્વને પામવાની જે ભૂખ છે, તેની સદાને માટે ઓંકાર જ સર્વોત્તમ અચૂક ઔષધિ છે. મનુષ્યની અંદર જે પાપોની રાશિ ઘર કરી ગયેલી છે. તેને આમૂળ ભસ્મસાત્ કરવા માટે ઓંકારને બ્રહ્મજ્ઞાનીઓ અત્યન્ત શક્તિશાળી બ્રહ્માસ્ત્ર સમજે છે.

ઓંકારનું સર્વદેવાત્મક, સર્વત્ર વ્યાપક મૂલતત્વના રૂપમાં વર્ણન.

सर्वदेवात्मकं शान्तं तत्वमेकरसायनम् ।
अथवा बहुनोक्तेन कोडर्थ एवं विचिन्त्यताम् ॥ ११॥
त्रिलोक्यामपि यत्किंचित् तदादाय समन्ततः ।
तिष्ठन्तं प्रणवं ध्यायन् ब्रह्मभूयाय कल्पते ॥ १२॥

- સમસ્ત દેવતાઓ જેના અંશ છે એવા સદા એક સ્વરૂપમાં રહેનારા (અથવા અદ્વિતીય રસાયનરૂપ), શાંત તત્વ ઓંકાર જ છે. અથવા અધિક કહેવાથી શું લાભ છે, એ સમજવું જોઈએ કે ત્રણે લોકમાં જે કંઈ વિદ્યમાન છે, તે સર્વને પોતાનામાં લઈને સ્થિત છે, તે ઓંકારનું ધ્યાન કરતો રહી મનુષ્ય બ્રહ્મભાવને પ્રાપ્ત કરી શકે છે.

જૈનધર્મનું એવું મંતવ્ય છે કે આ વિશ્વ અનાદિ છે. જૈન ધર્મ પણ અનાદિ છે. અને સતત સ્મરણ કરવા યોગ્ય પંચ પરમેષ્ઠી પણ અનાદિ છે. આ પંચ પરમેષ્ઠિના પ્રથમ અક્ષરોનું સંયોજન થવાથી ઓં એવો એકાક્ષરી મંત્ર નિર્માણ થયેલો છે. એટલે તે પંચપરમેષ્ઠી જેટલો જ પવિત્ર છે તે અંગે નીચે મુજબની

ગાથા જૈન શાસ્ત્રોમાં પ્રસિદ્ધ છે.

अरिहंता असरीरा, आयरिय उवज्झाय मुणिणो ।
पंचकखर निष्कम्भो, ॐकारो पंच परमिट्ठ ॥ ॥

- ૐકાર પંચ પરમેષ્ઠી સ્વરૂપ છે. કારણ કે તે અરિહંત અશરીર (સિદ્ધો) આચાર્ય, ઉપાધ્યાય અને મુનિ (સાધુ) એ પંચ પરમેષ્ઠીના પ્રથમ અક્ષરોથી નિષ્પક્ષ થયેલો છે.

મંત્રવિશારદ શ્રીસિંહતિલકસૂરિએ તેમની સુપ્રસિદ્ધ કૃતિ શ્રી મંત્રરાજ - રહસ્યમાં કહ્યું છે કે -

अर्हंददेहाचार्योपाध्यायमुनीन्द पूर्व वर्णोत्यः ।
प्रणव सर्वत्रादौज्ञेयः परमेष्ठि-संस्मृत्यै ॥ ३१४॥

- અર્હત અદેહ (અશરીર-સિદ્ધ), આચાર્ય, ઉપાધ્યાય અને મુનીન્દ્રના પૂર્વ વર્ણોથી બનેલો પ્રણવ અર્થાત્ ૐકાર પરમેષ્ઠીના સ્મરણાર્થે સર્વત્ર આદિમાં ભણવો.

જૈન ધર્મના મંત્રગ્રંથોમાં કહ્યું છે કે - સ્તુતિ, મંત્ર, વિદ્યા આદિનો પાઠ કરતાં પહેલાં ૐકારનો ઉચ્ચાર કરવો જોઈએ. તે અંગે શ્રી મેરુ તુંગસૂરિ વિરચિત સૂરિમુખ્ય કલ્પમાં નીચેના શબ્દો જોવામાં આવે છે.

सर्वत्र स्तुत्यादौ प्रणवः स्वपरेषु शान्तितुष्टिकृते ।

- સર્વત્ર સ્તુતિ આદિમાં સ્વ પરના કલ્યાણ નિમિત્તે થતાં શાંતિકર્મ અને તુષ્ટિકર્મમાં પ્રણવને પ્રયોજવામાં આવે છે.

બીજા સૂરિમંત્રમાં પણ આ વસ્તુનો ખાસ નિર્દેશ આ રીતે પ્રાપ્ત થાય છે -

एवं ज्ञात्वा सर्वस्तुतिपद प्रारम्भे विद्याविभागप्रारम्भे ओमिति सर्वलोकस्यात्मनश्च शान्ति-पुष्टि-ऋद्धि-वृद्धि-स्फूर्ति-शिवायोच्चारणीयः ।

- એમ જાણીને સર્વસ્તુતિ પદના પ્રારંભમાં તથા વિદ્યા વિભાગના પ્રારંભમાં સર્વલોકની તથા પોતાની શાંતિ, પુષ્ટિ, ઋદ્ધિ, વૃદ્ધિ, સ્ફૂર્તિ (મંત્ર દ્વારા પ્રાપ્ત થતી એક વિશિષ્ટ શક્તિ) અને કલ્યાણ માટે ૐકારનો ઉચ્ચાર કરવો.

જૈન ધર્મમાં ઓંકારનું ચિંતન કરવાનો અર્થાત્ ધ્યાન કરવાનો ઉપદેશ પણ અપાયેલ છે તે અંગે શ્રીમદ્ હેમચંદ્રાચાર્યએ યોગ શાસ્ત્રના આઠમા પ્રકાશમાં જણાવ્યું છે કે -

तथा हृत्यमध्यस्थं शब्दब्रह्मैक कारणम् ।
स्वरव्यञ्जनसंवीतं वाचकं परमेष्ठिनः ॥
मूर्द्ध संस्थित शीतांशुं कलामृतरसप्लुतम् ।
कुभ्भकेन महामंत्रं प्रणवं परिचिन्तयेत् ॥

- તથા હૃદયકમળમાં રહેલા સમગ્ર શબ્દ બ્રહ્મની ઉત્પત્તિનું એક કારણ સ્વર તથા વ્યંજનસહિત પંચ પરમેષ્ઠિ પદવાચક તથા મસ્તકમાં રહેલી ચંદ્રકળામાંથી અમૃતના રસે કરી ભીંજાતા મહામંત્ર પ્રણવને કુંભક કરીને અર્થાત્ શ્વાસોચ્છ્વાસ રોગીને ચિંતવવો.

શ્રી સમંત ભદ્રાચાર્ય ઓંકાર સ્તોત્રમાં જણાવે છે કે -

ब्रह्मा विषणुः शिवोदेवो गणेशो वासवस्तथा ।
सूर्य चन्द्रस्तवमेवातः ओंकाराय नमो नमः ॥
न जपो न तपो दानं न व्रतं संयमो न च ।
सर्वेषां मूल मूल हेतुस्त्वं ओंकारय नमो नमः ॥

- હે ઓંકાર ! તું જ બ્રહ્મા છે, તું જ વિષ્ણુ છે, તું જ શિવ છે. તું જ દેવ છે. તું જ ગણેશ છે, તું જ ઈન્દ્ર છે, તું જ સૂર્ય છે. તું જ ચંદ્ર છે. એવા તને મારા પુનઃ પુનઃ નમસ્કાર હો.

- સર્વ સિદ્ધિઓનું મૂળ જપ નથી, તપ નથી, દાન નથી, વ્રત નથી, સંયમ નથી, પણ હે ઓંકાર ! તું જ છે. એવા મારા તને પુનઃ પુનઃ નમસ્કાર હો.

ઉપર કથિત ઓંકાર વર્ણનનું માહાત્મ્ય :

एतदोंकारमाहात्म्यं प्रातः प्रातः पठन्नरः ।
सावधानेन मनसा शान्त एकान्तसंस्थितः ॥१३॥
गुरुपनिदिष्टमार्गेण प्रव्रजन् ब्राह्मणोऽध्वनि ।
प्रणवस्य अपनार्थभावनेन च नित्यशः ॥१४॥

उत्तरोत्तरमुत्कृष्टं स्थानं प्राप्य परं पदम् ।
अक्षय्यमृतं दिव्यं लब्ध्वा तिष्ठत्य नामयम् ॥१५॥

ઉપર્યુક્ત ૐકાર-માહાત્મ્યનું એકાન્તમાં બેસીને પ્રતિદિન પ્રાતઃકાળે, શાંત ચિત્તે અને સાવધાનતાપૂર્વક જે મનુષ્ય પાઠ કરે છે, તે ગુરુ દ્વારા નિર્દિષ્ટ માર્ગથી બ્રહ્મ પ્રાપ્તિની તરફ પ્રસ્થાન કરે છે. નિત્ય અર્થાનુસંધાન પૂર્વક ૐકારના જપથી ક્રમશઃ આધ્યાત્મિક ઉન્નતિ કરતો રહી, અંતમાં તે નિશ્ચયપૂર્વક અક્ષય, અમૃત, અનામય (સર્વપીડાઓથી રહિત), આનંદમય પરબ્રહ્મપદને પ્રાપ્ત કરી લે છે.

स एव सरलो मार्गः सर्वकण्टकवर्जितः ।
अत एव सदा सद्भि सम्प्रदायैः ल्रसमर्हितः ॥१६॥

- ૐકાર ઉપાસનાનો ઉપર નિર્દિષ્ટ માર્ગ સીધો સાદો છે. એ માર્ગમાં કોઈ પ્રકારના કાંટાઓ, યા વિઘ્ન - બાધાઓ યા જટિલતાનો ડર નથી, એટલા માટે સમસ્ત સત્-સંપ્રદાયો આ માર્ગનો આદર કરે છે.

વધુ કહેવાની આવશ્યકતા નથી કે વૈદિક માર્ગની માફક જૈન, બૌદ્ધ આદિ સંપ્રદાયો તથા અન્ય ધર્મી ઓ પણ ૐકાર માહાત્મ્યને માને છે. ઈતિ શુભમ્.

✧✧✧

3

વેદોમાં ૐકાર

વેદ આપણા પ્રાચીનતમ્ ધર્મગ્રંથો છે. એવું ભારતીય વિદ્વાનો તેમજ વિદેશી ઈતિહાસકારોનું મંતવ્ય છે. વળી કેટલાક વિદ્વાનો તો કહે છે કે ધરતી પરનો સૌથી પ્રાચીનગ્રંથ ઋગ્વેદ છે. વેદો સદા અપૌરુષેય છે. વેદોમાં ઘણી જગ્યાએ ૐકાર સાધનાના પ્રેરણાસ્ત્રોત ઉપલબ્ધ થાય છે.



❖ ઋગ્વેદમાં ૐકાર ❖

ઋગ્વેદમાં પણ ૐકારનો મહિમા વર્ણવતા મધુછન્દા ઋષિ કહે છે -

ओमागश्चर्षणी वृतो विश्वे देवा स आगत ।
दाश्वांक्षो दाशुर्षः सुतम् । (ऋ. १। ३। ७)

- મહર્ષિ પરમેષ્ઠી પ્રજાપતિ, દેવલ અને વામદેવ યજ્ઞની નિર્વિઘ્ન સમાપ્તિની પ્રાર્થના કરતાં ૐકાર રૂપ પરમેશ્વરને પોતાના હૃદયમાં પ્રતિષ્ઠિત કરે છે.

❖ યજુર્વેદમાં ૐકાર ❖

मनोजूतिर्जुषतामाज्यस्य बृहस्पतिर्यज्ञमिमं तन्नोत्विरष्टंयय
समिम दधातु । विश्वे देवास इह मादयन्ताम् (ॐ) ओऊम प्रतिष्ठ ॥
(यजुर्वेद अध्याय २।१३)

- 'યજ્ઞમાં આહુત કરેલું આ આજ્ય (ઘૃત) સમષ્ટિરૂપ પ્રભુની સેવા કરે,

બૃહસ્પતિ યજ્ઞનો વિસ્તાર કરે. તેઓ આ યજ્ઞને નિર્વિઘ્ન પૂર્ણ કરે, આને નિરૂપદ્રવ બનાવે, સર્વદેવતાઓ અમારા આ યજ્ઞથી તૃપ્તિ લાભ કરે, વિશ્વદેવ (વિશ્વના મનિષીગણ, વિદ્વાન લોક) આ યજ્ઞથી આનંદ પ્રાપ્ત કરે અને અમે યાજ્ઞિકો દ્વારા પ્રાર્થિત ૐ રૂપ પરબ્રહ્મ અમારા હૃદયોમાં પ્રતિષ્ઠા પામો.'

યજુર્વેદના ચાળીસ અધ્યાયનો પંદરમો મંત્ર સંયમ સાધના અને આત્મ નિરીક્ષણપૂર્વક ૐકાર ઉપાસના કરવા ઉપર ભાર મૂકે છે-

ॐ क्रतोस्मरे किळ्वे स्मर कृतँ स्मर ।

આ વેદના સત્તરમાં મંત્રમાં દર્શાવ્યું છે કે ૐ જ બ્રહ્મ છે, તે આકાશની માફક સમાનપણે સર્વત્ર વ્યાપી રહેલ છે.

અધ્યાયના અંતિમ મંત્રમાં - **'ॐ खम् ब्रह्म ।'** જ બ્રહ્મ ત્રણ શબ્દોમાં બતાવવામાં આવ્યું છે કે ઈશ્વરનું નામ ૐ છે જે આકાશ જેવો સર્વવ્યાપક અને સૌથી મોટો છે.

❖ અથર્વવેદમાં ૐકાર ❖

"उद्गीथ उपाश्रयः" (अथर्ववेद) १५। ३। ६)

- 'ૐકાર' મોટો સહાયક છે, સહારો છે.

'પ્રશ્નોપનિષદ્'માં શિબિ-પુત્ર સત્યકામ મહર્ષિ પિપ્પલાદને પ્રશ્ન કરે છે-

'હે ભગવાન ! ૐકારનું મૃત્યુ પર્યંત ધ્યાન કરનારો ક્યા લોકને પ્રાપ્ત કરી લે છે ?'

મહર્ષિ ઉત્તર આપતાં કહે છે કે - હે સત્યકામ! ૐકાર જ પરબ્રહ્મ છે, ૐકાર જ અપરબ્રહ્મ છે, જે એવું જાણે છે, તે સાધક બ્રહ્મલોકને પ્રાપ્ત કરે છે. જો એક માત્રાવાળા ૐકારનું ધ્યાન કરે તો શીઘ્ર જ પૃથ્વી પર પ્રકટ થાય છે. તેને ઋગ્વેદ ઋચાઓ મનુષ્ય દેહની પ્રાપ્તિ કરાવે છે. ત્યારે તે બ્રહ્મચર્યયુક્ત શ્રદ્ધા સંપન્ન મહિમાવંત થાય છે. જો બે માત્રાવાળા ૐકારનું ધ્યાન કરે તો ચંદ્રલોકની પ્રાપ્તિ થાય છે. તેને યજુર્વેદના મંત્ર ત્યાં લઈ જાય છે. ગતિ કરાવે છે. ત્યાં સુખ ભોગવીને તે પુનઃ મનુષ્યલોકમાં પાછો આવે

છે. ત્રણ માત્રાવાળા ઓંકારનું નિરંતર ધ્યાન કરનારા તેજોમય સૂર્યલોકની પ્રાપ્તિ કરે છે. જેમ સાપ કાંચળીથી મુક્ત થાય છે તેમ તે પાપોથી મુક્ત થઈ સામવેદ દ્વારા બ્રહ્મલોકને પ્રાપ્ત કરે છે તથા પરમાત્માનો સાક્ષાત્કાર કરે છે. એનું પ્રતિપાદન નીચે દર્શાવેલ શ્લોક દ્વારા થાય છે. -

ॐ तिस्त्रोमात्राः मृत्युमर्त्यः प्रयुक्ता
अन्योन्यसक्ता अनविप्रयुक्ताः ।
क्रिवायु बाह्याभ्यन्तर मध्यमासु
सम्यक् प्रयुक्तासु न कम्पते ज्ञः ॥
ऋग्भिरेतं यजुर्भिरन्तरिक्षं
मामभिर्यते तत्कवयो वेदयन्ते ।
तमोङ्कारेणैवायतनेनान्वेति विद्वान्
यतच्छान्तमजरममृतभयं परं च ॥

- ઓંકારની ત્રણમાત્રાઓ પરસ્પર સંબંધ રાખે તો સાધક દૃઢ સંકલ્પવાળો બની પરમાત્માને જાણવાવાળો થાય છે. એક માત્રાવાળા ઓંકારની સાધના ઋચાઓ દ્વારા મૃત્યુલોક પ્રાપ્ત કરાવે છે. બે માત્રાઓવાળા ઓંકારની સાધના યજુર્મંત્રો દ્વારા ચંદ્રલોકમાં પહોંચાડે છે, પરંતુ સંપૂર્ણ માત્રાઓવાળા ઓંકારનો ઉપાસક સામ-શ્રુતિઓ દ્વારા બ્રહ્મલોકને પ્રાપ્ત થાય છે. તે બ્રહ્મલોકને માત્ર જ્ઞાની પુરુષો જ જાણે છે. બુદ્ધિમાન સાધક ઓંકારના ધ્યાન દ્વારા જ પરમાત્માને પ્રાપ્ત કરી લે છે. તે પરમેશ્વર અજર, અમર, શાંત, નિર્ભિક અને સર્વશ્રેષ્ઠ છે.

. શુક્લ યજુર્વેદના પ્રતિશાખ્ય મંત્રવિભાગમાં પણ ઓંકારનું મહિમાગાન આ પ્રમાણે જોવા મળે છે -

'ओङ्कारः स्वाध्याया दौ ॥८॥'

પરમ માંગલિક હોવાને કારણે સ્વાધ્યાયના પ્રારંભમાં ઓંકારનું ઉચ્ચારણ કરવું.

ओंकारः वेदेषु ॥९॥

સર્વ વેદોમાં ઓંકાર શ્રેષ્ઠ છે.

ओंइति नामनिर्देशो ब्रह्मणः ॥११॥

ઓંકાર એ પરબ્રહ્મનો નામનિર્દેશ છે.

શુક્લ યજુર્વેદ - કલ્પસૂત્રમાં કહ્યું છે કે -

ओंकारश्चाथ शब्दश्च द्वावितौ ब्रह्मणः पुरा ।
कण्ठंभित्वा विनिर्यातो तस्मान्माङ्गलिकावुभौ ॥

- ઓંકાર તથા અથ આ બંને શબ્દ સૌ પ્રથમ બ્રહ્માના કંઠનું ભેદન કરીને નીકળેલા છે. તેથી બંને માંગલ્યસૂચક છે.

શુક્લ યજુર્વેદના 'તારસારોપનિષદ'માં કથન છે કે -

ॐ इत्येतदक्षरं परंब्रह्म तदेवोपासितव्यम् ।

-ઓંકાર મંત્ર પરબ્રહ્મરૂપ છે. તેથી તેની જ ઉપાસના કરવી આવશ્યક છે. શુક્લ યજુર્વેદના 'શાય્યાયનીય ઉપનિષદ'માં વર્ણવ્યું છે -

ॐ इत्यात्मनिमव्यग्रा ब्रह्मण्यग्नौ जुहोति यत् ।
ज्ञानयज्ञः स विज्ञेयः सर्वयज्ञोत्तमोत्तमः ।

- 'સ્થિર મન વડે ઓંકારનો જપ કરતો જે યોગી પોતાના આત્માને બ્રહ્મરૂપ અગ્નિમાં હોમે છે. તે સર્વ યજ્ઞોમાં ઉત્તમોત્તમ જ્ઞાનયજ્ઞ છે એમ જાણવું.'

કૃષ્ણ યજુર્વેદના 'અક્ષિ - ઉપનિષદ'માં કથન છે કે -

'ओङ्कारः मात्रम्खिलम् ॥'

સંપૂર્ણ જગત ઓંકારમય જ છે.'

કૃષ્ણ યજુર્વેદના 'ગર્ભોપનિષદ'માં કહ્યું છે કે -

'गर्भे चेतसा ॐकार चिन्तयन्ति ॥'

મનુષ્ય જ્યારે માતાના ગર્ભમાં હોય છે, ત્યારે ચિતવૃત્તિ વડે ઓંકારનું ચિંતન કરે છે.

કૃષ્ણ યજુર્વેદના યોગ તત્વોપનિષદમાં કથન છે કે -

सर्वविघ्नहरो मन्त्रः प्रणव सर्वदोषहा ।
एवमभ्यासयोगेन सिद्धिरारम्भ सम्भवा ॥

- પ્રણવ ૐકાર એ સર્વ વિઘ્નોને હરનારો તથા સર્વ દોષોનો વિનાશ કરનારો મંત્ર છે. આ રીતે (મનમાં સ્થિર નિશ્ચય કરી) જપ કરવાથી મંત્રસિદ્ધિના આરંભની સંભાવના બને છે.

સામવેદના સંન્યાસોપનિષદ્ માં વર્ણાવ્યું છે કે -

माङ्गल्यं पावनं धर्म्यं सर्वकाम प्रसाधकम् ।
ॐकारं परमं ब्रह्म सर्वमंत्रेषु नायकम् ॥

ૐકાર મંત્ર મંગલમય છે. પવિત્ર છે. ધર્મરૂપ છે. સર્વકામનાઓનો સાધક છે તથા પરબ્રહ્મનું પ્રતીક છે અને આ જ કારણે તે સર્વમંત્રોનું નેતૃત્વ કરનાર નાયક-નેતા સ્વરૂપ છે.

ઋગ્વેદમાં નીચે દર્શાવેલ મંત્ર ઉપલબ્ધ છે તે પણ જાણવા જેવો છે -

ऋचो अक्षरे परमे व्योमत् यस्मिन् देवा अधि विश्वे निषेदु ।
तस्तन्न वेदं किमृचा करिष्यति य इतिद्विदुस्तं इमे समासते ॥

અન્વયાર્થ - **परमे** = મહાન, **वि** = વિશેષ, સર્વથી અલૌલિક, ૐ રૂપ અવિનાશી બ્રહ્મમાં, એવી પદયોજના કરીને તત્ત્વદૃષ્ટા ઋષિએ ૐની ભગવતાનું પ્રતિપાદન કર્યું છે. અર્થાત્ ઋચાના વેદમંત્ર અનુસાર મહાન, સર્વવિશેષ ૐ રૂપ અક્ષર (અવિનાશી) બ્રહ્મમાં, એવી પદ યોજના કરીને તત્વદૃષ્ટા ઋષિએ ૐની ભગવતાનું પ્રતિપાદન કર્યું છે. અર્થાત્ ઋચાના વેદમંત્ર અનુસાર મહાન, સર્વ વિશેષ ૐ રૂપ અક્ષર (અવિનાશી) બ્રહ્મમાં સમસ્ત લોક અને તમામ દેવતા નિવાસ કરે છે. જે આ રહસ્યને સમજતો નથી, તેના માટે વેદ મંત્રો કેવી રીતે લાભપ્રદ થવાના ? જે અક્ષર બ્રહ્મના આ સ્વરૂપને ઓળખે છે, તે તેમાં લીન (સમાહિત) થઈ જાય છે. તેમાં સર્વતોભાવથી સમાઇ જાય છે, બ્રહ્મમય થઈ જાય છે. તેની આત્મસ્થિતિના વિષયમાં પણ કંઈ કહી શકાતું નથી.

અથર્વવેદમાં પણ કેટલાંક સ્થાનો ૫૨ (જેમ કે ૫/૧૭/૬, ૬/૨૩/૧ અને ૭/૫/૧૨) **'परमे व्योमन्'** નો પ્રયોગ થયેલો છે. જે ૐની મહાનતા અને સર્વવિશિષ્ટતા પ્રકટ કરે છે. **'व्योमन्'**નો અર્થ વ્યોમ-આકાશ સમાન સર્વવ્યાપક બ્રહ્મ પણ કરવામાં આવ્યો છે. આ અર્થમાં પરમાત્માની સૂક્ષ્મતા

અને વિશાળતા, અણુમયતા અને અતિશયતા (સર્વવ્યાપીપણા) નો બોધ થાય છે. જે ૐકારનું અનોખું રૂપ છે. વૈદિક સાહિત્યમાં તપઃપૂત વિદ્વાનોનું કહેવું છે કે - ૐ બ્રહ્મનો ચિન્મય વિગ્રહ છે. એ એકમાત્ર શબ્દ યા ધ્વનિ જ નથી. એની શક્તિ અપરંપાર છે.

અથર્વવેદના પાશુપાત બ્રહ્મોપનિષદ્‌માં જણાવ્યું છે કે -

तत्प्रणवहंससूत्रेत्रैव ध्यानमाचरन्ति् ।

તેથી તેઓ પ્રણવનું હંસસૂત્રની માફક એટલે કે હંસ સોઽહમ્ એ અજપાજપના સૂત્રની માફક ધ્યાન કરે છે.

अधोमुखं हृदिपद्म मुर्ध्दधन्तु प्रणवेन च ।
मत्वातु पद्मकोशाणं विकर व्याधिनाशनम् ॥
(श्रुति)

'હૃદયપદ્મ એ અધોમુખ છે, પણ તેની જ ગતિથી અને પ્રણવના ધ્યાનથી એ પદ્મ ઉર્ધ્વ મુખ થઈ જાય છે. તેમ થવાથી સાધકના સર્વ વ્યાધિ અને વિકાર નાશ પામે છે.'

ઋગ્વેદમાં પ્રકૃતિથી પર આ પરબ્રહ્મને સમજાવવાનો પ્રયત્ન નીચેના મંત્રમાં કરવામાં આવ્યો છે -

एतादानस्य महिमाऽतो ज्यायांश्च पुरुषः ।
पादोऽस्य विश्वाभूतानि त्रिपदस्यामृतं दि वि ॥
(ऋक् १।९०।३)

- બ્રહ્મનો ચતુર્થપાદ નિરવધિ છે. સોમાતીત છે. કલ્પનાતીત છે. આમ છતાં પણ તેને કંઈક આ રીતે અનુમાનિત કરી શકાય છે. કે ત્રિપાદવાળા સ્થૂળ , સૂક્ષ્મ અને કારણરૂપ સમસ્ત વ્યષ્ટિ-સમષ્ટિ બ્રહ્માંડ તેના એક અંશ(પાદ) માત્ર છે. તેનાથી પર ઉત્તરોત્તર વિસ્તૃત ત્રણ પાદ બીજા પણ છે. આ ત્રણપાદ અમૃતમય પ્રકાશરૂપ છે, જે સર્વથા અગમ્ય છે.

❖❖❖

૪

બ્રાહ્મણ ગ્રંથમાં ૐકાર

સર્વ વેદોનો સાર ૐકાર છે. વેદ ચાર છેઃ ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ. એના ચાર જ બ્રાહ્મણગ્રંથ છે. ઋગ્વેદનો ઐતરેય બ્રાહ્મણ, યજુર્વેદનો શતપથ બ્રાહ્મણ, સામવેદનો તાણ્ડ્ય મહા બ્રાહ્મણ અને અથર્વવેદનો ગોપથ બ્રાહ્મણ. આ બ્રાહ્મણગ્રંથોમાં પણ ૐનો મહિમા ખૂબ સારી રીતે વર્ણવેલ છે. બ્રાહ્મણ ગ્રંથોમાં ૐકારની અસાધારણ મહત્તા છે.



સર્વપ્રથમ અગ્નિ નામક એક મહર્ષિ ઋગ્વેદના દૃષ્ટા બન્યા અને તેમણે આ વેદને પ્રકાશિત કીધો. ઐતરેય બ્રાહ્મણનું કથન છે કે ત્રણવેદ (ત્રયીવિદ્યા) ઓંકાર બ્રહ્મથી પ્રકાશમાં આવેલ. આ પ્રમાણે -

तानि शुक्राण्यभ्यतपत् । तेभ्योऽभितप्तेभ्यस्त्रयो वर्णा अजायन्त ।
अकार : उकार मकार इति तानेकधा समभरत् । तदेतद् ॐ इति ॥
(एतरेय ब्राह्मण - ५ / ३५)

"આ ત્રણલોક (ભૂ, અંતરિક્ષ અને સ્વર્ગ) ને એક માત્ર બ્રહ્મએ જ પ્રકાશિત કર્યું છે. તે સ્વયં પણ (અનાહતનાદ અને તેના કંપનોના રૂપમાં સ્ફુરિત થઈ રહ્યું છે. તે ત્રણપદ **અકાર, ઉકાર, મકાર** જ છે, આ ત્રણ મૂળ પ્રકૃર્ષ (ચુંબક જેવા) એ ત્રણેયથી યુક્ત ઓં છે, એ જ **'તત્'** બ્રહ્મ છે."

❖ ઐતરેય બ્રાહ્મણમાં ઓંકાર ❖

આગળ કહેવામાં આવ્યું છે કે -

तस्मादोमिति प्रणौति । ओमिति वै स्वर्गो लोकः ।
ओमित्यसौ योऽसौ तपति ॥
(एतरेय ब्राह्मण - ५ / ३२)

– "ઓં ના દ્વારા બ્રહ્મની સ્તુતિ કરવામાં આવે છે. ઓં જ સ્વર્ગલોકની પ્રાપ્તિ કરાવનારો છે. ઓં જ સમસ્ત સંસારને (સૂર્યરૂપમાં) તપાવી રહ્યો છે."

પ્રથમ વાયુ નામક ઋષિએ યજુર્વેદ પ્રકાશિત કર્યો જે તેના દૃષ્ટા હતા. ઋગ્વેદથી ભૂલોક આલોકિત થયો, પાર્થિવ પદાર્થોનું જ્ઞાન વધ્યું. યજુર્વેદથી અંતરિક્ષ પ્રકાશમાં આવ્યું. અંતરિક્ષ અને તે સંબંધિત તત્ત્વોની જાણકારી મનુષ્ય માત્રને યજુર્વેદના પઠન પાઠનથી પ્રાપ્ત થઈ. યજુર્વેદના શતપથ બ્રાહ્મણગ્રંથમાં ઓંકારનું મહિમાગાન આ પ્રમાણે છે –

❖ શતપથ બ્રાહ્મણમાં ઓંકાર ❖

ઓં રવં બ્રહ્મ રવં પુરાણં વાયુરં રવમિતિ દસ્યાહ કૌરવ્યાણિ પુત્રો વેદોઽયં બ્રાહ્મણ વિદુર્વેદૈનેન યદ્વીદિતત્યન્ ॥

(શત૰ બ્રા. ૧૪/૮/૧/૧)

–ઓં સર્વવ્યાપક બ્રહ્મ આકાશરૂપ છે. તે આકાશસમાન અરૂપ, અદૃશ્ય અને સર્વસમાવિષ્ટ છે. સર્વત્ર છવાયેલું છે. સર્વમાં સમાયેલું છે. તે પુરાણ પુરુષ છે. સર્વ પ્રાચીન છે. તે આકાશરૂપ બ્રહ્મ વાયુની માફક સર્વગત છે, નિત્ય સ્પંદનવાળું છે. વાયુની માફક સર્વનનું પ્રાણદાતા છે. કૌરવ્યાણીના પુત્ર એ તે ઓંને એવી જ રીતે બતાવ્યો છે. નિશ્ચય જ વેદસ્વરૂપ ઓં છે. તે સર્વજ્ઞાનમય છે. જે વ્યક્તિ ઓંના આ તત્ત્વને સમજે છે, તે યથાર્થ વેદનો જ્ઞાતા છે. ઓંકારની ઉપાસનાથી જ જાણવા યોગ્ય રહસ્યોને, ગુહ્યતમ વિજ્ઞાનને જ્ઞાનીજન જાણી લે છે. એક ઓંકારના જ્ઞાનથી સર્વનું જ્ઞાન થઈ જાય છે. ઓંથી અતિરિક્ત જાણવા જેવું આ પૃથ્વી ઉપર કશું જ નથી.

સામવેદથી દ્યુલોક પ્રકાશિત થયું. સામવેદના પઠન-પાઠન અને ઉપાસનાથી અંતરિક્ષથી ઉપર જે સૂક્ષ્મ જ્યોર્તિમય જગત છે, તેની ગતિવિધિઓનું જ્ઞાન જનસમુદાયને પ્રાપ્ત થયું છે. સામવેદના તાણ્ડ્ય મહાબ્રાહ્મણનો મત છે કે સમસ્ત સ્થાવર જંગમ પ્રાણીઓ અને પદાર્થોનો સપ્ત પૃથ્વી છે. પૃથ્વીનો રસ જળ અને જળનો રસ ઔષધિઓ છે. ઔષધિઓ અને અન્નનો રસ આ શરીર છે. તથા મનુષ્ય શરીરનો રસ વાણી છે. વાણીનો રસ

ઋચાઓ અને ઋચાઓનો રસ સામ છે અને સામનો રસ ઉદ્‌ગીથ છે. ઉદ્‌ગીથ છે તે જ ૐ છે. અને ૐને ઉદ્‌ગીથ એટલા માટે કહેવામાં આવે છે કે એ ઉચ્ચ સ્વરથી ગાવાને યોગ્ય છે, એટલા માટે -

ओमिति हि उदक्षरमुद्‌गीथमुपासीत ।
ओमित्युद्‌गायति तस्योपाख्यानम् ॥

- "સર્વને ગાવાયોગ્ય આ અવિનાશી અક્ષરરૂપી બ્રહ્મની સર્વ ઉપાસના કરો. ૐ જ પરમાત્માનું નામ અને પ્રતીક છે. આ પરમાત્માનાં નામને પ્રાચીન ઋષિઓએ ગાયું છે. અત્યારે પણ તે ૐ નામથી ગાવામાં આવે છે અને આગળ પણ ગાવામાં આવશે. આ 'તાણ્ડય મહાબ્રાહ્મણ'માં તેનું ઉપાખ્યાન કરવામાં આવ્યું છે. આગળ કહેવામાં આવ્યું છે કે -

'ॐ ॐ ॐ पिबाम ।'

- 'અમે સર્વ ૐ ૐ બસ ૐનું જ સુધામૃતપાન કરીએ છીએ.'

'ॐकार एवेदं सर्वाम् ।'

'- આ સર્વ કંઈ ૐ કાર જ છે. એ અગ્નિ છે, એ વરુણ છે એ જ પ્રજાપતિ છે, સૂર્ય છે, વાયુ છે અને પ્રાણ છે. ૐ થી અતિરિક્ત કયાંય પણ કંઈ જ નથી.'

'તાણ્ડ્ય મહાબ્રાહ્મણ'નું બ્રાહ્મણ ગ્રંથોમાં ઘણું માન છે. એ સામ બ્રાહ્મણ પણ કહેવાય છે. કારણ કે તે સામવેદથી સંબંધિત છે. એમાં ૐકાર શબ્દની વ્યાખ્યા સાથે તેની ચમત્કારી શક્તિઓનું વર્ણન અને ૐકાર ઉપાસનાનું વિશદ નિરૂપણ પણ વિવિધ વિધાન સાથે ઉપલબ્ધ છે. એમાં ૐકારના સાકાર નિરાકાર બંને રૂપોનો ઉપદેશ પણ છે.

❖ ગોપથ બ્રાહ્મણનો અથર્વવેદ સાથે સંબંધ ❖

ગોપથ બ્રાહ્મણનો સંબંધ અથર્વવેદ સાથે છે. એમાં એક પ્રાચીન કથા ઉપલબ્ધ થાય છે. -

પ્રાચીનકાળની વાત છે. દિન-પ્રતિદિન અસુરોની શક્તિ વધી રહી હતી.

દેવતાઓ ખૂબ ચિંતાતુર બન્યા. સદાચારની પ્રતિષ્ઠા માટે જે ઉપાયો કરવામાં આવતા તે અસુરો પૂર્ણ થવા દેતા નહીં. અને જો કદાચ તે ઉપાયો પૂર્ણ પણ થતાં તો પોતાનો આતંકવાદી પંજો તેનો જનમાનસ પર થનારા શુભ પ્રભાવને નિર્મૂળ કરી દેતા હતા. શોષણ, ભય, આતંક, ઉત્પીડન અને સંત્રસ્તતાથી ચારે બાજુ બોલબોલા હતી. પુણ્ય પ્રયત્નોની નિષ્ફળતાથી દેવતાઓ કિંકર્તવ્યવિમૂઢ બન્યા હતાં. તેઓને સમજાતું ન હતું કે જન સમુદાયને અસુરોના અત્યાચારથી કેવી રીતે રક્ષણ આપી શકાય. દેવતા વિચારતા હતા કે પ્રાણ અને પ્રતિષ્ઠા કેવી રીતે બચાવી શકાય ? ઘણા વિચાર પછી કે પરબ્રહ્મ પરમાત્મા જ આ સંકટથી રક્ષણ કરી શકે છે, દેવતાઓએ ઉપાસનાનો માર્ગ ગ્રહણ કરી પરમાત્માનું શરણ સ્વીકાર્યું, ત્રાહિ - ત્રાહિનો પોકાર સાંભળતાં પરમાત્માએ પૂછ્યું - શું વાત છે ? કયા સંકટમાં ફસાયા છો ? દેવતાઓએ અસુરોની જીત અને તેઓના થતાં અત્યાચારનું વૃતાંત સંભળાવ્યું અને પ્રાર્થના કરી કે અમને આ વિપત્તિમાંથી બચાવો.

પરમાત્માએ કહ્યું : આ વિપત્તિનું કારણ તમે જ છો. તમે જયારે જીતો છો, ત્યારે પ્રમાદથી ઘેરાઈ જાવ છો, હું તમને વારંવાર સહાય કરું છું, પરંતુ તમે એટલા કૃતઘ્ન છો કે મને યાદ પણ કરતા નથી. આ જ કારણે તમારી હાર થાય છે. અસુરગણ તમારા છિદ્રો, તમારી નબળાઈ ઉપર સતત નજર રાખે છે. અનુકૂળ અવસર પ્રાપ્ત થતાં તેઓ અચૂક આક્રમણ કરી બેસે છે. જો તમને જીતાડવામાં આવે તો પણ તમે પ્રમાદવશ અવશ્ય થવાના જ છો.

દેવતાઓએ કહ્યું : "હવે પછી એ પ્રમાણે નહીં થાય, અમે સદા સાવધાની રાખીશું અને સદા આપનું સ્મરણ કરીશું, આ વખતે અમને જરૂર ફરીથી અવસર પ્રદાન કરો."

પરમાત્માએ કહ્યું : "ઠીક ત્યારે, જે મારું સર્વશ્રેષ્ઠ નામ "ૐકાર" છે, તેના ઉચ્ચારણપૂર્વક શત્રુસેનામાં આગળ વધતાં રહો તો નિશ્ચય વિજય તમારો હશે. પરંતુ આ સાથે તમારું એક કર્તવ્ય બની જાય છે કે - પ્રત્યેક મંત્રના આદિમાં ૐકાર લગાડી ઉપયોગ કરવો જેનાથી તમારું અને લોકોનું કલ્યાણ થતું રહેશે. જે યજ્ઞમાં, જે ઉપાસનામાં ૐકાર વગરના મંત્ર બોલાય તેનો સ્વીકાર કરવો

નહીં. આથી ૐકારનો માત્ર પ્રચાર જ નહીં, મંત્રની શક્તિ પણ વધશે; અને સફળતા હાથવગી થશે. ૐકારને ઉચ્ચારણમાં કોઈ ભય રહેશે નહીં.

દેવતાઓએ પરમાત્માની આજ્ઞા શિરોધાર્ય કરી અને ૐ ૐ ૐનું ઉચ્ચારણ કરતા રહી આગળ વધ્યાં. શત્રુગણ ચોંકી ગયા. સાવધાન થવા લાગ્યા. પરંતુ ૐકારના નાદને સાંભળતા સાંભળતાં સર્વ નિસ્તેજ થઈ ગયા. બળહીન થઈ ગયા. દેવતાઓ આગળ વધ્યાં. અસુરગણ હારવા લાગ્યા. દેવતાઓનો વિજયધ્વજ ફરક્યો. ગોપથ બ્રાહ્મણની આ આખ્યાયિકા એ જીવન્ત સત્ય પર પ્રકાશ નાંખે છે કે - દેવતાઓને પોતાની ભૂલ સમજણમાં આવી. તેઓ કર્મકાંડને જ સર્વ કંઈ સમજી બેઠા હતાં. તેઓ ભૂલી ગયા હતા. કે યજ્ઞાદિ કર્મકાંડ તો ધર્મ પ્રચારનું માધ્યમ માત્ર છે. તે સાધન છે સાધ્ય નથી. સાધ્ય તો એક માત્ર ૐકાર જ છે. જેથી તે દિવસથી તેમણે ૐ બ્રહ્મ દ્વારા નિર્દિષ્ટ ઉપાયનું અવલંબન કર્યું. ફળસ્વરૂપ તેમનામાં અદ્‌ભુત સામર્થ્ય જાગ્યું. લોકોમાં નવીન ચેતનાનો આવિષ્કાર થયો. સર્વએ એકત્રિત થઈ અસુર સમુદાયનો નાશ કરી, સામાજિક વ્યવસ્થાનું રક્ષણ કર્યું.

ગોપાથ બ્રાહ્મણનું સ્પષ્ટ મંતવ્ય પ્રાપ્ત થાય છે કે -

योहवा एतमोङ्कारं न वेदावशः स्यादिति ।
अथ य एवं ब्रह्मवर्सः स्यादिति ।
तस्मादोङ्कार ऋचि ऋग्भवति ।
यजुषि यजुः साम्नि साम ।
सूत्रे सूत्रम् । ब्राह्मणे ब्राह्मणम् ।
श्लोके श्लोकः प्रणवे प्रणवइति ब्राह्मणम् ।
(गो पथ ब्राह्मण - १/२३)

- જે વ્યક્તિ ૐકારને જાણતો નથી, તે પોતાને હીન, હીન નિર્બળ અને અવશ (કમજોર) સમજે છે. જે એને તત્ત્વથી જાણી લે છે, તે બ્રહ્મ, બળ, આત્મબળથી બળવાન થઈ જાય છે. વસ્તુતઃ ઋગ્વેદના અધ્યયન સમયે ૐકાર ઋણ સ્વરૂપ થઈ જાય છે, યજુર્વેદમાં યજુઃ સ્વરૂપ અને સામવેદમાં તે સામ સ્વરૂપ થાય છે. સૂત્ર ગ્રંથોમાં ૐ જ સૂત્ર રૂપ છે. પ્રત્યેક બ્રાહ્મણ ગ્રંથમાં

તે ગૂંથાયેલો છે. શ્લોકમાં સમાવિષ્ટ છે. પ્રત્યેક ગ્રંથમાં, છંદમાં, શબ્દમાં, રૂપમાં સર્વત્ર ૐ જ ૐ છે.

આ જ ગ્રંથમાં વધુ એક સ્થાન પર ૐકારની અસાધારણ મહત્તાનું પ્રતિપાદન કર્યું છે તે આ પ્રમાણે છે -

'आत्म - भैषज्यमात्मककैवल्यम् ॐकारः ।' (काण्डिका - ३०)

- ૐકાર આત્માની રામબાણ ઔષધિ છે તે કૈવલ્યરૂપ છે, મલ - વિશેષ અને આવરણનામથી પ્રથિત આંતરિક રોગોના નિર્મૂલન માટે ૐથી વધીને અન્ય કોઈ ભૈષજ્ય (ઔષધ) નથી. માનસિક વિકારોના ઉપશમન માટે ૐકારનું પથ્યપૂર્વક (સંયમ સાથે) સેવન કરવું જોઈએ. ૐના સેવનથી માત્ર મનઃક્ષોભ, મનોવ્યથા જ નષ્ટ થતી નથી, પરંતુ સાધકને બ્રહ્મપદ મોક્ષની પ્રાપ્તિ થાય છે, એ જ કંડિકાનું અર્થ ચિંતન છે.

આપણા સર્વના મનમાં દેવાસુર સંગ્રામ બરાબર ચાલતો જ રહે છે. કામ, ક્રોધ, લોભ, મોહ, મત્સર (ઈર્ષ્યા), મદ, દ્વેષ, ઘૃણા અને અહંકાર આ બધા અસુરો છે. તથા પ્રેમ, સદ્‌ભાવ, આત્મીયતા, ધૈર્ય, શ્રદ્ધા, શાન્તિ અને નમ્રતા આ દૈવી ગુણો સુર યા દેવગણ છે. જ્યારે આપણા મનમાં દુષ્ટ વૃત્તિઓનો વધારો અને ઉત્કૃષ્ટ વૃત્તિઓની ન્યૂનતા વર્તાય છે, ત્યારે દુષ્ટ સ્વભાવ રૂપ અસુરભાવ ઉત્તમ સ્વભાવના દૈવી ગુણોને દબાવી દે છે. આ જ અસુરોનો વિષય છે. નિમ્નગામી વૃત્તિઓ પ્રબળ થતાં ક્ષોભ વધે છે, કુંઠા અને કિંકર્તવ્ય-વિમૂઢતા પ્રવેશ કરે છે. જીવનમાં નિરાશા-આત્મગ્લાનિ અને તદ્‌જન્ય અકર્મણ્યતાથી વધીને વિનાશ કરી કોઈ તત્વ નથી. સદ્‌ભાવ અને સદાચારની વૃદ્ધિ માટે અને દુર્ભાવોના નાશ માટે ૐકારની ઉપાસના એક નિશ્ચિત સુખસાધ્ય અને સરલતમ ઉપાય છે.

❖ ૐકાર કેવી રીતે કરવાં ❖

આ જ બ્રાહ્મણ ગ્રંથના પૂર્વ ભાગના પ્રથમ અધ્યાયની ૧૨મી કંડિકામાં ૐકારની ઉપાસના તથા જપ અને કીર્તનનો મહિમા વર્ણવતા કહ્યું છે કે બ્રાહ્મણ (સાધક)ની જો કોઈ ઈચ્છા હોય તો તેણે ઉપવાસ કરીને ત્રણ રાત્રિમાં

ૐકારનાં એક હજાર વાર ધ્યાનપૂર્વક જપ કરવા જોઈએ. જપ પૂર્વની તરફ મુખ રાખીને કુશાસન (દર્ભના આસન) ઉપર બેસીને, મૌન રહીને કરવા જોઈએ. આ રીતે કરવાથી મનોરથોની સિદ્ધિ થાય છે. સમસ્યાનો ઉકેલ આવે છે અને શાંતિ મળે છે.

'ગોપથ બ્રાહ્મણ'માં એક સુંદર વૃત્તાન્ત જોવા મળે છે - બ્રહ્માજી ઉત્પન્ન થયા હતા અને સૃષ્ટિ રચનાનો વિચાર કરતા હતાં. તેઓની સમક્ષ પ્રશ્ન ઉપસ્થિત થયો કે સૃષ્ટિ રચવી કેવી રીતે ? તેનું સ્વરૂપ કેવું હોય ? ભાષા કેવી હોય ? ઈત્યાદિ વિચાર કરતાં કરતાં તેની સમજણમાં કંઈપણ આવ્યું નહી. ત્યારે તેમણે બ્રહ્મચર્યપાલનપૂર્વક તપ કર્યું ત્યારે તેમને અક્ષરમાત્રાનો સાક્ષાત્કાર થયો, જે સર્વવ્યાપીઅને ચતુર્માત્ર છે. આ સાક્ષાત્કાર થતાં સાથે જ તેઓને સમસ્યાનો ઉકેલ મળ્યો. ૐકારની કૃપાથી તેમને બોધ થયો કે આ પ્રમાણે સૃષ્ટિ રચનાનો ઉપક્રમ કરવો જોઈએ.

ત્યારે તેમણે ૐકારની પ્રથમ માત્રામાં ઋગ્વેદ અને પૃથ્વીલોક, બીજી માત્રામાં યજુર્વેદ અને અન્તરિક્ષ લોક, ત્રીજી માત્રામાં સામવેદ અને દ્યુલોક તથા ચોથી માત્રામાં અથર્વવેદ અને ઈતિહાસ-પુરાણનો અનુભવ કર્યો તથા તે અનુભવના આધાર પર તેમણે સૃષ્ટિની રચના કરી. આ રીતે સૌર મંડળ આકાશ, પૃથ્વી, નિહારિકાઓ ઈત્યાદિથી યુક્ત સમસ્ત દૃશ્ય-અદૃશ્ય જગત ૐકારથી જ નિર્માણ થયું છે.

❖❖❖

૫

તંત્રમાં ૐકાર

ભારતીય અધ્યાત્મ સાહિત્યમાં તંત્ર એક વિશિષ્ટ અને મહત્ત્વનું સ્થાન ધરાવે છે. કળિયુગમાં તો વૈદિક અને પૌરાણિક મંત્રો કીલિત છે. તે વિશેષ ફળદાયક થતા નથી. જ્યારે તાંત્રિક મંત્રો આશુફળદાયક (એટલે તરત ફળે એવા) છે. વળી તંત્રશાસ્ત્ર શિવના મુખમાં નીકળી શકિત (ઉમા)ના હૃદયમાં સ્થાન પામેલ છે અને ભગવાન વિષ્ણુએ તેને



અનુમોદન આપેલ છે. તંત્ર એ શિવના મુખમાંથી નિર્ગત થયેલ હોવાથી આપ્તવાક્ય સમાન પવિત્ર અને પ્રમાણિક માનવામાં આવેલ છે. તંત્ર, તન અને મન દ્વારા આત્માની પરમાત્મા સુધીની યાત્રાનું ક્રિયાત્મક વિધાન છે. તંત્રની ક્રિય શરીરથી જ શરૂઆત થાય છે. આ તંત્રનો મુખ્ય ઉદ્દેશ્ય એ રહ્યો છે કે મનુષ્ય ગૃહસ્થ રહીને સાંસારિક જીવન વ્યતીત કરતો રહીને પણ ન્યૂનાધિક પરિણામમાં આધ્યાત્મ તત્ત્વને ગ્રહણ કરીને આ માર્ગપર પ્રગતિ કરવા માટે સમર્થ બની જાય એટલા માટે તેમાં કાલ્પનિક અને જટિલતાપૂર્ણ કઠોર અથવા અસ્વાભાવિક વિધાનોનો ત્યાગ કરી એવી વિધિઓને પ્રચલિત કરવામાં આવી છે કે જે ગૃહસ્થ જીવનમાં અનુકૂળ હોય. જેના કારણે સાંસારિક કાર્યોમાં કોઈ પ્રકારની મુશ્કેલી પડે નહીં. તંત્રમાં પુરુષ શિવસ્વરૂપ અને સ્ત્રી શક્તિસ્વરૂપ છે. એ બંનેના પરસ્પર સહયોગથી ઉભયનું કલ્યાણ થાય છે. તંત્ર યર્થાથ રીતે વ્યાવહારિક જ્ઞાન અને અભ્યાસપૂર્ણ શાસ્ત્ર છે, જે પૂર્ણતા પ્રદાન કરે છે. તંત્રશાસ્ત્રનું મહત્તાપૂર્ણ અંગ ૐકાર છે.

॥ ગંધર્વ તંત્રમાં ૐકાર ॥

'ગંધર્વ તંત્ર'માં કહેવામાં આવ્યું છે કે -

वेद त्रयात् समुदृत्य प्रणवं निर्ममे पुरा ।

- વટવૃક્ષરૂપી ત્રણવેદોમાંથી વેદસાર રૂપ વેદબીજ પ્રણવ (ૐકાર) બન્યો છે. બીજ હોવાના કારણે એકાક્ષર પ્રણવમાં વેદત્રયી રૂપ મહાવૃક્ષના સર્વગુણ અને શક્તિ સૂક્ષ્મરૂપે રહેલાં છે.

❖ ફેત્કારી તંત્રમાં ૐકાર ❖

ફેત્કારી તંત્રમાં તારાકર્પૂરરાજ સ્તોત્રમાં વર્ણન છે કે -

श्रीकण्ठामृत केशवर्णघटितं चन्द्रार्ध बिंदुज्जलम्,
बीजं यत्परमं गुणात्रयमय कामप्रदं मुक्तिदम् ।
मातः शंकरवल्लभे प्रतिदिनं ध्यायन्ति ये सदा,
ते ते यान्ति चिदात्मकं हरिहर ब्रह्मादि साम्यं मुदा ॥

- હે શિવની પ્રિયતમા એવી માતા ! શ્રી કંઠ અ અને અમૃતકેશ ઉ આ બે વર્ણોથી બનેલા ચંદ્રાર્ધ બિંદુ વડે પ્રકાશમાન ભક્તિ તેમજ મુક્તિના આપનારા ત્રિગુણાત્મક પરમોત્કૃષ્ટ બીજ ૐકારનું જે સાધક ચિંતન કરે છે. તે ચૈતન્ય સ્વરૂપ હરિ, હર અને બ્રહ્માદિ દેવોના સમાન પદ અનાયાસે પ્રાપ્ત કરે છે.

'શ્રી શ્રીતન્ત્રાભિધાન'માં વર્ણન પ્રાપ્ત થાય છે કે -

ॐकारो वर्तुलस्तारो वामश्च हंसकारणम् ।
मन्त्राद्यः प्रणवः सत्यं बिंदुशक्तिस्त्रिवैतम् ॥
सर्वबीजोत्पादकश्च पञ्चदेवो ध्रुवस्त्रिकः ।
सावित्री त्रिशिखो ब्रह्म त्रिगुणो गुणजीवक : ॥
आदिबीजं वेदसारो वेदबीजगतः परम् ।
पञ्चाशिम त्रिकूटे च त्रिभवो भवनाशनः ॥
गायत्रीबीज-पञ्चाशौ मन्त्रविद्याप्रसूः प्रभुः ।
अक्षरं मातृकासूश्चानादिरद्वैत-मोक्षदौ ॥

– ॐकारનું સૂક્ષ્મ સ્વરૂપ બિંદુ જેનું છે તેનો આકાર વર્તુળ અર્થાત્ ગોળ હોવાથી તે વર્તુળ કહેવાય છે. અથવા ॐકારની આકૃતિ વર્તુળ વડે નિર્માણ થતી હોવાથી વર્તુળ કહેવાય છે.

વૈખરી સૃષ્ટિમાં ધ્વનિનું સત્ય સ્વરૂપ પ્રતિધ્વનિમાંથી નીકળે છે. ધ્વનિનો પ્રતિધ્વનિમાં મૂળ શબ્દ સમાયેલો છે અને તે મૂળ શબ્દ ॐકાર છે. કોઈપણ શબ્દના ઉચ્ચારણનો પ્રતિ ધ્વનિ ॐકાર હશે. ॐકારમાં સાત સ્વર સંગીતના પણ મળેલા છે. અ માં સા રે, ગ, ઉ માં મ,પ,ધ અને મ કારમાં ઉપરના છ-સ્વર (ષડ્જ) ની કાર (નિષાદ) માં લય થાય છે. વૈખરી સૃષ્ટિમાં ॐ બીજ સિવાય એવું કોઈ બીજ અથવા નામ નથી, જે આ ત્રણ ક્રિયાઓને બતાવતું હોય. કેવળ ॐ બીજમાં જ ત્રણે ક્રિયાઓ સંમિલિત છે. ॐ અઢી અક્ષરથી બને શું એક બીજ છે, એ અઢી અક્ષર અ કાર, ઉ કાર તથા મ કાર અર્થાત્ અનુસ્વાર (ँ) છે.

ॐમાં એ ત્રણે ક્રિયાઓ કેવી રીતે સંમિલિત છે, આપણે તે જાણવું જોઈએ. પ્રથમ અ અક્ષર લઈએ, સંપૂર્ણ ૩૬ વ્યંજનોની વર્ણમાલામાં એવો કોઈપણ અક્ષર નથી, જે અ કાર રહિત હોય. ક, ખ, ગ આદિ કોઈ પણ અક્ષરનું ઉચ્ચારણ અકાર વિના થઈ શકતું નથી. પ્રત્યેક અક્ષરમાં અ કાર રહેવાથી એને 'અક્ષર-બ્રહ્મ' કહેવામાં આવે છે. અર્થાત્ આ બ્રહ્મરૂપથી વર્ણિત છે. રજ એનો ગુણ છે. તથા ઉત્પત્તિ એની ક્રિયા છે.

હવે ઉ કાર લઈએ. અ કારને ખેંચવાથી 'ઈ' કાર ઉત્પન્ન થશે તથા અ કારને વર્તુળ ગતિ આપવાથી ઉ કાર ઉત્પન્ન થશે. એટલા માટે ઉ કારની ઉત્પત્તિ અ કારથી જ થાય છે. ઈકારના ઉચ્ચાર વખતે જીભ ડાબી બાજુ ખેંચાય છે. 'ઈ' શક્તિ વાચક છે. શક્તિ શિવનું વામાંગ છે (ડાબુઅંગ) ઉકારના ઉચ્ચારમાં બંને હોઠ વર્તુળકાર બનાવે છે. જીભ તેની મધ્યમાં હોય છે. અ કારને વર્તુળ ગતિ આ રીતે મળતાં ઉ કારનું નિર્માણ થાય છે. ઉ કારની ઉત્પત્તિ અ કારથી જ થાય છે. આ વિશ્વની પ્રત્યેક વસ્તુ ગતિમય ગતિમાં સ્થિત થઈ અંતમાં લય પામી જશે. અ કારનું ઉચ્ચારણ કરવાથી પહેલા ગતિ મળતાં 'ઉ' બનશે. કોઈ ગોળ ગુંબજ (ઘુમટ) વાળી ઈમારત માં જ્યાં શબ્દ ગતિ સાંભળી

શકાય છે. ત્યાં જોઅ નું ઉચ્ચારણ કરવામાં આવે અ, ગતિમય બનીને 'ઉ' માં પરિણત થતો સંભળાશે, અર્થાત્ જન્મિત અ ઉ કારમાં સ્થિત સંભાળશે. તથા ઉ કારને વધુ ગતિ મળતાં તે મ કારમાં લય પામતો સંભળાશે. જેવી રીતે 'અ'...'ઉ'...'મ'... ઉ કાર વિષ્ણુ રૂપથી વર્ણિત છે. સત્ત્વગુણ તથા સ્થિતિ એની ક્રિયા છે.

હવે અર્ધ મ-કાર (મ) લઈએ. આપણે જોયું કે 'અ', ને ગોળ ગતિ મળવાથી તે 'ઉ'કારમાં સ્થિત થાય છે. તથા 'ઉ' કારને વધુ ગતિ મળતાં તે અર્ધ 'મ' કાર (મ્) માં લય પામે છે. લય ક્રિયા ભગવાન શિવની હોવાથી અર્ધ મ્-કાર શિવરૂપમાં વર્ણિત છે. તમ એનો ગુણ છે તથા લય એની સ્થિતિ છે.

સંસ્કૃત ભાષામાં પ્રસિદ્ધ સૂત્ર મોનુસ્વાર : (અષ્ટાધ્યાયી ૮/૩/૩૩) અનુસાર મ્ ના સ્થાન પર પ્રાતઃ અનુસ્વાર થઈ જાય છે. અનુસ્વાર થઈ જતાં આ મ્ કાર સર્વ અક્ષરોના મસ્તક ઉપર (સિર પર) ચઢી જાય છે. (કં, ખં, ગં,ઘં આદિ) આથી સિદ્ધ થાય છે કે સર્વ અક્ષરોમાં જે પ્રબળ છે તે 'મ્' વાચી માયાની પ્રબળતા, સર્વવિદિત આ માયા જ બધાને સંસાર વર્તુળમાં ઘૂમાવે છે, ફેરવે છે. આમ સત્ત્વ, રજસ, તમસ અને 'અ''ઉ''મ્' (ૐ)નું જ વર્તુળ છે.

ૐકાર પોતાના સાધકોને સંસાર સાગરમાંથી તારે છે. માટે તે 'તાર' તરીકે ઓળખાય છે. તેનું ઉચ્ચારણ ઉચ્ચ(તાર) સ્વરે થાય છે તેથી તે તાર છે. આત્માને પરમાત્મા સાથે જોડનારો તાર (તંતુ) રૂપ ૐકાર જ છે.

ૐકારનું સ્મરણ અને ધ્યાન મનોહર વામા જેવું હોવાથી 'વામ' કહેવાય છે. અધ્યાત્મવાદીઓને અતિપ્રિય અને તંત્રવિદ્યામાં ત્રિપુરસુંદરી રૂપ હોવાથી તે વામ છે. ૐકાર શિવસ્વરૂપ છે, તેનું એક નામ 'વામદેવ' છે, અને ૐકારનું એક મુખ વામ (ડાબી) બાજુ હોવાથી પણ તે 'વામ' સંજ્ઞા સાર્થક કરે છે.

મનુષ્યની નસ-નાડીમાં ૐકાર પ્રાણરૂપે ધબકી રહ્યો છે. હંસરૂપ એટલે જીવાત્માનું મુખ્ય કારણ છે, જેથી તેને હંસકારણ કહેવાય છે.

બધા મંત્રોમાં ૐકાર અગ્રસ્થાને હોવાથી 'મંત્રાદ્ય' કહેવાય છે. ૐકાર અને પ્રણવ એકબીજાના પર્યાય કેવી રીતે બન્યા તેનું વર્ણન આ ગ્રંથમાં અન્ય

પ્રકરણમાં અલગ રીતે કરવામાં આવેલ છે.

બ્રહ્મ સત્ય છે અને જગત મિથ્યા છે. એ દૃષ્ટિએ બ્રહ્મસ્વરૂપ ૐકાર સત્ય છે. જેના વડે પરમાર્થનું જ્ઞાન થાય તેને 'સત્ય' કહેવામાં આવે છે. એટલે ૐકાર સત્ય જ છે. પરમેશ્વરની સત્યં શિવં સુંદરમ્ ની ઉક્તિને ચરિતાર્થ કરતો ૐકાર સત્ય છે.

ૐકારમાં બિંદુરૂપ શિવની મૂળભૂત શક્તિ રહેલી છે તેથી તે 'બિંદુશક્તિ' કહેવાય છે.

ૐકારમાં બ્રહ્મા, વિષ્ણુ અને શિવ ત્રણે દેવતાના અંશ સમાવિષ્ટ છે એટલે તેને 'ત્રિદેવત' કહેવામાં આવે છે.

ૐકારમાંથી સર્વમંત્ર બીજોની ઉત્પત્તિ થયેલ હોવાથી 'સર્વબીજોત્પાદક' તરીકે તે ઓળખાય છે.

ૐકારમાં અ બ્રહ્મા, ઉ વિષ્ણુ, મ્ મહેશ ઁ શક્તિ અને ૦ (વર્તુળા) પરબ્રહ્મ સમષ્ટિ રૂપે સમાવિષ્ટ છે તેથી 'પંચદેવ' કહેવાય છે.

ૐકાર એક નિત્ય અને શાશ્વત મંત્ર હોવાથી 'ધ્રુવ' કહેવામાં આવે છે.

ૐકાર ત્રણ અક્ષરો અને ત્રણ ગુણોનો સમૂહ, ત્રિશૂળ અને ત્રિવિક્રમ સ્વરૂપ હોવાથી 'ત્રિક' કહેવાય એ સ્વાભાવિક છે.

ૐકાર સૂર્ય સંબંધિત ગાયત્રી મંત્રનું ઉદ્‌ભવસ્થાન હોવાથી તેને 'સાવિત્રી' સંજ્ઞા પ્રાપ્ત થયેલ છે.

શિખા સમાન સર્વોચ્ચ બ્રહ્મા, વિષ્ણુ, અને મહેશ ત્રણ દેવોથી યુક્ત હોવાથી ત્રિશિખ છે. અને ત્રિશૂળના ત્રણ પાંખિયા જેવી ૐનો આકૃતિ હોવાથી તેને 'ત્રિશિખ' કહેવાય છે.

ૐકાર બ્રહ્મવાચક છે તેથી 'બ્રહ્મ' કહેવું ઉચિત છે. અથવા તો પોતાનું બૃહ્‌ણ અર્થાત્ વિસ્તાર કરનાર છે તેથી બ્રહ્મ છે. સમસ્ત વર્ણમાલાનો વિસ્તાર પણ તેનાથી જ થયેલો છે.

ઓંકારમાં સત્ત્વ, રજસ્ અને તમસ્ ત્રણે ગુણ સમાનરૂપે રહેલા છે એટલે તે 'ત્રિગુણ' કહેવાય છે.

સત્ત્વાદિ ગુણોનો વિસ્તાર થાય તેમ કરી જીવનનો વિકાસ કરનારો હોવાથી તે 'ગુણજીવક' કહેવાય છે.

સર્વ મંત્રોનું ઉદ્‌ભવ સ્થાન પ્રથમ બીજરૂપે હોવાથી સ્વાભાવિક રીતે જ ઓંકાર આદિ બીજ છે.

સર્વવેદોના સારરૂપ હોવાથી ઓંકારને 'વેદસાર' એવું નામ મળેલ છે.

બધા વેદોનું બીજ હોવાથી તે (ઓંકાર) ની 'વેદબીજ' તરીકે સ્તુતિ થાય છે.

ઓંકાર બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, શક્તિ અને પરબ્રહ્મ (સૂર્ય) અને પાંચ દેવોના તેજકિરણોનો પુંજ હોવાથી 'પંચરશ્મિ' કહેવાય છે.

ઓંકારમાં ત્રણ પ્રકારનાં કૂટ (રહસ્યો)નો સમુદાય હોવાથી 'ત્રિકૂટ' કહેવાય છે.

ત્રણ માત્રાઓ થકી ઓંકારનો ઉદ્‌ભવ થયેલો હોવાથી તે 'ત્રિભવ' નામથી ઓળખાય છે.

ઓંકાર તેના ઉપાસકોને ભવસાગરના આવાગમનમાંથી મુક્તિ અપાવે છે માટે 'ભવનાશન' કહેવામાં આવે છે.

ઓંકાર ગાયત્રીનું મૂળ: બીજ હોવાથી 'ગાયત્રીબીજ' તરીકે ઓળખાય છે.

'અ' 'ઉ' 'મ્' નાદ અને બિંદુના પાંચ અંશોથી યુક્ત ઓંકારનું 'પંચાંશ'એ સાર્થક નામ છે.

ઓંકાર સર્વ મંત્રો અને વિદ્યાને ઉત્પન્ન કરનાર જન્મદાતા છે. તેથી તેને 'મંત્રવિદ્યાપ્રસૂ' કહેવામાં આવેલ છે.

ઓંકારનો પ્રભાવ સમસ્ત વિશ્વ ઉપર છે. તેની સત્તા સર્વત્ર વ્યાપેલી છે. તેથી તે પ્રભાવ અને પ્રભુત્વવાળો 'પ્રભુ' કહેવાય તે યોગ્ય જ છે.

ઓંકારનું કદી ક્ષરણ (નાશ) થતું નથી તેથી તે 'અક્ષર' કહેવાય છે.

ઓંકાર વર્ણમાતૃકાઓનો જન્મદાતા હોવાથી 'માતૃકાસૂ' નામ યોગ્ય છે. જગતની તમામ ભાષાસિદ્ધિઓ ઓંકારની જ ઉદ્‌ભવેલી છે. આ અંગે આ ગ્રંથમાં વિસ્તારથી તેના આકાર-પ્રકારથી ચર્ચા કરવામા આવી છે.

ઓંકાર પરબ્રહ્મ સ્વરૂપે આદિ નથી ને અંતરહિત છે. તેથી તે અનાદિ (અનંત) છે.

ઓંકાર દ્વૈતભાવથી રહિત એવા પરબ્રહ્મનો વાચક હોવાથી 'અદ્વૈત' છે. અથવા તો તેની કોટિનો અન્ય કોઈ મંત્ર નથી તેથી તે એકમેવ 'અદ્વૈત' છે.

ઓંકાર પોતાના ઉપાસકોને મોક્ષપ્રદાન કરનારો હોવાથી 'મોક્ષદ' કહેવાય તે ઉચિત જ છે.

'વર્ણનિઘંટુ'માં જણાવ્યું છે કે -

आदिमश्च ध्रुवोंकार मूलज्योतिः शिवादिकः ।
त्रिवृद् ब्रह्म त्रिमातश्च शब्दा प्रणव वाचकाः ॥

- આદિમ, ધ્રુવ, ઓંકાર, મૂળ જ્યોતિ, શિવાદિક, ત્રિવૃત્ત, બ્રહ્મ અને ત્રિમાત્ર એ પ્રણવવાચક શબ્દો છે.

ઓંકાર થકી સર્વજ્યોતિ પ્રકટ થયેલી છે, તેથી તે મૂળ જ્યોતિ કહેવાય છે. તે શિવ, વિષ્ણુ, બ્રહ્મા એ ત્રિદેવોનું પ્રતીક હોવાથી તેમજ ઓંકારમાં એ ત્રણોની એકરૂપતા હોવાથી તેને શિવાદિક કહેવાય છે જે ઉચિત છે.

માતૃકા નિઘંટુમાં કહ્યું છે -

ध्रुव तारसिवृद ब्रहवेदादिस्तारकोऽव्ययः ।
प्रणवश्च त्रिमात्रोऽपि ॐकारो ज्योतिंरादिमः ॥

- ધ્રુવ, તાર, ત્રિતૃપ્ત, બ્રહ્મ, વેદાદિ, તારક, અવ્યય, પ્રણવ ત્રિમાત્ર, વૃત જ્યોતિ અને આદિમ એ પ્રણદવાચક શબ્દો છે.

ભૂત ડામરોક્ત 'બીજાભિધાન'માં ઓંકારને વિષબીજ, હાલાહલ, હાલહલ, કાલ, શ્રુતિમુખ, બહુરૂપી, તપન અને નિરંજન એવાં નામો

આપવામાં આવેલ છે.

❖ મંત્ર વ્યાકરણમાં ૐકાર ❖

મંત્ર વ્યાકરણમાં કથન છે કે -

तेजो भक्तिर्विनयः प्रणव ब्राह्मं प्रदीपवामाश्च ।
वेदोऽब्जदहन ध्रुवमादि द्युर्भिरोमिति स्यात् ॥

- ૐકાર તેજ, ભક્તિ, વિનય, પ્રણવ, બ્રહ્મ, પ્રદીપ, વામ, વેદ સબ્જ, દહન, ધ્રુવ, આદિ દ્યુઃ(આકાશ) એ સંજ્ઞાઓથી પણ ઓળખાય છે.

તંત્ર ગ્રંથોમાં અત્રે દર્શાવેલ નામો સિવાય અન્ય નામોનો પ્રયોગ પણ થયેલો જોવા મળે છે. જેમ કે - અગુણ, અષ્ટસિદ્ધિભૂ, અષ્ટાક્ષર, ઈહા, ઉનયદ, એક, કુંડલીશ, ત્ર્યંક, ત્ર્યક્ષ, ત્રૈગુણ, ધનુષ, નાદવેદ, નિવાર્ણ-બીજ, પંચમ, પિયૂષ, પ્રજ્ઞા, બાલીરા, બ્રહ્મબીજ, મહાનાદ, મહેશ્વર, મુક્તિ, વેદધારા, શ્રુતિપથ, ષડર્ણ તેમજ ષોડશાત્મા વગેરે.

સ્કંદપુરાણાન્તર્ગત 'પ્રણવકલ્પ' શિવમુખે કહેવાયેલો છે. તેમાં ૐકારનાં ૧૦૮ નામ અષ્ટોતરશત સ્તોત્રમાં, તથા ૧૦૦૮ નામ 'પ્રણવ સહસ્રનામ સ્તોત્ર'માં આપવામાં આવેલ છે. એ બંને સ્તોત્ર આ ગ્રંથમાં અલગ રીતે આપવામાં આવેલ છે, જે સાધકો અને જિજ્ઞાસુઓ માટે ઘણાં જ ઉપયોગી છે.

'નેત્રતંત્ર'માં પ્રણવને પ્રાણ-ઊર્જા (જીવનશક્તિ)ના રૂપમાં વર્ણવેલ છે.

प्रणवः प्राणिनां प्राणो जीवनं सम्प्रतिष्ठितम् ।
गृहणानि प्रणव सर्व कलाभिः कलयेच्छिवम् ॥

- પ્રણવ સંપૂર્ણ પ્રાણીઓનો પ્રાણ છે. તેના દ્વારા જીવન ટકી રહેલું છે તે જીવન તત્ત્વ(વાયટલ ફોર્સ) છે, પ્રણવથી સમસ્ત કલાઓ (ઈશ્વરીયશક્તિઓ અને વિશેષતાઓ)નો સમ્યક્ (ચોક્કસ) બોધ થાય છે.

'નેત્રતંત્ર'માં આ કલાઓનું વિવેચન અને વિસ્તાર પણ આ પ્રમાણે વર્ણવેલ છે :

अकारं ब्रह्मदैवत्यं हृदयं यावदध्वनि ।
कलाष्टकेन संयुक्तं कलयेत् सर्वजन्तुषु ॥
सिद्धि ऋद्धि र्द्युतिर्लक्ष्मीर्मेधा कान्तिर्द्युतिः स्वधा ।
सिद्धा ब्रह्मकला एताः पश्चिमं व्याप्य संस्थिता ॥

- પગના અંગૂઠાથી શરૂ કરી હૃદય સુધી 'અ'કારનો માર્ગ (ગતિ) છે બ્રહ્મ, દૈવત્ય, સદ્યોજાત, રૂપ, આકાર પોતાની (૧) સિદ્ધિ, (૨) ઋદ્ધિ (૩) દ્યુતિ, (૪) લક્ષ્મી, (૫) મેધા, (૬) કાન્તિ, (૭) ધૃતિ અને (૮) સ્વધા આ અષ્ટકળાઓથી સંયુક્ત થઈને સંપૂર્ણ પ્રાણીઓમાં છવાયેલ છે. પૃથ્વીથી આરંભી મહત્તત્ત્વ સુધી વ્યાપ્ત છે.

रजा रक्षा रतिः पाल्या, काम्या, तृष्णा, मतिः क्रिया ।
वृद्धिमोदा च नाडी च भ्रामिणा मोहिनी तथा ॥
वामदेवः कला होता, वैष्णवी च व्यवस्थिता ।
कण्ठातै यावत् तदव्याप्तमापो व्याप्य स्थितास्त्विमः ॥
(नेत्रतंत्रः २२/२९/३०)

- વૈષ્ણવ અંશમાં સ્થિત 'ઉ'કારની તેર વામ કલાઓ આ પ્રમાણે છે (૧) રજા, (૨) રક્ષા, (૩) રતિ (૪) પાલ્યા (૫) કામ્યા (૬) તૃષ્ણા (૭) મતિ, (૮) ક્રિયા (૯) વૃદ્ધિ (૧૦) માયા, (૧૧) નાડી, (૧૨) ભ્રામિણી અને (૧૩) મોહિની હૃદય દેશમાં કંઠ સુધી એની અવસ્થિતિ છે.

तमा मोहा क्षुधा निद्रा मृत्युर्माया भया जरा ।
अघोरस्य कला होता रौद्रांशे तु व्यवस्थिता ॥
कण्ठाद् तालवन्त तद व्याप्तं तैजसी व्याप्तिस्तमा ।
(नेत्रतंत्रः २२/२७/२८)

- 'उ'કારની અઘોર કલાઓ આઠ છે. તેઓના નામ છે - (૧) તમા, (૨) મોહા, (૩) ક્ષુધા (૪) નિદ્રા (૫) મૃત્યુ, (૬) માયા, (૭) ભયા અને (૮) જરા. કંઠથી આરંભી તાલુ (તાળવા) સુધીની એની અવસ્થિતિ છે.

निवृतश्च प्रतिष्ठाश्च विद्या शान्ति तथैव च ।
पुरुषस्य कला होता, ईश्वरे तु व्यवस्थिता ॥
(नेत्र तंत्र-२२/३२)

- નિવૃતિ, પ્રતિષ્ઠા, વિદ્યા, શાંતિ એ ચાર તત્પુરુષ (ઊંકાર સ્વરૂપ 'પુરુષોતમની') કલાઓ છે. એનું સ્થાન ભૂમધ્ય છે તે બિંદુરૂપ ઈશ્વરતત્ત્વમાં પ્રતિષ્ઠિત છે.

આગળ આ જ તંત્રમાં જણાવ્યું છે કે - તારા, સુતારા, તરણી, તારયન્તી અને આ પાંચ કળાઓ ઈશાન, પ્રણવની છે. (ઈશાન શિવ સર્વ વિદ્યાના આદ્ય પ્રણેતા છે - ઈશાનઃ સર્વ વિદ્યાનાં । તેની સાથે જોડાયેલી તારકશક્તિ (પ્રણવ સ્વરૂપ) દ્વિતીયા મહાવિદ્યા એ તારા છે. વધુ જાણકારી માટે લેખકનું ભવતારિણી તારામહાવિદ્યા નામક પુસ્તક જોવું.) સદાશિવરૂપ નાદ તત્ત્વ સાથે એ સંબંધમાં છે. અર્ધચંદ્રની પણ પાંચ કલાઓ છે - જ્યોત્સના, જ્યોત્સનાવતી, સુષમા, વિમલા, અને શિવા. સંધનિ, રોધિની, રૌદ્રી, જ્ઞાનાબોધા, તમોપહા એ પાંચ કલાઓ અગ્નિનિરોધિકા કલા છે.

નાદ કલાઓ ચાર છે - (૧) ઈન્ધિકા, (૨) દીપિકા (૩) રોચિકા અને ભમોચિકા. ઉર્ધ્વગા નામની 'નાદાન્ત'ની એક જ કલા છે. પ્રણવની પાંચ શક્તિ કલાઓ પણ માનવામાં આવી છે, જેના નામ છે- (૧) સૂક્ષ્મા (૨) સુસૂક્ષ્મા (૩) અમૃતા (૪) અમૃત સંભવા અને (૫) વ્યાપિની. વ્યાપિનીની કલાઓ ચાર જ બતાવી છે. (૧) વ્યાપિની (૨) વ્યોમરૂપા (૩) અનન્તા અને (૪) અનાથા. સમના સાથે સંબંધિત છ કળાઓ છે, - સર્વજ્ઞા, સર્વગા, દુર્ગા, સવના, સ્પૃહણા અને ધૃતિ.

સમસ્ત બ્રહ્માંડમાં શક્તિતત્ત્વ અલક્ષિત છે. કાર્યાકાર્યાત્મક સ્થૂલતત્ત્વ ઉપાધિરૂપ શિવતત્ત્વ છે, એવો ધ્યાન-સમાધિમાં ઋષિઓએ અનુભવ કર્યો હતો. જડ વિજ્ઞાનનો પણ આ જ સિદ્ધાન્ત છે કે Energy is in itself invisible - શક્તિ અલક્ષિત રહે છે. શિવતત્ત્વ વિકાસોન્મુખ થાય છે તો શક્તિતત્ત્વ સંકુચિત થતું જાય છે. અને શક્તિતત્ત્વ વિકાસોન્મુખ થાય છે ત્યારે શિવતત્ત્વ ગૌણ બની જાય છે. ઉપર્યુક્ત ઉદ્ધરણોથી સ્પષ્ટ સમજાય છે કે - પ્રણવ જ માતૃકા તથા વેદના મૂળમાં રહેલો છે. આ કારણથી જો માતૃકાઓ પ્રણવથી ઉત્પન્ન થઈ, તો પ્રણવનું નિર્માણ કરનાર 'અ,ઉ,મ્' આ ત્રણ માત્રાઓ ક્યાંથી આવી ? એવો પ્રશ્ન ઉપસ્થિત અવશ્ય થાય છે. આવો જ પ્રશ્ન સાધક

પ્રવર શ્રીકવિરંજન રામપ્રસાદ એને પોતાના ગીતમાં માતાને આ પ્રમાણે પૂછ્યો હતો. તેઓ પૂછે છે કે -

❖ સંસારની ઉત્પત્તિ ❖

संसार यखन नाछिल, मुण्डमाला कोथाय पेलि ?

અર્થાત્ - હે મા ! જ્યારે સમસ્ત સંસાર જ ઉત્પન્ન થયો હતો નહીં, ત્યારે તમે પહેરવા માટે મુણ્ડમાળા (ખોપરીઓની માળા) ક્યાંથી મેળવી ?

આ પ્રશ્નનો ઉત્તર આપણને 'શક્તિ સંગમ' તંત્રમાંથી મળે છે આ પ્રમાણે -

प्रपञ्चमूला या शक्ति प्रपञ्चेशी प्रकीर्तिता ।
तन्माया रुप धारित्वं प्रपञ्चात्मा शिवोभवत् ॥

- જે શક્તિ વિશ્વ પ્રપંચનું મૂળ છે અને જે પ્રપંચેશી (વિશ્વ પ્રપંચની પ્રમુખ અધિષ્ઠાત્રી) તરીકે ઓળખાય છે. તેણે માયારૂપ ધારણ કરતાં પ્રપંચાત્મા શિવરૂપ બની.

આગળ મહાકાલ સંહિતાના દક્ષિણખંડના કથનાનુસાર-

एतस्मिन्नेव काले तु स्वबिम्ब पश्यति शिवा ।
तद्बिम्बं तु भवन्माया तत्र मानसिकं शिवम् ॥
विपरीत रतौ देवि बिन्दुरेकोअभवत् पुरा ।
श्री महात्रिपुर सुंदरी रुपं बिभ्रति परमा कलाः ॥

'સૃષ્ટિના મહાપ્રલયકાળ પછીના સમયે આદ્યશક્તિ શિવા (મહાકાલ) એ પોતાનું પ્રતિબિંબ સ્વરૂપ માનસિક શિવને જોયા તે બિંબરૂપ માયા થઈ શિવ સાથે વિપરીત રતિમાં પ્રવૃત્ત થઈ શિવા. અને હે દેવિ ! એક બિંદુનો તે સમયે ઉદ્ભવ થયો'. માનસિક એટલે -

तया दृष्टा तया छाया महाकालो विनिर्मित : (कफारादि)

- આ દિવ્ય માનસિક આત્મરમણ - આનંદથી (વિપરીત રતિના પરિણામરૂપ આનંદથી), કારણ કે પરબ્રહ્મની વ્યંજના કેવળ આનંદ શબ્દમાં નિહિત છે, જે અવાચ્ય બિંદુ રૂપ છે, તે બિંદુનો ઉદ્ભવ થયો. તે શ્રી વિદ્યારૂપિણી

(ત્રિપુર સુંદરી) છે. તેણે પ્રણવનું સ્વરૂપ ધારણ કર્યું છે આ રીતે -

प्रणवः सुंदरीरुपः कलासप्तक संयुतः ।
(शक्ति संगम, काली खण्ड)

- અર્થાત્ - 'ષટ્કલારૂપ ષટ્શિવ (બ્રહ્મા, વિષ્ણુ, રૂદ્ર, ઈશ્વર, પરમશિવ અથવા કામેશ) બન્યા અને બિંદુ સુંદરી (ત્રિપુરસુંદરી) રૂપ થયું. આ બિંદુથી સમસ્તમાતૃકાઓ બની' આ પ્રમાણે -

बिन्दु ध्वनि सकाशातु प्रत्येकं वर्णजातयः ।
मातृकार्णास्ततो जाता अक्षरेति यथाभवत् ॥
(शक्तिसंगम)

- બિંદુ ધ્વનિ માફક પ્રત્યેક વર્ણજાતિઓ (વર્ણમાતૃકાઓ) ઉત્પન્ન થઈ અને વર્ણમાતૃકાઓથી સમસ્તની ઉત્પતિ થઈ આ પ્રમાણે -

'स्थूल सूक्ष्म विभेदेन लोक्योत्पत्ति मातृकात्' (गौरीकंचुकी तंत्र)

આ રીતે બિંદુ ધ્વનિથી વર્ણમાલા રૂપ પચાસ (૫૦) તત્ત્વોની ઉત્પત્તિ થઈ જે સૃષ્ટિ નિમિત્ત પૃથક, પૃથક્ તત્વ બન્યાં, આ વાત મહાકાલ સંહિતાના દક્ષિણખંડમાં પણ સ્પષ્ટપણે સમજાવી છે અને મહાપ્રલાયન્તમાં શ્રીમતી આદ્યાશિવા (મહાકાલી)ની મુણ્ડમાળા રૂપમાં તે જ વર્ણમાલા પરિણત થઈ.

वर्णानां शक्तिरुपं च तद्ब्रह्म परिकीर्तितम् ।

- આ બધા વર્ણ (અક્ષરો) આ રીતે પ્રણવથી ઉત્પન્ન થયા છે અને બધા જ શક્તિયુક્ત છે. પ્રણવની સાત કલાઓના વિષયમાં તંત્રોમાં કથન છે કે -

आद्यौ परा विनिर्दिष्टा तत्पश्चैव परात्परा ।
तदतीता तृतीया स्याचित्परा च चतुर्थिका ॥
तत्परा पंचमी ज्ञेया तदतीता रसाभिदा ।
सर्वातीता सप्तमी स्यांदेवं सप्तविद्या कला ॥

- આ પ્રમાણે (૧) પરા (૨) પરાત્પરા (૩) પરાતીતા (૪) ચિત્પરા, (૫) ચિત્પરાત્પરા, (૬) ચિદતીતા (૭) સર્વાતીતા. આ સાત કળાઓ ઓંકારમાં નિવિષ્ટ છે. આ કલાઓ આ નામથી અભિહિત થઈને જ સુંદરીકલાના

પંચકૃત્યકારી શિવ અને બિંદુનાદ રૂપ શિવ-શક્તિના બોધક કહેવામાં આવ્યા છે.

❖ ॐકાર અને કુંડલિની એક જ ❖

શક્તિ સંગમ તંત્રના કથનાનુસાર -

ब्रह्मा विष्णुश्च रुद्रश्च रुद्रश्च ईश्वरश्च सदाशिवः ।
एते पञ्चमहाप्रेताः प्रणवं च समाश्रिताः ॥
ब्रह्मादयश्चतुष्पादाः कशिपुस्तु सदाशिवः ।
आच्छादनं तु कामेशस्तत्रस्था सुन्दरी कला ॥

- (૧) બ્રહ્મા (૨) વિષ્ણુ (૩) રૂદ્ર (૪) ઈશ્વર તથા (૫) સદાશિવ - આ પંચમહાપ્રેત છે, જેઓ પ્રણવમાં નિવિષ્ટ છે. ભગવતી મહાત્રિપુરસુંદરીના મહાસિંહાસનના બ્રહ્માદિ ચાર પાદ (પાયા) છે. આચ્છાદન ભગવાન કામેશ (સદાશિવ) છે, જયાં સુંદરીકલા વિરાજમાન છે.

આ કારણે જ 'શ્રી ચક્ર'ની ષોડશાવરણ-પૂજા કરનારા સાધક બિંદુ ચક્રમાં ત્રિબિંદુરૂપ મહાબૈન્દવ ચક્રની ભાવના કરીને તેના ઊર્ધ્વભાગમાં રહેલા બિંદુને પ્રણવરૂપ માનીને તેની અર્ચના કરે છે. ત્યાં વેદત્રય સ્વરૂપિણી મહાનિર્વાણ સુંદરીની અંગ દેવતા વેદાધિષ્ઠાત્રી શક્તિઓની પૂજા પછી પ્રણવના પાંચ અંગોમાં (૧) ઉર્ધ્વશુણ્ડ (સૂંઢ) (૨) અધઃ શુણ્ડ (૩) મધ્યશુણ્ડ (૪) ચંદ્રકલામાં વિદ્યા-અવિદ્યાદિ તથા (૫) બિન્દુમાં સૃષ્ટિ આદિ સુંદરી પંચકની પૂજા થાય છે. મધ્ય બિંદુમાં સ્થિત અંગુષ્ઠ રૂપના શુક્લાદિ સપ્તચરણ, ષડન્વયાદિ સપ્તશાંભવ તથા કૂટત્રયની અર્ચનાવિહિત છે.

એક સમયે ભગવાન શિવે શિવા (ઉમા) ને કહ્યું કે - હું પ્રણવ (ૐકાર) સ્વરૂપ છું અને તમે પણ ૐકાર સ્વરૂપ જ છો. ૐકારના ત્રણ અક્ષર 'અ''ઉ''મ્' છે તે જ 'ઉમાં' શબ્દમાં પણ નિવિષ્ટ (રહેલા) છે. 'અ''ઉ''મ્' = ઉમ્ + આ જોડાતા દીર્ઘ ઉચ્ચારવાળો ઉમા, શબ્દ બન્યો છે. ઉમા નામની ચિત્શક્તિ ૐકારથી અભિન્ન છે. વસ્તુતઃ ઉમા, ૐકાર અને કુંડલિની એક જ તત્ત્વ છે. આ વાતને 'રૂદ્ર યામલતંત્ર' આ રીતે અનુમોદન આપે છેઃ

उमेति परमाशक्ति पूर्वभावमुधेयुषी अध्युष्टवलयाकारा प्रणवत्वामुपागता ।

-રહસ્યવેત્તાઓ ઉમાને દેવી-પ્રણવની સંજ્ઞાથી બોધિત કરે છે. ઉમા યથાર્થ પરમશક્તિ છે. એ અષ્ટ મંડળવાળી પ્રણવતા જ છે. અષ્ટ પદાયનો અભિપ્રાય અષ્ટવિદ્યા, કુંડલિની શક્તિથી છે. અત્યંત સૂક્ષ્મ અને અગોચર હોવાથી જ તે ઉમાને પરાશક્તિ અથવા પરમાશક્તિ કહેવામાં આવેલ છે.

બ્રહ્મ રહસ્યમાં જણાવ્યું કે -

नादो बिन्दु महादेवि कथितोऽयं सुरेश्वरि ।
नादादुत्पद्यते बिन्दुस्तस्माद ब्रह्मा ततः प्रजा ॥
नादादुत्पद्यते शक्तिः शक्तिबिन्दुः प्रजायते ॥
(ब्रह्मरहस्य)

- હે મહાદેવિ, હે સુરેશ્વરી ! મેં કહ્યું છે કે નાદથી બિંદુ તેનાથી બ્રહ્મ તેમાંથી પ્રજા ઉત્પન્ન થાય છે. નાદ વિસ્ફોટથી શક્તિ, શક્તિથી બિંદુ અને બિંદુથી સૃષ્ટિનો ઉદ્‌ભવ થાય છે.

बिन्दु त्रयात्मकं स्वात्मश्रृंगारं विद्धि सुन्दरम् ।
मिश्रं शुकलं च रक्तं च पुराणं प्रणवात्मकम् ॥
(रहस्यस्त्राव)

અકથાદિ બિંદુત્રયાત્મક આત્મત્રિકોણ સુંદર એવા આત્માનો શ્રૃંગાર છે. મિશ્ર (કાળો), શુક્લ (શ્વેત), અને રક્ત એ ત્રણ વર્ણ પ્રાચીન અને પ્રણવાત્મક રેખાના છે.

સૃષ્ટિનું આદિ કારણ હોવાથી આ બીજ જ કામકલા બીજ કહેવાય છે. કારણ કે મંત્રશાસ્ત્રમાં વિવરણ મળે છે કે સહસ્રારની કર્ણિકાની અંતર્ગત દ્વાદશદલ કમળની મધ્ય મણિપીઠમાં **'हं-सं'** અક્ષર જ શ્વાસ-પ્રશ્વાસના મૂળમાં છે જેમ કે - **'व्यामृशामि युगमादिहंसयोः' ॥४॥ (श्री गुरुपादुका पंचक)**

જેનાથી -

हकारेण बहिर्याति सफारेण विशेत् पुनः ।
हकारस्य सकारस्य लोपे कामकला भवेत् ॥
(शक्ति संगम-१)

- આ રીતે બહિર્ગત તથા અંતર્ગત શ્વાસ દ્વારા નિર્મિત પૂર્વ તથા ઉત્તર અજપા ('हंसः') જ પ્રણવનું મૂળ છે. અને એ જ કામકલા બીજ છે.

'हंसः, सोऽहं' માં 'पक्षद्वयत्यागात्' અર્થાત્ - 'હ'કાર-'સ'કાર ના લોપથી પ્રણવ બન્યો છે. બિંદુ અને વિસર્ગ જ કામકળાત્મક ત્રિકોણ બની ગયા છે.

मुखं बिन्दुवदाकारं तदधः कुचयुग्मकम् ।
सोऽहमित्यत्र देवेशि प्रणवः परिनिष्ठितः ॥

હે દેવેશિ ! ૐકારમાં બિંદુનો આકાર મુખ જેવો છે. તેની નીચે બે સ્તન (કુચયુગ્મ) આકાર પામેલા છે. 'सोऽहम्' જ અહીં પ્રણવરૂપે પ્રતિષ્ઠિત છે.

પૂર્ણ વર્ણમાલા ઉત્પન્ન થઈ ગઈ, જેનો પ્રથમ અક્ષર **अ** છે અને અંતિમ અક્ષર 'હ' છે. અને 'મ્' અનુસ્વાર સ્વરૂપે બધા જ અક્ષરોમાં વ્યાપક માયા સ્વરૂપ છે અને માયા વિશિષ્ટ આત્મા તે જીવ પોતાનો 'अहम्' (હું) નામથી વ્યક્ત કરે છે.

'હ' સાથે શ્વાસ બહાર નીકળે છે, તથા 'સ' સાથે શ્વાસ અંદર પ્રવેશે છે. 'હ'કાર શિવરૂપ અને 'સ'કાર શક્તિ સ્વરૂપ છે. આ સમયે પ્રશ્વાસ-શ્વાસથી ઊલટો અર્થાત્ 'सोऽहं' ની ઉત્પત્તિ ધ્વન્યાત્મક થાય છે. બંનેના અનાહત ચક્ર પર સંઘર્ષથી વાયુમય પ્રણવનો (પ્રાણાત્મક પ્રણવનો) અનાહત ધ્વનિ થાય છે અને ઉર્ધ્વગતિ હોવાથી આજ્ઞાચક્ર પર તે સ્થિત થાય છે. ઉપર્યુક્ત કથનથી આગમ દ્વારા એ સિદ્ધિ થાય છે કે પ્રણવ શ્રીવિદ્યાનું બીજ છે. અને કામકલારૂપ છે. આ સુંદરી શ્રીવિદ્યારૂપ બિંદુથી નાદરૂપ પૃથક્ બિંદુ બન્યું, જે કામેશ્વર અથવા પરમશિવ કહેવાય છે.

બિંદુરૂપ શ્રીવિદ્યા (ત્રિપુરસુંદરી)એ પરમ શિવને પ્રથમથી જ વરદાન આપેલું કે હું તમારામાં પ્રવેશી તમને શક્તિપ્રદાન કરતી રહીશ. આ પ્રમાણે -

अहं विशामि त्वदेहे शकत्या युक्तो भव प्रभो ।
या विना जननी कापि नैव कार्य विभाविनी ॥
(कुलचूडामणि तंत्र)

આ રીતે આ શુદ્ધ પરશિવાત્મક શિવતત્ત્વ ઉત્પન્ન થયું. અને એનાથી પંચકૃત્યકારિણી પંચશિવાઓ ઉત્પન્ન થઈ. આ વાત 'ગંધર્વતંત્રમાં કહી છે, આ પ્રમાણે 'आदौ शुद्धात्मकं तत्त्वं पञ्चधा तमसः परम् ।

❖ પંચશિવની ઉત્પત્તિ ❖

આ રીતે પંચ મલયુક્ત અન્ય પાંચ શિવ બન્યા. એ છે - સદાશિવ, ઈશ્વર, રુદ્ર, વિષ્ણુ, બ્રહ્મા. એ પંચમલ યુક્ત છે. બ્રહ્માંડમાં એના ગોળ બન્યા અને પિંડમાં (મનુષ્ય શરીરમાં) મેરુદંડ સ્થિત કુલચથમાં એની સ્થિતિ વિશુદ્ધ, અનાહત, મણિપુર, સ્વાધિષ્ઠાન તથા મૂલાધારમાં થઈ. પછી તો ક્રમશઃ એ સાક્ષીત્વ, અનુગ્રહ, નિગ્રહ, સંહાર, પાલન અને સૃષ્ટિ કર્મથી યુક્ત થયા, જેમ કે - 'क्रमेण पञ्चकं जातं परशम्भोस्तु मायया ।' (મહાકાલ સંહિતા)

આ કામેશ પરશિવથી ક્રમશઃ પંચશિવ ઉત્પન્ન થયા. બિંદુથી ઉત્પન્ન ષટ્‌શિવોનું નીચે મુજબ વર્ણન પ્રાપ્ત થાય છે. બિંદુ તથા અર્ધમાત્રા શુદ્ધ તત્વ છે; પરંતુ પંચ શિવ મલાવૃત (મળથી આવૃત્ત) છે.

એમના પાંચ મલ આ રીતે સમજવા જોઈએ -

(૧) બ્રહ્મામાં આણવમલ - સૃષ્ટિરૂપ અપૂર્ણ આભાસ (અશક્તતા)

(૨) વિષ્ણુમાં કાર્મણમલ - પાલનરૂપ ભેદ આભાસ (હું અને તું)

(૩) રુદ્રમાં માયામલ - સંહારરૂપ માયાનો આભાસ (કાળો, ગૌર આદિ)

(૪) ઈશ્વરમાં પ્રાકૃત મલ - શાસનરૂપ તથા નિગ્રહરૂપા (ઐશ્વર્ય)

(૫) સદાશિવમાં સૂક્ષ્મ અહંકૃતિ મલ, (મુક્તિપ્રદાનરૂપ અહંકાર)

આ વાત શક્તિસંગમ તંત્રમાં નીચે પ્રમાણે વર્ણવેલ છે -

आणभ्यं ब्रह्मणस्तु स्यात्तथा विष्णोश्च कार्मणम् ।
मायामलं तु रुद्रस्य प्राकृतं तु तथेश्वरे ।
सदाशिवस्याहङ्कार परशम्भोंन किञ्चन ॥

- ઉપરોક્ત બધા મલયુક્ત (મળવાળા) છે. પરંતુ પરમશિવ (પરશંભો) મળરહિત નિર્મળ છે. આ રીતે પૂર્ણ અંગ યુક્ત પ્રણવનો પ્રાદુર્ભાવ થયો. આ પ્રણવોપાસના પૂર્વોક્ત મલ (મળ) નું શુદ્ધિકરણ કરનારી તથા મોક્ષ પ્રદાન કરનારી છે. આ કામકલા બીજરૂપ પ્રણવ સૃષ્ટિમાં અથથી ઈતિ સુધી સંપૂર્ણપણે વ્યાપ્ત છે. 'કુલાર્ણવ તંત્ર' જણાવે છે કે 'शिव शक्ति विभागेन जायते सृष्टिकल्पना ।' શિવશક્તિના વિભાજનથી જ સૃષ્ટિ છે અને શિવનો લય થવો જ સંહાર છે. કેવલ માત્ર નિર્જીવ (પ્રાણહીન) શિવ જ કાર્યમાં અક્ષમ છે. શિવની પ્રાણહીન અવસ્થા જ પૂર્ણ કૈવલ્યની પ્રાપ્તિ છે.

પ્રપંચસાર તંત્રના ૧૯માં પટલમાં જણાવ્યું કે -

बीजोच्चारो जाग्रद्बिन्दुः स्वप्नः सुषुप्तिरपि नादः ।
शक्तयात्मकं तुरीयं शान्ते लय आत्मनस्तुरीयान्तम् ॥

- ૐ નો બીજોચ્ચાર જાગ્રત અવસ્થા, બિંદુ સ્વપ્નવસ્થા, નાદ સુષુપ્તિ અવસ્થા (નિદ્રા) અને તુર્યાવસ્થા તે શકત્યાત્મક છે, જ્યારે લય અવસ્થામાં તે શાંત છે, આત્મસ્થ સ્થિતિએ તુર્યાતીત અવસ્થા છે.

પ્રણવની વિશિષ્ટ કલા શક્તિઓ બાબત સ્વચ્છંદ તંત્રના નિર્દેશ અનુસાર જાણવા મળે છે કે -

अकारश्च उकारश्च मकारो बिन्दुरेव च ।
अर्ध चन्द्रो निरोधो च, नादो नादान्त एव च ॥
कौण्डिलो व्यापिनी शक्तिः समनैकाशौ स्मृता ।
उन्मना च ततोऽतीता वदतीतं निरामयम् ॥
(साच्छन्द तंत्र-४ / २२५-२२६)

- અ કાર, ઉ કાર, મ કાર, બિંદુ, અર્ધચંદ્ર, નિરોધી, નાદ, નાદાન્ત, કુંડલિની, વ્યાપિની, શક્તિ, સમના અને ઉન્મના એ ૐકારની બાર પ્રસિદ્ધ કલાઓ છે. એના દ્વારા તે પૃથ્વીથી આરંભી શિવપર્યન્ત સમસ્ત તત્ત્વો અને બ્રહ્માંડોનું સંચાલન કરે છે.

❖ કુંડલિનીનું વર્ણન ❖

'જયદ્રથયામલ' કુંડલિનીનું વર્ણન આ પ્રમાણે કરે છે -

अकुलं शिवमित्याहुः कुलं कुण्डलिनी मता
अणुमात्र शरीरा सा सार्ध त्रिवलया स्मृता ।
स्वरैः षोडशभिः पूर्व स्पर्शैतत्स्वाद द्वितीयकम् ॥
अन्तस्थ वर्णैर्घहितं वलयं स्यातृतीयकम् ।
शेषवर्णैर्भवेदर्ध साार्ध्यत्रिवलयं भवेत् ॥

- અકુલ શિવ કહેવાય છે અને કુલ તે કુંડલિની (શક્તિ) છે. અણુમાત્ર શરીરવાળી તે સાડા ત્રણ વલયવાળી કહેવાય છે. તેનો પ્રથમ વલય સોળ સ્વરવાળો, બીજો વલય તેના સ્પર્શવાળો, અંતસ્થ વર્ણથી બનેલ ત્રીજો વલય છે. શેષ વર્ણથી અર્ધવલય નિર્માણ થતાં સાડા ત્રણ વલય કુંડલિનીના કહેવાય છે.

પ્રપંચસાર તંત્રમાં જણાવેલ છે કે -

सकारं च हकारं च लोपयित्वा प्रयोजयेत् ।
संधि वै पूर्णरुपारख्यं ततोऽसो प्रणवो भवेत् ॥२१॥
(चतुर्थ पटल)

-'સ'કાર અને 'હ'કારનો લોપ કરીને સંધિપૂર્વક સંધાન કરવાથી પૂર્ણરૂપે પ્રણવ બને છે.

મૂલાધાર સ્થિત કુંડલિની જ પ્રણવરૂપ છે કઈ રીતે પ્રણવનું ઉચ્ચારણ મોક્ષદાયક છે. તે બાબતમાં રાત્રિ સૂક્ત (દુર્ગાસપ્તશતી) માં લખ્યું છે કે -

'अर्धमात्रा स्थिता नित्या यानुचार्य्या विशेषतः ।'

- આ અનુચ્ચાર્યનું આન્તરિક ઉચ્ચારણ વિશેષ રીતે કેવી રીતે કરવું તે ગુરુગમ્ય છે; કારણ કે પ્રણવ અથવા કોઈપણ બીજનું બાહ્ય ઉચ્ચારણ વૈખરીવાણી દ્વારા અસંભવ છે. જો કોઈ ઉચ્ચારણ કરશે તો પણ તે સર્વથા અશુદ્ધ અને અપૂર્ણ જ હશે.

'गुरुपदेशात्तद्गम्यं नान्यथा शास्त्रकोटिभि : ॥'

- એનું ઉચ્ચારણ ગરુઉપદેશથી કેવળ મધ્યમાવાણી દ્વારા જ કરી શકાય

છે. કરોડો શાસ્ત્રોના અભ્યાસથી થઈ શકતું નથી. વીરસાધના અથવા ચૈતન્યમંત્ર વગર મધ્યમાનો ઉદય કેવળ સ્વપ્નવત છે જેમ કે -

'सिद्धमन्त्रगुरोर्दीक्षा लक्षमात्रेण सिद्धिदा ।' (सिद्धिमत रहस्य)

'રુદ્રયામલ તંત્ર' અનુસાર 'वायुभक्षी यथा सर्पः कुण्डलिनी वायुभक्षिणी ।'

સર્પ જેમ વાયુ ભક્ષી છે. તે પ્રમાણે કુંડલિની વાયુભક્ષિણી છે. વીર-સાધનાથી પૂર્ણ નિષ્પાપ બની ગયા પછી શક્તિપાતાદિથી કુંડાલની જાગ્રત થઈ જાય છે. આ રીતે અખંડ યોગપૂરક યોગથી જ્યારે મધ્યમાનો ઉદય થાય ત્યારે આગળનો માર્ગ સહજ બની જાય છે.

❖ જીવાત્માનું પરમાત્મા સાથે અનુસંધાન ❖

'કંકાલમાલિની તંત્ર' જીવાત્માને પરમાત્મા સાથે જોડવા માટે પ્રયોગ બતાવતાં જણાવે છે કે -

आकृष्टा प्रणवेनैव जीवात्मानं नगेन्द्रजे ।
कुण्डलिन्या सह प्राणं गंधमादाय साधकः ।
सोऽहं तु मनुना देवीं स्वाधिष्ठाने प्रवेशयेत् ।इति॥

- 'હે પર્વતરાજ હિમાલયની કન્યા ! સાધકે પ્રણવ વડે જીવાત્માનું આકર્ષણ કુંડલિની સાથે પ્રાણગંધ સ્વરૂપ **सोऽहं** માં મન પરોવી સ્વાધિષ્ઠાનમાં પ્રવેશ કરવો.

પ્રણવ ત્રિપુરાનો વિષય છે. એટલા માટે ત્રૈપુરશાસ્ત્ર અથવા તંત્ર જ એના રહસ્યના ઉદ્‌ઘાટનમાં વિશેષ પ્રકાશ પાડી શકે છે. તંત્રમાં બધા શબ્દ ત્રૈપુર અથવા ત્રણ પ્રકારના અર્થવાસી છે. ઉપરનો અર્થ સાધારણ તથા ઘાતક અને હાનિકારક સિદ્ધ થઈ શકે છે. આ ત્રૈપુર વિષયમાં પોતાનું અનુસંધાન ભ્રાંતિપૂર્ણ બની શકે છે. આ ત્રૈપુર વિષયમાં પોતાનું અનુસંધાન ભ્રાંતિપૂર્ણ બની શકે છે. ઉદાહરણાર્થ બીજકૂટ આદિનું ઉચ્ચારણ પણ કેવળ ગુરુ પાસે જ જાણી શકાય છે.

શિવાદિ ગુરુઓથી અથવા કુલગુરુઓથી પૂર્ણવંશપરમ્પરાયુક્ત સિદ્ધ

ગુરુમંત્ર દ્વારા દીક્ષા પૂર્ણ મોક્ષદાયક બતાવી છે. જુઓ કુલાર્ણવ તંત્ર આ પ્રમાણે આ વાતને અનુમોદન આપે છે-

दीक्षाग्नि दग्ध मायादिमलो विच्छिन्न बंधनः ।
गतकर्म मलोऽबन्धो निर्जीवस्तु शिवो भवेत् ॥

અર્થાત્ આણવાદિ મળ દીક્ષારૂપી જ્ઞાનાગ્નિમાં બળી જાય, માયાદિ મળનો છેદ ઉડી જાય, તથા કર્મકળ સમાપ્ત થઈ જાય, પછી આ શિવત્વ શાંત થઈ જાય. આ તે પિંડનો મોક્ષ છે.

પ્રવર્તમાન યુગ પ્રયોગોનો છે. દાર્શનિક દૃષ્ટિકોણથી કોઈ વિશેષ લાભ પ્રત્યક્ષ થતો નથી. તંત્રમાં પ્રત્યક્ષ પ્રયોગ ઉપરાંત તેના દાર્શનિક સંગતિ મળે છે, જે પ્રચલિત દર્શનોથી ગુપ્ત છે તથા ભિન્ન છે. ખેચરી મુદ્રાનું લક્ષણ (સિદ્ધલક્ષણ) આ રીતે મળે છેઃ

चित्तं मनो यस्य वशं स्वमिन्द्रियं,
स्थिरा स्वदृष्टिर्जगदीश्वरी पदे ।
नखेन्दु शोभे च विनावलोकन,
वायुः स्थिरो यस्य विना निरोधनम् ।
त एव मुद्रां विचरन्ति खेचरीं,
निद्राविहीनाः प्रतियान्ति निद्राम् ॥
(रुद्रयामल)

- જેના મન, ઈન્દ્રિઓ અને ચિત્ત પોતાના વશમાં છે. જેની પોતાની દૃષ્ટિ જગદીશ્વરી (પરાશક્તિ-પરામ્બા) ના ચરણાવિંદાના નખચંદ્રની શોભાનું અવલોકન કરવામાં સ્થિર છે. તેનો વાયુ (પ્રાણ) નિરોધ કર્યા વિના સ્થિરતા પામેલ છે. આવો સાધક ખેચરી મુદ્રામાં વિચરણ કરે છે, જે નિદ્રાવિહિન હોવા છતાં નિદ્રાવાન હોય તેવો જણાય છે. વાસ્તવમાં કુંડલપક્ષયુક્ત પ્રણવ જ કુલકુંડલિની છે.

'સિદ્ધમત રહસ્ય' અનુસાર -

महामुनि मुखाद् मंत्रश्रवणाद् भुक्तिमुक्तिदम् ।
जयहीन गुरोर्वक्त्रात् पुस्तकेन सम भवेत् ॥

- મહામુનિ (મહામૌની, ગુરુ) ના મુખથી મંત્રનું શ્રવણ કરવું તે ભોગ અને મુક્તિપ્રદ છે. પરંતુ એ રીતે ગુરુના મુખથી મંત્રનું શ્રવણ કર્યા પછી જો માણસ જપ નથી કરતો તો તે પુસ્તક વાચન સમાન જ છે.

સામાન્ય સાધનારહિત મનુષ્યને માટે પ્રણવ (ઓંકાર)ના નવ કોટિ (નવ કરોડ) જપનું એક પુરશ્ચરણ બતાવવામાં આવેલ છે. કળિયુગમાં ચાર પુરશ્ચરણ આવશ્યક છે.) પરંતુ કવચાદિ તથા ન્યાસાદિથી વ્રજ સમાન બનેલા સાધક દ્વારા વીર-સાધનાથી યામ માત્રમાં જ સિદ્ધિ લાભ થઈ શકે છે. તંત્ર કલ્પના અને મનોરથોનો વિષય નથી, એ પ્રત્યક્ષ પ્રયોગોનો વિષય છે. સાધનો અને સિદ્ધિથી ડરનારા અને ડરાવનારો સ્વયં અનઅધિકારી છે. અનુભવ સિદ્ધિમાર્ગના માઈલસૂચક પત્થરો સમાન પ્રેરણાદાતા અને ઉત્સાહવર્ધક છે. અને એનાથી પ્રતીતિ (વિશ્વાસ)માં વધારો થાય છે.

શક્તિ સાધનામાં આમ્નાયોનું ખૂબ જ મહત્વ છે. આ દૃષ્ટિથી વેદ વેદાંગ અનુમોદિત ઓંકારની અમરતા, સભયતા, શાશ્વતતા, દાતૃત્વ અને મહત્તાને કારણે જ આગમોમાં પણ એનું વિસ્તારથી ચિંતન થયેલું છે. માનવી અંતઃપ્રજ્ઞા અને કલ્પનાને સીધો સ્પર્શ કરનારી પ્રતીક વિદ્યા યુગોની સાધના, નિરન્તર સ્વાધ્યાય અને યૌગિક અન્વેષણોથી અનુપ્રાણિત છે. મહાશૂન્યમાં અવિરત ચાલી રહેલી સૃષ્ટિ અને પ્રલયની વિરાટક્રીડાના વૈજ્ઞાનિક સત્યનો સાક્ષાત્કાર કરાવવાની દૃષ્ટિથી જ ભાવના મૂર્તિની સૃષ્ટિ થઈ છે. ઓંકારની આકૃતિ સ્વરૂપા સૃષ્ટિ હોવાથી પૂર્વ આગમોમાં અનેક વિધ ચિન્તન પ્રસ્તુત થયાં છે. તેમાં 'કામકલાત્મક' શિવની સ્તુતિ કરતા એવા પાશુપત સ્તોત્રમાં ઓંકારની આગમિક આકૃતિ વ્યવસ્થાનું વર્ણન આ પ્રમાણે છે. -

❖ ઓંકારની આકૃતિ વ્યવસ્થા ❖

अम्बारख्यां पूर्वपीठे प्रकृतिमय महाशक्ति रुपामकारां,
दक्षेपीठे अम्बिकाख्यां विकृतितनुमयीं शक्ति रुपामुकाराम् ।
शक्तिं चाम्बालिकाख्यां शुभकृतिमयीं विष्णुमायां प्रतीच्यां ,
नादे विद्यामविद्यां द्वितीय सुशिखरे चोतरोर्ध्वे नमामि ॥१॥

बिन्दो ब्रह्मात्मरुपं परशिव परमाकार रुपं महेश,
तत्त्वा तस्यान्तरस्थां त्रिपुर पदयुतां सुन्दरी नौमि दित्याम् ।
एव पूर्ण स्वरुपं प्रणव मनुममयं शुद्ध बोधैक गम्यं,
वन्दे शक्त्याश्च शंभोः समरसमुदितं सर्व बीजैकनाथम् ॥

– 'પૂર્વપીઠમાં પ્રકૃતિમય અમ્બા તરીકે ઓળખાતી મહાશક્તિ અકાર રૂપ છે. દક્ષિણપીઠમાં વિકૃત શરીરવાળી અંબિકા તરીકે ખ્યાતનામ શક્તિ ઉકાર રૂપ છે. પશ્ચિમમાં શુભ્રાકૃતિમયી વિષ્ણુમાયારૂપ શક્તિ છે. તે અંબાલિકા તરીકે પ્રસિદ્ધ છે. ઉત્તરદિશામાં બીજા સુંદર શિખર ઉપર નાદરૂપા, વિદ્યા-અવિદ્યાનામક શક્તિ વિરાજમાન છે. તેને હું પ્રણામ કરું છું.'

'પરશિવ પરમાકાર રૂપ, બ્રહ્માત્મરૂપ મહેશ બિંદુ સ્વરૂપે રહેલા છે. બધાં તત્ત્વો તેની અંદર સમાયેલાં છે. એવી ત્રિપુરપદયુક્ત (ત્રિપરસુંદરી) જે દિવ્ય સ્વરૂપા છે તેને હું નમન કરું છું. આ પ્રમાણે પૂર્ણ સ્વરૂપ પ્રણવ (ઊંકાર) મનોમય શુદ્ધ બોધ ગમ્ય છે તે શક્તિ અને શિવના સમરસથી યુક્ત (આનંદમય) એવો જે સર્વબીજોનો સ્વામી (ઊંકાર) છે તેને મારા વંદન હજો.'

આ પ્રમાણે ઊંકાર સર્વ બીજોનો સ્વામી છે, શક્તિ અને શિવના સામરસ્યથી ઉદિત થયેલ છે, શુદ્ધ બોધ દ્વારા તે જાણી શકાય છે અને ઊં ની આકૃતિમાં પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ તથા ઉર્ધ્વ એ પાંચ પ્રકારના આમ્નાયોની વ્યવસ્થા બતાવવામાં આવી છે. આ રીતે ઊંકારની આકૃતિઓનું રહસ્ય અત્યન્ત વિસ્મય પમાડનારું છે.તંત્રશાસ્ત્રમાં આમ્નાય વ્યવસ્થા 'શ્રીકલ્પ' અને 'કાલીકલ્પ'ના રૂપમાં પ્રસ્તુત થઈ છે. અને તે પ્રમાણે જે કલ્પમાં જે દીક્ષિત હોય છે તે તેની આકૃતિ અને આમ્નાયક્રમથી ઉપાસના કરે છે.

❖❖❖

૬

પુરાણોમાં ૐકાર

વેદોનું તત્ત્વજ્ઞાન તેમજ તેની ભાષા સર્વજન સુલભ નથી. વૈદિક સિદ્ધિની વિશદ વ્યાખ્યા કથા શૈલીમાં પુરાણોમાં પ્રાપ્ત થાય છે. વૈદિક તત્ત્વજ્ઞાન પણ પુરાણોમાં વિસ્તૃત આખ્યાયિકાઓ દ્વારા વર્ણવેલ છે. વેદ સર્વ સાધારણ લોકોની સમજણમાં આવતા ન હોવાથી, તે વિચારો સર્વ સાધારણ મનુષ્ય સુધી પ્રસારિત કરવાનું કામ પુરાણ ગ્રંથોએ કર્યું છે.



એટલે ભારતીય અધ્યાત્મ સાહિત્યમાં પુરાણોનું મહત્ત્વપૂર્ણ સ્થાન છે. સૃષ્ટિની ઉત્પત્તિના ઈતિહાસથી માંડીને ખગોળ, ભૂગોળ સહિત, જ્ઞાન-વિજ્ઞાનથી ભરપૂર પુરાણ ગ્રંથોમાં અનેકવિધ વિદ્યાઓ અને ઉપાસનાઓનું પણ વિસ્તૃત વર્ણન પ્રાપ્ત થાય છે. તે જ પ્રમાણે ૐકારની ઉત્પત્તિ, મહત્તા અને ઉપાસના વિષે પણ વિસ્તૃત માહિતી પુરાણ ગ્રંથોમાંથી પ્રાપ્ત થાય છે.

❖ વિષ્ણુપુરાણમાં ૐકાર ❖

'વિષ્ણુપુરાણ'માં પ્રણવ અને ભગવાન વિષ્ણુનું પ્રતિપાદન આ પ્રમાણે પ્રાપ્ત થાય છે.

ૐકારः भगवान् विष्णुः त्रिधामा वचसां पतिः ।
तदुच्चारणतस्तेतु विनाश यान्ति राक्षसाः ॥

ૐકાર ભગવાન વિષ્ણુ છે, ૐકાર જ ત્રણે ધામોમાં વિદ્યમાન છે, ૐકાર જ વાણીના પતિ વેદ યા બ્રહ્મા છે. આ ૐ નામનું ઉચ્ચારણ કરવાથી

રાક્ષસોનો નાશ થાય છે. અન્ય પુરાણોમાં પણ પરબ્રહ્મ પરમાત્મા અને ૐકાર ના અભેદ સ્થાપિત કરનારા પ્રમાણો મળે છે.

'હરિવંશપુરાણ'માં પુષ્કર ક્ષેત્રમાં સ્થિત ભગવાન શ્રીકૃષ્ણની મુનિઓ દ્વારા સ્તુતિ કરવાનો પ્રસંગ આવે છે, જેમાં તે મુનિગણ ભગવાનનું પૂજન કરી સ્તુતિ કરે છે કે -

त्वम् ॐकारो वषट्कारस्त्वं यज्ञस्त्वं पितामहः ।
त्वं ज्योतिर्ब्रह्मणो मूर्तिस्त्वं ब्रह्मा रुद्र एव च ॥

આપ ૐકાર છો, આપ જ વષટ્કાર છો, આપ જ યજ્ઞ અને પિતામહ છો. આપ જ જ્યોતિ સ્વરૂપ બ્રહ્મમૂર્તિ છો, આપ જ બ્રહ્મા અને રુદ્ર પણ છો, અર્થાત સર્વદેશાત્મક છો.

'અગ્નિપુરાણ'માં વર્ણન મળે છે -

प्रणवाद्याश्च नामाद्यमक्षरं बिन्दु संयुतम् ।
ओम् युता वै सर्वमन्त्राः पूजनाज्जपतः स्मृताः ॥

સર્વ મંત્રોના આદિમાં પ્રણવ અને નામના અક્ષર બીજથી સંયુક્ત હોય છે. સર્વ મંત્રોને ૐ થી સંયુક્ત કરીને પૂજન અને જપમાં પ્રયોગ કરવો જોઈએ.

આ જ પુરાણના અઠ્ઠાવીસમા અધ્યાયમાં જણાવ્યું છે કે

ॐकारं वाचकं विष्णोः ।

'ૐકાર એ ભગવાન વિષ્ણુનો વાચક છે.'

આ જ પુરાણમાં આગળ કથન છે કે -

ॐ युतं वा सर्वामन्त्राः पूजनाज्जपतः स्मृताः ।
होमत्तिलधृताधैश्च धर्मकामार्थ मोक्षदा : ॥
(अग्नि. २१/३६)

ૐકારની સાથે બધા મંત્રો જોડીને પૂજન જપ તથા તલ અને ઘી વડે હોમ કરવાથી ધર્મ, અર્થ, કામ અને મોક્ષની પ્રાપ્તિ થાય છે.

❖ અગ્નિપુરાણમાં ઓંકાર ❖

આગળ અગ્નિપુરાણમાં કથન છે કે

ઓંકારં યો વિજાનાતિ, સ યોગી સ હરિઃ પુમાન્ ।
ઓં કારમભ્યસેત્ તસ્માત્ મન્ત્રસારં તુ સર્વદમ્ ॥
સર્વમન્ત્ર પ્રયોગેષુ, પ્રણવઃ પ્રથમઃ સ્મૃતઃ ।
ઓં કાર પરમો મન્ત્રસ્તં જપ્ત્વા ચામરો ભવેત ॥

– 'જે પુરુષ ઓંકારને યથાર્થ રીતે જાણે છે, એટલે કે તેનું તત્ત્વ અને ધ્યાન વડે સ્વસંવેદન કરે છે, તે જ ખરો યોગી છે. અને તે જ સાક્ષાત્ હરિ છે. તેથી સર્વ મંત્રોમાં શ્રેષ્ઠ અને સર્વ વસ્તુઓને આપનાર એવા ઓંકાર મંત્રનો નિત્ય અભ્યાસ કરવો આવશ્યક છે.'

– 'સર્વ મંત્રોમા ઓંકારને પ્રથમ કહેલો છે. એટલે તેનું સ્મરણ સર્વ પ્રથમ કરવું જોઈએ. ખરેખર, ઓંકાર એ પરમ મંત્ર છે. તેનો જપ કરીને, અર્થાત્ જપ કરતા રહેવાથી મનુષ્ય દેવત્વને પ્રાપ્ત કરી અમર બની જાય છે. તેને ફરી ફરી જન્મ-મરણની સ્થિતિ પ્રાપ્ત જ ન થાય એવું બને છે.'

અગ્નિપુરાણ (૨/૯૪)માં શ્રી ભગવાન ધન્વતરિ કહે છે – ઓંકાર સર્વોત્કૃષ મંત્ર છે. જેનો જપ કરવાથી મનુષ્યને અમરત્વનો બોધ થાય છે અને છેવટે દેવતાઓની માફક અમર થઈ જાય છે.

આ જ પુરાણના (૨/૨૧૫)માં અગ્નિદેવનું કથન છે – 'જે પુરુષ ઓંકારને જાણે છે, તે યોગી અને વિષ્ણુ સ્વરૂપ છે. એટલા માટે સંપૂર્ણ મંત્રને સારસ્વત રૂપ અને સર્વ કંઈ આપનારો કહ્યો છે. સર્વ મંત્રોના પ્રયોગમાં ઓંકારનું સર્વ પ્રથમ સ્મરણ કરવામાં આવે છે. જે કર્મ ઓંથી યુક્ત છે, તે પરિપૂર્ણ છે. અને એના વગર કોઈપણ કર્મ પૂર્ણતા પામતું નથી. તેનો અવશ્ય અભ્યાસ કરવો જોઈએ.'

આ જ પુરાણના અધ્યાય (૨/૨૭૨)માં પ્રણવનું મહિમાગાન કરતાં અગ્નિદેવ કહે છે – એ એકાક્ષર (ઓંકાર) જ પરમ તત્ત્વ છે. એ પ્રણવને જાણીને

જે વસ્તુની ઈચ્છા કરવામાં આવે છે, તેની પ્રાપ્તિ થાય છે. આ પ્રણવનો છંદ ગાયત્રી છે, અંતર્યામિ ઋષિ છે. પરમાત્મા દેવતા છે તથા ભોગ અને મોક્ષની સિદ્ધિને માટે એનો વિનિયોગ કરવામાં આવે છે. જે મનુષ્ય પ્રતિદિન બાર હજાર જપ કરે છે, તેને બાર મહિનામાં પરબ્રહ્મનું જ્ઞાન થઈ જાય છે.

'બ્રહ્મવૈવર્ત પુરાણ' માં ઈન્દ્ર દ્વારા આ શબ્દોમાં શ્રીકૃષ્ણની સ્તુતિ કરવામાં આવી છે -

अक्षरं परमं ब्रह्म ज्योतिः रुपं सनातनम् ।
गुणातीतं निराकारं स्वेच्छामयमन्तकम् ॥

- આપ સ્વયં અક્ષર (ઓંકાર) પર બ્રહ્મ છો, જ્યોતિ સ્વરૂપ સનાતન છો. ગુણાતીત અને આકારરહિત છો તથા સ્વેચ્છાથી જ અનન્તરૂપ ધારણ કરવા માટે સમર્થ છો.

❖ બૃહદ નારદીય પુરાણમાં ઓંકાર ❖

'બૃહદ નારદીય પુરાણ' માં જણાવ્યા પ્રમાણે -

अकारं ब्रह्मणोरुपमुकारं विष्णुरूपवत् ।
मकारं रुद्ररूपं स्यादर्धमात्र परात्मकम् ॥

- 'અકાર, બ્રહ્મરૂપ, ઉકાર વિષ્ણુરૂપ અને મકાર રૂદ્રરૂપ છે તેમજ અર્ધમાત્રા પરાશક્તિ રૂપ છે.'

શ્રીમદ્ ભાગવત્ મહાપુરાણઃ

❖ શ્રીમદ્ ભાગવતમાં ઓંકારની વ્યાખ્યા ❖

શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે કે - **'वेदः प्रणव एवाग्रे /** સૃષ્ટિના પ્રારંભમાં પ્રણવ જ વેદ હતો. વળી ત્યાં એમ પણ કહ્યું છે કે - **'स सर्व मन्त्रोपनिषद वेदबीजं सनातनम् /** તે ઓંકાર સર્વ વેદ અને ઉપનિષદ્ તથા સર્વ મંત્રોનું સનાતન બીજ છે.

'શ્રીમદ્ ભાગવત્' (૫/૫/૧૯) અનુસાર કથન છે કે -

गुरुर्न स स्यात् स्वजनो न स स्यात्,
पिता न स स्यात्जननी न सा स्यात्' ।
'देवं न तत् स्यान्न पतिश्च स स्यान ,
न मोचयेद्यः समुपेत मृत्युम्' ॥

- તે ગુરુ ગુરુ નથી, તે સ્વજન નથી, પિતા યા માતા પણ નથી, દેવતા યા પતિ પણ નથી, જે સંસારમાં ફસાયેલા જીવને મુક્ત કરી શકતા નથી.

સદ્‌ગુરુના ઉપદેશથી બધા સંકટો દૂર થઈ જાય છે. ત્યારે તે મનુષ્ય મનુષ્ય નથી રહેતો, દેવ બની જાય છે. જ્યારે ઉચ્ચ અવસ્થામાં પહોંચે છે ત્યારે તેના માટે બ્રહ્મથી ભિન્ન ક્યાંય કંઈજ બચતું નથી. ક્યાંયે અન્ય કંઈજ દેખાતું નથી. આ છે ઓંકાર ઉપાસનાની ફળશ્રુતિ.

શ્રીમદ્ ભાગવત્‌ના અગિયારમાં સ્કંધમાં ભગવાન શ્રીકૃષ્ણ સ્વમુખે પોતાના પરમ સખા ઉધ્ધવજીને કહે છે કે -

आदौ कृतयुगे वर्णा नृणां हंस इति स्मृतः ।
कृतकृत्याः प्रजा जाता तस्मातकृतयुगं विदुः ॥
वेदः प्रणव एवाग्रे धर्मोऽहं वृषरूप धृक् ।
उपासते तपोनिष्ठं हंसे मां मुक्त किल्बिषाः ॥

- આદિકાળમાં સત્યયુગ (કૃત યુગ)માં મનુષ્ય જાતિ હંસ એવા નામથી ઓળખાતી, આ કૃતકૃત્ય પ્રજાના જન્મથી તે કાળ કૃતયુગ (સત્યયુગ) તરીકે જાણીતો થયો. પ્રથમ તો વેદરૂપ પ્રણવ જ હતો. વેદો હતા નહીં. હું પોતે વૃષભ રૂપધારી ધર્મ હતો. તપોનિષ્ઠ હંસરૂપી જીવાત્માઓ મુક્તિ માટે મારી (ઓંકાર) ની જ ઉપાસના કરતા હતા. અહીં યાદ રાખવું ઘટે કે પ્રણવ અને હંસ ઓંકાર બ્રહ્મના જ પર્યાયવાચક શબ્દો છે. અહીં એ વાત પણ સ્પષ્ટપણે સમજાય છે કે 'પ્રણવ ઉપાસના' આદિ સતયુગથી યુગો-યુગોમાં (પ્રત્યેકયુગમાં) થતી આવી છે.

શ્રીમદ્ ભાગવતના દ્વાદશ સ્કંધમાં ઓંકાર સ્વરૂપની વ્યાખ્યા પ્રમાણે ઉપલબ્ધ થાય છે. -

समाहितात्मनो ब्रह्मन् ब्रह्मणः परमेष्ठिनः ।
हृद्याकाशादभुन्नादो वृत्तिरोधाद्विभाव्यते ॥३७॥
यदुपासनया ब्रह्मन् योगिनो मलमात्मनः ।
द्रव्यक्रियाकारणाख्यं त्वा यासत्यपुनर्भवम् ॥३८॥
ततोऽभूद विवृदोंकारो योऽव्यक्तः प्रभवः स्वराट् ।
यत्तल्लिंगं भवती ब्रह्मणः परमात्मनः ॥३९॥
स्वधाम्नी ब्रह्मणः साक्षाद्वान्त्कः परमात्मानः ।
स सर्वमन्त्रोपनिषद् वेद बीजं सनातनम् ॥४०॥

- હે બ્રહ્મન ! જ્યારે પરમેષ્ઠી બ્રહ્મએ પોતાની ચિત્તવૃત્તિઓનો નિરોધ કર્યો, ત્યારે તેઓના હૃદયાકાશમાં નાદનો ઉદ્‌ભવ થયો. બ્રહ્માજી દ્વારા ચિત્તવૃત્તિઓનો નિરોધ થતાં તે દિવ્ય નાદની પ્રતીતિ થઈ. હે બ્રહ્મન્ ! જેની ઉપાસનાથી યોગીજન પોતાની સમસ્ત ભૂલો (દુસ્સંકારો, વાસનાઓ) ને શુદ્ધ કરી મુક્તિ - લાભ કરી શકે છે, તે નાદ માત્ર 'અ,ઉ,મ' આ ત્રણ અક્ષરોથી યુક્ત ઓંકાર રૂપમાં વ્યક્ત થયો. હે સૌનક ! મૂળમાં તો એ અવ્યક્ત છે, સ્વરાટ્ છે. તે પરમાત્માનું પ્રતીક (લિંગરૂપ) છે. હે બ્રહ્મન ! પરમાત્માનો સાક્ષાત્ વાચક ઓંકાર જ છે, તે અન્ય સર્વ મંત્રોનું, ઉપનિષદો અને વેદોનું સનાતન બીજ છે. (૩૩-૪૦)

નાદનું ધ્યાન કેવી રીતે કરવું જોઈએ. એનું નિરૂપણ ભાગવતના અગિયારમા સ્કંધમાં આ પ્રમાણે પ્રાપ્ત થાય છે. -

हृद्यवच्छिन्नं ओंकारं घण्टानाद विशीर्णवत' ।
प्राणानोदीयं तत्राथ पुनः संवेशयेत् स्वरम् ॥

શાંત ચિત્તે એકાન્ત સ્થાનમાં બેસીને ઓંકારનું ધ્યાન કરતા રહી ઘંટાનાદની માફક કમળનાળની માફક (નિરંતર ટૂટ પડ્યા વગર) ઓંઓંઓંનું ઉચ્ચારણ કરવું. (નળી વાટે જેમ જળ પ્રવાહ વહેતો રહે તેવી રીતે) આ રીતે મનોમન જપ પ્રાણવાયુ (શ્વાસ-પ્રશ્વાસ)ની સાથે કરતા રહેવું જોઈએ. ભાવપૂર્ણ હૃદયથી પ્રાણાયામ કરતા રહી ઓંકારનું વારંવાર સ્મરણ કરવું અને તેમાં તન્મય બની પ્રવેશ કરવો, આ પ્રમાણે તીવ્રપણે ધ્યાન કરવાથી યોગ

સાધક-યોગીનું મન પરમ શાંતિનો અનુભવ કરે છે. સંસારની સમસ્ત ચિંતાઓ અંત આવે છે, સમસ્ત વિભ્રમ (સંશય) નિર્મૂળ થાય છે. દુઃખ થાય છે અને માનસિક તનાવ યા સંતાપ અને અવસાદનો નાશ થાય છે.

'શ્રીમદ્ ભાગવત'માં શ્રી હનુમાનજી દ્વારા જે રામની સ્તુતિ કરવામાં આવેલ તેમાં બે તથ્ય અધિક ધ્યાનાકર્ષક છે - પ્રથમ તો એ કે તેમનું સ્તવન **'ॐ नमो भगवते उत्तम श्लोकाय नमः ।'** થી આરંભ થાય છે. જેનો અર્થ છે "ઓંકાર સ્વરૂપ પવિત્ર કીર્તિવાળા ભગવાન રામને નમસ્કાર હો." વળી આગળ જણાવ્યું છે કે - "આ મૃત્યલોકમાં આપનો માનવ અવતાર કેવળ રાક્ષસોનો સંહાર કરવા માટે નહીં, પરંતુ એનો મુખ્ય ઉદ્દેશ્ય તો મરણશીલ લોકોને શિક્ષણ આપવા માટેનો છે. અન્યથા પોતાના જ સ્વરૂપમાં રમણ કરનાર આપ સાક્ષાત્ જગદીશ્વરને સીતાના વિયોગનું દુઃખ કેવી રીતે સંભવી શકે ?"

'શ્રીમદ્ ભાગવત'ના આઠમા સ્કંધના ચોથા અધ્યાયમાં જણાવ્યું છે કે-

उत्थाया पररात्रान्ते प्रयताः सुसमाहिता : ।
स्मरान्ते प्रणवं सत्यं मुच्यन्ति ह्येनसोऽखिलात् ॥६४॥

- રાત્રિના અંત પહેલાં બ્રાહ્મમુહૂર્તમાં સ્થિર મન વડે જે મનુષ્ય પ્રયત્ન પૂર્વક સત્ય સ્વરૂપ પ્રણવનો જપ કરે છે તે સમસ્ત પાપોથી મુક્ત થઈ જાય છે.

❖ કાલિકા પુરાણમાં ઓંકાર ❖

'કાલિકા પુરાણ'માં ઓંકારનું નિરૂપણ આ પ્રમાણે થયું છે -

'शास्त्रणां प्रणवः सेतुर्मात्राणां प्रणवः स्मृतः ।
स्त्रवत्यनोंकृतः पूर्वः परसताश्च विशीर्यते ॥
निःसेतु सलिलं यद्वत्क्षणान्निम्नं प्रगच्छति ।
मंत्रस्तयैव निः सेतुः क्षणात्क्षरति यञ्चनाम् ॥
चतुर्दशः स्वरी योऽसौ सेतुः ॐकार संज्ञकः ।
स चानुस्वार नादाभ्यां शूद्राणां सेतुरुच्यते ॥

- સર્વ પ્રકારના મંત્રોનો સેતુ (પુલ અથવા બંધ) પ્રણવ છે. જો ૐકાર રૂપી સેતુ જપના આદિમાં ન હોય તો તે જપ પતિત થઈ જાય છે. અને અંતમાં સેતુ ન રહેવાથી મંત્ર વિકીર્ણ (વેરવિખેર) થઈ જાય છે. એટલા જ માટે જપના આદિમાં અને અંતમાં સેતુ (પ્રણવ) યુક્ત જપ કરવા. જેવી રીતે સેતુ (પુલ) વગર જળ નીચે વહી જાય છે તેવી રીતે સેતુશૂન્ય મંત્ર પણ વિફળ થાય છે. સ્વરવર્ણના ચૌદમા અક્ષર **औ** માં નાદ-બિંદુ મેળવતાં જે **ऑं** બીજ બને છે. એને શૂદ્રોનો સેતુ કહેવામાં આવે છે.

❖ દેવી ભાગવતમાં ૐકાર ❖

'દેવી ભાગવત' પુરાણમાં જણાવ્યું છે કે -

तस्यांस्व विराट् शूद्र सैवेयं प्रकृतिः परा ।
तस्याः सकाशात्संजातोऽप्यर्धनारीश्वरस्ततः ॥

- તેઓ પરમાત્માના અંશભૂત છે, આ મહા વિરાટ્ અને શૂદ્ર વિરાટ્ (સ્વરાટ્) આદિ તથા તે પરમાત્મા પરાપ્રકૃતિ છે અને તે જ અર્ધનારીશ્વર રૂપ બની જાય છે.

વળી 'દેવી ભાગવત'માં એવું પણ કથન છે કે -

सैव प्रोक्तो भगवती सच्चिदानन्द रूपिणी ।
यज्ज्ञानाद्यास्य तपसा यदू भकत्या यस्य सेवया ॥
सावित्री देवमाता च वेदाधिष्ठचतृ देवताक् ।
पूज्या द्विजानां वेदज्ञा यज्ज्ञानाद्यस्य सेवया ॥

- તે જ ભગવતી સચ્ચિદાનંદ સ્વરૂપિણી કહેવામાં આવી છે, જેને જાણી લેવાથી ભક્તિ સહિત સેવા અને તપસ્યા કરીને દેવમાતા સાવિત્રી વેદોની અધિષ્ઠાત્રી દેવી થઈ છે. વિપ્રગણ તે જ વેદોને જાણનારી (ૐકાર રૂપ) સાવિત્રી-ગાયત્રી દેવીને જાણીને તેમની પૂજા કરે છે.

દેવી ભાગવતમાં એવું વર્ણન છે કે -

नमऽस्ते भुवनेशानि नमस्ते प्रणवात्मिके ।

सववेदान्त संसिध्यैय नमोः ह्रींकारमूर्तये ॥

- સર્વ વેદાન્તાદિ શાસ્ત્રો વડે પ્રતિપાદિત હે ભુવનેશ્વરી ! આપ જ પ્રણવ સ્વરૂપા અને હ્રીંકારની મૂર્તિ સ્વરૂપ છો. આવા આપને નમસ્કાર.

પદ્મ પુરાણમાં ૐકાર ઉપાસનાની ફળશ્રુતિ નીચે મુજબ દર્શાવી છે -

यावज्जीवं जपेन्मत्रं, प्रणवं ब्रह्मणो वपुः ।
ह्रस्यो दहति पापानि, दीर्घ शान्ति प्रदायकः ॥
प्लुतस्तु सर्वसिद्धिः स्यात्प्रणवस्त्रिविधः स्मृतः ॥

- જ્યાં સુધી સાધક સંસારમાં જીવે છે ત્યા સુધી તેણે પ્રણવ (ૐકાર)ના જપ-સ્મરણ કરતા રહેવું જોઈએ. પ્રણવના ઉપાંશુ (મંદ સ્વરમાં થતા) જપ સમસ્ત પાપ (જીવોના દુસંસ્કાર)નું હનન કરે છે. પ્રણવનું દીર્ઘ ઉચ્ચારણ, તાર સ્વરથી કરવામાં આવતું કીર્તન શાંતિ પ્રદાન કરનારું છે. પ્લુત ઉચ્ચારણથી સમસ્ત મનોરથોની સિદ્ધિ થાય છે. આ રીતે પ્રણવ સાધના ત્રણ રીતે કરવાનો સ્મૃતિ ગ્રંથોમાં ઉલ્લેખ છે.

'હરિવંશ પુરાણ' માં ભગવાન શ્રીકૃષ્ણના તપ કરવાનું એક વૃત્તાન્ત પ્રાપ્ત થાય છે કે - તેઓ કૈલાસ પર્વત પર માનસ સરોવરના કિનારે તપસ્યા કરવા લાગ્યા. તેમણે તે તપસ્યા બાર વર્ષ સુધી કરી. તે દિવસોમાં તેઓ ફળ અને શાકભાજીનો આહાર કરી વેદોનો સ્વાધ્યાય કરતા રહેતા હતા. જ્યારે તપસ્યા પૂર્ણ થઈ ત્યારે પૂર્ણાહુતિ સાથે તેમણે આરણ્યક મંત્રોના પાઠ કરતા રહી ૐકાર ઉચ્ચારણ કર્યું અને ધ્યાનમાં તલ્લીન થઈ ગયા. આથી એ સ્પષ્ટ થાય છે કે ભગવાન શ્રીકૃષ્ણ પણ ૐકારની ઉપાસના કરતા હતા. તેમની એ ઉપાસના ચાહે શિવરૂપમાં થઈ હોય, ચહે પ્રણવ રૂપમાં, એમાં કોઈ અંતર પડતું નથી. જેમકે -

आरण्यकं पठन्विष्णुः साक्षात्सर्वेश्वरो हरिः ।
आस्ते ध्यान परस्तत्र पाठन् प्रणवमुत्तमम् ॥

- આ લોકમાં '**प्रणवं उत्तमम्**' પદથી પ્રણવની જ સર્વોત્કૃષ્ટતા સિદ્ધિ થાય છે.

❖ બ્રહ્મપુરાણમાં ૐકાર ❖

બ્રહ્મ પુરામાં બ્રહ્માજી દ્વાદશ અક્ષર મંત્ર જપને પણ ત્યારે ફળદાયક બતાવે છે, જ્યારે તેમાં ૐકાર જોડવામાં આવ્યો હોય -

मही निपत्य सहसा ॐकारं द्वादशाक्षरम् ।
जपन् स मौनमास्थाय मासमेकं समाधिना ॥

- પૃથ્વી પર શ્રેષ્ઠ આસન લગાવી બેસવું અને ૐકાર યુક્ત દ્વાદશાક્ષર (બાર અક્ષર)ના મંત્ર - **'ॐ नमो भगवते वासुदेवाय'** ના જપ કરવા. એક માસ સુધી મૌન રહીને જપ કરવાથી તે સમયે સમાધિ જેવી અવસ્થા ઉત્પન્ન થઈ જાય છે. આ જપ માનસિક રૂપે કરવાના છે. આ મંત્રથી શ્રી કૃષ્ણ અને ૐકારની એકતા સિદ્ધ થાય છે.

લિંગુપુરાણમાં સ્પષ્ટ શબ્દોમાં નિરૂપણ છે કે - પ્રણવથી જ સર્વમંત્રોનો આવિર્ભાવ થયો છે. પ્રણવના વિરાટ્ સ્વરૂપથી તમામ મંત્રોની ઉત્પત્તિ થઈ છે. **ॐ**ને મસ્તક, અને **अ**કારને લલાટ કહેવામાં આવ્યું છે. **इ**કાર જમણી આંખ અને **ई**કાર ડાબી આંખ (નેત્ર) છે. **उ**કાર જમણો કાન અન **ऊ**કાર ડાબો કાન(શ્રોત્ર) છે. **ऋ**કાર જમણો અને **ॠ**કાર ડાબો કપોલ (ગાલ) છે. **ऌ**કાર અને **ॡ**કાર બંને નાસિકા (નાક) છે. **ए**કાર અને **ऐ**કાર ક્રમશઃ ઓષ્ઠ (હોઠ) અને અધર છે. **ओं**કાર ઉપરની દંતાવલિ અને **औं**કાર નીચેની દંતાવલિ (દાંતોની હારમાળા) છે. **अं**કાર અને **अः**કાર એ બંને તાલુ (તાળવાં) છે. **क**વર્ગ (ક થી ઙ સુધી) ના પાંચ વર્ણ તેના જમણા પાંચ હાથ છે. **च**વર્ગ (ચ થી ઞ સુધી)ના પાંચ વર્ણ ડાબા પાંચ હાથ છે. **ट**વર્ગ (ટ થી ણ સુધી)ના પાંચ અક્ષર અને **त**વર્ગ (ત થી ન સુધી)ના પાંચ અક્ષર તેમના બે ચરણ (પગ) છે. **प**વર્ગ (પ થી મ સુધી) ના **प**કાર પેટ, **फ**કાર જમણું પડખું (પાર્શ્વ), **ब**કાર ડાબું પડખું (પાર્શ્વ), **भ**કાર સ્કંધ અને **म**કારને હૃદય માનવામાં આવ્યું છે. **य**વર્ગ (ય થી સ સુધી)ના સાત ધાતુ, **ह**કાર (ભરૂપ-આત્મા) અને **क्ष**કાર ક્રોધ રૂપ છે. આ રીતે બધા અક્ષર (વર્ણો) પ્રણવના અંગ અને અંશભૂત છે. એ ૐકાર જ સર્વ મંત્રોનું મૂળ, સર્વ મંત્રનો જનક

અને સર્વમંત્રોનો શિરોમણિ છે.

'માર્કણ્ડેય પુરાણ'ના બેતાલીસ (૪૨)માં અધ્યાયમાં ઓંકારનું વિસ્તૃત વર્ણન આ મુજબ પ્રાપ્ત થાય છે -

જે વિશ્વરૂપ વિશ્વેશ્વર અને વિશ્વભાવન પ્રત્યક્ષ પરમાત્મા છે તેના વિશ્વપાદ, શિર (મસ્તક) અને ગળું છે. તેને પ્રાપ્ત કરવા માટે -

'तत्प्राप्तये महत्पुण्यमोंमित्येकाक्षरं जपेत् ।
तदेव अध्ययनं तस्य स्वरूपं श्रृणवतः परम् ॥

- મોટા પુણ્યને આપવાવાળા એકાક્ષર ઓંકારનો જપ, તેનુ અધ્યયન, તેના પરમ સ્વરૂપનું શ્રવણ કરવું જોઈએ.

अकारश्च तथाकारा मकारश्चाक्षर त्रयम् ।
एतास्त्रिस्त्रः स्मृतामात्राः सात्वराजसतामसाः ॥

- તેની અકાર, ઉકાર, મકાર એ ત્રણ માત્રાઓ સત્વ, રજસ અને તમસ ગુણોવાળી કહેવાય છે.

निर्गुणा योगीगम्यान्याचाधर्ममात्रोर्ध्व संस्थितां ।
गान्धारीती च विज्ञेया गान्धार स्वरसश्रया ॥

- ઓંકારની એક અર્ધમાત્રા છે, તે ત્રણે ગુણોથી પર, ઉર્ધ્વમાં અવસ્થિત યોગીઓ દ્વારા ગમ્ય (જાણી શકાય તેવી) છે, તેમાં ગાંધાર સ્વરનો આશ્રય હોવાથી એ ગાંધારી નામે પ્રસિદ્ધ છે.

पिपीलिका गति स्पर्शी प्रयुक्ता मूर्ध्नि लक्ष्यते ।
यथा प्रयुक्ता ॐकार प्रतिनिर्याति मूर्ध्धनि ॥

- આ માત્રા પિપીલિકા (કીડી) સમાન ગતિ અને સ્પર્શ કરનારી છે, તે શિરોભાગમાં વર્તાય છે, ઓંકારનો યુક્તિપૂર્વક કરવાથી તે શિરોભાગ તરફ આગળ જતી અનુભાવાય છે.

तया ॐकारमयो योगी त्वक्षरेताक्षरोभवेत् ।
प्राणो धनुः शरोह्यात्मा ब्राह्मवेध्यमनुत्तमम् ॥

- આ પ્રમાણે ઓંકાર મુક્ત યોગી અક્ષર-અક્ષરમાં ઓંકાર રૂપ થાય છે.

પ્રાણ ધનુષ રૂપ, આત્માને બાણરૂપ અને બ્રહ્મને વેધ્ય લક્ષ્યરૂપે ધ્યાન કરે છે.

अप्रमत्ते न वेद्धव्यं शरवत्तन्मयोभवेत् ।
ॐ इति एतत्त्रयो वेदाः त्रयो लोकास्त्रयोऽग्नयः ॥

- પ્રમાદ રહિત થઈને જ બાણની માફક બ્રહ્મનો વેધ કરવામાં તન્મય થઈ શકે છે, ૐકાર જ ત્રણવેદ, ત્રણલોક અને ત્રણ અગ્નિ સ્વરૂપ છે.

विष्णु ब्रह्मा हरश्चैव ऋक्सामांनि यजूंषिच ।
मात्राः सार्ध्दाश्चतिस्त्रश्च विज्ञेयाः परमार्थयः ॥

- બ્રહ્મા, વિષ્ણુ, શિવ તથા ઋક, યજુઃ, સામ સ્વરૂપ છે. પરમ અર્થથી ૐકારની સાડાત્રણ માત્રાઓ છે.

तत्रयुक्तस्तु यो योगी स तल्लयमवाप्नुयात् ।
अकारः अवस्थ भूर्लोक उकारश्च उच्यतेभुवः ॥

- તે પ્રણવથી યુક્ત યોગી જે છે તે તેમાં જ લય પ્રાપ્ત કરે છે, લીન થાય છે. અકાર ભૂલોક, ઉકાર ભુવર્લોક તથા વ્યંજન યુક્ત મકાર માં સ્વર્લોક રહેલા છે.

सव्यंजन ॐकारश्च स्वर्लोकः परिकल्प्यते ।
व्यक्ता तु प्रथमा मात्रा द्वितीया व्यक्त संसिता ॥
मात्रा तृतीया चित्शक्ति अर्धमात्रा परं पदम् ।
अनेनैव क्रमेणेता विज्ञेया योगभूमयः ॥

તેની પ્રથમ માત્રા વ્યક્ત, બીજી અવ્યક્ત, ત્રીજી ચિતશક્તિ અને ચોથી પરમ પદ છે. આ પ્રમાણે ક્રમ પૂર્વક એને યોગની ભૂમિકા સમજો.

ॐइति उच्चारणात्सर्वगृहीतं सदद्भवेत् ।
ह्रस्वातु प्रथमा मात्रा द्वितीयादैर्घ्यसंयुता ॥
तृतीयाच पलुतार्धाख्या वचसः सानुगोचरा ।
इत्येदक्षरं ब्रह्म परमोंकार संहितम् ॥

- 'કેવળ ૐના ઉચ્ચારણ માત્રથી જ સદૈવ સત્-અસ્તનું ગ્રહણ થઈ જાય છે. તેની પ્રથમ માત્રા હ્રસ્વ, અને બીજી માત્રા દીર્ઘ છે, ત્રીજી માત્રા પ્લુત સ્વરૂપ

છે. અને અર્ધમાત્રાના સ્વરૂપનું વર્ણન થઈ શકતું નથી. એવા અક્ષર બ્રહ્મને ૐકાર તરીકે ઓળખવામાં આવે છે.'

એવા ૐકાર સ્વરૂપ પરબ્રહ્મને જાણીને યોગી તેનું ધ્યાન કરતો સંસાર ચક્રનું અતિક્રમણ કરે છે. ત્રણ પ્રકારના બંધનો તોડીને તે પરબ્રહ્મમાં લીન થાય છે. જો તેના કર્મબંધન ક્ષીણ ન થયા હોય તો અરિષ્ટ દ્વારા મૃત્યુકાળને જાણીને તે સમયે સ્મૃતિલાભ પૂર્વક યોગીત્વને ફરીથી પ્રાપ્ત થાય છે, એટલા માટે સિદ્ધ યા અસિદ્ધ કોઈપણ પ્રકારનો યોગી હોય તેને અરિષ્ટ જ્ઞાન થવું જ જોએ. કારણ કે અરિષ્ટ જ્ઞાનથી મરણ કાળે દુઃખ પ્રાપ્ત થતું નથી.

❖ વાયુપુરાણમાં ૐકાર ❖

'વાયુ પુરાણ'માં ૐકાર વિશેની વિગત આ પ્રમાણે ઉપલબ્ધ થાય છે

આ ૐ ત્રણ માત્રાવાળો સમજી લેવો જોઈએ. એમાં વ્યંજન જે હોય છે તે મુક્ત હોય છે. તેની માત્રાઓ પૈકી -

प्रथमा वैद्युती मात्रा द्वितीया तामसी स्मृता ।
तृतीया निर्गुणी विद्यान्मात्रामक्षरयामिनीम् ॥

- ૐ ની પ્રથમ માત્રા વૈદ્યુતિ, બીજી તામસી, ત્રીજી નિર્ગુણી હોય છે, આ પ્રમાણે અક્ષરોમાં ગમન કરનારી માત્રાઓને સમજવી આવશ્યક છે.

तथा प्रयुक्तं ॐकार प्रतिनिर्याति मूर्ध्वनि ।
तथा ॐकारमयो योगी ह्यक्षरे त्वक्षरी भवेत् ॥

- આ પ્રમાણે પ્રયોગમાં આવેલો ૐકાર મુર્ધ્ધા (મસ્તક)માં પ્રતિનિવૃત્ત થાય છે. આ રીતે આ ૐકાર થી પરિપૂર્ણ યોગી ક્ષરી (નાશવંત)માંથી અક્ષરી (નાશ રહિત) અમર બની જાય છે.

प्रणवो धनु धनुः शरो ह्यात्मा ब्रह्मतुलक्ष्यमुच्यते ।
अपमतेन वेद्धव्यं शरवत्तन्मयो भवेत् ॥

- પ્રણવ ધનુષ, આત્મા શર(બાણ) છે અને લક્ષ્ય સ્થાન બ્રહ્મ છે. અપ્રમત્ત અર્થાત્ પ્રમાદરહિત થઈ વેધ કરવામાં આવે તો સાધક તન્મય બની જાય છે.

ॐकारस्तु त्रयो लोकाः शीरस्तस्य त्रिविष्टपम् ।
भुवनान्तञ्च तत्सर्वं ब्राह्मं तत्पदमुच्यते ॥
मात्रावापदं रुद्रलोको ह्यमात्रस्तु शिवंपदम् ।
एवं ध्यान विशेषेण तत्पदं समुपासते ॥

- ઓંકાર જે ત્રણ લોક છે, તેનું મસ્તક ત્રિવિષ્ટપ હોય છે, તે સર્વ ભુવનાન્ત હોય છે. બ્રાહ્મ તેનું પદ કહેવાય છે. માત્રાપદ રુદ્રલોક છે. અને જે અભાવ છે તે શિવપદ હોય છે. આ પ્રમાણે ધ્યાનની વિશેષતાથી તેની સમુપાસના (સમાન પણે ઉપાસના) કરવામાં આવે છે.

એમાં આગળ ઓંકાર ઉપાસનાની વિશદ્ ફળશ્રૃતિનું વર્ણન છે કે - ઓંકાર એકાક્ષર બ્રહ્મ છે. જે એને યોગ્ય રીતે સમજે છે અને વારંવાર યોગ્ય રીતે તેનું ધ્યાન કરે છે તે સંસાર ચક્રમાંથી અને સમસ્ત બંધનોમાંથી મુક્ત થઈ જાય છે. અંતે અચલ નિર્ગુણ શિવલોકને નિઃસદેહપણે પ્રાપ્ત થાય છે. જેનું સંસારમાં પુનરાર્વન થતું નથી એવી મુક્તિ પામે છે.

❖ ભવિષ્યપુરાણમાં ઓંકાર ❖

'ભવિષ્ય પુરાણ' આ રીતે ઓંકાર મહિમા પ્રકાશિત કરે છે -

વેદ અધ્યયનના આરંભ અને અંતમાં પ્રણવનું ઉચ્ચારણ કરવું જોઈએ આ કરવામાં આવતું નથી ત્યારે અધ્યયન નિરર્થક રીતે સ્રવિત થઈ જાય છે, અને પછી વેરવિખેર થઈ જાય છે. હે રાજેન્દ્ર ! જે રીતે દ્વિજ ઓંકારને યોગ્ય મનાય છે. તેમના વિશે સાંભળો, અગાઉની કુળ પરંપરામાં પવિત્રતાપૂર્વક અથવા પાપ કર્મથી જે ઉપાસના કરવામાં આવતી હોય તેમાં જો ૐ યુક્ત ઉપાસના કરવામાં આવે તો તે, પવિત્ર થઈ દ્વિજત્વ પ્રાપ્ત કરે છે.

प्राणायामै स्त्रिभिः पूतस्ततस्त्वाकारमर्हति ।
ॐकार लक्षणं चापि श्रुणुष्व कुरुनन्दन ॥

- ત્રણ પ્રાણાયામ દ્વારા તે પવિત્ર થઈ જાય છે. અને ઓંકારને યોગ્ય થઈ જાય છે. હે કુરુનંદન! હવે ઓંકારના લક્ષણોને પણ શ્રવણ કરો. પ્રજાપતિ એ ત્રણે વેદોમાંથી અકાર, ઉકાર અને મકારનો સંગ્રહ કરીને અને ભૂર્ભુવઃ સ્વઃ

એનો સંગ્રહ કરીનેએની રચના કરી છે. ત્રણે વેદોથી પરમ પિતામહ પરમેષ્ઠિ પ્રજાપતિએ આ સાવિત્રી ઋચાનું પગલે પગલે દોહન કર્યું છે. આ પ્રણવનું અને વ્યાહૃતિઓથી સંપન્ન આ સાવિત્રીના બંને સંધ્યામાં જપ કરનાર વિપ્ર વેદપાઠ ના પુણ્યથી યુક્ત હોય છે, આ ત્રિકૂનો એક હજાર વાર બ્રાહ્મણ અભ્યાસ કરીને એકમાસમાં મહાન પાપમાંથી છૂટી જાય છે, જે પ્રકારે સર્પ પોતાની કાંચળીથી મુક્ત થાય છે. આ ચર્યાથી વિસંગત અને સમય પર કરવાની ક્રિયાથી રહિત એવો બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય સાધુપુરુષોમાં નિંદાને પાત્ર થતો રહે છે, તમે એકનિષ્ઠ મનવાળા બની બ્રહ્મના પરમ સુખનું શ્રવણ કરો.

ૐકાર પૂર્વિકા સ્તિસ્ત્રો મહાવ્યાહૃતિ વોઽવ્યયાઃ ।
ત્રિપદા ચૈવ સાવિત્રી વિજ્ઞેયા બ્રાહ્મણો મુખમ્ ।
યોઽધીતેઽહન્યન્યેતાં ત્રીણિ વર્ષાણ્યતન્દ્રિતઃ ॥
સ બ્રહ્મા પરમભ્યેતિ વાયુભૂતઃ ખમૂર્તિમાન્ ।
એકાક્ષરં પરં બ્રહ્મ પ્રાણાયામઃ પરમ તપઃ ॥

- જેના પૂર્વમાં ૐકાર હોય છે. એવી ત્રણે મહા વ્યાહૃતિઓ અવ્યક્ત હોય છે. ત્રણ પદોવાળી ત્રિપદા સાવિત્રીને બ્રહ્મનું મુખ સમજવી જોઈએ. જે એને પ્રતિદિન ત્રણવર્ષ સુધી જિતેન્દ્રિય થઈને પઠન કરે છે તે વાયુભૂત આકાશની મૂર્તિ બનીને પરમ બ્રહ્મને પ્રાપ્ત કરે છે. એક અક્ષર અર્થાત ૐકાર એ એકાક્ષર પરબ્રહ્મરૂપ થાય છે. અને પ્રાણાયામ સૌથી મોટું તપ છે.

❖ શિવપુરાણમાં ૐકાર ❖

'શિવપુરાણ'માં તો સર્વાધિક ૐકાર વિશે વર્ણન પ્રાપ્ત થાય છે. કારણકે ભગવાન શિવ જ ૐકાર સ્વરૂપે વ્યાપ્ત છે.

'શિવપુરાણ'માં શિવજી સ્વયં જ પાર્વતીજીને સંબોધન પૂર્વક કહે છે કે -

પ્રણવાર્થ પરિ નિમેવ જ્ઞાનં મદાત્મકમ્ ।
બીજં તતસર્વં વિદ્યાનાં મંત્રં પ્રણવનામકમ્ ॥
અતિસૂક્ષ્મં મહાર્થં ચ જ્ઞેયં તદ્ વટબીજવત્ ।
વેદાદિ વેદસારં ચ સદ્રુપં ચ વિશેષતઃ ।

- 'હે દેવ્ ! પ્રણવનું અર્થજ્ઞાન જ મારા સંબંધિત જ્ઞાન છે. પ્રણવમંત્ર જ સમસ્ત વિદ્યાઓનું બીજ છે. એ અત્યંન્ત સૂક્ષ્મ અને મહાન અર્થવાળું છે. વટવૃક્ષના બીજ સમાન જાણવા યોગ્ય છે. એ જ વેદાદિ શાસ્ત્રોના સારભૂત અને વિશેષ રૂપથી મારૂં જ સ્વરૂપ છે.'

तस्माद्र वेदादिरेवाहं वाहं प्रणवो मम वाचकः ।
वाचकत्वान्ममैषोऽपि वेदादिरिति कथ्यते ॥

- 'આટલા માટે જ ઓંકાર વેદાદિ શાસ્ત્રોમાં મારો જ વાચક છે. અને મારો વાચક હોવાને કારણે વેદાદિના મંત્રો એને (પ્રણવને એટલેકે મને) આદિ કહે છે.'

આગળ કથન છે કે -

प्रणवः सर्व वेदादिः प्रणवः शिव वाचकः ।
मंत्राधिराज राजश्च महाबीजं मनुः परः ॥

- 'સર્વ વેદો આદિમાં પ્રણવ જ છે, પ્રણવ જ શિવનો વાચક છે, પ્રણવ જ મંત્રરાજોનો અધિરાજ છે, એ જ સર્વમંત્રોનું મહાબીજ અને પરમ મંત્ર છે.'

ઓંકારનો ઉપદેશ કરતાં શિવપુરાણમાં શિવે પાર્વતીને કહ્યું છે કે -

ॐ इति एकाक्षरं ब्रह्म व्याहरन् मां त्वया सह ।
चिन्तयेत् मध्यतः तस्य नित्यं उद्युक्तमानसः ॥

- ઓં એકાક્ષર બ્રહ્મનું ઉચ્ચારણ કરતો રહી સાધક તમારી સાથે મારૂં ચિંતન પણ હૃદયાકાશમાં કરે છે.

અન્યત્ર પણ આ પુરાણમાં કથન છે કે -

एनं एव महामंत्र जीवानाश्च तनुत्यजाम् ।
काश्यां संश्रात्य मरणे दत्ते मुक्तिं परां शिवः ॥

- કાશીમાં મૃત્યુ પામનારા મનુષ્યોને ભગવાન શંકર આ ઓં મહામંત્ર દ્વારા જ મોક્ષ પ્રદાન કરે છે.

પ્રણવ અને શિવજ્ઞાનમાં કોઈ ભેદ નથી. તથ્યનું પ્રતિપાદન પણ પાર્વતી

પ્રતિ શિવજી આ રીતે કરે છે કે **'प्रणवार्थ परिज्ञानं एव ज्ञान मदात्मकम्'** અર્થાત્ 'પ્રણવનું અર્થજ્ઞાન મારું જ જ્ઞાન છે.' શિવજી સ્વયંમાં અને ૐકારમાં અભેદ પ્રતિપાદન કરતાં કહે છે કે **प्रणवः शिवः वाचकः ।'** પ્રણવ એ શિવનો જ વાચક છે.

'શિવપુરાણ'ની રૂદ્ર સંહિતામાં ૐકારથી જ બ્રહ્માંડ વ્યક્ત થયું તથા રૂદ્રના ચિંતનને કઠિન બતાવતા કહ્યું છે કે -

चिन्तया रहितो रुद्रो वाचो यन्मनसा सह ।
अप्राप्य यन्निवर्तन्ते वाच्यस्त्वेकाक्षरेण च ॥

- 'ભગવાન રૂદ્ર સહજ ચિંતનગમ્ય નથી એનું ચિંતન કરવામાં જ્યારે મન અને વાણીની નિવૃત્તિ થઈ જાય છે, ત્યારે એકાક્ષર ૐકારથી જ એનું જ્ઞાન થઈ શકે છે.'

'કૈલાસ સંહિતામાં મહર્ષિ વેદ વ્યાસજી સંસાર-સાગર પાર કરવાની આકાંક્ષા રાખનારા જિજ્ઞાસુઓને કહે છે કે -'

साधु प्रच्छमिदं विप्रा भवद्भिभाग्यक्तमे ।
दुर्लभं हि शिवज्ञानं प्रणवार्थ प्रकाशकम् ॥

- 'હે વિપ્રગણ! આપ ભાગ્યશાળી છો. જે એવો સુંદર પ્રશ્ન પૂછી રહ્યા છો. વસ્તુતઃ પ્રણવાર્થને પ્રકાશિત કરનારું શિવજ્ઞાન દુર્લભ જ છે.'

અન્ય પુરાણોમાં પણ ૐકાર અને પરમાત્માનો અભેદ સ્થાપિત થયેલો જોવા મળે છે. જો શંકા કરવામાં આવે કે શિવપુરાણ શિવને ૐકાર રૂપ કહે છે, વિષ્ણુ પુરાણ વિષ્ણુને તથા અન્યાન્ય પુરાણો જે દેવતા સાથે સંબંધકર્તા છે તેને પરબ્રહ્મ પરમાત્મા તથા પ્રણવનું સ્વરૂપ બતાવે છે. ત્યારે એનો નિર્ણય કેવી રીતે થઈ શકે કે ઈશ્વર (પરમાત્મા) કોણ છે ? કોણ પ્રણવાત્મક પરમાત્મા છે ? આનો ઉત્તર આપણને શિવપુરાણના નીચેના શ્લોકમાં સહજ પણે પ્રાપ્ત થાય છે -

त्रिधाभिन्नोह्यहं विष्णो ब्रह्मा विष्णु हराख्या ।
सर्गरक्षालय गुणै निष्कलोऽहं सदा हरे ॥

- 'હે વિષ્ણો ! હે હરિ ! સૃષ્ટિની ઉત્પત્તિ, સ્થિતિ અને સંહાર ગુણોના

કારણે મારા જ બ્રહ્મા, વિષ્ણુ, અને શિવ એ ત્રણ ભેદ થયા છે. વસ્તુતઃ તો હું સદૈવ ભેદરહિત જ છું.'

तमादि देवमजरं केचिदाहुः शिवाभि धामम् ।
केचिद् विष्णुं सदा सत्यं ब्राह्मणं केचिदुच्यते ॥

- 'તે અનાદિ, અજર પરમાત્માને કોઈ શિવ, કોઈ વિષ્ણુ, કોઈ બ્રહ્મા કહે છે.'

આથી સ્પષ્ટ થાય છે કે સર્વ દેવી-દેવતા પરબ્રહ્મ પરમાત્માના જ પ્રતિનિધિ સ્વરૂપ છે. જેનો આવિર્ભાવ પ્રણવની વિભિન્ન માત્રાઓથી જ થયો છે.

વળી શિવપુરાણમાં કહ્યું છે કે -

प्रणवः सर्ववेदादिः प्रणवः शिववाचकः ।
शिवो प्रणवो ह्येष प्रणवो वा शिवः स्मृतः ॥
वाच्य वाचक केयोर्भेदो नात्यन्तं विद्यते यतः ।
तस्माद एकाक्षरं देवं शिवं परमकारणम् ॥

- 'પ્રણવ સમસ્ત વેદોનો આદિ છે. પ્રણવ શિવ (કલ્યાણ સ્વરૂપ પરમાત્મા) વાચક નામ છે. શિવ અથવા પ્રણવ, પ્રણવ અથવા શિવ બંને એકજ છે એવી સ્મૃતિગ્રંથોની પણ માન્યતા છે. તે યાદ રાખવું ઘટે.'

'જોકે વાચ્ય વાચકમાં અધિક અંતર નથી. તત્ત્વતઃ બંને એક જ છે, એક સિક્કાની બે બાજુ જેવું છે, એટલા માટે એકાક્ષર ઓં જ સૃષ્ટિનું એક માત્ર પરમ કારણ છે. તે જ શિવ છે, એક માત્ર દેવતા છે. તેનાથી ભિન્ન કોઈ દેવ નથી.'

'શિવ પુરાણ વિશ્વેશ્વર સંહિતાના દશમા અધ્યાયમાં નીચે મુજબની વિગત પ્રાપ્ત થાય છે -'

'ભગવન શિવ બ્રહ્મા અને વિષ્ણુને કહે છે કે - મેં પૂર્વકાળમાં પોતાના સ્વરૂપ ભૂત મંત્રનો ઉપદેશ કર્યો છે. જે ઓંકારના રૂપે પ્રસિદ્ધ છે. તે મહા માંગલ્યકારકં છે. સર્વ પ્રથમ મારા મુખમાંથી ઓંકારનું પ્રાકટ્ય થયું છે, જે મારા સ્વરૂપનો બોધ કરાવનારો છે. ઓંકાર વાચક છે અને હું વાચ્ય છું.

આ મંત્ર મારૂં સ્વરૂપ છે. નિત્ય નિરંતર ઓંકારનું સ્મરણ કરવાથી મારૂં જ સ્મરણ થાય છે.'

આથી આગળ થોડી વધુ સ્પષ્ટતા કરતાં જણાવ્યું છે કે -

सूत उवाच प्रा हि प्रकृति जालस्य संसारस्य महोदधेः ।
नवं नावान्तरमिति प्रणवं वै विदुर्बुधाः ॥ १०/४॥
न प्रपंचो न नाऽस्ति वो युष्माकं प्रणवं विदुः ।
प्रकर्षेण नयेद यस्मान् मोक्षं व प्रणवं विदुः ॥१७/५॥

સૂતજીએ કહ્યું

(૧) - અહીં **પ્ર** - પ્રકૃતિ વાચક છે. પ્રકૃતિની લીલા રૂપે સંસાર સાગર છે. તેને પાર કરવા માટે (તરવા માટે) **'નવ'** અર્થાત્ નૌકા (હોડી) સમાન છે જેથી વિદ્વાન પુરુષો તેને પ્રણવ કહે છે.

(૨) અથવા ઓંકાર પોતાના જપ કરનાર જાપકને બોધરૂપે સૂચવે છે કે **પ** = પ્રપંચ, **ન** = નથી, **વઃ** = તમને - તમારા માટે હે ઉપાસકો ! હવે તમારા માટે સંસારનો કોઈ પ્રપંચ નથી. તાત્પર્ય એટલું જ કે તમે સંસાર - સાગર તરીને જરૂર પાર ઊતરી જવાના. તેથી પણ પંડિતો તેને પ્રણવ કહે છે.

(૩) અથવા જે પ્રકર્ષપણે, **ન** - નયેત્-મોક્ષ તરફ દોરી જાય છે. **વઃ** - તમને ઉપાસકોને બળપૂર્વક મોક્ષ સુધી લઈ જનારો હોવાથી યથાર્થ રીતે પંડિતો તેને 'પ્રણવ' કહે છે.

આગળ જણાવ્યું છે કે -

स्वजापकानां योगिनां स्वमंत्र पूजकस्य च ।
सर्व कर्मक्षयं कृत्वा दिव्यज्ञानं तु नूतनम् ॥
तमेव मायारहितं नूतनं परिचक्षते ।
प्रकर्षेण महात्मानं नवं शुद्धस्वरूपकम् ॥
नूतनं वै करोतीति प्रणवं तं विदुर्बुधाः ।

- પોતાના જપ કરનારા યોગીઓ અને સ્વમંત્ર (ઓંકાર)ની પૂજા કરનારાઓના પોતાના કર્મનો ક્ષય કરીને નૂતન દિવ્યજ્ઞાન આપનારો

હોવાથી પ્રણવ કહેવામાં આવે છે. તે માયભરહિત હોવાથી પ્રણવ નૂતન કહેવાય છે.

પ્રકૃષ્ટતાપૂર્વક મહાત્માઓને નવીન શુદ્ધ સ્વરૂપ આપનારો હોવાથી, જીવનનું નૂતન પરિવર્તન કરનારો હોવાથી વિશેષ બુદ્ધિવાળા પંડિતો તેને પ્રણવ કહે છે.

ब्रह्मादि स्थानावन्तानां सर्वेषां प्राणिनां खलु ।
प्राणः प्रणव एवायय तस्मात्प्रणव इरितः ॥

- બ્રહ્માદિથી આરંભીને સ્થાવર પર્યન્ત એ સંપૂર્ણ પ્રણીઓનો પ્રાણ હોવાથી એનું નામ પ્રણવ કહેવાયું છે.

'શિવ પુરાણ'ની એ જ વિશ્વેશ્વર સંહિતાના દશમાં અધ્યાયમાં શિવજી બ્રહ્મા અને વિષ્ણુને કહી રહ્યા છે કે - મારા ઉત્તરવર્તી મુખથી **અ**કાર, પશ્ચિમ વર્તી મુખથી **ઉ**કાર, દક્ષિણવર્તી મુખથી **મ**કાર અને પૂર્વવર્તી મુખથી બિંદુ અને મધ્યવર્તી મુખથી નાદનું પ્રાકટ્ય થયું છે. આ રીતે પાંચ અવયવોમાંથી યુક્ત ઓંકારનો વિસ્તાર છે. આ નામ રૂપાત્મક જગત તથા વેદ તેમજ સ્ત્રી-પુરુષ વર્ગરૂપ બંને કુલો આ પ્રણવમંત્રથી વ્યાપ્ત છે. આ મંત્ર શિવ અને શક્તિ બંનેનો બોધક છે. તેનાથી પંચાક્ષર મંત્ર (ઓં નમઃ શિવાય) ની ઉત્પત્તિ થઈ છે. (અહીં ઓંની અક્ષરમાં ગણના થતી નથી. એટલે તેને પંચાક્ષર મંત્ર કહ્યો છે. આગળ સેતુરૂપે ઓં જોડાતા તેનો અર્થ ઓંકાર રૂપી શિવને નમસ્કાર એવો ફલિત થાય છે.) આ પંચાક્ષરી મંત્રથી માતૃકાવર્ણો અને તેનાથી શિરોમંત્ર સહિત ગાયત્રી મંત્ર અને તેથી વેદો પ્રકટ થયા છે. અને ત્યાર પછી ક્રમશઃ કરોડો મંત્ર પ્રકટ થયા છે. ઓંકારમાં '**અ,ઉ,મ**' એ ત્રણ માત્રાઓ હોવાનું સમર્થન પ્રાપ્ત થાય છે. બિંદુ અને નાદ વર્ણાત્મક માત્રાઓથી પર છે. તે માત્ર ધ્યાન ને યોગ્ય છે.

આ જ સંહિતામાં એમ પણ કહ્યું છે કે - શિવલિંગ પ્રણવ સ્વરૂપ છે, તે સર્વ કામનાઓ (ઈચ્છાઓ) પૂરી કરે છે. પ્રણવરૂપ શંકરનું લિંગ સૂક્ષ્મ અને નિષ્કલ છે. તથા બ્રહ્માંડ રૂપ શિવલિંગ સ્થૂળ લિંગ છે. આ રીતે લિંગના બે રૂપ છે. નિર્ગુણ અને સગુણ.

❖ પ્રણવનો ભેદ ❖

પ્રણવના બે ભેદ બતાવેલા છે - સ્થૂળ અને સૂક્ષ્મ. એક અક્ષર રૂપ જે ૐ છે એને સૂક્ષ્મ પ્રણવ જાણો અને નમઃ શિવાય એ પાંચ અક્ષરવાળા મંત્રને સ્થૂળ પ્રણવ સમજવો જોઈએ. જેમાં પાંચ અક્ષર વ્યક્ત નથી તે સૂક્ષ્મ છે, અને જેમાં પાંચેય અક્ષર સુસ્પષ્ટ રૂપે વ્યક્ત છે તે સ્થૂળ છે.

જીવન મુક્ત પુરુષને માટે સૂક્ષ્મ પ્રણવના જપનું વિધાન છે એ જ એનાં સમસ્ત સાધનોનો સાર છે. (જો કે જીવન મુક્તને માટે કોઈ સાધનની જરૂર જ નથી, કેમકે તે સિદ્ધરૂપ છે, તેમ છતાં બીજાની દૃષ્ટિમાં જ્યાં સુધી એનું શરીર રહે છે ત્યાં સુધી તેના દ્વારા પ્રણવ જપની સહજ સાધના સ્વતઃ થયા કરતી હોય છે). તે પોતાના દેહનો વિલય થવા સુધી સૂક્ષ્મ પ્રણવ મંત્રનો જપ કરતા રહે છે. અને જપના અર્થભૂત પરમાત્મતત્ત્વનું અનુષ્ઠાન કરતો રહે છે. શરીર જ્યારે નષ્ટ થઈ જાય છે. ત્યારે તે પૂર્ણ બ્રહ્મ સ્વરૂપ શિવને મેળવી લે છે. એ સુનિશ્ચિત વાત છે.

જો કોઈ અર્થનું અનુસંધાન કર્યા વગર કેવળ મંત્રનો જપ કરે છે, તેને નિશ્ચય જ યોગની પ્રાપ્તિ થાય છે. જેણે છત્રીસ કરોડ જપ કરી લીધા હોય તેને અવશ્ય યોગની પ્રાપ્તિ થાય છે. સૂક્ષ્મ પ્રણવના પણ બે રૂપ જાણવાં જોઈએઃ હ્રસ્વ, અને દીર્ઘ એમ બે ભેદ છે. અ કાર, ઉ કાર, મ કાર, બિંદુ, નાદ, શબ્દ, કાળ અને કલા - એ સર્વથી યુક્ત જે પ્રણવ છે એને દીર્ઘ પ્રણવ કહે છે. તે યોગીઓના હૃદયમાં સ્થિત હોય છે. મકાર પર્યન્ત જે ૐ છે, તે અ,ઉ,મ્ એ ત્રણ ત્તત્ત્વોથી યુક્ત છે. એને જ હ્રસ્વ પ્રણવ કહે છે. અ શિવ છે, ઉ શક્તિ છે. અને મકાર એ બંનેની એકતા છે. તે ત્રિતત્ત્વ રૂપ છે, એવું સમજીને 'હ્રસ્વ પ્રણવ'નો જંપ કરવો જોઈએ. જે પોતાના સમસ્ત પાપોનો ક્ષય ચાહે છે એમને માટે 'હ્રસ્વ પ્રણવ'નો જપ અત્યંત આવશ્યક છે.

પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ એ પાંચ ભૂત તથા શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ આદિ પાંચ વિષયો આ બધું મળીને દશ વસ્તુઓ મનુષ્યની કામનાનો વિષય છે. એની જ આશા મનમાં રાખીને જે લોકો કર્મોના અનુષ્ઠાન

માં સંલગ્ન રહે છે, તે દશ પ્રકારના પુરુષ પ્રવૃત્ત (અથવા પ્રવૃત્તિ માર્ગી) કહેવાય છે. અને જે નિષ્કામ ભાવથી શાસ્ત્ર વિહિત કર્મોનું અનુષ્ઠાન કરે છે તે નિવૃત્ત (અથવા નિવૃત્તિ માર્ગી) કહેવાયા છે. પ્રવૃત્ત પુરુષને હ્રસ્વ પ્રણવનો જપ કરવો જોઈએ. વ્યાહૃતિઓ અને અન્ય મંત્રો વગેરેમાં ઈચ્છાનુસાર શબ્દ કલાયુક્ત પ્રણવનો ઉચ્ચાર કરવો જોઈએ. વેદના આદિમાં અને બંને સંધ્યાની ઉપાસના સમયે પણ ૐકારનું ઉચ્ચારણ કરવું જોઈએ.

પ્રણવના નવ કરોડ જપ કરવાથી મનુષ્ય શુદ્ધ થઈ જાય છે. ફરીથી નવ કરોડ જપ કરવાથી તે પૃથ્વી તત્ત્વ ઉપર વિજય મેળવી લે છે. ત્યાર પછી નવ કરોડ જપ કરવાથી જળ તત્ત્વને જીતી લે છે. ફરીથી નવ કરોડ જપ કરવાથી અગ્નિ તત્ત્વને જીતી લે છે. ત્યાર પછીના નવ કરોડ જપ વાયુ તત્ત્વ પર વિજય અપાવે છે. એ પછી નવ કરોડ જપ આકાશ તત્ત્વને જીતી લે છે, અધિકાર મેળવી લે છે.

આ રીતે નવ નવ કરોડ જપ કરીને ક્રમશઃ ગંધ, રસ, રૂપ, સ્પર્શ અને શબ્દ પર વિજય મેળવી લે છે. એ પછી પુનઃ નવ કરોડ જપ કરીને અહંકારને જીતી લે છે. આ રીતે ૧૦૮ (એકસો આઠ) કરોડ જપ કરીને ઉત્કૃષ્ટ બોધને પ્રાપ્ત કરી લેનાર માણસ શુદ્ધ યોગનો લાભ લે છે. શુદ્ધ યોગથી જીવન મુક્ત થવાય છે એમાં શંકા નથી. સદા પ્રણવ જપ અને શિવધ્યાન કરીને સમાધિસ્થ થયેલ મહાયોગી સાક્ષાત શિવ જ છે તેમાં શંકા નથી.

❖❖❖

૭

ઉપનિષદમાં ૐકાર

ઉપનિષદો ભારતીય અધ્યાત્મ ચિંતન તથા અધ્યાત્મ સાધનાનું ઉત્સ (જન્મસ્થાન) છે. પ્રાચીન વૈદિક વાઙમયમાં વિશેષતઃ ઉપનિષદોમાં ૐકાર ઉપાસના શીર્ષસ્થાને છે. ઉપનિષદોમાં ભારતીય ઋષિ-મુનિઓએ મુક્ત કંઠે પ્રણવ મહિમાગાન કરેલ છે. પ્રણવ જ બ્રહ્મ છે તથા બ્રહ્મ પ્રાપ્તિનું અમોઘ સાધન છે. ૐકારની રહસ્યાર્થ શોધ ખોળમાં વેદ અને ઉપનિષદો સર્વોત્કૃષ્ટ જ્ઞાનકોષ છે. આ વેદના શિરોભાગમાં જ્ઞાનનો

પ્રકાશ કરનારી વિદ્યા ઉપનિષદ્ કહેવાય છે. તે પરાવિદ્યા અર્થાત્ પરબ્રહ્મનો બોધ કરાવે છે. ૐકાર સર્વમાન્ય વૈશ્વિક ધર્મનું પ્રતીક છે અને સનાતન હિંદુ ધર્મનો ગુરુમંત્ર છે. જ્ઞાન અને ગુરુમાં અભિન્નતા છે. ગુરુ દ્વારા આપવામાં આવતી કોઈપણ દીક્ષા ૐકાર વિના સંભવ નથી. દેવાધિ દેવ ભગવાન શિવ-શંકર તમામ ગુરુના પણ ગુરુ એટલે પરમ ગુરુ છે. જે ૐકારથી અભિન્ન છે.

ભગવાન શંકરે મહર્ષિ વેદવ્યાસજીની પ્રાર્થનાથી શુકદેવજીને દીક્ષા પ્રદાન કરી હતી. તે સંબંધમાં 'શુક રહસ્યોપનિષદ્' માં કહ્યું છે કે - શુકદેવજી એ ભક્તિપૂર્વક પ્રણવ (ૐકાર)ની દીક્ષા ગ્રહણ કરી હતી. અને ત્યારબાદ નિવેદન કર્યું - "હે દેવાધિદેવ મહાદેવ ! હે સર્વજ્ઞ ! હે સચ્ચિદાનંદ ! હે ઉમાનાથ! હે કરુણાનિધિ ! મારા ઉપર પ્રસન્ન થઈને આપે પ્રણવાત્મક બ્રહ્મનો મને ઉપદેશ કર્યો છે. હવે હું મહાવાક્યોનું રહસ્ય જાણવા ઈચ્છું છું, કૃપા કરીને તેનો પણ ક્રમપૂર્વક ઉપદેશ આપીને મને કૃતાર્થ કરો."

❖ ૐકારના મહાન ચાર વાક્ય ❖

શિવજીએ કહ્યું મહાવાક્ય ચાર છે, એ સર્વના આદિમાં ૐકાર રહેલો છે. તે આ પ્રમાણે છે - "**ૐ પ્રજ્ઞાનં બ્રહ્મ । ૐ અહં બ્રહ્માસ્મિ । ૐ**

तत्त्वमसि । અને **ॐ अयमात्मा ब्रह्म** ।'' એમાં પ્રથમ મહાવાક્ય ૐ બ્રહ્મથી અભેદનું પ્રતિપાદન કરે છે, પ્રજ્ઞાન તે છે, જેના દ્વારા જોવાનો, સાંભળવાનો, કહેવાનો, સુંઘવાનો, સ્વાદ ગ્રહણ કરવાનો વગેરે રૂપમાં અનુભવ થાય છે. પરંતુ આ વર્ણન જ્ઞાનેન્દ્રિયોનું નથી, પરંતુ તે આત્માનું છે જે સર્વદેહધારીઓમાં વિદ્યમાન છે. આ રીતે -

चतुर्मुखेन्द देवेषु मनुष्याश्वगवादिषु ।
चैतन्यमेकं ब्रह्मातः प्रज्ञानं ब्रह्म मय्यपि ॥

- ''બ્રહ્મા, ઈન્દ્ર, સમસ્ત દેવતા, મનુષ્ય, ગાય, અશ્વ આદિ અને અન્યાન્ય સર્વ દેહધારીઓમાં જે એક જ ચેતન તત્ત્વ (આત્મા) અવસ્થિત છે, તે જ પ્રજ્ઞાન બ્રહ્મ છે. તે મારામાં રમણ કરી રહ્યું છે.''

જ્યારે એવો અનુભવ થાય છે. ત્યારે પરમાત્મા સાથે એકીભાવની સ્થાપના થઈ શકે છે. ૐકારનો આદિ હું હોવાનું તાત્પર્ય એવું છે કે તે બ્રહ્મ ૐકારથી ભિન્ન નથી જ. આ પ્રમાણે શિવજીએ પ્રજ્ઞાનાત્મા અને પ્રણવના અભેદનો જ ઉપદેશ કર્યો છે.

હવે '**ॐ अहं ब्रह्मास्मि** ।' નો તત્ત્વાર્થ કહી રહ્યો છું.

परिपूर्णः परमात्मास्मिनदेहे विद्याधिकारीणी ।
बुद्धेः साक्षितया स्थित्वा स्फुरन्नहमितीर्यते ॥
स्वतः पूर्णः परमात्र ब्रह्म शब्देन वर्णितः ।
अस्मीत्यै कथ परामर्शस्तेन ब्रह्म भवाम्य सम् ॥

- ''આ મનુષ્ય શરીર જ બ્રહ્મવિદ્યા પ્રાપ્તિનું અધિકારી છે, કારણ કે અન્ય શરીરોમાં બુદ્ધિનો અભાવ રહે છે. આ શરીરમાં સાક્ષીરૂપથી વિદ્યમાન પરમાત્મા બુદ્ધિનું સ્ફુરણ થવાથી અહંભાવવાળો કહેવાય છે. અહીં '**अहं**' શબ્દનો પ્રયોગ પરિપૂર્ણ પરમાત્માને માટે થયો છે. (કારણ કે આરંભમાં જ પરમાત્મા વાચક ૐ લાગ્યો છે.) અને '**अस्मि**' હોવાથી પોતાની અને પરમાત્માની એકતાનો બોધ પ્રાપ્ત થાય છે. '**ॐ अहं ब्रह्मास्मि**' મહાવાક્યનું એ જ તાત્પર્ય છે કે 'હું જ પ્રણવાત્મક બ્રહ્મ છું.' હું સ્વયં જ બ્રહ્મ સ્વરૂપ છું. 'હું જ ૐકાર સ્વરૂપ પરમાત્મા છું.' આ પ્રમાણે અભેદનો જ ઉપદેશ છે.

ત્રીજા મહાવાક્ય '**ॐ तत्त्वमसि ।**' ના રહસ્યનો ઉપદેશ કરતાં શિવજી કહી રહ્યા છે કે -

एकमेवाद्वितीयं सन्नामरुप विवर्जितम् ।
सृष्टेः पुराधुनाप्यस्य तादृक्तत्वं तदितीर्यते ॥
श्रोतुर्देहोन्द्रियातीतं वक्त्वत्र त्वंपदेरितम् ।
एकता ग्राह्यतेऽसीति तदैक्यमनुभूयताम् ॥

- સૃષ્ટિથી પહેલા અદ્વૈતના અસ્તિત્વથી શૂન્ય નામરહિત સત્તા હતી તથા તે સત્તા હાલ પણ તે રીતે જ સ્થિત છે. તે જ બ્રહ્મ '**तत्**' પદથી પ્રતિપાદિત છે. ઉપદેશ સાંભળનારા શિષ્યના શરીર જ ઈન્દ્રિયોથી પર જેવા છે, તે '**त्वं**' **પદ** થી કહેવામાં આવ્યું છે. '**असि**' પદ દ્વારા '**तत्**' અને '**त्वं**' પદોનો વાચ્યાર્થ બ્રહ્મ અને જીવના એકત્વનો ઉપદેશ નિહિત છે. તે એકતાનો અનુભવ કરવો જોઈએ.

હવે ચતુર્થ મહાવાક્ય '**ॐ अयमात्मा ब्रह्म ।**' નું વિવેચન વિશ્વગુરુ શિવજી આ પ્રકારે કરે છે -

स्वप्रकाश परोक्षत्वमयमित्युक्तितो मतम् ।
अहंक्षकारादि देहानां प्रत्यगात्मेति गीयते ॥
दृश्यमानस्य सर्वस्य जगतस्तत्वमीर्यते ।
ब्रह्म शब्देन तद् ब्रह्म स्वप्रकाशात्मक रूपकम् ॥

- ''**अयं**'' પદ દ્વારા સ્વયં પ્રકાશિત રૂપનું વર્ણન કરવામાં આવ્યું છે. અહંકારથી શરીર પર્યંત 'પ્રત્યગાત્મા' કહેવામાં આવેલ છે. આ સંપૂર્ણ દૃશ્ય જગતમાં વિદ્યમાન વ્યાપક તત્ત્વ જ બ્રહ્મ છે. અને તે જ સ્વયં પ્રકાશ તથા આત્મા રૂપ છે.

આ રીતે પરમગુરુ ભગવાન શંકરે આત્મા અને પ્રણવાત્મા બ્રહ્મની એકતાનો આ ચાર મહાવાક્યોમાં ઉપદેશ આપ્યો હતો. આનાથી શુકદેવજીની દીક્ષા પૂર્ણ થઈ અને તેઓ વિચારવા લાગ્યા કે - અહો ! હું અનાત્મ પદાર્થોમાં આત્મબુદ્ધિ ધરાવતો હતો, એનાથી અજ્ઞાનરૂપી અંધકારમાં પડીને '**अहं - त्वम्**' (મારું-તારું) ની મોહાત્મક સ્થિતિમાં પહોંચી ગયો હતો. હવે પરમ

ગુરુદેવ દ્વારા પ્રણવાત્મક મહાવાક્યોનો ઉપદેશ પ્રાપ્ત કરીને, આત્મસ્વરૂપ સૂર્યોદય થવાથી નિદ્રાભંગ થયો છું. મહાવાક્યોના અર્થજ્ઞાન માટે વાચ્ય અને લક્ષ્ય બંનેનું સમજણ પૂર્વક અનુસરણ કરવું જોઈએ. વાચ્યાનુસાર ઈન્દ્રિયાદિ પણ **त्वमं'** પદાર્થ વાચ્ય છે, પરંતુ ઈન્દ્રિયાદિથી પર જે વિશુદ્ધ ચિંતન છે, તે જ લક્ષ્યાર્થ છે. આ રીતે **'तत्'** ના વાચ્ય સર્વાત્મક તથા ઈશ્વરત્વથી સંપન્ન ગુણ વિશેષવાળા પરમાત્મા જ લક્ષ્યાર્થ અને સચ્ચિદાનંદમય બ્રહ્મ છે. એટલા માટે **'असि'** પદથી બંને પદોના લક્ષ્યાર્થ દ્વારા જીવાત્મા અને પ્રણવ બ્રહ્મનો એકીભાવ પ્રતિપાદિત છે.

આગળ કહ્યું છે કે પૂર્ણ જ્ઞાન ત્યારે સંભવ બને છે. જ્યારે તેનું પ્રથમનું તેનું ગુરુમુખથી શ્રવણ કરવામાં આવે અને પછી તેનું મનન કરવામાં આવે, ત્યાર પછી તેનું નિદિધ્યાસન કરવામાં આવે. પ્રણવ બ્રહ્મ સંબંધિત વિદ્યાથી ભિન્ન વિદ્યાઓનું જ્ઞાન થઈ જાય તો તેની સ્થિરતાથી બ્રહ્મની પ્રાપ્તિ થાય છે. શિવજી કહે છે કે -

ततो ब्रह्मोपदिष्टं वै सच्चिदानन्द लक्षणम् ।
जीवन्मुक्तः सदा ध्यायेन्नित्यस्त्व विहरिष्यसि ॥
यो वेदादौ स्वरःप्रोक्तो वेदान्ते च प्रतिष्ठितः ।
तस्य प्रकृतिलीनस्य यः परः स महेश्वरः ॥

- "મેં આ ઉપદેશમાં સચ્ચિદાનંદરૂપ બ્રહ્મનું વર્ણન કર્યું છે. તમે આ જ્ઞાનનું નિરંતર ધ્યાન કરતા રહી તેમાં લીન થઈ જીવનમુક્ત બની જશો. જે ૐકાર રૂપ સ્વર વેદના આરંભમાં ઉચ્ચારણ કરવામાં આવે છે. અને જે વેદાન્તમાં સ્થિત છે. તેની પ્રકૃતિમાં આત્મા સાત્ થવાથી જે તેનાથી પર રહે છે, તે જ મહિમામય ઈશ્વર-મહેશ્વર છે."

❖ વેદોનો એકેશ્વરવાદ ❖

વાસ્તવિક રીતે દેવપૂજા શું છે ? ખરેખર, દેવ તો એક છે - . **'एको देवः सर्वभूतेषु गुढ ।'** - જે સર્વ પ્રાણીઓનો અંતરાત્મા છે, તે જ દેવ છે, અને તે એક જ છે. તે જ ઈશ્વર છે, તે જ પરમાત્મા છે. તે જ ઉપાસ્ય અને

પૂજ્ય છે - (શ્વેતાશ્વતર ઉપનિષદ - ૬/૧૧). રૂચિઓની વિચિત્રતાને કારણે મનુષ્ય તેને અનેક રૂપોમાં જુએ છે અને અનેક રૂપોમાં તેની ઉપાસના કરે છે. તે સૌમ્ય પણ છે અને રૌદ્ર પણ છે. તે જગતનો રચનાકાર, પાલક અને સંહારકર્તા છે. યજુર્વેદના રૂદ્રાધ્યાયમાં તેનાં કેટલાક નામો અને વિશેષણ ગણાવ્યા છે, પરંતુ તેના નામો અને ગુણોનો કોઈ અંત નથી. એટલું તો જરૂર સમજણમાં આવે છે કે - **'एकं सद्विप्रा बहुधा वदन्ति ।'** એક જ સત્યને વિપ્રો અનેક રીતે વર્ણવે છે. પરંતુ એના માટે **'नेतिनेति'** આ નહીં, આ નહીં, એ પણ કહે છે. મનુષ્ય પોતાની બુદ્ધિ અનુસાર ચાહે જે રીતે પણ ઉપાસના કરે, પરંતુ જાણવું જોઈએ કે જેટલા પણ નામ અને રૂપ છે, તેના આંશિક પ્રતીક છે. કોઈ પ્રતીક તેનું **'यथावत्'** નિરૂપણ કરી શકતું નથી. એટલા માટે શ્રુતિ કહે છે - **'नेदं यदिदमुखपासते'** - આ જેની ઉપાસના કરવામાં આવે છે, બ્રહ્મ નથી. આ વાત ઉપાસકોએ સદૈવ પોતાના ચિત્તમાં રાખવી જોઈએ. તેની લક્ષ્ય એ હોવું જોઈએ કે હું આ પ્રતીકના બહાને બ્રહ્મ અર્થાત્ પરમાત્માની ઉપાસના કરી રહ્યો છું. આ પ્રતીક બ્રહ્મનું શુદ્ધ અને સંપૂર્ણ રૂપ નથી. બ્રહ્મ સુધી પહોંચવાનું એક સોપાન (પગથિયું) છે, જેનો એક દિવસ પરિત્યાગ કરવો જ પડશે. એક જગાએ સ્વામી રામતીર્થએ કહ્યું છે કે - ઉપાસનાની ત્રણ ભૂમિકા છે, **'तस्यैवाहम् ।'** હું તેનોજ છું. **'तवैवाहम् ।'** હું તમારો છું અને પછી અંતમાં ત્રીજી **'त्वमैवाहम् ।'** તમે છો તે જ હું છું. તમામ ઉપાસનાઓનું લક્ષ્ય છે કે આ **'त्वमेवाहम् ।'** તમે છો તે જ હું છું, આ સ્થિતિ પ્રાપ્ત થઈ જાય એટલા માટે સ્વામી વિદ્યારણ્ય કહે છે જ્યાં સુધી 'બ્રહ્મ' છે એવું જ્ઞાન રહે છે ત્યાં સુધી તે જ્ઞાન પરોક્ષજ્ઞાન - નિમ્નકોટિનું જ્ઞાન છે. સાધના સફળ થઈ, ઉપાસના ફળવતી થઈ એનો નિષ્કર્ષ એ છે કે જ્ઞાનનું સ્વરૂપ બ્રહ્મ છે, સર્વથી બદલાઈને **'अहं ब्रह्मास्मि ।'** હું જ બ્રહ્મ છું એવું થઈ જશે.

ઉપાસના કેવી રીતે કરવી તે બાબતમાં શ્રુતિએ પર્યાપ્ત સંકેત આપ્યા છે. ઉદાહરણાર્થ 'છાંદોગ્ય ઉપનિષદ'માં કેટલીક વિદ્યાઓનો ઉલ્લેખ છે. એમાંથી અધિકાંશ લુપ્તપ્રાયઃ થઈ ગઈ છે. જેનું 'છાંદોગ્ય ઉપનિષદ'માં 'ઉદ્ગીથ' વિદ્યા તરીકે વર્ણન છે તે વિદ્યાના દીક્ષિત અને ઉપાસના કરનારાઓની આજે પણ ખોટ નથી. આજકાલ ભલે એ પુરાણું નામ પ્રચલિત નથી. એનો અભ્યાસ

'નાદાનુસંધાન' ના નામથી થાય છે. આ નાદાનુસંધાન માટે આ ગ્રંથમાં અલગ રીતે વિસ્તારથી વિવેચન કરવામાં આવેલ છે. સંત કબીરજી અને ત્યાર પછીના આવનારા સંતમતના આચાર્યોએ એનો પ્રચાર 'સુરત શબ્દ યોગ'ના નામથી કર્યો છે.

ઉદ્‌ગીથનું બીજું નામ પ્રણવ (ૐકાર) છે. આ નામ વધુ પ્રચલિત છે. પ્રણવની વ્યુત્પત્તિ આ પ્રમાણે છે - **'प्रकर्षेण नूयते स्तुयते अनेन इति प्रणवः ।'** જેના દ્વારા પ્રકર્ષની સાથે, વિશેષ રૂપથી સ્તવન થઈ શકે તે પ્રણવ છે. આમ તો ઈશ્વર અનામી છે, પરંતુ જો તેનું કોઈ નામ હોઈ શકે તો તે પ્રણવ (ૐકાર)જ છે.

❖ છાંદોગ્ય ઉપનિષદ અને ૐકાર ❖

'ओमित्येतक्षरमुदीयमुपासीत । ओमती ह्रदायति । तस्योपव्याख्यानम्। स एष रसानां रसतमः परमः परार्द्धयोऽष्टमो उद्गीथः ॥'

(छान्दोग्य ० १/१/१, ३)

- 'ૐ રૂપ આ અક્ષરને ઉદ્‌ગીથ રૂપ પરમાત્મા વાચક માનીને ઉપાસના કરવી જોઈએ. સામવેદનું ગાન કરનારા ઉદ્‌ગાતા ૐ આ અક્ષરના ગાન-પુરસ્સર જ સામગાનનો આરંભ કરે છે. ઉદ્‌ગીથની વ્યાખ્યા અહીં કરવામાં આવી છે. આ વિશ્વ સૃષ્ટિમાં જેટલા રસ છે તે સર્વમાં ઉત્કૃષ્ટતમ સ્થાન ઉદ્‌ગીથ અર્થાત્ ૐકારનું છે, અર્થાત સર્વોત્કૃષ્ટ આનંદનો સ્રોત ૐકાર જ છે.'

સંપૂર્ણ ભૂતોનો રસ પૃથ્વી છે, પૃથ્વીનો રસ જળ, જળનો રસ ઔષધિઓ, ઔષધીઓનો રસ પુરુષ, પુરુષનો રસ વાક્ (વાણી), વાક્નો રસ ઋક્, ઋક્નો રસ સામ તથા સામનો રસ ઉદ્‌ગીથ છે. ૐ યા પ્રણવ જ ઉદ્‌ગીથ છે. આ રીતે રસોમાં રસતમ, પરમ પરાર્ધ્ય અર્થાત શ્રેષ્ઠ સ્થાનીય યા પરમાત્માનું પ્રતીક છે. એને આઠમો અંતિમ રસ માનવો જોઈએ. આ વેદરૂપી રસનો રસ વેદરૂપી અમૃતનું અમૃત છે. આ રીતે પ્રણવનું અનેક ગણું મહત્વ છે.

મંત્રદૃષ્ટા ઋષિઓએ પ્રણવને જ ત્રયીવિદ્યા યા ત્રયીવિદ્યાથી વિહિત

સમસ્ત કર્મોનો પ્રવર્તક માન્યો છે. તેઓ નિશ્ચયથી કહે છે કે. આ અક્ષરની પૂજાને માટે જ તથા એના મહિમા અને રસ દ્વારા જ ત્રયીવિદ્યાનું પ્રવર્તન થાય છે. સર્વ કર્મ આ અક્ષરની વ્યાખ્યા કરે છે. ઋષિઓનો અટલ વિશ્વાસ છે કે જે વ્યક્તિ પ્રણવના આ રહસ્યને જાણે છે તેના કર્મ પ્રબલતર થાય છે. (છાંદોગ્ય ૧/૧/૧૦).

છાંદોગ્યોપનિષદ્‌ના મતાનુસાર પ્રજાપતિએ સંપૂર્ણ લોકોમાંથી સાર ગ્રહણ કરવાની ઈચ્છાથી ધ્યાનરૂપી તપ કર્યું, જેના ફળસ્વરૂપ ત્રયી વિદ્યાની ઉત્પત્તિ થઈ. તે અભિમત ત્રયી વિદ્યાથી 'भूः, भुवः અને स्वः ' - આ મહાવ્યાહૃતિ રૂપ અક્ષર ઉત્પન્ન થયા. એની પુનઃ આલોચનાથી ઉત્પન્ન થયો ૐકાર યા પ્રણવ.

પ્રણવનાં બે રૂપ છે - આકાર અને નિરાકાર. વિભિન્ન ઉપનિષદોમાં નામોના આ બે રૂપોની ચર્ચા આવે છે.

પ્રણવનાં બે રૂપ

સોપાધિક (સાકાર)	નિરુપાધિક (નિરાકાર)	આધાર
બ્રહ્મ	પરબ્રહ્મ	કઠોપનિષદ્ ૧/૨/૧૬
અપર બ્રહ્મ	પરબ્રહ્મ	મુણ્ડકોપનિષદ્ ૨/૨/૮
અપર બ્રહ્મ	પરબ્રહ્મ	પ્રશ્નોપનિષદ્ ૫/૨
મૂર્તઃ અસત્યઃ	અમૂર્તઃ સત્યઃ	બૃહદઆરણ્યક ઉપનિષદ ૨/ ૩/ ૧
અધિમાત્ર	અમાત્ર	માણ્ડૂક્ય ઉપનિષદ્ ૮/૧૨
મૃત્યુયુક્ત	અવ્યવહાર્ય	પ્રશ્નોપનિષદ્ ૫/૬
	પ્રપંચોપશમ અદ્વૈત	માણ્ડૂક્ય ઉપનિષદ - ૧૨
શબ્દ બ્રહ્મ	પરબ્રહ્મ	મૈત્રાયણી ઉપનિષદ્ ૬/૨૩

અધિમાત્ર યા સોપાધિક પ્રણવની ત્રણ માત્રાઓ માનવામાં આવી છે. **અકાર** પ્રથમા માત્રા છે. વ્યાપ્તિ અને આદિવાળો હોવાથી **અકાર** ની પ્રથમ માત્રામાં માનવામાં આવે છે, પ્રણવની બીજી માત્રા છે **ઉકાર**. ઉત્કર્ષ તથા ઉભયત્વને કારણે **ઉકાર**ને બીજું સ્થાન પ્રાપ્ત છે. ત્રીજી માત્રા છે **મકાર**. માપનારો અને વિલીન કરનારો હોવાને લીધે **મકાર**ને ત્રીજું સ્થાન પ્રાપ્ત છે. આ ત્રણ માત્રાઓવાળા સોપાધિક અધિમાત્ર રૂપ (સાકાર રૂપ) થી પર છે - પ્રણવનું નિરૂપાધિક રૂપ ઁ ચતુર્થ અમાત્ર રૂપ.

ઔપનિષદિક માન્યતા અનુસાર પ્રણવ જ નામરૂપાત્મક જગતનો પ્રણેતા છે. તેણે પોતાના સ્વરૂપને ત્રણ રૂપોમાં બનાવ્યું છે. તેની ત્રણ માત્રાઓથી અખિલ બ્રહ્માંડ ઓતપ્રોત છે. તમામ દૃશ્ય વસ્તુઓ તેમાંજ સ્થિત છે. તથા તેનું ઉપાખ્યાન છે. માણ્ડૂક્ય ઉપનિષદ અનુસાર -

❖ માણ્ડૂક્ય ઉપનિષદમાં ૐકાર ❖

'ओमित्येतदक्षरमिदं सर्वं तस्योपाख्यानं भूतं भवद्भविष्यदिति सर्वम् ॐकार एव । यच्चान्यत्त्रिकालातीतं तदप्य ॐकार एव ॥

- આ અક્ષર જ સર્વ કંઈ છે. જે ભૂત, ભવિષ્ય અને વર્તમાન છે, અર્થાત્ જે છે, જે થયું છે અને જે થનાર છે તથા જે ત્રિકાલાતીત છે તે પણ ૐકાર જ છે. જે બ્રહ્મ છે તે જ આત્મા છે તે જ જ્યોતિ છે, તે જ આદિત્ય છે અને આદિત્ય છે, તે જ ૐકાર છે. ૐના માધ્યમથી તૈતિરીય ઉપનિષદ્માં ઈદ્રમ, અહમ્ અને પરમ્ની વચ્ચે અદ્વૈતસિદ્ધિનો પ્રયાસ પરિલક્ષિત થાય છે - **'ओमिति ब्रह्म । ओमिति इदं सर्वम् ।' (तैत्तिरीय ०१/८/१)** ૐ એ બ્રહ્મ છે. ૐ એ આ સર્વ છે.

ઉપનિષદોમાં પ્રણવનું મહત્વ સ્પષ્ટ કરતાં ત્રયી વિદ્યાથી સંબંધિત કર્મોથી એની ઉત્કૃષ્ટતા સ્પષ્ટ શબ્દોમાં સ્વીકારવામાં આવી છે. આ સંદર્ભમાં છાંદોગ્ય - ઉપનિષદમાં આપવામાં આવેલી આખ્યાયિકા ઉલ્લેખનીય છે. એકવાર દેવતાઓ મૃત્યુથી ભયભીત થઈને ત્રયીવિદ્યામાં પ્રવેશ કરીને પોતાને છંદોથી આચ્છદિત કરી લીધા. પરંતુ જે રીતે માછીમાર જળમાં માછલીઓને જોઈલે

છે, તેવી રીતે ઋક્, યજુઃ અને સામ સંબંધિત કર્મોમાં જોડાયેલા દેવતાઓને મૃત્યુએ જોઈ લીધા. આવું જાણીને તેઓ ત્રયીવિદ્યાથી સંબંધિત કર્મથી ઉપર ઉઠીને તેમાંથી નિવૃત થયા, અને સ્વર યા પ્રણવમાં પ્રવેશ કરી ને મૃત્યુની પહોંચથી પર થઈને અમર થઈ ગયા. ઓંકાર અન્ય સ્વરો સમાન સ્વર છે, કિંતુ અમૃત અને અભય રૂપ છે. જે વ્યક્તિ આ રીતે જાણીને આ અક્ષરની સ્તુતિ કરે છે, તે અમર અને અભય થઈ જાય છે, જેવી રીતે દેવતા અમર અને અભય બની ગયા. આ પ્રકારે ઉપનિષદોમાં સંપૂર્ણ કર્મકાંડથી પ્રણવને ઉત્કૃષ્ટ તથા શ્રેષ્ઠ માનવામાં આવેલ છે.

યમરાજે પણ નચિકેતાને પ્રણવની મહત્તાનું પ્રતિપાદન કરતાં રહી કહ્યું હતું કે –

सर्वे वेदा यत् पदमानन्ति,
तपाँसि सर्वाणि च यद् वदन्ति ।
यदिच्छन्तो ब्रह्मचर्य चरन्ति,
तत्तेदं संग्रहेण ब्रवीम्योंमितयेत्
(कठोपनिषद् १/२/१५)

– જે પરમ પદનું સંપૂર્ણ પ્રતિપાદન કરે છે, જે પદનું તપસ્વીઓ બધા વર્ણન કરે છે, અને જે પદની કામના કરનારા સાધક બ્રહ્મચર્યનું પાલન કરે છે તે પદ તમને સંક્ષેપમાં કહું છું. તે એકાક્ષર મંત્ર ઓંકાર જ છે.

एतद् आलंबनं श्रेष्ठ एतद् आलंबनं परम् ।
एतद् आलंबनं ज्ञात्वा ब्रह्मलोके महीयते ॥
(कठो ०१/२/१७)

– ઓંકાર એ શ્રેષ્ઠ આધાર છે, એ જ પરમ આધાર છે. આ આધારને જાણનાર વ્યક્તિ બ્રહ્મલોકમાં પ્રતિષ્ઠિત થાય છે.

'પ્રશ્નોપનિષદ્'ની માન્યતા છે કે – જે વ્યક્તિ આ આલંબનનો સ્વીકાર કરે છે તે શાન્ત, અજર, અમર, અભય અને પરમતત્ત્વને પ્રાપ્ત કરી લે છે. પ્રણવોપાસક મૃત્યુથી મુક્ત થઈ જાય છે ને તેને પરમાત્માની પ્રાપ્તિ થઈ જાય

છે. (છાંદોગ્ય. ૧/૪/૫ અને પ્રશ્ન. ૫/૭).

આ ઉપાસનામાં લીન સાધકની ઈહલૌકિક અને પારલૌકિક બંને પ્રકારની કામનાઓ શીઘ્ર જ પૂર્ણ થઈ જાય છે. (છાંદોગ્ય ૧/૨/૧, ૪/૧/૧/૭, ૧/૩/૧૨, કઠ. ૧/૨/૧૬).

પ્રણવોપાસકનું કોઈપણ અહિત કરી શક્તો નથી. જે પણ તેના અહિતની કામના કરે છે, તે એવી રીતે નષ્ટ થઈ જાય છે, જેવી રીતે અભેદ પત્થર સાથે ટકરાતા માટીનું ઢેફુ ચૂરેચૂરા થઈ જાય છે. (છાંદોગ્ય૰ ૧/૨/૮)

છાંદોગ્ય એ પણ પ્રણવ તથા પ્રાણોનો સંબંધ જોડ્યો છે તદ્ અનુસાર પ્રાણ ૐ યા પ્રણવનું ઉચ્ચરણ કરતો ગમન કરે છે. વાસ્તવમાં પ્રણવોપાસનાં ભારતની પ્રાચીનતમ આધ્યાત્મિક ઉદ્ગીથોપાસના છે -

'अथ खलु य उद्गीथः स प्रणवो यः प्रणवः स उद्गीथ इति ।'
अथाध्यात्मं य एवायं मुख्यः प्राणस्तमुद्गीथ उपासितोमिति होष स्वरन्नेति ॥
(छान्दोग्य. ५/१/१,३)

છાંદોગ્યમાં પ્રણવોપાસનાની અન્તર્ગત વાણી અને પ્રાણના ઐક્ય બોધને પણ આવશ્યક માનવામાં આવેલી છે. જેની રીતે મિથુન અર્થાત્ સ્ત્રી અને પુરુષ મળે છે અને એકબીજાની કામનાપૂર્તિ કરે છે, તેવી રીતે જયારે વાણી અને પ્રાણનું જોડું ૐકારમાં સંલગ્ન થાય છે ત્યારે માનવની કામનાપૂર્તિ થઈ જાય છે.

'ક્ષરિકોપનિષદ'માં પણ કથન છે કે -

'प्राणायाम सुतीक्ष्णेन मात्रा धारेण योगवित् ।
वैराग्य पलवृष्टेन छित्वा तन्तु न बध्यते ॥२४॥

- પ્રાણાયામ દ્વારા અત્યન્ત તીક્ષ્ણ બનાવેલી ૐકારરૂપી ધારવાળા અને વૈરાગ્ય પત્થર પર ઘસેલી (મન રૂપી) છરીથી સંસારરૂપી સૂત્રને કાપીને યોગવેત્તા મનુષ્યને ફરીથી તેના દ્વારા બાંધી શકાતો નથી.

બ્રહ્મોપનિષદ્માં ૐકાર દ્વારા આત્મદર્શનની વિધિનો સંકેત આરીતે

પ્રાપ્ત થાય છે.

आत्मान्मरणिं कृत्वा प्रणवं चोतरारणिम् ।
ध्यान निर्मया ध्यासाद्देवं पश्येन्निगूढवत् ॥

- આત્માને નીચેની અરણિ અને ૐકારને ઉપરની અરણિ બનાવીને ધ્યાનરૂપી મંથનના અભ્યાસ દ્વારા આ પ્રકટ (ગુપ્ત) આત્માનો સાક્ષાત્કાર કરવો જોઈએ.

❖ ૐકાર - સંસારમાંથી મુક્ત થવાનું સાધન ❖

'આત્મબોધોપનિષદ'માં પ્રણવને સાંસારિક બંધનોથી મુક્ત (નિવૃત્ત) થવાનું સાધન બતાવતાં કહ્યું છે કે -

'प्रत्यगानन्दं ब्रह्म पुरुषं प्रणव स्वरुपं अकारो उकारो मकार इति यक्षं प्रणवं तदेतद् ॐइति यमुकत्वा मुच्यते योगी संसार बन्धनात् ।'

- પ્રત્યેક વ્યાપ્ત આનંદ સ્વરૂપ બ્રહ્મ પુરુષ અકાર, ઉકાર, મકાર આ ત્રણ અક્ષરવાળો પ્રણવ સ્વરૂપ છે. તે જ પ્રણવ ૐ છે. તેનું સ્મરણ કરતો યોગી સાંસારિક બંધનોથી છૂટી જાય છે.

પ્રણવ સાધનાની પ્રેરણા આપતા 'બ્રહ્મબિંદુ ઉપનિષદ્' કહે છે કે -

स्वरेण संधयेयोगमस्वरं भावयेत् परम् ।
अस्वरेण हि भावेन ना भाव इष्यते ॥

- 'સાધકે સ્વર (પ્રણવ)ના માધ્યમથી પરમેશ્વર સાથે યોગ દ્વારા ભાવથી અનુસંધાન કરવું જોઈએ. તેનાથી પરમતત્ત્વની ભાવનાનું ચિંતન કરવું જોઈએ. સ્વર(પ્રણવ)થી ઓતપ્રોત ભાવનાથી જ ભાવાસ્વરૂપ પરમાત્માને પ્રાપ્ત કરી શકાય છે. અભાવથી નહીં.'

'પથ બ્રહ્મોપનિષદ્'માં કથન છે કે - પરમાત્મા જ ૐકાર, હંસ (બ્રહ્મ), તથા નાદ એ ત્રણ લટવાળું સૂત્ર છે.'

'શાણ્ડિલ્યોપનિષદ્' (૧/૭/૨૭-૨૯)માં પ્રાણની ગતિ રોકવાનો નિર્દેશ કરતાં કહ્યું છે કે - વિના પરિશ્રમે પૂરકાદિ વાયુના દશ અભ્યાસ અને એકાન્ત

ધ્યાન યોગ કરવાથી મનની ગતિ બંધ થાય છે. પછી ૐકારના ઉચ્ચારણના અંતમાં યોગ શબ્દ તત્ત્વનો અનુભવ થવાથી જ્ઞાન દ્વારા સુષુપ્તિનું રૂપ સમજી લેવામાં આવે છે ત્યારે પ્રાણની ગતિ સ્તંભિત થઈ જાય છે.'

'મણ્ડલ બ્રાહ્મણોપનિષદ્' માં અગ્નિ, સૂર્ય, ચંદ્ર આદિનું વર્ણન કરતાં પ્રણવનું સ્વરૂપ, પ્રણવ અને નાદનું સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે -

'તે સમયે તે પશ્ચિમની તરફનો પ્રકાશ સ્ફટિક જેવા ધૂમ્રવર્ણના બિન્દુ, નાદ, કલા, નક્ષત્ર ખદ્યોત, નક્ષત્ર, દીપક અને નેત્ર જેવાં નવરત્ન આદિની પ્રભા જોવામાં આવે છે. તે પ્રણવનું જ સ્વરૂપ છે. પ્રાણ તથા અપાનને એક કરીને બંને હાથોની આંગળીઓ દ્વારા ષણ્મુખી મુદ્રા કરીને પ્રણવ નાદ શ્રવણ કરવો. પછી મન તેમાં લીન થઈ જાય છે. અને કર્મોનું લેપન થતું નથી.'

'નારાયણોપનિષદ્' માં જણાવ્યું છે કે -

प्रत्यगानन्दं ब्रह्म पुरूषप्रणव स्वरुपम् । अकार उकारो मकार इति । तां अनेकधा समुदभक्त येतगीयति यमुकत्वा वा सूच्यते योगी जन्म संसार बन्धनात् ।

- अ કાર, उ કાર, म કારથી યુક્ત ૐ કાર પ્રત્યેકની અંદર આનંદરૂપી બ્રહ્મપુરુષ રહેલો છે. અનેક રીતે સમાયેલી માત્રાઓનું ગાયન કરે છે અથવા ઉચ્ચારણ કરે છે તે યોગી સંસાર સાગરમાં જન્મ લેવાના બંધનથી છૂટી જાય છે.

❖ ૐકારક અને જાગૃતતા ❖

'રુદ્રહૃદયોપનિષદ્' માં જણાવ્યા અનુસાર -

धनुष-तारं शरो आत्मा ब्रह्म तलक्ष्य मुच्यते ।
अयमतेन वेद्धव्यं शरवत्तन्मयो भवेत् ॥३८॥

-'બ્રહ્મરૂપ લક્ષ્યપ્રાપ્તિ માટે પ્રણવ ધનુષરૂપ અને આત્મા બાણ સમાન છે. તેને વિંધવા માટે આળસનો ત્યાગ કરી પ્રયત્ન કરવો આવશ્યક છે.'

પ્રણવોપાસનાનું એક વધુ રહસ્ય 'પ્રશ્નોપનિષદ્'માં પ્રાપ્ત થાય છે. મહર્ષિ પિપ્પલાદને શિબિપુત્ર સત્યકામે પ્રશ્ન કર્યો હતો કે - જો કોઈ વ્યક્તિ

મૃત્યુપર્યન્ત ઓંકારનુ જ યોગ્યરીતે ધ્યાન કરે છે તો તે પોતાની ઉપાસનાના બળ ઉપર કયા લોકને જીતી લે છે ? મહર્ષિ પિપ્પલાદે ઓંકારની ત્રણ માત્રાઓનું અલગ અલગ ધ્યાન બતાવ્યું હતું. અંતમાં મહર્ષિએ ઉપસંહાર રૂપમાં કહ્યું હતું કે - ઓંકારની ત્રણેય માત્રાઓ મૃત્યુથી યુક્ત છે, ચાહે એનો પ્રયોગ સંયુક્તરૂપમાં કરવામાં આવે, ચાહે પૃથક્ પૃથક્ રૂપમાં કરવામાં આવે. આ પ્રકારની સાધના મનુષ્યને મૃત્યુના અધિકાર ક્ષેત્રની બહાર પહોંચાડી શક્તિ નથી કિંતુ જયારે બહારની, આંતરિક અને મધ્યવર્તી ક્રિયાઓ અથવા જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિની ક્રિયાઓમાં એનો સમ્યક્ પ્રયોગ કરવામાં આવે છે, ત્યારે જ્ઞાતા પુરુષ ક્યારેય પણ વિચલિત થતો નથી. બુદ્ધિમાન પુરુષ ઓંકારના અવલંબન દ્વારા જ શાંત, અજર, અમર, અભય પરમાત્માને પ્રાપ્ત કરી લે છે.' આ પ્રસંગમાં એ પણ સ્પષ્ટ થયાની પ્રતીતિ થાય છે કે - પ્રણવના અમાત્ર રૂપની ઉપાસના જ અધિક મહત્વપૂર્ણ છે. અને પ્રણવોપાસના કેવળ વાચિક જ થવી ન જોઈએ, તેનો જીવનની પ્રત્યેક ગતિવિધિ સાથે સંબંધ હોવો આવશ્યક છે. સંપૂર્ણ જીવન જ સાધનામય બની જવું જોઈએ.

❖ પ્રણવની માત્રાઓ ❖

ઉપનિષદોમાં પ્રણવની ચાર માત્રાઓ અને તંત્રમાં સાત માત્રાઓ આ પ્રમાણે કહેવામાં આવી છે - (૧) अ કાર, (૨) उ કાર (૩) म કાર (૪) અનુસ્વાર (૫) ધ્વનિ, (૬) નાદ, (૭) શાંતિ. પ્રથમ ત્રણ માત્રાઓથી પ્રણવનું સ્થૂળ રૂપ બને છે. જે વૈખરી વાણીનો વિષય છે, અનુસ્વાર અને ધ્વનિ પ્રણવના સૂક્ષ્મરૂપ છે, અને મધ્યમાવાણીનો વિષય છે, નાદ પ્રણવનું કારણ યા અવ્યક્ત રૂપ છે, જે પશ્યન્તી વાણીનો વિષય છે. જયારે શાંતિ નિરાકાર નિર્ગુણ અર્થાત તત્ત્વ સ્વરૂપ છે, જે પરાવાણીનો વિષય છે. વાણી ચાર પ્રકારની હોય છે - (૧) વાક્રૂપી વૈખરી, (૨) સંકલ્પરૂપા મધ્યમા, (૩) જ્ઞાનરૂપા પશ્યન્તી, (૪) ચિત્શક્તિ રૂપા પરાવાણી. આ સાત માત્રાઓ ક્રમાનુસાર भूः, भुवः स्वः महः जनः तपः અને सत्यम् - આ સાત લોકો સાથે સંબંધ રાખે છે. अકારથી સ્થૂળરૂપનો આરંભ, उકારની વિકાસ અને मકાર થી પૂર્ણતા પ્રગટ થાય છે. ઉક્ત માત્રાઓ સમજવા માટે કાંસાના ઘંટના શબ્દ પરધ્યાન આપવું જોઈએ.

कांस्यघंटानिनादस्तु यथा लीयति शान्तये ।
ॐकारस्तु तथा योज्यः शान्तये सर्वमिच्छता ॥
यस्मिन् विलीयते शब्द स्तत्परं ब्रह्मगीयते ।
(ब्रह्मविद्यापनिषद् - १२-१३)

- 'કાંસાના ઘંટના શબ્દ (ઘંટનાદ) જે રીતે શાંત થવા માટે લય પામે છે, તે પ્રમાણે મુમુક્ષુએ શાંતિને માટે ૐકારની યોજના કરવી જોઈએ. જ્યાં શબ્દ લય પામી જાય છે, તેને તો પરબ્રહ્મ કહેવામાં આવે છે.'

પ્રત્યેક શબ્દનું ઉચ્ચારણ સ્વરોના સંયોગથી થાય છે. **અ**કારની સહાયતાથી પ્રત્યેક વ્યંજનનું રૂપ પ્રકટ થાય છે. કંઠમાંથી ઉચ્ચારણ સાથે **અ**કારનો ઉદ્‌ગમ થાય છે. અને પછી જીભથી મૂર્ધા, તાલુ (તાળવું), દંત (દાંત) આદિ સ્થાનોના સ્પર્શથી વ્યંજનોનું ઉચ્ચારણ શક્ય બને છે. અને સાથે જ **ઉ**કાર પણ અવ્યક્ત રૂપથી સાથે રહે છે. હોઠો બંધ થવાથી અનુનાસિક ધ્વનિથી ૐ રૂપ બને છે. '**ओम्**' માંથી જો વ્યંજનોનો લોપ કરી દેવામાં આવે તો '**ओ**' શેષ રહી જાય છે. આ રીતે બાધ્ય શબ્દ જેવાકે - શંખ, ઘંટા, યંત્રાદિના શબ્દ યા ખટખટાટ, ફટાકા, ધડાકા, ટંકાર આદિ શબ્દોમાં પણ તેની અંતર્ગત વિશેષ ધ્વનિ હોય છે. જેની ગૂંજ યા પ્રતિધ્વનિ અનુસ્વારયુક્ત હોય છે. અને જ્યારે તે શબ્દ લય પામે છે ત્યારે ૐકરનું સ્પષ્ટ અને સ્વચ્છ સ્વરૂપ પ્રકટ થતું અનુભવાય છે. તે શબ્દના બંધ પડવા સાથે અનુસ્વાર તથા તેના નાદનું જ્ઞાન થાય છે. જેમ જેમ શબ્દનો લય થતો જાય છે. તેમ તેમ ક્રમથી સાત માત્રાઓનો અનુભવ થાય છે. અંતમાં તે શબ્દ લય પામતાં પામતાં શાંત થઈ જાય છે, તે તેની સાતમી માત્રાનું સ્વરૂપ જાણવું જોઈએ. આ રીતે બ્રહ્મવાચક પ્રણવની યોજના તેની ઉદ્‌ગીથ ઉપાસના કહેવાય છે.

❖ ઉદ્‌ગીથની ઉપાસના ❖

अथ खलु उद्‌गीथाक्षराण्यपासीतोद्गीथ इति प्राण एवोत्प्राणेन ह्युत्तिष्ठति वाग्गीर्वाचो ह गिर इत्या चक्षतेअन्नं थमन्ने हीदं सर्वंस्थितम् ।
(छांदोग्य. प्र.१ल ख.३, मं.६)

– હવે નિશ્ચયપૂર્વક ઉદ્‌ગીથના અક્ષરોની ઉપાસના કરવી જોઈએ. પ્રાણ જ **उत्** છે પ્રાણથી ધ્વનિ અને નાદ પ્રકટ થાય છે. વાક્ (શબ્દ) જ 'ગી' છે એટલા માટે વાણીને 'ગિરા' કહેવાય છે, અન્ન થં છે. કારણકે અન્ન પર જ બધું સ્થિત (ટકેલું) છે.

અર્થાત્ પ્રણવનું ગાન પ્રાણ, વાક્ અને અના સહયોગથી થાય છે. અન્નથી શરીરને બળ મળે છે. બળથી વાક્ (વાણી) નીકળે છે. અને પ્રાણના બળથી ગાન થઈ શકે છે.

આગળ કહ્યું છે કે – આ પ્રમાણે વાણીનું દોહન કરનારો (ઉપાસક) જેવા દોહ દ્વારા દૂધ દોહે છે અર્થાત્ વાણીરૂપી ગાયનું જપ રૂપી દોહન દ્વારા બ્રહ્મજ્ઞાન રૂપી દૂધ દોહે છે, તે વિદ્વાન ઉદ્‌ગીથના અક્ષરોની ઉપાસના કરે છે, તે અન્નપાન અન્નને પ્રાપ્ત કરનારો થાય છે. (છાંદોગ્ય. ૦૧/૩/૬)

વાક્ ઋક્ છે, પ્રાણ સામ છે, ૐ એ અક્ષર ઉદ્‌ગીથ છે. યા તે ઉદ્‌ગીથ એ મિથુન છે. અને પ્રાણના સહયોગથી ૐનું ઉદ્‌ગીથ ગાન થાય છે. વાક્ ઋક્ છે અને પ્રાણ સામ છે. ઋક્-સામ જ પ્રણવનું રૂપ છે.

'નારદ પરિવ્રાજક-ઉપનિષદ્' માં નારદજીએ બ્રહ્માજીને જરા-મરણરૂપ સમુદ્ર ને પાર કરવાવાળા મંત્રનો ઉપદેશ કરવાની પ્રાર્થના કરી ત્યારે, બ્રહ્માજી કહે છે કે –

'વત્સ ! એવો પ્રભાવ તો ૐકારમાં જ છે. તે જ શ્રેષ્ઠ તારક મંત્ર છે. તેનું વ્યષ્ટિ અને સમષ્ટિમાં ચિંતન કરવું.'

❖ વ્યષ્ટિ અને સમષ્ટિનું તાત્પર્ય ❖

નારદજીએ પૂછયું – "વ્યષ્ટિ અને સમષ્ટિનું તત્પર્ય છે તે મને બતાવો."

બ્રહ્માજીએ કહ્યું આ બ્રહ્મ પ્રણવના જ બે અંગ છેઃ વ્યષ્ટિ અને સમષ્ટિ. વસ્તુતઃ પ્રણવના અનેક ભેદ છે. – બ્રહ્મ પ્રણવ, સંહાર પ્રણવ, સૃષ્ટિ પ્રણવ, અને ઉભયાત્મક પ્રણવ, જેને વિરાટ પ્રણવ પણ કહેવાય છે. એમાં વ્યષ્ટિ પ્રણવને બ્રાહ્મ પ્રણવ કહે છે. **अ** કારાદિ ચાર માત્રાઓવાળા સ્થૂળ આદિ

ભેદોથી યુક્ત પ્રણવ અર્ધમાત્રિક પ્રણવ કહેવામાં આવે છે. આ એકાક્ષર મંત્ર છે. એના આઠ ભેદ છે - अ કાર, उ કાર, म કાર, અર્ધમાત્રા, બિંદુ, નાદ, કલા અને શક્તિ, ચાર માત્રાઓમાં પ્રતીત થનારા પ્રણવની પ્રત્યેક માત્રાના પણ અનેક ભેદ છે. કેવળ अ કાર માત્રાના જ દસ હજાર અવયવ છે. उ કારના એક હજાર અને म કારના સો અવયવ માનવામાં આવે છે. તથા અર્ધમાત્રાના તો અવયવો જ અનન્ત છે. વિરાટ્ પ્રણવ સગુણ અને સંહાર પ્રણવ નિર્ગુણ છે. સર્ગ-પ્રણવ સગુણ-નિર્ગુણ ઉભયાત્મક છે. વિરાટ્ પ્રણવ अ કારાદિ ચાર માત્રાઓની સમષ્ટિ વાળો તથા સંહારપ્રણવ ચતુર્થ માત્રાત્મક અને અર્ધમાત્રાત્મક છે.

જે સ્થૂળ યા સૂક્ષ્મનો જ્ઞાતા નથી, અધિક યા ન્યૂન, તથા બાહ્યાભ્યાન્તજૂનો જ્ઞાતા નથી, પ્રજ્ઞાનરૂપ નથી, જે જોઈ, સાંભળીને પકડી શકાતો નથી, તે નથી કોઈ પરિભાષામાં આવતો, નથી ધ્યાનમાં આવતો, તે કલ્યાણ મય અને અદ્વિતીય તત્વ જ બ્રહ્મનો ચોથો પાદ છે. જ્ઞાનીજન એને બ્રહ્મપ્રણવ કહે છે. મોક્ષની કામના કરનારા પુરુષોનો એ આશ્રય છે. તે પરબ્રહ્મ રૂપથી પ્રતિષ્ઠિત સ્વયં પ્રકાશ અને આકાશ રૂપ છે.

નાદબિન્દુ-ઉપનિષદ ૐકારની માત્રાઓના દેવતાઓ પર પ્રકાશ નાંખતા કહે છે - अ કારના દેવતા અગ્નિ છે, उ કારના દેવતાવાયુ અને म કારના દેવતા સૂર્ય છે. ચોથી અર્ધમાત્રાના દેવતા વરુણ છે. આ સર્વ માત્રાઓમાં થી પ્રત્યેકના ત્રણ ત્રણ મુખ છે. એટલા માટે પ્રણવને દ્વાદશ કલામુખ કહ્યો છે.

અને -

अन्तरंग तरंगस्य रोधे विलीयतेऽपि च ।
ब्रह्म प्रणव संलग्ननादो ज्योतिर्मयात्मकः ।
मनस्तत्र लयं याति तद्विष्णोः परमं पदम् ॥

- અંતરંગ તરંગનો અવરોધ થવાથી પ્રણવનાદમાં બધું વિલીન થઈ જાય છે. ત્યારે તે જ્યોતિર્મયાત્મક થાય છે. તે સ્થિતિમાં જ્યાં મનનો લય થાય છે ત્યાં ભગવાન વિષ્ણુના પરમપદનો અનુભવ થાય છે.

આ જ ઉપનિષદના આરંભમાં કથન છે કે - જો પ્રણવને આપણે હંસ માનીએ તો **અ** કાર તેની જમણી પાંખ છે કે અને - **ઉ** કાર ડાબી પાંખ **મ** કાર તેની પૂચ્છ (પૂંછડી) અને અર્ધમાત્રા શિર છે. તથા સત્વગુણ શરીર અને રજોગુણ તથા તમોગુણ બંને પગ કહેવાશે. અને '**धर्मोऽस्य दक्षिणश्चक्षुरधर्मोऽथा परः स्मृतः ।**' ધર્મ તેની જમણી આંખ તેમજ ડાબી આંખ એ અધર્મ કહેવાય છે. સાત લોકોની સ્થિતિ આ પ્રમાણે છે - ભૂર્લોક તેના પગ છે, ભુવર્લોક તેની જાંઘ છે. સ્વર્લોક તેનો કટિ પ્રદેશ (કેડનો ભાગ) છે. નાભિ પ્રદેશ મહર્લોક છે. જનર્લોક હૃદય છે. કંઠ પ્રદેશ તપર્લોક છે. બંને ભ્રુમધ્યે લલાટમાં સત્યલોક અવસ્થિત છે, અને સહસ્ત્રારમાં પ્રણવ પ્રકાશીત છે. આ રીતે પ્રણવ હંસ પર આરૂઢ થઈને, તેના ધ્યાન, અનુષ્ઠાનની વિધિમાં દક્ષ સાધક, મનન અને ચિંતન કરતો સાધક હજારો પાપોથી મુક્ત થઈને હંસયોગ દ્વારા મોક્ષપદને પ્રાપ્ત થઈ જાય છે.

❖ ઓંકારની બાર માત્રાઓ અને તેનું ફળ ❖

અગાઉ ઓંકારની જે બાર માત્રાઓ નિર્દેશ કર્યો તેના નામ આ પ્રમાણે છે.-

અ કારના અગ્નિદેવતા છે. અગ્નિ મંડળની માફક એનું રૂપ છે અને 'આગ્નેયી' તેની પ્રથમ માત્રા છે. **ઉ** કારના દેવતા વાયુ છે, વાયુ મંડળની માફક તેની બીજી માત્રા 'વાયવી'નું રૂપ છે. **મ** કારના દેવતા સૂર્ય છે. સૂર્ય મંડળ જેવું તેનું રૂપ છે અને આ ત્રીજી માત્રા ઉત્તર માત્રા છે. ચોથી અર્ધમાત્રા વારુણી છે. તેના દેવતા વરુણ છે. એ સર્વમાત્રાઓના ત્રણ ત્રણ મુખ છે. આમ પ્રણવ દ્વાદશ કળામુખ છે, જેને જાણવાનું સાધન ધારણા, ધ્યાન અને સમાધિ છે. પ્રણવની બાર પ્રકારની કલા માત્રાઓના નામ આ પ્રમાણે છે - (૧) ઘોષિણી (૨) વિદ્યુત્ માત્રા (૩) પ્રતંગિની (૪) વાયુવેગિની (૫) નામધેયા (૬) ઐન્દ્રી (૭) વૈષ્ણવી (૮) શાંકરી (૯) મહતી (૧૦)ધ્રુવા (ધૃતિ) (૧૧) નારી અને (૧૨) બ્રાહ્મી છે.

- જો સાધકનું શરીર પ્રથમ માત્રામાં છૂટી જાયતો ભારતમાં ચક્રવર્તી સમ્રાટ થાય છે.

- જો સાધકનું શરીર બીજી માત્રામાં છૂટી જાય તો યશસ્વી યક્ષ થાય છે.
- જો સાધકનુ શરીર ત્રીજી માત્રામાં છૂટી જાય તો વિદ્યાધર તરીકે જન્મે છે.
- જો સાધકનું શરીર ચોથી માત્રામાં છૂટી જાય તો ગંધર્વ થઈ અવતરે છે.
- જો સાધકનું શરીર પાંચમી માત્રામાં છૂટી જાય તો ચંદ્રલોકમાં ઉષિત નામના દેવતાઓ સાથે નિવાસ કરે છે.
- જો સાધકનું શરીર છઠ્ઠી માત્રામાં છૂટી જાય તો ઈન્દ્રદેવતાનું સાયુજ્ય મળે છે.
- જો સાધકનું શરીર સાતમી માત્રામાં છૂટી જાય તો વિષ્ણુ ભગવાનનું પદ મળે છે.
- જો સાધકનું શરીર આઠમી માત્રામાં છૂટી જાય તો રૂદ્ર પશુપતિનું સાન્નિધ્ય મળે છે.
- જો સાધકનું શરીર નવમી માત્રામાં છૂટી જાય તો મહર્લોકની પ્રાપ્તિ થાય છે.
- જો સાધકનું શરીર દશમી માત્રામાં છૂટી જાય તો ધ્રુવલોકની પ્રાપ્તિ થાય છે.
- જો સાધકનું શરીર અગિયારમી માત્રામાં છૂટી જાય તો તપલોકની પ્રાપ્તિ થાય છે.
- જો સાધકનું શરીર બારમી માત્રામાં છૂટી જાય તો શાશ્વત બ્રહ્મપદની પ્રાપ્તિ થાય છે.

આ રીતે બાર માત્રાઓની ગતિવિધિ વર્ણવી છે.

આગળ બ્રહ્મવિદ્યા-ઉપનિષદમાં નિર્દેશ મળે છે કે - "**गुरुरेव हरिः साक्षान्नान्य इत्यब्रवीत् श्रुतिः ।**" શ્રૃતિમાં કહ્યું છે કે ગુરુ જ સાક્ષાત શ્રી હરિ છે, અન્ય કોઈ ગુરુ નથી. જે દેહમાં સ્થિત છે તે કલાયુક્ત છે અને જે દેહની

બહાર છે તે નિષ્કલ આપ્ત ગુરુના ઉપદેશથી વિદિત થનારું તે તત્ત્વ સર્વત્ર સમભાવમાં સ્થિત છે. તથા -

हंस हंसेति यो ब्रूयात् हंसो ब्रह्मा हरिः शिवः ।
गुरु वक्रात्तु लभ्येत प्रत्यक्षं सर्वतो मुखम् ॥

-'જે હંસ-હંસ બોલે છે, તે બ્રહ્મા, વિષ્ણુ અને શિવનું રૂપ છે. તે ગુરુના ઉપદેશથી જ સર્વત્ર મુખવાળા બ્રહ્મને જાણી શકાય છે.'

❖ બ્રહ્મના ચાર પદ ❖

'માણ્ડૂક્ય - ઉપનિષદ' માં વર્ણવેલ છે કે -

सर्वं ह्येतद् ब्रह्मायमात्मा ब्रह्म सोऽयमात्मा चतुष्पात् ॥

- 'આ સર્વ બ્રહ્મ જ છે. આ આત્મા જ બ્રહ્મ છે. તે આ આત્મા ચાર પાદો (અંશો) વાળો છે.'

''सर्वं ह्येतब्रह्मयेति । सर्वं यदुक्तम् ॐकार मात्रामिति तदेत ब्रह्म । तच्च ब्रह्म परोक्षभिहितं प्रत्यक्षो विशेषेण निर्दिशति-अयमात्मा ब्रह्मेति ।''

- આ સર્વ બ્રહ્મ છે અર્થાત્ આ સર્વ જે ૐકાર માત્ર કહેવામાં આવ્યું છે, તે બ્રહ્મ છે. અત્યાર સુધી પરોક્ષ રૂપમાં બતાવેલ તે બ્રહ્મને પ્રત્યક્ષ રીતે આ આત્મા બ્રહ્મ છે એવું કહીને નિર્દેશ કરે છે. અહીં **'अयम्'** શબ્દ દ્વારા ચતુષ્પાદ રૂપમાં વિભક્ત કરવામાં આવનાર આત્માને પોતાના અંતરાત્મા સ્વરૂપથી અંગુલિ નિર્દેશ પૂર્વક **'अयमात्मा ब्रह्म'** એવું કહી બતાવે છે. ૐકાર નામથી કથિત તથા પર અને અપર રૂપથી વ્યવસ્થિત તે આ આત્માકર્ષણ ના ચાર પાદ (અંશ) વાળો છે. ગાયના સમાન નથી. વિશ્વ આદિ ત્રણ પાદોમાં ક્રમશઃ પૂર્વ પૂર્વનો લય કરતા રહી અંતમાં તુરીય બ્રહ્મ પદની ઉપલબ્ધિ થાય છે. એટલે પ્રથમ ત્રણ પાદોમાં પાદ શબ્દ કરણવાચ્ય છે. અને તુરીયમાં જે પ્રાપ્ત કરવામાં આવે, આ પ્રમાણે કર્મ વાચ્ય છે.

जागरित स्थानो बहिःप्रज्ञ सप्तांगः एकोन विंशति मुखः स्थूल-भूऽवैश्वानरः प्रथम पादः ॥

જાગ્રત અવસ્થા જેની અભિવ્યક્તિનું સ્થાન છે, જે બહિપ્રજ્ઞ (બાહ્ય વિષયોને પ્રકાશિત કરનારો) સાત અંગો વાળો, ઓગણીસ (૧૯) મુખો વાળો અને સ્થૂળ વિષયોનો ભોક્તા છે તે વૈશ્વાનર પ્રથમપાદ છે.

स्वप्न स्थानोन्तः प्रज्ञः सप्तांगः ऐकोनविंशतिमुखः प्रविविक्त भुक्तैजसो द्वितीय पादः ॥

- સ્વપ્ન જેનું સ્થાન છે તથા અંતઃપ્રજ્ઞ, સાત અંગોવાળો, ઓગણીસ (૧૯) મુખોવાળો અને સૂક્ષ્મ વિષયોનો ભોક્તા છે તે તૈજસ એનો બીજો પાદ છે.

यत्र सुप्तो न कंचन कामं कामयते न कंचन स्वप्नं पश्यति तत्सुषुप्तम् । सुषुप्तस्थान एकीभूतः प्रज्ञानघन एवानन्दमयो ह्यानन्द मुकचेतो मुखः प्राज्ञः तृतीय पादः ॥

- જે અવસ્થામાં સુતેલો પુરુષ કોઈ ભોગની ઈચ્છા નથી કરતો અને કોઈ સ્વપ્ન પણ જોતો નથી, તેને સુષુપ્ત કહે છે. તે સુષુપ્તિ જેનું સ્થાન છે, તથા જે એક ભૂત પ્રકૃષ્ટ જ્ઞાન સ્વરૂપ બનીને જ આનંદમય આનંદનો ભોક્તા અને ચેતનારૂપ મુખવાળો છે તે પ્રાજ્ઞ જ ત્રીજો પાદ છે.

अभिध्येयव्रज्ञप्रधान ॐकारश्चतुष्पादात्मति व्याख्यातो यः ।

- અત્યાર સુધી જે ૐકાર સ્વરૂપ ચતુષ્પાદ આત્માનું અભિધેય વાચ્યાર્થની પ્રધાનતાથી વર્ણન કર્યું છે.

આમાં પ્રથમ માત્રાને જાણનારો જ્ઞાની સંપૂર્ણ ભોગોને પ્રાપ્ત કરી સર્વમ પ્રમુખ સ્થાન પ્રાપ્ત કરે છે. બીજી માત્રાને જાણનારો જ્ઞાનમાં ઉન્નત બનીને સમાન ભાવ વાળો થઈ જાય છે, તેના વંશમાં પરમેશ્વરને ન જાણનારો કોઈ હોતો નથી. ત્રીજી માત્રાને જાણનારો જ્ઞાની આ સંપૂર્ણ વિશ્વના પરિણામનો જ્ઞાતા થઈને સર્વને પોતાનામાં નિહિત કરનારો થઈ જાય છે. માત્રા રહિત ૐકાર અવ્યવહાર્ય, પ્રપંચાતીત અને કલ્યાણરૂપ છે. તે આત્માનું ચોથું ચરણ છે.

अमात्रश्चतुर्थोऽव्यवहार्यः प्रपञ्चोपशमः शिवोऽद्वैत एवम् ॐकार आत्मैव संविशत्यात्मनाऽऽत्मान य एवं वेदं च एव वेद।

જે આ પ્રમાણે જાણે છે. તે આત્મજ્ઞાની આત્મા દ્વારા જ પરબ્રહ્મમાં

(પરમાત્મામાં) લીન થઈ જાય છે.

'મુણ્ડકોપનિષદ' માં જિજ્ઞાસુ ભાવથી પ્રશ્ન કરનારા શૌનકમુનિને મહર્ષિ અંગિરાએ ૐકારનો ઉપદેશ કરતાં કહ્યું કે - ૐકાર રૂપ ધનુષને લઈને તેના પર તપસ્યા દ્વારા તીક્ષ્ણ કહેલું બાણને ચડાવીને ખેંચો અને અવિનાશી બ્રહ્મને લક્ષ્ય કરી વીંધી નાંખો, પ્રણવ ધનુષ, આત્મા બાણ છે, બ્રહ્મ તેનું લક્ષ્ય છે. કિંતુ પ્રમાદરહિત મનુષ્ય જ તેને વીંધી શકે છે. લક્ષ્ય રૂપ બ્રહ્મનો વેધ કરીને તેમાં તન્મય થઈ જાય, તે જ અમૃતનો સેતુ છે.

अरा एव रथनाभौ संयता यत्र नाडयः,
स एषोऽन्तश्चस्ते बहुधा जायमानः ।
ओमित्येवं ध्यायथ आत्मानं,
स्वस्ति वः पाराय तपसः परस्तात् ।

- રથચક્રની નાભિમાં જોડાયેલ આરાઓની માફક દેહગત નાડીઓ એકત્ર છે. વિભિન્ન પ્રકારથી, પ્રકટ થનારા પરમેશ્વર હૃદયના મધ્યભાગમાં નિવાસ કરે છે. એ પરમેશ્વરનું ૐકારના ઉચ્ચારણ દ્વારા જ ધ્યાન કરવું જોઈએ. તેની સાથે પૃથ્વી અંતરિક્ષ, સ્વર્ગની સાથે પ્રાણ અને મન પણ ગુંથાયેલા છે એટલે અન્ય વિષયોનો ત્યાગ કરી એકમાત્ર તે પરબ્રહ્મને જાણો. અજ્ઞાનરૂપી અંધકારથી પર થઈને ભવસાગર પાર કરવા માટે એ આવશ્યક છે. આ પ્રકારે તમારૂં કલ્યાણ થશે.

❖ અક્ષ્યુપનિષદમાં ૐકાર ❖

'અક્ષ્યુપનિષદ' અનુસાર વિશ્વ, તૈજસ અને પ્રાજ્ઞ રૂપમાં આ સંપૂર્ણ સંસાર જ ૐકાર રૂપ છે. એમાં વાચ્ય વાચક ભેદ હોતો નથી. અકાર વિશ્વ, ઉકાર તૈજસ અને મકાર પ્રાજ્ઞ છે. સમાધિ પહેલાં પ્રયત્નપૂર્વક એનું ચિંતન કરવું. અને સર્વત્યાગી થઈને બ્રહ્મનિષ્ઠા પ્રાપ્ત કરવી, એવી ભાવના કરવી કે - હું જ આનંદમય, નિર્મળ, અગમ્ય, પ્રજ્ઞાનઘન બ્રહ્મ છું, હું જ વિશુદ્ધ અવિદ્યારહિત, આભાસરહિત પરમાત્મા છું. આ જ ઉપનિષદ્ છે, આ જ ઉપનિષદ્ છે.

'પ્રણવોપનિષદ' માં બ્રહ્મવેત્તાઓ દ્વારા ઉપદેશમાં ૐકારને એકાક્ષર બ્રહ્મ કહેવાનું વૃતાન્ત છે. ૐકારમાં ત્રણદેવ, ત્રણલોક, ત્રણ અગ્નિઓ કહેવામાં આવેલ છે. તેમાં ત્રણ માત્રાઓની સાથે અર્ધમાત્રા પણ છે, કારણ કે તે પરમ શિવત્વ જ છે. પ્રથમ માત્રામાં બ્રહ્મા, પૃથ્વી લોક, ઋગ્વેદ અને ગાર્હપત્ય અગ્નિ છે. બીજી માત્રામાં વિષ્ણુ આકાશ, યજુર્વેદ અને દક્ષિણાગ્નિ છે, ત્રીજી માત્રામાં શિવ, સ્વર્ગલોક, સામવેદ અને આપહનીય-અગ્નિ છે.

શાટ્યાયનીય ઉપિષદ્‌માં દસ ૐકાર તથા સાત વ્યાહૃતિઓ સહિત ચાર પદવાળી ગાયત્રીના જપનો ઉપદેશ છે. ઉપનિષદોનો અભ્યાસ સ્વાધ્યાય યજ્ઞ કહ્યો છે. ૐકારનું ઉચ્ચારણ કરતા રહી બ્રહ્મરૂપી અગ્નિમાં આત્માની આહુતિ આપવી જોઈએ.

'તૈતરીય - ઉપનિષદ'ની શિક્ષાવલ્લીમાં કહ્યું છે કે -

''यः छन्दसामृषयो विश्वरूपः, छन्देभ्योऽध्यमृतात् संबभूव । समेन्दो मेघया स्पृणोति ।''

- અર્થાત્ જે પ્રણવ વેદોમાં સર્વોત્તમ, વિશ્વરૂપ અને અમૃતયુક્ત છે, તે ઈન્દ્રરૂપથી મારી બુદ્ધિને વધારી, મને બુદ્ધિમાન બનાવે.

'આરુણિ - ઉપનિષદ્' માં અરુણના પુત્રએ બ્રહ્મલોકમાં જઈને બ્રહ્માજી પાસે કર્મત્યાગ અને બ્રહ્મ-પ્રાાપ્તિની જિજ્ઞાસાનું વર્ણન કર્યાની વિગત ઉપલબ્ધ છે. તેને બ્રહ્માજીએ ઉપદેશ આપતાં કહ્યું કે - પરમહંસ પરિવ્રાજક થઈને ધરતી પર શયન કરવું. બ્રહ્મચર્યનું પાલન કરવું તથા સર્વકર્મો અને વસ્તુઓને પણ છોડીને હાથોને જ ભિક્ષાપાત્ર રૂપમાં પ્રયુક્ત કરવા, અને ૐકારનું જ ત્રણ વાર ઉચ્ચારણ કરીને ભિક્ષા માંગવી. આ પ્રમાણે કરવાથી પરમવ્યોમમાં વિષ્ણુધામનાં દર્શન થાય છે.

❖ યાજ્ઞવલ્ક્ય ઉપનિષદમાં શિખા સૂત્ર ❖

યાજ્ઞવલ્ક્ય - ઉપનિષદ અનુસાર વિદેહરાજ જનકે મહર્ષિ યાજ્ઞવલ્ક્યની સેવામાં જઈને સંન્યાસ ધર્મની જિજ્ઞાસા કરી. ત્યારે અન્ય પ્રશ્નોનું સમાધાન

થતાં શિખા સૂત્રનો પણ ત્યાગ કરવાનું કહેવામાં આવ્યું, ત્યારે અત્રિએ પૂછ્યું કે - બ્રાહ્મણ જનોઈ વગર રેવી રીતે રહી શકે છે ?

યાજ્ઞવલ્ક્ય બોલ્યા - 'ૐ જ સંન્યાસીઓનું યજ્ઞોપવીત છે. જે અગાઉ કહ્યા પ્રમાણે હોમ કરીને તેનું પ્રાશન કરી આચમન કરી લે છે, તેને માટે કેવળ આ જ વિધિ છે. સંનયાસીઓ માટે કેવળ આ જ માર્ગ છે.

પરમહંસ - પરિવ્રાજકોપનિષદ્‌માં પિતામહ બ્રહ્માજીની જિજ્ઞાસાનો ઉત્તર વાળતાં નારાયણે બતાવ્યું કે - ગાયત્રીનો ત્રણે વ્યાહૃતિમાં લય કરીને, તે વ્યાહૃતિઃ નો ૐકારની ત્રણ માત્રાઓમાં લય કરી દેવો. પ્રણવનું ઉચ્ચારણ કરતા રહી શિખા સૂત્રને દૂર કરવાં આ ઉપનિષદ્‌માં નારાયણ બ્રહ્મપ્રણવનો પણ ઉપદેશ કરે છે.

'કઠરુદ્રોપનિષદ'માં બ્રહ્માજીને દેવતાઓએ પ્રાર્થના કરવાથી બ્રહ્મવિદ્યાનો ઉપદેશ કરતા કહ્યું છે કે - જ્યારે સંન્યાસ ગ્રહણ કરવામાં આવે ત્યારે પુત્રને જોઈને કહેવું 'તુ યજ્ઞ છે, વષટ્‌કાર અને ૐકાર છે, તુંજ (બ્રહ્મ)છે.' એનું તાત્પર્ય એ છે કે આત્મભાવ વ્યક્ત કરતા રહી બધું ૐકાર રૂપ જ માનવું.

'અમૃતનાદોપનિષદ'માં કહ્યું છે કે 'પ્રણવની અકારાદિ માત્રાઓ અને તેના લિંગ ભાવ પદ તથા આશ્રયભૂત વિશ્વ, વિરાટ્‌ આદિના ધ્યાન પૂર્વક તેમનો ત્યાગ કરવો. સ્વરહીન મકાર ના વાચક પરમેશ્વરનું, અવ્યક્ત ૐકારનું ધ્યાન કરવાથી સાધક તુરીયાવસ્થાને પ્રાપ્ત થાય.'

❖❖❖

૮

યોગશાસ્ત્ર, ઉપનિષદ્ અને ૐકાર

કુંડલિની યોગ, હઠયોગ, રાજયોગ, નાદયોગ, સ્વરયોગ, સુરત-શબ્દ યોગ, મંત્રયોગ, કર્મયોગ, સમાધિયોગ ઈત્યાદિ પ્રસિદ્ધ યોગોની સાધનાવિધિઓમાં પ્રણવ (ૐકાર)નું સ્મરણ, ચિંતન અને ધ્યાન કોઈને કોઈ રૂપમાં અવશ્ય સમ્મિલિત થયેલ જોવા મળે છે. આ રીતે જોતાં કહી શકાય કે પ્રણવયોગ સર્વ યોગોમાં મૂર્ધન્ય સ્થાન ધરાવે છે. કોઈપણ યોગ સાધકને

પ્રણવ યોગનો સાધક છે એમ કહેવું અસ્થાને નથી જ.

ઋગ્વેદમાં કથન છે કે -

यस्मादते न सिध्यति यज्ञो विपश्चितश्चन । समाधिनां योगमिन्वति ।

(ऋग्वेद् १/१८/७)

યોગ વિના વિદ્વાનના કોઈપણ યજ્ઞકર્મ (શુભકાર્ય) ક્યારેય પણ સિદ્ધ થતાં નથી. તે યોગ શું છે ? તે યોગ બીજું કંઈજ નથી, ચિત્તવૃત્તિનો નિરોધ જ છે. સમાધિ એ બુદ્ધિની સમત્વની સ્થિતિ છે.

માટે જ યોગ દર્શનકાર મહર્ષિ પતંજલિ એ યોગની પરિભાષા સૂચક સૂત્ર આપ્યું - **'योगश्चितवृत्ति निरोधः ।'**

અર્થાત્ - ચિત્તવૃત્તિનો નિરોધ કરવો (રોકવી, અવરોધ કરવો) તે યોગ છે. આ સૂત્ર માત્ર ચિત્તવૃત્તિનો નિરોધ એવો સૂચક શબ્દ વાપરે છે. સર્વચિત્તવૃત્તિ નિરોધ નથી. સમ્પ્રજ્ઞાત સમાધિમાં વૃત્તિઓનો અભાવ થતો નથી, જ્યાં સૂક્ષ્મ સાત્વિક ભાવ વિદ્યમાન રહે છે. કિંતુ ચિત્તમાંથી રજોગુણ અને તમોગુણના સમસ્ત વિકાર (દોષ યા મળનું આવરણ) અવશ્ય દૂર થાય છે. આ દૃષ્ટિથી તમોગુણનું મળરૂપ આવરણ અને રજોગુણના વિક્ષેપરૂપ ચંચળતા નિવૃત્ત થઈને સત્ત્વગુણના આલોકમાં જે વૃત્તિઓ એકાગ્ર થાય છે તેનું નામ યોગ છે. બીજા શબ્દોમાં કહી શકાય કે સાત્વિકતામાં એકાગ્ર થવું તે યોગ છે.

❖ ચિત્તવૃત્તિ નિરોધના અંતરાયો ❖

યોગદર્શનમાં ચિત્તવૃત્તિ નિરોધના અંતરાયો આ પ્રમાણે વર્ણવ્યા છે. -

व्याधिस्तान संशय - प्रमादालस्याविरति भ्रान्तिदर्शनलब्ध भूमिकत्वादनवस्थित त्वानि चित्ताविक्षेपास्तेऽन्तरायाः ।

(योगसूत्र १/३०)

दुःख दौर्मनस्यांगमेजयत्वश्वास प्रश्वासा विक्षेप सहभुवः ।

(योगसूत्र १/३१)

- મનની એકાગ્રતાના બાધક ચૌદ(૧૪) અંતરાય (વિઘ્નો) છે. (૧)

વ્યાધી યા શારીરિક રોગ, (૨) સ્ત્યાન અથવા ચિત્તની અકર્મણ્યતા અથવા મનોબળ (માનસિક શક્તિ)ની ઓછપ (૩) સંશય (સ્પષ્ટ જ્ઞાન ન હોવું) જેથી શંકાશીલતામાં વધારો, (૪) પ્રમાદ (કોઈપણ વાતને ટાળવાની વૃત્તિ આદત), (૫) આલસ્ય (આળસ), (૬) અવિરતિ (કોઈ વસ્તુ, પ્રાણી, સ્થાન યા આદર્શ વિશેષ સાથે અત્યાધિક લગાવ યા વળગણ), (૭) ભ્રાન્તિ દર્શન (ઉટપટાંગ) વિચારોનું નિરર્થક ચિંતન) (૮) દુઃખ (વિવિધ પ્રકારના આધિભૌતિક, આધિદૈવિક અને આધ્યાત્મિક ક્લેશ) (૯) અલબ્ધ ભૂમિકત્વ (અભીષ્ઠ કક્ષા સુધીની ઉન્નતિ ન કરી શકવી તે), (૧૦) અનવસ્થિત્વ (દૃઢતા યા લગનનો અભાવ) (૧૧) દોર્મનસ્યતા (અધિકક્ષોભ) (૧૨) અંગમેજયત્વ (શરીરાંગોની વિરૂપતા) યા શિથિલતા (૧૩) શ્વાસ (આંતરિક કુંભકમાં વિઘ્ન થવુ), (૧૪) પ્રશ્વાસ (બહારના કુંભકમાં વિઘ્ન ઉપસ્થિત થવું), વગેરે કારણોસર તેનું મન (ચિત્ત) સ્થિરતા ધારણ કરતું નથી - અને વિક્ષેપના કારણે દુઃખમાં તડપતો (છટપટાતો) રહે છે.

આ સમસ્ત વિકારો, દોષ યા વિક્ષેપના નિવારણાર્થે ઓંકાર સ્વરૂપ પરમાત્માના એકત્ત્વનું ધ્યાન, જપ અને ચિંતન કરતા રહેવાથી યોગની સહજપણે પ્રાપ્તિ થઈ જાય છે. **'तत्प्रषेधार्थमेकत्वत्त्वाभ्यासः ।'** (**योगसूत्र १/३२**) આ સર્વ વિઘ્નોના નાશ માટે એકતત્ત્વ રૂપ ઓંનો અભ્યાસ કરવો.

'પાંતજલ યોગસૂત્ર'માં કહ્યું છે -

.'तस्य वाचक प्रणवः । तज्जस्तदर्थभावनम् ॥'

(योगसूत्र १/२७-२८)

અર્થાત્ પરમાત્માનું નામ વાચક મુખ્ય શબ્દ પ્રણવ (ઓંકાર) જ છે. ઓંકારના જપ અને તેના અર્થનું ચિંતન કરવું. એનાથી અધ્યાત્મ માર્ગ પર ચાલનારા સરળતા પૂર્વક એકાગ્રતા તથા અન્તર્મુખતા પ્રાપ્ત કરી શકે છે. અને તેના માર્ગમાં આવતાં સર્વ વિઘ્નો સ્વતઃ નષ્ટ થઈ જાય છે.

'ततः प्रत्यक्-चेतनाधिगमोऽप्यन्तरायाऽभावश्च ।'

(योगसूत्र १/२९)

- તે ઓંકાર મંત્રના અર્થનું ચિંતન કરવા સાથે જપ કરવા જોઈએ. એ

પ્રમાણે કરવાથી પ્રત્યેક ચેતન (અંતઃકરણ)માં સ્થિત પરમાત્માનો (**अधिगमः + अपि**) સાક્ષાત્કાર થવા લાગે છે. અને સાત્ત્વિક એકાગ્રતા (ચિત્તવૃત્તિ નિરોધ) થી સમસ્ત અંતરાયો (વિઘ્નો)નો નાશ થતાં યોગસિદ્ધિ થાય છે

આગળ મહર્ષિ પતંજલિ યોગદર્શનમાં જણાવે છે કે -

बुध्ध्या तत्त्वेन धी दोषः शून्येन्नैकान्त वासिनः ।
दीर्घं प्रणवमुच्चार्य मनोराज्यं विजीयते ॥

- બુદ્ધિતત્ત્વ ધી દોષ દૂર કરી ચિત્તમાં એકાગ્રતાનું સ્થાપન કરવા માટે એકાન્ત અને શૂન્ય સ્થાનમાં (અથવા ખુલ્લા આકાશ નીચે મેદાનમાં) જ્યાં કોઈ મનુષ્યનો અવાજ ન આવી શકે એવી જગ્યામાં સુખપૂર્વક સ્થિર આસનમાં બેસીને દીર્ઘ પ્રણવ (ૐકારનો લાંબો ઉચ્ચાર) વારંવાર કરવો. અને ત્યારે શ્વાસની ગતિ જ્યાં સુધી લંબાવી શકાય ત્યાં સુધી ઉચ્ચાર કરવો. 'ઓ....મ્' 'ઓ....મ્', 'ઓ....મ્' એમ વારંવાર ઉચ્ચાર કરવો. એમ કરવાથી મન વશ થશે, એટલે કે મનોરાજ્ય પર વિજય પ્રાપ્ત થતાં સાધકમાં યોગબળ અને જ્ઞાનની વૃદ્ધિ થશે. વાસનાનો ક્ષય થશે. આ ઉત્તમ પ્રકારની યુક્તિ છે.

❖ યોગનો અર્થ ❖

યોગપદનો અર્થ યુક્ત થવું, જોડાવું મિલન થવું, એકાકાર થવું, એકરૂપ થવું એવો કરવામાં આવે છે. તે અનુસાર યોગી યાજ્ઞવલ્ક્ય જણાવે છે કે **'संयोगो योग इत्युक्तो जीवात्म परमात्मनोः ।' (याज्ञवलकलयः)** જીવાત્માનો પરમાત્મા સાથે સંયોગ થવો તેનું નામ યોગ છે. જીવ પરમાત્માનો અંશ છે. તે જીવ જ્યોતિ (આત્મજ્યોતિ)નું પરમાત્મ જ્યોતિ સાથે મળવું તે જ યોગની પરમ સિદ્ધિ છે.

❖ ૐકારનું વૈજ્ઞાનિક રહસ્ય ❖

'યોગશાસ્ત્ર'માં કહ્યું છે કે -

कार्यं यत्र विभाव्यते किमपि तत्स्पन्देन सव्यापकम् ।
स्पन्दश्चाप तथा जगत्सु विदितः शब्दान्वयी सर्वदा ॥

सृष्टिश्चापि तथादिमाकृति (विशेषत्वादभूत्स्पन्दिनी ।
शब्दश्चोदभक्तदा प्रणव इत्योंकार रूपः शिवः ॥
(योगशास्त्र)

જ્યાં કંઈપણ કાર્ય (સહેજ પણ હલન-ચલન) હોય છે, ત્યાં કંપન અવશ્ય હોય જ, જ્યાં કંપન હશે ત્યાં ધ્વનિ (શબ્દ) પણ અવશ્ય હશે. આ દૃષ્ટિથી વિચાર કરતાં આપણે એવા નિષ્કર્ષ પર આવીએ છીએ કે સૃષ્ટિરૂપી કાર્યમાં પ્રકૃતિની સામ્યાવસ્થામાં પ્રકૃતિના સ્પંદન દ્વારા જે પ્રથમ સ્પંદન થયું. તેમાંથી જે પ્રથમ શબ્દ ઉત્પન્ન થયો તે મંગલકારક ઉઁકાર રૂપ પ્રણવ છે. સત્વ, રજસ અને તમસ નામક ત્રણ ગુણોની સામ્યાવસ્થાથી વૈષમ્યાવસ્થાનું પ્રસ્ફુટન પ્રારંભ થવાથી સર્વ પ્રથમ જે સ્પંદન, કંપન યા હિલ્લોલ થયો તેમાંથી જે નાદ પ્રકટ થયો. તે જ પ્રણવ નાદ કહેવાયો, પરમેશ્વરે સર્વ પ્રથમ આદિમાં આ નાદને જ પ્રકટ કર્યો, જે સૃષ્ટિનું મૂળ કારણ બન્યો અને જેની ધારા અવિચ્છિન્ન અને અવ્યાહતરૂપમાં અગ્રસર બનતી વહી રહી છે. તેનો લોપ થવો એટલે સૃષ્ટિનો લોપ સમજવો.

સમસ્ત સૃષ્ટિમાં એ જ (સ્પંદન રૂપે) ધબકી રહ્યો છે. જેનાથી સૃષ્ટિના બધાં કાર્ય અવિરતપણે ચાલે છે. આ સર્વથા સત્ય અને નિત્ય છે. ભર્તુહરિ, ભર્તુમિત્ર, પતંજલિ આદિ વ્યાકરણકારોએ એના નિત્યત્વની પુષ્ટિ પણ કરી છે. પરમેશ્વરથી સર્વ પ્રથમ સ્ફુટિત થવાને કારણે જ તે 'સ્ફોટ' પણ કહેવાય છે. ઉચ્ચારણના સ્થાનોને ભરીને નીકળવાથી ઋષિઓએ તેને નાદને અભિહિત કરવા (ઓળખવા માટે) વર્ણાત્મક શબ્દ તરીકે ઉઁ શબ્દની પસંદગી કરી છે. સ્વામી વિવેકાનંદે તેને તમામ નામ રૂપોની જનની [Mother of Names and Forms] કહ્યો છે. વાસ્તવમાં, ઈશ્વરવાચક આદિ શબ્દ ઉઁકાર નાદરૂપે યોગીગણને ત્યારે જ સંભળાય છે, કે જયારે તેઓ યોગ યુક્ત થઈને, પ્રકૃતિની સામ્યાવસ્થામાં ચિત્ત સ્થિતર કરી શક્યા હોય. આ ઉઁકાર ધ્વનિ વાચ્ય-વાચક સંબંધ વડે અનાદિ અને અનંત છે. અને એવી રીતે ઉઁકાર જે અક્ષરો વડે લખવામાં આવે અથવા મુખ દ્વારા ઉચ્ચારણ કરવામાં આવે એ આદિ ધ્વનિ પ્રણવના નાદનો પ્રતિશબ્દ (પ્રતિધ્વનિ) રૂપ પડઘો છે. આ જ ઉઁકાર અને પ્રણવ શબ્દ વચ્ચેના ભેદનું વૈજ્ઞાનિક રહસ્ય છે.

આ આલોકમાં પ્રણવયોગ ત્રિગુણી પ્રક્રિયામાં સમતા સ્થાપનની સાધના છે. યોગ શાસ્ત્રમાં કહ્યું છે કે -

ધ્યાયેત્ તેજોમયં બ્રહ્મ, તેજોધ્યાન પરાત્પરમ્ ।
ભ્રુવોર્મધ્યે મનોઽધેર્દ્ધે ચ યત્તેજઃ પ્રણવાત્મકમ્ ॥

- બંને ભ્રુકુટિઓની વચમાં (આજ્ઞા ચક્રમાં) તથા હૃદયમાં જે તે તેજ પ્રણવ રૂપે રહેલું છે. તે પરાત્પર બ્રહ્મ તેજ સ્વરૂપ છે, એવી ભાવના કરીને તેનું ધ્યાન કરવું. તેજોમય ધ્યાન સર્વોત્તમ છે.

આજકાલ આપણે જે કોઈ કાર્ય કરીએ છીએ, તે ઘણું કરીને અન્યમનસ્ક રીતે જ કરીએ છીએ. આપણે કહેવામાત્ર પૂજન કરીએ છીએ, પરંતુ મન પૂજામાં નથી રહેતું, જપ કરીએ છીએ પણ જપમાં નથી હોતું બીજા બીજા વિષયોમાં ભટકે છે. આપણે બેઠા હોય ભોજન કરવા પરંતુ ભોજનના સ્વાદમાં મન રસ નથી લેતું તે ભળતા જ વિચારો કરતું હોય છે. યાત્રા કરતી વખતે, વેપાર-ધંધામાં, કાર્યાલયમાં પણ જે કાર્ય સંપાદન કરવાના હોય તેમાં સંપૂર્ણ પણે મન હાજર હોતું નથી. આને મન રહિત અનમનતા અથવા અન્યમ નસ્કતા કહેવાય છે. કોઈપણ કાર્ય કરતી વખતે મનમાં ઉચાટ હોય તો,

ફળસ્વરૂપ કાર્ય ઉચિત રીતે પાર પડતું નથી. અથવા કાર્ય સંપૂર્ણ પણે સફળ થતું નથી. ત્યારે કાર્ય કુશળતાનો અભાવ વર્તાય છે. અને આપણને યથેષ્ટ કાર્યસફળતા પ્રાપ્ત થતી નથી. આ કામકાજમાં વ્યગ્રતા અને ઉચાટ એ અયોગ (યોગ વિમુખતા)ની સ્થિતિ છે. આનાથી વિપરીત સ્થિતિ પૂર્ણ એકાગ્રતા અને લગનથી કાર્ય કરવાની પદ્ધતિ એ કર્મની કુશળતા છે. આ જ ગીતોક્ત વ્યવહારિક યોગ છે તેને જ માટે **'योगः कर्मसु कौशलम् ।'** એવા શબ્દો વપરાયા છે. કર્મની કુશળતાનું નામ જ યોગ છે. પ્રણવયોગ આપણને એ દિશા ઈંગિત કરે છે.

આપણા મન ઉપર કામ, ક્રોધ, લોભ, મોહ, ઈર્ષા, દ્વેષ અનુદારતા, સંકુચિતતા, અહંવૃત્તિ, સ્વાર્થ પરાયણતા, ઘૃણા અને અધૂરપ કબજો ધરાવે છે. આ પરિસ્થિતિનું નિર્માણ સત્વગુણ, રજોગુણ, તમોગુણની વિષમતા (પોત પોતાની ખેંચતાણ) માંથી થતું હોય છે. પ્રણવ (ઓંકાર) યોગ ત્રણગુણની વિષમતા દૂર કરી તેની સમતા અને એકાગ્રતાની સ્થાપના કરે છે. પરિણામે નિયમ પરાયણતા, સમયપરાયણતા અને સત્ત્વપરાયણતા દ્વારા રોજે રોજના સંઘર્ષમાંથી મુક્ત થવાય છે. આ રીતે જીવનમાં સામંજસ્ય અને સુવ્યવસ્થા જળવાતાં જીવન સંતુલિત બને છે. કર્મના યથાવિધિ સંચાલનની પ્રક્રિયામાં પ્રણવયોગ ઘણો વ્યવહારિક છે અને તે કર્મને યોગમય બનાવી યથાર્થ કર્મયોગ સાર્થક કરે છે.

❖ યોગના રહસ્યમાં ઓંકારનો ફાળો ❖

હવે આપણે યોગનું તારતમ્ય સમજવા માટે યોગપરક ઉપનિષદો યોગને કેવી રીતે વર્ણવે છે અને તેમાં પ્રણવ (ઓંકાર)નો શું ફાળો છે ? તે જાણવા માટે આગળ પ્રયાસ કરીએ.

ભગવાન આદ્યશંકરાચાર્ય 'યોગ તારાવલી'માં નાદાનુસંધાનની આરીતે સ્તુતિ કરે છે –

नादानुसंधान नमोऽस्तु तुभ्यं त्वां मन्महे तत्त्वपदं, लयानाम् ।
भवत्प्रसादात् पवनेन साकं विलीयते विष्णुपदे मनो मे ॥

- હે નાદાનુસંધાન (પ્રણવ, ૐકાર) આપને નમસ્કાર છે. આપ પરમપદમાં સ્થિતિ પ્રાપ્ત કરાવો છો. આપના જ કૃપા-પ્રસાદથી મારો પ્રાણ-વાયુ અને મન આ બંને વિષ્ણુના પરમપદમાં લીન થઈ રહ્યા છે.

વસ્તુતઃ નાદાનુસંધાન (નાદયોગ)નું મોક્ષ સાધનમાં ખૂબ મોટું મહત્વ છે. તેના મહિમાથી વેદ, ઉપનિષદ્ અને સંતવાણી ભરપૂર છે. આ નાદાનુસંધાન બાબતમાં એક અલગ પ્રકરણમાં વિચારવામાં આવનાર છે.

'જાબાલ દર્શન ઉપનિષદ્' માં સાંકૃતિ નામના ઋષિએ ભગવાન દત્તાત્રેયજી પાસે આષ્ટાંગ યોગનો ઉપદેશ પ્રાપ્ત કર્યાનું વૃતાન્ત છે, જેમાં દત્તાત્રેયજી પ્રાણાયામ સાથે પ્રણવના અભ્યાસનો ઉપદેશ કરે છે. - ત્રિવર્ણાત્મક પ્રણવ છે. તે ક્રમશઃ પૂરક, કુંભક અને રેચક સાથે સંબંધકર્તા છે. આ ત્રણ વર્ણનું એકત્રીકરણ (**अ+उ+म = ॐ**) પ્રણવ કહેવાય છે. એટલે જ કહ્યું છે કે - **'स एषः प्रणवः प्रोक्तः प्राणायामस्तु तन्मयः ॥'** પ્રાણાયામ પ્રાણ પ્રક્રિયા છે. તે પ્રણવમય છે. એટલે જ તો પ્રાણાયામ પણ પ્રણવ જ છે, પ્રાણનું વહન કરનારો છે. ઈડા (ડાબી ચંદ્રનાડી) દ્વારા વાયુને ધીમીગતિએ ખેંચીને ઉદર (પેટ)માં ભરતી વખતે **अ**કારનું ધ્યાન કરવું તે ષોડશ (સોળ) માત્રાઓથી યુક્ત છે. ઉદરમાં ભરેલા બહારના પ્રાણવાયુને કેટલોક સમય ધારણ કરવો અને ચોસઠ (૬૪) માત્રાથી યુક્ત **उ** કારનું ધ્યાન કરતા રહી જપ કરવા જોઈએ. ત્યાર બાદ ધીમે ધીમે જમણી (પિંગલાનાડી) દ્વારા પ્રાણવાયુ બહાર કાઢતાં (રેચક કરવો) અને બત્રીસ (૩૨) માત્રા યુક્ત **म** કારના ધ્યાન સાથે જપ કરવા.

વળી આગળ કહ્યું છે કે - ગુદા અને ઉપસ્થના મધ્ય ભાગને સીવિની કહેવામાં આવે છે. કારણ તે શરીરના બે ભાગોનું સંધાન છે. આ સીવિનીના ભાગને બંને પગની એડી વડે ઉપર નીચેથી દબાવીને સ્થિત ભાવથી બેસવું. અને -

जान्वोरधः स्थितां संधिम् स्मृत्वा देव त्र्यम्बकम् ॥
विनायकं च संस्मृत्य तथा वागीश्वरीं पुनः ।
लिंगनालात्समाकृष्य वायुमप्यग्रतो मुने ॥
प्रणयेन नियुक्तेन बिन्दुयुक्तेन बुद्धिमान् ।

मूलाधारस्य विपेन्द्र मध्ये तं तु निरोधयेत् ॥
निरुध्य वायुना दीप्तो वह्निरुपति कुंडलीम् ।
पुनः सुषुम्नया वायुर्वह्निना सह गच्छति ॥

- ઘૂંટણોની નીચેની સંધિમાં ત્र્યંબક નામના જ્યોતિર્લિંગની ભાવના કરવી. એની સાથે ભગવતી સરસ્વતી અને ગણપતિનું ધ્યાન કરવું. પછી બિંદુમય ૐકાર ના જપ કરતા રહી, ઉપસ્થની નળીના છેદ દ્વારા આગળની તરફ ખેંચવું અને તેને મૂલાધારની મધ્યમાં સ્થિત કરવું. ત્યાં વાયુનો અવરોધ કરતા રહેવાથી ત્યાંનો અગ્નિ પ્રદીપ્ત થઈને કુંડલિની સાથે મળે છે. પછી વાયુ અને અગ્નિને સાથે લઈને કુંડલિની ઉપર ચઢવા લાગે છે. આ વિજય પ્રાપ્ત કરવાથી બધા રોગ સમૂળ નષ્ટ થાય છે. પ્રાણાયામ દ્વારા તો ભગન્દર જેવા રોગ પણ દૂર થાય છે.

❖ શાણ્ડિલ્ય ઉપનિષદમાં પ્રાણાયામના પ્રકાર ❖

'શાણ્ડિલ્ય ઉપનિષદ્' માં મુનિ શાણ્ડિલ્ય મહર્ષિ અથર્વાને પ્રશ્ન કરે છે. તેનો ઉત્તર આપતાં અથર્વા કહે છે - પૂરક, કુંભક અને રેચકના ભેદથી પ્રાણાયામ ત્રણ પ્રકારના છે. વર્ણરૂપ હોવાને લીધે પ્રાણાયામ પ્રણવ જ છે. નાસાગ્ર પર ચંદ્રમંડળની જ્યોત્સનામાં સંવેષ્ટિત, રક્તવર્ણા, હંસરુઢા, દંડધારિણી અને બાલા સ્વરૂપ વાળી અકાર મૂર્તિ ગાયત્રી છે. ઉકાર મૂર્તિ સાવિત્રી શ્વેતઅંગ વાળી ગરુડારૂઢા, હાથમાં ચક્રધારિણી તથા યુવતી છે. મકાર મૂર્તિ સરસ્વતી કૃષ્ણવર્ણા વૃષભારુઢા, વૃધ્ધા તથા હાથમાં ત્રિશૂળ ધારણ કરનારી છે. આ રીતે અકારાદિ ત્રણ વર્ણ વાળો ૐકાર જ સર્વનું કારણ છે, તથા એકાક્ષર પરમ જ્યોતિ છે.

આ રીતે ધ્યાન કરવું અને ઈડા (ચંદ્રનાડી) વડે બહારના વાયુને સોળ માત્રામાં ખેંચવો. તે સમયે અકારનું ચિંતન કરવું. પછી ઉકારનું ધ્યાન કરતા રહી ૬૪ માત્રામાં કુંભક કરવો. અને પછી મકારનું ધ્યાન કરતા રહી વાયુને જમણી પિંગળા નાડી દ્વારા બત્રીસ માત્રામાં રેચક કરવો. આ ક્રમથી વારંવાર કરવું.

'યોગ ચૂડામણિ ઉપનિષદ'માં ૐકાર પ્રાણાયામ બાબતમાં આ રીતે

નિર્દેશ પ્રાપ્ત થાય છે. પૂરક, કુંભક અને રેચક પ્રણવસ્વરૂપ છે. આ પ્રકારનો પ્રાણાયામ બાર માત્રામાં કરવો જોઈએ. આ બાર માત્રા સંયુક્ત ચંદ્ર-સૂર્યનો પ્રાણાયામ સમસ્ત દોષોનો નાશ કરનારો છે. બાર માત્રાનો પૂરક અને સોળ માત્રાનો કુંભક કરવો જોઈએ ત્યારબાદ દસ માત્રામાં રેચક કરવો જોઈએ. આને ૐકાર પ્રાણાયામ કહેવાય છે.

'પરબ્રહ્મ ઉપનિષદ્' અનુસાર શૌનક મહર્ષિ પિપ્પલાદને બ્રહ્મ સંબંધી જિજ્ઞાસા વ્યક્ત કરે છે, જેના ઉત્તરમાં મહર્ષિ તેમને ૐકારનો ઉપદેશ આપતાં કહે છે - હે શૌનક ! તે પરમદેવ અત્યન્ત પ્રસન્નતાના આપનારા, અંતર્યામી, નિઃસંગ, ચિદ્રૂપ, પ્રણવ હંસ (ૐકાર પંજરસ્થ) અથવા પ્રાણવાર્થ તુર્ય હંસ રૂપથી સ્મરણ કરવામાં આવે છે. અહીં આ પ્રાણનું મુખ્ય પ્રકરણ નથી, પરબ્રહ્મનું પ્રકરણ છે. એટલા માટે પ્રાણ વિવક્ષિત નથી. પ્રણવ જ જીવ છે. તે જ જીવ સ્વરૂપ આધાર દેવતા છે. આ પ્રમાણે ૐકારની યથાર્થતાને જાણનારો જીવ અને બ્રહ્મની ભિન્નતા કેવી રીતે કહી શકે છે?

❖ જાબાલ દર્શનમાં ૐકાર ઉપાસનાનું વર્ણન ❖

આપણું ધ્યાન ફરી પાછું 'જાબાલ દર્શન - ઉપનિષદ'માં કરેલા આત્મા-પરમાત્માની ધારણા સાથે ૐકાર ઉપાસનાના વર્ણન તરફ દોરાય છે -

જ્ઞાની પુરુષે પોતાના આત્મામાં બોધમય, આનંદમય અને કલ્યાણમય એવા પરમાત્માની નિત્યપ્રતિ ધારણા કરવી. આથી બધા પાપોમાંથી છૂટકારો મળે છે. કાર્યરૂપ બ્રહ્માદિને પોત-પોતાના કારણમાં લય કરીને, જે બુદ્ધિથી પર અનિર્વચનીય, પરમકલ્યાણ અને અવ્યક્ત પરમેશ્વર છે તેને પોતાના આત્મામાં ધારણ કરવા અને આ પ્રમાણે કરતી વખતે પોતાના મનને સર્વકળાઓવાળા ૐકાર રૂપી પરમેશ્વરમાં લય કરી દેવું, એટલે કે ૐકારમાં લીન થઈ જવું, આ સાથે ઈન્દ્રિયોને વિષયોમાંથી નિવૃત્ત કરી આત્મામાં સંલગ્ન કરી દેવી.

'યોગ તત્ત્વોપનિષદ્' ના કથન અનુસાર આધ્યાત્મિક યાત્રામાં પ્રણવને રથ બનાવી લેવામાં આવે તો સફળતા કેવી રીતે મળે તે બાબતમાં વક્તવ્ય રજૂ કર્યું છે કે -

❖ ૐકાર જીવનના સારથિ રૂપે ❖

ૐકાર રથમારુહ્ય વિષ્ણું કૃત્યાડથ સારથિમ્ ।
બ્રહ્મલોક પદાન્વેષી રુદ્રરાધન તત્પરઃ ॥
તાવદ્રથેન ગન્તવ્યં યાવદ્રથપથિ સ્થિતઃ ।

- પ્રણવ રૂપ રથમાં બેસીને ભગવાન વિષ્ણુને સારથિ બનાવવા અને બ્રહ્મલોકની પ્રાપ્તિ માટે, યથાર્થ પદની ખોજમાં લાગેલા (અધ્યાત્મના પ્રવાસી) સાધકે ભગવાન રૂદ્રની આરાધનામાં તત્પર થવું, તે રથ દ્વારા ત્યાં સુધી ચાલતા રહેવું જોઈએ, જયાં સુધી રથનો યાત્રામાર્ગ પૂરો ન થઈ જાય.

પ્રણવની અકારાદિ માત્રાઓનો, અને તેના લિંગભૂતપદ તથા આશ્રયાભૂત વિશ્વ, વિરાટ્ આદિના ધ્યાનપૂર્વક તેનો ત્યાગ કરતા રહીને સ્વરહીન મકારના વાચક ઈશ્વરનું ધ્યાન કરવાથી સાધક તુરીયાવસ્થામાં પ્રવેશ કરે છે.

એકાન્તમાં બેસીને પ્લુત માત્રામાં પ્રણવના જપ કરવાથી પૂર્વજન્મના પાપોનો ક્ષય થાય છે. આ પ્રણવ મંત્ર સર્વ પ્રકારના વિઘ્ન અને દોષોને દૂર કરનારો અને એનો અભ્યાસ કરવાથી સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે.

'મૈત્રેણ્યુપનિષદ'માં મહર્ષિ મૈત્રેય કૈલાસ પર્વતપર જઈને મહાદેવજી પાસે જિજ્ઞાસા કરે છે - "પ્રભો ! મારા પ્રતિ પરમતત્ત્વનું રહસ્ય કહેવાની કૃપા કરશો ?"

શિવજી બોલ્યા - "મૈત્રેય ! આ શરીર દેવાલય છે અને એમાં જીવરૂપ પરમાત્માનો નિવાસ છે, એટલા માટે અજ્ઞાન રૂપ નિર્માલ્ય જ્ઞાન છોડીને હુંજ પરમાત્મા છું, એવું માનતા રહી તેનું પૂજન કરવું. અકાર, ઉકાર, મકાર રૂપ પ્રણવ હું જ છું. ધ્યાતા ધ્યાન અને ધ્યેયથી પર તથા સર્વરૂપ અને પૂર્ણરૂપ છું. હું જ સચ્ચિદાનંદમય શિવરૂપ અને સમસ્ત તીર્થ સ્વરૂપ છું."

"ધ્યાન બિંદુ - ઉપનિષદ્" માં વર્ણન છે કે -

મોક્ષાર્થી વ્યક્તિએ એટલે મોક્ષની અભિલાષાવાળાએ ૐકાર રૂપ

એકાક્ષર બ્રહ્મનું ધ્યાન કરવું, આ પ્રણવના પ્રથમ અંશ **અ**કારમાં પૃથ્વી, અગ્નિ, ઋગ્વેદ, ભૂઃ તથા પિતામહનો લય થાય છે. બીજા અંશ **ઉ**કારમાં અંતરિક્ષ, વાયુ, યજુર્વેદ, ભુવઃ તથા જનાર્દન વિષ્ણુનો લય થાય છે. ત્રીજા અંશ **મ**કારમાં દ્યુ લોક, સૂર્ય, સામવેદ, સ્વઃ તથા મહેશ્વરનો લય થાય છે. **અ**કાર પીળા રંગનો, રજોગુણવાળો, **ઉ**કાર શ્વેતવર્ણનો સત્ત્વગુણ યુક્ત અને **મ**કાર કૃષ્ણવર્ણ (કાળો) તથા તમોગુણયુક્ત છે, આ પ્રમાણે ૐકારને આઠ અંગ, ચાર પાદ, ત્રણ સ્થાન અને પાંચ દૈવતવાળો કહેવાય છે.

આવી રીતે ૐકારને જાણતો નથી તે બ્રાહ્મણ કહેવાતો નથી. - **ૐકાર યો ન જાનાતિ બ્રાહ્મણો ન ભવેતુ સઃ ।'** ૐકારને જાણતો નથી તે બ્રાહ્મણ થતો નથી.

આ પ્રણવ ધનુષ છે, આત્મા બાણ છે અને બ્રહ્મ લક્ષ્ય છે. બાણથી સાવધાનીપૂર્વક તન્મય બનીને લક્ષ્યનો વેધ કરવાથી અને 'અચર' ને જીતી લેવાથી સર્વ ક્રિયાઓથી નિવૃત્ત થઈ જવાય છે. ૐકારથી સર્વ દેવતાઓ થયા, ૐકારથી સ્વર થયા અને ૐકારથી જ ત્રણેય લોકનું સમસ્ત ચરાચર પ્રકટ થયું છે. એનો હ્રસ્વ અંશ પાપોનું હરણ કરે છે, દીર્ઘ અવ્યય સ્વરૂપ સંપત્તિને આપનારો છે. અને **'અર્ધમાત્રા સમાયુક્તઃ પ્રણતો મોક્ષદાયકઃ ॥'** અર્ધ માત્રા યુક્ત પ્રણવ મોક્ષદાતા છે. તેલની અવિચ્છિન્ન ધારા સમાન, ઘંટાના દીર્ઘ નિનાદ સમાન અવાચ્ય પ્રણવના અગ્રસ્વરૂપને જે જાણે છે તે વેદને જાણનારો વેદવિત્ છે.

હૃત્પદ્મકર્ણિકા મધ્યે સ્થિરદિપનિભાકૃતિમ્ ।
અંગુષ્ઠદ્માત્રમચલં ધ્યાયેદોંકારભીશ્વરમ્ ॥

- હૃદયરૂપી કમળની કર્ણિકામાં દીપશિખા તુલ્ય, અંગુષ્ઠામાત્ર આકારના ૐકારરૂપ અચળ એવા ઈશ્વરનું ધ્યાન કરવું. ડાબી-ઈડાનાડીથી વાયુને ઉદરમાં ભરવો અને દેહની મધ્યમાં જવાળામય ૐકારનું ધ્યાન કરવું. પૂરકને બ્રહ્મા અને કુંભકને વિષ્ણુ તથા રેચકને રૂદ્ર કહેવામાં આવેલ છે. આ ત્રણેય પ્રાણાયામના દેવતા છે.

આત્માને નીચેની અરણીરૂપમાં ગ્રહણ કરીને પ્રણવને ઉપરની અરણી

બનાવવી. આ બંનેના મંથનરૂપ ધ્યાનાવસ્થાથી ગૂઢ તત્ત્વનું દર્શન કરવું. ૐકારના નાદ ધ્વનિ રેચકનો અંત થવાથી નાદનો લય થઈ જાય છે. આ પ્રકારનું ધ્યાન પોતાના સામર્થ્ય અનુસાર કરવું. ગમનાગમનમાં સ્થિત અને ગમનાદિથી શૂન્ય એવા કરોડો સૂર્યની દીપ્તિ સમાન, સર્વના હૃદયમાં રહેનારા હંસાત્મક ૐકારનું દર્શન કરે છે, તે નિષ્પાપ બની જાય છે.

❖ ૐકારમાં યોગની આવશ્યકતા ❖

યોગ સાધનામાં ૐકારને એક આવશ્યક ક્રિયા માનીને બ્રહ્મવિદ્યોપનિષદ્ માં વિવેચન કરવામાં આવ્યું છે કે -

પ્રથમ મુદ્રાનો અભ્યાસ કરવો. નાસાગ્ર અને પોતાના નેત્રમાં **અ**કાર અગ્નિ, હૃદય સ્થાનમાં **ઉ**કાર અગ્નિ, અને ભ્રૂકુટિઓની મધ્યમમાં **મ**કાર અગ્નિ હોય છે. એમાં પ્રાણશક્તિને સંલગ્ન કરવી. બ્રહ્મ ગ્રંથિ **અ**કાર નાસાગ્ર અને નેત્રમાં, વિષ્ણુગ્રંથિ **ઉ**કાર હૃદયમાં અને **મ**કાર રૂદ્રગ્રંથિ ભ્રૂકુટિઓની વચમાં સ્થિત છે. તે અક્ષરવાયુ દ્વારા ભેદવામાં આવે છે. **અ,ઉ,મ**માં બ્રહ્મા, વિષ્ણુ અને રૂદ્રસ્થાન પામેલા છે, તેના અંતમાં પરાત્પર છે. કંઠને સંકોચીને નાડી શક્તિ સ્તંભિત કરવી. પછી જીભને દબાવીને સોળ આધારવાળી, ઉર્ધ્વગામિની, ત્રિકુટયુક્ત, ત્રણ પ્રકારની બ્રહ્મરંધ્રને જાણનારી અત્યંત સૂક્ષ્મ સુષુમ્ણા નાડીને તથા ત્રિશંખ, વજ્ર, ૐકાર યુક્ત, ઉર્ધ્વનાલ, ભ્રૂકુટિઓની તરફ જનારી કુંડલિની શક્તિ અને પ્રાણોને ચલિત કરીને શશિમંડળનું ભેદન કરવું.

'યોગ ચૂડામણિ ઉપનિષદ'માં કથન છે કે - પ્રણવથી બ્રહ્મા, વિષ્ણુ અને રૂદ્રની ઉત્પત્તિ થઈ. પ્રણવ જ પરાતત્ત્વ છે. બ્રહ્મા **અ**કારમાં, વિષ્ણુ **ઉ**કારમાં રૂદ્ર **મ**કારમાં લય પામે છે. કેવળ પ્રણવ જ પ્રકાશિત સ્થિર રહે છે. તે જ્ઞાનીમાં ઉર્ધ્વમુખ અને અજ્ઞાનીમાં અધોમુખ હોય છે. આ રીતે પ્રણવ નિશ્ચયપૂર્વક રહેલો છે. અને તેને જાણનારો વેદવિદ્ કહેવાય છે. તે અનાહત રૂપથી જ્ઞાનીઓમાં ઉર્ધ્વગતિ હોય છે. પ્રણવની આ અનાહત ધ્વનિ તેલની અવિચ્છિન્ન ધારા અને ઘંટાના દીર્ઘ નિનાદ (શબ્દ) સમાન હોય છે. અને સૌથી

પ્રથમ (અગ્ર) બ્રહ્મ કહેવાય છે.

ક્રિયા, ઈચ્છા અને જ્ઞાન શક્તિઓ, બ્રાહ્મી, વૈષ્ણવી અને રૌદ્રી એ ત્રણ માત્રાઓ પરમજ્યોતિરૂપ ૐકારમાં સ્થિત છે. તેનો વાણીથી સદા જપ કરવો, તે જ પરમ જ્યોતિસ્વરૂપ ૐકાર છે. શુદ્ધ અથવા અશુદ્ધ અવસ્થામાં - **शुचिर्वाऽप्युशुचिर्वापि यो जपेत्प्रणवं सदा । न स लिप्यति पापेन पद्मपत्रमिवाम्भसा ॥८८॥** જે જપ કરે છે. તેને પાપનો સ્પર્શ થતો નથી. અને સંસારમાં જળકમળપત્રવત્ રહે છે.

હવે નાદયોગ સહિત પ્રણવોપાસનાનું વર્ણન જાબાલદર્શન - ઉપનિષદમાં કરેલ છે તે આપણને ઘણું જ માર્ગદર્શક બને છે આ પ્રમાણે -

સ્વસ્તિકાસનમાં બેસીને મનને એકાગ્ર કરવું. ૐકારના જપ કરતાં કરતા અપાનવાયુને ધીમે ધીમે ઉપર ઉઠાવવો તથા કાન વગેરેના છિદ્રો બંને હાથો વડે સ્વાભાવિકપણે બંધ કરવાં. ઉપરની સર્વ ઈન્દ્રિયોને આ પ્રમાણે બંધ કરીને, વાયુને (પ્રાણને) ત્યાં સુધી ત્યાં જ રોકવો, જ્યાં સુધી આનંદયુક્ત અમૃતની અનુભૂતિ થવા લાગે નહીં. આ રીતે કરવાથી બ્રહ્મરંધમાં પ્રાણ પ્રવિષ્ટ થઈ જાય છે. જ્યારે બ્રહ્મરંધ્રમાં પ્રાણ પ્રવેશ થઈ જાય છે ત્યારે પ્રથમ એક ગંભીર નાદ, શંખધ્વનિ સમાન થવા માંડે છે, તે નાદ મેઘગર્જના સમાન સંભળાય છે. અને જ્યારે વાયુ મસ્તકના મધ્યભાગમાં સ્થિર થાય છે. ત્યારે પર્વત પરથી વહેતા ઝરણાની માફક કલકલ શબ્દ સંભળાય છે, જ્યારે એવું થાય છે ત્યારે યોગીને અત્યંત પ્રસન્નતાનો અનુભવ થાય છે, અને તે આત્મસાક્ષાત્કાર કરવા માગે છે. તે સમયે આત્મતત્ત્વનું જ્ઞાન સારી રીતે થઈ જાય છે, અને જગતના બંધનમાંથી છૂટકારો મળી જાય છે.

❖❖❖

૯

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ૐકાર

શ્રીમદ્ ભગવદ્ ગીતા એ વિશ્વનો મહાનતમ ગ્રંથ છે. ભારતીય વાઙમયમાં અધ્યાત્મ વિદ્યાના ગૂઢ અને પવિત્ર તત્ત્વોને ટૂંકમાં અને સ્પષ્ટપણે સરળ રીતે સમજાવનાર અજોડ ગ્રંથ છે. એના જેવો બીજો સરળ અને સર્વજન ભોજ્યગ્રંથ સંસારમાં નથી. સમસ્ત ઉપનિષદ્નું દોહન આ ગ્રંથમાં છે. વેદો અને પુરાણોનો સાર પણ આ ગ્રંથમાં છે. એ સાક્ષાત્ ભગવાનના શ્રીમુખની દિવ્ય વાણી છે.

ગીતાના સાતમા અધ્યાયમાં ભગવાન શ્રીકૃષ્ણ સ્વમુખે કહે છે કે -

रसोऽहमप्सु कौन्तेय प्रभाऽस्मि शशिसूर्ययो : ।
प्रणवः सर्ववेदेषु शब्दः खे पौरुषंनृषु ॥८॥

- હે કુંતીપુત્ર અર્જુન ! જળમાં રસરૂપે હું વિરાજમાન છું. ચંદ્ર અને સૂર્યમાં હું પ્રભા અર્થાત્ કાંતિરૂપે રહેલો છું. સર્વવેદોમાં ૐકાર (પ્રણવ) રૂપે હું જ રહેલો છું. (ભગવાન વિષ્ણુ વેદનારાયણ કહેવાય છે. તે નારાયણ જ શ્રીકૃષ્ણ છે.) અને આકાશમાં શબ્દરૂપે હું વિસ્તાર પામું છું. તથા પુરુષોમાં પુરુષત્વ રૂપે હું જ રહેલો છું.

❖ ગીતાના આઠમા અધ્યાયમાં ૐકાર ❖

ગીતાના આઠમા અધ્યાયમાં ૐકારની ઉચ્ચસ્તરીય ઉપાસનાની પ્રક્રિયા પણ બિલકુલ સંક્ષેપમાં અને અત્યંત સ્પષ્ટ શબ્દાવલિમાં પ્રાપ્ત છે -

सर्वद्वाराणि संयम्य मनो हृदि निरुध्य च ।
मूर्ध्न्याधायात्मनः प्राणमास्थितो योगधारणम् ॥१२॥
ॐ इत्येकाक्षरं ब्रह्म व्याहरन्मामनुस्मरन् ।
यः प्रयाति त्यजन्देहं स याति परमागतिम् ॥१३॥

- ઈન્દ્રિયોના સમસ્ત અપવ્યયકારી દ્વારો (છિદ્રો)નો સંયમ કરીને મનનો હૃદયકમળમાં નિરોધ કરીને, પ્રાણને મસ્તક સ્થિત બ્રહ્મરંધમાં સ્થાપન કરીને તથા યોગની ધારણામાં સ્થિત થઈને જે ૐ એવા એક અક્ષરબ્રહ્મનું ઉચ્ચારણ તથા અર્થરૂપ મારૂં -પરમાત્માનું સ્મરણ કરતાં કરતાં દેહત્યાગ કરે છે. તે નિશ્ચય જ પરમગતિ (પરમપદ)ને પ્રાપ્ત કરે છે. અંતે મતિ સો ગતિ અનુસાર મુક્તિની ઉપલબ્ધિનો શ્રીકૃષ્ણએ ઘોષિત કરેલ સિદ્ધાંત વૈજ્ઞાનિક તથ્ય અને સત્યને સિદ્ધ કરે છે.

ગીતાના આઠમા અધ્યાયમાં ભગવાન સ્વમુખે કહે છે કે -

यदक्षरं वेदविदो वदन्ति,
विशन्ति यद्यतयो वीतरागाः ।
यदिच्छन्ती ब्रह्मचर्यं चरन्ति,
तत्ते पदं संग्रहेण प्रवक्ष्ये ॥११॥

- વેદને જાણનારા જેને અક્ષર (અવિનાશી) કહે છે. વીતરાગ બનીને યતિ (સાધુ) ઓ જેમાં પ્રવેશ કરે છે, ધ્યાન, ધારણા, સમાધિ જેવી ઉચ્ચસ્તરીય સાધના દ્વારા તેઓ જે પરમતત્ત્વમાં લીન થાય છે અને સાધકગણ જેને પામવાની ઈચ્છાથી બ્રહ્મચર્યનું આચરણ કરે છે, તે બ્રહ્મને સંક્ષિપ્તમાં હું બતાવું છું. કે તે પરમપદ ૐકાર જ છે.

❖ સત્તરમા અધ્યાયમાં ૐકાર ❖

ગીતાના સત્તરમા અધ્યાયમાં વર્ણન છે કે -

ॐ तत्सदिति निर्देशो ब्रह्मणस्त्रिविधः स्मृतः ।
ब्राह्मणास्तेन वेदाश्च यज्ञाश्च विहिता पुरा ॥२२॥
तस्यादोमित्युदाहृत यज्ञ-दान-तपःक्रियाः ।
प्रवर्तन्ते विद्यानोक्ताः सततं ब्रह्मवादिनाम् ॥२४॥

- "**ॐतत् सत्**" એ ત્રણ પરબ્રહ્મવાચક નામ શ્રીભગવાનના મુખપદ્મમાંથી નીકળેલા છે, તે સત્ય છે. પ્રાચીનકાળથી એ જ નામોસહિત બ્રાહ્મણો દ્વારા વેદવિહિત યજ્ઞોના વિધાન થયા કરે છે. તેથી ૐ એ નામબ્રહ્મ (**उत्, उर्ध्वमां + आहत = उदाहृत**) શક્તિના આકર્ષણથી ૐકારના આકારમાં ઉર્ધ્વ ઉચ્ચાર કરીને બ્રહ્મવાદીઓના યજ્ઞ,દાન, તપ આદિ સર્વ સત્કર્મ પ્રવૃત્તિ થાય છે. તેઓ સારી રીતે સમજે છે કે સિદ્ધિ અને સફળતાનો તે જ એકમેવ સ્ત્રોત છે. સુખ, શાંતિ, સંપન્નતા, વિકાસ તથા ઉત્કર્ષનાં શિખરો પર ચઢવા માટે પગલે પગલે તેનું પથપ્રદર્શન નિતાન્ત આવશ્યક છે. એટલે જ તો ગીતાના પ્રત્યેક અધ્યાયના અંતે '**ॐ तत्सत इति**' શબ્દનું સંયોજન કરવામાં આવ્યું છે.

❖ ગીતાના તેરમા અધ્યાયમાં ૐકારનું વર્ણન ❖

ગીતાના તેરમા અધ્યાયમાં ભગવાને કહ્યું છે કે -

पिताऽहमस्य जगतो, माता ध्याता पितामहः ।
वेद्यं पवित्रं ॐकारं ऋक् साम यजुरेव च ॥

- આ જગતનો પિતા, માતા, ધાતા (કર્મફળ આપનાર - ધારણ કરનાર) અને પિતામહ અર્થાત્ દાદા હું છું. જાણવા યોગ્ય પવિત્ર ઓંકાર ઋગ્વેદ, સામવેદ અને યજુર્વેદ પણ હું જ છું.

❖ દસમા અધ્યાયમાં ઓંકાર ❖

ગીતાના દસમા અધ્યાયમાં ભગવાન કહે છે કે -

महर्षिणां भृगुरहं गिरामस्येकमक्षरम् ।
यज्ञानाम् जपयज्ञोऽस्मि स्थावराणां हिमालयः ॥२५॥

- મંત્રોના દ્રષ્ટા જે ઋષિઓ કહેવાય છે. તે આ પૈકી જેઓ અનેક મંત્રોના દ્રષ્ટા અને વિશેષ અન્વેષકો છે તેઓને મહર્ષિ કહેવામાં આવે છે. તેવા મહર્ષિઓમાં મહર્ષિ ભૃગુરૂપે હું છું. ગિરા અર્થાત્ અર્થ પ્રતિપાદિત શબ્દોમાં એકાક્ષર બ્રહ્મ (એટલે કે ઓંકાર) તે હું છું. સર્વ યજ્ઞોમાં જપયજ્ઞ હું છું. સ્થાવર વસ્તુઓમાં સ્થિર સ્થાવર હિમાલય હું પોતે જ છું.

❖ જ્ઞાનેશ્વરી ગીતામાં ઓંકાર ❖

નાથયોગી સંત જ્ઞાનેશ્વરે માત્ર પંદર વર્ષની ઉંમરમાં જેની રચના કરી હતી તે મહાનગ્રંથ જ્ઞાનેશ્વરી ગીતા વિશ્વમાં ગણનાપાત્ર બની ગયા છે. એ ગ્રંથનો આરંભ જ ઓંથી થયો છે -

ॐ नमो जी आद्या वेद प्रति पाद्या
जय जय स्वयं वेद्या आत्मस्वरुप ॥१॥
देवा तूचि गणेशु सकल मति प्रकाशु ।
म्हणे निवृत्तिदासु अवधारिजो जी ॥२॥

- ઓંકાર જ પરમાત્મા છે, એવો નિશ્ચય કરીને જ્ઞાનેશ્વરજી પોતાના ગ્રંથનો શુભારંભ કરતાં કહે છે કે - જે ઓંકાર સૃષ્ટિનો આદિ છે, જે વેદોનો પ્રતિપાદ્ય વિષય છે, તેને પ્રણામ કરું છું. તે સ્વયં જ પોતાને જાણી શકવા સમર્થ છે. આત્માનું સ્વરૂપ છે. તેનો જય જયકાર હો. હે દેવ ! સર્વની બુદ્ધિને આલોકિત કરનારા શ્રી ગણેશજી તે આપ જ છો. ષટ્દર્શનશાસ્ત્ર આ ઓંકાર

રૂપ શ્રી ગણેશજીના છ હાથોની માફક છે, અને તેઓમાં પ્રદર્શિત અલગ અલગ મત હાથોમાં ગ્રહણ કરેલ વિભિન્ન આયુધોની માફક છે. કણાદનું તર્કશાસ્ત્ર ફરસી (પરશુ) છે. ન્યાય દર્શન અંકુશ છે. વેદાન્ત દર્શન બ્રહ્મજ્ઞાન પૂર્ણ મોદક છે. ૐકારનો અકાર બંને ચરણો સમાન સંતુલન છે. ઉકાર વિશાલ પેટ છે. અને મકાર સમસ્ત અવયવોમાં શ્રેષ્ઠ મસ્તક છે. આ ત્રણેનું એકીકરણ થતાં તેમાં શબ્દબ્રહ્મનો સમાવેશ હોવાથી ૐકાર સ્વરૂપ બન્યું છે. એ અષ્ટબીજને હું ગુરુકૃપાથી નમસ્કાર કરું છું.

❖❖❖

૧૦

સ્મૃતિ ગ્રંથોમાં ૐકાર

ભારતીય સાહિત્યમાં નારદસ્મૃતિ, પરાશરસ્મૃતિ, વસિષ્ઠ સ્મૃતિ, યમસ્મૃતિ, યાજ્ઞવલ્ક્ય સ્મૃતિ, શંખ સ્મૃતિ, વ્યાસસ્મૃતિ, અત્રિસ્મૃતિ અને સ્મૃતિસ્મૃતિ જેવા કેટલાક મહત્ત્વપૂર્ણ ગ્રંથો છે. પરંતુ 'મનુસ્મૃતિ'નું સ્થાન સર્વોપરિ છે. આ મનુસ્મૃતિનું નામ ખૂબ જાણીતું છે. તેનો પર્યાપ્ત વિસ્તાર પણ થયેલો છે. તેમાં માનવ જીવનના પ્રત્યેક પાસાંનો વિચાર કરવામાં

આવેલ છે. તેમાં આશ્રમધર્મ અને કર્તવ્યોનું વિશદ વર્ણન છે. મનુસ્મૃતિમા સ્પષ્ટપણે આદેશ પ્રાપ્ત થાય છે કે –

ब्रह्मणः प्रणवं कुर्यादादावन्ते च सर्वदा ।
स्त्रवत्थनोङ्कार पूर्व परस्ताश्च विशीर्यते ॥
(मनु. २/७४)

– 'વેદપાઠનો આરંભ કરતા પહેલા અને પાઠની સમાપ્તિમાં સદા પ્રણવ ૐકારનું ઉચ્ચારણ (કીર્તન) કરવું જોઈએ. ૐકારરહિત પૂર્વ સ્રાવિત થાય છે અને પરકાલ વિશીર્ણ થઈ જાય છે.' અર્થાત્ વેદપાઠના આદિ અને અંતમાં ૐકારનું ઉચ્ચારણ ન કરવામાં આવે તો વેદપાઠનું ફળ પ્રાપ્ત થતું નથી. અને માત્ર સામાન્ય પુસ્તકપઠન જેવું બની જાય છે.

– આ જ અધ્યાયમાં મનુ મહારાજ આગળ વધીને કહે છે કે –

अकारञ्चाप्युकारञ्च मकारञ्च प्रजापति : ।
वेद त्रयान्निरदुहद् भुर्भुवःस्वरिचीति च ॥
(२/७६)

પ્રજાપતિ બ્રહ્માએ અકાર, ઉકાર અને મકારનું ત્રણે વેદોમાંથી દોહન કર્યું છે. અને ભૂર્ભવઃ સ્વઃ રૂપ વ્યાહૃતિઓનું વેદોમાંથી દોહન કર્યું છે. આ વેદોનો સાર છે.

❖ મનુસ્મૃતિમાં ૐકાર ❖

एकाक्षरं परंब्रह्म, प्राणायाम परं तप ।
(मनु० २/८३)

– એકાક્ષર ૐકાર પરબ્રહ્મ છે. પ્રાણાયામ એ જ પરમ તપ છે.

બૃહદ્ પારાશર સ્મૃતિમાં કથન છે કે –

प्रणवो हि परं तत्त्वं त्रिवेदं त्रिगुणात्मकम् ।

– પ્રણવ જ પરમતત્ત્વ છે, તે જ ત્રિવેદ છે, ત્રિગુણાત્મક છે. એનાથી પર કંઈજ નથી.

सर्वदुःखमुत्थानाद् भवग्राहार्णवाकुलात् ।
चिन्तितस्तार येद्यस्मात्ते न तारो निगद्यते ॥

(बृहद् यो॰ २/१२०)

- સર્વ દુઃખોમાંથી મુક્ત કરનાર અને ભવસાગરમાંથી તારનાર એકમાત્ર તારક મંત્ર ઓંકાર જ છે. તેનું સતત ચિંતન કરવું આવશ્યક છે. આ વાત 'બૃહદ્ યોગી યાજ્ઞવલ્ક્ય સ્મૃતિ'માં કહેવામાં આવી છે.

યોગી યાજ્ઞવલ્ક્યનું કહેવું છે - જે બ્રહ્મ અદૃશ્ય છે, આ ઈન્દ્રિયો થકી જોઈ શકાતું નથી. જે ભાવ માત્રથી જ ગૃહિત થાય છે અને મનન દ્વારા જેનો પરિચય થાય છે, તેનું નામ ઓંકાર છે. આ નામના પોકારથી તે પ્રસન્ન થાય છે.

❖ રામ શબ્દમાં ઓંકાર ❖

રામ શબ્દ અને ૐ માં તફાવત નથી. 'રામ રહસ્યોપનિષદ્' અનુસાર **'अग्नि सोमात्मकं रुपं राम बीजे प्रतिष्ठितम्'** રામબીજમાં અગ્નિસોમાત્મક વિશ્વ વિદ્યમાન છે. આથી સિદ્ધ છે કે ભગવાન રામ ઓંકાર સમાન વિશ્વાત્મા સર્વાત્મા છે - 'હારિત સ્મૃતિ'માં રામમંત્રની ફળશ્રુતિ સમજાવતાં કહ્યું છે કે -

एतन्मंत्रमगस्त्यस्तु जप्त्वा रुद्रत्वमाप्तवान् ।
ब्रह्मत्वं काश्यपो जप्त्वा कौशिस्त्वमरेशताम् ॥
कार्तिकेयो मनुत्वं च इन्द्राकौं गिरिनारादौ ।
वालखिल्यादि मनयो देवतात्वं प्रपेदिरे ॥
तस्मात् सर्वात्मना रामनाम रुपं परं प्रियम् ।
मंत्रं जपेत् सदा श्रीमान् संविहायान्य साधनम् ॥
नाम्ना विष्णो सहस्त्राणां तुल्य एत महामनुः ।
रामित्येकाक्षंर रामं योगिनः समुपासते ॥

- ''આ મંત્રના જપથી અગત્સ્યમુનિને રૂદ્રપદની પ્રાપ્તિ થઈ ગઈ

કશ્યપઋષિને બ્રહ્મત્વની અને કૌશિકને અમરાધિપતિ ઈન્દ્રના પદની પ્રાપ્તિ થઈ. કાર્તિકેયને 'મનુ' પદ મળ્યું. અને ઈંદ્ર, સૂર્ય, પર્વત મુનિ, નારદ તથા વાલખિલય વગેરે, મુનિઓને દેવત્વ પ્રાપ્ત થયું. એટલા માટે વિવેકી મનુષ્ય એ અન્ય સર્વ સાધનો છોડીને એકમાત્ર સર્વાત્મા રામના પ્રિયમંત્રનો જપ કરવો જોઈએ. આ મંત્ર વિષ્ણુના હજાર નામો સમાન છે. **'रां'** એ અકાક્ષર (ૐકાર સંયુક્ત) રામ મંત્રની ઉપાસના **''ॐ रां रामाय नमः''** એ મંત્રમાં યોગીઓ સાવધાનીપૂર્વક લાગેલા રહે છે.''

✧✧✧

૧૧

સંહિતા ગ્રંથોમાં ૐકાર

વશિષ્ઠ સંહિતામાં કથન છે કે -

ॐकारमकरोत्तार स्वरम् उर्ध्व गतध्वनिम् ।
सम्यगाहतलांगूलं घण्टाकुण्डभिवाम्बरम् ॥

જેવી રીતે ઘંટની વચમાં લટકતા લોલકને દોરી બાંધીને ઉચિત રીતે હલાવવાથી રણકાર ઉઠે છે અને તેનાથી ઘંટની વચ્ચેનો અવકાશ ભાગ વ્યાપ્ત થઈ જાય છે. તે પ્રમાણે ૐકારનો ઉચ્ચાર તારસ્વરે (ઉચ્ચ અવાજે) એવી રીતે



કરવો કે જેના થકી એક ચોક્કસ પ્રકારનો રણકાર ઊઠે અને તે રણકાર ઊંચે જતાં બ્રહ્મરંધ્ર તથા મુખનો બધો ભાગ તેના વડે વ્યાપ્ત થઈ જાય.

❖ યાજ્ઞવલ્ક્ય સંહિતામાં ઓંકાર ❖

'યાજ્ઞવલ્ક્ય સંહિતા'માં જણાવ્યું છે કે -

ललाटमध्ये हृदयाम्बुजे वा,
यो ध्यायति ज्ञानमयी प्रभां तु ।
शक्ति यदा दीपवदुज्जवलन्तों
पश्यन्ति ते ब्रह्म तदेकनिष्ठाः ॥

- જે સાધક લલાટની મધ્યમાં કે હૃદય કમળમાં દીપકની માફક પ્રકાશી રહેલી જ્ઞાનમયી પ્રભાશક્તિનું અર્થાત્ ઓંકારનું એક નિષ્ઠાપૂર્વક ધ્યાન ધરે છે. તે બ્રહ્મનાં દર્શન કરે છે. અર્થાત્ પરમેશ્વર કે પરમાત્માનો સાક્ષાત્કાર કરે છે. અને કૃતકૃત્ય થાય છે.

સંહિતા ગ્રંથોમાં સૂત સંહિતાનું સ્થાન સર્વોચ્ચ મનાય છે. તેમાં જીવનની ઘણી ખરી સમસ્યાઓનું સમાધાન પ્રૌઢ શૈલીમાં પ્રાપ્ત થાય છે. ૐકારની સફળ ઉપાસનાનું પણ તેમાં સુંદર પ્રતિપાદન કરેલ છે. સૂત સંહિતા અનુસાર ૐકાર સંસાર સાગરને પાર પહોંચવાની સુદૃઢ નૌકા સમાન છે -

ॐकारः सर्वमंत्रमणामुत्तमः परिकीर्तितः ।
ॐकारेण प्लवेनैव संसाराब्धिं तरिष्यति ॥

- ૐકાર તમામ મંત્રોમાં સર્વશ્રેષ્ઠ કહેવાય છે. તે સર્વથી ઉત્કૃષ્ટ છે. સંસારરૂપી સાગરને પાર કરવા માટે ૐ જ એક માત્ર નૌકા છે. ૐકારનો સહારો લીધા સિવાય કોઈપણ વ્યક્તિ વિવિધ પ્રકારના અભાવો મુશ્કેલીઓ અને સમસ્યાઓથી સંકુલિત આ દુસ્તર સંસારને પાર નથી કરી શકતો.

સંસાર સમસ્તનો આદિ, મધ્ય અને અંત પ્રણવમાં છે. ઉત્પત્તિ, સ્થિતિ અને લય પણ પ્રણવ જ છે. જેવી રીતે માયા નિર્મિત હાથી, દોરડામાં સર્પની અનુભૂતિ, મૃગતૃષ્ણા અને સ્વપ્નાદિની માફક પ્રાદુર્ભૂત થનાર આકાશાદિ રૂપ પણ પ્રપંચથી માયાવી લાગે છે, તે જ પ્રમાણે માયાવી આદિસ્થાનીય તે પ્રણવરૂપી આત્મા ને સમજીને ઉત્તમ સાધક તે જ ક્ષણે એકરૂપતાને ઉપલબ્ધ થાય છે, એવા માત્ર આશય છે.

❖❖❖

૧૨

રામગીતામાં ૐકાર

રામગીતામાં ભગવાન શંકર દ્વારા રામાયણનો કથા-પ્રસંગ વિચારતી વખતે લક્ષ્મણજીના પ્રશ્ન પર ભગવાન રામ દ્વારા વર્ણિત જ્ઞાનની ચર્ચા કરવામાં આવી છે. લક્ષ્મણજીએ નિવેદન કર્યું - "હે શુભ જ્ઞાન સ્વરૂપ પ્રભો ! આપ સમસ્ત શરીરધારીઓના અધિશ્વર છો, યદ્યપિ આપ નિરાકાર છો, તો પણ તે જ્ઞાનીઓના અનુભવમાં આવો છો, જેઓ

આપના ચરણારવિંદોને પ્રેમપૂર્વક ધારણ કરે છે. હે નાથ! મેં પણ એ જ ચરણારવિંદનો આશ્રય લીધો છે, એટલે મને પણ જ્ઞાનોપદેશ કરો.”

લક્ષ્મણજીની આ પ્રકારની પ્રાર્થનાથી ભગવાન તેઓને બ્રહ્મવિદ્યાનો ઉપદેશ કરવા લાગ્યા. તેમણે કહ્યું - ‘પ્રથમ પોતાના વર્ણાશ્રમને અનુરૂપ કર્મો કરવાં અને પછી નિષ્કામ ભાવથી વૈરાગ્યનું અવલંબન કરીને સર્વ કર્મોને છોડી દેવાં અને આત્મજ્ઞાનની ઉપલબ્ધિ નિમિત્તે સદ્‌ગુરુની સેવામાં ઉપસ્થિત થવું. હે અનુજ! આ વિશ્વનું જે મૂળ કારણ છે અજ્ઞાન, તેની નિવૃત્તિ માટે બ્રહ્મજ્ઞાન અપેક્ષિત છે, કારણ કે તેનાથી અજ્ઞાન નષ્ટ થઈ જાય છે.

❖ સંસાર ૐકારમય છે ❖

આ પ્રમાણે શ્રી રામે લક્ષ્મણના પ્રતિ જ્ઞાનોપદેશ કરતાં કરતાં સવિકલ્પ સમાધિના વિષયમાં ચર્ચા કરી અને પંછી શ્લોક - ૪૮થી ૫૨ સુધી જીવન્મુક્તિના સાધન પર પ્રકાશ પાડતાં કહ્યું.

पूर्वे समाधेरखिलं विचिन्तयेत्,
ॐकार मात्रं सचराचरं जगत् ।
तदेव वाच्यं प्रणवो हि वाचको,
विभाव्यतेऽज्ञानवशान्न बोधतः ॥४८॥
अकार संज्ञः पुरुषोहि विश्वको,
ह्युकार तेजस्क इतीर्यते क्रमात् ।
प्रासो मकारः परिपठ्यतेऽखिलैः
समाधि पूर्व न तु तत्त्वतो भवेत् ॥४९॥
विश्वं त्वकारं पुरुषं विलापयेत्,
उकार मध्ये बहुधा व्यवस्थितम् ।
ततो मकार प्रतिलाप्य तैजसं,
द्वितीय वर्णं प्रणवस्य चान्तिमे ॥५०॥
मकारमप्यात्मनि चिंतनौ परे,
विलोपयेत्प्राज्ञमपीह कारणे ॥

सोऽयं परं ब्रह्म सदा विमुक्तवद्
विज्ञान दृङ्मुक्त उपाधितोऽगलः ॥५१॥
एवं परिज्ञात परात्म भावनः,
स्वानन्द तुष्टः परिविस्मृताखिलः ।
आस्ते स नित्यात्म सुख प्रकाशितः
साक्षाद्विमुक्तोश्चल सिंधु वारियत् ॥ ५२॥

સમાધિથી પહેલા સચરાચર વિશ્વનું ચિંતન ઓંકાર માત્રના રૂપમાં કરવું જોઈએ. અર્થાત્ આ સમસ્ત સંસાર જ ઓંકાર સ્વરૂપ છે, ઓંકારમાં જ આ સર્વ આશ્રય પામેલું છે. વસ્તુતઃ અજ્ઞાનને કારણે જ આ સર્વ ભેદ પ્રતીત થાય છે, અન્યથા એ સર્વ વાચ્ય-વાચક રૂપમાં ભેદ રહિત જ છે. अકાર સંજ્ઞક પુરુષ વિશ્વ છે, उ સંજ્ઞક તૈજસ અને मકાર સંજ્ઞક પ્રાજ્ઞ છે. વિશ્વની સાથે જાગ્રત અવસ્થા રહેલી છે, એટલા માટે વિશ્વનો જે અભિમાની પુરુષ છે, તેને अકાર કહેવાય છે. उકારની સાથે રહેલી છે સ્વપ્ન અવસ્થા એટલા માટે તે તૈજસનો અભિમાની પુરુષ છે. मકારની સાથે સુષુપ્તિ અવસ્થા હોય છે, તે સમયના પુરુષની ઉપાધિ પ્રાજ્ઞ છે. આ ત્રણે અવસ્થાઓની સિધ્ધિથી પહેલાં જ થાય છે. બાદમાં તેનો અનુભવ સમાધિ અવસ્થા હોવાથી લુપ્ત થઈ જાય છે.

પચાસમા શ્લોકનું કથન છે કે - વિશ્વ અને અકારાત્મક પુરુષનો લોપ થઈ જાય છે તૈજસના ઉકારમાં, એટલા માટે સાધકે अકારનો उકારમાં લોપ કરવો જોઈએ. એવો અનુભવ થવાથી શરીર ધ્યાનમાં કમી આવે છે. उકારમાં જાગ્રતની અનુભૂતિ રહેતી નથી. પરંતુ સ્વપ્નનો આભાસ રહે છે. લાગે છે કે શરીર સત્ય નથી, સંસાર સત્ય નથી, આ બધું જે કંઈ છે તે સ્વપ્ન માત્ર છે. અને જ્યારે એવું અનુભવમાં આવે છે. ત્યારે સ્વપ્નાભાસનું નિવારણ પણ સહજ સંભવ છે. તેને માટે उકારનો मકારમાં લય કરવો જોઈએ. આ પ્રકારે अકારનો उકારમાં લય થવાથી અને उકારનો मકારમાં - ઓંકારના અંતિમ વર્ણ मકારમાં વિલીન થવાની ભાવના કરવી. આ અવસ્થા સુષુપ્તિની છે, જેમાં બાહ્યજ્ઞાન તો રહેતું નથી, આંતરિક જ્ઞાન પણ ચૈતન્ય રૂપમાં સમાવિષ્ટ થઈ જાય છે.

જ્યારે આ ત્રણે અવસ્થાનો વિલય થઈ જાય છે, ત્યારે એવો અનુભવ

શેષ રહી જાય છે કે - 'તે હું જ છું. મારાથી કંઈજ ભિન્ન નથી. હું જ પરબ્રહ્મ છું, હું સદાને માટે વિમુક્ત છું, હવે કોઈપણ ઉપાધિ મારી સાથે નથી.'

'પ્રણવ રૂપ બ્રહ્મ હું જ છું' ચિત્તવૃત્તિનું આ પ્રમાણે ધ્યેયમય થવું નિર્ગુણ પ્રણવ બ્રહ્મની ઉપાસના છે. આમાં સિદ્ધિ ત્યારે મળે છે, જ્યારે ઉૐકારાત્મક બ્રહ્મનું આત્મરૂપથી ચિંતન કરવામાં આવે છે. થોડીપણ ભેદબુદ્ધિ રહેવાથી આવી અનુભૂતિ સંભવિત થતી નથી.

ભગવાન શ્રીરામ લક્ષ્મણ પરત્વે આ પ્રમાણે પ્રણવ બ્રહ્મનો આત્મરૂપમાં ઉપદેશ કરે છે. ત્યારબાદ એ ઉપાસનાની ફળશ્રુતિ બાવનમા શ્લોકમાં બતાવે છે - 'હે લક્ષ્મણ ! આ પ્રમાણે વિશ્વાદિ અવસ્થાઓનો ઉત્તરોત્તર વિલય કરવાથી જ્યારે સાધક આત્મરૂપથી પ્રણવ બ્રહ્મમાં સ્થિત થઈ જાય છે. ત્યારે તેને આત્માના આનંદમાં જ તૃપ્તિનો અનુભવ થવા લાગે છે, અને તેને નિત્ય આનંદની અનુભૂતિ થતી રહે છે. આ રીતે તે સાગરના જળ સમાન સ્થિર અને વિમુક્ત હોવાથી પ્રત્યક્ષરૂપમાં અનુભવ કરે છે. આ રીતે યોગીઓને માટે હું સદૈવ પ્રત્યક્ષ થાઉં છું,'

આ રીતે ભગવાન શ્રીરામે રામગીતામાં ખૂબ જ સ્પષ્ટપણે પ્રણવનું રહસ્ય સ્વમુખે પ્રકટ કરેલ છે, તે અદ્‌ભુત છે.

✧✧✧

૧૩

સંતમતમાં ૐકાર

સંતોમાં-સાંપ્રદાયિક આચાર્યોના અન્ય બાબતોમાં નકારી ન શકાય એવા મતભેદો હોય છે પરંતુ પ્રણવ ઉપાસના, શબ્દ સાધના અને નાદાનુસંધા જેવી બાબતમાં સંતમત એક સમાન છે. શબ્દ કીર્તન અને શબ્દ ભજનની રીત સૌની અલગ હોઈ શકે પરંતુ મૂળ વાત ૐકાર ઉપર આવીને અટકે ત્યાં સર્વ સંતો એકમત થાય છે. ત્યારે કહેવું પડે 'સબ સયાને એક મત' શબ્દ માર્ગી સંતોએ કહ્યું છે કે -

शब्द ही कुंजी, शब्द ही ताला ।
शब्दे शब्द हुआ उजियाला ॥

- શબ્દ એ જ તાળું છે અને શબ્દ એ જ કૂંચી છે. શબ્દ વડે જ પરમ શબ્દનો પ્રકાશ થાય છે.

❖ શબ્દ એ જ બ્રહ્મ ❖

નાદ, ધ્વનિ કે શબ્દની શક્તિ અગાધ છે, અમાપ છે, આ વાતનો ભારતના ઋષિ-મુનિઓ અને સંતોને બરાબર સમજાવી હતી. તેથી તેઓએ શબ્દને શબ્દ બ્રહ્મ કહ્યો છે. ફક્ત કબીરજીએ તો એટલી હદ સુધી કહી દીધુ છે કે - **'शब्द विना साधू नहीं'** જે શબ્દનું સાધન કરતા નથી તે સાચા અર્થમાં સાધુ નથી. કબીરજી આગળ કહે છે -

एक शब्द सबकुछ किया, ऐसा समरथ सोय ।
आगे पीछे वो करे, जो बलहीना होय ॥
साधो शब्द साधना कीजै ।
जेहि शब्द से प्रकट भये सब, सोइ शब्द गहि ली जै ॥

- શબ્દ એવો સમર્થ છે કે એક જ શબ્દએ સંસારમાં બધી વસ્તુનું સર્જન કર્યું છે. આઘું પાછું તે કરે જે બળ વગરનો અસમર્થ હોય. હે સાધુ! શબ્દ સાધના કરો. જે શબ્દથી જ બધું પ્રગટ થયું છે તે શબ્દ (ૐકાર)ને ગ્રહણ કરી લો. તેમણે આગળ વધુમાં કહ્યું છે કે -

'सब्द गहो जीव संसै नाही साहब गयो तेरे संग रे ।'

- શબ્દ રૂપે ઈશ્વર જીવની સાથે શ્વાસમાં શ્વાસી રહ્યો છે તે શબ્દને ગ્રહણ કરો. વધુમાં તેઓ આગળ બોલ્યા કે -

एक शब्द गुरुदेव का, जा का अनन्त विचार ।
पंडित थाके मुनिजना वेद न पामे पार ॥

- સદ્‌ગુરુએ કૃપા કરીને મંત્રરૂપે કાનમાં જે શબ્દ કહ્યો હોય, તેનો અનંત રીતે વિચાર થઈ શકે છે. મોટા મોટા પંડિતો પણ તેનો વિચાર કરતાં થાક અનુભવ કરે છે. અને જ્ઞાનના કોશ (ખજાના) જેવા વેદો પણ જેનો પાર પામી શક્યા નથી.

मैं कलिका कूतवाल हुँ, लेहुं शब्द हमार ।
जो यह शब्द ही जानि है, सो उतरे भव पार ॥

- હું કલિયુગની ચોકી કરનારો કોટવાલ છું. એટલે મારો શબ્દ તમે ખાતરી પૂર્વક સ્વીકારી લો કે જે શબ્દ જાણે છે, ભવસાગર પાર કરી જાય છે.

शब्दे मार्या मर गया, शब्दे छोड्या राज ।
जिन जिन शब्द उच्चारिया, सारिया तनिका काज ॥

- કેટલાક શબ્દ પ્રયોગો માણસને મૃત્યુના મુખમાં ધકેલે છે. જેના લીધે માણસોને મરવું પડે છે. અથવા મરણ તુલ્ય આઘાત થાય છે. કેટલાક શબ્દ પ્રયોગ એવા છે કે રાજપાટ અને સત્તાનો ત્યાગ કરવો પડે છે. પરંતુ સદ્‌ગુરુની કૃપાથી પ્રાપ્ત શબ્દનું જેમણે રટણ કર્યું તે બધાનાં બધાંજ કાર્યો સર્યા છે, સફળ થયાં છે.

सब्द सब्द बहु अंतरा वो तो सब्द विदेह ।
जिभ्या पर आवै नहीं, निरखि पररीव कर देह ॥

- શબ્દ શબ્દમાં અંતર છે. જે મૂળ શબ્દ છે (ઉૐકાર) તે વિદેહ છે. જીભ ઉપર પ્રણવ આવી શક્તો નથી. ઉચ્ચારી શકાતો નથી. તેને નિરખી અને પારખી લેવો જોઈએ.

'बिन्दु में तहँ नाद बोले रैन दिवस सुहावन ।'

- ત્યાં બિંદુમાં નાદ બોલે છે. જે રાત્રિ-દિવસમાં પ્રકટ થતો શોભી રહ્યો છે.

जब तें अनहद घोर सुनी ।
इन्द्रिय थाकित गलित मनहुआ, आसा सकल भुनी ।

- જ્યારે તે અનાહત (અનહદનાદ)નો અવાજ સાંભળ્યો ત્યારે ઈન્દ્રિયો થાકી ગયેલી (નિષ્ક્રિય બની) હતી, મન ગલિત (ઓગળી ગયું) હતું, અને બધી આશાઓ સેકાઈ (બળી ગયેલ) હતી. આ આદિનાદ શ્રવણની ફળશ્રુતિ છે. આગળ તેઓ નાદાનુસંધાન બાબતમાં કેટલુંક વધુ માર્ગદર્શન આપતાં કહે છે.

आंख कान मुख बंद कराओ । अनहद झीना शब्द सुनाओ ॥
दोनो तिल एक तार बजाओ । तब देखो गुलजारा है ॥

- આંખ, કાન, મુખ બંધ કરીને અનાહત (પ્રણવ) નાદ જે અતિ સૂક્ષ્મ શબ્દ છે તે સાંભળવાનો અભ્યાસ કરો. બંને તળ પર એક તાલ બજાવો. ત્યારે જુઓ કેવા ફૂલની ઝડી વર્ષે છે.

❖ રામનામની ઉપાસના ❖

સંતકબીરજી નિર્ગુણ બ્રહ્મના ઉપાસક હોવા છતાં રામભક્ત હતા. અને તેમને બ્રહ્મરૂપ માનતા હતા. પરંતુ તેમના રામ દૃષ્ટિગોચર થતા ન હતા. તેમણે કહ્યું કે - **"मैं क्या जानुं रामको, नैना कबहुं न दीठ "**એ રામને હું કેવી રીતે જાણું કે જેને મેં ક્યારેય પણ આંખો વડે જોયો નથી. વળી તેમણે એવું પણ કહ્યું છે કે -

एक राम दशरथ घर डोले, एकराम घट घटमें बोले ।
एक राम है जग का पसारा, एक राम है सबसे न्यारा ॥

- એક રામ દશરથના ઘરમાં ઝૂલે છે, એક રામ ઘટ ઘટમાં (પ્રત્યેક શરીરમાં) બોલે છે. એક રામ જગતમાં સર્વવ્યાપક છે. એક રામ સર્વથી જુદો છે.

વળી કબીર નામોપાસક પણ હતા. આ છે તેમનું કથન **'नाम अमल रस उतरे ना भाई'** એનું અંતિમ છે -

जो जन नाम अमलरस चाखा तर गई गणिका सदन कसाई ।
कहे कबीर गूंगे गुड खाया बिन रसना क्या करे बडाई ॥

- જેમણે રામ અમલરસ ચાખ્યો છે એવી ગણિકા અને સદના કસાઈ ભવસાગર તરી ગયા. કબીરજી કહે છે મૂંગા માણસે ગોળ ખાધો, તે વાચા વગર તેની મીઠાશનું વર્ણન કેવી રીતે કરી શકે ?

સંત કવિ સહજોબાઈ કહે છે કે -

आंख, मुख, कान बंद करि सुन अनहद टंकोर ।
सहतो सून्न समाधि में, नहीं साँझ नहीं भोर ॥

સહજોબાઈ કહે છે શૂન્ય સમાધિમાં સવાર સાંજ જેવું નથી. આંખ, કાન, મુખ બંધ કરી અનહદ્ નાદનો ટંકાર શ્રવણ કરવો.

આપણે ફરી પાછા કબીરજીની વિચારધારામાં તરબોળ થવા પ્રયત્ન કરીએ. કબીરજી રામના સૃજન, પાલનના સામર્થ્ય તરફ સંકેત કરતાં જણાવે છે કે -

राँम निरंजन न्यारा रे । अंजन सकल पसारो रे ॥
अंजन उतपत्ति वो ओंकार । अंजन माण्डया सब विस्तार ॥

- રામ નિરંજન છે, અનોખા છે, જેમણે વિકાર રૂપમાં જગતનો પ્રસાર કર્યો છે. ઓંકારમય રામે જ જગતની ઉત્પત્તિ અને વિસ્તાર કર્યો છે.

સંત કબીરે એક ભાવપૂર્ણ પદમાં કહ્યું છે કે -

जौ जाँचौ तो केवल राँम । आन देवसूँ नाही काँम ॥
सूरिज कोटि करैं परकास । कोटि महादेव गिरि कैलाश ॥
ब्रह्मा कोटि वेद उचरैं । दुर्गा जाकैं मरदन करैं ॥

– એક જ દેવ શ્રીરામ છે, તો પછી અન્ય કોઈ દેવતાઓનું શું કામ છે? જેના પ્રકાશથી કરોડો સૂર્ય પ્રકાશ કરે છે, જેના મહિમાથી શિવમહિમાવાન બનીને કૈલાસના ઉચ્ચ શિખર ઉપર નિવાસ કરે છે, જેના જ્ઞાનથી કરોડો બ્રહ્મા વેદના ઉચ્ચાર કરી શકે છે, જેના બળ થકી દુર્ગાદેવી દુષ્ટોના મર્દન કરવા માટે સમર્થ થાય છે. આ ૐકારથી ઓતપ્રોત રામનો મહિમા છે.

આગળ કબીરજીની વાત કાન ઉપર ધરીએ –

साधु संग्राम है विकट बेढामति सती और सूरकी चाल आगे ।
सती संग्राम है पलक दो चार का सूर संग्राम पल एक लागे ।
साधु संग्राम है रैन दिन जूझना देह पर्यन्त का काम भाई ।
कहत कबीर टुक बाग ढीली करे उलट मन गगनसे जमीं आई ।

રામ સ્નેહી સંપ્રદાયના એક સંતનું કથન આ પ્રમાણે છે –

अति उत्तम सुमरन जू जैसा । या उपमा वरनूं मैं कैसा ।
अति उत्तम समरन परकारा । रोम रोम लागा ररंकारा ।
अति उत्तम नामी अस्थानूं । मन संकल्प विकल्प न ठानूं ।
अति उत्तम सुमरन सरवंगा । अक्षर एक भया अनभंगा ॥

– આ સ્મરણ અત્યંત ઉત્તમ અને એવું છે, જેની ઉપમાનું કેવી રીતે વર્ણન કરું ? રોમરોમમાં ર-રકાર લાગી ગયો છે. નામીનું સ્થાન (રામનં ધામ) અતિ ઉત્તમ છે, એ જાણું છું. મનના સંકલ્પ વિકલ્પને જાણતો નથી. સર્વ રીતે એ સ્મરણ અત્યંત શ્રેષ્ઠ છે, જ્યાં કૂટસ્થ અક્ષર (ૐકાર બ્રહ્મ) અને અવિનાશી શ્રી રામ એક જ થઈ ગયા છે.

❖ રામ શબ્દમાં ૐકાર ❖

સુપ્રસિદ્ધ કવિ શ્રી દાઉદયાલ ગુપ્ત પણ દોહાવલીમાં કહે છે કે –

शुभ 'र कार' रमणीक अति, रक्षाकारी होई ।
सर्जन सत्य 'अकार' में, जंग प्रगटावै जोई ॥
राम-नाम में शिव निहित, मंगलमूलं 'म कार' ।
भोग-मोक्षप्रद सो सतत, ओंकार साकार ॥

- આરીતે કવિની દૃષ્ટિમાં રામમાં જ સર્વ ઐશ્વર્ય વિદ્યમાન છે જે ૐકારમાં છે તેના નામની ત્રણ માત્રાઓ સત્યં, શિવં અને સુંદરં થી ઓતપ્રોત છે. એમાં એવી પણ ભાવના રહેલી છે, કે રામભક્ત સાધક ભગવાન રામની ઉપાસના દ્વારા ૐકારની જ ઉપાસના કરે છે. તેઓને તે સર્વ ઉપલબ્ધિઓ સહજ થઈ શકે છે, જે ૐકાર સાધનાથી સંભવ છે.

ગોસ્વામી તુલસીદાસજી સમસ્ત વિશ્વને સીતારામ મય જુએ છે -

'सियाराम मय् सब जग जानी । करहुं प्रनाम जोरि जुग पानी ॥'

- હું સમસ્ત જગતને સીતા-રામ મય જાણી, બે હાથ જોડીને પ્રણામ કરૂં છું.

प्रकृति पार प्रभु सब उर वासी । ब्रह्म निरीह विरज अविनासी ॥

- પ્રકૃતિથી પર પ્રભુ બધાના હૃદયમાં રહેલા છે. ખરેખર, તે અવિનાશી બ્રહ્મ જ વિરાજમાન છે.

વિનય પત્રિકામાં ગોસ્વામી તુલસીદાસજી મહારાજ ત્રણ અવસ્થાઓની ઉપરવટ જઈને ભજન કરવાનો આદેશ આપે છે.

तीन अवस्था तजहु, भजहु भगवंत ।
मन-क्रम-वचन अगोचर, व्यापक व्याप्त अनंत ॥

તેઓ શબ્દના પ્રકારનું વર્ણન કરતાં કથિત શબ્દની તરફ સંકેત કરે છે આ દોહામાં -

श्रवणात्मक, वर्णात्मक, ध्वन्यात्मक विधि तीन ।
त्रिविध शब्द अनुभव अगम तुलसी कहहिं प्रवीन ॥

- શબ્દ સાધનની ત્રણ પ્રકારની વિધિ છે. શ્રવણાત્મક, વર્ણાત્મક અને ધ્વન્યાત્મક આ ત્રિવિધ અગમ્ય શબ્દનો અનુભવ શબ્દ પ્રવીણ તુલસીદાસજી કહે છે.

સંત નાભાદાસ ભક્ત કવિ હતા. એના ગુરુ હતા સંત અગ્રદાસજી નાભાદાસજી ભગવાનના રૂપમાં ગુરુવંદના આ રીતે કરે છે -

भक्ति भक्त भगवंत गुरु चतुर नाम वपु एक ।
इनके पद वन्दन करौं नास विघन अनेक ॥

- ભક્તિ, ભક્ત ભગવાન અને ગુરુ આ ચાર નામથી અલગ છે. પરંતુ તેમનું શરીર એકજ (ૐ) છે. એમના પદમાં વંદન કરું એટલે અનેક વિઘ્નો દૂર થાય છે.

ભક્ત કવિ સૂરદાસજી કહે છે -

कृष्णनाम रस वह्यो जात है तृषावन्त हवै पीजै ।
सूरदास हर सरन ताकिये जनम सफल कर लीजै ॥

- કૃષ્ણનામ રસ વહી જાય છે. તૃષાવન્ત થઈને પીઓ. સૂરદાસ કહે છે તે હરિનું શરણ સ્વીકારી જન્મ સફળ કરી લો.

મહાત્મા રામલાલ કહે છે - **'आदि शब्द अहै ॐकारा ।'** આદિ શબ્દ ૐકાર જ છે.

સંત પલટૂ સાહેબ કહે છે કે -

''बंसी बाजी गगनमें मगन भया मन मोर ।
मगन भया मन मोर महल अठवें पर बैठा ॥
जहं होवै सोहम शब्द के भीतर पैठा ।
रणका चढना सज है मुश्किल करना योग ॥''

- ગગન મંડળની બંસી વાગીને તેમાં મારું મન મગ્ન થયું. મન મગ્ન થઈને આઠમા મહેલમાં બેઠું છે. જ્યાં સોડહમ્નો શબ્દ થાય છે તે શબ્દની મહીં પેસી ગયું છે. રણ મેદાનમાં યુદ્ધે ચઢવું સહજ છે. પરંતુ યોગ કરવો મુશ્કેલ છે.

ફરી પાછા કબીરજી નજર સમક્ષ ઉપસ્થિત થાય છે કે -

आदि नाम पारस अहै, मन है मैला लोह ।
परसत ही कंचन भया, छूटा बंधन मोह ॥
लाली देखन मैं गई मैं भी हो गई लाल ।

- આદિનામ પારસ છે અને મન મેલું (કટાયેલા) લોખંડ જેવું છે. તેને પારસનો સ્પર્શ થતાં સોનું બની જાય અને મોહના બંધ છૂટી જાય છે. 'હું મારા લાલની લાલી જોવા માટે ગઈ તો હું પણ લાલમ-લાલ બની ગઈ' આવી વાત ગોસ્વામીજીના શબ્દોમાં આ રીતે કહેવાઈ છે - **'जानत तुम्ह हि तुम्हहि होइ जाई ।'** જે તમને જાણે છે તે તમારા રૂપ બની જાય છે.

સંત ગુલાલ સાહેબ કહે છે કે -

एकै नाम अधारा, मेरे एकै नाम अधारा हो ।
परखि परखि निरखत निस वासर, जगते भयो नियारा हो ।
अष्ट कमलमें जीव बसतु हैं, सतगुरु सब्द विचारा हो ।
लेकै पवन हंस जब गवन्या, त्रिकुटी भौ उजियारा हो ।
पैठि पताल मूल बंध बांधो, सुखमन सेज संवारा हो ।
निरझर झरत अमी तहं बरखत, मनुवा तहां हमारा हो ।
गगन मंडलमें नौबति बाजै आठ प्रहर इकतारा हो ।
मार द्यो ममता चित समानो, चौमुख दीपक धारा हो ।
छूटी देह नेह रहि इक सो, आदा ब्रह्म विचारा हो ।
कह गुलाल साहब हम पायो, जम का करहि हमारा हो ।

ગોરક્ષનાથના શિષ્ય ભર્તુહરિનો પણ એક છંદ જાણવા જેવો છે -

बीज नहीं अंकूर नहीं ।
नहीं रूप रेष आकार नहीं ।
उदै अस्त तहां कह्या न जाई ।
तहां भरथरी रह्या समाई ॥
मारौ मषूर साधौ निन्द ।
सुपिनै जाता गषौ बिंद ।
जुरा मरण नहीं व्यापै रोग ।
कहै भरथरी धनि धनि जोगे ।
नादा बिंद बजाइलै दोउ ।
पुरिलै अनहद बासा ॥

एकांतिका बासा सौंचिले भरथरी ।
कहैं गोरख - मच्छिन्द्रका दासा ॥

શિખ સંપ્રદાયના પ્રવર્તક હતા ગુરુ નાનક દેવ. પ્રથમ વાત એ સમજી લેવી જરૂરી છે. કે નાનકે યોગ નથી કર્યો, તપ નથી કર્યું, ધ્યાન નથી કર્યું. નાનકે તો ફક્ત કીર્તન કર્યું છે, ગાયું છે અને ગાઈને જ અમૃત પાન કર્યું છે. પરંતુ તેમણે ગાયું એટલું પ્રાણથી કે તેમનું ગીત જ ધ્યાન બની ગયું, ગીત જ યોગ બની ગયો. ગીત જ તપ બની ગયું.

જ્યારે પણ કોઈ વ્યક્તિ પૂરી લગનથી પ્રાણ રેડીને કોઈપણ કૃત્ય કરે છે, તે કૃત્ય તેનો માર્ગ બની જાય છે. તમે ધ્યાન કરો તો પણ અધૂરું-અધૂરા કામથી લક્ષ્ય પૂર્ણ થતું નથી. મંજિલ સુધી પહોંચી શકાતું નથી. તમે પૂરા હૃદયથી તમારી પૂરી સમગ્રતા સાથે એક ગીત પણ ગાઈ લો, એક નૃત્ય પણ કરી લો, એક કાવ્ય રચના કરો કે પુસ્તક લખો તો પણ તમે મુકામ પર અવશ્ય પહોંચી જશો. તમે શું કરો છો, એ સવાલ નથી. પૂરી સમગ્રતાથી કરી રહ્યા છો યા અધૂરી - એ જ સવાલ છે.

❖ ખાલસા પંથનું રહસ્ય ❖

પરમાત્માના માર્ગ ઉપર નાનકને ગીત અને ફૂલ જ મળે છે. એટલા માટે જ તેમણે જે કંઈ કહ્યું છે તે ગાઈને જ કહ્યું છે. તેમનો માર્ગ ખૂબ જ મધુર અને રસાસિક્ત છે. તેઓ જીવાત્માને ઈશ્વરનો અંશ માને છે અને ઉૐકારની ઉપાસના કરે છે. તે ગુરુપ્રદત્ત જ્ઞાનથી જ મોક્ષ મળે એવું તેમનું પ્રતિપાદન છે. આ રીતે નાનક દેવ શુદ્ધ બ્રહ્મના માનનારા હતા. કારણકે શુદ્ધ શબ્દને ઉર્દૂમાં 'ખાલિસ' કહે છે, એટલા માટે એમનો મત ખાલસા પંથ કહેવાય છે. તેમણે પોતાના 'જપુજી' નામક ગ્રંથમાં ઉૐકારને પરમાત્માનું 'સત્‌નામ' કહ્યું છે. તેમની શિક્ષા સર્વ ધર્મો અને બધા જીવો પ્રતિ ઉદાર છે. 'શિખ' (શીખ) શબ્દ 'શિષ્ય' શબ્દનું રૂપાંતરણ છે તથા એ કડા, કેશ, કૃપાણ, કંઘી (કાંસકી) અને કચ્છ ધારણ કરે છે તથા ગ્રંથ સાહેબનું ગુરુ રૂપમાં પૂજન કરે છે.

સંત કબીરજીના શબ્દો ફરીથી આંખ આગળ તરવરે છે -

'સુરત કલારી ભઈ મતવારી, મધવા પી ગઈ બીન તોલે.'

ગુરુ નાનક દેવની પણ આવી જ હાલત થઈ, જેણે માપ વગર (બેફામ) મધુપાન (અમૃત પાન) કર્યું. પછી તો જીવનભર ગીત ગાતા જ રહ્યા. એ ગીત સાધારણ ન હતાં. એ ગીત તેમના છે જેઓ કંઈક સમજ્યા છે. એ ગીતમાં સત્યનો ભણકાર છે, રણકાર છે, પરમાત્માનું પ્રતિબિંબ છે. તેઓ પોતાની વાણીમાં ૐકાર મહિમા પર આ રીતે પ્રકાશ નાંખે છે -

ॐ ब्रह्म उत्पत्ति, ॐ किया जिन चित्त ।
ॐ से तो जुग भये, ॐकार वेद निरमय ।
ॐ शब्द जप रे, ॐकार गुरमुख तेरे ।
ॐ अखर सुनहु विचार, ॐ अखर त्रिभुवन सार ।
प्रणवों आदि एक ओंकारा, जल, थल महियल कियो पसारा ।

- આપણે જે કંઈ ગુમાવીએ છીએ તે ફરીથી પાછું મળે છે પરંતુ નવા જ રૂપમાં. જે કોઈ જાય છે તે માર્ગ ઉપર પાછો આવે છે. પરંતુ જઈ રહ્યો હતો ત્યારે તરસ્યો હતો, ભૂખ્યો હતો. આવે છે ત્યારે દાની બનીને આવે છે. જતો હતો ત્યારે ભિખારી હતો, આવે છે ત્યારે સમ્રાટ બનીને આવે છે. જે કોઈ પરમાત્મામાં લીન થાય છે, જતી વખતે તેની પાસે ભિક્ષાપાત્ર હોય છે, પાછા ફરતી વખતે અપાર સંપદા હોય છે અન્યને વહેંચવા માટે. જપુજી દુનિયાને વહેંચવા માટેની એવી ભેટ છે પરમાત્મા તરફથી મળેલી.

અહંકાર આપણી આંખમાં પડેલી કાંકરી છે, તે હઠતાં જ પરમાત્મા પ્રગટ થઈ જાય છે. પરમાત્મા પ્રગટ થતાં આપણો 'હું' ટકતો નથી. નાનક નદીમાં ડૂબી ગયા. લોકોએ માની લીધું તેઓ મરી ગયા. ખરેખર, તેઓ ત્રણ દિવસ પછી નદીમાંથી બહાર આવ્યા. તેઓ નાનક તરીકે મટી ગયા હતા. પ્રકટ પરમાત્મા જ હતા. મૂળ નાનક નામધારી અહંકાર ઓગળી ગયો હતો. એટલે પરમાત્મા રૂપે જ પ્રકટ હતા. જેવી રીતે પરમાત્મા પ્રકટ થઈ જાય છે, તમે પણ પરમાત્મા થઈ ગયા, કારણ કે તેનાથી વધીને બીજું કંઈપણ નથી.

નાનક પાછા આવ્યા. પરમાત્મા બનીને આવ્યા. પછી તો તેમણે જે પણ કહ્યું છે તે એક એક શબ્દ બહુમૂલ્ય છે. તો પછી એક એક શબ્દની આપણે

કોઈપણ કિંમત ચૂકવીએ તો પણ તે ઓછી પડશે. તેનું એક એક વચન જાણે વેદ વચન છે.

❖ ॐकार - सतनाम ❖

આપણે 'જપુજી' ને સમજવાની કોશિશ કરીએ -

'करता परखु निरभव निरवैर, अकाल मूरति अजूनिसैभं गुरुप्रसादि ।'

- તે એક છે, ઓંકાર સ્વરૂપ છે, સતનામ છે, કર્તા પુરુષ છે. ભયથી રહિત છે, વેરથી રહિત છે, કાલાતીત મૂર્તિ છે, અયોનિ છે, સ્વયંભૂ છે, ગુરુની કૃપાથી પ્રાપ્ત થાય છે. એક છે. '**१ ॐकार सति नाम ।**'

નાનક કહે છે - તે એકનું જે નામ છે તે જ ઓંકાર છે. અને બાકી સર્વ નામો મનુષ્યના આપેલાં નામ છે. રામ કહો, કૃષ્ણ કહો, અલ્લાહ કહો, એ બધાં જ નામ મનુષ્યે આપેલાં છે. તે અમે બનાવ્યાં છે. સાંકેતિક છે, પરંતુ એક તેનું નામ છે, જે આપણે નથી આપ્યું તે ઓંકાર છે, તે ૐ છે.

શા માટે તેનું નામ છે ? કારણ કે જ્યારે શબ્દો ખોવાઈ જાય છે, અને ચિત્ત શૂન્ય બની જાય છે અને સાગરમાં મનુષ્ય લીન થઈ જાય છે ત્યારે પણ ઓંકારની જ ધૂન સંભળાતી રહે છે. તે અમારી રચેલી ધૂન નથી. અસ્તિત્વની ધૂન છે. તે અસ્તિત્વનો લય છે. અસ્તિત્વના હોવાનો છંદ ઓંકાર છે. તે કોઈ માનવ સર્જિત નામ નથી. એટલા માટે ઓંકારનો કોઈ અર્થ નથી થતો છતાં તે સાર્થક છે, સર્વાર્થક છે. ૐ કોઈ શબ્દ નથી. ૐ ધ્વનિ છે. અને એ ધ્વનિ અનોખી છે. કોઈ એનો સ્રોત નથી. કોઈ એને પેદા નથી કરી શકતું. અસ્તિત્વના હોવામાં જ છૂપાયેલ છે, અસ્તિત્વના હોવાની ધ્વનિ છે. જ્યારે કોઈ વ્યક્તિ સમાધિસ્થ થાય છે ત્યારે ઓંકારની ધ્વનિ ગુંજે છે. તે પોતાની અંદર ગુંજતી અનુભવે છે. બધા લોક એનાથી વ્યાપ્ત માલુમ પડે છે.

નાનકે ઘણીવાર નામ શબ્દનો પ્રયોગ કરે છે. એને સ્મરણમાં રાખવું કે - જ્યારે પણ તેઓ કહે છે તેનું નામ અને તેનું નામ જ માર્ગ છે અને તેના નામ સ્મરણમાં જે ડૂબી જશે, તે તેને પામી જશે, ધ્યાન રાખવું જ્યારે પણ

નાનકદેવ કહે છે ત્યારે એમનો ઈશારો ઓંકારની તરફ છે. કારણકે તે જ એક તેનું નામ છે.

જ્યારે નાનક કહે છે. **'एक ओंकार सति नाम'** તો આ સત્‌માં બંને છે સત્ અને સત્ય. તે પરમ અસ્તિત્વનું નામ જે ગણિતની માફક સાચું છે જે સ્વપ્નની માફક મધુર છે અને ગણિતની માફક ઠીક-ઠીક ખરૂં છે, જે હૃદયની ભાવનાની માફક પણ છે અને મસ્તકની પ્રતીતિની માફક પણ છે.

જ્યાં મસ્તક અને હૃદયનું મિલન થાય છે ત્યાંથી ધર્મ શરૂ થાય છે. અગર મસ્તક એકલું રહે તો હૃદયને દબાવી દે, ત્યારે વિજ્ઞાન પેદા થશે. તોડ ફોડ શરૂ. અગર હૃદય એકલું રહેશે તો મસ્તકને હઠાવી દેશે. ત્યારે કલ્પનાનું જગત, કાવ્ય ચિત્રકળાનો જન્મ થશે. અને જો મસ્તક અને હૃદય બંને જો મળી જાય, બંનેનો સંયોગ થઈ જાય તો આપણે ઓંકારમાં પ્રવેશ કરી શકીએ છીએ. ધર્મ સમન્વય છે. ધાર્મિક વ્યક્તિ વૈજ્ઞાનિક, કલાકાર વગેરે સર્વથી મહાન છે. કારણકે તેમાં મસ્તક અને હૃદયનું સાયુજ્ય છે.

શ્રી ગોપીનાથજી યોગીએ 'ગોપીનાથ સિદ્ધાંત ભજનમાલા' નામક ગ્રંથમાં ઓંકાર મહિમા પર લખેલ એક સુંદર ભજન નીચે પ્રમાણે છે.

દોહા

રક્ષક પ્રિય પાલક પ્રભુ સુખપ્રદ જગ કરતાર,
શુદ્ધ મતી કર જ્ઞાનદો ટારો કલેશ વિકાર.

બડા હૈ સબસે ઓમ્ નામ તત્સાર;
ઓમ્ નામ બિન સિદ્ધ ન હોવે, જપ તપ નેમાચાર. ટેક

ઓળાદિ મન પ્રત્યો ભાઈ, અવધાતુ સે ઓમ્ હિ ગાઈ,
વ્યાકરણ વાણી વેદ ગવાહી, કર દેખા નિરધાર (૧)

ઓમિત્યો મિદગમ બ્રહ્મ ભાઈ, વ્યાપક હૈ વો સબકે માઈ,
શ્રુતિ ઉપનિષદ કહે સમજાઈ, પ્રણવાક્ષર ઉચ્ચાર (૨)

અ,ઉ,મ્ બ્રહ્મ જીવ સો માયા, ત્રણ સમુદાય ઓં બતલાય,
લખ અભેદ ધર ધ્યાનહિ, માયા હો ભવસાગર પાર (૩)

ભ્રૂ બિચ ઓં અનહદ તહઁ ભાઈ, તામે જ્યોતિ-જ્યોતિ મન થાઈ,
મન લય હોય પરમ પદ માઈ, નિજ મેં આપ નિહાર. (૪)

ઓં અનાદિ અરૂપ અચલ હૈ, સબ નામોમેં નામ સબલ હૈ,
જે સુમરે હોવે નિર્મલ હૈ, ગોપીનાથ પુકાર (૫)

સંત પ્રવર શ્રી અચલરામજી ઓંકાર મહિમાનું નીચે પ્રમાણે વર્ણન કરે છે.

યહ ઓં અક્ષર પરબ્રહ્મ સદા, સબનામોં કા શિરતારા હૈ
ઓંકાર બિના સિદ્ધ હોત નહીં તપયોગ યજ્ઞ આચારા હૈ. ટેક.

આ સકલકામ સિદ્ધિ દાતા પ્રભુને નિજ નામ નિકારા હૈ,
ઓંકાર સે નિકલે મંત્ર સભી, ગાયત્રી આદિક સારા હૈ. (૧)

ધર્મ વિદ્યા ચતુર્દશ હૈ જગમેં, સબ ઓંકાર વિસ્તારા હૈ,
વર્ણ માત્ર સબ ઓં સે નિકલે, ઓરૂમ્ કરકે હોત ઉચારા હૈ (૨)

ઓંકાર સકલ ઘટ વ્યાપક હૈ, સબ નામ રૂપ અધારા હૈ,
ઈમ જાન ભજે મન માંહિ, મુનિ તિને પ્રાણોસે અતિપ્યારા હૈ (૩)

ઓરૂમ્ મંત્રકા હૈ અધિકાર, ઉસે જિસને બ્રહ્મચર્ય ધારા હૈ.
'અચલરામ' તભી કલ્યાણ હોય યે વેદ-વેદાન્ત પુકારા હૈ (૪)

શ્રી રામેશ્વરાનંદ સરસ્વતી દ્વારા સંપાદિત ગ્રંથ ભજન સંધ્યા માં પ્રણેતા શ્રી સ્વામી દયાનંદ સરસ્વતીએ ઓંકાર વિષયમાં કહ્યું છે કે -

ઓરૂમ્ મેરે ધર્મકા મુખ બોલતા હુઆ ચિત્ર હૈ,
અકાર, ઉકાર ઔર મકાર સે મિલકર બના યે વિચિત્ર હૈ.

ઈશ્વર, જીવ ઔર પ્રકૃતિ કા ઈસમે હુઆ સમાવેશ હૈ,
સર્વ વ્યાપક સબસે પૃથક ઈસકા ન કોઈ દેશ હૈ.

યોગિયો કે સમીપ હૈ, ઔર પાપિયોં સે દૂર હૈ,
છોટી-બડી રચના સભી, ઓરૂમ્ સે ભરપૂર હૈ.

કવિ કામપાલનું ૐકારલક્ષી એક કાવ્ય આ પ્રમાણે છે -

જો તૂ ચહે બ્રહ્મ સુખ ત્યાગ ભોગ તુચ્છન કો,
ધામ-ધન-સંપદા ધરા હિયે ધરી રહેં.

જો તૂ ચહે રાવ-રંક આવે નત મસ્તક હૈ,
સ્વચ્છ કીર્તિ ચારિદસ ભુવન ભરી રહેં.

જો તો ચહે દિવ્ય દાર-પુત્ર ઔર પ્રવીણ મિત્ર,
પદ્મા પદ્માસના હ્વૈં પૌરિપૈ પરી રહેં.

રાખી કે ભરોસો જપિ ૐ મહામંત્ર દેખું,
સિદ્ધિયેં બેચારી કર જોરિ કે ખરી રહૈ.

ૐકાર ઉપાસના બધા ધર્મોને એક સૂત્રમાં બાંધનારી અને રાષ્ટ્રીય એકતાનું પ્રતીક છે. શ્રી દાઉદયાલ ગુપ્તજી પોતાની દોહાવલીમાં કહે છે -

सभी धर्मोका मूल है, एक मात्र ओंकार ।
वही ज्ञान-विज्ञानमय, सब जगका आधारा ॥

- એક માત્ર ૐકાર સર્વ ધર્મોનું મૂળ છે. તે જ્ઞાન-વિજ્ઞાનમય છે અને સર્વ જગતનો આધાર છે.

❖❖❖

૧૪

ૐકારના બાર અવયવો

અહીં આ પ્રકરણમાં ૐકારના બાર અવયવો વિશે વિસ્તૃત વિચાર કરીશું જે જિજ્ઞાસુ અને સાધકજનોને માટે વિશેષ માર્ગદર્શન રૂપ બની રહેશે.

નેત્રતંત્ર અનુસાર ઓંકાર (પ્રણવ)ની નીચે મુજબ બાર કળાઓ છે. (૧)અકાર, (૨)ઉકાર, (૩) મકાર, (૪) બિંદુ, (૫) અર્ધચંદ્ર, (૬) રોધિની, (૭) નાદ (૮) નાદાન્ત (૯) વ્યાપિની (૧૦) શક્તિ (૧૧) સમના (૧૨) ઉન્મના.

अकारश्च उकारश्च मकारो बिन्दुरेव च ।
अर्धचन्द्रो निरोधी च नादो नादान्त एव च ॥
कौण्डली व्यापिनी शक्तिः समनाश्चैति सामया ।
निष्कलं चात्मतत्वं च शक्तिश्चैव तथोन्मना ॥

અકાર, ઉકાર, મકાર, બિંદુ આદિ દ્વાદશ કળાઓ દ્વારા ઓંકાર પૃથ્વીથી લઈને શિવ પર્યન્ત સમસ્ત તત્ત્વો અને ભુવનોને આકલિત કરે છે. કારણ કે - **'ओम इत्येतदक्षरमिदं सर्वम्'** પ્રણવ સમસ્ત પ્રાણીઓનો પ્રાણ છે, તેઓનું જીવન છે -

प्रणवः प्राणिनां प्राणो जीवनं सम्प्रतिष्ठितम् ।
गृहणति प्रणवः सर्व कलाभिः कलयेच्छिवम् ॥
''शब्द ब्रह्मणि निष्णातः परब्रह्माधिगच्छति ॥''

- શબ્દ બ્રહ્મમાં નિષ્ણાત (પારંગત) પરબ્રહ્મમાં પ્રયાણ કરે છે. શબ્દ બ્રહ્મ = પરાવાક્ = કુંડલિની = પ્રણવ = ઓંકાર પરબ્રહ્મ

'શબ્દબ્રહ્મ પરબ્રહ્મ'

ઓંકારના બાર અવયવો



આ ૐકાર અનાદિ નિધન બ્રહ્મ છે - શબ્દ તત્ત્વ છે - અક્ષર છે. જગત એનો જ વિવર્ત છે -

अनादि निधनं ब्रह्म शब्दतत्त्वं यदक्षरम् ।
विवर्ततेऽर्थभावेन प्रक्रिया जगतो यतः ॥

- આ ૐકાર શબ્દબ્રહ્મ છે અને આ શબ્દ બ્રહ્મથી પરબ્રહ્મની પ્રાપ્તિ થાય છે. ધ્વનિનું સ્થૂળ શરીર આકાશ છે. ધ્વનિનું સૂક્ષ્મ શરીર શબ્દ તન્માત્રા છે. ધ્વનિનું સૂક્ષ્મતમ કારણ શરીર 'પરશબ્દ' છે. આ પરશબ્દ ૐકાર છે.

આ તે જ શબ્દ છે. માનવશરીર (પિંડ)માં ગગનશિખરમાં પ્રકાશિત થાય છે. **'गगन शिखर महं शब्द प्रकास्या तहं बूझै अलख बिनाणि'** (ગોરખનાથ) **शब्दहिं ताला शब्दहिं कूंची शब्दहिं शब्द समाया । शब्दहिं शब्दसे पस्वा हुवा शब्दहिं शब्द समाया ।** શબ્દ (ૐકાર)જ તાળું છે, શબ્દ જ કુંચી છે. શબ્દ જ શબ્દને જગાડે છે. શબ્દનો શબ્દથી પરિચય થયા પછી શબ્દ જ શબ્દમાં સમાઈ જાય છે.

પ્રકૃતિની સામ્યાવસ્થામાં સંક્ષોભ -

સંક્ષોભ - અકાર માંથી સૂક્ષ્મ શબ્દની ઉત્પત્તિ.

સંક્ષોભ - ઉકારમાંથી સ્થૂળ શબ્દની ઉત્પત્તિ.

સંક્ષોભ - મ્કારમાંથી અતિસ્થૂળ શબ્દની ઉત્પત્તિ.

❖ અ ઉ મ્ થી ઉત્પન્ન થતી મહાશક્તિઓ ❖

- પ્રણવ યા ૐકારના 'અ''ઉ''મ્' - આ ત્રણ અંગોથી ઉદ્‌ભૂત આ મહાશક્તિઓમાંથી ક્રમશઃ મનોબીજ, પ્રાણબીજ અને અહંબીજમાં સૃષ્ટિ-સ્થિતિ પ્રલયના કારણબીજ પ્રગટ થયાં

(૧) અ - બ્રાહ્મી-સૃષ્ટિ, અધિષ્ઠાતા - બ્રહ્મા. **(મનોબીજ)**

(૨) ઉ - વૈષ્ણવી-સ્થિતિ, અધિષ્ઠાતા - વિષ્ણુ. **(પ્રાણબીજ)**

(૩) મ્ - માહેશ્વરી - લય, અધિષ્ઠાતા - **મહેશ (અહંબીજ)**

(ક) સૂક્ષ્મ શબ્દશક્તિ = સૃષ્ટિબીજ = નાદશાસ્ત્રની પરિભાષામાં આ છે મનોબિંદુ.

(ખ) સ્થૂળ શબ્દશક્તિ = પ્રાણબિંદુ = સૃષ્ટિનું સ્થિતિ બીજ.

(ગ) અતિસ્થૂળ શબ્દશક્તિ = અહંબિંદુ = સૃષ્ટિનું લય (પ્રલય) બીજ.

અ = મનો બીજના આદિકારણના રૂપમાં નિગૂઢ પણે રહેનારી નિનાદ શક્તિ.

ઉ = પ્રાણબીજના આદિકારણના રૂપમાં નિગૂઢ પણે રહેનારી નિનાદ શક્તિ.

મ્ = લય (પ્રલય) બીના આદિકારણના રૂપમાં નિગૂઢપણે રહેનારી નિનાદ શક્તિ.

સ્થૂળ શબ્દશક્તિમાં - વૈષ્ણવી શક્તિ સ્થિત છે. અધિષ્ઠાતા = વિષ્ણુ = વૈષ્ણવી શક્તિ - પ્રાણબિંદુ (પ્રાણબિંદુનું ઉત્પત્તિનું આદિકારણ વૈષ્ણવીશક્તિ છે.) અત્યંત સ્થૂળ શબ્દશક્તિમાં માહેશ્વરી શક્તિ સ્થિત છે. અધિષ્ઠાતા = મહેશ્વર (લય શક્તિના અભિમાની દેવતા) પરબ્રહ્મના ઈક્ષણ પ્રભાવથી વિવૃત શક્તિમાં ઉત્પન્ન અતિ સ્થૂળ નાદ જ માહેશ્વર શક્તિનો પ્રાણ છે. આ શક્તિ વિશ્વપ્રલયનું મહાકારણ છે.) સૂક્ષ્મ શબ્દશક્તિ - આ શક્તિમાં રહેનારી નાદ શક્તિ બ્રાહ્મી શક્તિ છે. અધિષ્ઠાતા = બ્રહ્મા છે.

❖ ઓંકાર પ્રણવના પ્રકારો ❖

ઓંકાર પ્રણવના બે પ્રકાર છે - (૧) પરપ્રણવ, (૨) અપર પ્રણવ.

પરાપ્રકૃતિ (પરપ્રણવ)ની સન્નિધિ યા સત્તામાત્રથી 'અપર પ્રણવ' અપરા પ્રકૃતિમાં સંકલ્પ વિવૃતિનો પ્રારંભ - અકાર, ઉકાર, મ્કારના રૂપમાં વિભાજન.

પ્રકૃતિનો અસ્પંદનાંશ = ચિદાત્માનું પ્રકૃતિમાં પ્રતિબિમ્બન - (જેવી રીતે

સૂર્યનું દર્પણમાં) - પ્રકૃતિનું બે રૂપમાં વિભાજન - સ્પંદનાશમય પ્રકૃતિનો જડ અંશ. (૨) અસ્પંદનાશ ચેતનના અંશરૂપમાં - અપર

- પ્રકૃતિ, વાચક = અપર પ્રણવ. વાચ્ય = 'પરપ્રણવ'. વાચ્ય + વાચક પ્રણવનો સંયોગ - 'વિવૃત્ત શક્તિ' - જગની સૃષ્ટિ. પરબ્રહ્મની ઈક્ષણશક્તિ (**'तदैक्षत बहुस्याम प्रजायेय'**) = જગતની સૃષ્ટિનું મહાકારણ. ઈક્ષણશક્તિ.

- વિવૃત્ત શક્તિનું ઉત્પ્રેરિત થવું - સૃષ્ટિ સંકલ્પ. આ જ સૃષ્ટિ સંકલ્પ છે.

- પર્યાલોચના. બ્રહ્મમાં સિસૃક્ષા-સંકલ્પ (સંકલ્પ-સ્ફુરણ) બ્રહ્મની બે શક્તિઓ સ્પંદન (૨) અસ્પંદન - નો સંયોગ - ગુણત્રયની સામ્યાવસ્થા રૂપ પ્રકૃતિરૂપ મહાશક્તિનો આવિર્ભાવ (ચિદાત્માનું પ્રકૃતિમાં પ્રતિબિંબ પડવાથી કારણપ્રકૃતિમાં સંક્ષોભ ઉત્પન્ન થાય છે.)

૧. સ્પંદનાંશમય પ્રકૃતિના જડાંશ 'अ''उ''म्' દ્વારા સૃષ્ટિ

૨. અસ્પંદનાંશમય પ્રકૃતિ દ્વારા સ્થિતિ, સંહાર.

'સૌભાગ્ય ભાસ્કર'માં શ્રી ભાસ્કરાચાર્યનું કથન છે કે - પ્રલયકાળમાં સૂક્ષ્માવસ્થાપન્ન જગતને પોતાના ગર્ભમાં ગર્ભીકૃત કરીને શક્તિ શિવમાં વિલીન થઈ જાય છે. આવી સ્થિતિમાં ક્રિયાશક્તિ પણ રહેતી નથી. આ અવસ્થામાં સ્થિત શિવ જ નિર્ગુણ બ્રહ્મસ્વરૂપ પરમ શિવ કહેવાય છે. સૃષ્ટિની ઉન્મુખાવસ્થામાં પરમશિવના ઈક્ષણ, કામ, તપ, વિચિકીર્ષા, આદિના રૂપમાં પ્રથમ સ્પંદન થાય છે. અને એનાથી શક્તિનો વિકાસ થાય છે. આ શક્તિ યુક્ત પરમશિવ જ પ્રથમ તત્ત્વ શિવ કહેવાય છે. આ તથ્યને 'षट्त्रिंशत्तत्व संदोह' માં આ પ્રમાણે કહેવામાં આવેલ છે -

यदयमन्तरमूर्तिर्निजेच्छ्याऽखिलमिदं जगत्सष्टुम् ।
स्पन्दते स स्पन्दः प्रथम शिवतत्त्वमुच्यते तज्ज्ञैः ॥

- જ્યારે અનુત્તરમૂર્તિ પરમશિવ સ્વેચ્છાવશ જગતની સૃષ્ટિ કરવાને માટે સ્પંદિત થયા ત્યારે સૃષ્ટિની આ ઉન્મુખાવસ્થામાં તેમનું જે પ્રથમ સ્પન્દન થયું તે શિવતત્ત્વ છે. તે જ પ્રણવ (ૐકાર) સ્વરૂપ છે.

પ્રત્યેક જીવમાં સ્થિત શિવતત્ત્વ જ આત્માતત્ત્વ છે. એ ચૈતન્ય રૂપ છે. ચૈતન્યાત્મા એને જ 'પરાસંવિત્' પરમેશ્વર શિવ યા 'પરમશિવ' કહેવાય છે. તે જડાજડ સર્વ સત્તાઓમાં વ્યષ્ટિ-સમષ્ટિરૂપ સ્થિત છે. એ દેશ કાલાતીત હોવા છતાં સર્વદેશો અને કાલોમાં એક હોવા છતાં પણ અનન્ત રૂપોમાં સ્થિત છે. અદ્વૈત હોવા છતાં પણ દ્વૌ રૂપમાં ભાસમાન છે. એ વિશ્વરૂપ હોવા છતાં પણ વિશ્વાતીત છે. સમસ્ત જગત આ તત્ત્વનું અભિન્નરૂપ છે. પરમશિવ સ્વયં ૩૬ તત્ત્વોના રૂપમાં જગતમાં ભાસિત થાય છે. આ વિશ્વોત્તીર્ણ, વિશ્વશક્તિ પરમાનંદરૂપ અને પ્રકાશૈકઘન શિવ તત્ત્વનું જ (પોતાનાથી શરૂ કરી પૃથ્વી પર્યન્ત) ૩૬ તત્ત્વ પોતાના અભિન્ન સ્ફુરણ છે. આ પરમશિવ ભટ્ટારક નાના વૈચિત્ર્યોના રૂપમાં સ્વયં સ્ફુરિત થાય છે. શક્તિ સ્વામી પરમશિવ અનન્ત અને અસંખ્ય શક્તિઓથી સમન્વિત છે, તથાપિ શક્તિ પંચક (નીચે મુજબની પાંચ) તેની મુખ્ય શક્તિઓ છે.

તેની શક્તિઓનું સ્વરૂપ નિમ્નાનુસાર છે. -

(૧) ચિત્ત-શક્તિ - તેની પ્રકાશરૂપતા ચિત્ત-શક્તિ.

(૨) આનન્દ શક્તિ - તેની સર્વત્ર સર્વતંત્ર સ્વતંત્રતા-આનંદશક્તિ.

(૩) ઈચ્છા શક્તિ - તેની ચમત્કાર સ્વરૂપ શક્તિ - ઈચ્છાશક્તિ.

(૪) જ્ઞાન શક્તિ - તેની આમર્શાત્મકતા - જ્ઞાન શક્તિ.

(૫) ક્રિયા શક્તિ - તેનું સર્વાકાર યોગિત્વમ્ - ક્રિયા શક્તિ.

ઓંકાર જ મહામંત્ર છે. ઓંકારની એકાદશ કલાઓ -

અકાર, ઉકાર અને મ્કારના વર્ણ - પરામર્શ જ મંત્ર છે.

૧. 'અ''ઉ''મ્' જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ અવસ્થા.

૨. બિંદુ અર્ધચંદ્ર, રોધિની, નાદ ...તુરીયાવસ્થા.

૩. નાદાન્ત, શક્તિ, વ્યાપિની, સમના, ઉન્મના = તુરીયાતીતા

અવસ્થાતીત = માત્રાહીન યા અમાત્ર શિવ, ઉન્મનાથી પર કોઈ અવસ્થા નથી. અ + ઉ + મ્ = જાગ્રત - સ્વપ્ન - સુષુપ્તિના વાચક છે. એ

ત્રણેયને મેળવીને એકાકાર કરી દેવાથી જે અવિભક્ત જ્યોતિર્મય જ્ઞાન ઉદિત થાય છે, તેને જ તો બિંદુ કહેવામાં આવે છે. એ ભ્રૂમધ્યમાં પ્રાપ્ત થાય છે.



❖ બિંદુ, અર્ધચંદ્ર, રોધિની વગેરેનું - સ્વાસ્થ્ય ❖

શું બિંદુ, અર્ધચંદ્ર, રોધિની આદિ વર્ણ યા અક્ષર છે ? શ્રી ભાસ્કરરાય 'વિરિવસ્યા રહસ્યમ્'માં કહે છે કે યદ્યપિ ક્કારાદિ વર્ણોની માફક એનું સ્પષ્ટ ઉચ્ચારણ તો સંભવ નથી તથાપિ એ બિંદુ આદિ નવ કલાઓ સૂક્ષ્મ સૂક્ષ્મતર અને સૂક્ષ્મતમ કાળ દ્વારા ઉચ્ચરિત ધ્વનિ વિશેષ યા વર્ણ વિશેષ છે. 'યોગિની હૃદય'માં પણ નાદનો અક્ષર રૂપમાં સ્વીકાર કરવામાં આવેલ છે. આ આધાર પર પંચદશાક્ષરી મંત્રમાં ૫૮ વર્ણોની સંહતિ સ્વીકારવામાં આવી છે.

નવ નાદોના સમષ્ટિ ગત નામ - બિંદુ, અર્ધચંદ્ર, રોધિની, નાદાન્ત, શક્તિ, વ્યાપિની, સમના અને ઉન્મના - આ નવનું સમષ્ટિગત નામ નાદ છે. બિંદુથીઉન્મન્ન પર્યન્ત નવ કલાઓની સમુદિત સંજ્ઞા 'નાદ' છે. ભાસ્કરરાયના મતે યદ્યપિ આઠ કલાઓનું નામ જ નાદ છે. કિંતુ વ્યવહારની સરળતા માટે બિંદુને પણ મેળવીને નવ કલાઓને પણ નાદ કહેવામાં આવે છે.

કલાઓ (નાદો)ની માત્રાઓ - કમળપુષ્પને સૂઈ (સોય) વડે એકવાર

છેદ કરવામાં પ્રત્યેક દળના ભેદનમાં જેટલો સમય લાગે છે તેને લવ કહેવાય છે. એનાથી અધિક સૂક્ષ્મકાળ નથી હોતો. ૨૫૬ લવની એકમાત્રા થાય છે. ઉચ્ચારણ કાળ - (૧) બિંદુનો ૧૨૮ લવ (૨) અર્ધચંદ્રનો ૬૪ (૩) રોધિનીની ૩૨ (૪) નાદનો ૧૬ (૫) નાદાન્તનો ૮ (૬) શક્તિનો ૪ (૭) વ્યાપિકાનો ૨ (૮) સમનાનો ૧ લવ (૯) ઉન્મના સર્વથા કાલહીન. 'યોગિની હૃદય'માં ઉન્મનાને પણ કાલાત્મક તરીકે સ્વીકાર કરેલો છે. ભાસ્કરરાયના મતે જેવી રીતે 'સમન' માં કાળ હોય તેવી રીતે 'ઉન્મના' માં પણ કાળ હોય છે - **'यथा समनायाः कालः तथैवोन्मनी काल ॥'**

(૧) બિંદુ - બિંદુ, અર્ધચંદ્ર, રોધિની, નાદ, નાદાન્ત, શક્તિ (વ્યાપિની, સમના, ઉન્મની) - યોગીઓની ચિન્મય ભૂમિઓ પ્રમથ ભૂમિ 'બિંદુ' છે - મૂલાધારથી ઉઠનારો 'નાદ' વર્ણોની મધ્યે અનુવિદ્ધ થઈને માળાની અંદર પરોવાયેલા સૂત્રની માફક પ્રતીત થાય છે. - **''आधारोत्थित नादो गुणा इव परिभांति वरामिध्यगतः ॥''**

આજ્ઞાચક્રની ઉર્ધ્વમાં ભ્રૂમધ્યમાં લલાટથી તરફ કંઈક ઉપર બિંદુનું સ્થાન છે. આ વર્તુળાકાર દીપ સમાન છે. આ ભૂમિમાં જ્યોતિર્મય જ્ઞાનરૂપમાં ઈશ્વર બોધની સૂચના થાય છે. બિંદુ જ યોગીઓનું 'તૃતીય નેત્ર' યા જ્ઞાનચક્ષુ છે. આ સ્થાનમાં જ્ઞાનભૂમિની સૂચના પ્રાપ્ત થાય છે. જ્યાં સુધી ચિત્તને એકાગ્ર કરીને ઉપસંહત ન કરવામાં આવે ત્યાં સુધી બિંદુમાં પ્રવેશ પામવો અસંભવ છે, કારણકે વિક્ષિપ્ત અવસ્થામાં બિંદુ સ્થાનમાં સ્થિતિ સંભવ નથી. આ ભૂમિમાં સાધક અહંભાવ યુક્ત થઈને અને દૃષ્ટા બનીને નિમ્નવર્તી સંસારને તટસ્થ દૃષ્ટિથી જોઈ શકે છે. કિંતુ બિંદુમાં અહંભાવના પૂર્ણ સમર્પણ યા વિસર્જન પહેલા મહાબિંદુ યા શિવભાવની અભિવ્યક્તિ સંભવ નથી. અહીં પ્રવેશ કરવાથી જાગતિક જ્ઞાન વિલુપ્ત થઈ જાય છે. એ સમાધિજન્ય પ્રજ્ઞાથી ઉપરની અવસ્થા છે. કારણકે સમાધિજન્ય જ્ઞાન જાગતિક જ્ઞાન છે. અર્ધમાત્રાનું જ્ઞાન ચિન્મયાનુભૂતિ છે. અકાર ઉકાર, મ્કાર ઓંકારના આ ત્રણ માત્રામાં સ્થૂળ, સૂક્ષ્મ અને કારણરૂપમાં ભેદ છે તે તમામ ભેદ જ્યાં પિંડીભૂત થઈને અવિભક્ત રૂપમાં સ્થિત થાય છે, તે બિંદુ છે.

સૃષ્ટિના મૂળ ઉત્સના રૂપમાં જે તત્ત્વ સ્થિત છે, તે છે બિંદુ. આ મહાબિંદુના નામથી પ્રસિધ્ધ છે. પ્રકાશ યા શિવાંશ અને વિમર્શ યા શક્તિ - અંશ જ્યારે સમભાવમાં પ્રતિષ્ઠિત રહે છે. ત્યારે તે બિંદુ તરીકે ઓળખાય છે. સૃષ્ટિના આરંભમાં એક જ બિંદુ ત્રણ રૂપે વિભાજિત થઈને ઉદિત થાય છે. સમષ્ટિગત બિંદુ વ્યષ્ટિરૂપાત્મન ત્રણ બિંદુઓમાં રૂપાન્તરિત થઈ જાય છે. અમ્બિકા યા પ્રકાશાંશ તથા શાન્તા યા વિમર્શાંશ આ બંનેના મૂળ સ્રોતની સૃષ્ટિનો મૂળ સ્રોત છે. અમ્બિકાનું પ્રકાશન (૧) વામા (૨) જ્યેષ્ઠા અને રૌદ્રિ નામની ત્રણ શક્તિઓ અને - શાન્તાનું પ્રકાશન (૧) ઈચ્છા (૨) જ્ઞાન અને (૩) ક્રિયા - આ ત્રણ શક્તિઓના રૂપમાં થાય છે. જ્યાં અમ્બિકા અને શાન્તા સામ્યભાવમાં સ્થિત રહે છે. તેને સમષ્ટિ બિંદુ યા મૂળ બિંદુ કહેવામાં આવે છે.

(**ક**) 'સમષ્ટિ બિંદુ' = અમ્બિકા અને શાન્તામાં સામ્યાભાવની ભૂમિ - પરાવાક્.

(**ખ**) 'વ્યષ્ટિ બિંદુ' = (૧) વામા અને ઈચ્છામાં સામ્ય થી જે બિંદુ પ્રકટ થાય છે. - અર્થાત્ = 'પશ્યન્તી વાક્'.

(૨) જ્યેષ્ઠા અને જ્ઞાનના સામ્યથી જે બિંદુ પ્રકટ થાય છે - અર્થાત્ = 'મધ્યમા વાક્'

(૩) રૌદ્રી અને ક્રિયાશક્તિના સામ્ય (તાદાત્મ્ય)થી જે બિંદુ પ્રકટ થાય છે - અર્થાત્ = 'વૈખરીવાક્'

चत्वारि वाक्परिमिता पदानि तानि विदुर्ब्राह्मणो ये मनीषिणः ।
गुहा त्रीणि निहिता नङ्गयन्ति तुरीयो वाचो मनुष्या वदान्ति ॥

- વેદોમાં કહેવામાં આવ્યું છે કે મનોભાવો અને વિચારો ને અભિવ્યક્ત કરવા માટે જે વાણીનો ઉપયોગ કરવામાં આવે છે તેના ચાર પ્રકાર છે. તે પ્રકારીકરણ ઉપર સમજાવેલ છે. તેને કેવળ 'મનિષી બ્રાહ્મણો' જ જાણે છે અન્ય નહીં. એમાં ત્રણ વાણીઓ (પરા, પશ્યન્તી, મધ્યમા) ગુહામાં ગુપ્ત રૂપથી સ્થિત છે. કેવળ ચોથી વૈખરીવાણી જ મનુષ્યો બોલે છે. અન્ય વાણીઓ નહીં. અન્ય

ત્રણ ગુપ્ત વાણીઓનું જ્ઞાન માત્ર મનીષી બ્રાહ્મણોને છે, અન્યને નથી. આ ત્રણ વાણીઓમાં પણ ગુપ્ત છે પશ્યન્તી અને પશ્યન્તીથી પણ અધિક ગુપ્ત છે પરાવાણી. આ પરાવાણી છે - ઊંકાર. આ ઊંકાર જ સર્વકંઈ છે - તેનાથી અતિરિક્ત કંઈ છે જ નહીં. - '**ऊँकार एवेदं सर्वम् ।**' (છાંદોગ્ય ઉપનિષદ્).

જે મૂળત્રિકોણ છે એનું મધ્યબિંદુ 'પરામાતૃકા' છે. ત્રણ દિશાઓના ત્રણ બિંદુઓને પશ્યન્તી, મધ્યમા અને વૈખરી કહેવામાં આવે છે. આ ત્રિકોણની વામ દિશાની વક્રરેખા 'પશ્યન્તીવાક્' નો પ્રસાર છે. એના ઉર્ધ્વની સરળ સીધી રેખા મધ્યમાં વાક્ પ્રસાર છે. એની દક્ષિણ દિશાની રેખા વૈખરીવાક્ છે. આ છે યોનિસ્વરૂપ વિશ્વમાતૃકાનુ સ્વરૂપ. સમગ્ર વિશ્વનું જે મૂળ બિંદુ છે તે સર્વોચ્ચ બિંદુ છે. આ બિંદુથી સર્વ પ્રથમ ત્રિકોણનો જન્મ થાય છે. સમગ્ર વિશ્વના કેન્દ્રમાં પરાશક્તિના આત્મપ્રકાશનની ભૂમિના રૂપમાં આ ત્રિકોણનું પ્રકટીકરણ થાય છે. લુપ્ત થઈ જાય છે. આ સ્તર સમાધિજન્ય પ્રજ્ઞાથી ઉત્કૃષ્ટતર છે. યોગિગમ્ય પંચશૂન્યોમાં પ્રથમ શૂન્ય બિંદુ છે. જ્યાં જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેય એકાકાર થાય છે. અહીં વેદ્ય યા જ્ઞેય પ્રધાન છે. બિંદુસ્તરમાં બીજ નથી રહેતું. અહીં પ્રકૃતિનું સ્ફુરણ નથી રહેતું. સ્થૂળ ભૂમિમાં પણ નાદના નવ વિભાગ છે અને સૂક્ષ્મ ભૂમિમાં પણ નવ વિભાગ છે.

❖ ઉચ્ચારણની સમજ ❖

एक मात्रो भवेदह्रस्वो द्विमात्रो दीर्घ उच्यते ।
त्रिमात्रस्तु प्लुतो ज्ञेयो व्यञ्जनं त्वर्धमात्रकम् ॥

હ્રસ્વનો ઉચ્ચારણ કાળ એકમાત્રા, દીર્ઘનો ઉચ્ચારણ કાળ બે માત્રા, પ્લુતનો ઉચ્ચારણ કાળ ત્રણ માત્રા અને વ્યંજનનો ઉચ્ચારણ કાળ અર્ધમાત્રા થતો રહે છે.

હ્રસ્વનો ઉચ્ચારણકાળ એક માત્રાનો કહેવાય છે. અને એનો અર્ધ કાળ અર્ધમાત્રા છે. જે બિંદુના ઉચ્ચારણમાં પ્રયુક્ત થાય છે. એનો ઉચ્ચારણ કાળ અર્ધમાત્રા છે. તે જ માત્રાથી માત્રાહીન સ્થિતિમાં જવા માટેની ભૂમિ 'બિંદુ' છે. બિંદુમાં કાળ વિદ્યમાન છે. અને તેની માત્રા ૧૨૮ લવોની છે.

બિંદુભાવ અધિગત કરવા ઉપરાંત સાધકે સમસ્ત કલાઓને ક્ષય કરતાં કરતાં વિગતકલ અવસ્થા પ્રાપ્ત કરવી જોઈએ. આ બિંદુને 'ચંદ્રબિંદુ' કહેવામાં આવે છે. એટલા માટે એની ઉત્તરવર્તી અવસ્થાનું અભિધાન છે - અર્ધચન્દ્ર.

(૨) **અર્ધચંદ્ર** - બિંદુની ઉપર અર્ધચંદ્ર સ્થિત છે. જે દીપ્તિ અને આકૃતિ બંને દૃષ્ટિઓથી અર્ધચંદ્રમા સમાન છે. - ''**तदुपरिगतो अर्धचन्द्रोऽन्त कांत्या तथा कृत्या ।**''

અર્ધમાત્રા એકાગ્રતા અને નિરોધના સંધિસ્થાનમાં સ્થિત છે. અને દ્વિતીય ભૂમિ છે. પ્રથમભૂમિ છે - બિંદુ. અર્ધમાત્રા ની માત્રા છે - ૧/૪. બિંદુને પૂર્ણચંદ્ર યા ચંદ્રબિંદુ કલ્પના અર્ધચંદ્રની તેના અર્ધાંશ રૂપમાં કલ્પના કરવામાં આવી છે. આ બિંદુની ઉપર સ્થિત છે. એની ચારે બાજુ ચાર અને મધ્ય (કેન્દ્ર)માં એક (૫ કલાઓ) કલા છે, આ શૂન્ય નથી. બિંદુ માત્રાથી માત્રાહીનમાં જવાનું દ્વાર છે, જ્યાં જ્ઞાતા, જ્ઞેય જ્ઞાન એકાકાર થઈ જાય છે. માત્રા ભંગ થતાં જ અર્ધમાત્રાનો ઉદય થાય છે. આ ભૂમિમાં ઈશ્વરનો આભાસ મળવો પ્રારંભ થાય છે. બિંદુથી ઉપર જવામાં કપાળમાં જે 'સોમરસ' જોવામાં આવે છે. તે જ અર્ધચંદ્ર છે. અર્ધચંદ્રની નીચે પૂર્ણચંદ્રાકાર જ્ઞાન શક્તિ પ્રધાન, નાદ પરામર્શને ઉદરસ્થ કરીને રહેલા સમસ્ત સ્રષ્ટવ્ય વેદ્ય વર્ગથી અવિભક્ત, ક્રિયાત્મક શકત્યાત્મા ઈશ્વર રૂપ બિંદુનો ઉદય થાય છે. એનો પ્રકાશ કરોડો સૂર્ય સમાન છે. એ સૃષ્ટિ સંસારનું કારણ અર્ધચંદ્રની ઉર્ધ્વભૂમિમાં પ્રતિષ્ઠિત આ નાદ પદની અનેક શક્તિ છે. અને નાદની નિમ્ન શક્તિઓ છે - (૧) ઈધિકા (૨) દીપિકા (૩) રોચિકા (૪) મોચિકા (૫) ઉર્ધ્વગામિની. અર્ધચંદ્રની કાળમાત્રા ૬૪ લવની છે. બિંદુમાં અર્ધચંદ્ર નામની એક અવાન્તર અવસ્થા છે. એના પછી નિરોધિકા આવે છે. નિરોધિકાના પ્રાચીરને પાર કર્યા વિના નાદમાં જવું અસંભવ છે.

અર્ધમાત્રા અને પતંજલિ - એકાગ્ર ભૂમિમાં ઉદિત થનારી પ્રજ્ઞા છે. - 'અસ્મિતા પ્રજ્ઞા'. કાળ અહીં પણ છે. પાતંજલ યોગની સાધના હતી કાળને સંક્ષિપ્ત કરતા કરતા અર્ધમાત્રા સુધી લઈ જવું. પાતંજલ યોગી સ્થૂળ યોગી છે. તેઓનું વિશ્વનું જ્ઞાન આ અર્ધમાત્રામાં જ પર્યવસ્થિત થઈ જાય છે - આ છે અસ્મિતા જ્ઞાન.

અર્ધમાત્રા એકાગ્ર ભૂમિ છે. અને તેના પછી આવે છે - (પાતંજલ) નિરોધ ભૂમિ. માત્રાના વિષયમાં આચાર્યોના મત નીચે પ્રમાણે છે - (૧) હ્રસ્વ સ્વરનો ઉચ્ચારણકાળ એક માત્રા છે. દીર્ઘનો ઉચ્ચારણ કાળ બે માત્રા છે. અને પ્લુતનો ઉચ્ચારણકાળ અધિક માત્રા છે. જે હ્રસ્વ, દીર્ઘ અને પ્લુત ત્રણેય નથી પરંતુ વ્યંજન છે - તેની કાળ માત્રા અર્ધમાત્રા છે - **'व्यंजनं चार्धमात्रकम्'** હલન્ત અર્ધમાત્રા છે. પરમશિવનું સ્થાન તો મહાબિંદુ છે. કિન્તુ ત્યાં સુધી પહોંચતા પહેલાં અનેક સોપાનોનું અતિક્રમણ કરવું પડે છે. યથા - બિંદુ, અર્ધચંદ્ર આદિ.

બિંદુની પ્રાપ્તિ ષટ્ચક્રભેદન પછી થાય છે. આના પછી જ કાળ અને માયા તથા મનની માત્રા ક્ષીણ થઈ શકે છે. ષટ્ચક્રનું ભેદન કરીને આજ્ઞા ચક્રના જે બિંદુની અમને પ્રાપ્તિ થાય છે, તે જ આ બિંદુ છે. આજ્ઞાચક્ર સુધીમાં વિશ્વ તે બિંદુમાં સમાપ્ત થઈ જાય છે. આ બિંદુથી ઉપર ઉઠવા માટે અર્ધમાત્રાનું અવલંબન લઈને મહાબિંદુ સુધી ઉઠવું આવશ્યક છે. બિન્દુથી મહાબિંદુનું નામ જ છે - 'સરળ માર્ગ'. બિંદુની સ્વાભાવિક માત્રા છે - અર્ધ. આ બિંદુ યોગ માર્ગ છે. કારણ કે અહીંથી સરળ માર્ગનો આરંભ છે. આ માર્ગમાં પ્રવેશ કરીને ક્રમશઃ ઉઠતા - ઉઠતા કાળના સૂક્ષ્મતમ પરમાણુ સુધી પહોંચી શકાય છે. ઉપાય છે અર્ધમાત્રાનું અવલંબન. એકાગ્રતા દ્વારા 'બિંદુ' પ્રાપ્ત થાય છે. કાળના કુટિલ માર્ગમાં ભૌતિક અને કાલ્પનિક વિશ્વ સ્થિત છે. આ રીતે કાળના સરળ માર્ગમાં પણ વિરાટ વિશ્વ સ્થિત છે. એનું દર્શન કાળના રાજ્યમાં રહીને કરવું સંભવ નથી. બિંદુમાં પ્રવેશ કર્યા વગર સરળ માર્ગમાં પ્રવેશ કરવો અસંભવ છે. માત્ર 'શુદ્ધવિદ્યા' (ભગવદાનુગ્રહ) જ અર્ધમાત્રા રૂપ કાળને અતિક્રાન્ત કરાવી શકે છે.

આધ્યાત્મિક યાત્રાના આરોહણ-પથમાં સદ્‌ગુરુ કાળની માત્રાની સાથે અર્ધમાત્રાની ધારાને જોડી આપે છે. જ્યાંથી અર્ધમાત્રા પ્રારંભ થાય છે ત્યાંથી જ સરળ ગતિનો આરંભ છે. કાળના રાજ્યમાં લોક લોકાન્તર તરી રહ્યાં છે. કાળને અર્ધમાત્રામાં પ્રતિષ્ઠિત કરવો જોઈએ. ઉક્ત સરળ ગતિના ક્રમવિકાસની સાથોસાથ માત્રાઓ પણ સૂક્ષ્મતર થતી ચાલી આવે છે. આ સૂક્ષ્મતા અર્ધમાત્રા આદિના રૂપમાં વિભાજન થાય છે. યથા બિંદુસ્થાનમાં

અર્ધમાત્રા કિંતુ અર્ધચંદ્રમાં ૧/૪ અંક માત્રા અને નિરોધિકામાં ૧/૮ માત્રા થઈ જાય છે. આ પ્રકારે કાળની ક્ષીણતમ માત્રા સુધી પહોંચવું પડે છે. કાળની ક્ષીણતમ માત્રાનું નામ છે - કાળનો પરમાણુ અર્થાત્ લવ (કાળનો સૂક્ષ્મતમ અંશ). લવ = કાલિક વિભાગની ઊર્ધ્વગતિની ચરમ સીમા. કિંતુ આ ચરમસીમાની માત્રા વિભાગની ચરમ સીમા ૧/૫૧૨ માત્રાનો પણ યોગીઓએ અનુભવ કર્યો છે. આ સૂક્ષ્મતમ માત્રા છે. કાળની આથી પણ અધિક માત્રાની સૂક્ષ્મતા સંભવ તો છે, કિંતુ અત્યાર સુધી સંભવ થઈ શકી નથી. બિંદુમાં ભેદજ્ઞાન છે, નાદમાં અભેદ જ્ઞાન છે. બિંદુથી નાદમાં જવા માટે ભગવતીનો આદેશ આવશ્યક છે. આ પ્રકારે નાદ થી બિંદુમાં અવતરિત થવા માટે ભગવતીનો આદેશ આવશ્યક છે. 'નાદ' માં પણ સર્વ સત્તાઓનું જ્ઞાન થાય છે, પરંતુ પોતાનાથી અભિન્ન રૂપમાં.

નાદના જ્ઞાનની સાથે સમગ્ર વિશ્વના 'નદન' (સ્પંદન ધબકાર, ગત્યાત્મકતા)નો અનુભવ - સમસ્ત વિશ્વની સમસ્તતા હું પણાના રૂપમાં જ્ઞાત થવા લાગવું તે 'નદન' છે. બિંદુમાં સ્થિત યોગી જ વિશ્વના સંચાલક છે.

આરોહણ ક્રમ = ગુરુમંત્ર (ગુરુની ચિત્શક્તિથી સંપન્ન મંત્ર) પશ્યન્તીમાં શિષ્યના બીજમંત્રનો ઉદ્ધાર, મધ્યમાવસ્થામાં તે બીજમંત્રની કલ્પનાના રાજ્યમાં 'મધ્યમાવાક્' થી શિષ્યને અર્પણ (ગુરુનું ભૌતિક આકાશમાં ઉતરવું) - વૈખરી શબ્દોથી મંત્રદાન - ગુરુ દ્વારા શિષ્યકર્ણમાં પ્રદત્ત મંત્રનો સ્થૂળ અંશ + તેનુ સ્થૂળ આવરણ સ્થિત થવું - શિષ્ય દ્વારા મંત્રજપથી સ્થૂળ આવરણનું ભેદન - (ગુરુમંત્રના રૂપમાં શિષ્ય શ્રુત મંત્ર 'આવરણ' છે તેનું ભેદન) સ્થૂળ આવરણના જપ-જ્યોતિદર્શન = ચિત્તાકાશનો સાક્ષાત્કાર (મધ્યમાવાક્ની પરિપક્વાવસ્થા) - મધ્યમા જ્યોતિ યા ચિત્ત જ્યોતિરૂપનું ચિદાલોકમાં પરિણમન - ચિદાકાશ દર્શન (**विश्वोऽहं** ની અનુભૂતિ).

બિંદુથી નાદમાં પ્રવેશ - નદનની અનુભૂતિ (સ્થૂળ - સૂક્ષ્મદેહ પણ બોધ નહીં. (વિશ્વોઽહં નો બોધ) નદન - વિજ્ઞાનમયથી આનંદમય કોષમાં ગતિ. નાદ - નદન કર્યો આસ્વાદ.

'નાદાન્ત' જ બ્રહ્મરંધ્રસ્થ જ્યોતિનું સ્થાન છે. તેના પછી ચિદકાશમાં

ગતિ. બિંદુનું નામાન્તર 'ચિદાકાશ' છે.

મનની માત્રા જેટલી પ્રમાણમાં પ્રસાર પામે છે. એટલો જ મનનો અંશ ક્ષુદ્રતર થાય છે. અને એટલો જ ચિદાલોક ઉજ્જવલ થાય છે. અર્ધમાત્રાદિમાં જે પ્રતિફલિત ચૈતન્ય છે તે 'મંત્ર' છે. એક માત્રા જ અર્ધમાત્રામાં પરિણત થઈ જાય છે. સ્થૂળ વિશ્વ અનુભૂતિ મનની જે માત્રાથી થાય છે. તેને એક માત્રા કહે છે. જગતની અનુભૂતિનો આરંભ આ એક માત્રામાં થાય છે માત્રાનું અધિક્ય જડતાના અધિક્યનું કારણ છે. સાધકનું કર્તવ્ય છે કે તે મનને એકાગ્ર કરે. (કેન્દ્રમાં સ્થાપિત કરે) અર્થાત્ એક માત્રામાં અવસ્થિત કરે. સામાન્યતઃ મન એક માત્રામાં નથી રહેતું. વિક્ષિપ્ત અને ક્ષિપ્ત અવસ્થામાં માત્રાઓની બહુલતા રહે છે.

બિંદુ માત્રાથી માત્રાહીનની તરફ જવાનું દ્વાર છે. આ સ્થાનમાં જ્ઞાતા-જ્ઞાન-જ્ઞેય એકાકાર થઈ જાય છે. માત્રા ભંગના ફળસ્વરૂપ અર્ધમાત્રાનો ઉદય થાય છે. બિંદુથી સહસ્રારમાં ઉઠવાના માર્ગમાં કપાલ પ્રદેશમાં જે સોમરસ દૃષ્ટિગોચર થાય છે તે જ અર્ધચંદ્ર છે. એની અંદર ત્રિવિધાત્મક વર્ણમાળા (સૌમ્ય, સૌર, આગ્નેય) ચિદ્‌બોધમાં સહસ્રાર દળોમાં પ્રકાશ મેળવે છે. સ્થાનની દૃષ્ટિથી બિંદુના અનન્તર અર્ધચંદ્ર છે. અર્થાત્ આ દ્વિતીય ભૂમિ છે.

(૩) નિરોધિકા (રોધિની): અર્ધચંદ્ર બાદ તૃતીય ભૂમિના રૂપમાં 'નિરોધિકા' આવે છે. એની માત્રા ૧/૮ છે. સમગ્ર વિશ્વના પ્રશાસક બ્રહ્માદિક પંચ કારણોની પણ ઉર્ધ્વગતિને અગ્રપદ થવાથી રોકનાર ભૂમિનું નામ જ રોધિની યા નિરોધિકા છે. એ પણ બિંદુ - આવરણ શેષ પ્રાન્તભૂમિ છે. આ ભૂમિનું અતિક્રમણ કર્યા પછી વિશ્વ પ્રશાસનનું કાર્ય સંભવ થતું નથી. આ યોગી માત્રૈક લંઘ્ય, દુર્લંઘ્ય ભૂમિ છે. કપાળના ઉર્ધ્વમાં (બ્રહ્મરંધ્રની નીચે) ત્રિકોણની મધ્યમાં) રોધિની સ્થિત છે. એ અભિધાન રોધિની એટલા માટે છે કારણ કે એ બ્રહ્મા, વિષ્ણુ, રૂદ્ર, ઈશ્વર, સદાશિવ નામક કારધ્પંચકને તેઓ ઉર્ધ્વ ગતિથી રોકી રહેલ છે. રોધિની સુધી બિંદુ-આવરણ છે. એ પણ શૂન્ય છે. આ ભૂમિમાં દિશા અને કાળની પૃથક્તા દૃષ્ટિગત થતી નથી. અહીં નિમ્નાભિમુખી મન અને પ્રાણની પણ અનુભૂતિ નથી હોતી. રોધિનીમાં કાળ વિદ્યમાન છે. કિંતુ તેની માત્રા ૩૨ લવ છે. **'દ્વાત્રિંશદેવ રોધિન્યાં ।'** અધ્વગત ધ્વનિ જ્યાં

વિશ્રામ કરવા લાગે છે, જે સર્વદેશ નિરોધિકા છે. જે બ્રહ્માદિક, સુરાધિઓની ગતિને પણ નિરુદ્ધ કરી દે છે, તે જ નિરોધિકાખ્યા માત્રી કલા છે. અર્ધચંદ્રની અનન્તર ત્રિભૂજના આકારની રોધિની છે - કે જે ચંદ્રિકાની કાન્તિ સાથે સમન્વિત છે. નિરોધિકાની પાંચ કલાઓ છે (૧) રુન્ધની, (૨) રોધિની (૩)રોદ્રી (૪) જ્ઞાનબોધા, (૫) તમોપહા વગેરે.

(૪) નાદઃ નિરોધિકા પછી ચતુર્થ નાદભૂમિ આવે છે. નિરોધિકાના ઉર્ધ્વદેશમાં અને બ્રહ્મરંધ્રની સમ્મુખ 'નાદસ્થાન' છે. એ સ્થાન મંત્ર મહેશ્વરરૂપી મહાપુરુષો દ્વારા પરિવૃત છે. નાદને ચારે બાજુથી ઘેરીને અનન્ત મંત્ર મહેશ્વરો સ્થિત છે. એનું સ્થાન બ્રહ્મરંધ્રના મુખમાં છે. નાદની અંતર્ગત ભુવન પંચકની મધ્યની શક્તિ ઉર્ધ્વગા કહેવાય છે. વિશુદ્ધ ચિત્તના તરંગો અહીંથી શરૂ થાય છે. આ ભૂમિમાં ત્રિગુણાતીત વિશુદ્ધ ચિત્તના આભાસયુક્ત શબ્દ શ્રુતિગોચર થાય છે. અહીંથી વિશુદ્ધ ચિદ્‌બોધનો સૂત્રપાત થાય છે. બિંદુની પરવર્તી અવસ્થા જ નાદ છે. બિંદુનો અનુભવ ભ્રૂમધ્યની મધ્યે થાય છે. જ્યારે તેના પણ ઉર્ધ્વમાં બ્રહ્મરંધ્રની અંતિમ સીમા સુધી નાદનો અનુભવ થાય છે. નાદનો આશ્રય લઈને જ નાદના અંતમાં પહોંચી શકાય છે. બ્રહ્મરંધ્રની અંદર નાદાન્ત છે. કાળભેદનના આરોહક્રમમાં પ્રથમાવસ્થા છે - 'બિંદુપદ' અને બીજી અવસ્થા છે 'નાદપદ' બિંદુપદના અધિષ્ઠાતા છે 'ઈશ્વર' અને નાદપદના 'સદાશિવ'. બિંદુ અવસ્થા - સર્વજ્ઞતા લાભ = સિદ્ધાવસ્થા સમસ્ત વિશ્વનું બાહ્યરૂપનું દર્શન.

વાચકોની મહાસમષ્ટિથી એકીભૂત સ્થિતિનું નામ 'નાદ' છે. જે રીતે બિંદુરૂપ જ્યોતિમાં યથાભીષ્ટ અર્થનો સાક્ષાત્કાર થાય છે તેવી જ રીતે નાદમાં નિઃષેશ વિશ્વ, અનન્ત વાચક અને અનન્ત મંત્રોનો સાક્ષાત્કાર થાય છે. પરિણામ સ્વરૂપ પ્રત્યેક મંત્ર ચેતન થતાં જ નાદાવસ્થામાં ઉપનીત થાય છે. બિંદુ અને નાદ જગતના અસંખ્ય વાચ્ય વાચકોની એકીભૂત સમષ્ટિનો વાચક છે. નાદનો અંત થયા વગર દેહાત્મબોધ વિગલિત થતો નથી, છૂટતો નથી.

મંત્રશાસ્ત્રમાં જેને મંત્ર ચૈતન્યની સંજ્ઞા આપવામાં આવી છે તે પ્રાણાત્મક નાદ શક્તિનો ઉદયમાત્ર છે. જે રીતે પયોધિ (દરિયા)માં અનિલ (પવન)ના

આઘાત (સપાટા)થી જે ઊર્મિઓ (મોજાંઓ) ઊઠે છે, તેવી જ રીતે બિંદુ (જે સિંધુ-સમુદ્રરૂપ) છે તેમાં પણ ઊર્મિઓ ઊઠે છે. એ ઊર્મિઓ જ બહારની તરફ નાદ અને જ્યોતિના રૂપમાં પ્રગટ થાય છે. નાદનો ઉદય વાક્ (વાણી)ના રૂપમાં અને જ્યોતિનો ઉદય અર્થના રૂપમાં થયા કરે છે.

કુંડલિનીના વ્યક્ત થવાની સાથે વેગ ઉત્પન્ન થાય છે. વેગના ઉત્પન્ન થવાથી સ્ફોટ ઉત્પન્ન થાય છે. આ સ્ફોટ જ નાદ છે. નાદથી પ્રકાશ ઉત્પન્ન થાય છે. પ્રકાશનું વ્યક્તરૂપ જ મહાબિંદુ છે. જીવ = સૃષ્ટિમાં ઉત્પન્નનાદ ઓંકાર છે. શબ્દ બ્રહ્મ (ઓંકાર) થી પર માતૃકાઓનો જન્મ થાય છે.

એમાં ૫૦ અક્ષરમ્ (૨) ૫૧મી માતૃકા (પ્રકાશરૂપ) (૩) પરમી માતૃકા પ્રકાશનો પ્રવાહ - છઠ્ઠી જીવનકળા છે. ૫૦ માતૃકાઓ લોમ અને વિલોમથી ૧૦૦ છે. એ જ ૧૦૦ માતૃકાઓ ૧૦૦ કુંડલ છે. આ કુંડલોને ધારણ કરીને રહેલી માતૃકામયી 'કુંડલિની' છે. સહસ્રાર ચક્રમાં અવ્યક્ત નાદ છે. તે જ આજ્ઞાચક્રમાં આવીને ઓંકાર રૂપમાં વ્યક્ત થાય છે. ઓંથી ઉત્પન્ન થનારી ૫૦ માતૃકાઓની અવ્યક્ત સ્થિતિનું સ્થાન સહસ્રાર ચક્ર છે અને આ 'અકુલ' સ્થાન છે. આજ શિવશક્તિનું સ્થાન છે. 'શક્તિ' વ્યક્ત છે, 'શિવ' અવ્યક્ત છે.

જ્યારે કુંડલિની ઉદ્‌બુદ્ધ થઈને ઉપરની તરફ ગતિ કરે છે. ત્યારે તેમાંથી સ્ફોટ થાય છે. જેને 'નાદ' કહેવામાં આવે છે. વિવરણ નીચે મુજબ છે. - કુંડલિનીનું જાગરણ સ્ફોટ (નાદ) - પ્રકાશ-પ્રસારનું વ્યક્તરૂપ 'મહાબિંદુ' - (૧) ઈચ્છા (સૂર્ય, બ્રહ્મા), (૨) જ્ઞાન (ચંદ્ર, વિષ્ણુ), (૩) ક્રિયા (અગ્નિ, શિવ).

આ 'નાદ' અને 'બિંદુ' અખિલ બ્રહ્માંડમાં વ્યાપ્ત અનાહતનાદનું વ્યષ્ટિમાં વ્યક્ત રૂપ છે. જે 'નાદ' અનાહત ભાવથી સમસ્ત વિશ્વમાં સર્વત્ર વ્યાપ્ત છે જ્યારે તેનો પ્રકાશ વ્યક્તિમાં થાય ત્યારે તેને નાદ કહેવામાં આવે છે. સ્ફોટ અખંડ સત્તારૂપ બ્રહ્મત્વનો વાચક છે. સ્ફોટ શબ્દ બ્રહ્મ છે જ્યારે સત્તા બ્રહ્મ સ્ફોટ વાચક શબ્દ છે. જ્યારે શબ્દ વાચ્ય છે. આ નાદ મૂલાધાર માં ઉદિત થાય છે. અને સહસ્રારમાં લય પામી જાય છે.

'ગોરક્ષ સિદ્ધાંત સંગ્રહ'માં કહેવામાં આવ્યું છે કે 'નાથ'નો અંશ 'નાદ'

છે, નાદનો અંશ પ્રાણ છે, શક્તિનો અંશ બિંદુ છે અને બિંદુનો અંશ શરીર છે. સૃષ્ટિ - ક્રમ નીચે મુજબ છે -

શિવ + શક્તિ (પ્રકૃતિ)નો સંયોગ - સગુણ શિવ-શક્તિ-પરબિંદુ-અપરબિંદુ (-રુદ્ર) + બીજ (-વિષ્ણુ) + અપરનાદ (-બીજી)

સોપાધિ શિવ + સોપાધિ શક્તિનો સંયોગ - વિશ્વમાં વિક્ષોભ (નાદ, પરનાદ) - વિક્ષોભમાં ક્રિયાશીલતા (બિંદુ, પરબિંદુ).

નાદ + બીજ + બિંદુ = ઈચ્છા + જ્ઞાન + ક્રિયા. અપરનાદ બીજ = જ્ઞાન. અપરબિંદુ = ક્રિયા.

'નાદની' પણ પોતાની શ્રેણીઓ અને સ્તર છે જેમકે - બ્રહ્મગ્રંથિનું ભેદન કરવાથી શૂન્યમાં અને તેના ઉર્ધ્વમાં (૨) વિષ્ણુ ગ્રંથિ ભેદન કરવાથી - અતિ શૂન્યમાં, અને તેના પણ ઉર્ધ્વમાં (૩) રુદ્રગ્રંથિ ભેદન કરવાથી મહાશૂન્યમાં પહોંચી જાય છે.

'પરમાકલા' નાદશક્તિ જ છે. કુંડલિની મૂલાધાર પદ્મમાં સુષુમ્ણાના પ્રવેશ દ્વારમાં (બ્રહ્મદ્વારમાં) મુખમાં પોતાની પૂચ્છ (પૂંછડી) રાખીને પાયૂપસ્થ (ગુદા અને ગુહ્યેન્દ્રિયની વચ્ચે) ની મધ્યવર્તી ચાર આંગળ પ્રમાણ યોનિકંદમાં સૂઈ રહી છે. આ કુલકુંડલિની જ મૂળનાદ શબ્દબ્રહ્મ છે. અને સમસ્ત મંત્ર તેની સ્વરૂપ વિભૂતિઓ છે. આ નિમિત્તે એને 'મંત્રદેવતા' અને (અક્ષરમયી હોવાને કારણે) માતૃકા કહેવામાં આવે છે. આને જ ષટ્ચક્ર નિરૂપમાકારે પરમાકલા (નાદ શક્તિ) કહી છે -

❖ નાદમાં અપર શક્તિઓનો સમાવેશ ❖

तन्मध्ये परमा कलाति कुशला सूक्ष्मातिसूक्ष्मा परा ।
नित्यानन्द परंपराति - कुशला पियूषधारा धरा ॥
ब्रह्मादि कटाहमेव सकलं यद् भासया भासते ।
सेयं श्री परमेश्वरी विजयते नित्यं प्रबोधोदया ॥

વ્યાપક શિથિલ અર્થોમાં નાદ શબ્દ બહુ જ વ્યાપક છે. કારણ કે એની

અંદર બિંદુ, અર્ધચંદ્ર, રોધિની, નાદ, નાદાન્ત, શક્તિ, વ્યાપિકા, સમના અને ઉન્મના એ સર્વનો સમાવેશ છે.

'वर्णेषु नादोऽनुस्यूत ।' સમસ્ત વર્ણોમાં નાદ જ અનુસ્યૂત છે. નાદ નવક મૂલાધાર સ્વાધિષ્ઠાન મણિપુર અનાહ વિશુદ્ધિ આજ્ઞાચક્ર (ચક્ર ષટ્ક) અને નાદ, નાદાન્ત અને બ્રહ્મરંધ સુધી સ્થિત છે.

પરમાત્માએ 'ઈક્ષણ' કર્યું - **''तदैक्षत बहुस्यां प्रजायेय''** આ ઈક્ષણનો સંબંધ પશ્યન્તી વાક્ સાથે છે. આ પશ્યન્તી વાક્ના વામાદિક આઠ અવયવ છે, કે જે આઠ શક્તિઓ છે. એ વ્યષ્ટિ-સમષ્ટિ રૂપમાં નવ રૂપોમાં વ્યક્ત થાય છે. એનાથી અવિકૃત શૂન્યાદિક નવ નાદ ઉત્પન્ન થાય છે. એને જ નાદ અને ધ્વનિ આદિ કહેવામાં આવે છે. આ નવનાદોથી **અ-ક-ચ-ટ-ત-પ-ય-શ-લ** (વર્ગનવક) વૈખરી માતૃકાનો જન્મ થાય છે.

'नादस्तु पद्मरागवदद्ध्वयमध्यवर्तिनीव सिरा ॥' નાદ પદ્મરાગની કાન્તિ વાળો, બે અંડોની મધ્ય વર્તમાન સિરા (નાડિકા)ની માફક વિરાજમાન છે. આ છે નાદનો આકાર - એ પ્રશ્વેત મણિ સમાન પ્રભાસ્વર છે અને એનો આકાર બે બિંદુ અને તેની મધ્ય ખેંચવામાં આવેલી એક રેખા બરાબર છે. એનું ઉચ્ચારણ કાલ માત્રાનો સોળમો ભાગ છે.

નાદોત્પન્ન કળાઓ નીચે મુજબ છે - (૧) ઈન્ધિકા (૨) દીપિકા (૩) રોચિકા (૪) મોચિકા વગેરે. અને (૧) તારા (૨) સુતારા (૩) તરણી (૪) તારયન્તી (૫) સુતારિણી આ ઈશાન કલાઓ છે. જે સદા શિવાત્મક નાદતત્ત્વ સાથે સંબંધમાં છે. એજ દસ મહાવિદ્યા પૈકીની દ્વિતીયા મહાવિદ્યા ભવતારિણી તારા છે.

નાદનું સ્વરૂપ : શિવ અને શક્તિના પ્રથમ વિકાસ નાદના રૂપમાં જ માનવામાં આવેલ છે. સરઆર્થર એવલોનના કથનાનુસાર નાદ અર્થાત શિવ અને શક્તિના સંયોગથી જે સૃષ્ટિની કલ્પના કરવામાં આવી છે તેમાં શિવ-શક્તિનો સંયોગ અને તે બંનેનો પરસ્પર સંબંધ નાદ કહેવાય છે. જ્યારે શિવ અને શક્તિ સ્થિર શક્તિથી ક્રિયાત્મક રૂપમાં રૂપાન્તરિત થવા લાગે છે ત્યારે નાદનો ઉદય થાય છે. તેઓમાં વિકાસની ચેતના જાગ્રત થાય છે. એટલા માટે નાદને ક્રિયારૂપ માનવામાં આવેલ છે.

આ નાદથી વિશ્વનો વિકાસ થાય છે. શિવ-શક્તિમાં નાદોદ્‌ભાવ ત્યારે થાય છે જ્યારે તેમાં વિકાસની ચેતના જાગે છે. તાત્ત્વિક ધરાતલ પર જે 'સદાખ્યતત્ત્વ' કહે છે. મંત્રક્ષેમમાં એને 'નાદ' કહેવાય છે. જે રીતે શિવ-શક્તિથી સદાખ્ય તત્ત્વ વિકસિત થાય છે. તે રીતે ક્રિયાશક્તિ રૂપ પરનાદ (બ્રહ્મ)થી નાદ વિકાસિત થાય છે. પ્રયોગસારમાં કથન છે કે - હે દેવી ! અંતરાત્મા નાદ રૂપમાં પ્રસ્ફુટિત થાય છે. તે જ વાયુ (જીવોમાં પ્રાણવાયુ) થી પ્રગટ થઈને અક્ષરોનું રૂપ ધારણ કરે છે.

કેટલાક તાંત્રિકોનું કહેવું છે કે - બિંદુથી પણ નાદનો ઉદય થાય છે. જે નીચે મુજબ છે - (૧) 'સૂક્ષ્મ નાદ' - બિંદુનો પ્રથમ સ્તર અચિંત્ય તત્વ અને અભિધેય બુદ્ધિનું કારણ છે. (૨) 'અક્ષર' આ પરામર્શજ્ઞાન સમન્વિત અને સૂક્ષ્મનાદનું કાર્ય છે. (૩) 'વર્ણનાદ' - આ આકાશ અને વાયુથી ઉત્પન્ન થાય છે. કુંડલિનીને પણ નાદ કહેવામાં આવેલ છે. તાંત્રિકોની માન્યતા અનુસાર નાદથી બિંદુનો ઉદ્‌ભવ થાય છે. 'નાદ' અને બિંદુ બને શક્તિનાં રૂપ છે. શક્તિના આ બંને રૂપોમાં ક્રિયાશક્તિ સ્થિત છે.

તંત્રશાસ્ત્રના મંત્રચક્ષમાં નાદ અને બિંદુ અહં અને ઈ ના પ્રતીકના રૂપમાં પ્રયુક્ત થયા છે. 'અહં દૃષ્ટા' છે અને ઈદ દૃશ્ય છે. દૃષ્ટાની દૃશ્યરૂપી શૂન્ય પર દૃષ્ટિ પડતાં તે શૂન્યથી અવ્યક્ત નાદ ધ્વનિ ઝંકૃત થાય છે. જે 'આદિનાદ' યા પરનાદ કહેવાય છે. નાદની સ્ફૂર્તિની સાથે જ જ્યોતિનો વિકાસ પણ થાય છે. નાદ અને જ્યોતિ બંને એક જ મહાસત્યની બે અવસ્થા છે. શક્તિ ક્રિયાવસ્થા જ નાદ છે. અને નિષ્ક્રિય અવસ્થા કલા છે. શક્તિ સ્વરૂપનિષ્ઠ ક્રિયા દ્વારા કાર્યોન્મુખ થઈને નાદના રૂપમાં આત્મ પ્રવેશ કરે છે. નાદ ઘનીભૂત થઈને સામ્યાવસ્થામાં પરમબિંદુના રૂપમાં પ્રકાશિત થાય છે. પરબિંદુ જ્યારે મહાનાદમાંથી અપર બિંદુમાં આર્વિભૂત થાય છે ત્યારે બિંદુ જ્યારે બીજનો સ્પર્શ કરે છે ત્યારે તમામ બીજ બિંદુયુક્ત થઈને ગુંજન કરતા રહે છે - એ જ નાદ છે.

માનવ હૃદયમાં અસ્ફુટ ભાવથી જે ચિંતાઓ ક્રીડા કરે છે તે નાદની જ ક્રીડા છે. કોઈ વૃત્તિ રૂપમાં અંતઃકરણનું જે પરિણામ થાય છે તે નાદથી વ્યાપ્ત

હોય છે. મહાનાદ પરપ્રણવ છે. શક્તિની બહિર્મુખ અવસ્થા જ નાદ અને જ્યોતિ છે. બિંદુ જ ક્ષુબ્ધ થઈને નાદ રૂપમાં પરિણત થાય છે. નાદ વપુના સંઘર્ષના કારણે વર્ણમાળા રૂપમાં પ્રકાશિત થાય છે. 'પાદુકા-પંચક'માં કહેવામાં આવ્યું છે કે - પરાશક્તિ જ બિંદુ છે. અને એનું રૂપાન્તરણ છે - બિંદુ, નાદ અને બીજ. બિંદુ રક્તવર્ણ છે અને સૂર્ય છે. નાદ શ્વેત વર્ણ છે અને ચંદ્રમા છે. એ બંને મળીને આનંદમય કોશનું નિર્માણ કરે છે. કારણ બિંદુ જ્યારે પ્રસ્ફુટિત થાય છે ત્યારે સૃજનાર્થ ત્રણ ભાગોમાં વિભક્ત થઈ જાય છે. જે નીચે મુજબ છે - (૧) બિંદુ (૨) નાદ અને (૩) બીજ. વાચકોની મહા સમષ્ટિરૂપથી એકીભૂત સ્થિતિનું નામ નાદ છે.

(૧) મૂલાધારથી સમુત્થિત 'નાદ' વર્ણોની મધ્યે સંચરણ કરતો રહી માળામાં સૂત્રની ભૂમિકાનો નિર્વાહ કરે છે. જેનો પ્રકાર મણકાની પૃથકતાને એકતામાં રૂપાન્તરિત કરનારા સૂત્ર મણકાની મધ્યમાં રહે છે. તે રીતે પ્રત્યેક વર્ણની વિભિન્નતાને નાદ એકતામાં રૂપાન્તરિત કરીને તે બધાને આપસમાં એક સૂત્રતામાં પરોવી દે છે. 'બિંદુ' મસ્તકની મધ્યે વૃત્તાકાર રૂપમાં દીપકની માફક પ્રકાશિત રહે છે.

(૨) તેની ઉપર અર્ધચંદ્ર સ્થિત છે. તે આકૃતિ અને કાન્તિ બંને દૃષ્ટિઓમાં અર્ધચંદ્રમાંની માફક છે.

(૩) એની ઉપર ત્રિભુજના આકારની રોધિની શક્તિ વિદ્યમાન છે. એ ચાંદનીના સૌંદર્યથી મંડિત છે.

(૫) નાદાન્તઃ નાદની પછી નાદાન્ત ભૂમિ આવે છે. એની માત્રા ૧/૩૨ છે. નાદાન્ત જ તૃતીય શૂન્ય છે. નાદ અને નાદાન્ત આચાર્યો દ્વારા ઈશ્વર પદના રૂપમાં સ્વીકૃત કરવામાં આવેલ છે. આ ભૂમિમાં વેદ્યનો ભેદ પ્રધાન છે. અને સમસ્ત વાચક શબ્દ અભિન્નરૂપમાં વિમર્શનનો વિષય છે. એના પછી લલાટમાં અનાહત નાદ ધ્વનિત થાય છે. નાદાન્ત અધઃ શક્તિ દ્વારા સકલ જગતનું ઉદ્‌ભેદન કરીને ઊર્ધ્વ શક્તિમાં સમાપન થાય છે. આ નાડ્યાધાર અને બ્રહ્મવિલમાં લીન છે - અને મોક્ષદ્વાર અપરૂદ્ધ કરીને સ્થિત છે. આ બ્રહ્મરંધ્રમાં સ્થિત છે. નાદાન્ત પણ શૂન્યપદ વાચ્ય છે. આ સ્થાનમાં નાદ અને

ચિત્ સદ્‌ભાવમાં સ્થિત છે. નાદાન્તામાં કાળ તો છે પરંતુ આઠ લવનો છે. નાદાન્તની કળા કેવળ એક છે અને તે ઉર્ધ્વગા.

ડાબી બાજુ સ્થિત બિંદુથી યુક્ત, વિદ્યૃત સમાન પ્રકાશિત થનારો 'નાદાન્ત' હળની માફક પ્રતીત થાય છે. નાદાન્ત સૌદામિનીના સમતુલ્ય પ્રભાસ્વર છે. એનો આકાર હલના સમાન છે અને તેના વામ ભાગમાં એકાબિંદુ રહે છે. એનો ઉચ્ચારણ કાળ માત્રાનો બત્રીસમો ભાગ છે.

નાદાન્તની કળાઓ નિમ્નાંકિત છે - ઉર્ધ્વગા (માત્ર એક કલા છે.) નાદાન્તનું અવસ્થાન 'બ્રહ્મરંધ્ર'માં છે. નાદની અંદર ભુવન પંચકની મધ્યવર્તી શક્તિ જ ઉર્ધ્વગા છે. બ્રહ્મરંધ્રની દૃષ્ટિથી (બ્રહ્મરંધ્ર સુષુમ્ણાની ઉપર સ્થિત છે) બ્રહ્મરંધ્રમાં નાદાન્ત છે. જ્યારે બ્રહ્મરંધ્રના મુખમાં નાદનું સ્થાન છે. નાદાન્ત શૂન્ય છે. બ્રહ્મરંધ્ર સુષુમ્ણાની ઉપર અવસ્થિત છે જ્યારે શક્તિ બ્રહ્મરંધ્રની ઉપર અવસ્થિત છે.

પરનાદાત્મક પ્રકાશાનંદઘન શિવથી સ્ફોટાત્મક શબ્દ બ્રહ્મ પોતાની ધ્વનિ (અનુરણન) દ્વારા સમસ્ત પ્રપંચને આપૂરિત કરતો રહી અપ્રતિમ વેગથી સર્વત્ર ફેલાઈ જાય છે. આ નાદને દેવદેવેશ સદાશિવ કહેવામાં આવે છે., ઉપર્યુક્ત પરનાદાત્મક શિવને પરમેશ્વરી પરાવાક્ રૂપ ઉન્મના સમજવી જોઈએ. તથા એમાં ઘંટાસદૃશ અનુરણનને નાદાન્ત સમજવો જોઈએ.

(૬) શક્તિઃ નાદાન્ત પછી સ્થિત ચિદ્‌ભૂમિ સ્વરૂપિણી, બ્રહ્મરંધ્રો - પરિસ્થિતા, અનુન્મિવિત વિશ્વગર્ભા, વિશ્વાધારા, કલાચતુષ્ટય વેષ્ટિતા, વ્યાપિની કેન્દ્રા આ ભૂમિનું નામ જ શક્તિ છે. એની માત્રા ૧/૬૪ છે. એની મધ્યમાં જ આનંદ સત્તાની અનુભૂતિ થાય છે. શક્તિથી ઉન્મની પર્યન્ત પ્રત્યેક ભૂમિ દ્વાદશ આદિત્યવત્ સમુજ્જવલ અને દીપ્ત છે. પૃથ્વી સુધી બધાં તત્ત્વો ભુવન શક્તિનો જ વિસ્તાર છે. શક્તિ તત્ત્વ જ નિરાલંબપુરી યા અનાશ્રિત ભુવન છે. અનાશ્રિત ભુવનની ચાર દિશામાં ચાર શક્તિઓ છે - મધ્યમાં અનાશ્રિત શક્તિ અવસ્થિત છે. શિવરૂપી અનાશ્રિત દેવના ઉત્સંગમાં (ખોળામાં) અનાશ્રિતા શક્તિ પ્રતિષ્ઠિત છે. શક્તિમાં આનંદમય સ્પર્શની અનુભૂતિ થાય છે.

બ્રહ્મરંધ્ર સુષુમ્ણાની ઉપર છે જ્યારે શક્તિ બ્રહ્મરંધ્રની ઉપર સ્થિત છે. આ ઉર્ધ્વકુંડલિની પ્રસુપ્ત, સર્પાકાર અને ઉર્ણાતંતુ (ઉનાના તાંતણા)ની માફક પ્રકાશ કરતી એવી સ્થિત છે. સમસ્ત અનુન્મિવિત વિશ્વ એના ગર્ભમાં સ્થિત છે. અને આ રીતે તે વિશ્વાધાર છે. સમસ્ત તત્ત્વ અને ભુવન એના આશ્રય લઈને રહેલાં છે. આ ભૂમિમાં એક અવ્યક્ત આનંદની અનુભૂતિ થાય છે. પૃથ્વી પર્યન્ત તત્ત્વ જે કોઈ પણ પ્રસૂત છે - અસ્તિત્વમાં છે - સર્વશક્તિ તત્ત્વનો વિસ્તાર છે.

શક્તિની કલાઓ = સૂક્ષ્મા, સુસૂક્ષ્મા, અમૃતા, અમૃત સંભવા અને વ્યાપિની - એ જ શક્તિની કલાઓ છે. શક્તિના બે બિંદુઓની ડાબી બાજુથી ઉદિત થનારી સિરાની આકૃતિ વાળી થાય છે. આ દ્વાદશ આદિત્યોના એક સાથે પ્રકાશિત થવાથી ઉત્પન્ન પ્રકાશની સમતુલ્ય છે. એનો આકાર બે બિંદુઓમાંથી ડાબા બિંદુથી એક સીધી સ્થિર રેખા ખેંચવાથી નિર્મિત આકારના સમાન છે. એનો ઉચ્ચારણ કાળ માત્રાનો ચોસઠ (૬૪)મો ભાગ છે.

(૭) **'વ્યાપિનીઃ'** શક્તિની ઉત્તરવર્તી ભૂમિમાં વ્યાપિની સ્થિત છે. આ ચતુર્થ શૂન્ય છે. યદ્યપિ શક્તિ શૂન્યાત્મક નથી કિન્તુ વ્યાપિની શૂન્ય સ્વરૂપા છે. પાંચ શૂન્યોમાં આ ચતુર્થ શૂન્ય છે. વ્યાપિનીની માત્રા ૧/૧૨૮ છે. વ્યાપિનીમાં (ત્વક્, અને કેશ સ્થાનમાં) વ્યાપ્તિ થાય છે. શક્તિના કેન્દ્રમાં સ્થિત કલા જ વ્યાપિની છે. કોઈ કોઈ આચાર્યએ 'વ્યાપિની' નો મહાશૂન્ય તરીકે સ્વીકાર કરેલ છે. કિંતુ એ મહાશૂન્ય નથી. કારણ કે એના પછી પણ શૂન્ય છે. કેન્દ્રમાં સ્થિત શક્તિની કલા જ વ્યાપિની છે. શક્તિ વ્યાપિનીથી પૃથક છે. શક્તિ તત્ત્વ જ અનાશ્રિત ભુવન છે. અને એમાં વ્યાપિનીની મધ્યમાં શિવતત્ત્વ સ્થિત છે. અનાશ્રિત ભુવનની ચારે દિશામાં વ્યાપિની, વ્યોમાત્મિકા, અનન્તા, અને અનાથા નામક શક્તિઓ અવસ્થિત છે. તથા મધ્યમાં 'અનાશ્રિતા શક્તિ' સમાસીન છે. વ્યાપિનીમાં સાકાર - નિરાકારનો ભેદ તિરોહિત થઈ જાય છે. અહીંની અનુભૂતિ એક અદ્વિતીય અને આત્માનુભવનું અંગ છે. વ્યાપિકામાં કાળ ૪ લવોનો છે. **'व्यापिकायांमपि लवौ शकौ चत्वारएवच ।'**

વ્યાપિનીથી જ પ્રસુપ્ત ભુજંગાકાર કુંડલિની તરીકે ઓળખાતી મહાશક્તિનો જન્મ થાય છે. એની સ્પર્શ સંજ્ઞા છે.

વ્યાપિકા બિંદુ અને તેની ઉપર ત્રિકોણ સમાન આકૃતિવાળી કહેવામાં આવેલ છે. વ્યાપિની (વ્યાપિકા)નો પ્રકાશ દ્વાદશ આદિત્યોના સમતુલ્ય છે. એનો ઉચ્ચારણ કાળ માત્રાનો ૧/૧૨૮મો ભાગ છે.

(૮) **'સમનાઃ'** સમના વ્યાપિનીના ઉર્ધ્વભાગમાં સ્થિત છે. આ જ પરાશક્તિ છે. એ વ્યાપિનીમાં પ્રતિષ્ઠિત અનાશ્રિત ભુવનના પણ ઉર્ધ્વમાં સ્થિત છે. એ જ સમસ્ત કારણોનું પણ કારણ અને સમસ્ત અંડોનો આધાર આ શક્તિ પર સમાસીન થઈને શિવ સમગ્ર વિશ્વની સૃષ્ટિ રક્ષા, સંહાર, નિગ્રહ અને અનુગ્રહ રૂપમાં પંચકાર્ય સંપન્ન કરે છે. સમનાની માત્રા ૧/૨૫૬ છે. શિખા કેશસ્થાનમાં યા સમના પદમાં કેવળ મનન જ રહે છે. કિંતુ મનનનો કોઈ વિષય નથી રહેતો. આગળ મનન પણ નથી રહેતું અને આ સ્થિતિમાં હંસ શુદ્ધ આત્માનું રૂપ ધારણ કરે છે. સમનાને કૃષ્ણ ચતુર્દશી પણ કહે છે. બિંદુ પૂર્ણિમા છે. તે પછી કૃષ્ણ પક્ષનો આરંભ થાય છે. સમના પછી જે ઉન્મના છે તે અમાવાસ્યા છે. બિંદુને પૂર્ણિમા કહેવા છતાં પણ તેને પૂર્ણરૂપથી પૂર્ણિમા નથી કહી શકાતી કારણ કે પ્રકૃત પૂર્ણિમા ષોડશી છે, પંચદશી નથી. ઠીક પૂર્ણિમાં રહેવાથી પૂર્ણતા અખંડ રહે છે. અને તેના પછી કૃષ્ણપક્ષ નથી આવતો. બિંદુમાં ૧૫કળાઓ છે કિંતુ એક કળા નથી. આ કલા 'અમૃતકળા' યા ષોડશી છે. સમના અનાશ્રિત ભુવનની ઉપર સ્થિત છે. સમના બ્રહ્મવિલની બહાર અતીત મનની ભૂમિ છે. આ ભૂમિમાં મન છે પણ ખરું અને નથી પણ ખરું. નાદાન્તથી આ મનની સૂચના પ્રાપ્ત થાય છે. 'સૂક્ષ્મ સમષ્ટિ મન' નાદમાં લય થઈ જાય છે - સમાપ્ત થઈ જાય છે. તેની ઉપર 'અતિ માનસ' છે. સમના સમસ્ત કારણોની કારણભૂતા અને મહેશ્વરની પરાશક્તિ છે. બ્રહ્મની ચિદ્રૂપ ઈસરમશક્તિ સમનાના રૂપમાં અવતરિત થાય છે. અને સમષ્ટિ મનમાં સંચરિત થઈ જાય છે. સમનાની જ બીજી દિશા ઉન્મના છે.

સમના પર્યન્ત માયાનો સૂક્ષ્મઅંશ સ્વીકાર કરવામાં આવેલ છે. કોઈકના મતમાં આ એક માત્રાનો ૨૫૬મો ભાગ છે અને કોઈના મતમા

એક માત્રાનો ૫૧મો ભાગ છે. અહીં મનની માત્રાઓ છૂટી જાય છે. આ પછી મન નથી રહેતું. જેવી રીતે બિંદુમાં એક માત્રાનો અર્ધાંશ છે. તેવી રીતે અર્ધચંદ્રમાં બિંદુનો, નિરોધિકામાં અર્ધચંદ્રનો અર્ધાંશ છે. અને આ જ ક્રમ સમના સુધી ચાલે છે. માત્રાનો સૂક્ષ્મ અંશ કેવળ સમના સુધી જ છે. ઉન્મના અમાત્રા છે. કારણકે ત્યાં માત્રા નથી, કારણકે ત્યાં મન જ નથી. અને મનની જ તો માત્રાઓ હોય છે.

ઉન્મના તો કાળ શૂન્ય છે. કિંતુ સમનામાં કાળ છે. સમનાથી જે કાળ છે તેની સંજ્ઞા છે એકાણુ લવ. વસ્તુતઃ સમના જ સૃષ્ટિ વ્યાપારા છે. સર્વજ્ઞા, સર્વગા, દુર્ગા, સવના, સ્પૃહણા અને ધૃતિ એ સમનાની કળાઓ છે.

સમના વ્યોમરૂપાત્મિકા છે. એનાથી શૂન્ય નામની વ્યાપિની શક્તિનો ઉદય થાય છે. સદાશિવ અનાશ્રિત પદાત્મક સંપૂર્ણ ભાવાભાસોની ભિત્તિ રૂપ અશેષ મનન, મંતવ્ય માત્રાત્મક સમના છે. જો કે ઉન્મનાની સ્વરૂપ ગોપન ક્રીડાના પરિણામરૂપ સ્ફુરિત થાય છે. સમનાનો પ્રકાશ દ્વાદશ આદિત્યોના સમતુલ્ય છે. એક સીધી રેખાની ઉપર અને નીચે બિંદુ સ્થાપિત કરી દેવાથી નિર્મિત થનારો આકાર ÷ 'સમના' નો આકાર છે. એનો ઉચ્ચારણ કાળ ૨૫૬મા ભાગની માત્રા છે.

સમના અને ઉન્મનામાં અંતર એ છે કે ઉપર વાળા બિંદુ વિના ઉપર્યુક્ત સમના ÷ ઉન્મના છે. ભાસ્કરરાયના મતે ઉન્મનાની ઉપર મહાબિંદુ છે - **'तदूर्ध्वं महाबिन्दु ।'**

(૯) ઉન્મનાઃ સમનાની ઉર્ધ્વવર્તી ભૂમિ જ ઉન્મના છે. ઉન્મનાની માત્રા ૧/૫૧૨ છે. અન્ય આચાર્યોની દૃષ્ટિથી એના ઉચ્ચારણનો કાળ નથી.આ શબ્દ બ્રહ્મરૂપી પરમનાદનો અંત છે. આ પંચમ શૂન્ય પણ છે. નવ નાદોમાં નવમ ભૂમિ છે. આ ભૂમિ મનની અતીત છે. મનના નહીં રહેવાથી નાદ પણ નથી રહેતો અને નાદના નહીં રહેવાથી મન પણ નથી રહેતું. જ્યાં સુધી નાદ અંત નથી થતો ત્યાં સુધી તત્ત્વબોધ નથી થતો. ઉન્મનામાં નાદનો અંત નથી થતો. ઉન્મનામાં કાળ નથી. આમ છતાં ઉન્મના પરમ તત્ત્વ નથી. કારણ કે ઉન્મનામાં પણ નાદનો આત્યંતિક લય નથી. ઉન્મનામાં કલાનો અભાવ છે. તથાપિ નથી રહેતી છતાં

રહે છે એની સ્થિતિ આ પ્રકારે છે. જેવી રીતે - અસમ્પ્રજ્ઞાત સમાધિમાં ચિત્ત વૃતિરૂપમાં નથી રહેતું કિંતુ તો પણ રહે છે. અર્થાત્ સંસ્કાર રૂપમાં રહે છે. સમનામાં સૂક્ષ્મમનની વિદ્યમાનતા છે કિંતુ ઉન્મનામાં નથી. કેવળ સંસ્કાર છે.

ઉન્મના તે પ્રદેશ છે. જ્યાં ન મન છે, ન માત્રા છે, ન કાળ છે, ન દેશ છે, ન દેવતા છે, ન પ્રપંચનો કોઈ અંશ છે. આ વિશુધ્ધ ચિદાનંદ ભૂમિ છે. આ જ પરમ લક્ષ્ય છે.

सा शक्ति परमा सूक्ष्मा उन्मना शिवरूपिणी ।
अस्तित्व मात्र मात्मानं क्षोभ्यं क्षोभयते यदा ॥

નાદ શ્રવણની દૃષ્ટિથી સ્થિતિ આ પ્રમાણે છે -

(૧) આવરણ વશાત્ નાદ ન સાંભળી શકાય ત્યારે - ક્ષિપ્ત, વિક્ષિપ્ત યા મૂઢ દશા.

(૨) નાદ શ્રુતિ ગોચર થાય ત્યારે - એકાગ્ર અવસ્થા યા જ્ઞાનાવસ્થા.

(૩) નાદ-શ્રવણ સ્થગિત થઈ જાય ત્યારે - ચિત્તની નિરોધાવસ્થા.

(આ અવસ્થામાં મનની વૃત્તિ નથી રહેતી. સંસ્કાર માત્ર રૂપમાં મન વિદ્યમાન રહે છે. જ્યારે તે સંસ્કાર પણ નથી રહેતા ત્યાં ચિન્માત્ર યા શુદ્ધ આત્માની ઉપસ્થિતિ વર્તાય છે.)

જ્યાં સુધી નાદનો અંત નથી થતો ત્યાં સુધી તત્ત્વબોધ નથી થતો. નાદાન્ત જ નહીં શક્તિ અને સમના પણ નાદનો અંત નથી થતો. શાક્ત યોગિઓના મનમાં તો ઉન્મનામાં પણ નાદનો અંત નથી આવતો. ઉન્મનાનું ભેદન કર્યા બાદ ઉન્મનાની ઉર્ધ્વભૂમિમાં જ નાદનો લય થઈ જાય છે. અને ત્યારે તત્ત્વબોધ યા આત્મ સાક્ષાત્કાર સંભવિત બને છે. ઉન્મના પર્યન્ત સમસ્ત મંત્રાવયવ ૧૦૮૧૭ વાર ઉચ્ચારિત થયા પછી નાદનો અંત અને તત્ત્વજ્ઞાનનો ઉદય થઈ શકે છે તથા પરમપદની સમ્પ્રાપ્તિ થઈ શકે છે. ૬ શૂન્ય, ૫ અવસ્થા અને ૭ વિષુવના કોલાહલથી અતીત ભૂમિમાં જ વિશ્વની પરમ વિશ્રાન્તિ ભૂમિ અને પરમાનંદ સ્વરૂપ 'પરમ પદ' સ્થિત છે. ઉન્મના પર્યન્ત નાદના ચિંતનને 'કાળવિષુવ' કહેવાય છે. અને તેના પછી 'તત્ત્વ વિષુવ' છે. 'નાદ' તત્ત્વનો અભિવ્યંજક તો

છે કિંતુ જ્યાં સુધી નાદનો અંત નથી થતો ત્યાં સુધી તત્ત્વબોધ થતો નથી. ઉન્મનાના ભેદન બાદ જ નાદનો અંત થઈ શકે છે. એટલે સ્પષ્ટ છે કે ઉન્મનીમાં તત્ત્વબોધ નથી થઈ શક્તો એટલે ઉન્મનીને 'પરમપદ' માનવામાં આવતું નથી.

વસ્તુતઃ પરવિમર્શમયી અહૈન્તકરસા પારમેશ્વરી સ્વાતંત્ર્ય શક્તિ જ ઉન્મના છે. જોકે સ્વરૂપ ગોપન ક્રીડોત્સુકા બનીને 'સમના'ના રૂપમાં સ્ફુરિત થાય છે.

મંત્રશાસ્ત્રની દૃષ્ટિમાં પ્રણવના દ્વાદશ અવયવોમાં ઉન્મના અંતિમ અવયવ છે. જપ વિજ્ઞાનની સીડીનું અંતિમ સોપાન ઉન્મના જ છે. સાધનાની અંતિમ મંજિલ ઉન્મના જ છે. કારણ કે તેની ઉપર તો સાધનાની ગતિ જ નથી. કેવળ સાધ્ય માત્રનું અવસ્થાન છે.

યોગ ભૂમિઓનું (૧) સકલ (૨) સકલ-નિષ્કલ અને (૩) નિષ્કલ આ ત્રણ ખંડોમા વર્ગીકરણ કરીને ઉન્મના પર્યન્ત ભૂમિઓ ને સકલ-નિષ્કલ ખંડોમાં અવસ્થિત માનવામાં આવેલ છે. એટલે ઉન્મનાનો પણ કોઈ આકાર માનવો જોઈએ. ભાસ્કરાયનું માનવું છે કે જો તેનો કોઈ આકાર સ્વીકાર કરી લેવામાં આવે તો તેનો કોઈ ઉચ્ચારણ કાળ પણ હોવો જોઈએ અને વળી પાછો તે સમનાથી સૂક્ષ્મતર હોવો જોઈએ. ઉન્મના કાળહીન છે, અમાત્રક છે + નિવૃત્તિથી લઈને શાંતિ - અતીત આદિ કલાઓ. પ્રાણાયામ ભુવન અને દેવતાઓની ગતિ નથી. એની આગળ કેવળ અનામય પરતત્ત્વની સ્થિતિ છે - **'तदतीतं वरारोहे परं तत्त्वमनामयम् ।'**

ઉન્મના સુધીના યાત્રા પ્રત્યેક સાધકનું કર્તવ્ય છે. કારણકે ઉન્મના પદની પહેલા મનોરાજ્ય છે. અને તે શુદ્ધાશુદ્ધ રૂપમાં સ્થિત છે. તેનો અશુદ્ધ ભાગ માયાત્મક અને વિશુદ્ધ ભાગ શુદ્ધ માયાત્મક યા યોગ માયાત્મક છે. તેના અશુદ્ધ ભાગમાં પ્રણવના ત્રણ અવયવ - **अकार, उकार** અને **मकार** (સ્થૂળ, સૂક્ષ્મ, કારણ, જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ) સ્થિત છે અને વિશુદ્ધ ભાગમાં બિંદુ - અર્ધચંદ્ર, નિરોધિકા, નાદ, નાદાન્ત, શક્તિ, વ્યાપિની અને સમના સ્થિત છે. અને એના પછી સર્વાતીત 'ઉન્મના પદ' છે. જે મનોરાજ્યથી અતીત છે.

એક પ્રશ્ન ઉઠે છે કે - મનની અંતિમ સીમા 'બુદ્ધિ'ની આગળ સુધી જ છે અને તેના પછી તેનો પ્રસાર નથી. કારણ કે શ્રુતિમાં કહ્યું છે કે - **'मनसस्तु परा बुद्धिः बुद्धेरात्मा महान परः ॥'** વસ્તુતઃ એવું નથી કારણ કે મન સમના સુધી છે. ઉપર્યુક્ત વેદા શ્રુતિ-વાક્ય માત્ર અંતઃકરણના અવયવ રૂપ મનની તરફ ઈંગિત કરી રહેલ છે. જેના ચાર અવયવ છે (૧) મન (૨) બુદ્ધિ (૩) ચિત્ત (૪) અહંકાર. યોગ અને તંત્રશાસ્ત્રમાં વિવેચિત મનના આ સૂક્ષ્મતમ અને વ્યાપક સ્વરૂપની તરફ તેનો સંકેત નથી.

મહા માહેશ્વરાચાર્ય વર્ય ભગવાન ગોરક્ષનાથની યોગ સાધનામાં મંત્ર, હઠ, લય અને રાજયોગ એ ચારેય સાધનાઓનો સમાવેશ છે. તથાપિ તેઓનું લક્ષ્ય રાજયોગ જ છે અને આ રાજયોગ જ ઉન્મનયોગ યા મનોન્મનીની સાધનાનો વિધાયક છે. ગુરુ ગોરક્ષનાથે મનને શિવ, શક્તિ અને પંચતત્ત્વોનો જીવ કહ્યો છે અને એને જ ગ્રહણ કરીને ઉન્મન રહેવાનું વિધાન કર્યું છે -

यह मन सकती, यह मन सीव, यह मन पांचतत्त्वका जीव ।
यह मन ले जे उनमन रहे, तौ तीनी लोककी वार्ता कहे ॥

જ્યાં સુધી મન પ્રાણની સાથે સુષુમ્ણામાં પ્રવેશ નથી કરતો ત્યાં સુધી મનોન્મનીનો ઉદય પણ નથી થતો અને દ્વૈતનો નિરાસ પણ નથી થતો. અમનસ્ક યોગ મુખ્યત્વે રાજયોગની સાધના છે. કિંતુ એમાં મનોલયના વિવિધ સોપાની સવિસ્તર મીમાંસા પણ ઉપલબ્ધ થાય છે. જે નીચે મુજબ છે -

લયની અવધિ	**ફળ**
એક નિમેષ, શ્વાસ, પળ, ઘડી, પ્રહર, દિન, માસ અને વર્ષપર્યન્ત લય.	પરમતત્ત્વની પ્રાપ્તિ
(૧) નિમેષનો લય -	પરમતત્ત્વનો સંસ્પર્શ કિંતુ વારંવાર વ્યુથાન.
(૨) દ્વનિમેષોનો લય -	તાપ, શાંતિ અને વારંવાર નિદ્રા અને મૂર્છા

(૩) ૧ શ્વાસનો લય - પ્રાણાવિકોનું સ્વસ્થાનમાં પ્રવાહિત થવું.

(૪) ૨ શ્વાસોનો લય - કૂર્મનાગાદિક વાયુઓના પ્રવાહનો અવરોધ.

(૫) ૪ શ્વાસનો લય - સાત ધાતુઓના રસોનો સમવાયુ થઈને ધાતુઓના રસોની પુષ્ટિ.

(૬) ૧ પળ સુધીનો લય - શ્વાસ, પ્રશ્વાસ, નિમેષોન્મેષમાં સ્વલ્પતા અને કોઈપણ આસનમાં લાંબા સમય સુધી બેસી રહેવાથી પણ થકાવટનો અનુભવ થતો નથી.

(૭) ૨ પળો સુધીનો લય - હૃદય નાડીનું જાગરણ અને અનાહત નાદનું ઉત્થાન.

(૮) ૪ પળો સુધીનો લય - શ્રુતિપેશલ વાણીનું શ્રવણ (દિવ્યનાદનું શ્રવણ)

(૯) ૮ પળો સુધીનો લય - કામવાસનાની નિવૃત્તિ.

(૧૦) ૧ ઘડી સુધીનો લય - પ્રાણાદિક વાયુનો સુષુમ્ણામાં પ્રવેશ.

(૧૧) ૧/૨ ઘડીનો લય - મૂલાધારસ્થ કુંડલિનીનું જાગરણ.

(૧૨) ૨ કળા સુધીનો લય - (કળામાત્ર) - વાયુનિરોધ - કુંડલિનીનો સુષુમ્ણા દ્વારા એક ક્ષણમાં એક વાર જમનમાં કંપન.

(૧૩) ૪ કળા સુધીનો લય - નિદ્રાભાવ નિવૃત્તિ, હૃદયમાં તેજોબિંદુનું દર્શન

(૧૪) ૧/૪ દિવસ સુધીનો લય - આહારમાં સ્વલ્પતા મૂત્ર-પુરીષની માત્રામાં સ્વલ્પતા, શરીરમાં લઘુત્વ અને સ્નિગ્ધત્વ વગેરે.

જે યોગાવસ્થામાં દશ્ય વિના જ દૃષ્ટિ સ્થિર થઈ જાય, વિના પ્રયાસે વાયુ સ્થિર થઈ જાય, વિના અવલંબન ચિત્ત સ્થિર થઈ જાય તે જ સહજ અમનસ્ક અવસ્થા 'મનોન્મની' છે. વસ્તુતઃ આ મનની એક નિરાલંબાવસ્થા છે - **'निरालम्बशैकावस्था मनोन्मनी ।'** આ પ્રશાંતચિત્તની નિશ્ચલ સ્થિરાવસ્થા છે.

આ રાજયોગ, સમાધિ, ઉન્મની, અમરત્વ, લય, તત્ત્વ, શૂન્યાશૂન્ય, પરમપદ, અમનસ્ક, અદ્વૈત, નિરાલંબ, નિરંજન, જીવનમુક્તિ, સહજ અને તુર્યાના પર્યાય છે. મનોન્મનીમાં એક વિષયોન્મુખ મન પરિશાન્ત અને નિશ્ચલ અને ઉર્ધ્વમુખ થઈને કોઈ અલૌકિક તત્ત્વમાં વિલીન થઈ જાય છે. પ્રાથમિક પાંચ ચક્રોમાં તો પંચભૂતોનો એક છઠ્ઠા ચક્રમાં મનનો લય થઈ જાય છે. અને તેના પછી જ મનોન્મનીનો ઉદય થાય છે. આ મહાદશામાં યોગી દશમદ્વાર (બ્રહ્મરંધ્ર)માં સમાધિસ્થ થઈ જાય છે. આ યોગાવસ્થા મન-પવનના ઐક્ય, સૂર્ય-ચંદ્રયોગ, રજરેતસ યોગ, શિવ-શક્તિ યોગ અને મનની શૂન્યાવસ્થાનો પર્યાય છે. જો કે પવન, નાદ, મન, બિંદુ અને કુંડલિનીની સાધનાથી પ્રાપ્ત થાય છે. આ ભોગ પ્રક્રિયામાં બ્રહ્મરંધ્ર શૂન્ય મંડળમાં અમૃત-નિર્ઝર ઝરવા લાગે છે, અનાહતનાદનું ગર્જન થવા લાગે છે, બિંદુ ઉર્ધ્વમુખી થઈ જાય છે, શક્તિનો શિવ સાથે સમાયોગ થાય છે. અને યોગી મહારસ પાન કરવા લાગે છે, વસ્તુતઃ આ તુરીયાવસ્થા છે અને કબીર એને સહજ રહની અને સહજ સમાધિની અવસ્થા કહી છે.

'अन्तः शून्यः बहिः शून्यः शून्यः कुंभ इवाम्बरे ।' ની નિવર્તક

અવસ્થા, સ્મૃતિ પરિશુદ્ધિ થવાથી સમ્પ્રાપ્ત સ્વરૂપ શૂન્ય શબ્દાતીત જ્ઞાનાપ્તિની અવસ્થા જ નિર્ગુણપંથી સંતો અને યોગીઓની ઉન્મની યા નિર્બીજ સમાધિ છે, ને એ જ નાથોની 'અમનસ્ક' યા મનોહીન અવસ્થા છે. મનોહીન અવસ્થાનો અર્થ એવો નથી કે મનની સત્તા નથી રહેતી અથવા તેનું નિર્દલન થઈ જાય છે, વસ્તુતઃ અચંચળ મન જ્યારે સ્થિરત્વ પ્રાપ્ત કરીને પરમ તત્ત્વમાં લીન થઈ જાય છે. ત્યારે ઉન્મની અવસ્થાનો ઉદય થાય છે. ઉન્મની અવસ્થાને મળતી આવે એવી એક ધ્યાનની અવસ્થા છે તેને

તુરીયાવસ્થા પણ કહી શકાય છે. હઠયોગીઓની ઉન્મની પાતંજલ યોગની સમાધિ સમાન જ છે. ઉન્મની સમાધિનો એક પર્યાયવાચી શબ્દ છે. અને એ મન અને પ્રાણની ઐક્યાવસ્થા અને મનના સ્થિરત્વનો બોધક છે. કેટલાક વિદ્વાનોના મતે એને સૂર્ય-ચંદ્ર મિલન, પ્રાણનિયંત્રણ, સમાધિ અને પરમતત્ત્વ, સહજ સમાધિનો પર્યાય માનવો જોઈએ. નિર્ગુણીયા સંતોએ એને પરમ તત્ત્વના અર્થમાં પ્રયુક્ત કરેલ છે.

દ્વાદશ સંહતિ : = વ્યોમ (ह), અગ્નિ (र), વામલોચના (ई), બિંદુ (.), અર્ધચંદ્ર (ँ), રોધિની, નાદ, નાદાન્ત, શક્તિ, વ્યાપિકા, સમના (÷), ઉન્મના (÷) બારનો સમૂહ.

'નાદ' = બિંદુ, અર્ધચંદ્ર, રોધિની, નાદ, નાદાન્ત, શક્તિ, વ્યાપિકા, સમના અને ઉન્મની = આ નવનો સમૂહ.

અહીં ઊંકાર બાર અવયવોનું આ પ્રકરણમાં વિસ્તૃત વિવરણ આપવામાં આવ્યું છે. જેનો અભ્યાસ ખૂબ જ મહત્વપૂર્ણ છે.

❖❖❖

૧૫

કુંડલિની જાગરણમાં ૐકાર

કુંડલિની પરમાત્માની ગોપનીય શક્તિ છે, એને શુદ્ધ ચૈતન્ય પણ કહેવાય છે, આ શુદ્ધ ચેતના શક્તિ બ્રહ્મની સૃજન શક્તિ છે. જે રીતે તાપ (ગરમી) અગ્નિથી ભિન્ન છે એવું નથી કહી શકતા તેવી જ રીતે કુંડલિની શક્તિ પરબ્રહ્મ, શુદ્ધ ચેતના શક્તિ યા પરમાત્માથી ભિન્ન નથી અને તેમાં આ વિશ્વ સૃજન કરવાની શક્તિ રહેલી છે.

કુંડલિની મંત્રમયી, યંત્રમયી અને શબ્દમયી છે. બધા મંત્રોનું મૂળ ભગવતી કુંડલિની છે. તે પરમમંત્ર (મંત્રાધિરાજ) યા મૂળમંત્ર ઉઁકારનું સ્વરૂપ છે. બધા વર્ણાક્ષરો, બધા મંત્રોના નાદ, બધા મંત્રો, દેવતા, બધી પીઠ, બધી વાણીઓ કુંડલિનીના શરીરમાં જ સ્થિત છે. 'મૂળ મંત્ર' (ઉઁ) ભગવતી કુંડલિની પોતાની પરાવાક્ યા શબ્દ બ્રહ્મનું સ્વરૂપ છે. તે જ જગજ્જનની પણ છે, માતૃકા પણ છે, તે જ નાદ પણ છે અને મંત્ર પણ. તે જ (મંત્રરૂપ) વાચક પણ છે અને વાચ્યપણ.



મંત્ર શાસ્ત્રમાં જેને મંત્ર ચૈતન્યની સંજ્ઞા આપવામાં આવી છે તે પ્રાણાત્મક નાદ શક્તિના ઉદયમાત્ર છે. જે પ્રમાણે સરોવરમાં વાયુના આઘાતથી ઊર્મિઓ (લહેરો) ઊઠે છે. તે પ્રમાણે 'બિંદુ'માં પણ ઊઠે છે એ ઊર્મિઓ જ બહારની બાજુ 'નાદ' અને 'જ્યોતિ' ના રૂપમાં પ્રકટ થાય છે. નાદનો ઉદય વાણીના રૂપમાં અને 'જ્યોતિ'નો ઉદય અર્થના રૂપમાં થતો રહે છે.



પ્રણવ સાધના દ્વારા કુંડલિની જાગરણ સંબંધિત-મેરુદંડ, ઈડા, પિંગળા અને સુષુમ્ણા નાડી, મૂલાધાર સ્થિત સ્વયંભૂલિંગ વેષ્ઠિત કુંડલિની શક્તિ પ્રણવ ઉચ્ચાર, ષટ્‌ચક્રોમાં જાગૃત કુંડલિનીની ગતિ સહસ્રાર ચક્ર પર્યન્ત તેમજ બ્રહ્મા, વિષ્ણુ, મહેશઆદિના સ્થાન ચિત્ર દ્વારા જાણી શકાય છે.

કુંડલિનીના વ્યક્ત હોવાની સાથે વેગ ઉત્પન્ન થાય છે, વેગના ઉત્પન્ન થવાથી સ્ફોટ ઉત્પન્ન થાય છે. એ સ્ફોટ જ નાદ છે. 'નાદ'થી પ્રકાશ ઉત્પન્ન થાય છે. પ્રકાશનું વ્યક્તરૂપ જ મહાબિંદુ છે. જીવ=સૃષ્ટિમાં ઉત્પન્ન નાદ ૐકાર છે.

❖ શબ્દબ્રહ્મથી માતૃકાઓનો જન્મ ❖

શબ્દબ્રહ્મ (ૐકાર) થી પર માતૃકાઓનો જન્મ થાય છે. એમાં (૧) ૫૦ અક્ષરમ્ (૨) ૫૧મી માતૃકા (પ્રકાશરૂપા) (૩) પરમી માતૃકા પ્રકાશનો પ્રવાહ - દ્રષ્ટી 'જીવનકલા' છે. ૫૦ માતૃકા લોમ અને વિલોમથી ૧૦૦ છે. એ જ ૧૦૦ માતૃકાઓ ૧૦૦ કુંડલ છે. એ કુંડલોને ધારણ કરનારી માતૃકામયી 'કુંડલિની' છે. સહસ્રાર ચક્રમાં અવ્યક્ત નાદ છે તે જ આજ્ઞા ચક્રમાં આવીને ૐકાર રૂપમાં વ્યક્ત થાય છે. ૐથી ઉત્પન્ન થનારી ૫૦ માતૃકાઓની અવ્યક્ત સ્થિતિનું સ્થાન સહસ્રાર ચક્ર છે, અને એ જ 'અકુલ સ્થાન' છે. એ જ શિવ-શક્તિનું સ્થાન છે. શક્તિ વ્યક્ત છે, 'શિવ' અવ્યક્ત છે.

❖ કુંડલિની જાગરણ ❖

સહસ્રાર ચક્ર (મસ્તક પર ચોટલી (શિખા) ના સ્થાન પર) ના સ્થાન પર શુદ્ધ ચૈતન્યનો નિવાસ છે. આ કુંડલિની શક્તિ તેની સાથે એકાકાર થઈને (સામરસ્ય ભાવમાં) રહે છે. એ પોતાની જ ધરાતલ પર સમગ્ર વિશ્વની સૃષ્ટિ કરે છે. એ પોતાનામાંથી જ વિશ્વને ઉત્પન્ન કરે છે. એ સ્વયં જ વિશ્વના બધાં રૂપોને ધારણ કરે છે, અને આપણે ચારે બાજુ જે સૃષ્ટિ જોઈએ છે તેમાં તે વિભિન્ન રૂપ ધારણ કરી દૃષ્ટિ ગોચર થતી તે 'પ્રાણ' બની જાય છે, જે પ્રધાન શક્તિ ના રૂપમાં સમસ્ત સૃષ્ટિને જીવિત રાખે છે. એને વિશ્વ ચેતના અથવા ચિત્તની લૌકિક ચિત્ત શક્તિ પણ કહેવાય છે.

ધ્વનિના રૂપમાં તે 'શબ્દ બ્રહ્મ' કહેવાય છે. મંત્રોમાં તે અક્ષર રૂપ હોય છે અને વાક્યરૂપમાં તે જ્ઞાનનું રૂપ છે. તે નાદ રૂપી શબ્દ, ભાષા, અક્ષર આદિની ઉત્પત્તિ કરે છે. જ્યારે કુંડલિની શક્તિ સહસ્રારથી નીચે ઉતરીને અધોગમન કરે છે ત્યારે તે ભૌતિક શરીરમાં (કરોડરજ્જુ - મેરુદંડમાં

સુષુમ્ણાની અંદર) વિભિન્ન કેન્દ્રોમાં ભિન્ન ભિન્ન તત્ત્વોની સૃષ્ટિ કરે છે, બુદ્ધિ આજ્ઞાચક્ર પર, આકાશ તત્ત્વ વિશુદ્ધિ ચક્ર પર, વાયુ અનાહત ચક્ર પર, અગ્નિ મણિપુર (નાભિ) ચક્ર પર, જળ સ્વાધિષ્ઠાન ચક્ર (લિંગ મૂળમાં) અને પૃથ્વી તત્ત્વ (લં બીજ) મૂલાધાર ચક્ર સ્થાન પર ઉત્પન્ન કરે છે.

કુંડલિની સુષુમ્ણાના મુખની નિકટ મૂલાધાર ચક્ર પર પ્રસુપ્ત અવસ્થામાં સૂઈ રહે છે. તે ૭૨૦૦૦ નાડીઓ દ્વારા બધો કાર્ય-કલાપ ચલાવે છે તથા તેના પર નિયંત્રણ રાખે છે. તે સર્વ શક્તિઓનો ભંડાર છે, એને 'ચિત્ત-શક્તિ' પણ કહે છે. આપણા જન્મ-જન્માંતરોના સંસ્કાર અને વાસના વગેરે અહીં અંકિત છે. એની જાણકારી આપણને કુંડલિનીથી જ મળે છે. સ્મૃતિઓનું સંગ્રહસ્થાન (ગોદામ) છે.



જ્યારે કુંડલિની ઉદ્‌બુદ્ધ થઈને ઉપરની તરફ આગળ વધે છે તો તેનાથી સ્ફોટ થાય છે. જેને નાદ કહેવામાં આવે છે. વિવરણ નીચે મુજબ છે - કુંડલિનીનું જાગરણ - સ્ફોટ (નાદ) - પ્રકાશ - પ્રકાશનું વ્યક્ત રૂપ - 'મહાબિંદુ' (૧) ઈચ્છા (સૂર્ય,બ્રહ્મા), (૨) જ્ઞાન (ચંદ્ર, વિષ્ણુ), (૩) ક્રિયા (અગ્નિ, શિવ).

આ નાદ અને બિંદુ અખિલ બ્રહ્માંડમાં વ્યાપ્ત અનાહત નાદનું વ્યષ્ટિમાં વ્યક્ત રૂપ છે. જે નાદ અનાહત ભાવથી સમસ્ત વિશ્વમાં સર્વત્ર વ્યાપ્ત છે, જ્યારે તેનો પ્રકાશ વ્યક્તિમાં થાય છે ત્યારે તેને 'નાદ' કહેવાય છે. 'સ્ફોટ' અખંડ સત્તારૂપ બ્રહ્મત્વનો વાચક છે. સ્ફોટ શબ્દ બ્રહ્મ છે જ્યારે સત્તા બ્રહ્મ છે. 'સ્ફોટ' વાચક શબ્દ છે જ્યારે સત્તા વાચ્ય છે. આ 'નાદ' મૂલાધારમાં ઉદિત થાય છે અને સહસ્ત્રારમાં લય પામી જાય છે.

કુંડલિનીના બે સ્વરૂપ કહી શકાય છે, એક તો બહારનું સ્થૂળ રૂપ, બીજું આધ્યાત્મિક અંતર્મુખી સૂક્ષ્મ રૂપ. એનો લૌકિક કાર્યક્રમ બરાબર યોગ્ય રૂપમાં ચાલી રહ્યો છે. પરંતુ આંતરિક સૂક્ષ્મ કાર્યક્રમ ગુપ્ત અવસ્થામાં રહેલો છે. કુંડલિનીની આધ્યાત્મિક આત્મિક અવસ્થાને જ સાધના દ્વારા ચૈતન્ય અથવા જાગૃત કરવાનું હોય છે. કુંડલિનીનું બાહ્ય રૂપ સ્થૂળ સૃષ્ટિના રૂપમાં આપણે સૌ જોઈ શકીએ છીએ. પરંતુ તેનું આંતરિક સૂક્ષ્મ સુપ્તવસ્થાનો બોધ તેની અતિસૂક્ષ્મતાના કારણે દૃષ્ટિગોચર થતો નથી અથવા અનુભવમાં આવતો નથી કેવળ સાધના, ધ્યાન અને અતીન્દ્રિય જ્ઞાન દ્વારા જ આપણે તેને સમજી શકીએ છીએ

જ્યારે કુંડલિની શક્તિ અંતર્મુખી સાધના દ્વારા આંતરિક રૂપથી જાગૃત થાય છે ત્યારે આપણા શરીરમાં વિભિન્ન યૌગિક ક્રિયાઓ આપમેળે શરૂ થઈ જાય છે. મુદ્રાઓ, આસનો થવા લાગે છે. ધ્યાનમાં એકાગ્રતા વધે છે. કરોડરજ્જુ (મેરુદંડ)માં અવસ્થિત સુષુમ્ણાનાડીના મુખમાં પ્રવેશ કરી તેની અંતર્ગત વિભિન્ન ચક્રો પર આરોહણ કરતી એવી કુંડલિની શક્તિ (એક તત્ત્વને બીજા તત્ત્વમાં લય કરતી) અંતમાં સહસ્ત્રાર સ્થિત પરમાત્માની સાથે ફરીથી એકાકાર બની જાય છે, સામરસ્ય ભાવમાં અવસ્થિત થઈ જાય છે. અંતમાં આત્માને પરમાત્માનું મિલન કરાવે છે. કેવળ કુંડલિની શક્તિના માધ્યમથી જ આપણે પરમાત્મા રૂપ શુધ્ધ પરમ ચૈતન્યમાં પ્રવેશ પામી શકીએ છીએ.

આ જ કારણે કુંડલિનીની જાણકારી સર્વાધિક મહત્ત્વપૂર્ણ છે. કુંડલિની સાધનાનો ઉદેશ્ય બ્રહ્મ-પ્રાપ્તિ અથવા પરમાત્માની પ્રાપ્તિ છે. કુંડલિની જાગરણ માટેના માર્ગો પણ વિભિન્ન પ્રકારના છે.

મળદ્વારના સ્નાયુઓને વારંવાર ખેંચવા અને ઢીલા છોડી દેવા. અગર એક જ શ્વાસમાં આપ ગુદાનું સંકોચન અને શિથિલીકરણ કરી શકતા હોય તો કહેવું જ શું ! આ રીતના અભ્યાસથી સુપ્ત કુંડલિની ઉપર ચોર (પ્રહાર) પડે છે જેનાથી તે યથાશીઘ્ર ચૈતન્ય થઈ જાય છે. આ રીતે મૂળબંધ અને ઉડ્ડિયાન બંધનો અભ્યાસ કુંડલિની સાધકે કરી લેવો જોઈએ.

❖ કુંડલિની જાગ્રત કરવાના મંત્ર ❖

કુંડલિની સાધકોએ નિત્ય પ્રતિ સુષુમ્ણાસ્વર ચલાવીને જ્યોતિમંત્ર "**ૐ હ્રીં નમઃ ।**" નો ૧૦૮ વાર જપ કરીને ભૂતશુદ્ધિ કરી લેવી જોઈએ. અથવા નિમ્નલિખિત ચાર મંત્રોનું ઓછામાં ઓછા ૧૦ વાર ઉચ્ચારણ કરવાથી ભૂત શુદ્ધિનો લાભ મળે છે. -

(૧) **ૐ ભૂત શૃઙ્ગટાત્ શિરઃ સુષુમ્ણા પથેન જીવ - શીવં પરમ શિવપદે યોજયામિ સ્વાહા ।**

(૨) **ૐ યં લિઙ્ગ શરીરં શોષય - શોષય સ્વાહા ।**

(૩) **ૐ રં સંકોચ શરીરં દહ દહ સ્વાહા ।**

(૪) **ૐ પરમ શિવ સુષુમ્ણા પથેન મૂલ શૃઙ્ગહિં ઉલ્લસ ઉલ્લસ જ્વલ જ્વલ પ્રજ્વલ પ્રજ્વલ સોઽહં હંસઃ સ્વાહા ।**

દશ દિવસ સુધી સ્નાન કર્યા પછી ઉપરોક્ત પ્રત્યેક મંત્રની એક માળા કરવાથી તે ચેતન થાય છે. અને ત્યાર બાદ કોઈપણ કામનો આરંભ કરતાં પહેલા ત્રણ, પાંચ, સાત, નવ કે અગિયાર વખત એ મંત્ર બોલી કામનો આરંભ કરે તો તે કામ શીઘ્ર સફળ થાય છે.

કુંડલિની શક્તિને જાગૃત કરવાનો અભ્યાસ રાત્રિના સમયે જ કરવો જોઈએ. સાધના કરતા પહેલા પોતાના ગુરુદેવનું ધ્યાન કરી તેઓને નમસ્કાર કરી કુંડલિની શક્તિનું ધ્યાન અને સ્તુતિ કરી પ્રણામ કરવા.

कुण्डलिनी ध्यानः

ध्यायेत् कुण्डलिनी सूक्ष्मां मूलाधार निवासिनीम्
तामिष्ट देवता रुपां सार्ध्द त्रिवलयान्विताम् ।
कोटि सौदामिनी भाषा स्वयंभू लिंङ्ग वेष्टिताम् ॥

कुंण्डलिनी स्तवनः

ॐ नमस्ते देव देवेशी योगीश प्राण वल्लभे ।
सिद्धि दे वरदे मातः स्वयंभू लिङ्ग वेष्टिते ॥
प्रसुप्त भुजंगाकारे वंदे त्वाम् कारण प्रिये ।
काम कलान्विते देवि ! जन्म संसार रूपकात् ॥
प्रसारे घोर संसारे भवरोगात् महेश्वरि !
सर्वदा रक्ष मां देवि ! जन्म संसार रूपकात् ॥
इति कुण्डलिनी स्तोत्र ध्यात्वा यः प्रपठेत्सुचिः ।
स मुक्तः सर्व पापेभ्यो जन्म संसार सागरात् ॥

નિમ્નલિખિત મંત્રથી ભગવતી કુંડલિનીને પ્રણામ કરવા -

इन्द्रियाणामधिष्ठात्री भूतानाम् चाखिलेषु या ।
भूतेषु संतत वृतस्य व्याप्ति देव्यै नमो नमः ॥

કુંડલિની સાધનામાં ૩ થી ૧૨ વર્ષનો સમય લગાડવાથી સફળતા અને સિદ્ધિ મળે છે. કરેલી સાધના વ્યર્થ જતી નથી. સદ્‌ગુરુ ચાહે તો શક્તિપાત કરીને સાધકની કુંડલિની જાગૃત કરી શકે છે. પરંતુ શિષ્ય એ નિત્ય નિયમિત રૂપથી સાધના ચાલુ રાખવી જોઈએ.

અનુકૂળ પરિસ્થિતિની પ્રતીક્ષામાં પડ્યા રહો નહીં. સાધનામાં આળસ કરો નહીં. સાધના કાલ થશે એવો વિચાર જ કરવો નહીં. કાલ ક્યારેય આવતી જ નથી.

વારંવાર આત્મ - નિરીક્ષણ કરતા રહેવું કે સાધના ઠીક ચાલે છે યા નહીં. તામસિક વૃત્તિઓ કામવાસનાઓ, લોભ, મોહ ઈત્યાદિ વિકારોમાં કમી આવતી રહે એ સારી વાત છે. ઉપદેશવૃત્તિ વિઘ્નકારી છે.

સ્મરણમાં રહે, ક્યારેય ભૂલથી કોઈ સફળતાનું અભિમાન મનમાં ન

આવે. યા કોઈને ચમત્કાર બતાવવાની કોશિષ ભૂલથી પણ ન કરવી. ભલેને પોતાનું કેટલુંયે મોટું અપમાન યા નુકસાન કેમ ન થતું હોય.

સિદ્ધિના ચક્કરમાં પડીને કોઈને શાપ યા આશીર્વાદ આપવા નહીં. નહીં તો હાથ ઘસીને પસ્તાવું પડશે.

પોતાના મુખથી પોતાની પ્રશંસા કરવી એ અભિમાન છે. અભિમાન ન કરો નહીં તો પતન થશે.

અગર આપ પોતાના નિજ રૂપને ઓળખવાની ઈચ્છા રાખતા હો, તો આપે પોતાનું મન શુદ્ધ કરવું પડશે. તેને સૂક્ષ્મ અને એકાગ્ર કરીને નિર્વિકલ્પ સમાધિ પ્રાપ્ત કરવી પડશે.

બેસીને કરવાની અપેક્ષા શબાસન (શવાસન)માં (ખુલ્લી આંખે યા આંખો બંધ કરીને જેમ ઈચ્છો તેમ) તે સાધના કરવાથી શીઘ્ર સિદ્ધિ મળે છે. જે કામ પોતાની તાકાત ઉપર ૪-૫ વર્ષમાં કરશો તે શવાસનમાં કરવાથી ૩૦ દિવસમાં જ થઈ જાય છે. એ પ્રમાણે કરવાથી અતિશીઘ્ર ધ્યાન લાગીને કુંડલિની જાગૃત થઈ જાય છે.

❖ ગુરુમંત્રથી કુંડલિની જાગ્રત ❖

''ॐ गुरु ॐ'' એ મંત્રનો માનસિક જપ કરતા રહી ભ્રૂમધ્યમાં ધ્યાન લગાવવાથી પણ કાલાન્તરમાં ગુરુ-કૃપાથી ચિત્ત-નિરોધ થઈને ધ્યાન સ્વયં લાગી જાય છે. કુંડલિની પણ જાગૃત થઈ જાય છે.

ચાલતાં - ફરતાં, ઊઠતાં - બેસતાં, ખાતાં - પીતાં, પ્રત્યેક કાર્ય કરતાં રહી મનમાં ને મનમાં ''ॐ गुरु ॐ'' નો જપ કરતા રહેવું જોઈએ.

મંત્રજપ દ્વારા કાલાન્તરમાં ધ્યાન લગાવીને કુંડલિની જાગૃત થઈ જાય છે. ભક્તિભાવવાળી વૃત્તિ છે તો ધ્યાન અનાહત ચક્ર ઉપર લગાડો. જ્ઞાનની ભાવના છે તો ધ્યાન ભ્રૂમધ્ય પર લગાડવું જોઈએ.

પોતાના ગુરુનું ચિત્ર ધ્યાનથી દેખતા રહી તેમનું સહસ્રારમાં માનસિક

ધ્યાન કરી, તેમને પ્રણામ કરો. ત્યાર પછી દીર્ઘ શ્વાસ લેતા રહી મૂલબંધ લગાવો. અને ''ઉઁ'' નો માનસિક જપ કરતા રહો. તદુપરાંત જાલંધર બંધ લગાવીને શ્વાસ રોકો (કુંભક કરો). જેટલો વધુ વખત આરામથી રોકી શકો અને એ ભાવના કરો કે સહસ્રાર સ્થિત ઈષ્ટ દેવતા સ્વરૂપ ગુરુદેવના તેજોમય શરીરના કિરણથી સાધકનું શરીર પવિત્ર થઈ રહ્યું છે. ત્યાર પછી **સો**' નું ઉચ્ચારણ કરતા રહી શ્વાસને અંદર ખેંચો અને ઉક્ત તેજસને આકાશમાં છોડી દો. મૂળબંધ સતત ચાલુ રહે છે. '**अहम्**' ના ઉચ્ચારણ સાથે શ્વાસ બહાર કાઢો. ફરીથી '**सो**'ના ઉચ્ચારણ સાથે શ્વાસ અંદર ખેંચો. અને '**अहम्**' ઉચ્ચારણ સાથે બહાર કાઢો. શ્વાસ છોડો. આ રીતે વારંવાર કરતા રહેવું.

આ રીતે ''**सोऽहम्**'' ''**हंसः**'' ના જપ કરતા રહેવાથી કાલાન્તરમાં ગુરુકૃપાથી કુંડલિની જાગૃત થઈ જાય છે.

જેને મૂલબંધાદિ સાધવામાં કઠણતા (મુશ્કેલી) અનુભવાતી હોય તે આજ્ઞાચક્ર અથવા સહસ્રારચક્રમાં વિધિવત્ ધ્યાન લગાવીને પોતાની કુંડલિની જાગૃત કરી શકે છે. નવેમ્બરથી માર્ચ મહિના સુધીનો સમય કુંડલિની સાધના માટે સર્વોત્તમ છે. બસ્તી અથવા એનીમા દ્વારા ઉદર સંશોધન કરતા રહેવું જરૂરી છે.

❖ ''सोऽहम्'' દ્વારા કુંડલિની જાગ્રત ❖

સિધ્ધાસન યા પદ્માસનમાં બેસીને પ્રશ્વાસની ગતિને રોક્યા વગર કેવળ રેચક પૂરક કરતા રહી મૂલાધાર, આજ્ઞાચક્ર, બ્રહ્મરંધ્ર આદિ કોઈપણ ચક્ર પર અથવા નાસિકાગ્ર (નાકના અગ્રભાવ, ટેરવા) ઉપર યા નાભિ ઉપર ધ્યાન લગાવીને એવી ભાવના કરતા રહીને કે ''ઉઁ'' થી તે વિશેષ સ્થાન ઉપર શ્વાસ આવી રહ્યો છે. અને '**अम्**' થી છૂટી રહ્યો છે, '**उ**' અથવા '**सोऽहम**' ના માનસિક જપ કરવા. આ અભ્યાસમાં વિશેષ આવશ્યકતા એ વાતની છે કે પોતાના નિયત સ્થાન અથવા ચક્રપર શ્વાસ પ્રશ્વાસની ગતિ પર આ ભાવનાથી ધ્યાન કેન્દ્રિત કરવું.

અગર ઉપર્યુક્ત રીતે જપ કરવામાં મુશ્કેલીનો અનુભવ થાય તો

વિશેષ ચક્ર પર કેવળ ''ઊઁ'' અથવા 'સોઽહમ' ના માનસિક જપ કરવા અથવા એવી ભાવના કરવી કે ત્યાં ''ઊઁ'' અથવા 'સોઽહમ' ના જપ થઈ રહ્યા છે, યા ''ઊઁ'' અથવા **'સોઽહમ'** શબ્દ સંભળાઈ રહ્યા છે. મુખ્ય વાત એ છે કે આ વિશેષ સ્થાન અથવા ચક્ર પર આપનું મન સ્થિર રહે. જે વિશેષ ચક્ર પર આપનું મન સ્વતઃ અટકી જાય ત્યાં ઉપરોકત વિધિથી જપ ધ્યાન કરવું આવશ્યક છે.

જ્યારે આપને સહસ્ત્રારની તરફ પ્રાણની ધારાઓ ચઢતી હોવાનો અનુભવ થાય અને સ્વતઃ ''ઊઁ'' નું ઉચ્ચારણ થવું શરૂ થઈ જાય અને મન આનંદ જ આનંદની અનુભૂતિ કરે તો સમજો કે કુંડલિની જાગૃત થઈ ગઈ છે.

એકાન્તમાં સિદ્ધાસન પર બેસીને બંને નાસિકાથી પ્રાણવાયુનું આકર્ષણ કરીને બળપૂર્વક અપાનવાયુમાં મેળવવાનો પ્રયત્ન કરવો અને જ્યાં સુધી સુષુમ્ણા વિવરમાં વાયુ પહોંચીને પ્રકાશ પ્રાપ્ત ન કરે ત્યાં સુધી અશ્વિની મુદ્રાથી ધીરે ધીરે ગુદાના પ્રદેશનું સંકોચન - પ્રસારણ કરતા રહેવું. આ રીતે શ્વાસ રોકીને કુંભકયોગથી વાયુનો નિરોધ કરવાથી પણ કુંડલિની શક્તિ જાગીને સુષુમ્ણા પથ પર ઉપરની તરફ ચઢે છે. જ્યારે કુંડલિની શક્તિ ચૈતન્ય થઈને સુષુમ્ણામાં પ્રવેશ કરે છે, તો તે સમયે પીઠમાં કરોડરજ્જુ (મેરુદંડ)ની વચ્ચે કીડીઓ ચાલવા જેવો સળવળાટ માલમ પડે છે. ક્યારેક ચટકા પણ અનુભવાય છે.

કુંડલિનીને કૂર્ચ બીજ ''હૂં'' ના જપ કરીને જગાડવી જોઈએ. ''**હંસઃ**'' ના જપ કરતા રહી ઉઠાડવી જોઈએ. અને **'સોઽહમ'** ના જપ કરતા રહી નીચે ઉતારવી જોઈએ.

મૂલાધારમાં કામ વાયુ - કંદર્પવાયુ રૂપી અપાન વાયુને ઉપરની તરફ ઉઠાવતી વખતે ડાબી બાજુ તરફ પ્રેરિત કરવામાં આવે છે. સ્મરણ રહે કે અસલી પ્રાણાયામ પ્રાણ અને અપાનના મળવાથી થાય છે. એ બંને શક્તિઓ ક્યાં અને કેવી રીતે મેળવવામાં આવે છે, એ જ સમજવાની વાત છે. સાધક અપાન શક્તિનું સ્થાન ઉપસ્થ છે, એ મૂલાધારની સમીપ રહે છે. અને એની ગતિ નીચેની તરફ હોય છે. પ્રાણ શક્તિ હૃદયના ઉપરના ભાગમાં કામ કરે છે. બંનેનો યોગ કરીને એને સુષુમ્ણા વિવરમાં પ્રવિષ્ટ કરાવવાનું હોય છે. સુષુમ્ણાનું પ્રવેશદ્વાર

કુંડલિનીના સ્થાન પર છે. જે મૂલાધારની સમીપ છે. પ્રાણ અને અપાન બંનેને આ સ્થાન ઉપર ખેંચીને મેળવવાનું હોય છે. જેથી બંને મળીને સુષુમ્ણામાં પ્રવેશ કરે છે. આમ થવાથી યોગીના કિંચિત પ્રયાસ અથવા સંકલ્પ માત્રથી પ્રાણનો પ્રવાહ જ્યાં ચાહે ત્યાં સુગમતાથી વહેવા લાગે છે.

❖ કુંડલિની જાગરણમાં શ્વાસની પ્રક્રિયા ❖

પ્રાણવાયુની અપાનમાં આહુતિ આપવા માટે તેને નીચે ઉતારીને મૂલાધારમાં લઈ જઈને અપાનમાં મેળવવાનું હોય છે. આ ક્રિયા પૂરક અને અંતર કુંભક કરવાથી પણ સિદ્ધ થાય છે.

શ્વાસને ફેફસામાં ધીરે ધીરે પરંતુ દબાણપૂર્વક ખેંચીને પૂરક કરવો પડે છે, પછી કંઠનું સંકોચન કરીને જાલંધર બંધ દ્વારા વાયુને શક્તિથી નીચે દબાવવામાં આવે છે. આ ક્રિયાના કેટલાક અભ્યાસ પછી પ્રાણશક્તિ ઉપરના ભાગની બધી નાડીઓથી ઈડા, પિંગલા નાડીઓમાં ખેંચીને નીચેની તરફ ઊતરવા લાગે અને ધીરે ધીરે કંદની પાસે મૂલાધાર ચક્રમાં એકત્રિત થાય છે, ત્યાં આગળ સાધકે પ્રથમથી જ સિદ્ધાસન તથા ગુદાના સંકોચન (મૂલબંધ) દ્વારા અપાન શક્તિને રોકેલી જ હોય છે. આ રીતે ત્યાં એ બંનેનો મેળાપ કરવામાં આવે છે. આ જ પ્રાણની અપાન આહુતિ થઈ.

ત્યારબાદ રેચક દ્વારા ધીરે ધીરે શ્વાસને બહાર કાઢવામાં આવે છે. અને મૂલબંધ તથા પેટને પીઠની તરફ ખેંચીને (ઉડ્ડિયાન બંધ લગાવીને) પ્રાણ સાથે અપાનને મેળવવામાં આવે છે. આ રીતે બંનેનું ફરીવાર મિલન થાય છે. આ અપાનની પ્રાણમાં આહુતિ અપાય છે. ઉક્ત બંનેને મેળવીને પ્રાણનો સુષુમ્ણામાં પ્રવેશ થતાં અસલી પ્રાણાયામ થાય છે. તદનન્તર બાહ્યકુંભક કરીને શ્વાસની ગતિ રોકી દેવામાં આવે છે, જેથી પ્રાણ અને અપાન બંને પોતપોતાના બહારના કાર્યને છોડીને અંતર્મુખ થવા લાગે છે. આ પ્રાણ - અપાનની ગતિનો નિરોધ છે.

કેવળ કુંભકના સિદ્ધ થવાથી શ્વાસ સ્વયં રોકાવા લાગે છે. અને શ્વાસની ગતિનો નિરોધ થવાથી પ્રાણ શક્તિનો નિરોધ થાય છે. પાંચે પ્રાણોનો નિરોધ થવાથી શરીરના બધા વ્યાપાર અટકીને પ્રાણનું સમિષ્ટ ઉત્થાન થાય છે અને

સમાધિ લાગે છે. એવો સાધક મિતાહાર કરીને દીર્ઘકાળ સુધી સમાધિનો આનંદ લે છે. આ જ પ્રાણોની પ્રાણમાં આહુતિ આપવી કહેવાય છે.

આ રીતે નિરન્તર અભ્યાસ કરવાથી શ્વાસ-પ્રશ્વાસની ગતિનો સ્વયં નિરોધ થઈ જાય છે. અને કાલાન્તરમાં ધીરે ધીરે કુંડલિની શક્તિ સ્વયં જાગૃત થઈને સુષુમ્ણાના ક્ષેત્રમાં ગતિ કરે છે. પ્રથમ ખુલ્લા નેત્રપૂથી સાધના કરો, જ્યારે થાકી જાય ત્યારે નેત્ર બંધ કરી અંતર્ધ્યાન થઈ સાધના કરો. અગર આપ મણિપુર ચક્રનું ધ્યાન કરો છો, તો તેના પછી અનાહત ચક્ર તથા વિશુદ્ધિ ચક્ર ઉપર ધ્યાન કરવાનું ભૂલો નહીં.

''ॐ'' અથવા ''रा'' યા ''सो'' થી શ્વાસ લઈને જેટલો વધુ સમય સુધી શાંતિપૂર્વક આરામથી રોકી શકાય, શ્વાસને રોકવો (બળપૂર્વક ન રોકવો) તેના પછી ''अम्'' યા 'म'' યા ''अहम्'' ના ઉચ્ચારણ સાથે છોડવો. ક્રમશઃ કુંભકનો સમય અભ્યાસથી વધારતા રહેવું. એનો અભ્યાસ નાસિકાગ્ર ભાગ, ભ્રૂકુટિ, બ્રહ્મરંધ્ર આદિ સ્થાનો પર ગુરુ આજ્ઞાનુસાર કરવો જોઈએ.

જ્યારે રોમ રોમથી પોતાના ઈષ્ટમંત્રનો જપ થતો અનુભવમાં આવે સર્વત્ર નીલવર્ણ પ્રકાશ જોવામાં આવે અને દિવ્ય આનંદની અનુભૂતિ થાય તો સમજવું કે કુંડલિની જાગૃત થઈ ગઈ છે.

ઘણું ખરૂં જ્યારે કુંડલિની શક્તિ પ્રથમવાર ચૈતન્ય થાય છે તો સાધકને ઊંઘ આવવા જેવું લાગે છે. આ પ્રાણના ઉપર ચઢવાથી થાય છે. અને કુંડલિની જાગૃત થવાનાં લક્ષણ છે. જ્યારે મૂલાધારમાં ઝટકા યા સ્પંદનનો અનુભવ થાય અને સમગ્ર શરીર જોર જોરથી ડોલવાનો અનુભવ થાય, આપમેળે કુંભક થવા લાગે, શ્વાસની ગતિ તીવ્ર બની જાય અને નિયંત્રણમાં ન રહે તો સમજો કે આ ક્રિયાઓ કુંડલિની ચૈતન્ય થવાનાં લક્ષણ છે.

આપનું આસન સ્થિર થઈ જાય, આંખો અને દૃષ્ટિ ભ્રૂમધ્ય પર સ્થિર થઈ જાય, મન વિચાર - વિકાર રહિત થઈ જાય, કેવળ કુંભક સ્વતઃ વિનાચેષ્ટાએ લાગી જાય તો સમજો કે કુંડલિની જાગ્રત થઈ ગઈ છે.

❖❖❖

૧૬

ઓંકાર અને વૈજ્ઞાનિકતા

ૐ કોઈ ભાષાનો શબ્દ નથી, હિન્દુઓએ એને અપનાવ્યો તેનો અર્થ એવો નથી કે એ શબ્દ સંસ્કૃત ભાષાનો છે. એ તો એક નૈસર્ગિક શબ્દ છે. પ્રાકૃતિક મંત્ર છે. કેટલાક લોકો કદાચ એને અપનાવવાનું પસંદ નથી કરતા કે એ સંસ્કૃત શબ્દ છે, હિન્દુઓનો છે. સંસ્કૃતમાં ૐશબ્દના રૂપ નથી ચાલતા અને વ્યાકરણની કોઈપણ પ્રક્રિયાની અંદર તે આવતો નથી. વાસ્તવમાં એ સંસ્કૃતનો



શબ્દ નથી એતો એક વિશુદ્ધ શબ્દ છે. પ્રકૃતિનો શબ્દ છે આદિ અસ્તિત્વનો શબ્દ છે. કોઈ એક ભાષાનો શબ્દ નથી.

પ્રલય કાળ બાદ જ્યારે વિશ્વકર્તા પરમાત્મા **'एकोऽहं बहुस्याम् प्रजायेय ।'** હું એકથી અનેક થાઉં, સૃષ્ટિ કરું એવો સંકલ્પ કરે છે. જ્ઞાન શક્તિ અને ઈચ્છા શક્તિના સંયોગથી ક્રિયા શક્તિ બળવાન થાય છે. અને સૃષ્ટિના કાર્યનો આરંભ થાય છે. જ્યાં સહેજ પણ કાર્ય (હલચલ) શરૂ થઈ ત્યાં કંપન અવશ્ય થવાનું જ. જ્યાં કંપન હોય ત્યાં શબ્દ પણ અવશ્ય હોય એ નિશ્ચિત છે. પરિણામે સૃષ્ટિરૂપી કાર્યમાં સામ્યાવસ્થામાં રહેલ પ્રકૃતિમાં સર્વથી પ્રથમ હિલ્લોલ થતાં જે ધ્વનિ પ્રગટ થયો તે જ ધ્વનિ પ્રણવ (ૐકાર) છે. સમસ્ત બ્રહ્માંડ પ્રકૃતિને કંપાવીને જે પ્રથમ શબ્દ નીકળે છે તે જ પ્રણવનાદ છે જેને પરમાત્મા એ પ્રકટ કર્યો અને સૃષ્ટિનું મૂળ કારણ બન્યો. જેની ધારા અવિચ્છિન્ન પણે અને અવ્યાહત રૂપમાં આજે પણ અગ્રસર થતી વહી રહી છે. તેનો લોપ એટલે સૃષ્ટિનો લોપ અર્થાત્ અસ્તિત્વનો નાશ. એ સર્વથા સત્ય તથા નિત્ય છે. ઉચ્ચારણના સર્વ સ્થાનોમાં સભર બનીને નીકળવાને લીધે ભારતીય ઋષિઓએ તે નાદને અભિહિત કરવા માટે વર્ણાત્મક શબ્દ પસંદ કર્યો તે ૐ છે. પ્રણવ તો ધ્વનિ

(નાદ) સ્વરૂપ છે. ઘંટાનાદની માફક શ્રવણ મધુર લાગે છે, તેનું કોઈ પણ અંગ મુખવડે ઉચ્ચારણ કરાતું નથી. ઈશ્વર વાચક આદિ શબ્દ ઊંકાર પ્રકૃતિની સામ્યાવસ્થાને પામેલા યોગિગણને જ સંભળાય છે. આ ઊંકાર ધ્વનિ વાચ્ય વાચક સંબંધ વડે અનાદિ અનંત છે. અને એથી પ્રણવ જે અક્ષરના માધ્યમમાં વ્યક્ત થાય છે અને લખવામાં આવે છે તે એનો પ્રતિઘોષ (પડઘા) રૂપ પ્રતિશબ્દ છે. તે ઊંકાર છે.

❋ ઊંકાર અને ધ્વનિ ❋

ઊંકાર પરમાત્માનું સ્વયંભૂ નામ છે. કોઈ માણસે આપેલું નામ નથી. સંત નાનકદેવજીના શબ્દમાં **'एक ऊंकार सतनाम'** પરમાત્માનું એક માત્ર નામ ઊંકાર છે. શા માટે તેનું નામ ? કારણ કે જ્યારે બધા શબ્દો ખોવાઈ જાય છે અને ચિત્ત શૂન્ય થઈ જાય છે અને સાગરમાં મનુષ્ય લીન થઈ જાય છે. ત્યારે પણ ઊંકારની ધૂન સંભળાય છે. એ આપણી માનવસર્જિત ધૂન નથી. અસ્તિત્વની ધૂન છે. તે અસ્તિત્વનો તાલબદ્ધ લય છે અસ્તિત્વના હોવાનો ઢંગ ઊંકાર છે. જે અસ્તિત્વની પ્રતીતિ કરાવે છે. ઊંનો કોઈ અર્થ નથી હોતો. ઊંકોઈ શબ્દ નથી. ઊંમાત્ર ધ્વનિ છે. અને ધ્વનિ તરીકે પણ અનોખો ધ્વનિ ઊં. કોઈ તેનો સ્રોત નથી. કોઈ તેને પેદા નથી કરી શકતું. અસ્તિત્વમાં તે છૂપાયેલ છે. અસ્તિત્વની હાજરીની પ્રતીતિ ધ્વનિ દ્વારા થાય છે.

અગર આપણે વિજ્ઞાનને પૂછીએ કે ધ્વનિ કેવી રીતે બન્યો ? તો વિજ્ઞાન કહે છે તે વિદ્યુતથી પ્રગટ થયેલ છે. ધ્વનિ પણ વિદ્યુતનો એક આકાર છે. એક રૂપ છે, પરંતુ તેનું મૂળ વિદ્યુત છે. રેડિયો અને ટી.વી.માં વિદ્યુત શક્તિ ધ્વનિ અને ચિત્રને પ્રકટ કરે છે.

❋ વિજ્ઞાનના મતે ધ્વનિની ઉત્પત્તિ ❋

આ સંબંધમાં બધા જ્ઞાની જનો વિજ્ઞાન સાથે સહમત થાય છે, થોડાક મતભેદ સાથે. એ ભેદ બહુ મોટો નથી. તે ભેદ ભાષાનો છે. સમસ્ત જ્ઞાનીઓએ અનુભવ્યું કે અસ્તિત્વ ટકી રહ્યું છે ધ્વનિ ઉપર, ધ્વનિનું એક રૂપ વિદ્યુત છે.

વિજ્ઞાન કહે છે ધ્વનિ વિદ્યુતનું એક રૂપ છે અને ધર્મ કહે છે વિદ્યુત ધ્વનિનું એક રૂપ છે. આટલું જ અંતર છે. પરંતુ એ અંતર એવું માલમ પડે છે કે - એક અર્ધો ગ્લાસ પાણીથી ભરેલો છે, કોઈ કહે છે અર્ધો ભરેલો છે, કોઈ કહે છે અડધો ખાલી છે. શબ્દો જુદા છે. વસ્તુમાં ફરક નથી.

વિજ્ઞાનને પહોંચવાનું દ્વાર અલગ છે. વિજ્ઞાને પદાર્થને તોડીફોડીને વિદ્યુતને શોધી છે. જ્ઞાનીઓને પહોંચવાનો રસ્તો અલગ છે. તેમણે પોતાને જોડી-જોડીને, તોડી-ફોડીને નહીં, પોતાને જોડી-જોડીજોડીને અખંડને પ્રાપ્ત કર્યું છે, અને તે અખંડમાં એક ધ્વનિ પ્રાપ્ત થયેલ છે. જ્યારે કોઈ વ્યક્તિ સમાધિ અવસ્થાને પ્રાપ્ત થાય છે ત્યારે ૐકારનું ગુંજરણ સંભળાય છે. તે પોતાની અંદર તેને ગુંજવાનો અનુભવ કરે છે. તે બહાર ગુંજતો પણ સંભળાય છે. બધા લોક તેનાથી વ્યાપ્ત હોવાનું માલમ પડે છે. આ નાદ પરમાત્માથી સર્વ પ્રથમ સ્ફુરિત હોવાથી 'સ્ફોટ' કહેવાય છે. આ સૃષ્ટિ મંડળનું સંગીત છે. ઈશ્વરરૂપ શબ્દ છે.

તે ચકિત થઈ જાય છે જ્યારે પ્રથમવાર જ્યારે આવી ઘટના ઘટે છે. કારણ કે તે જુએ છે તો હું બોલી રહ્યો નથી, હું કંઈ પણ કરતો નથી, આ ધ્વનિ ક્યાંથી આવી રહેલ છે. ત્યારે તે અનુભવ કરે છે. આ તેના હોવાની, અસ્તિત્વની ધ્વનિ છે, કોઈ પણ ટક્કરથી એ પેદા નથી થઈ. એ આહત ધ્વનિ નથી. આ તો અનાહત નાદ છે.

જેવી રીતે જળ પ્રપાત (પાણીનો ધોધ) છે. તમે તેની પાસે બેઠા હોય તો એ પ્રપાતનો એક ધ્વનિ છે, પરંતુ તે ધ્વનિ પાણી અને પર્વતના પત્થરના ઘર્ષણથી પેદા થાય છે. નદી પાસે બેસો તો કલકલ નાદ થાય છે. પરંતુ એ કલકલ નાદ નદીના પ્રવાહ અને કિનારાની ટક્કરથી ઉત્પન્ન થાય છે. હવાની લહેર નીકળે છે, વૃક્ષથી સરસરાહટ થાય છે. પરંતુ તે સરસરાહટ હવા અને વૃક્ષની ટક્કરથી થાય છે. આપણે બોલીએ છીએ, સંગીતજ્ઞ ગીત ગાય છે, કોઈ વીણાના તાર છેડે છે, પરંતુ સંઘર્ષ માટે બે જરૂરી છે. તાર જોઈએ, વીણાને સ્પર્શ કરનારા હાથ જોઈએ, જેનો ધ્વનિ દ્વૈત પેદા થાય છે તે તેનું નામ નથી. તેનું નામ તો તે જ છે જ્યારે દ્વૈત ખોવાઈ જાય છે પછી પણ

એક ધ્વનિ ગુંજતી રહે છે, તે આહત ધ્વનિ નથી, તે અનાહત નાદ છે. અનહદ નાદ છે. અહીં એ યાદ રહેવું ઘટે કે - નાનક વારંવાર નામ શબ્દનો પ્રયોગ કરે છે - તે જ ઓંકાર નામ છે. તે જ તેનું નામ છે, તે જ તેનો માર્ગ છે. તેના નામ સ્મરણમાં ડૂબી જશે તે જ તેને પામશે. તેમનો ઈશારો ઓંકાર તરફ છે. શબ્દમાં વિલક્ષણ શક્તિ હોય છે એથી તેને બ્રહ્મપદથી અભિહિત કરવામાં આવે છે.

વ્યક્તિ ગાઢ નિંદ્રામાં લીન છે. નામ સાથે જ્યારે તેને બોલાવવામાં આવે છે ત્યારે તો કર્ણગુહામાં થઈ તેના સંબોધિત નામનો ધ્વનિ કાનની નાડીને ઝંકૃત કરે છે અને ત્યાંથી આગળ વધીને મસ્તક સ્થિત કર્ણક્ષેત્રને અલોકિત કરે છે, જેનાથી ચેતન મન તરંગિત થાય છે, અને સૂતેલ વ્યક્તિ જાગી ઊઠે છે. એવો પ્રત્યક્ષ આપણો બધાનો અનુભવ છે. બધા જાણે છે કે આ રીતનું પ્રજાગરણ-કાર્ય સંબોધન નામ-ધ્વનિનું જ કાર્ય છે.

હવે આ સંબોધિત નામ-ધ્વનિની ક્રિયા વિધિના અંતરાલમાં સૂક્ષ્મ વિવેચન કરીએ તો આપણને જ્ઞાત થવું જોઈએ કે જડતાથી ભરેલું ઈથર સ્પંદન માત્ર જ નથી, તે સ્વયં ચૈતન્ય શક્તિ વિશેષ પણ છે. જો આવું ન હોત તો તે સંબોધિત ધ્વનિ બીજાઓ યથાવત્ છોડીને, એટલે કે સૂતેલા મૂકીને સંબંધિત વ્યક્તિની કર્ણગુહા, કર્ણનાડી, કર્ણકેન્દ્ર અને ચેતનાને જ કેવી રીતે આંદોલિત કરે ? અન્ય વ્યક્તિ સૂતેલ રહ્યા અને સંબોધિત વ્યક્તિ જ જાગી ગઈ. ધ્વનિ ક્રિયા યાંત્રિક જ નથી પરંતુ 'ચેતન ક્રિયા' છે. આ ક્રિયા વિધિ માટે શાસ્ત્રકાર આ રીતે શબ્દો વાપરે છે -

शयानाः प्रायशः लोके, बोध्यमाना स्वनामभिः।
सहसैव प्रबुध्यन्ते ययैव प्रत्यगात्मनि ॥

- સંસારમાં આપણે જોઈએ છીએ કે સ્વનામ દ્વારા જગાડતાં સૂતેલ વ્યક્તિ સહસા જાગી જાય છે, તેવી જ રીતે મંત્રરાજ પ્રણવના ધ્વનિથી અંતરાત્મા પ્રબુધ્ધ અને ચૈતન્ય બની જાય છે. એ પ્રણવની ભગવત્તા છે. પ્રણવ ભગવાનનું એક માત્ર નામ છે. એ નામથી પોકાર કરો, પરમાત્માનો પ્રકટ અનુભવ થશે.

❖ સત્ય શું છે ? ❖

ફરી પાછા નાનકના શબ્દને સહારે આગળ વધીએ -

एक है - '१ ओंकार' सतिनाम ।'

सत् શબ્દ પણ સમજી લેવા જેવો છે. સંસ્કૃતમાં બે શબ્દ છે - એક **सत्**' અને બીજો '**सत्य**' **सत्**નો અર્થ થાય છે એક્ઝીસ્ટંસ = અસ્તિત્વ, અને સત્યનો અર્થ થાય છે = ટ્રુથ. બંનેમાં મોટો તફાવત છે. બંને શબ્દોની મૂળ ધાતુ તો એક છે. **सत्, सत्य** - સાચું. બધાની મૂળ ધાતુ એક હોવા છતાં થોડો એવો તફાવત છે. તે સમજી લેવો આવશ્યક છે.

સત્ય તો દાર્શનિક તત્ત્વવેત્તાઓની ખોજ છે. તે શોધે છે કે સત્ય શું છે? જેવી રીતે બે અને બે મળીને ચાર થાય છે, ચારને ચાર મળીને આઠ થાય છે. અને પાંચ અને પાંચ મળીને દસ થાય છે. એ સત્ય છે કે બે અને બે મળીને પાંચ નથી બનતા બે અને બે મળીને ત્રણ નથી બનતા. બે અને બે મળીને ચાર જ થાય છે એ ગણિતનું સત્ય છે. પરંતુ સત્ નથી. એ મનુષ્યનો હિસાબ છે. તેવું ઉદાહરણના અન્ય આંક સૂત્રોમાં પણ સમજવું. બે અને બે મળીને ચાર થાય, ચાર અને ચાર મળીને આઠ થાય અને પાંચ અને પાંચ મળીને દસ થાય એ બધી મનુષ્યના ભેજાની નિપજ છે. એ સત્ય તો છે, સાચું નથી, સત્ નથી. એક અને એક ઉપર નીચે મૂકવાથી સરવાળે બે થાય, બે અને બે ઉપર નીચે મૂકતાં ચાર થાય, તેવી જ રીતે પાંચ અને પાંચ ઉપર નીચે મૂકતાં સરવાળે દશ થાય છે. પણ જો તેને આ રીતે જોડાજોડ મૂકીએ તો ૧૧, ૨૨, ૫૫ થાય છે. એટલે સત્યથી સત્ અલગ બની જાય છે.

તમે રાત્રે સ્વપ્ન જુઓ છો. સ્વપ્ન સત્ તો છે, સત્ય નથી. સ્વપ્ન જો નથી તો તે જોશો કેવી રીતે ? પરંતુ તે હોય તો છે, તમે કહી નથી શકતા કે તે સત્ય છે, કારણ કે સવારમાં તમને ખાતરી થાય છે કે તે સ્વપ્ન નથી જેવું છે. પરંતુ સ્વપ્ન એક ઘટના ઘટી છે જરૂર એનો ઈન્કાર નથી થતો.

તો દુનિયામાં એવી ઘટનાઓ છે જે સત્ય છે અને સત્ નથી. અને એવી

પણ ઘટનાઓ છે જે સત્ છે છતાં સત્ય નથી. ગણિત સત્ય છે, સત્ નથી, ગણિતનો એક નિષ્કર્ષ, ભૂગોળનો એક નિષ્કર્ષ, ખગોળનો એક નિષ્કર્ષ, ઈતિહાસનો એક નિષ્કર્ષ, વિજ્ઞાનનો એક નિષ્કર્ષ ક્યારેક સત્ય હોઈ શકે છે, પરંતુ તે સત્ નથી. સ્વપ્ન છે. સ્વપ્ન સત્ છે સત્ય નથી.

પરમાત્મા બંને છે, સત્ પણ સત્ય પણ અને એટલા જ માટે નતો તેને ગણિતથી પ્રાપ્ત કરી શકાય છે, વિજ્ઞાનથી પણ પ્રાપ્ત કરી શકાતો નથી કારણ કે વિજ્ઞાન જુએ છે - શોધે છે સત્યને, અને નથી તેને આર્ટ્સ (કળા)થી પ્રાપ્ત કરી શકાતો, કારણ કે તે કળા શોધે છે સત્ ને. પરમાત્મા બંને છે - સત્ અને સત્ય. એટલા માટે ન તો કોઈ કળા એને પૂર્ણ કરી શકતી અને ન વિજ્ઞાન, બંને અધૂરાં છે.

વિજ્ઞાન, કળા, ખગોળ, ભૂગોળ વગેરેની જે કંઈ ઉપલબ્ધિ છે તે ભૌતિક સ્તરની જ છે. તેની પહોંચ જાગ્રત અવસ્થા પૂરતી જ મર્યાદિત છે.

વેદાન્તનું મૂળ ઓંકાર છે જેમાં 'અ''ઉ''મ્' નું સંમિશ્રણ છે. વેદાન્ત અનુસાર ધ્વનિ અ માં સંક્ષિપ્ત સાંસારિક પદાર્થવાદ જે જાગ્રત અવસ્થામાં છે, તેનું ભાન થાય છે. સ્વપ્નાવસ્થાના તમામ અનુભવ 'ઉ' કારથી જ પ્રદર્શિત થાય છે, 'ઉ' કાર માનસિક અને સૂક્ષ્મલોક, પ્રેત અને સ્વર્ગલોક આદિનો સૂચક છે. 'મ્' કાર અક્ષર ગહન નિદ્રાવસ્થા અને અજ્ઞાત અંતરનો દ્યોતક છે. આ રીતે ઓંકાર શબ્દમાં માનવ જાતિની ત્રણ અવસ્થાઓનું જ્ઞાન નિહિત છે.

પાશ્ચાત્ય દાર્શનિકો અને વૈજ્ઞાનિકો 'અ' અક્ષર (જાગ્રતાવસ્થા)નો અનુભવ કરીને તમામ અન્વેષણ ફરી રહ્યા છે. પૂર્વના ખાસ કરીને ભારતીય દાર્શનિકો અને ઋષિ-મુનિ અને યોગીઓ 'ઉ' કાર અને 'મ્' કાર અક્ષરોની એટલેકે સ્વપ્ન અને નિદ્રાવસ્થાના અનુભવોથી જ અન્વેષણ કરીને આવિષ્કાર કરે છે, જેના દર્શનશાસ્ત્ર પૂર્ણતાને પ્રાપ્ત થાય છે. પરંતુ સંપૂર્ણપણે ઓંકાર શબ્દને પ્રાપ્ત કરવા પૂર્ણ આત્મા જ સમર્થ છે. જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિમાં વાસ્તવિક આત્મા નિરંતર સંચાર કરતો રહે છે. આ વાસ્તવિક ઓંકાર છે. ઓંકાર દેશાતીત છે, કાલાતીત છે, સમસ્ત બ્રહ્માંડ તેના અંશમાં નિહિત છે.

તે દેશ-કાળ દ્વારા બાધિત નથી. તે તો દેશ કાળનો પ્રણેતા છે. પ્લુતની તાર-અવસ્થા (ઉચ્ચ-ઉચ્ચારણ) આ રહસ્યનું ઉદ્‌ઘાટન કરે છે.

'અ''ઉ''મ્' થી વિવિધ ગતિઓ (મોશન્સ)નો બોધ થાય છે. પ્લુતથી પરાગતિ (એલ્સોલ્યુર વાઈબ્રેશન)નું જ્ઞાન થાય છે. વસ્તુતઃ ૐકારનું પ્લુત મહાવિજ્ઞાન આઈન્સ્ટાઈનના વિજ્ઞાનસિદ્ધ ચતુર્સીમા સિદ્ધાંતનું પ્રતિપાદન કરે છે. તદનુસાર પ્લુત પરાગતિ (એબ્સોલ્યુટ મોશન) કાલાતીતતા (એબ્સોલ્યૂટ ટાઈમ), દેશાતીતતા (એબ્સોલ્યૂટ સ્પેસ) અને તુમુલનિનાદ (એબ્સોલ્યૂટ ફોર્સ) છે. આ જાણીને આશ્ચર્ય થયા વિના રહેતું નથી કે પરમાત્માનું ૐકાર નામ વડના બીજની માફક પોતાના ગર્ભમાં અનંત એવી વિશાળતાને સમાવિષ્ટ કરીને રહેલું છે.

વિજ્ઞાન કહે છે કે પૂરા અસ્તિત્વને આપણે તોડતા ચાલી જઈએ અને ગહનતાથી વિશ્લેષણ કરીએ તો અંતમાં આપણને વિદ્યુત્ ઉર્જા (ઈલેક્ટ્રીસીટી) મળે છે. એટલા માટે તો વિજ્ઞાનની છેવટની ખોજ છે આ ઈલેક્ટ્રોન - વિદ્યુતકણ. સમગ્ર અસ્તિત્વ વિદ્યુતથી નિર્માણ થયું છે. જોવામાં આવે છે અને જ્યાં સુધી એક (ૐકાર સત્‌નામ) જોવામાં ન આવે ત્યાં સુધી આપણે ભટકતા જ રહીશું.

ધર્મની ખોજ બધાથી અલગ છે. તે સત્ અને સત્યથી પૃથક્ છે. ધર્મ તેની શોધમાં છે જે બંને છે અને એક સાથે છે, જે એટલું સત્ય છે જેટલું કે ગણિતનું કોઈપણ સૂત્ર (ફોર્મ્યૂલા), જે સત્ છે જેટલી કાવ્યની કોઈ ધારણા. તે બંને છે અને બંને નથી. અગર તમે અધૂરું જોશો તો ચૂકી જશો. અગર તમે બંનેને મેળવીને જોશો તો જ એને પામી શકશો.

નાનક જ્યારે કહે છે, **'एक ॐकार सतिनाम'** તો એ સતમાં બંનેનો સમાવેશ છે સત્ અને સત્ય. તે પરમ અસ્તિત્વનું નામ જે ગણિતની માફક સાચું છે, જે સ્વપ્ન જેવું મધુર છે. અને ગણિતની માફક ઠીક-ઠીક બરાબર છે. જે હૃદયની ભાવનાની માફક અને મસ્તકની પ્રતીતિની માફક પણ છે.

જ્યાં મસ્તક અને હૃદય મળે છે. ત્યાંથી ધર્મની શરૂઆત થાય છે. અગર.

મસ્તક એકલું રહે, હૃદયને દબાવી દેતો વિજ્ઞાન કાર્યરત થાય છે. હૃદય એકલું રહે તો મસ્તકની કાર્યપરાયણતા દૂર થાય છે, તો પછી કલ્પનાનું જગત એટલે કાવ્ય, સંગીત અને ચિત્રકળાનું નિર્માણ થાય છે. અને અગર મસ્તક અને હૃદય બંને જો મળી જાય તો બંનેના સંયોગથી આપણે ૐકાર (પ્રણવ)યોગમાં પ્રવેશ કરી શકીએ છીએ. ધાર્મિક વ્યક્તિ વૈજ્ઞાનિકથી મોટો કારણ કે તેની ખોજ સંયુક્ત છે. જોડવાની દિશામાં તે કાર્યરત છે જ્યારે વૈજ્ઞાનિક તોડ-ફોડની દિશામાં કાર્યરત છે. વિજ્ઞાન અને કળા દ્વંદ્વ છે, દ્વૈત છે જ્યારે ધર્મ સમન્વયાત્મક અને અદ્વૈતમાં પ્રેરનારો છે, જોડનારો છે. આ જ ૐકારનો નામ માર્ગ છે, જે નિત્ય સત્ય અને ભૌતિક વિજ્ઞાનથી પર છે, આમ છતાં ૐ સંપૂર્ણ રીતે જ્ઞાન-વિજ્ઞાનમય છે. તે જ સંપૂર્ણ જ્ઞાન-વિજ્ઞાનનો આદિસ્ત્રોત છે.

✧✧✧

૧૭

ૐની વ્યાપકતા

ભારતીય તત્ત્વચિંતકો અને મનીષિઓએ સર્વ પ્રથમ એ ત્રણ મૂળ ધ્વનિઓને પકડી અને પછી 'अ','उ' અને 'म' ને સંયુક્ત કરીને ૐનું નિર્માણ કર્યું. વાસ્તવમાં તેઓની આ ગહન અને વિલક્ષણ ખોજ હતી અને હતું અદ્‌ભુત નિર્માણ.

તત્ત્વચિંતક અને મનીષીગણ ૐને લખી શકતા હતા. પરંતુ તેઓએ એવું કર્યું નહીં, કારણકે લખવાથી સંદેહ ઉત્પન્ન થાત કે વળી ૐ નો કોઈ અર્થ હોવો જોઈએ. ૐ શબ્દ બની જાત તો તેને માટે અર્થ પણ અનિવાર્ય થઈ જાત. જ્યારે ૐ નો કોઈ અર્થ નથી. એટલા માટે તે મહાપુરુષોએ ૐ ને શબ્દ ન બનાવીને તેને ચિત્રનું રૂપ આપી દીધું. શબ્દ કોઈ પણ અવસ્થામાં નહીં બની શકવાથી તેના સ્થાન પર ચિત્ર બનાવવામાં આવ્યું 'ઓમ'નું અને તે ચિત્ર 'ઓમ'નું આ પ્રમાણે - ૐ ! ૐ ચિત્ર માત્ર છે, પ્રતીક છે. તે સિવાય બીજું કંઈ પણ નથી. શબ્દ નથી, અર્થ નથી, અને ભાવ પણ નથી. એટલા માટે નવું કોઈ પણ શબ્દકોષમાં ૐનો કોઈ અર્થ મળશે અને નહીં મળશે કોઈ ભાષા યા પરિભાષા.

❖ ધ્વનિ - તેના પ્રકાર ❖

મૂળધ્વનિ આદિ ધ્વનિ છે - જે ચેતનાની ધ્વનિ છે. યોગીગણ અનાહત (અનહદ) નાદના રૂપમાં તે ધ્વનિનું શ્રવણ કરે છે. તે ધ્વનિ કોઈપણ પ્રકારના આઘાત વિના, સંઘાત વિના સ્વયં પ્રકટ છે. એટલા માટે એને સ્વયંભૂ ધ્વનિ પણ કહેવામાં આવે છે. સ્વયંભૂ ધ્વનિ જ અનહદ ધ્વનિ યા નાદ છે.

જે પ્રકારે પદાર્થના મૂળમાં વિદ્યુત છે તેવી જ રીતે શબ્દોના મૂળમાં ધ્વનિ છે. ધ્વનિ જ્યારે વિદ્યુત દ્વારા નિયોજિત થાય છે તો તે આકાર ધારણ કરી લે છે. પ્રત્યેક અક્ષરમાં અને પ્રત્યેક શબ્દમાં વિદ્યુતમયી ધ્વનિ શક્તિ છે. આપણે જે શ્વાસમાં ધન વિદ્યુત અને પ્રશ્વાસમાં ઋણ વિદ્યુતનો પ્રવાહ છે. જ્યારે શ્વાસ - પ્રશ્વાસના આધાર પર મંત્રોના જપ થાય છે ત્યારે પ્રાણ ઉર્જાથી અનુપ્રાણિત થઈને શબ્દોની ધ્વનિ સ્વયં એક વિશેષ પ્રકારના વિદ્યુત ચુંબકીય ધારાને જન્મ આપવા લાગે છે. તે ધારા બાદમાં પોતાના કંપનો અને પોતાની તરંગોથી આકાર ના નિર્માણ કરવા માંડે છે.

ધ્વનિના ત્રણ રૂપ છે તેમના પોત પોતાના ભાગ છે, યાને પ્રત્યેક રૂપના બબ્બે ભાગ છે. એક ભાગ પુરુષ પ્રધાન છે તો બીજો સ્ત્રીતત્ત્વ પ્રધાન છે. વિદ્યુતની ભાષામાં એક ભાગ થી ઋણાત્મક વિદ્યુત ચુંબકીય ઊર્જાનું

વિકિરણ થાય છે તો બીજાભાગથી વિકિરણ થાય છે - ધનાત્મક વિદ્યુત ચુંબકીય ઉર્જાનું. આ રીતે ઋણાત્મક ધ્વનિ ત્રણ અને ધનાત્મકધ્વનિ ત્રણ સાથે મૂળ ધ્વનિ ઉમેરાતા કુલ સાત પ્રકારની ધ્વનિ તરંગો ધ્વનિ શાસ્ત્રમાં અનુમોદિત છે.

યોગમાં જે સાત ચક્રોના વર્ણન છે - તેમાં મૂળ ધ્વનિ યા અનહદ નાદનું કેન્દ્ર સહસ્રાર ચક્ર છે. શેષ ચક્ર ક્રમથી છ ધ્વનિઓના કેન્દ્ર છે. મૂળધ્વનિને કેન્દ્ર માનીને જ્યારે ઋણાત્મક અને ધનાત્મક ધ્વનિ તરંગો અંદરો અંદર સંઘર્ષ કરે છે તો તેમના પરિણામ સ્વરૂપ વિભિન્ન પ્રકારના સાત સ્વરોનો આવિર્ભાવ થાય છે. કહેવાની આવશ્યકતા નથી કે તે સાત સ્વરોનો સંબંધ સાત ચક્રો અને સાત શરીરો સાથે છે.

❖ 'ઓમ' ચિત્ર સ્વરૂપે ❖

ભારતીય મનીષિઓએ 'ઓમ' ચિત્રરૂપ આપવાની દિશામાં પ્રયત્ન કર્યો તો ખોજના અંતે તે ઓને 'ઓમ'નું ચિત્રમય રૂપ ચોથા શરીર અને ચોથા ચક્રમાં મળ્યું. ૐ ચોથા શરીરથી સંબંધ ધરાવે છે. ચોથા ચક્રમાં જે ધ્વનિ તરંગો છે, તે તરંગોથી ૐ નું ચિત્ર નિર્મિત થાય છે. ૐનું સ્વરૂપ ધ્વનિમય અને તરંગ મય છે. ધ્વનિ તરંગો ઘનીભૂત થઈને શ્વેત, પીત અને હરિત વર્ણોમાં પરિવર્તિત થાય છે. આ ત્રણ વર્ણ જ મૂળ વર્ણ છે. આ ત્રણ વર્ણોથીજ સાત વર્ણોનો આવિર્ભાવ થયો છે. તે વર્ણો અનુસાર સાત ચક્રોના પણ પોતપોતાના વર્ણ છે. જ્યારે તે ધ્વનિ તરંગો ઘનીભૂત થઈને વર્ણના રૂપમાં પરિવર્તિત થવા લાગે છે - તો તે તરંગોના આકાર 'अ' 'उ' અને 'म्' થઈ જાય છે. 'अ' શ્વેત વર્ણ, 'उ' પીત વર્ણ અને 'म' હરિત વર્ણ (અથવા વાદળી બ્લુરંગ) છે. આ ત્રણે વર્ણની સંયુક્ત સત્તાનું નામ ૐ છે.

ચોથું શરીર મનોમય શરીર, ચોથું ચક્ર અનાહત ચક્ર અને ચોથો સ્વર 'मा' છે. અનાહત ચક્રથી બરાબર ધ્વનિ તરંગો નીકળ્યા કરે છે. અને ત્રણે વર્ણોના રૂપમાં પરિવર્તિત બરાબર રીતે થયા કરે છે. તે સમયે તે તરંગો અધિક માત્રામાં નીકળે છે અને અધિકાધિક વર્ણોના રૂપમાં પરિવર્તિત થયા કરે છે, જ્યારે આપણે કલ્પના કરીએ છીએ, વિચારો કરીએ છીએ અને જ્યારે આપણે સ્વપ્નો જોઈએ છીએ. કારણકે સ્વપ્ન, કલ્પના અને વિચાર એ ત્રણેય મનોમય શરીરના વિષય છે. જ્યારે આપણે કલ્પના કરીએ છીએ, વિચાર કરીએ છીએ અને સ્વપ્ના જોઈએ છીએ તો તે સમયે આપણે મનોમય શરીરમાં રહીએ છીએ.

જે યોગીઓમાં મનોમય શરીરમાં પ્રવેશ કરવાની ક્ષમતા હોય છે તેઓ મનોમય શરીરમાં પ્રવેશ કરી, અનાહત ચક્ર પર ચિત્તને એકાગ્ર કરી તરંગોની સહાયતાથી સ્વપ્નને આતીન્દ્રિય જ્ઞાન અથવા અતીન્દ્રિય દર્શનમાં બદલી નાંખે છે. આ રીતે વિચારને બદલી નાંખે છે. વિચાર સંપ્રેષણ (ટેલી પથી), દૂરદર્શન (ક્લીયરોવાયન્સ) અને વિચાર પઠન (થોટ રીડીંગ)માં. અતીન્દ્રિય જગત અથવા સૂક્ષ્મ જગતનું નામ જ આંતર જગત છે. અને તે આંતર જગતમાં પ્રવેશ કરવાનું એક માત્ર સાધન છે, અનાહત ચક્ર. આ ચક્ર પર બે કલાક સુધી મનને

એકાગ્ર કરી અને ૐકારનું ધ્યાન કરવાથી સહજ રીતે આંતર જગતમાં પ્રવેશ કરી શકાય છે તેમાં સંદેહ નથી.

પૂરી ભારતીય સંસ્કૃતિ અને સાધનાનો મૂલાધાર છે ૐ. સત્ય તો એ છે કે જ્યારે કોઈ વ્યક્તિ સાધનાના માર્ગથી ચોથા શરીરમાં પ્રવેશ કરે છે તો તે નિર્વિચાર બની જાય છે, અને નિર્વિચાર બની જાય છે તો તે અવસ્થામાં પ્રથમ 'अ' ની ધ્વનિ ગૂંજે છે. પછી કેટલાક અંતરાલ પર 'उ' ની ધ્વનિ અને કેટલાક અંતરાલ બાદ 'म' ની ધ્વનિ ગૂંજે છે. જ્યારે એકની ધ્વનિ ગૂંજતી રહી મંદ મંદતર થવા લાગે છે તો બીજાની ધ્વનિ ગૂંજવાની શરૂ થાય છે. પછી અંતમાં ત્રણે ધ્વનિઓનો મેળાપ ૐ બની જાય છે.

જ્યારે મસ્તિષ્કના ઉંડાણમાં પૂરી નિરવતા છવાઈ જાય છે. અને મસ્તિષ્ક વિચાર શૂન્ય થઈ જાય છે. તે સમયે ૐની ધ્વનિ આપોઆપ તરંગિત થવા લાગે છે. મતલબ કે જ્યાં વિચાર નથી, ભાષા નથી, ભાવ નથી ત્યા માત્ર રહી જાય છે ૐ ધ્વનિ.

ૐ કોઈપણ ચક્રનું બીજ નથી. વાસ્તવમાં તે બીજ અથવા બીજાક્ષર છે જ નહીં. તે 'પ્રણવ' છે. અને ૐ પ્રણવ તે જ પોતાની ધ્વનિ છે - તે જ અનહદ નાદ યાને મૂળ ધ્વનિ છે. સત્ય તો એ છેકે ૐ પરમતત્ત્વનું પ્રતીક છે. તે પરમ બ્રહ્મની પ્રથમ અભિવ્યક્તિ છે. તેનું સ્થાન સહસ્રાર ચક્ર છે. તે અનાદિ અને અનન્તનું પ્રતીક છે. પરંતુ તેની ઉપલબ્ધિ થાય છે ચોથા શરીરમાં જ. કારણ કે ચોથું ચક્ર અને ચોથા શરીરથી જ આંતર જગતનો આરંભ થઈ જાય છે. અને આંતર જગતનું પ્રવેશદ્વાર છે અનાહત ચક્ર અને સાધન છે એક માત્ર ધ્યાન. અનાહત ચક્ર પર ધ્યાન કરવાથી અને સાથોસાથ અંદર ને અંદર ૐના જપ કરવાથી પોતાની મેળે જ ૐનું ચિત્ર પણ ઊભરવા લાગે છે. ખરૂં તો એ છે કે પ્રત્યેક ચક્રને પોતપોતાની ધ્વનિ છે અને પોતપોતાના બીજાક્ષર છે. બીજાક્ષરનું નિર્માણ ચક્રના ધ્વનિથી જ થાય છે - એ વાતનો ખ્યાલ રાખવો જોઈએ. આપણે જે ચક્ર પર મનને એકાગ્ર કરીને તેના બીજાક્ષરના મનમાંને મનમાં જપ કરીશું, તે ચક્રની ધ્વનિ આપણે સાંભળી શકીશું અને સંબંધિત બીજાક્ષરોના ચિત્ર પણ સાથો સાથ ઊભરવા શરૂ થઈ જશે. કાલાન્તરમાં તેની

ધ્વનિનો આશ્રય લઈને ચક્રના સંબંધિત જગતમાં પણ આપણું મન પ્રવેશ કરી જશે. અને પરત આવશે તો તેની સાથે હશે તે જગતનો અનુભવ અને જ્ઞાન. આને યોગ શાસ્ત્રમાં નાદ સાધના કહેવાય છે.

❖ ઉઁના મૂળ ધ્વનિનો વિસ્તાર ❖

ઉઁના મૂળ ધ્વનિનો વિસ્તાર ત્રણ પ્રકારના ધ્વનિમાં થયો. ત્રણ ધ્વનિઓથી ત્રણ પ્રકારના મંત્રોનું નિર્માણ થયું. પ્રથમ ધ્વનિ अ થી વૈદિક મંત્રો અને તેના ધ્વનિઓ, બીજી ધ્વનિ उ થી તાંત્રિક મંત્રો અને તેના ધ્વનિ, તથા ત્રીજો ધ્વનિ म થી પૌરાણિક મંત્રો અને તેના ધ્વનિઓનો આવિર્ભાવ થયો. ત્યાર પછી આ ત્રણે પ્રકારના મંત્ર ધ્વનિઓથી વિશ્વ બ્રહ્માંડની સમસ્ત પ્રકારના અથવા ભિન્ન ભિન્ન પ્રકારના ધ્વનિઓનો જન્મ થયો.

ઉઁને ધ્વનિનું મહાબીજ કહેવામાં આવેલ છે. ઉઁ મહાબીજ છે. એ મહાબીજનું બીજું નામ પ્રણવ છે. પ્રણવનું તાત્પર્ય છે મહાબીજ અને મહાબીજનો મતલબ છે ઉઁ. સમસ્ત વિશ્વ બ્રહ્માંડ ઉઁ પ્રણવરૂપ છે.

❖ આધુનિક વિજ્ઞાન અને ઉઁકાર ❖

આધુનિક ભૌતિકશાસ્ત્ર કહે છે કે સમસ્ત જીવનનો મૌલિક આધાર વિદ્યુત કણ (ઈલેક્ટ્રોન) છે. ભારતીય પ્રજ્ઞાની ખોજ છે કે સમસ્ત અસ્તિત્વનો મૌલિક આધાર ધ્વનિકણ છે, વિદ્યુતકણ નહીં. ધ્વનિ મૌલિક છે. પશ્ચિમી ભૌતિકશાસ્ત્ર એવું પણ કહે છે કે ધ્વનિ પણ વિદ્યુતનો જ એક પ્રકાર છે. ખૂબ સારી વાત છે. એક વિશેષ પ્રકારની વિદ્યુત જ ધ્વનિ બની જાય છે. આ વિષય તંત્રનું કથન છે કે ધ્વનિ જ્યારે પોતાની ચરમ સીમા પર પહોંચીને વિદ્યુત કણોમાં પરિવર્તિત થઈ જાય છે તો વિદ્યુત કણ પણ પોતાની ચરમ સીમા પર પહોંચીને ધ્વનિમાં બદલાઈ જાય છે. એક વિશેષ લયબદ્ધતામાં વિદ્યુત ધ્વનિ બની જાય છે. તાત્પર્ય એ છે કે વિદ્યુત પણ ધ્વનિનો એક પ્રકાર છે.

હાલ ધ્વનિશાસ્ત્ર પશ્ચિમમાં જે નવીનતમ આવિષ્કારો થયા છે, તેઓમાં ભારતીય વિજ્ઞાનની ખોજ વધુ મહત્ત્વપૂર્ણ બની જાય છે. ધ્વનિનો પ્રકાર

વિદ્યુત હોય યા વિદ્યુતનો પ્રકાર ધ્વનિ હોય એક વાત નિશ્ચિત છે કે ગહનતામાં બંને સંયુક્ત છે. કદાચ કોઈ ત્રીજી વસ્તુ છે, જે બંનેમાં પ્રકટ થાય છે. ભારતીય મનીષિ જેને ધ્વનિ કહે છે, તેને પશ્ચિમના વિજ્ઞાનવિદો વિદ્યુત કહે છે. નક્કી અહીં કેવળ શબ્દોનો ભેદ છે. એટલા માટે જેમ આઈનસ્ટાઈનના એક નાના સરખા સૂત્રએ સમસ્ત વિજ્ઞાનને સમાહિત કરી લીધું છે - $E = mc^2$ જેવું આ સૂત્ર આપણા સમસ્ત ભૌતિકશાસ્ત્રને સ્વયં પોતાનામાં સમાહિત કરી લે છે. તેવી જ રીતે ૐ પૂર્વના સમસ્ત ધ્વનિશાસ્ત્રને સમાહિત કરે છે. આ પણ એક વૈજ્ઞાનિક સૂત્ર છે.

શબ્દ વિજ્ઞાન સંબંધમાં આજના વૈજ્ઞાનિકો પણ વ્યાપક રૂપમાં શોધ કરી રહ્યા છે. પ્રત્યેક અક્ષરને પોતાનો વર્ણ છે, રંગ છે, રૂપ છે, તરંગ છે, ગતિ છે અને ભાવ છે. અક્ષરોની સમન્વયથી શબ્દનું નિર્માણ થાય છે. જે શબ્દમાં જે અક્ષરની સંખ્યા અધિક હશે - તે અક્ષરનો વર્ણ, રૂપ, રંગ, તરંગ ગતિ આદિ તે શબ્દની પણ હશે. શબ્દ પ્રકટ કરેલો વિચાર છે. અપ્રકટ શબ્દ પણ પોતાની ગતિ, પોતાનો ધ્વનિ અને પોતાના રૂપ - રંગ રાખે છે. જેને આપણે વિચાર કહીએ છીએ.

અપ્રકટ શબ્દ એટલે ચિંતનમનન અથવા વિચાર કરીએ છીએ તે સમયે પણ આપણા અસ્તિત્વની ચારે બાજુ એક વિશેષ પ્રકારના વિદ્યુત ચુંબકીય ધ્વનિઓ ફેલાવા લાગે છે. તેઓ પૈકી કેટલાક એવી ધ્વનિઓ હોય છે, જે ઈથરમાં વિદ્યમાન રેડિયો ટ્રાંન્સમીટરથી સંપ્રેષિત ધ્વનિઓને પણ નકડી લે છે. આપણા વિચારોમાં તે પણ ભાવ પેદા કરવા માંડે છે, જે તે સમયે સંગીતના રૂપમાં બ્રોડકાસ્ટ થતું રહે છે. આ બધા ધ્વનિ અને વિદ્યુત તરંગની વ્યાપક અસરનું પરિણામ છે. એક વાત સ્મરણમાં રહે કે બધા ધ્વનિઓના મૂળ ૐનો જ ધ્વનિ છે. એટલે ધ્વનિની વ્યાપકતા એજ ૐની વ્યાપકતા છે.

❖❖❖

૧૮

સર્વધર્મમાં ૐકાર

પૂર્વના સર્વ ધર્મો આ એક વાત પર સમ્મત છે કે તે ધ્વનિ કે જે અંતિમ છે, મૌનનું સર્વોચ્ચ શિખર છે, ૐકાર જેવો છે. ૐ શબ્દ પૂર્વની કોઈપણ ભાષામાં શાબ્દિક રૂપથી લખવામાં આવતો નથી. એટલા માટે આ પ્રતીક સંસ્કૃતમાં, પાલીમાં, પ્રાકૃતમાં, તિબેટીભાષામાં દરેક જગ્યાએ તે પ્રતીક છે. કારણકે યુગો યુગોથી રહસ્યદર્શી તે અનુભવ સુધી પહોંચ્યા છે કે તે ક્ષણભંગુર જગતનો ભાગ નથી, એટલા



માટે એને શબ્દોમાં લખવો જોઈએ નહીં, એનું પોતાનું એક પ્રતીક હોવું જોઈએ, જે ભાષાની પાર છે. જ્યાં સુધી મસ્તિષ્કનો સંબંધ છે એનો કોઈ અર્થ નથી, પરંતુ જ્યાં સુધી તમારા આધ્યાત્મિક વિકાસનો સંબંધ છે તો એ અત્યંત મૂલ્યવાન છે.

❖ ॐ સાર્વભૌમિક સત્ય ❖

ॐ એક સાર્વભૌમિક સત્ય છે. જ્યારે તે સાર્વભૌમિક સત્યની શોધ કરીને પ્રાપ્ત કર્યું ત્યારે લાખો કરોડો સાધકોએ સ્વયં પોતાની અંદર તેનો અનુભવ કર્યો. જ્યારે તેઓને પ્રતીતિ થઈ અને સુનિશ્ચિત થઈ ગયું ત્યારે તેને સાર્વભૌમ રૂપ આપવામાં આવ્યું. આ મૂળ કારણ છે કે ॐ કેવળ ભારતીય સંસ્કૃતિની જ ધરોહર (મિલ્કત) નથી, પરંતુ વિશ્વમાં જેટલી સંસ્કૃતિઓ અને જેટલા ધર્મ છે અને જેટલા સંપ્રદાય છે તેઓ સર્વની સંપત્તિ છે. સર્વ એ ૐના પ્રયોગ અને ઉપયોગ કર્યો છે. બૌદ્ધ, જૈન, ઈસાઈ (ખ્રિસ્તી) અને ઈસ્લામે પણ. એનું કારણ એ છે કે અધ્યાત્મનું અંતિમ લક્ષ્ય બધાંનું એક છે. પરંતુ તે લક્ષ્ય સુધી પહોંચવા માટે ધર્મ યા સંપ્રદાયના રૂપમાં માર્ગ ભિન્ન ભિન્ન છે. જે જે માર્ગથી ચોથા શરીરમાં પહોંચ્યો તેણે ૐનો સાક્ષાત્કાર કર્યો. ૐ ચતુર્થ ચક્ર અને ચોથા શરીરનો જ વિષય છે, એટલા માટે હર વ્યક્તિને સાક્ષાત્કાર થશે જ. ભલે

તે વ્યક્તિ કોઈપણ ધર્મ યા સંપ્રદાયની હશે.

એરેબિક અને લેટિનને લો - સાધકની જે ખોજ વૃત્તિ એમાં રહી છે. જો તેના પર વિચાર કરવામાં આવે તો એક આશ્ચર્યજનક વાત સામે આવે છે, અને તે એ છે કે 'ओउम्' નો 'म' તો અવશ્ય મળશે. કારણકે તેનું કારણ છે અને કારણ તે છે કે 'ओउम्' નો તે એ એટલો સૂક્ષ્મ ભાગ છે, કે ઘણું કરીને આગળનો ભાગ છૂટી જાય છે, પકડમાં નથી આવતો - અને પાછળનો ભાગ સાંભળવામાં આવી જાય છે. એટલા માટે જ ધ્યાનની અવસ્થામાં જ્યારે ઉઁનો ધ્વનિ ગૂંજવા લાગે છે. તો તે સમયે म्' સર્વાધિક સરળ રૂપથી પકડમાં આવી જાય છે. અને આગળનો ભાગ દબાઈ જાય છે.

સાધારણ રૂપથી પણ જો આપણે કોઈ બંધ એકાંત સ્થાનમાં બેસીને ઉઁના જપ કરીએ તો એક એવી સ્થિતિ આવશે કે જ્યારે म' 'अ' અને 'उ' ને દબાવી દેશે અને સ્વયં એકદમ વ્યાપક વિસ્તૃત થઈ જશે. 'म' જ વ્યાપક અને સર્વમય છે. એટલા માટે સર્વ સંપ્રદાય અને ધર્મો વાળાને કેવળ માત્ર 'म' જ સ્થિર પ્રતીત થયો. પરંતુ કાળનો પ્રવાહ માત્ર એક એવો પ્રવાહ છે કે તે સર્વ વસ્તુઓમાં વિકૃતિ પેદા કરી દે છે. તે હાલ ઉઁ ના પણ થયા છે. તે અન્ય સંપ્રદાયો અને ધર્મોમાં વિકૃત થઈ ગયો છે.

ઉદાહરણના રૂપમાં સ્વસ્તિક ચિહ્ન 卐ને લઈએ તો સ્વસ્તિક પ્રથમ શરીર અને પ્રથમ ચક્રનું પ્રતીક માનવામાં આવે છે તેવી જ રીતે ઉઁ ચોથા શરીર અને ચોથા ચક્રનું પ્રતીક છે. ઉઁ સ્થિરતાનું પ્રતીક છે જ્યારે સ્વસ્તિક ગતિનું પ્રતીક છે.

❖ સ્વસ્તિકથી ક્રોસ સુધી ❖

જીસસ આપણા દેશમાં આવ્યા હતા અને નાલન્દામાં કેટલોક સમય નિવાસ પણ કર્યો હતો. જ્યારે તેઓ પોતાના દેશમાં ગયા ત્યારે આપણી સંસ્કૃતિની ઘણીએવી ચીજો પોતાની સાથે લઈ ગયા. જેમાં એક સ્વસ્તિક પણ હતો પરંતુ સ્વસ્તિક ક્રિશ્ચિયાનિટી સુધી પહોંચતાં તો કપાઈને ક્રોસ બની ગયો ક્રિશ્ચિયન ધર્મનો. એવા જ હાલ ઉઁ ના પણ થયા. કેથોલિક અનુસાર 'આમેન'

જે શબ્દ છે તે એક માત્ર '**ओउम**'નું જ અપભ્રંશ છે. '**ओउम**' (ૐ)થી 'આમેન' બન્યો છે. ક્રિશ્ચિયન ધર્મમાં જેટલી પણ પ્રાર્થનાઓ છે - તેમના અંતમાં ઈશ અભિવાદન હેતુ 'આમેન' શબ્દનો પ્રચુર માત્રામાં પ્રયોગ થાય છે.

જ્યારે આ વિષયમાં શોધ કરતાં જાણવા મળ્યું કે ૐ તે શબ્દ છે - જેને ક્રિશ્ચિયન ધર્મ ગ્રંથ બાયબલમાં કહેવામાં આવ્યું છે કે તે સૃષ્ટિના પ્રારંભમાં હતો, ઈશ્વરની સાથે હતો અથવા સ્વયં ઈશ્વર હતો (યોહન ૧:૧) આમેન ને પ્રકાશન ગ્રંથના અ. ૧ થી ૨ માં 'આલ્ફા અને ઓમેગા' યાને આદિ અને અંતના નામથી નિરૂપિત કરવામાં આવેલ છે. એકવાર ઈશુએ સંત માહેનને સ્વયં કહ્યું હતું કે - તેઓ જ આમેન છે. બીજી જગ્યાએ પણ આ રીતે 'તથાસ્તુ' અને 'પૂર્ણ સત્ય'ના અર્થમાં આમેનનો પ્રયોગ થયો છે.

કેથોલિક પૂજા-પધ્ધતિમાં લેટિન ભાષાના કેટલાક શબ્દો એવા છે કે - જેના પ્રયોગ થાય છે. ખણ-તે બધા શબ્દ ૐના જ અપભ્રંશ રૂપ છે. ઉદાહરણના રૂપમાં જેમકે - 'ઓમની પ્રેજેન્ટ' 'ઓમની સિયેન્ટ', 'ઓમની પોટેન્ટ', 'પેર ઓમનીયા સેકુલા', અને 'સેકુલોરુમ' એટલું જ નહીં, હાલ તો આપણા દેશના અનેક ગિરજા ઘરોમાં, પ્રાર્થનાઓમાં, તથા સમૂહોની વચ્ચે ૐ (**ओउम्**) ના પ્રયોગ થવા લાગ્યા છે. સંત મેરી કોલેજ કરસિયાંગ, દાર્જિલિંગના પ્રાર્થના મંદિરની પ્રમુખ વાચનપીઠિકા ઉપર ૐ અંકિત છે. એ સૌથી મોટું ઉદાહરણ છે.

❖ ઈસ્લામ ધર્મ અને ૐ ❖

હવે ઈસ્લામ ધર્મને લઈએ તો અર્ધચંદ્રનું ખૂબ જ સન્માન, આદર અને મહત્વ છે. આ જાણીને આશ્ચર્ય થશે કે તે અર્ધચંદ્ર ૐનો જ ઉપરનો ખંડિત ભાગ છે. હિન્દુધર્મ માંથી ઈસ્લામ ધર્મમાં જ્યારે ૐ પહોંચ્યો તો તેનો કેવળ ઉપરનો અર્ધચંદ્ર વાળો ભાગ જ શેષ રહી ગયો હતો. એમાં આશ્ચર્યની વાત નથી. શબ્દ અને પ્રતીક બંને એવી ચીજો છે કે - જે સેંકડો, હજારો વર્ષોમાં ખરાબ રીતે કપાઈને, ફટકાઓ સહન કરીને અપભ્રંશનું રૂપ ધારણ કરી લે છે. પછી તો તેમને તેઓના મૌલિક રૂપમાં જાણવું, સમજવું અને ઓળખવું

કઠિન બની જાય છે.

શબ્દો અને પ્રતીકોની આ દીર્ઘકાલીન યાત્રામાં તેઓની સાથે સમય - સમય પર વિવિધ પ્રકારના ધ્વનિ પણ જોડાઈ જાય છે. નવા નવા શબ્દો પણ જોડાઈ જાય છે. નવા - નવા લોકોની વાણીથી તેમના ઉપયોગ - પ્રયોગ પણ બદલાઈ જાય છે. આ રીતે જો ધ્યાનપૂર્વક જોવામાં આવે તો બધા શબ્દ અને બધા પ્રતીક પોતપોતાના મૂળ સ્રોતથી ભિન્ન છે. ભલે ! હોઈ શકે !

એ નિર્વિવાદ છે કે સંપૂર્ણ વિશ્વની જે આધ્યાત્મિકતા છે, તેનો મૂળ સ્રો આપણો ભારત દેશ છે. આપણા દેશમાંથી અધ્યાત્મજ્ઞાનનો પ્રચાર-પ્રસાર અન્ય દેશોમાં થયો છે. આપણો દેશ એક એવો સૌભાગ્યશાળી છે જ્યાંનાં લોકો હજારો વર્ષોથી આધ્યાત્મિક અથવા આત્મિક યાત્રા સંમિલિત રૂપમાં કરી રહ્યા છે અર્ને ભવિષ્યમાં કરતા રહેશે. એનું કારણ છે કે આપણા દેશને આધ્યાત્મિક હોવાનું ગૌરવ પ્રાપ્ત થયું છે. આ ગૌરવનું એક બીજું પણ મહત્વપૂર્ણ કારણ છે. અને તે એ છે કે આધ્યાત્મિક અને આત્મિક જગતથી સમ્બંધિત જે ચીજોને અને મૂળગત તથ્યોને આપણા દેશે શોધીને પ્રાપ્ત કર્યાં તેઓને બીજા દેશો નથી શોધી શક્યા કે નથી પ્રાપ્ત કર્યું કારણ કે તે દેશનો સાધક એકલો હતો, એકાકી હતો. આપણા દેશની માફક ત્યાં હજારો, લાખો સાધકોનો સંમિલિત પ્રયાસ ક્યારેય પણ શોધની દિશામાં થયો નથી.

હા, એક વાત અવશ્ય છે કે જે લોકોએ આપણા દેશમાંથી અન્ય દેશોમાં પ્રચાર - પ્રસાર કર્યો તેમાં તેમની પોતાની ભાષા અન પોતાનો ભાવ હતો. એટલા માટે તેઓ કયા ગૂઢ તથ્યોનો પ્રચાર - પ્રસાર કરી રહ્યાં છે - એનો એમને કંઈ પણ ખ્યાલ હતો નહીં. આ જ કારણ છે કે આજે એક પાદરીની સમજમાં આવશે નહીં કે જે ક્રોસને તે ગળામાં લટકાવી રહ્યો છે તે સ્વસ્તિકનું એક ખંડિત રૂપ છે કે મહાન આત્મા ઈશુને ક્રોસ પર લટકાવેલ તે શૂલી (ક્રોસ) અંતકાળનું સૂચક ચિહ્ન છે. જે મૃત્યુસૂચક પ્રતીક હોય તે શુભત્વ પ્રદાન કઈ રીતે કરે ? પણ એક વિચારણીય બાબત છે.

આજ રીતે એક મૌલવીને પણ ખબર નથી કે જે ચાંદને તે પોતાના ધર્મ અને પોતાની સાધના - સંસ્કૃતિમાં મહત્વ આપી રહ્યો છે, તે બીજુ કાંઈજ નહી

– પણ ઓં નો એક છૂટો પડેલો ટૂકડો છે, ભાગ છે.

ઓંકાર મૌલિક ધ્વનિ છે, જેનાથી આ બધો વિસ્તાર થયો છે. તે મૌલિક ધ્વનિના જ અલગ અલગ સઘન રૂપ અલગ અલગ ઢંગથી પ્રકટ થયા છે. ઓંકારનો કોઈ અર્થ નથી. તે પૂર્ણરૂપથી અર્થહીન છે, યાને અર્થાતીત છે. અર્થની સીમાની બહાર છે. અર્થ થઈ જ નથી શકતો, કારણ કે તેના પહેલાં કોઈ મનુષ્ય જ નથી. અને એકમાત્ર આ જ કારણ છે કે ઓંકાર પરમાત્માનું પ્રતીક બની ગયો છે. કારણ કે પરમાત્મા કોઈ આપણે આપેલો અર્થ નથી. પરમાત્મા આપણા સૌથી પહેલાનો છે, આપણા પછી પણ છે અને આપણી અંદર પણ છે.

પરમાત્મા આપણાથી વિરાટ્ છે. આપણે તો માત્ર નાના તરંગ સ્વરૂપ છીએ. જ્યારે તે સાગર છે. તરંગ સાકારને કેવી રીતે અર્થ આપી શકશે? તરંગનો આપેલ અર્થ પણ પોતાનો શું અર્થ રાખશે ! એટલા માટે હિન્દુ સનાતન ધર્મએ ઓં ને પરમાત્માના પ્રતીકાત્મક-શબ્દ તરીકે પસંદ કર્યો. એને હિન્દુ ધર્મ સાથે કોઈ લેવું દેવું નથી. અર્થ હોત તો કોઈ લેણા-દેણી હોત. ભારતમાં મુખ્યત્વે ચાર ધર્મો ઉત્પન્ન થયા. હિન્દુ, જૈન, બૌદ્ધ અને શીખ. આ ચાર ધર્મોમાં પરસ્પર ભારી મતભેદ છે, પ્રબળ ઝઘડાઓ છે, પરસ્પર દાર્શનિક ઝંઝટો પણ છે. પરંતુ ઓંકાર સંબંધમાં કોઈ વાતની ઝંઝટ, ઝઘડો અને મતભેદ નથી.

ગુરુ નાનકદેવ કહે છે – **'इक 'ओंकार सत् नाम' 'ॐ तत् सत्'** એનું જ તે રૂપ છે. જૈન પણ ઓંના પ્રયોગ કરે છે, વિના કોઈ ઝઘડા-ઝંઝટથી. બૌદ્ધ પણ એનો પ્રયોગ કરે છે, કોઈપણ રૂકાવટ વગર.

ઓં જ એકમાત્ર એવો શબ્દ છે, જે બિન-સાંપ્રદાયિક છે. બાકી બધા ઝઘડા છે. 'બ્રહ્મ' શબ્દનો પ્રયોગ જૈન ધર્મ નહીં કરશે. પરમાત્મા શબ્દનો પ્રયોગ બૌદ્ધ ધર્મ નહીં કરશે. પરંતુ ઓંની સાથે તે આને કોઈ વાતનો ઝઘડો નથી. હિન્દુ, જૈન, બૌદ્ધ, શીખ આ ચાર ધર્મ ભારતના છે. ઈસાઈ (ક્રિસ્તી), ઈસ્લામ અને યહૂદી એ ત્રણ ધર્મ ભારતની બહારના છે. તેમની પાસે પણ ઓંકારનો ધ્વનિ છે. પણ તેઓ તેને બરાબર રીતે પકડી શક્યા નથી.

ક્યાંક કોઈક ભૂલ થઈ ગઈ. તેઓ કહે છે – 'આમીન', 'આમેન' હર

પ્રાર્થના કર્યા પછી મુસલમાન કહે છે - 'આમીન'. આ ઓંકારનો ધ્વનિ છે. ઓંકારનું જ એક રૂપ છે.

એટલા માટે એક જ અર્થહીન શબ્દ છે જે તમામ ધર્મોમાં અનુસ્યુત (સામેલ) થયેલ છે. જો સંસારમાં કોઈ એક શબ્દ શોધવો હોય, જે બિન-સાંપ્રદાયિક છે અને જેને માટે બધાજ ધર્મોના લોકો તૈયાર થઈ જશે તો તે એક માત્ર ઓંકાર છે.

વાસ્તવમાં ઓં ઘણો જ અદ્‌ભુત શબ્દ છે. બધા એ પ્રતિધ્વનિ સાંભળ્યો છે. જેઓ અંદર ગયા છે, તેઓએ ઓંકારનો પ્રતિધ્વનિ સાંભળેલ છે. પરંતુ તે સાંભળીને બહાર તેના વિષયમાં અભિવ્યક્તિ કરવામાં, યથાતથ રજુ કરવામાં થોડું થોડું અંતર પડી ગયું છે એ વાત નિશ્ચિત છે. અંતર પડવું એ સ્વાભાવિક છે. આપ ટ્રેનમાં બેઠા છો. ટ્રેન (ગાડી) ચાલી રહી છે. કોઈ પ્રકારે અવાજ આવી રહ્યો છે. આપે ધ્યાનથી સાંભળ્યું હોય તો - ભક્‌-ભક્‌, ઝક્‌-ઝક્‌, ધક્‌-ધક્‌ જેવું કંઈક સંભળાય છે, પણ તે સમજવું મુશ્કેલ છે. પરંતુ આપ એક નિશ્ચય પર આવો છો. આપે એક પેટર્ન (ઢાંચો) બનાવી લીધો કે અમુક જ પ્રકારનો અવાજ છે. પછી આપ જ્યારે સાંભળશો ત્યારે આપને તે જ સંભળાશે. જે આપના મનના ઢાંચામાં - પેટર્નમાં છે તે જ. પછી તો લાખ પ્રયત્ને આપણે કોઈ બીજું સમજાવે કે નહીં, એ બરાબર નથી, તો પણ આપને તે જ સંભળાશે કારણ કે આપના મને એક ઢાંચો પકડી લીધો છે.

ઓંના શુદ્ધતમ ધ્વનિને નિશ્ચય જ અલગ-અલગ લોકોએ અલગ-અલગ રીતે સાંભળેલ હશે. 'આમીન'ની માફક સાંભળી છે. તે સંભવ છે. પણ, એ બાબતમાં કોઈ વિવાદ નથી. ઓં એક માત્ર શબ્દ છે, જે તમામ ધર્મોને એક સૂત્રમાં જોડે છે, આ વિશ્વધર્મનો શિખર શબ્દ છે.

❖❖❖

૧૯

ૐકાર, ગણેશજી અને સ્વસ્તિક

ગણેશ પુરાણમાં સ્પષ્ટ વર્ણન પ્રાપ્ત થાય છે કે -

ॐकाररुपी भगवान यो वेदादौ प्रतिष्ठितः
यं सदा मुनयो देवा स्मरन्तीन्द्रादयो हृदि ।
ॐकाररुपो भगवानुक्तस्तु गणनायकः
यथा सर्वेषु कर्मेषु पूज्यते सो विनायकः ॥
॥ गणेशपुराण ॥

- ૐકાર રૂપી ભગવાન જે વેદોના ઉદ્‌ભવ પહેલાં પ્રતિષ્ઠિત થયેલ છે જેનું સદાકાળ સ્મરણ ઋષિ મુનિઓ, અને ઈન્દ્રાદિ દેવો કરતા રહે છે.

ભગવાન ગણપતિ પણ ૐકાર સ્વરૂપ જ છે. એટલે જ તો સર્વ શુભકાર્યોમાં તેની પ્રથમ પૂજા થાય છે.

❖ ૐકાર અને સ્વસ્તિક ❖

ૐકાર અને સ્વસ્તિકની દુર્ગતિ એટલે ભારત અને સમગ્ર વિશ્વની દુર્ગતિ સમજવી. શ્રી લોકમાન્ય બાળગંગાધાર તિલક મહોદય તેના ગીતા રહસ્ય (પૃષ્ઠ - ૫૯૦)માં લખે છે એમ પ્રાચીન શોધકોએ એવો નિશ્ચય કર્યો કે મિશ્ર આદિ પૃથ્વીના પુરાતન ખંડોના દેશોમાં જ નહીં, કિંતુ કોલમ્બસના કેટલાક સૈકાઓ પહેલાં અમેરિકાના પેરૂ તથા મેક્સિકો દેશમાં પણ સ્વસ્તિક ચિહ્ન શુભદાયક માનવામાં આવતું હતું. આ સ્વસ્તિક **ओउम्** નું અપભ્રંશ છે. અહીં નીચે ચિત્રમાં ૐકાર માંથી સ્વસ્તિક કેવી રીતે બની ગયો તે દર્શાવ્યું છે. વળી શ્રી ગણપતિનું બીજ **'गं'** અક્ષર છે. સ્વસ્તિક માં ચારે બાજુ **'गं'** બીજાક્ષર કુલચાર એવી રીતે ગોઠવ્યા છે કે જે સ્વસ્તિકનો આકાર ધારણ કરે છે.



આ વાત સૃષ્ટિ વિજ્ઞાન અનુસાર ધ્વનિનો સ્થૂળ ભાવ રૂપ ૐકાર છે. ૐકારની કમ્પન શક્તિ પ્રવાહના રૂપમાં દક્ષિણથી વામ બાજુ પ્રવહમાન છે. એ કંપનો સીધાં ચાલીને જમણી બાજુ વળી જાય છે. મૂળ શબ્દ પોતાના કેન્દ્રની ધરી પર જ ઘૂમે છે. આ રીતે પૃથ્વી સમાન તેની પણ દ્વિવિધ ગતિ છે. સમસ્ત સૌર મંડળ, આકાશ ગંગાઓ દ્વિવિધ ગતિ વાળા છે. પ્રથમ ગતિ તેઓની પોતાની કલ્પિત ધરી પર છે અને બીજી ગતિ પોતાનાથી જ્યેષ્ઠ પિંડની પરિક્રમા રૂપ. આ ભ્રમણ કમ્પન, ગતિ અને મોડ (વળાંક)ના આધાર ઉપર સ્વસ્તિક બને છે. આ સ્વસ્તિક ૐનું જ રૂપ છે એવું આર્ષ ગ્રંથોનું કથન છે. ૐકારની

વિશ્વતો મુખ પ્રતિમા સ્વસ્તિકના આકારમાં આ રીતે તૈયાર થાય છે. સ્વસ્તિકની દિશાદ્યોતક રેખાઓના અંતથી જે નાની નાની રેખાઓ ખેંચવામાં આવે છે, તેને લોકો ભ્રમવશ ક્યારેક ઊલટી દિશામાં ખેંચી (દોરી) લે છે. વસ્તુતઃ પૃથ્વી પશ્ચિમથી પૂર્વ તરફ ઘૂમે છે. એટલે સ્વસ્તિકની ઉક્ત નાની રેખાઓને પણ પશ્ચિમથી પૂર્વની તરફ ખેંચવી જોઈએ અર્થાત્ સ્વસ્તિકનું અંકન કરનાર વ્યક્તિએ પોતાની ડાબી બાજુથી જમણી તરફ ઉક્ત શિરો રેખાઓ ખેંચવી જોઈએ. પૃથ્વી, આકાશાદિ સર્વ ગોળાકાર છે એટલા માટે સ્વસ્તિકની ભુજાઓને પણ ગોળાકાર જ બનાવવી જોઈએ. સ્વસ્તિકનું આ શુદ્ધ સ્વરૂપ છે જે વૈજ્ઞાનિક દૃષ્ટિથી ઉપયુક્ત છે. અહીં એ પણ ઉલ્લેખનીય છે કે સ્વસ્તિક યંત્રની ચારે બાજુ ઉત્તર-દક્ષિણ અને પૂર્વ પશ્ચિમની સીધી રેખાઓ તો દિશાદ્યોતક છે. અને તેની શિરો-રેખાઓ (ભુજાઓ) ઈશાન, આગ્નેય, નૈઋત્ય અને વાયવ્ય - એ ઉપદિશાઓની સૂચક છે.





આ આઠેથી અષ્ટ દિગ્પાલોની વ્યંજના થાય છે. આઠ દિગ્પાલ દેવતાઓ અને દિશાઓથી યુક્ત સ્વસ્તિકના ચિત્રથી જ્ઞાન થાય છે કે સ્વસ્તિકની ભુજાઓનો ક્રમ શા માટે અને કેવી રીતે કેવા પ્રકારનો છે. આકાશમાં સ્થિત દિગ્પાલ દેવતાઓ સુખ, આનંદ, ઐશ્વર્યને પ્રદાન કરે અને મંગલકારી હો એવી ભાવનાનું પ્રતીક સ્વસ્તિક છે. સ્વસ્તિકની રચના અત્યંત વિજ્ઞાન સમ્મત છે. આ ભૂગોળ અને નભો મંડળના મહત્વપૂર્ણ તત્ત્વો પર આધારિત છે. સ્વસ્તિક બધી દિશાઓમાંથી મંગળ-કલ્યાણ કરનાર હોવાથી માંગલ્યનું સર્વોત્તમ પ્રતીક છે. જર્મનીના પ્રખ્યાત નાઝી ડીક્ટેટર હેર હિટલરે પોતાના ધ્વજમાં સ્વસ્તિક અંકિત કરાવ્યો હતો. ચીન અને બ્રહ્મદેશના નિવાસીઓ અને જાવા, સુમાત્રા, બોર્નિયોના પૂર્વ દ્વીપ - સમૂહોથી લઈને પશ્ચિમ કે દક્ષિણ

અમેરિકા સુધી સ્વસ્તિકનો પ્રભાવ આજે પણ સંસારમાં ફેલાયેલો દૃષ્ટિ ગોચર થાય છે. વિક્રમ સંવત્‌ના પ્રવર્તક મહારાજ વિક્રમાદિત્યની પતાકા લાલરંગના સ્વસ્તિકથી સુશોભિત રહેતી હતી. સંસારના વિવિધ માનવ સમાજોના પ્રાચીન પવિત્ર તીર્થો, દેવાલયો તથા પવિત્ર સ્થાનોમાં કોઈને કોઈ રૂપમાં સ્વસ્તિક અંકિત થયેલો જોવા મળે જ છે.

સ્વસ્તિકનો અર્થ ઘનીભૂત બ્રહ્મ જે નિત્ય ગતિશીલ છે. ૐ જેનો મૂળ સ્રોત છે. સૂક્ષ્માતિસૂક્ષ્મ દિવ્ય તરંગો (ડીવાઈનવેવઝ) ચારે દિશાઓમાં દિવ્ય ઊર્જાનું પ્રસારણ કરતા રહી વાયુ દૂષિત પ્રભૃતિ પ્રાકૃતિક વિષમતાઓનું શોધન સંસ્કારનું કાર્ય કરે છે. સૃષ્ટિમાં સંતુલન સ્થાપિત કરવામાં તલ્લીન આ પ્રાણ પ્રવાહ વ્યષ્ટિ અનો સમષ્ટિ બંનેને માટે કલ્યાણ કારક છે.

શ્રી ગણેશજી તો આરંભના દેવતા છે. એની ઉત્પત્તિ ૐકારમાંથી કેવી રીતે થઈ તે નીચે દર્શાવેલ ચિત્ર સમજાવે છે –



પ્રથમતઃ ૐ આરંભમાં મંગલાચરણ માટે લખવાની પ્રથા પ્રચલિત હતી. આ લખતા લખતા શીઘ્રતાને કારણે ગજાનન સ્વરૂપ બની ગયું હોય તે સંભવિત છે. એમાં **અ** કાર શિર અને શરીર છે. **ઓં** (ૅં) નો આ 'T' ભાગ સૂંડ (સૂંઢ) છે, **ઓં** ના (ૅ) આ ભાગ એકદંત છે અને **ઓં** નો (ં) આ ભાગ મોદક છે. પ્લુતનું '૩' આ ચિહ્ન મૂષક વાહન છે. આ રીતે મોદક ભોજી, મૂષકારોહી અને એકદન્તધારી ગજાનન (ગણેશજી)નું સ્વરૂપ નિર્માણ થયું છે.

આમ ઉપરના વર્ણનથી ગણેશજી, સ્વસ્તિક અને ૐકારના સ્વરૂપ સામ્યને જિજ્ઞાસુ વ્યક્તિ સમજી શકશે. અહીં વધુ વિસ્તાર કરવો અનાવશ્યક છે.

❖❖❖

૨૦

ગોરક્ષ શતકમાં ઓંકાર વર્ણન

નાથ સંપ્રદાયના ગ્રંથ ગોરક્ષ - શતકમાં વર્ણન છે કે -

भूर्भुवः स्वरिमे लोकाः सोम सूर्याग्नि देवताः ।
यस्य मात्रासु तिष्ठन्ति तत्परं ज्योतिरोमिति ॥
त्रयः कालास्त्रयो वेदास्त्रयो लोकास्त्रयो स्वराः ।
त्रयो देवाः स्थिता यत्र तत्परं ज्योतिरोमिति ॥
क्रियाचेच्छा तना ज्ञानं ब्राह्मी रौद्री च वैष्णवी ।
त्रिधा शक्ति स्थिता यत्र तत्परं ज्योतिरोमिति ॥

अकारश्च ततोकारो मकारो बिन्दु संज्ञकः ।
तिस्त्रो मात्राः स्थिता यत्र तत्परं ज्योतिरोमिति ॥
क्वसा तज्जपेद बीजं वपुषा तत्समभ्यसेत् ।
मनसा तत्स्मरेन्नित्यं तत्परं ज्योतिरोमिति ॥
शुचिर्वाप्यशुचिर्वापि यो जपेत् प्रणवं सदा ।
न स लिप्यति पापेन पद्मपत्रमिवाम्भसा ॥

- જેની માત્રઓમાં **भूः भूवः स्वः** ત્રણ લોક અને ચંદ્ર, સૂર્ય તથા અગ્નિ દેવતા સ્થિત છે, તે પરમ જ્યોતિ ૐકાર સ્વરૂપ છે.

જેમાં ભૂત, ભવિષ્ય, વર્તમાન - ત્રણકાળ, ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ ત્રણવેદ, સ્વર્ગ, પાતાળ અને મૃત્યુ લોક ત્રણ લોક, ઉદાત્ત, અનુદાત્ત અને સ્વરિત ત્રણ સ્વર તથા બ્રહ્મા, વિષ્ણુ, મહેશ ત્રણ દેવો સ્થિત છે, તે જ પરમ જ્યોતિ સ્વરૂપ ૐકાર છે.

જેમાં ક્રિયા, ઈચ્છા અને જ્ઞાન સ્વરૂપા બ્રાહ્મી, વૈષ્ણવી અને રૌદ્રી એ ત્રણ શક્તિઓ રહેલી છે તે જ પરમ જ્યોતિ ૐકાર સ્વરૂપ છે.

જેમાં **અકાર, ઉકાર, મકાર** સહિત બિંદુ સંજ્ઞક ત્રણ માત્રાઓ સ્થિત છે, તે જ પરમ જ્યોતિ ૐકાર સ્વરૂપ છે.

વાણીથી પ્રણવ ૐનો જપ કરવાં જોઈએ, શરીરથી તેનો અભ્યાસ કરવો જોઈએ, મનથી તેનું નિત્ય સ્મરણ (ચિંતન) કરવું જોઈએ. તે જ પરમ જ્યોતિ ૐકાર સ્વરૂપ છે.

સાધક ચાહે બહારથી પવિત્ર હોય અથવા તે અપવિત્રતાની સ્થિતિમાં હોય તેણે સદા પ્રણવના જપ કરતા રહેવું જોઈએ. આથી જે રીતે કમળપત્ર પાણીમાં રહેવા છતાં તે પાણીથી ભીંજાતું નથી, તેવી જ રીતે તેને પાપકર્મનો સ્પર્શ થતો નથી. (ગોરક્ષ શતક - ૮૪-૮૯).

❖❖❖

૨૧

ૐ સમાન રામ

રામ કોણ છે ? 'શ્રીરામ પૂર્વતાપિની - ઉપનિષદ્' માં જણાવે છે -

चिन्मयस्या द्वितीयस्य निष्कलस्या शरीरिणः ।
उपासकानां कार्यार्थम् ब्रह्मणो रुप कलयना ॥

- પરમાત્મ - પરબ્રહ્મ દેહરહિત, અવયવ રહિત, અદ્વૈત - અદ્વિતીય અને અપ્રાકૃત છે, કિંતુ ભક્તોના ઈચ્છિત કાર્યોને સિદ્ધ કરવા માટે તે સાકાર રૂપમાં પ્રગટ થાય છે.

स्वभर्ज्योतियोऽनन्तरूपी स्वेनैव भासते ।
जीवत्वेन समो यस्य सृष्टि स्थिति लयस्य च ॥
कारणत्वेन चिच्छवस्या रजः सत्व तमोगुणैः ।
यथैव वटबीजस्यः प्राकृतश्च महाद्रुमः ॥
तथैव राम बीजस्यं जगदेतच्चराचरम् ।
रेफा रुढा मूर्तयः स्युः शक्तयतिस्त्र एव च ॥

- સાકાર થનારા પરમેશ્વર સ્વયંભૂ કહેવાય છે, કારણ કે તેમને પ્રકટ કરવા માટે અન્ય કોઈ કારણભૂત બનતું નથી. તેઓ સ્વયં જ પ્રકટ થાય છે. તેઓ જ્યોતિ સ્વરૂપ પોતાના જ પ્રકાશથી સદૈવ પ્રકાશિત રહે છે. અને સાકાર થવા છતાં અનન્ત રહે છે, કારણ કે દેશકાળ આદિની સીમામાં તેઓ આવતા નથી. તેઓ પોતાની ચૈતન્ય-પ્રાણ શક્તિના રૂપમાં સમસ્ત દેહધારીઓમાં વિદ્યમાન રહે છે. તેઓ સત્વ, રજ, તમ, આદિ ત્રણ ગુણો દ્વારા વિશ્વની ઉત્પત્તિ, સ્થિતિ અને પાલન કરવામાં સમર્થ છે. એ ગુણોના કારણે જ આ સંસાર પ્રત્યક્ષ દેખાય છે.

પરંતુ એ જોવામાં આવતો સંસાર પણ પ્રણવરૂપ જ છે. જેમ મહાન વટવૃક્ષ પોતાના નાના સરખા બીજમાં સ્થિત રહે છે, તેવી જ રીતે આ વિશાળ સંસાર 'રામબીજ'માં સ્થિત છે. બ્રહ્મા, વિષ્ણુ, શિવ આ ઉત્પત્તિ, પાલન અને સંહાર કરનારી ત્રણેય શક્તિઓ, નાદ, બિંદુ અને બીજથી ઉત્પન્ન રૌદ્રી, જ્યેષ્ઠા અને વામા - આ બધી 'રામ' ના રકાર ઉપર રહેલી છે.

શ્રી રામ પૂર્વતાપિની - ઉપનિષદમાં એક વૃત્તાન્ત મળે છે - એક સમયે સર્વ દેવગણ ભગવાન રામના દર્શનાર્થે ઉપસ્થિત થયા હતા. તે સમયે શ્રીરામ કલ્પવૃક્ષ નીચે સ્થાપન કરેલ રત્નમંડિત સિંહાસન પર વિરાજમાન હતા. દેવગણોએ દર્શન કરતાં નીચેના શબ્દોમાં સ્તુતિ કરી -

कामरुपाय रामाय नमो मायामयाय च ।
नमो वेदादि रुपाय ॐकाराय नमो नमः ॥

- કામ રૂપથી સંપન્ન અને માયારૂપ ધારણ કરનારા શ્રી રામને નમસ્કાર. વેદાદિ સમસ્ત શાસ્ત્રોના સ્વરૂપભૂત તથા ૐકાર સ્વરૂપ શ્રીરામને નમસ્કાર છે. અહીં રામ ૐ રૂપ હોવાનો નિર્દેશ મળે છે.

❖ શ્રી રામ ઉત્તરતાપિની ઉપનિષદમાં રામ ❖

'શ્રી રામ ઉત્તરતાપિની ઉપનિષદ'માં વર્ણન ઉપલબ્ધ થાય છે કે -

अकाराक्षर सम्भूतः सौमित्रर्विश्वभावनः ।
उकाराक्षर सम्भूतः शत्रुघ्नस्तेजसात्मकः ॥
प्राज्ञात्मकस्तु भरतो मकाराक्षर सम्भवः ।
अर्धमात्रात्मको रामो ब्रह्मानन्दैक विग्रहः ॥
श्री राम सान्निध्यवशात्जगदानन्द दायिनी ।
उत्पत्ति स्थिति संहारकारिणी सर्वदोहिनाम् ॥
सा सीता भवति ज्ञेयामूलप्रकृति संज्ञिका ।
प्रणवत्वात् प्रकृतिशिति वदन्ति ब्रह्मवादिनः ॥

- ''સુમિત્રાનંદન લક્ષ્મણ પ્રણવના અકાર અક્ષરથી વ્યક્ત થયા છે, તે વિશ્વરૂપમાં ભાવના યોગ્ય છે. શત્રુઘ્નનો પ્રાદુર્ભાવ ઉકાર અક્ષરથી થયો છે. તેઓ તૈજસાત્મક છે. ભરતજીનો આવિર્ભાવ મકાર અક્ષરથી થયો છે, તેઓ પ્રાજ્ઞાત્મક છે. ભગવાન શ્રીરામ સ્વયં બ્રહ્માનંદ વિગ્રહ સ્વરૂપ અર્ધમાત્રાત્મક છે. ભગવાનના સાનિધ્ય માત્રથી જે સંસારને આનંદ પ્રદાન કરે છે. અને સર્વની ઉત્પત્તિ, સ્થિતિ અને સંહારમાં કારણરૂપ બને છે, તે ભગવતી સીતાજી મૂળ પ્રકૃતિ છે. તથા પ્રણવ યુક્ત નાદ-બિંદુ રૂપ હોવાથી બ્રહ્મવેત્તાઓ તેમને પ્રકૃતિ કહે છે.''

'શ્રી મુક્તિકો ઉપનિષદ્'માં શ્રી રામ - હનુમાન સંવાદનું વર્ણન મળે છે, તેમાં હનુમાનજી પૂછે છે કે - ''પ્રભો! વેદ કેટલા પ્રકારના છે ? તેમની કેટલા પ્રકારની શાખાઓ છે ? અને તેઓમાં ઉપનિષદો કયા કયા છે ? એ મને તત્ત્વતઃ બતાવો.''

શ્રી રામ બોલ્યા - ''હે હનુમાન ! વેદ ચાર છે - ઋગ્વેદ, યજુર્વેદ,

સામવેદ અને અથર્વવેદ. તેઓની અનેક શાખાઓ છે, તથા તે શાખાઓના ઉપનિષદો પણ અનેક છે. ઋગ્વેદની એકવીસ શાખાઓ, યજુર્વેદની એકસો નવ, સામવેદની શાખાઓ હજાર અને અથર્વવેદની પચાસ. એક એક શાખાનું એક એક ઉપનિષદ્ છે, જે પૈકીના કોઈપણ એકના એક મંત્રનો પણ ભક્તિ પૂર્વક પાઠ કરવાથી મુનિઓને પણ દુર્લભ એવી મારી સાયુજય મુક્તિ ઉપલબ્ધ થાય છે.

આગળ હનુમાનજીએ મુક્તિના ભેદ અને તેમની પ્રાપ્તિના ઉપાય પૂછ્યા તો ભગવાન રામે કહ્યું - ''પવનસુત! મારી ઉપાસનાથી ચાર પ્રકારની મુક્તિ મળે છે - સાયુજય, સારૂપ્ય, સાલોક્ય અને કૈવલ્ય. તેમાં કૈવલ્ય મુક્તિ શ્રેષ્ઠ છે. તેની સિદ્ધિનો ઉપાય સાંભળો. કેવળ 'માણ્ડૂક્યોપનિષદ્' જ મુમુક્ષુ જનોને મુક્તિ પ્રાપ્ત કરાવી શકે છે.''

હવે પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે ઉપનિષદો તો ઘણા છે, તો પછી ભગવાન રામે 'માણ્ડૂક્યોપનિષદ્'ને કેમ મહત્ત્વપૂર્ણ બતાવ્યું ? આ પ્રશ્નનો ઉત્તર તે ઉપનિષદના અવલોકનથી સહજ રીતે મળી જાય છે. જેનો પ્રથમ શ્લોક જ આ પ્રમાણે છે -

❖ ઓંકારની સર્વવ્યાપકતા ❖

'ॐ इति एतदक्षरमिदं सर्वं तस्योपव्याख्यानं भूतं भवद्-भविष्यदिति सर्वां ॐकारं एव । यच्चान्यत् त्रिकालातीतं तदप्योंकार एव ।'

- ૐ આ અક્ષર સર્વ કંઈ છે એ જે ભૂત, ભવિષ્ય અને વર્તમાન છે તેની વ્યાખ્યા છે એટલા માટે આ સર્વ ૐકાર જ છે. એ સિવાયની જે અન્ય ત્રિકાલાતીત વસ્તુ છે તે પણ ૐકાર જ છે.

ૐ એ અક્ષર જ સર્વકંઈ છે. આ અભિધ્યેય (પ્રતિપાદ્ય) રૂપ જેટલા પદાર્થ સમૂહ છે તે પોતાના અભિધાન (પ્રતિપાદક)થી અભિન્ન હોવાના કારણે અને સંપૂર્ણ અભિધાન પણ ૐકારથી અભિન્ન હોવાને કારણે આ બધું સર્વકંઈ ૐકાર જ છે. પરબ્રહ્મ પણ અભિધાન-અભિધેય (વાચ્ય-વાચક) રૂપ ઉપાય દ્વારા જ જાણી શકાય છે. એટલા માટે તે પણ ૐકાર જ છે.

આ જે પરાત્પર બ્રહ્મરૂપ અક્ષર ૐ છે, તેનું ઉપવ્યાખ્યાન - બ્રહ્મની પ્રાપ્તિનો ઉપાય હોવાને કારણે તેની સમીપતાથી સ્પષ્ટ કથનનું ઉપવ્યાખ્યાન છે તે અહીં પ્રસ્તુત થયેલ છે એમ સમજવું જોઈએ.

ભૂત, વર્તમાન અને ભવિષ્યત્ આ ત્રણે કાળોથી જે કંઈ પરિચ્છેદ્ય છે તે પણ ઉપર્યુક્ત ન્યાયથી ૐકાર જ છે. એના સિવાય જે ત્રણેય કાળોથી પર પોતાના કાર્યથી જ જાણી શકાય તેવું અને કાળથી અપરિચ્છેદ્ય અવ્યાકૃત આદિ છે તે પણ ૐકારજ છે.

આ ઉપનિષદમાં પણ 'રામ ઉત્તરતાપિનીય' અનુસાર જ ચાર પાદ કહ્યા છે - જાગરિત સ્થાન, બહિપ્રજ્ઞ (બહાર ફેલાતા જ્ઞાનવાળો), સાતલોક રૂપ, સાત અંગ અને ઓગણપચાસ (૪૯) મુખ વાળો, સ્થૂળ જગતનો ભોક્તા, વૈશ્વાનર રૂપ પ્રથમ પાદ છે. બીજો પાદ સ્વપ્ન સ્થાન, અંતઃપ્રજ્ઞ, સાત અંગોવાળો (સપ્તાંગ), ઓગણીસ મુખ, સૂક્ષ્મ જગતનો ભોક્તા તેજસ રૂપ છે. ત્રીજો પાદ સુષુપ્ત સ્થાન, એકીભૂત, પ્રજ્ઞાનદાનરૂપ, આનંદમય, ચેતોમુખ આનંદના ભોક્તા તથા પ્રાજ્ઞ સંજ્ઞક છે. 'રામ પૂર્વ તાપિનીય'માં પણ પાદોના તે જ લક્ષણ કહ્યાં છે. અને એને ક્રમશ લક્ષ્મણ, શત્રુઘ્ન અને ભરતજી સાથે સંબંધિત માન્યા છે.

સર્વેશ્વર, સર્વજ્ઞ, અન્તર્યામી, સમસ્ત ચરાચર જગતનું કારણ અને સર્વની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયનું સ્થાન છે. આ સર્વથા શાંત, કલ્યાણમય ચતુર્થપાદ જ વિશેષરૂપથી જાણવા યોગ્ય છે. 'રામ પૂર્વતાપિનીય - ઉપનિષદ્'માં ૐકારાત્મક શ્રીરામને આ માત્રાથી સંબંધિત સ્વીકાર કર્યો છે. આ રીતે એની 'માણ્ડૂક્ય ઉપનિષદ' સાથે એક વાક્યતા છે, સમાનતા છે. અને એટલા માટે ભગવાન શ્રીરામે હનુમાનજી પરત્વે એ ઉપનિષદ્ની પ્રમુખતા સિદ્ધ કરી છે.

❖ વાલ્મીકિ રામાયણ પર વેદોનો પ્રભાવ ❖

મહર્ષિ વાલ્મીકિનું આ કથન પણ ઘણું બધું કહી જાય છે -

वेदवेद्ये परे पुंसि जाते दशरथात्मजे ।
वेदः प्राचेतसादासीत् साक्षाद्रामायणात्मना ॥

– ''વેદના દ્વારા જાણવા યોગ્ય પરબ્રહ્મ પરમાત્માનું દશરથ પુત્રના રૂપમાં અવતરણ થવાથી, પરબ્રહ્મના પ્રતિપાદક વેદને પણ રામાયણ રૂપમાં પરમતત્ત્વ રામનું પ્રતિપાદન કરવા માટે પ્રચેતાપુત્ર વાલ્મીકિ દ્વારા વ્યક્ત થવું પડ્યું.''

કહેવાનું તાત્પર્ય એ છે કે **વાલ્મીકિએ જે રામાયણની રચના કરી તે પણ વેદ રૂપમાં અથવા વેદોના આધાર પર જ કરી છે. એમાં એવું કંઈ પણ નથી જે વેદથી ભિન્ન કહી શકાય.** રામાયણમાં 'રામ' પદ અને 'અયન' પદની સંધિ છે. જેનો અર્થ રામનો માર્ગ અથવા 'રામનું સ્થાન' એવો થાય છે.

આગળ મહર્ષિ વાલ્મીકિએ પોતાના રામાયણમાં કહ્યું છે કે –

येत्वां देवं ध्रुवं भक्ताः पुराणं पुरुषोत्तमम् ।
प्राप्नुवन्ति तथा कामानिह लोके परत्र च ॥

– જે ભક્તગણ આપ પુરાણ પુરુષોત્તમદેવના પ્રતિ પોતાની નિશ્ચિત ભક્તિ રાખશે, તેઓ આ લોક અને પરલોકમાં પણ સ્વયં પોતાની કામનાઓને પ્રાપ્ત કરી લેશે.

'રામ સ્તવરાજ'માં દેવર્ષિ નારદ રામની સ્તુતિ કરે છે કે –

सर्वेषां त्वं परंब्रह्म त्वनमयं सर्वमवहि ।
त्वमक्षरं परं ज्योतिस्त्वमेव पुरुषोत्तम ।
त्वमेव तारकं ब्रह्म त्वतौऽन्यन्नैव किंचन ॥

– હે પુરુષોત્તમ ! આપ જ સર્વના પરબ્રહ્મ પરમેશ્વર છો. સમસ્ત વિશ્વ આપનું જ સ્વરૂપ છે. આપ જ અક્ષર બ્રહ્મ છો, જ્યોતિ સ્વરૂપ છો. આપ જ તારક બ્રહ્મ છો. આપનાથી ભિન્ન ક્યાંયે કંઈ પણ નથી જ.

વાલ્મીકિ રામાયણના યુદ્ધ કાંડમાં ઈન્દ્ર, વરુણ, યમ, કુબેર અને ભગવાન શિવની ઉપસ્થિતિમાં શ્રી બ્રહ્માજી શ્રી રામ ને નિવેદન કરે છે કે –

अक्षरं ब्रह्म सत्यं च मध्ये चान्ते च राघवः ।
लोकानां त्वं परो धर्मो विष्वकसेनश्चतुर्भुजः ॥
सहस्त्र श्रृंगो वेदात्मा शतशीर्षो महर्षयः ।

त्वं त्रयाणां हि लोकानामादि कर्ता स्वयं प्रभुः ॥
सिद्धानामपि साध्यानामाश्रयश्चासि पूर्वजः ।
त्वं यज्ञस्त्वं वषट्कारस्त्वं ॐ कारः परात्परः ॥
सीता लक्ष्मीर्भवान् विष्णुरेव रामः प्रजापतिः ।
वधार्थं रावणस्येह प्रविष्टो मानुषी तनुम् ॥

- ''હે શ્રીરામ! હે રાઘવ ! આપ અક્ષર બ્રહ્મ, સત્ય સ્વરૂપ છો. મધ્ય અને અંતમાં આપ જ છો. આપજ ચતુર્ભુજ, વિશ્વવ્યાપી વિષ્ણુ છો. આપ સહસ્ત્ર ઋચાઓ વાળા વેદના આત્મા અને ત્રણ લોકના ઉત્પન્ન કર્તા સ્વયં પ્રભુ છો. આપ સિદ્ધો અને સાધ્યોના આશ્રય અને પૂર્વજ છો. આપ યજ્ઞ સ્વરૂપ છો, વષટ્કાર એ ૐકાર છો. આપ જ પરાત્પર બ્રહ્મ છો. લક્ષ્મી સીતા સ્વરૂપ અને વિષ્ણુ સ્વરૂપ રામ આપ પ્રજાના પાલક છો. મનુષ્ય શરીરમાં આપનું અવતરણ રાવણ પ્રભૃતિ રાક્ષસોના સંહાર માટે થયું છે.''

આનંદ રામાયણમાં કહ્યું છે કે -

ॐ नमो भगवते श्री रामाय परमात्मने ।
सर्वभूतान्तरस्थाय स सीताय नमो नमः ॥
ॐ नमो भगवते श्री रामचन्द्राय वेधसे ।
सर्व वेदान्त वेद्याय स सीताय नमो नमः ॥

- સર્વભૂતોના અંતરમાં વિદ્યમાન પ્રણવ પરમાત્મા શ્રી રામચંદ્ર ભગવાનને સીતાજી સહિત નમસ્કાર છે. સમસ્ત વેદાન્ત દ્વારા જાણવા યોગ્ય પ્રણવાત્મક ભગવાન રામચંદ્રને સીતાજી સહિત નમસ્કાર છે.

અધ્યાત્મ રામાયણમાં સીતાજી હનુમાનજીને ઉપદેશ આપતાં જણાવે છે કે -

रामं विध्धि परं ब्रह्म सच्चिदानन्दमद्वयम् ।
सर्वोपाधि विनिर्मुक्त सत्तामात्रमगोचरम् ॥
आनन्दं निर्मलं शान्तं निर्विकारं निरंजनम् ।
सर्वव्यापिनमात्मानं स्वप्रकाशमकल्मषम् ॥

- હે હનુમાન ! તમે શ્રીરામને સાક્ષાત સચ્ચિદાનંદ અને અદ્વિતીય બ્રહ્મ

જ સમજો. એ સર્વ ઉપાધિઓથી યુક્ત, અગોચર અને પોતાની જ સત્તા માત્રમાં સ્થિત છે. આ વિકાર રહિત, નિરંજન, શાંત, શુદ્ધ, આનંદ સ્વરૂપ, સર્વવ્યાપી, સર્વ કલ્મષોથી પર (એટલે બધા ક્લેશોથી પર) અને સ્વયં પ્રકાશ પરમાત્મા છે.

'મહારામાયણ'માં કથન છે કે -

चिद्वाचको रकारः स्यात् सद्वाच्योऽकारं उच्यते ।
मकारोनन्दवाची स्यात् सच्चिदानन्दमव्ययम् ॥

- રામ નામનો રકાર ચિદ્વાચક, અકાર સદ્વાચક અને મકાર આનંદ વાચક છે. આ રીતે રામ સચ્ચિદાનંદ અને અવ્યય અવિનાશી છે.

❖ રામ નામનો મહિમા ❖

આનંદ રામાયણમાં 'રામ' શબ્દની તાત્વિક વ્યાખ્યા પણ પ્રાપ્ત છે -

मनोऽभि रामं नयनाभिरामं, वचोऽभिरामं श्रवणाभिरामम् ।
सदाभिरामं सततामिरामं, वन्दे सदादाशरथिं च रामम् ।

- મનને માટે અભિરામ, નયનો માટે અભિરામ, વાણી માટે અભિરામ, શ્રવણને માટે અભિરામ, આ પ્રકારે સદૈવ અભિરામ, જે નિરન્તર (સન્મુખ) મનોરમ અને સુંદર છે, તે દશરથપુત્ર રામની હું વંદના કરું છું.

વસ્તુતઃ 'રામ' શબ્દનો મહિમા મોટો અને રહસ્યમય છે -

रा शब्दोच्चारणादेव मुखानिर्यान्ति पातकाः ।
पुनः प्रवेशभीतिश्चन्मेकारश्च कपाटवत् ॥

- રામ શબ્દનું ઉચ્ચારણ કરવાથી જ સમસ્ત પાપો નષ્ટ થઈ જાય છે. કારણ કે એમાં જે રકાર છે, તેનું સ્થાન મૂર્ધા છે - (**ऋटुरषाणां मूर्धा**), જે દીર્ઘ રકારના ઉચ્ચારણ કરવા માટે મુખ ખોલવું અનિવાર્ય છે. આ પ્રકારે બહાર નીકળેલા પાપ અંદર પ્રવેશ કરી શકે નહીં, એ ભયના નિવારણ માટે મકારનો ઉચ્ચાર કપાટ(બારણા) બંધ કરવા સમાન છે.

કહેવાનું તાત્પર્ય એવું છે કે - **'रा'** ઉચ્ચારણ કરતાં જ જન્મ-

જન્માંતરના સંચિત પાપ, પ્રારબ્ધવશાત્ પ્રાપ્ત થયેલ પાપરૂપી ફળ અથવા ક્રિયમાણ વર્તમાનમાં થઈ રહેલાં પાપો પણ નિષ્કાસિત થઈ જાય છે. અને 'મ' નો ઉચ્ચારણ કરવાથી તેઓ ફરીથી પ્રવેશ કરી શકતા નથી. 'મ' નું ઉચ્ચારણ દ્વાર (કપાટ) બંધ કરવા સમાન છે, જે સાધકને પાપના ભયથી રહિત બનાવે છે.

❖ રામધૂનમાં ૐકાર ❖

એવું સમજો કે અગર કોઈ વ્યક્તિ રામ, રામ, રામનું રટણ (સ્મરણ) શરૂ કરી દે અંદર તો તેમાં ૐકારની થોડી એવી ઝલક છે. રામમાં ર + આ + મ = રામ છે. એટલે એમાં અકાર અને મકારતો સમાયેલ છે તે ૐકારના છે. એટલા માટે રામ શબ્દથી પણ કેટલેક દૂર સુધી આપણે પહોંચી શકીશું. પરંતુ અગર જો રામ ધૂનને તમે કરતા જ રહો, કરતા જ રહો તો એક દિવસ અચાનક જ તમને અનુભવ થશે કે રામની ધૂન ૐકારમાં બદલાઈ ગઈ છે. અગર તમે એ પ્રમાણે આગળને આગળ કરતા જ રહેશો તો, જેવું મન શાન્ત થશે તેવું જ ૐ તમારા રામમાં પ્રવિષ્ટ થઈ જશે. અને ધીરે ધીરે તમને અનુભવ થશે કે રામ ખોવાઈ ગયા, ૐ આવી ગયો. સમસ્ત જ્ઞાનીઓનો આવો જ અનુભવ છે. તેઓએ કોઈપણ નામથી શરૂ કર્યું હોય પરંતુ આખરમાં ૐ આવી જાય છે.

❖ સર્વત્ર ૐ કાર ❖

ગીચ વસ્તી વાહનોની મોટી અવર જવર, શોર બકોર અને ઘોંઘાટનું વાતાવરણ હોય પરંતુ તેની વચ્ચે ઊભેલી કોઈ બહુમાળી ઈમારત હોય તેના આઠ-દસ માળ ઉપરથી કે તેની છત ઉપરથી તમે સાંભળશો તો બધો ઘોંઘાટ, કોલાહલ અને ઘોંઘાટભર્યા અવાજો ઉપર જતાં આકાશમાં છેવટે ૐ જેવા નાદમાં પરિણામ પામે છે. જેમ તમે શાંત થતા જશો તેમ ૐ તમારી સમીપ આવતો જશે. ૐ સદા સર્વદા સર્વત્ર મોજુદ છે. બસ અનુભવ માટે આપણે શાંત બનવાની જરૂર છે.

❖ રામ શબ્દ અને ઓં કાર ❖

ઓંકારમાં ઉત્પત્તિ, સ્થિતિ તથા લય એ ત્રણે ક્રિયાઓ વિદ્યમાન છે, તેવી જ રીતે 'રામ'માં પણ ત્રણેય ક્રિયાઓ વિદ્યમાન છે. પ્રણવની રચનામાં અઢી અક્ષર છે. તથા 'રામ' શબ્દમાં ત્રણ અક્ષરો (**र+आ+म = रा+म = राम**) રહેલા છે. પ્રણવમાં '**अ**' ઉત્પત્તિ લક્ષી છે, પરંતુ ઉત્પત્તિનો તત્ત્વાંગ અગ્નિ છે તેમાં પણ પ્રથમ અક્ષર **अ**કાર છે. તથા અગ્નિનું બીજ '**रं**' એટલે **र**કાર છે. '**अ**' તત્ત્વાંગ સાથે આવવાથી '**र**' માં તેની પરિણતી થાય છે. જેવી રીતે કોઈ વિપરીત ઘટના, હોનારત કે મોટો અકસ્માત ઘટિત થાય છે ત્યારે ઘણાના મુખમાંથી અરેરાટી સૂચક શબ્દ '**अर्रर्र्**' સ્વાભાવિક રીતે નીકળી પડે છે. અર્થાત્ '**अ**'ના સહયોગથી '**र**'અક્ષરમાં જાગૃતિ આવે છે.

ઓંકારમાં **उ**કાર સ્થિત્યાત્મક છે. '**उ**' તત્ત્વાંગમાં આવવાથી '**अ**' બની જાય છે. વસ્તુમાત્રની ઉત્પત્તિ ની સાથે શક્તિ હોવી આવશ્યક છે અને તે શક્તિ સૂર્યરૂપી મહાપ્રાણ પાસે પ્રાપ્ત થાય છે. '**अ**' સૂર્ય બીજ છે. સૂર્ય સ્થિતિ આપે છે. અંતમાં પ્રણવનો અર્ધ-**म**કાર અર્થાત્ બિંદુ '**म**' માં '**अ**' મળવાથી '**राम**' શબ્દનો '**म**' ફલિત થાય છે. યાદ રાખો એટલે જ તો દશરથપુત્ર 'રામ' સૂર્યવંશી કહેવાય છે. તેનું ઉત્સ 'સૂર્ય' છે. અર્ધ **म**કારનો તત્ત્વાંગ '**म**' છે. '**म**' ચંદ્રબીજ છે. 'ચંદ્ર'ને હિમકર કહેવાય છે. રામ સાથે ચંદ્ર જોડાતાં 'રામચંદ્ર' શબ્દ બન્યો છે. તે અગ્નિસોમાત્મક છે. તેમાં જે શીતળતા છે તે મનુષ્યના અન્તકાળ મરણની સ્થિતિ છે. છેવટે શરીર શીતલ થઈ જાય છે. મરણ શબ્દમાં **म** - મૃત્યુ એટલે કે લય વાચક છે અને રણ એટલે કે મેદાન મૃત્યુ માટેનું મેદાન એ લયસૂચક મેદાન છે. ચંદ્રને લયાત્મક કહ્યો છે પરંતુ ચંદ્રનો બીજો અર્થ અમૃત અર્થાત્ પોષણ આપનાર એવો પણ થાય છે. અહીં સંત તુલસીદાસજીના શબ્દ આપણું સમાધાન કરે છે -

''बन्दौं राम-नाम रघु-वरके । हेतु कृशानु भानु हिम - करके ॥''

- અર્થાત્ હું રઘુવરના 'રામ' નામને વંદન કરૂં છું. કારણ કે તેમાં **कृशानु** = અગ્નિ, **भानु** = સૂર્ય, **हिमकर** = ચંદ્ર અર્થાત્ અગ્નિ=જીવન, સૂર્ય=આધાર

શક્તિનો સ્રોત, ચંદ્ર=મરણ અથવા અમૃતની સ્થિતિ, એટલે કે ઉત્પત્તિ, સ્થિતિ અને લય ત્રણેયના તત્ત્વાંગ **રામ** ની અંદર રહેલાં છે. પ્રણવને તત્ત્વાત્મક ભાગમાં પરિણત કરવામાં આવે તો તે 'રામ' થાય છે. એટલા માટે રામ-મંત્ર પણ ૐ સમાન જ છે, ૐકારથી ઓછો નથી.

વિદ્વાન ઉપાસક 'ઉદ્‌ગીથ' (ૐકાર)ની ઉપાસના કરે છે તે વાણીરૂપી ગાયનું જપ વડે દોહન કરી બ્રહ્મજ્ઞાન રૂપી દૂધ (અમૃત)નું દોહન કરે છે. તંત્રની દૃષ્ટિમાં 'ૐ' અને 'રામ' ની સમાનતા નીચે મુજબ ફલિત થાય છે.

ૐ (ઓ૩મ)	રામ
(૧) ૐકારમાં '**ઓ**' પૃથ્વી તત્ત્વનો અક્ષર છે. અર્થાત્ પૃથ્વી રૂપી '**થ**' છે. '**મ્**' આકાશ તત્ત્વનો અક્ષર છે, અર્થાત્ અંતરિક્ષ રૂપી **ગ** છે. 'ँ' સૂર્ય છે. અર્થાત્ દ્યો રૂપી **ઉત્** છે.	(૨) 'ર્' અગ્નિ તત્ત્વનો અક્ષર છે અર્થાત્ અગ્નિરૂપી '**ય**' છે. '**આ**' વાયુ તત્ત્વનો અક્ષર છે, અર્થાત, વાયુરૂપી '**ગી**' છે. 'ँ' સૂર્ય છે. અર્થાત્ આદિત્ય રૂપી **ઉત્** છે.

અહીં 'ૐ' અને 'રામ' શબ્દમાં ઉદ્‌ગીથ (ૐકાર) સમાન ભાવે સંકળાયેલ છે. તે ઉદ્‌ગીથ વિદ્યા ૐકાર વિદ્યા છે. જેનું અર્થઘટન આ પ્રમાણે છે -

(૧) **દ્યૌ ઉત્** છે, અંતરિક્ષ **ગી** અને પૃથ્વી **થ** છે.

(૨) આદિત્ય '**ઉત્**' છે, વાયુ **ગી** અને અગ્નિ **થ** છે.

(૩) સામવેદ **ઉત્** છે. યજુર્વેદ **ગી** અને ઋગ્વેદ '**થ**' છે.

આ રીતે 'ઉદ્‌ગીથ' (ૐકાર) અને 'રામ' તત્ત્વતઃ અભેદ સાબિત થાય છે.

रमन्ते योगिनोऽनन्ते नित्यानन्दे चिदात्मनि ।
इति राम पदेनासौ परं ब्रह्माभिधीयते ॥
रमन्ते सर्वभूतेषु स्थावरेषु चरेषु च ।
अन्तरात्मस्वरूपेण यच्च रामेति कथ्यते ॥

- જે નિત્ય, આનંદમય, અનન્ત સ્વરૂપ, ચિદાત્મા યોગીઓના હૃદયમાં રમમાણ છે, રમણ કરે છે, તે પર બ્રહ્મ 'રામ' પદથી ઓળખવામાં આવે છે. એટલી જ વાતથી અટકી જઈએ તો રામની સર્વવ્યાપકતા ખોટી પડે એટલે જ તો બીજા શ્લોકમાં કહ્યું છે કે -

સ્થાવર, જંગમ સમસ્ત જીવોમાં રમણ કરનારા પ્રભુ અંતરાત્મા સ્વરૂપ જ છે, તેને 'રામ' તરીકે સંબોધવામાં આવે છે.

'રામ' એક મંત્ર રૂપ તો છે જ. પરંતુ એમાં આરામ, વિરામ, અભિરામ, હે રામ, હરામ અને રમતા રામ જેવા શબ્દોનું અર્થઘટન વિશેષ પણે સમાવિષ્ટ છે તે પણ વિચારવા જેવું છે.

❖ વ્યાકરણની દૃષ્ટિએ રામ શબ્દ ❖

વ્યાકરણ અનુસાર **'रमु क्रीडायाम् ।'** ધાતુથી 'રામ' શબ્દની નિષ્પતિ દ્વારા એ અર્થ સિદ્ધ થાય છે કે જે પરમાત્મા પોતાની ઈચ્છા, ક્રિયા અને જ્ઞાન શક્તિઓ દ્વારા સંસારમા રમણ કરે છે, તે જ રામ તરીકે ઓળખાય છે. ઓંકારની ત્રણ માત્રાઓમાં પણ આ ત્રણે શક્તિઓ રહેલી છે. કેટલાક વિદ્વાનો આ ત્રણ માત્રાને વેદત્રયીનો આત્મા માને છે. એક માત્ર પરબ્રહ્મ પરમાત્મા જ સર્વ વેદોના દ્વારા પ્રતિપાદિત છે. તેની ઈચ્છા થી જ સર્વ ક્રિયાઓ સંપાદિત થાય છે. અને તેમણે આપેલું જ્ઞાન વિભિન્ન વિદ્યાઓના રૂપમાં વિસ્તૃત છે. સર્વકંઈ તેમાંથી ઉત્પન્ન થયું છે ટકી રહેલ છે અને લય પામશે. પરંતુ અંતમાં શેષ તે જ રહે છે. રામચરિત માનસમાં રામનામનો પ્રભાવ અતુલનીય માન્યો છે. આ પ્રમાણે જેનાથી વિષ પણ અમૃત બની જાય છે.

नाम प्रभाउ जान सिव नीको । कालकूट फल दीन्ह अमीको ॥

હરિત સંહિતામાં પ્રમાણ મળે છે કે -

नाम्नां विष्णो सहस्त्राणां तल्य एक महामनुः ।
रामित्येकाक्षरं रामं योगिनः समुपासते ॥

- આ રામ મંત્ર વિષ્ણુના એક હજાર નામોના જપ સમા છે. 'રા' આ એકાક્ષર (ઓંકાર સંયુક્ત) રામ-મંત્રની ઉપાસનામાં યોગી જનો સાવધાનીથી

મંડ્યા રહે છે.

'રામ રહસ્યોપનિષદ'માં 'तत्त्वमसि' મહાવાક્યની સામ્યતા 'राम' પદ સાથે આ રીતે વર્ણવી છે -

अद्यो रा तत्पद्यार्थः स्यान्मकारस्त्वं पदार्थवान् ।
तयोः संयोजनमसीत्यात्म तत्त्वविदो विदुः ॥

- રામ પદની આદિનો 'रा' તત્પદાર્થ સૂચક છે અને મકાર त्वं પદાર્થ સૂચવે છે. આ બંનેનું સંયોજન 'असि' પદ છે. આત્મતત્વને જાણનારા તત્ત્વ વિદો કહે છે કે 'राम' પદ 'तत्त्वमसि' નો સહજ બોધ કરાવે છે.

અહીં અન્ય મહાવાક્યનો પણ પ્રશ્ન થાય તે સ્વાભાવિક છે. પરંતુ તે સર્વ સમાનાર્થક છે. સર્વનું તાત્પર્ય આત્મા-પરમાત્માનો અભેદ સાબિત કરવાનું છે. આ અભેદ સમજાય એટલે તેને સમસ્ત વિશ્વ આત્મસ્વરૂપ પ્રતીત થવા લાગે છે. વળી 'રામ રહસ્યોપનિષદ' અનુસાર - 'अग्निसोमात्मक रूपं राम बीजे प्रतिष्ठितम् ।' રામબીજમાં જ અગ્નિ-સોમાત્મ વિશ્વ વિદ્યમાન છે. આથી સિદ્ધ છે કે ભગવાન રામ વિશ્વાત્મા-સર્વાત્મા અને ૐકાર સમાન છે.

✧✧✧

૨૨

ઓંકાર સ્વરૂપ શ્રી કૃષ્ણ

પ્રણવ એ મહાવાક્ય વેદનું નિદાન અર્થાત્ એકમાત્ર કારણ છે. એ ઈશ્વર સ્વરૂપ આશ્રય થકી સર્વ વિશ્વ-બ્રહ્માંડનું અસ્તિત્વ છે. વેદ વચન આ પ્રમાણે છે -

ॐ ऋत सत्यं परंब्रह्म, पुरुषं कृष्ण पिंगलम् ।
उध्धर्लिगं विरुपाक्षं, विश्वरुपं नमो नमः ॥ (वेद)

- જે ઋત અર્થાત્ એકાક્ષર પ્રણવાત્મક અને સત્ય અવિનાશી પરબ્રહ્મ છે. તે જે ભક્તો પર કૃપા કરવા માટે, દક્ષિણભાગમાં નવઘનશ્યામ કૃષ્ણવર્ણ અને વામભાગમાં વિદ્યુત પ્રભા સમાન ગૌર અર્થાત્ પિંગલવર્ણથી અર્ધનારીશ્વર રૂપે પુરુષ સ્વરૂપમાં, યોગ અથવા મિલિત અવસ્થામાં શક્તિ ઊર્ધ્વમાં ઉત્તોલન કરીને વિસ્તાર પામી રહ્યા છે, તેનામાં વિરૂપાક્ષ એટલે કે અપરા અથવા અવિદ્યા પ્રકૃતિથી વિરૂપ, જેનાં નેત્ર એટલે કે જેની જોવાથી દૃશ્ય શક્તિ પ્રત્યાવર્ત થઈ છે, તે વિશ્વરૂપ ઓંકારાત્મક યુગલ મૂર્તિને વારંવાર મારા પ્રણામ છે.

चेतो दर्पणमार्ज्जनं भवमहादावाग्नि निर्व्वापणम् ।
श्रेयः कैरवचन्द्रिका विकाशनं, विद्यावधू जीवनं ॥
आनंदाम्बुधि वर्ध्धनं प्रतिपदं पूर्णामृतास्वादनं ।
सर्व्वात्म स्वपनं परं विजयते श्रीकृष्ण संकीर्तनम् ॥

- જે ચિત્ત સ્વરૂપ દર્પણનો અવિદ્યારૂપ મળ દૂર કરનાર છે અને ભવરૂપ મહાદાવાનલ નિર્વાપક છે, જેના દ્વારા શ્રેયઃરૂપ શુભ અને ગુપ્ત અષ્ટાદશ યજ્ઞ

વિકસિત થઈને પ્રણવમય બ્રહ્મવિદ્યારૂપિણી પરાવિદ્યા નામની વધૂ (વહુ)નું જીવનસંચાર કરી શકાય છે. તેનાથી આનંદ સાગર વૃદ્ધિ પામતાં પ્રત્યેક પગલે પૂર્ણામૃત રસાસ્વાદ દ્વારા સકલ જીવાત્માને તરબોળ કરાવીને પરમ આનંદરસથી પરિતૃપ્ત કરે છે. તેવા શ્રીકૃષ્ણનું નામ સંકીર્તન જપયુક્ત બની રહો.

'શ્રીમદ્ ભગવદ્ ગીતા' એક એવો અનુપમ ગ્રંથ છે જેનો અનુવાદ દુનિયાની સેંકડો ભાષાઓમાં થઈ ચુક્યો છે. ગીતાના કારણે જ ભગવાન શ્રી કૃષ્ણ વિદેશોમાં પણ જન જનમાં પ્રિય થઈ રહ્યા છે. વિદેશોમાં અનેક કૃષ્ણ-મંદિરની સ્થાપના થઈ ચૂકી છે. કદાચ આપને ખબર હશે કે અમેરિકાના પશ્ચિમ વર્જીનિયા પ્રાન્તમાં કર્ણપ્રિય ધ્વનિ ગુંજતો રહે છે. અને ત્યાં વિશ્વનું સૌથી મોટું કૃષ્ણમંદિર એક લાખ ચોરસ ફૂટના ઘેરાવામાં આકારિત થઈ રહ્યું છે. આ વાતથી ખાતરી થાય છે કે ગીતાજ્ઞાનના ઉપદેશક ભગવાન શ્રીકૃષ્ણ તરફની શ્રદ્ધા-ભક્તિમાં વધારો થઈ રહ્યો છે. જ્યારે વિદેશોમાં ભગવાન શ્રીકૃષ્ણનો આવો મહિમા છે તો આપણે એ જાણવું જોઈએ કે તેમાં એવી શું વિશેષતા છે ? આપણે ભારતીય જનમાનસ સીધી રીતે આપણા દેશની રીત રસમ, અથવા કોઈપણ વસ્તુ અપનાવતું નથી. પ્રત્યેક વસ્તુ વિદેશનાં ચશ્માં વડે જોવાય છે. પરદેશની ઢબસબ જીવનમાં અપનાવાય છે. વિદેશી અંગ્રેજી ભાષાનું જ પ્રભુત્વ છે. હજુ આપણે પરદેશની સંસ્કૃતિના ગુલામ છીએ. આપણી આઝાદી અધૂરી છે, અને સંપૂર્ણ સ્વતંત્ર થયા નથી.

ભલે પરદેશીઓએ શ્રી કૃષ્ણની પ્રશંસા કરી હોય અને તેને સ્વીકાર્યો હોય છેવટે ભારતીયો સંતોષ માને છે કે શ્રી કૃષ્ણ અમારો છે. આટલેથી વાત પતતી નથી. પરદેશીઓ શ્રીકૃષ્ણને ઓળખે છે એનાથી વધારે શ્રી કૃષ્ણ વિશે તમારી જાણકારી હોવી જોઈએ, તો જ તમે એ વાતનું ગૌરવ લઈ શકો છો, અન્યથા નહીં જ.

આપણા મહર્ષિ ઉપનિષત્કારોએ પરમાત્માનું સર્વશ્રેષ્ઠ નામ ૐ બતાવ્યું છે. ત્યારે શું ૐ અને શ્રીકૃષ્ણમાં અભિન્નતા છે ? જો છે તો પછી તે સિદ્ધ કેવી રીતે થાય ? કેવી રીતે એ સમજી શકાય કે જે ૐકાર છે તે જ ભગવાન શ્રીકૃષ્ણ છે ?

❖ ભગવદ્ ગીતામાં કૃષ્ણનું સ્વરૂપ ❖

ભગવદ્ ગીતાના સાતમા અધ્યાયમાં ભગવાન શ્રીકૃષ્ણએ સ્વમુખે કહ્યું છે કે -

रसोऽहमप्सु कौन्तेय प्रभाऽस्मि शशिसूर्ययोः ।
प्रणवः सर्ववेदेषु शब्दः खे पौरुषं नृषु ॥८॥

- હે કુંતીપુત્ર અર્જુન! જળમાં રસ હું છું. ચંદ્ર અને સૂર્યમાં તેજ હું છું. સર્વવેદોમાં પ્રણવ એટલે ૐકાર પણ હું જ છું. અને આકાશમાં શબ્દ તથા પુરુષોમાં પુરુષત્વ પણ હું જ છું.

ભગવદ્ ગીતાના તેરમા અધ્યાયમાં કથન ઉપલબ્ધ થાય છે -

पिताऽहमस्य जगतो, माता धाता पितामहः ।
वेद्यं पवित्रम् ॐकारं ऋक् साम यजुरेव च ॥

- આ જગતનો પિતા-માતા, ધાતા (ધારણ કરનારો) અને પિતામહ એટલે કે દાદો હું જ છું. જાણવા યોગ્ય પવિત્ર ૐકાર, ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદ પણ હું જ છું.

'ગોપાલ પૂર્વતાપિનીય ઉપનિષદ્' માં 'કૃષ્ણ' નામની વ્યાખ્યા કરતાં કહ્યું છે કે - **'कृष्'** શબ્દ સત્તાનો અને **'न'** શબ્દ આનંદ વાચક છે. એ બંનેનું એકત્રીકરણ થવાથી સચ્ચિદાનંદ સ્વરૂપ પરબ્રહ્મ પરમાત્મા જ કૃષ્ણ નામથી પ્રતિપાદિત થાય છે.

'હરિવંશ પુરાણ'માં ભગવાન શ્રી કૃષ્ણની મુનિઓએ સ્તુતિ આ પ્રમાણે કરી છે -

त्वम् ॐकारो वषट्कारस्त्वं यज्ञस्त्वं पितामहः ।
त्वं ज्योतिर्ब्रह्मणो मूर्तिस्त्वं ब्रह्मा रुद्र एव च ॥

- આપ ૐકાર છો, આપ જ વષટ્કાર છો, આપ જ યજ્ઞ અને પિતામહ છો. આપ સ્વયં જ્યોતિર્સ્વરૂપ બ્રહ્મમૂર્તિ છો, આપ જ બ્રહ્મા અને રુદ્ર પણ છો. અર્થાત્ સર્વ દેવાત્મક છો.

'બ્રહ્મવૈવર્ત પુરાણ'માં ઈન્દ્ર દ્વારા આપણે શ્રીકૃષ્ણની સ્તુતિ કરવામાં આવી છે -

अक्षरं परमं ब्रह्म ज्योतिःरूपं सनातनम् ।
गुणातीतं निराकारं स्वेच्छामयमनन्तकम् ॥

- આપ અક્ષર (ૐકાર) પરબ્રહ્મ છો, જ્યોતિ સ્વરૂપ, સનાતન છો. ગુણોથી પર ગુણાતીત, આકાર રહિત છો, તથા સ્વેચ્છા પૂર્વક જ અનન્ત રૂપ ધારણ કરવા સમર્થ છો.

❖ કૃષ્ણ અને ૐકાર ❖

'ગોપાલ ઉત્તર તાપિનીય - ઉપનિષદ્'માં બ્રહ્માજીને શ્રીનારાયણ ભગવાન કહે છે - ''ભગવાન શ્રીકૃષ્ણ એક માત્ર પૂર્ણ પરમાત્મા છે, તો પણ તે પ્રણવની ચાર માત્રાઓના ભેદને કારણે ચાર નામોથી પ્રસિદ્ધ થયા છે. તે માત્રાઓમાં પ્રથમ છે - **અ**કાર - બળરામજી, અકારાત્મ અને વિશ્વરૂપ છે. બીજી માત્રા પ્રદ્યુમ્નજી **ઉ**કારાત્મક અને તૈજસ છે. ત્રીજી માત્રા અનિરુદ્ધજી **મ**કારાત્મક અને પ્રાજ્ઞરૂપ છે. તથા ૐકારની જે ચોથી માત્રા છે - અર્ધમાત્રા ભગવાન વાસુદેવ શ્રીકૃષ્ણ સ્વયં અર્ધમાત્રાત્મક અને તુરીય સ્વરૂપ છે.'' આ રીતે શ્રીકૃષ્ણ-ૐકારનો અભેદ સિદ્ધ છે.

❖ ૐકારમાં ક્લીંનું સ્વારસ્ય ❖

આ જ ઉપનિષદ્માં ભગવાન નારાયણ સ્વમુખે કહે છે - ''સમસ્ત સંસારના આશ્રયભૂત ભગવાન ગોપાલ જ ૐકાર રૂપમાં વિદ્યમાન છે. બ્રહ્મવાદીઓનું કથન છે કે **'ક્લીં'** (કૃષ્ણબીજ) અને ૐકાર એકાર્થક છે.

ગૌડીય વૈષ્ણવ મતમાં 'કામબીજ' અને 'કામ ગાયત્રી' ને પ્રમુખ માનીને શ્રી ચૈતન્ય મહાપ્રભુ મધુર રસની ઉપાસનાનો ઉપદેશ આપે છે. તેમના શબ્દોમાં ''શ્રેષ્ઠ ઉપાસ્ય યુગલ 'રાધા કૃષ્ણ' નામ છે. **'ક્લીં'** બીજ કામબીજ છે, કાલીબીજ છે અને કૃષ્ણબીજ પણ છે, તથા બ્રહ્મવાદિઓનું કહેવું છે કે **'ક્લીં'** અને ૐકાર સમાનાર્થક છે. એટલા માટે જ્યારે ''**ક્લીં કૃષ્ણાય નમઃ**''

નું ઉચ્ચારણ કરવામાં આવે છે ત્યારે એનો અર્થ થાય છે - ઊંકારાત્મક ભગવાન શ્રીકૃષ્ણને નમસ્કાર છે.' ઊંકારના રહસ્યની અભિવ્યક્તિ ગાયત્રીથી થાય છે, કારણ કે ગાયત્રી ઊંકારથી જ વ્યક્ત છે. આ રીતે કામગાયત્રી પણ કામબીજથી જ અભિવ્યક્ત છે.

'ગોપાલ પૂર્વ તાપિનીય ઉપનિષદ્' માં કથન છે કે -

ॐकारेणान्तरित ये जपन्ति,
गोविन्दस्य पञ्चपद मनुत्तम् ।
तेषांमसौ दर्शवेदात्मरूपं,
तस्मान्मुमुक्षुरभ्यसेन्त्यि शान्त्यै ॥

- જો સાધક ભગવાન ગોવિંદના તે પંચપદી મંત્રને ઊંકારથી સંપુટ કરીને જપે છે, તેઓને તે પોતાના સ્વરૂપના શીઘ્રતાથી દર્શન કરાવે છે. એટલા માટે મોક્ષની ઈચ્છાવાળાએ નિત્ય શાંતિની પ્રાપ્તિ માટે ઉક્ત મંત્રના જપ (ઊંકાર યુક્ત) જ કરવા જોઈએ.

આ પંચપદી મંત્ર છે **'क्लीं कृष्णाय नमः'** આની આગળ ઊંકાર લગાડવાનો નિર્દેશ છે, જેનો અર્થ થયો કે મંત્રનો આધાર તો ઊંકાર જ છે. તેના પછી આવે છે **क्लीं** શબ્દ, જેમાં જળ અને પૃથ્વી તત્ત્વની વિશેષતા છે. આ **क्लीं** કામબીજ (કૃષ્ણબીજ) છે, જેમાં નિહિત છે સૃષ્ટિ રચના.

કૃષ્ણ પ્રભુનું એક નામ છે - તેની વ્યાખ્યા કરવામાં આવી છે કે **'कर्षति पापानि यः स वै कृष्णः ।'** 'જે પાપનું હરણ કરે તે કૃષ્ણ.' પાપ એક જાતિનું કર્મ છે તેવી રીતે જ પુણ્ય પણ કર્મ છે. ખરાની સાથે ખોટું અને ખોટાની સાથે ખરું, જૂઠાની સાથે સાચું અને સાચાની સાથે જૂઠું, ભલાની સાથે બૂરું અને બૂરાની સાથે ભલું રહે જ છે. સમગ્ર જગત દ્વંદ્વથી ભરેલું છે. તેવું જ પાપ અને પુણ્યનું પણ છે. એટલા માટે માત્ર પાપનું જ હરણ કરનારાને કૃષ્ણ કહેવામાં આવે તો તે નામને એક પક્ષીયતાનો દોષ લાગે. આ રીતે પ્રભુના પ્રાયઃ સર્વનામ એકપક્ષીય છે જે પ્રભુનો પૂર્ણભાવ દર્શાવતા નથી. ત્યારે ઋષિઓના સંમેલનમાં ઉપસ્થિત સનત્કુમાર ઋષિએ કહ્યું -

પ્રભુનું નામકરણ કરતાં પહેલા પ્રભુની વ્યાખ્યા નિશ્ચિત કરવી જોઈએ. પ્રભુના ગુણ, ક્રિયા વગેરે જો નિશ્ચિત થઈ જાય તો નામકરણ કરવું સરળ બનશે. આ વાત પર એક મહાપુરુષે અનન્ત પ્રભુત્વનું નીચે પ્રમાણે સાત શબ્દોમાં આ રીતે વર્ણન કર્યું છે -

यस्मात् खल्विमानि भूतानि जायन्ते ।
येन जातानि जीवन्ति, यस्मिन् लयमेष्यन्ति तद् ब्रह्म ॥

અર્થાત્ - જેમાંથી સંપૂર્ણ વિશ્વની ઉત્પત્તિ થાય છે, ઉત્પત્તિ પછી જેના વડે જીવન મળે છે, તથા અંતમાં જેમાં લય થાય છે તે બ્રહ્મ છે.

આમાં (૧) ઉત્પત્તિ, (૨) સ્થિતિ તથા (૩) લય આ ત્રણ ક્રિયાનો નિર્દેશ છે. જેમાં ત્રણે ક્રિયાઓ હોય, તે જ ઈશ્વર છે. ઈશ્વરના અનેક નામોમાં રામ, કૃષ્ણ, શિવ આદિ અનેક નામ છે તથા **ऐं ह्रीं श्रीं क्लीं** આદિ અનેક બીજ છે. પરંતુ એ નામો ઉત્પત્તિ, સ્થિતિ અને લય ક્રિયા ત્રયને વ્યક્ત કરતા નથી. એકાંગી છે. વૈખરી સૃષ્ટિમાં ધ્વનિનું સત્ય સ્વરૂપ પ્રતિધ્વનિ-પ્રતિઘોષ (પડઘા)માંથી નીકળે છે. ધ્વનિના પ્રતિધ્વનિમાં મૂળ શબ્દ સમાયેલો છે તે ૐકાર છે. જેમાં ઉક્ત તમામ ક્રિયાઓ સમાવિષ્ટ હોવાથી એ ઈશ્વરનું નામ છે.

આથી ભગવાન શ્રીકૃષ્ણએ ભગવદ્ગીતાના આઠમા અધ્યાયમાં કહ્યું છે કે -

सर्वद्वाराणि संयम्य मनो हृदि निरुध्य च ।
मूर्ध्न्याधायात्मनः प्राणमास्थितो योगधारणम् ॥
ॐ इति एकाक्षरं ब्रह्म व्याहरन्मामनुस्मरन् ।
यः प्रयाति त्यजन्देहं स याति परमा गतिम् ॥

- સર્વ ઈન્દ્રિયો રૂપી દરવાજાઓ બંધ કરી, મનનો હૃદયમાં નિરોધ કરી, પોતાના પ્રાણને મસ્તકના બ્રહ્મરંધ્રમાં સ્થાપન કરી યોગ ધારણાનો આશ્રય કરનારો પુરુષ ૐ એવા એકાક્ષર બ્રહ્મનું ઉચ્ચારણ કરતો (જેના અર્થનું રૂપ) મારું સ્મરણ કરતાં દેહત્યાગ કરે છે તે અંતે પરમ ગતિને પામે છે.

ૐ તત્સદિતિ નિર્દેશો બ્રહ્મણસ્ત્રિવિધઃ સ્મૃતઃ ।
બ્રાહ્મણાસ્તેન વેદાશ્ચ યજ્ઞાશ્ચ વિહિતા પુરા ॥
યસ્માદોમિત્યુદાહૃત્ય યજ્ઞદાન તપઃ ક્રિયાઃ ।
પ્રવર્તન્તે વિધાનોક્તાઃ સતતં બ્રહ્મવાદિનામ્ ॥

-''**ૐ તત્ સત્**'' એ ત્રણ પરબ્રહ્મ શ્રી ભગવાનના મુખમાંથી નિસરેલા સાચાં (ચોક્કસ રહસ્યપૂર્ણ) નામ છે. પ્રાચીન સમયથી એ નામ સહિત બ્રાહ્મણો દ્વારા વેદ અને યજ્ઞ વિધાનો થતાં જ રહે છે. તેથી ૐ એ નામ (**ઉત્** = **ઉર્ધ્વ** માં + **આહૃત** = ઉદાહૃત) શક્તિના આકર્ષણથી ૐકારના આકારમાં ઊર્ધ્વમાં ઉચ્ચાર કરીને બ્રહ્મવાદીઓના યજ્ઞ, દાન, તપ અને ક્રિયાઓ સતત રીતે પ્રવર્તમાન થતાં રહે છે.

વળી ગીતામાં ભગવાન સ્વયં કહે છે કે -

''**મહર્ષિણાં ભૃગુરહં ગિરામસ્યેકમક્ષરમ્ ।**''

અર્થાત્ હું મહર્ષિઓમાં ભૃગુ તથા વાણીઓમાં એક અક્ષર ૐકાર હું છું. આ શબ્દો શ્રીકૃષ્ણ અને ૐ નો અભેદ સૂચવે છે.

✧✧✧

૨૩

પ્રણવનો ગાયત્રી તત્ત્વમાં સમાવેશ

સનાતન વૈદિક શાસ્ત્રોમાં કથન છે કે - **'या सन्ध्या सा तु गायत्री द्विधाभूता प्रतिष्ठिता ।'** અર્થાત્ જેવી રીતે સંધ્યોપાસના બ્રહ્મોપાસના છે, તેવી જ રીતે ગાયત્રી ઉપાસના પણ બ્રહ્મોપાસના છે, કેમ કે બંને ઉપાસનાઓમાં બ્રાહ્મી, વૈષ્ણવી, રૌદ્રી (રુદ્રરૂપિણી) ત્રિધા વિભક્ત બ્રહ્મશક્તિની ઉપાસના થાય છે. ત્રિસંધ્યાઓમાં એ ત્રણે શક્તિઓ પૃથક્ પૃથક્ ઉપસ્થિત થાય છે. અને ગાયત્રીમાં એ ત્રણે શક્તિઓ સન્નિવિષ્ટ છે.



હાલમાં ઉપાસનાના જેટલા પ્રકારો જોવામાં આવે છે અને ઉપાસનાના વિભિન્ન પ્રકારોને કારણે કેટલાયે સંપ્રદાયો ચાલી રહ્યા છે, તે સર્વનો ઉદ્‌ગમ વેદમાંથી છે. ઉદાહરણ માટે તે સર્વ ઉપાસનાઓ લઈએ કે જેનું વિધાન દ્વિજ માત્રને માટે કરવામાં આવ્યું છે. મારું તાત્પર્ય સંધ્યાવંદનથી છે. પ્રત્યેક દ્વિજ પાસે એ આશા રાખવામાં આવે છે કે - તે ઓછામાં ઓછી બે વાર સંધ્યા કરશે. મનુ મહારાજ અહીં સુધી કહે છે કે -

नानुतिष्ठति यः पूर्वानोपास्ते यश्च पश्चिमाम् ।
स शूद्रवद्बहिष्कार्यः सर्वस्माद् द्विजकर्मणः ॥

- જે પ્રાતઃ કાલ અને સાયંકાલે સંધ્યા નથી કરતો તેને શૂદ્રની માફક દ્વિજજનોએ કરવાના તમામ કાર્યના અધિકાર માટે બહિષ્કૃત કરી દેવો જોઈએ:

દેવી ભાગવતમાં પણ કહ્યું છે કે -

ॐकार पितृरूपेण गायत्री मातरं तथा ।
पितरो यो न जानाति स विप्रस्त्वन्यरेतजः ॥

– જે બ્રાહ્મણ ૐકારને પિતૃરૂપ અને ગાયત્રીને માતા રૂપથી નથી જાણતો, તેનો હીનવીર્ય (અધમ) સમજવો જોઈએ.

આ કથનનો આશય એ છે કે – તે જ સાધક બુદ્ધિમાન છે જે ૐ પરત્વે પિતૃબુદ્ધિ (પિતાનો ભાવ) અને ગાયત્રી મંત્ર પરત્વે માતૃબુદ્ધિ (માતાનો ભાવ) રાખે છે. બંને તરફ આત્મીયતા રાખે છે. ૐ સહિત ગાયત્રીની શ્રદ્ધા અને ભક્તિપૂર્વક ઉપાસના કરતો રહે.

સંધ્યાના બે-ત્રણ મુખ્ય અંગ છે. એમાં સૌથી ઊંચું સ્થાન પ્રાણાયામ અને ગાયત્રી જપનું છે. ભલે ને યોગીજન પ્રાણાયામનો અભ્યાસ કરતા હોય, પરંતુ થોડો પણ પ્રાણાયામ પ્રત્યેક વ્યક્તિએ સંધ્યા દ્વારા કરવો જોઈએ. એના અભ્યાસ પાડી શકાય છે. અને પછી ગાયત્રીના જપ કરવાના હોય છે. એકાગ્ર ચિત્તથી શ્રદ્ધાપૂર્વક આ જપ થઈ શકે છે. કારણ કે કોઈ વ્યક્તિ મંત્રનો અર્થ જાણ્યા વિના જપ કરે છે, તેના જપ નિરર્થક જાય છે.

પ્રલય બાદ નવસર્જન વખતે પરમાત્મામાં પ્રથમ ઈચ્છાશક્તિનો વિકાસ થાય છે, અને ત્યારબાદ ક્રિયા-શક્તિ તથા જ્ઞાનશક્તિના વિકાસની સાથે સાથે એમના દેવતા બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, એમની બ્રાહ્મી, વૈષ્ણવી, રૌદ્રી નામની ત્રણ શક્તિઓ, ત્રણેયના સમન્વય રૂપિણી ત્રિપદા ગાયત્રી, ત્રિદેવ સમન્વિત ૐકાર, જ્ઞાનાધાર ત્રિદેવ તથા કાર્યબ્રહ્મની અંતર્ગત ભૂર્ભુવઃસ્વઃ સ્વરૂપ વ્યાહૃતિ ત્રયનો વિકાસ થઈ જાય છે. પ્રથમ ત્રણ શક્તિઓ વિકાસ થયા પછી વેદોનો આવિર્ભાવ થાય છે. એટલા માટે ત્રિશક્તિ સમન્વય રૂપિણી ગાયત્રી શક્તિ વેદ જનની કહેવાય છે. વેદોમાં ગાયત્રીને 'ગાયત્રી છન્દસાં માતા', 'ગાયત્રી સર્વાણિ સવનાનિ વહતિ', દેવાનાં માતાઽમૃતસ્ય નાભિઃ, વેદમાતા, અમૃતયોનિ, પ્રાણ પ્રદાયિની વગેરે સાર્થક નામો પણ મળેલાં છે.

ઉપાસનાના ક્ષેત્રમાં આ દેશમાં ઘણા બધા પ્રયોગો જોવા જાણવામાં આવ્યા. કેટલાકનો સંબંધ પ્રત્યક્ષરૂપે વેદો સાથે છે, કેટલાકનો આધાર આગમ છે. પરંતુ સાચી વાત તો એ છે કે – જેટલા પણ સંપ્રદાય નીકળ્યા, જેટલી ઉપાસના પદ્ધતિઓ પ્રચલિત થઈ, તેઓ સર્વનો આધાર વેદ છે. તંત્રની કેટલાક નિંદા કરે છે, કોઈ પ્રશંસા, **પરંતુ ઉભય પક્ષે આ વાત ધ્યાનમાં લેવી જોઈએ**

કે વેદ મંત્રોમાં મુખ્યરૂપથી દેવોની નહીં, પ્રત્યુત દેવતાઓની ઉપાસના છે. દેવતા સ્ત્રીલિંગ શબ્દ છે. કોઈ મંત્રની ઈન્દ્ર છે, કોઈની વિષ્ણુ, કોઈની રૂદ્ર. વાક્યવિન્યાસનું આ રૂપ જ એ વાતને ઇંગિત કરે છે કે - એ મંત્રોમાં વિષ્ણુ યા ઈન્દ્ર જેવા દેવોની તરફ લક્ષ્ય નથી. પ્રત્યેક મંત્રની દેવતાનું નામ એ વાત તરફ સંકેત કરે છે કે તે મંત્રની યથાવિધિ ઉત્થાપના (ઉત્થાન)થી તે તે શક્તિનું ઉદ્‌બોધન થાય છે.

રૌદ્રી શક્તિ, વૈષ્ણવી શક્તિ, બ્રાહ્મ શક્તિ, ઐન્દ્રિય શક્તિનું ઉદ્‌બોધન, ઊર્જાના તે તે સ્વરૂપ સાથે જોડવાનો જ મંત્ર માત્રનો ઉદ્દેશ્ય છે. વિશ્વમાં શક્તિનો અપાર, અગાધ સમુદ્ર ઉછળી રહ્યો છે. વિશેષ પ્રકારની સાધનાથી તે શક્તિનો કોઈ અંશ કોઈ રૂપવિશેષમાં, કોઈ સ્થાનવિશેષ પર કોઈ સાધક વિશેષ દ્વારા પ્રકટ થઈ જાય છે. આ જ તાંત્રિક સાધનાનું રહસ્ય છે. શક્તિઓના નામ ભિન્ન હોય, પ્રક્રિયા પણ કંઈક ભિન્ન હોય, પરંતુ વાત તે જ છે જે વેદોમાં કહેવામાં આવી છે. ઈન્દ્ર આદિ દેવોનું મહત્ત્વ તે જ છે કે તેમણે કોઈ પૂર્વ કલ્પમાં સાધના દ્વારા તે તે શક્તિઓનો સંચય અને સાક્ષાત્કાર કર્યો છે. ઈન્દ્ર તે વ્યક્તિ છે, જેમાં ઐન્દ્રિયશક્તિ વિશેષરૂપમાં ઉદ્‌બોધિત થઈ છે. વેદમાં એટલી મહત્તા શક્તિમાન્‌ની નથી, જેટલી શક્તિની છે.

❖ વેદમાતા ગાયત્રી ❖

गायत्री वेदजननी गायत्री पापनाशिनी ।
गायत्रास्तु परं नास्ति दिवि चेह च पावनम् ॥

- ગાયત્રી વેદની જનેતા છે, ગાયત્રી પાપનો નાશ કરનારી છે, ગાયત્રી જેવી પવિત્ર વસ્તુ મૃત્યુલોક યા દ્યુલોકમાં કોઈ પણ નથી. હવે જુદા જુદા શાસ્ત્રો વડે ગાયત્રીના ભાવાર્થ, રહસ્ય તથા મહિમા સંબંધિત વર્ણન કરવામાં આવે છે તે ગાયત્રીના મંત્રો માનવા પ્રમાણે શતાધિક (સોથી વધુ) થવા જાય છે. પ્રત્યેક દેવોના, પ્રત્યેક ગ્રહોના, દશ અવતારોના, દશ મહાવિદ્યાઓના અધિકાર ભેદથી બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રોના ગાયત્રી મંત્રો અલગ અલગ છે. તેમાં ગાયત્રી એક છંદરૂપ છે. ગાયત્રી શક્તિથી બધા દેવતાઓ

આચ્છાદિત છે, આપરિત છે, સંબંધિત છે. ટૂંકમાં ગાયત્રી શ્રેષ્ઠતમ શક્તિ છે. એમાં બે મત નથી. મુખ્યત્વે સર્વોત્તમ બ્રહ્મ પ્રાપ્તિ કરાવનારો, સર્વસિદ્ધિપ્રદ ગાયત્રી મંત્ર ખૂબ જ જાણીતો છે તે આ પ્રમાણે છે -

❖ ગાયત્રીમંત્ર અન તેનો અર્થ ❖

''ॐ भूर्भुवः स्वः तत्सवितुर्वरेण्यं भर्गो देवस्य धीम हि धियो यो नः प्रचोदयात् ॐ ।''

આ જ મંત્રનું ચિંતન અને જપ કરવા જોઈએ એવું કૂર્મપુરાણ જણાવે છે -

ॐकारमादितः कृत्वा व्याहृतीस्तदन्तरम् ।
ततोऽधीयीत सावित्रीमेकाग्रः श्रद्धयान्वितः ॥

- એકાગ્ર ચિત વડે, શ્રદ્ધાયુક્ત બનીને પ્રથમ ૐકાર ત્યારબાદ **भूर्भुवः स्वः** નામક વ્યાહૃતિત્રય અને ત્યાર પછી ગાયત્રીનું ઉચ્ચારણ કરવું જોઈએ.

મહર્ષિ વેદવ્યાસે પણ કહ્યું છે કે -

प्रणव व्याहृति युतां गायत्रीञ्च जपेन्नरः ।
समाहितमनास्तूष्णीं मनसा वापि चिन्तयेत् ॥

- એકાગ્રચિત તથા મૌન થઈને પ્રણવ અને વ્યાહૃતિથી યુક્ત ગાયત્રીનો જપ અથવા મનમાં ચિંતન કરવું જોઈએ. આખાયે મંત્રનો અન્વય અર્થ નીચે દર્શાવેલ છે -

❖ ગાયત્રી મંત્રનો અર્થ ❖

ॐ भूः भुवः स्वः तस्य सवितुर्देवस्य (तं) वरेण्यं भर्गः धीमहि, यः (भर्गः) नः धियः प्रचोदयात् ।

- ''સવિતૃ મંડલ મધ્યવર્તી (સૂર્યનારાયણના મંડળના મધ્ય ભાગમાં) વિદ્યમાન પરમાત્મા નિમિત્ત કારણ રૂપે **भूः भुवः स्वः** નામક ત્રણ મહાવ્યાહૃતિને (તથા ઉપલક્ષણરૂપથી સત્ય લોક પર્યન્ત સપ્ત વ્યાહૃતિઓને) ઉત્પન્ન તથા પ્રકાશિત કરીને ઉપાદાન કારણ રૂપ વડે તદ્રૂપ બન્યા છે, એના

એ વરણીય (શ્રેષ્ઠતમ) તેજનું હું ચિંતન કરું છું, કે જે તેજ અમારી બુદ્ધિને ધર્મ, અર્થ, કામ અને મોક્ષમાં નિયોજિત કરે છે.''

હવે, એ અર્થ અનુસાર શબ્દનું પૃથક્ પૃથક્ વિવેચન કરવામાં આવે છે **'मंत्राणां प्रणवः सेतुः ।'** ૐકાર (પ્રણવ) સઘળા મંત્રોનો સેતુ (પુલ) અર્થાત્ યથાયોગ્ય સ્થાને પહોંચાડનારો છે, તે સિદ્ધાંત પ્રમાણે ગાયત્રી મંત્રના આરંભ તેમજ અંતમાં પ્રણવનું ઉચ્ચારણ કરવું અતિ આવશ્યક છે. ભગવાન મનુએ કહ્યું છે કે-

ब्राह्मणः प्रणवं कुर्यादादावन्ते च सपदा ।
क्षरत्यनोङ्कृतं पूर्वं परस्ताश्च विशीर्य्यते ॥

- મંત્રની શરૂઆતમાં તેમજ અંતમાં ૐ (પ્રણવ)નું ઉચ્ચારણ કરવું જોઈએ. જો એ પ્રમાણે ન થાય તો આદિ અંત બંને બાજુએ પ્રત્યવાય થાય છે. અને એટલા જ માટે ગાયત્રી મંત્રની શરૂઆતમાં ૐ બોલવામાં આવે છે ત્યાર બાદ **'भूः भुवः स्वः'** રૂપી ત્રણ વ્યાહૃતિઓનું ઉચ્ચારણ થાય છે.

પ્રણવની **अ,उ,म** - એ ત્રણ માત્રાઓ છે. અહીં **અ**કારનો અર્થ વ્યષ્ટિ સમષ્ટિ વૈશ્વાનર, વિરાટ્ છે, **ઉ**કારનો તૈજસ, હિરણગર્ભ છે અને **મ**કારનો પ્રાજ્ઞ, ઈશ્વર છે. એનું પણ પાદત્રય ક્રમથી પ્રતિપાદન છે - જેમકે **'तत्सवितुर्वरेण्यं'** આ ગાયત્રીના પ્રથમ પાદથી સમસ્ત પ્રસૂયમાન પ્રપંચની કર્તુત્વ શક્તિના વરણીય પ્રાજ્ઞથી અભિન્ન ઈશ્વર સ્વરૂપનું પ્રતિપાદન છે અને કાર્ય-કારણનો અભેદ હોવાથી કર્તા શક્તિમાં સમસ્ત કાર્યવર્ગનો બાહ્ય આવરણીય અને અન્તર્ભાવનું સૂચન છે. **'भर्गोदेवस्य धीमहि'** આ દ્વિતીય પાદથી તૈજસથી અભિન્ન હિરણ્યગર્ભનું પ્રતિપાદન છે, તેજવાચક ભર્ગ પદથી તથા ધ્યાન - કર્તુવાચક **'धीमहि'** પદથી ઉક્ત અર્થનું સૂચન થાય છે. અને પ્રકૃષ્ટ ચોદના ક્રિયાવાચક **'प्रचोदयात्'** પદથી પ્રકૃષ્ટ ક્રિયા કરનાર વૈશ્વાનરથી અભિન્ન વિરાટ્નું સૂચક છે, કારણ કે વિશેષ ક્રિયા સ્થૂળમાં જ છે. પ્રણવની ચતુર્થ માત્રાનો પણ ગાયત્રીના ચતુર્થ પાદમાં અંતર્ભાવ છે. અમાત્ર અને અર્ધમાત્ર તુરીય ચેતન જ ગાયત્રીના ચોથા પાદનો અર્થ છે, આ રીતે પ્રણવ તત્ત્વ ગાયત્રી તત્ત્વમાં સમાવિષ્ટ છે.

❖ વ્યાહૃતિ અને તેનો અર્થ ❖

હવે વ્યાહૃતિ કોને કહેવાય તે બાબતમાં વિચાર કરીએ. 'યોગિયાજ્ઞવલ્ક્ય'માં કથન છે કે -

भूराद्याश्चैव सत्यान्तः सप्तव्याहृतयस्तु याः ।
लोकास्त एव सप्तैते उपर्य्युपरि संस्थिताः ॥
सप्तव्याहृतः प्रोक्ताः पुराकल्पे स्वयंभुवा ।
ता एव सप्त छन्दांसि लोकाः सप्त प्रकीर्तिता ॥

- ભૂર્લોકથી સત્યલોક સુધી એક બીજાથી ઉપર સન્નિવિષ્ઠ સાત લોક (ભૂર્લોક, ભુવર્લોક, મહર્લોક, જનલોક, તપલોક અને સત્ય લોક) એ સપ્ત વ્યાહૃતિ કહેવાય છે. પૂર્વકલ્પમાં બ્રહ્માએ એમને સપ્ત વ્યાહૃતિ કહેલ છે. અને એ જ સપ્ત છન્દ પણ કહેવાય છે. એમાંથી સપ્ત, રજ, તમોમય તથા બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વરમય પ્રથમ ત્રણ મહાવ્યાહૃતિ કહેવાય છે.

'કૂર્મ પુરાણ' માં જણાવ્યું છે કે - પૂર્વ કલ્પમાં **भूः भुवः स्वः** એ ત્રણ દિવ્ય તેજપૂર્ણ વ્યાહૃતિઓ ઉત્પન્ન થઈ હતી. જે સત્વ, રજ, તમ તથા બ્રહ્મા, વિષ્ણુ, રૂદ્રાત્મક છે. આ જ કારણે એ ત્રણ મહાવ્યાહૃતિ કહેવાય છે, અને વિશ્વરૂપ પરમાત્મા પણ એના રૂપ તથા એના ઉત્પાદક અને પ્રકાશક છે, એવી રીતે પ્રણવ અને વ્યાહૃતિનું ઉચ્ચારણ કરીને પછી ગાયત્રીનું ઉચ્ચારણ કરવામાં આવે છે. એમાં પ્રથમ **'तत्सवितुः'** એ વાક્ય આવે છે. **'तत्'** અર્થ **'तस्य'** છે. **'सवितुः'** નો અર્થ **सर्व भूतानां प्रसवितुः** અથવા **'सर्व भावना प्रसवितुः'** એવું તાત્પર્ય છે. 'યોગિયાજ્ઞવલ્ક્ય'માં વર્ણવેલ છે કે

सविता सर्वभूतानां सर्वभावान् प्रसूयते ।
सवनात् पावनाश्चैव सविता येन चोच्यते ॥

- સમસ્ત ભૂતોના (પ્રાણીમાત્રના) ઉત્પાદક અને પાવનકર્તા હોવાથી પરમાત્મા સવિતા કહેવાય છે. **સવિતા શબ્દનો અર્થ 'સૂર્ય' પણ છે. અને ગાયત્રીમાં તેજની ઉપાસના જ થાય છે. તે માટે સવિતા શબ્દથી સવિતૃ મંડળ મધ્યવર્તી પરમપુરુષ પરમાત્મા સમજવા જોઈએ. માટે 'तत्सवितुः' 'तस्य सवितुः'** નો અર્થ નીકળ્યો કે - જે પરમાત્મા એ ત્રણ મહા વ્યાહૃતિઓને ઉત્પન્ન

કરી છે, જે એમને પ્રકાશિત કરે છે અને સ્વયં (પોતે) એનું રૂપ છે, એના એ સવિતા કેવી રીતે છે ? એના જવાબમાં એને દેવસ્ય કહ્યા છે. એ જ ગ્રંથમાં આગળ જણાવેલ છે કે -

પરમાત્મા માયાના આશ્રય વડે લીલા કરે છે અને દીપ્તિમાન છે, એ કારણે દેવ કહેવાય છે. એવા દીપ્તિમાન સવિતાના તેજનું ચિંતન કરવામાં આવે છે. મંત્રમાં **'तं वरेण्यं भगः'** કહીને જે **'तं'** પદને અધ્યાહાર રાખ્યું છે તે બાબતમાં કહ્યું છે કે - મંત્રમાં **'यः भगः'** કહીને જ્યારે ભર્ગનો નિર્દેશ કરવામાં આવ્યો છે, ત્યારે એ ભર્ગનું ચિંતન કરું છું એવું બતાવવા માટે એ અર્થના **'तं'** પદને અધ્યાહાર રાખવું આવશ્યક છે. એ ભર્ગ કેવો છે ? તેના ઉત્તરમાં **'वरेण्यं'** શબ્દનો પ્રયોગ થયો છે.

જન્મ અને મૃત્યુના ભયથી ભયભીતં મુમુક્ષુજનો માટે સૂર્ય મંડળમાં રહેલા પરમ પુરુષ પરમાત્મા વરેણ્ય અર્થાત્ વરણીય હોય છે. જન્મ મરણનું નિવારણ તથા ત્રિતાપ નિવારણાર્થે ધ્યાન યોગથી એ જ પુરુષ દૃષ્ટવ્ય છે. હવે ભર્ગ શબ્દનો અર્થ બતાવવામાં આવે છે. સવિતૃ મંડળમાં જે પરમાત્માનું તેજ છે, સૂર્યનો પ્રકાશ છે જે દિવ્યતેજ આધિભૌતિક વિકાસમાત્ર છે, એ જ દિવ્ય તેજને 'ભર્ગ' કહે છે.

પરમાત્માનું દિવ્યતેજ સ્વયં પ્રકાશમાન થઈને સમસ્ત વિશ્વના જીવ-જગતને પ્રકાશિત કરે છે, પરિપક્વ કરે છે, સપ્તરશ્મિ સૂર્યરૂપ ધારણ કરીને અંતમાં વિશ્વનો લય પણ કરે છે, એટલા માટે એનું નામ ભર્ગ છે. એ ભર્ગમાં **'भ'**, **'र'** અને **'ग'** અ ત્રણ અક્ષરો છે. એમાં **'भ'** દ્વારા સપ્તલોકનો વિભાગ કરવો, **'र'** દ્વારા પ્રજાઓનું રંજન કરવું અને **'ग'** દ્વારા પ્રચુર પ્રકાશમાન થવું, આ રીતે ભગ અર્થાત્ ભર્ગ સમજવાનો છે. ગાયત્રી ઉપાસનામાં એ જ દિવ્ય તેજનું ચિંતન તથા ધ્યાન ધરવામાં આવે છે કે જે તેજ જીવ માત્રની બુદ્ધિને ધર્મ, અર્થ અને કામ તથા મોક્ષના ભિન્ન ભિન્ન માર્ગે પ્રેરિત કરે છે.

અમે એ ભર્ગનું ચિંતન કરીએ છીએ કે જે ધર્મ, અર્થ, કામ અને મોક્ષમાં આપણી બુદ્ધિને વારંવાર પ્રેરિત કરે છે. ગાયત્રી મંત્રના પ્રત્યેક શબ્દનો તથા સમગ્ર ગાયત્રીનો આ જ અર્થ છે.

❖ 'મનુસંહિતા'માં ગાયત્રી મંત્રનું મહત્ત્વ ❖

'મનુસંહિતા'ના બીજા અધ્યાયમાં કથન ઉપલબ્ધ થાય છે કે - ''જે વેદજ્ઞ બ્રાહ્મણ બંને સંધ્યાઓમાં પ્રણવ તથા વ્યાહૃતિ સહિત ગાયત્રીનો જપ કરે છે તેમને સમગ્ર વેદના પુણ્યની પ્રાપ્તિ થાય છે. આ રીતે સંધ્યા સિવાય અન્ય સમયે, દરરોજ ગાયત્રીના એક હજાર જપ એક મહિના સુધી કરવાથી, કાંચળી ઉતારેલા સાપની માફક દ્વિજ મહાન પાપથી મુક્ત થઈ શકે છે. પ્રણવ પૂર્વિકા, ત્રણ મહાવ્યાહૃતિ અને ત્રિપદા ગાયત્રી, બ્રહ્મ પ્રાપ્તિના દ્વાર સ્વરૂપ તથા વેદની મુખરૂપા છે. આળસરહિત બનીને ત્રણ વર્ષ સુધી દરરોજ પ્રણવ વ્યાહૃતિ સહિત ગાયત્રી જપ કરવાથી પરબ્રહ્મની પ્રાપ્તિ, વાયુની માફક યથેચ્છગતિ તથા આકાશની માફક નિર્લેપતાને પ્રાપ્ત કરે છે.

एकाक्षरं परं ब्रह्म प्राणायामः परं तपः ।
सावित्र्यास्तु परं नास्ति मौनात् सत्यं विशिष्यते ॥

- એકાક્ષર પ્રણવ (ૐકાર) જ પરબ્રહ્મ અને પ્રાણાયામ જ પરમ તપ છે. ગાયત્રીથી ઉત્તમ કોઈ મંત્ર નથી. અને મૌનથી સત્ય વિશેષ છે. આજ ગાયત્રીનો મહિમા છે.

❖ સ્તુતિ, પ્રાર્થના અને ઉપાસનાનો અર્થ ❖

ગાયત્રી મંત્ર જ એક એવો મંત્ર છે કે જેમાં સ્તુતિ, પ્રાર્થના અને ઉપાસના ત્રણે વિદ્યમાન છે. બાકી બીજા મંત્રો યા તો સ્તુતિપરક છે યા પ્રાર્થના અથવા ઉપાસના વિધાયક છે.

(૧) સ્તુતિ - જે પદાર્થ જેવો છે તેને તેવો જ કહેવો અર્થાત્ કોઈ પદાર્થના ગુણદોષોનું વિવેચન કરીને ગુણને ગુણના રૂપમાં અને દોષને દોષના રૂપમાં કહેવું તે સ્તુતિ છે. તેના પરથી 'સ્તુત્ય' શબ્દ આવ્યો છે. પરમાત્મા ઈશ્વર સ્તુતિ કરવા યોગ્ય સ્તુત્ય છે. સ્તુતિ કરવાથી ઈશ્વરના પ્રતિ શ્રદ્ધા અને પ્રીતિ થાય છે. તેના ગુણધર્મ, કર્મ, સ્વભાવ અનુસાર પોતાના ગુણ, કર્મ, સ્વભાવ સુધારવા. જેમકે પરમાત્મા ન્યાયકારી છે. તો આપણે ન્યાયકારી બનવું એ તેનો ઉદેશ્ય છે.

'**ૐ भूर्भुवः स्वः**' એ ઈશ્વરના ગુણ, કર્મ અને સ્વભાવનું વર્ણન તે સર્વરક્ષક ઈશ્વર સત્ ચિત્, આનંદ સ્વરૂપ છે. આ સ્તુતિ છે.

(૨) **પ્રાર્થના** - સ્તુતિથી મનુષ્યને પોતાની ન્યૂનતા (ઊણપ)નું જ્ઞાન થાય છે, તે ન્યૂનતાને પૂર્ણ કરવા માટે વ્યગ્ર બનીને પુરુષાર્થમયી કામના કરવી તેનું નામ પ્રાર્થના છે. પ્રાર્થનાથી મનુષ્ય નિરાભિમાની બને, ઉત્સાહ અને સહાય પ્રાપ્ત કરે છે. આ તેનો ઉદ્દેશ્ય છે.

'**धियो यो नः प्रचोदयात् ।**' 'તે સવિતાદેવ પરમેશ્વર અમારી બુદ્ધિને સન્માર્ગમાં પ્રેરિત કરે.' આ પ્રાર્થના છે.

(૩) **ઉપાસના** - પ્રાર્થના દ્વારા પ્રાપ્તવ્ય વસ્તુને પ્રાપ્ત કરવાનું નામ ઉપાસના છે. ઉપાસનાનો અર્થ સમીપસ્થ થવું, મંત્રયોગથી અને સાધના દ્વારા પરમાત્માની સમીપ સ્થિત થવા માટે નિરંતર પ્રયાસ કરવો તે ઉપાસના છે.

'**तत् सवितुर्वरेण्यं भर्गोदेवस्य धीमहि ।**' 'તે સવિતાદેવ, પરમેશ્વરના પાપનાશક પવિત્ર સ્વરૂપને ધારણ કરવું.' આ ઉપાસનાનું સ્વરૂપ છે. **इति प्रणव-गायत्री रहस्यम् ।**

❖❖❖

૨૪

ૐની ઉત્પત્તિ, દિવ્ય રાજ્ય અને કાળ રાજ્ય

પરમાત્મા જ્યોતિનું નામ પરમ જ્યોતિ છે. તે જ શબ્દબ્રહ્મમય મંત્રજ્યોતિ પણ છે. તે જ અખંડ, અવિભક્ત, પ્રણાવાત્મક વેદ સ્વરૂપ છે. એનાથી વિભક્ત થઈને વેદત્રય-ઋક્, યજુઃ, સામનો આવિર્ભાવ થાય છે. એટલા માટે કહેવામાં આવ્યું છે કે -

''नत्वा सूर्यं परं धाम ऋग्यजुः सामरुपिणम् ॥''

યોગ પર આધારિત તંત્રની અંતર્ગત ૧૬ વિજ્ઞાન સમાવિષ્ટ છે અને પ્રત્યેક વિજ્ઞાનને પોતપોતાની ચાર-ચાર વિદ્યાઓ છે. આ રીતે કુલ ૬૪ વિદ્યાઓ છે, પ્રત્યેક વિદ્યાની પોતાની જે શક્તિ છે તેને યોગિની કહે છે. તંત્રમાં ૬૪ યોગિની પ્રસિદ્ધ છે.

❖ સૂર્ય શક્તિ ❖

સોળ વિજ્ઞાનો પૈકી એક વિજ્ઞાન છે સૂર્ય વિજ્ઞાન. સૂર્ય વિજ્ઞાનની ચાર વિદ્યાઓ છે - તેઓમાં એક વિદ્યાનું નામ સાવિત્રી વિદ્યા છે. ભારતની સર્વોત્કૃષ્ટ અને સાથોસાથ રહસ્યમયી વિદ્યા છે સાવિત્રી વિદ્યા. આ વિદ્યામાં સિદ્ધિપ્રાપ્ત યોગીગણ કોઈ પણ વસ્તુ યા પદાર્થની સત્તાને ઈચ્છાનુસાર સૂર્ય-રશ્મિયોના સહયોગથી પરિવર્તિત કરી શકે છે. સૂર્યનું એક નામ સવિતા પણ છે. એના આધાર પર આ પરમવિદ્યાને સાવિત્રી વિદ્યા કહેવાય છે. સવિતા યા સાવિત્રી સૂર્યની શક્તિ છે. હવે પ્રશ્ન એ ઊઠે છે કે - સૂર્ય શું છે ? વાસ્તવમાં સૂર્ય એક પરમ તેજોધારક લેન્સ જેવો માત્ર છે. તે લેન્સના માધ્યમથી જેને આપણે આત્મજ્યોતિ કહીએ છીએ તે જગતમાં ઊતરે છે.

સૂર્ય વિજ્ઞાનના જ્ઞાતાઓનું કથન છે કે તે આત્મ જ્યોતિ વાસ્તવમાં પરમ પદાર્થનો પ્રથમ વિકાસ છે. પરમાત્માની પોતાની જે રશ્મિ છે - તે રશ્મિથી ઉત્પન્ન તેજનું નામ સૂર્ય છે. સૂર્ય પ્રકાશ યા તાપની પ્રભા નથી. પણ તે ફોકસ છે, એક લેન્સ માત્ર છે, જેના પ્રભાવથી મૂળ જ્યોતિનું જેને આપણે પરમાત્મ જ્યોતિ કહીએ છીએ - રશ્મિ સમૂહ સ્થૂળ દ્રવ્ય બની જાય છે અને પછી સૌર જગતમાં એકત્રિત થઈને વિભિન્ન પ્રકારની શક્તિઓને આવિર્ભૂત કરે છે. તે શક્તિથી જગતમાં વિભિન્ન પ્રકારના પદાર્થ નિર્મિત થાય છે.

વાસ્તવમાં સૂર્ય એક એવું દ્વાર છે, જે બે જગતની વચમાં ખૂલે છે. સૂર્યની સામે કાળ રાજ્ય છે અને સૂર્યની પાછળ દિવ્ય રાજ્ય છે. કાળ રાજ્યનો અર્થ છે મૃત્યુ રાજ્ય. એ રાજ્યની સીમાની અંતર્ગત લૌકિક અને પારલૌકિક એવાં ન જાણે કેટલાયે જગત છે. પણ તે બધાં મૃત્યુ અથવા કાળને આધીન છે. કાળ

સર્વત્ર વ્યાપ્ત છે આ રાજ્યમાં.

આ રીતે સૂર્યની પાછળ પણ એક વિશાળ રાજ્ય છે - જેને દિવ્ય રાજ્ય કહેવામાં આવે છે. અહીં કાળની વ્યાપકતા નથી અને મૃત્યુ પણ નથી. દિવ્ય રાજ્યની સીમામાં જેટલાં જગત છે - તે સર્વ બ્રહ્મતેજોમય છે. તે બ્રહ્મતેજ જે દિવ્ય રાજ્યમાં સર્વત્ર વ્યાપ્ત છે - પરમાત્મા જ્યોતિનું રૂપ ધારણ કરે છે. તે પરમાત્મ જ્યોતિની અભિવ્યક્તિ સર્વપ્રથમ પ્રણવના રૂપમાં થાય છે. આગળ વધીને પ્રણવ ૐકારનું રૂપ ધારણ કરે છે અને ઉદ્‌ગીથ પણ કહેવાય છે. ૐકાર પ્રણવનો એકમાત્ર ઉદ્‌ગીથ સૂર્ય જ છે. બીજા શબ્દોમાં તે નાદ બ્રહ્મ છે. તે બરાબર રવ કરે છે આથી જ સૂર્યનું બીજું નામ રવિ છે.

❖ મૌનનું મહત્ત્વ ❖

તમામ સંગીત ખાસ કરીને શાસ્ત્રીય સંગીત મૌનને પકડવાનો પ્રયાસ કરી રહ્યું છે. તેથી જે લોકો એ પોતાના અંતરતમમાં પ્રવેશ નથી કર્યો તેઓ તેના જેવો જ મળતાપણાનો અનુભવ કરી શકે પરંતુ તેમાં મળતાપણું જ નથી, તે માત્ર એક દૂરથી સંભળાતો ધ્વનિ છે.

મહાનતમ સંગીતજ્ઞોને પણ ધ્વનિઓનો ઉપયોગ કરવો પડે છે, પરંતુ ગમે તેટલી સુંદરતાથી સાજ-સજાવટ કરી હોય, તો પણ તે નિતાન્ત મૌન નથી થઈ શક્તો. તે મધ્યમાં મૌનને અંતરાલ આપે છે. સંપૂર્ણ ખેલ ધ્વનિ અને મૌનની વચ્ચે છે. જે નથી સમજતા તે ધ્વનિને સાંભળે છે, અને જેઓ સમજે છે તે મૌનને સાંભળે છે, બે ધ્વનિઓની મધ્યમાં રહેલા અંતરાલને. વાસ્તવિક સંગીત અંતરાલમાં છે. એ સંગીતજ્ઞો દ્વારા સૃજિત નથી થતું. સંગીતજ્ઞ ધ્વનિ ઉત્પન્ન કરી રહ્યો છે. અને તેના વિપરીત અંતરાલને છોડી રહ્યો છે, તેથી તમે તે અનુભવની ઝલક પ્રાપ્ત કરી શકો જે રહસ્ય દર્શાને આંતરિક જગતમાં મળે છે.

પરમાત્મ જ્યોતિ પ્રણવના રૂપમાં અભિવ્યક્ત થયા પછી આત્મજ્યોતિમાં પરિવર્તિત થઈ જાય છે આ અવસ્થામાં પ્રણવ નાદબ્રહ્મનું રૂપ ધારણ કરે છે. અને આત્મજ્યોતિમાં નિહિત બ્રહ્મતત્વ શબ્દબ્રહ્મનું રૂપ ધારણ કરે છે. શબ્દ બ્રહ્મને વેદ કહેવાય છે.

દિવ્ય રાજ્યને બ્રહ્મમંડળ અને કાળ રાજ્યને સૌરમંડળ કહેવામાં આવે છે. પરમાત્મ જ્યોતિ પ્રથમ પ્રણવનું રૂપ ધારણ કરી ત્રણ મંડળોનું નિર્માણ કરે છે. પ્રણવ આ ત્રણ મંડળોનું એક માત્ર કેન્દ્ર બિંદુ છે. તે ત્રણે મંડળ પ્રણવમાંથી નીકળતી રશ્મિઓથી નિર્મિત થાય છે. પોતાની મૂળ અવસ્થામાં તે રશ્મિઓ શ્વેતવર્ણા હોય છે. પરંતુ મંડળોના નિર્માણકાળે તેમના ત્રણ વર્ણ થઈ જાય છે - શ્વેત, પીત અને રક્ત વર્ણ. શ્વેતવર્ણા રશ્મિઓથી સર્વ પ્રથમ ઋકમંડળ, પીતવર્ણા રશ્મિઓથી બીજું યજુ મંડળ, અને રક્તવર્ણા રશ્મિઓથી ત્રીજું સામમંડળનું નિર્માણ થાય છે. આ ત્રણે મંડળ વલયાકાર છે અને એકની ઉપર એક સ્થિત છે. બિલકુલ વચમાં એક બિંદુ છે - તે બિંદુનું નામ પ્રણવ છે. તે વલયાકાર મંડળોમાં બ્રહ્મતત્ત્વ ત્રણ ભાગોમાં વિભક્ત થઈને ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદ પદવાચ્ય બની જાય છે. તે ત્રણે મંડળોની પોતાની જે સીમા છે, તેને છન્દ કહે છે. ઋક્ મંડળના છંદને ગાયત્રી છન્દ, યજુઃમંડળના છન્દને બૃહતી છંદ અને સામમંડળના છંદને અનુષ્ટુપ છન્દ કહેવામાં આવે છે. તે ત્રણેય છન્દોથી - જ્યારે ત્રણ પ્રકારની રશ્મિઓ સૌર મંડળમાં વિકીર્ણ થાય છે. તો તે ત્રણેયના ચાર ચાર વર્ણ થઈ જાય છે. આ રીતે સંપૂર્ણ સૌર મંડળમાં બાર પ્રકારના વિભિન્ન વર્ણોવાળી બાર પ્રકારની રશ્મિઓ સર્વત્ર ફેલાયેલી છે.

❖ પ્રમુખ તત્ત્વો ❖

તે બાર પ્રકારની રશ્મિઓથી બે તત્ત્વો કામ કરે છે. પ્રથમ છે દેવતત્ત્વ અને બીજું છે ભૂત તત્ત્વ. દેવ તત્ત્વનું બીજું નામ શક્તિતત્ત્વ છે. અહીં એ જણાવવાનું આવશ્યક છે કે - ત્રણ ભાગોમાં વિભક્ત બ્રહ્મતત્ત્વ જ બાર ભાગોમાં પુનઃ વિભક્ત થઈને બાર પ્રકારની તે રશ્મિઓમાં દેવતત્ત્વ અથવા શક્તિતત્ત્વના રૂપમાં પ્રકટ થાય છે. તે બાર ભાગ બ્રહ્મતત્ત્વના બાર રૂપ છે - જેને દ્વાદશ આદિત્યના નામે ઓળખવામાં આવે છે.

દેવતત્ત્વ અને ભૂત તત્ત્વ પ્રમુખ તત્ત્વ છે. એ બંનેના પરસ્પર સંઘર્ષથી એક ત્રીજું તત્ત્વ ઉત્પન્ન થાય છે - જેને પ્રાણતત્ત્વ કહેવાય છે. પ્રાણતત્ત્વ પણ તે બંને તત્ત્વો સાથે સંઘર્ષ કરે છે, જેના પરિણામ સ્વરૂપ ૩૬ (છત્રીસ) તત્ત્વો

અવિર્ભૂત થાય છે. કહેવાની આવશ્યકતા નથી - તે ૩૬ તત્ત્વ દેવતત્ત્વ, ભૂત તત્ત્વ અને પ્રાણત્ત્વના સમાન સંઘર્ષનું પરિણામ છે. તે ૩૬ તત્ત્વોના સંયોગ-વિયોગથી યાને આકર્ષણ-વિકર્ષણથી કાલ રાજ્ય અથવા સૌર મંડળના તમામ દૃશ્ય-અદૃશ્ય અને લૌકિક-પારલૌકિક જગત, વિશ્વ અને લોકોના તથા તેઓમાં નિવાસ કરનારા વિભિન્ન પ્રકારના જીવો અને પ્રાણીઓના દૃશ્ય અદૃશ્ય શરીરોના નિર્માણ થાય છે. અહીં સુધી કે સર્વ પ્રકારના જડ-ચેતન પદાર્થો અને વસ્તુઓની ઉત્પત્તિના મૂળમાં પણ તે જ ૩૬ તત્ત્વો વિદ્યમાન છે.

રશ્મિના વિકાસ ક્રમને જોવાથી એ સ્પષ્ટ થઈ જાય છે, કે મુખ્ય ત્રણ જ રશ્મિઓ છે. તે જ ત્રણ આગળ જતાં સ્વયં પોતાને બાર રૂપોમાં વિભક્ત કરી લે છે. બાર રૂપોમાં વિભક્ત તે રશ્મિઓથી દ્વાદશ રાશિઓના દ્વાદશ રાશિ મંડળોનું સૌર મંડળમાં નિર્માણ થયું છે. પ્રત્યેક રાશિનું પોતાનું એક મંડળ છે. અને તે મંડળના પોતાના નક્ષત્ર અને તારા છે. પ્રત્યેક મંડળનો તે જ વર્ણ છે - જે વર્ણની રશ્મિથી તેનું નિર્માણ થયું છે, તે રાશિ મંડળોથી નીચે ઊતર્યા પછી તે રશ્મિઓના બાર રૂપોમાંથી ૩૬ ભાગ થઈ જાય છે. તેના પછી તે રશ્મિઓ અનન્ત થઈને સર્વત્ર વ્યાપ્ત થઈ જાય છે.

રશ્મિઓના જે ૩૬ ભાગોની ચર્ચા કરવામાં આવી છે. તે પ્રત્યેક ભાગમાં એક એક તત્ત્વના પરમાણુ વિદ્યમાન રહે છે. પરસ્પર રશ્મિઓના સંઘર્ષને કારણે તત્ત્વોના તે પરમાણુ પણ પરસ્પર આકર્ષિત અને વિકર્ષિત થતા રહે છે. અને તેઓના આકર્ષણ અને વિકર્ષણના ફળ સ્વરૂપ વિભિન્ન પ્રકારની વસ્તુઓ અને વિભિન્ન પ્રકારના પદાર્થોની ઉત્પત્તિ થાય છે.

સૌર મંડળના વિશાળ પ્રાંગણમાં વાસ્તવમાં રશ્મિઓનો ખેલ ઘણો જ અદ્‌ભુત છે. સાવિત્રી વિદ્યાનો મુખ્ય વિષય આ રશ્મિઓ જ છે. જે વ્યક્તિ રશ્મિઓના વર્ણોને ઓળખે છે, જે લોક તે રશ્મિઓમાં નિહિત પરમાણુના તત્ત્વોને સમજે છે અને જે વ્યક્તિઓને પરમાણુઓના આકર્ષણ -વિકર્ષણના રહસ્યને પણ સમજે છે - તે લોકો કોઈપણ વસ્તુ યા કોઈપણ પદાર્થને ઈચ્છાનુસાર કોઈ અન્ય વસ્તુ યા પદાર્થમાં પરિવર્તિત કરી શકે છે. એટલે સુધી કે તેમના રૂપ સિવાય તેઓના રસ, ગંધ અને ગુણોને પણ પરિવર્તિત કરી શકે છે.

વિભિન્ન વર્ણો, રશ્મિઓ અને તેમનામાં નિહિત તત્ત્વોના પરમાણુઓના અદૃશ્ય પ્રભાવ મનુષ્યના મન, પ્રાણ, અને શરીર પર પણ બરાબર પડતો રહે છે. યોગી લોકો તે રશ્મિઓના સંઘટન-વિઘટન અને પરમાણુઓના આકર્ષણ - વિકર્ષણની સહાયતાથી પોતાના મનને અત્યધિક શક્તિશાળી, પોતાના પ્રાણોને અત્યધિક ગતિમાન અને પ્રબળ બનાવી શકે છે. એટલે સુધી કે પોતાના શરીરના અણુઓ તથા કોશિકાઓને વિઘટનથી બચાવીને તેમની આંતરિક ક્રિયાઓ અને તેમની ગતિઓને રોકી દે છે, જેના ફળ સ્વરૂપ શરીર જે અવસ્થામાં રહે છે - તે અવસ્થામાં બરાબર સચવાયેલું રહે છે. રશ્મિઓ દ્વારા પ્રાણો પર નિયંત્રણ હોવાને લીધે શરીર પર કાળનો કોઈ પ્રભાવ પડતો નથી. એટલું જ નહીં, તે નિયંત્રણના પ્રભાવમાં આયુષ્યની પણ ઉત્તરોત્તર વૃદ્ધિ થતી રહે છે.

યોગતંત્રમાં આકાશ, અવકાશ અને નભ પછી 'વ્યોમ' શબ્દનું મહત્વ છે. જ્યાંથી અથવા જે કેન્દ્રથી સ્પંદ નિઃસૃત થાય છે તેને તંત્ર અને વેદ પણ 'વ્યોમ' કહે છે. યોગની ભાષામાં વ્યોમનું તાત્પર્ય છે - પરમપદ, વિશ્વબ્રહ્માંડનું આદિ નામ ૐ છે. અને તે વ્યોમનો પર્યાય 'પરમતત્ત્વ' છે. પરમતત્ત્વ અથવા પરમ વ્યોમમાં લીન થઈ જવું જ યોગીનું પરમપદ અથવા પરમ નિર્વાણ છે.

✧✧✧

૨૫

ૐ તત્ સત્

એ કહેવું અનાવશ્યક નથી કે યોગ અને તંત્રની સમસ્ત સાધનાઓ અને સમસ્ત ઉપાસનાઓની એક માત્ર કુંચી (ચાવી) ૐ છે. કળાપૂર્ણ ઉચ્ચારણની સાથે આપની અંદર ૐનો ધ્વનિ ગૂંજવા માંડે અને તેની સાથે પોતાને લયબદ્ધ કરવાની ક્ષમતા આવી જાય તથા એવી ક્ષણ આવી જાય કે આપ મટી જાવ અને આપની અંદર કેવળ ૐનું ઉચ્ચારણ માત્ર રહી જાય તો

સમજી લેવું કે આપનો પરમાત્મ સત્તામાં પ્રવેશ થઈ ગયો. કારણકે ૐ પછી જે નીચે પડશે, ફરી તે નિર્ધ્વનિ શૂન્ય જગતમાં પ્રવેશ કરશે.

'ૐ તત્ સત્' આ ત્રણ શબ્દોની યોગ-તંત્ર શાસ્ત્રમાં મહતી ગરિમા છે. ત્રણે સચ્ચિદાનંદઘન બ્રહ્મ (પરમાત્મા)નાં નામ છે. એનાથી સૃષ્ટિના પ્રાક્કાળમાં બ્રાહ્મણ, વેદ તથા યજ્ઞની રચના થઈ છે એટલા માટે બ્રહ્મવાદીન્ શ્રેષ્ઠ મહાપુરુષોની શાસ્ત્રવિધિથી નિશ્ચિત થયેલ યજ્ઞ, દાન, તપ આદિ ક્રિયાઓ સદા ૐ એવા આ પરમાત્માના નામના ઉચ્ચારણથી પ્રારંભ થાય છે. ૐના સંબંધમાં આ પહેલાં આપને જણાવવામાં પણ આવ્યું છે.

જો ૐ થી જગત તરફ પ્રયાણ કરીએ તો, તો પછી **અ, ઉ, મ્** એ ત્રણ ધ્વનિઓ છે, અને એ ત્રણ ધ્વનિઓથી સમસ્ત જગત છે તથા સમસ્ત જગતનો વિસ્તાર છે. અને ૐ પાછળ ચાલીએ તો ૐ પછી શબ્દ ધ્વનિઓ ખોવાઈ જાય છે. અંતમાં આપ પણ ખોવાઈ જાવ છો. કેવળ ૐ માત્ર શેષ રહી જાય છે.

એનું તાત્પર્ય એ છે કે ૐ કોઈ મનુષ્ય યા કોઈ દેવતાના દ્વારા નિર્મિત ધ્વનિ નથી. 'અસ્તિત્વ'ની ધ્વનિ છે. ઠીક તેવી જ રીતે મનુષ્યનો પૂરો અહંકાર, બધા વિચારો, બધી કામનાઓ અને બધી ઈચ્છાઓ શાંત થઈ જાય છે અને ગહન મૌનમાં સરકી જાય છે - તે મૌનમાં આંતરિક સન્નાટો (શૂન્યાવકાશ)માં જે ધ્વનિ સંભળાય છે તેનું નામ ૐ છે. ભગવદ્ગીતાના કથનાનુસાર ૐમાં પ્રવેશ જ પરમાત્મામાં પ્રવેશ છે. આ જ કારણે ભગવાન શ્રીકૃષ્ણએ કહ્યું છે કે - હું સમસ્ત અક્ષરોમાં 'ૐકાર' છું.

❖ 'તત્' અને 'સત્' ની સમજૂતી ❖

હવે **'તત્'** અને **'સત્'** ને સમજવા પ્રયાસ કરીએ. **તત્** નો અર્થ છે - 'તે'! ભક્ત ભગવાનને 'તું' કહે છે 'તે' નથી કહેતો, કારણકે 'તે' માં કોઈ રસ નથી. તેમા સજીવતાના દર્શન નથી થતા. નજદીકતા વર્તાતી નથી. દૂરનું અંતર વર્તાય છે. જ્યારે 'તું'માં આત્મીયતાની, નિકટતાની, પોતાપણાની, અને સામીપ્યતાની ઝલક અનુભવાય છે.

❖ 'તે' અને 'તું'નો ભેદ ❖

'તે' ઘણો જ તટસ્થ શબ્દ છે. અનાસક્ત શબ્દ છે લૂખો-સૂકો શબ્દ છે. તેમાં કોઈ ભાવ નથી એટલે ભાવહીન પણ છે. એટલા માટે ભક્તગણ હંમેશા પોતાના ભગવાન માટે 'તું' શબ્દનો પ્રયોગ કરતા રહે છે. 'તું'માં કેટલીયે નિકટતા માલૂમ પડે પરંતુ તેમાં થોડોક એવો 'હું' અવશ્ય ઉપસ્થિત રહે. કારણ કે 'હું' વગરનો 'તું' અર્થપૂર્ણ નથી. અન્યથા કોણ કહેશે 'તું'. હું તો હાજર રહેવાનો જ છે. 'તું'માં હું, સૌંદર્ય છે, સામીપ્ય છે, પ્રેમની પૂર્ણતા છે. એ ભક્તના ભાવને પ્રકટ કરે છે. ભક્ત અને ભગવાનની નિકટતાની સૂચના આપે છે. તેમાં આર્દ્રતા છે. હૃદયથી ભરેલો છે. તેનો પોતાનો ધબકાર છે. 'તે' નિર્જીવ જેવો લાગે છે. પરંતુ આમ છતાં તેની પોતાની વિશેષતા છે. 'તે' 'તું'થી આગળ જાય છે. જેમ 'તું'નો પ્રયોગ ભક્ત પોતાના ભગવાન માટે કરે છે. તેવી જ રીતે **'तत्'** અર્થાત્ 'તે'નો પ્રયોગ કરે છે અને 'તે' તેમાં પણ રસ છે. જ્ઞાની જનોની પોતાની દૃષ્ટિથી તેમાં સૌંદર્ય અને આનંદનો બોધ થાય છે. પરંતુ એ બધું આપને ત્યારે સમજાશે, જ્યારે આપ 'તું' અને 'હું'થી આગળ નીકળી જશો.

આપણે વૃક્ષ અને પર્વતોને 'તે' કહીએ છીએ. આપણે વૃક્ષને પર્વતને 'તું' નથી કહી શક્તા. આપને ખબર જ નથી. એટલા માટે જ બ્રહ્મને (પરમાત્માને) પણ 'તે' કહેશો. **'तत्'** કહેશો, ત્યારે આપને એમ થશે કે જ્ઞાનીઓની સૂકી અને રસહીન વાત થઈ ગઈ. એનાથી હૃદયમાં કોઈ ધબકાર નથી ઊઠતો, ઉમળકો નથી ઊભરાતો. બુદ્ધિગત અને બૌદ્ધિક માલમ પડે છે.

'તે'ની આસપાસ નૃત્ય કરવું અત્યંત કઠિન છે. કૃષ્ણની ગોપીઓ 'તું'ની આસપાસ ચારે બાજુ નાચી રહી છે. 'તે'ની આસ પાસ નહીં. તમામ ભક્તોએ, ચાહે તે યહૂદી હોય, મુસલમાન હોય, અથવા હિન્દુ હોય - **'ॐ तत् सत्'** નો અસ્વીકાર કર્યો છે. તેઓએ 'તે પરમાત્મા છે' એવું ન કહેતાં 'તું પરમાત્મા છે' એવું કહ્યું છે પરંતુ 'યોગ' કહે છે - **'ॐ तत् सत्'** તે ઓંકાર સ્વરૂપ છે. તે સ્વરૂપ છે અને સત્ય છે.

'તે' ના આનંદનો આપને અનુભવ નથી. એટલો રસહીન અને સૌંદર્યહીન લાગે છે. અન્યથા 'તે' જેવાં વાદળો ક્યારેય ઘેરાત જ નહીં. જેવી

વર્ષા તેઓમાંથી થાય છે, 'તું' માંથી શું ખાખ (રાખ) વરસવાની ? કારણ કે 'તું' માં આપ તો ઉપસ્થિત રહેવાના, 'હું' માં પણ તમારી હાજરી રહે જ છે. અને તેટલી જ અડચણ - મુસીબતો રહેશે. આપ પરમાત્માની નિકટ ભલે પહોંચી જાવ. પરંતુ આપ પરમાત્મા નથી બની શકવાના. અને જેટલી નિકટતા વધે છે, તેટલુંજ અંતર ડંખે છે. જેમ જેમ પાસે અવાય છે, નિકટતા અનુભવાય છે, તેટલું જ લાગે છે ક્યારે એક થઈ જઈએ ? તેટલો જ વિરહજ્વર પેદા થાય છે. કેવળ 'તે'ની ઘડી જ આપને એક કરી શકશે.

'તે'ના બે ભાગ છે - એક છે '**ॐ तत् सत्**' અને પરમાત્મા 'તે' રૂપ છે. બીજું છે - ઉપનિષદ્ જે એને પૂર્ણ કરે છે - '**तत्त्वमसि**'.

'**तत्**' નો મતલબ છે - તે. આ બાબત માં આપણે આગળ કેટલીક વિચારણા કરી. થોડુંક વધુ વિચારીએ.

આપણે તેને 'તું' નથી કહેતા. 'તું' કહેવાથી આપણા 'હું' નિર્મિત થાય છે અને આપણે પરમાત્માને થોડોક નીચે લાવી દઈએ છીએ. તેના '**तत्**' સ્વરૂપથી, તેના 'તે' પણાથી. આપણે તેને ખેંચેને પોતાની નિકટ લાવીએ છીએ. ત્યારે તે આપણો પ્રેમી બની જાય છે, પિતા બની જાય છે, માતા બની જાય છે, પત્ની બની જાય છે, પતિ બની જાય છે. એક ઢંગનો સંબંધ બની જાય છે.

જેવો આપણે પરમાત્માને 'તું' કહ્યો, તે ક્ષણે આપણે પરમાત્માને ખેંચીને સંસારમાં લઈ આવીએ છીએ. અને આ જ કારણે ભક્ત 'તું'ની પાર જવામાં પોતાને મુશ્કેલીમાં અનુભવે છે. વળી સંબંધ તૂટી જશે ભગવાન સાથેનો ? ભક્ત સંબંધ છે, જ્ઞાન અસંબંધ છે. ભક્તિમાં આપ કેટલાયે નજીક આવી જાવ, પરંતુ અંતર અવશ્ય રહેવાનું જ. જ્ઞાનમાં આપ એક જ થઈ જાવ છો. ભક્તિ અને જ્ઞાનમાં આ અંતર છે. એટલા માટે જ્ઞાનીઓએ તેને '**तत्**' કહ્યું છે. આ એક તટસ્થ શબ્દ છે, જેનાથી આપણો કંઈ રાગ-રંગ નથી જોડાતો.

❖ ધ્યાનનો નવતર પ્રયોગ ❖

'તે'ની થોડી સાધના કરવી પડશે. કોઈ વૃક્ષની સમીપ આપ શાંત થઈને બેસી જાવ. આપના મનમાં કોઈ વિચાર તરંગ ન ઊઠે. કોઈ શબ્દ મુખમાંથી

નીકળે નહીં. કેવળ બેસી જ રહો. આપ શાંત ભાવથી વૃક્ષનો સ્પર્શ કરો, બોલો નહીં, વિચારો નહીં, વૃક્ષનું આલિંગન કરો. આપની અને વૃક્ષની વચ્ચે કોઈ પ્રકારનો શબ્દ ન રહી જાય. સહસા આપને લાગશે કે આપ વૃક્ષ બની ગયા. અને વૃક્ષ આપનું સ્વરૂપ બની ગયું. સહસા સીમા તૂટી ગઈ અને આપ બેની વચ્ચે કંઈક પ્રવાહિત થતું લાગ્યું, કોઈ સેતુ બની ગયો, કોઈ સાગર લહેરાવા લાગ્યો. ઉમળકાનો, આપ એકબીજાની નજીક આવવા લાગ્યા, આપ એની અંદર પ્રવેશ કરી ગયા. અને વૃક્ષ આપની અંદર પ્રવેશી ગયું. આપનું ચૈતન્ય વૃક્ષને વધુ ચેતન બનાવવા લાગ્યું. ત્યારે આપને 'તે'ની થોડી પ્રતીતિ થશે. ન આપ રહ્યા ન વૃક્ષ રહ્યું. વૃક્ષની સાથે કદાચ આ અનુભવ મુશ્કેલ લાગે પણ ખરો.

જેને આપ પ્રેમ કરો છો - પત્નીને, પ્રેયસીને, મિત્રને - ક્યારેક તેનો હાથ પોતાના હાથમાં લઈને બેસી જાવ. અને એક જ પ્રયોગ કરીએ કે બંને વ્યક્તિના ચિત્તમાં કોઈ વિચાર ન હોય. અહીં વૃક્ષની અપેક્ષા થોડીક મુશ્કેલી પડશે, કારણ કે અહીં બીજાના વિચાર પણ બાધક બનશે. એટલા માટે જ મેં પ્રથમ વૃક્ષની સાથે પ્રયોગ કરવાનું કહ્યું.

પૂર્ણિમાની રાતે પ્રેયસીની સાથે, પ્રેમીની સાથે, પોતાની પત્નીની સાથે અથવા પોતાના મિત્રની સાથે એકાન્ત સ્થાનમાં શાંત ભાવમાં બેસી જાવ. મૌન ધારણ કરી ચંદ્રમાને જોતા રહો. પ્રેમને ધ્યાન બનાવી દો. થોડી જ વારમાં આપ એકાદ ક્ષણ માટે જ ઝલક પામશો કે આપ બંને વિચારશૂન્ય થઈ ગયાં. સંયોગથી જ્યારે એવો મેળ બેસશે તો આપ અચાનક પામશો કે કોઈ વિરાટ્ ઊર્જાએ આપ બંનેને ચારે બાજુથી ઘેરી લીધા છે અને આપ બંને એકાકાર બની ગયા છો. પછી તો તે મિલનની ક્ષણમાં ન તો 'હું' હતો અને ન 'તું' હતો.

કહેવાની આવશ્યકતા નથી કે આવી અનુભૂતિની અંતિમ સીમા છે - **'ॐ तत् सत्'**. જ્યારે કોઈ વ્યક્તિ પૂરા અસ્તિત્વ સાથે એકતાનો અનુભવ કરે છે. ત્યારે કોઈ પણ પ્રકારનો ભેદ રહી જતો નથી. અંશ અંશીની સાથે મળી જાય છે. અને લહેર સાગરમાં વિલીન થઈ જાય છે.

ત્રીજો શબ્દ છે - **'सत्'** આ ત્રણ શબ્દોમાં સંપૂર્ણ ભારતના દર્શન, વેદાન્ત, પૂરો સાર અને ભારતનો આત્મા સમાયેલ છે. શ્રી કૃષ્ણ, બુદ્ધ,

મહાવીર, રામ, શિવ આદિ પણ આ શબ્દોમાં જ સમાયેલા છે.

❖ 'सत्' નો અર્થ ❖

'**सत्**' નો અર્થ છે - 'જે છે.' સંસારમાં જે પણ વસ્તુઓ છે તેઓ આજે છે, કાલે રહેવાની નથી. અમે પણ છીએ અને તમે પણ છો. પરંતુ પરમાત્માનું હોવું આ હોવાથી ભિન્ન છે. જે વસ્તુ આજે છે, તે કાલે નથી રહી શકવાની. આપણે આજે છીએ કાલે નથી રહેવાના. આપ પણ આજે છો કાલે નથી રહેવાના. વૃક્ષ, પર્વત, જે આજે છીએ, કાલે નાશ પામવાના. કાલે બધી વસ્તુઓ ન હોવાનું નિશ્ચિત છે. ચેતન હો યા અચેતન, તેમનો નાશ થવાનો નિશ્ચિત છે.

એટલા માટે પરમાત્માના હોવા પણામાં એક ગહન અંતર છે. આપણું હોવું એક તથ્ય છે, ક્યારે હતું પછી ન હતું થઈ જશે. બે બાજુ ન હોવાથી ખાઈ છે, અને વચમાં હોવાની નાની એવી ઊંચાઈ છે. જેમ આપના રૂમમાં એક પક્ષી ચાલ્યું આવે, ક્ષણ ભર તડપે, એક બારીમાંથી પ્રવેશ કરે અને બીજી બારીથી નીકળી જાય. એવું આપણું ક્ષણભર માટે હોવાપણું છે. વળી પાછું ગહન ન હોવાપણું થઈ જાય છે.

પરમાત્મા સદા છે. सत् નો અર્થ એજ છે કે જે સદા - સર્વદા છે. જેના ન હોવાનો કોઈ ઉપાય યા પ્રશ્ન જ નથી. એટલા માટે આપણે મટી જઈશું, આપ પણ મટી જશો પરંતુ અમારી અને આપની અંદરનો પરમાત્મા ક્યારે મટવાનો નથી. નાશ પામવાનો નથી. અને જ્યાં સુધી તમે પોતે પોતાને નાશ પામનારા સ્વરૂપની સાથે પોતાને એકરૂપ સમજશો, ત્યાં સુધી આપ ભટકશો. ત્યાં સુધી આપ દુઃખી પણ રહેશો અને આપ મૃત્યુથી પણ ભયભીત રહેશો. પરંતુ જે દિવસે આપની નજર બદલાઈ અને આપે પોતાની અંદર તેને ઓળખી લીધો, જે '**सत्**' છે - જે ક્યારેય મરતો નથી. નાશ પામતો નથી.

ક્યારેય પેદા થતો નથી - જે બસ છે, જે શુદ્ધ 'હોવાપણું' છે - ઈઝનેસ. આટલા માટે પરમાત્મા છે - એવું કહેવું પુનરૂક્તિ છે. આપ છો, અમે છીએ, વૃક્ષ છે, પર્વત છે - એમ કહેવું તો ઠીક છે. કારણ કે અમે, તમે, વૃક્ષ, પર્વત આદિ ક્યારે નહીં પણ હોઈશું. પરમાત્મા છે એવું કહેવું ઠીક નથી. છે નો

શું મતલબ ? પરમાત્મા છે - એનું તાત્પર્ય એ છે કે જે છે, તે જ છે જ. આતો પુનરૂક્તિ છે. આથી જ આપણે પરમાત્માને સત્ કહ્યો છે. આપણે કહ્યું કે તે હોવાપણું છે. તેને એમ ન કહો કે પરમાત્મા છે.

વેદાન્ત એ નથી કહેતું કે પરમાત્મા છે. વેદાન્ત એ કહે છે કે જે છે, તે જ પરમાત્મા છે. હોવાપણું હોવું એ જ પરમાત્મા છે. આથી તો ભારતના નાસ્તિકોનો વિસ્તાર નથી થઈ શક્યો. ઉપનિષદનો, વેદાન્તનો નાસ્તિક પણ ઈનકાર નથી કરી શક્તો કારણ કે વેદાન્ત એ વાતનો દાવો નથી કરતું કે પરમાત્મા છે. એટલે આપ કેવી રીતે ખંડન કરશો. કેવી રીતે સિદ્ધ કરશો કે તે નથી. આ ખૂબ મહત્ત્વપૂર્ણ વાત છે. આપણો દાવો પણ અનોખો છે. વિલક્ષણ છે. પશ્ચિમમાં નાસ્તિકોનો વિસ્તાર વધ્યો અને ઈસાઈ - ધર્મ ગુરુ નાસ્તિકોને પણ સમજાવી શક્યા નહીં. કારણ કે આપ કહો છો કે ઈશ્વર છે. જેમ વૃક્ષ છે પર્વત છે, નદી છે, સંસારની બધી વસ્તુ છે. તમે છો, હું છું. અને નાસ્તિક કહે છે કે નથી. જે છે તેને સિદ્ધ કરી શકાય છે કે તે નથી.

❖ પાશ્ચાત્ય વૈચારિકોની દૃષ્ટિએ ભગવાન ❖

મહાન આંગ્લ વિચારક નિત્સેએ કહ્યું છે - ગોડ ઈઝ ડેડ. ઈસાઈયત સાથે એનો કોઈ વિરોધ નથી. કારણ કે જો આપ કહો છો કે પરમાત્મા પણ તેવો જ છે, જેમ અન્ય તમામ વસ્તુઓ સંસારમાં છે. જેમ અન્ય ચીજો મરે છે, નાશ પામે છે, સમાપ્ત થાય છે. તેમ પરમાત્મા પણ મરી શકે છે, નષ્ટ થઈ શકે છે, સમાપ્ત થઈ શકે છે. તો નિત્સે ઠીક કહે છે કે ઈશ્વર મરી ગયો છે. અત્યારે તમે વ્યર્થ પૂજા કરી રહ્યા છો. વ્યર્થ ચર્ચ (ગિરજાઘરો)માં જાવો છો. આ બધું બંધ કરો. ઈશ્વર મરી ચૂક્યો છે. તમે કોની પૂજા કરી રહ્યા છો. હવે તે નથી.

'જે છે તે નથી.' - હોઈ શકે છે. પરંતુ આપણી ભારતીય ચિંતકોની ઘોષણા જ ભિન્ન છે. આપણે કહીએ છે - તે **'सत्'** છે. **'सत्'** તેનું સ્વરૂપ છે - તેનો ગુણ નથી. આ થોડીક સૂક્ષ્મ વાત છે. જે બરાબર સમજવી પડશે.

ગુણ ક્યારેય નાશ પામી શકે છે, પરિવર્તન પામી શકે છે. સ્વરૂપ ક્યારેક ખોવાઈ જાય છે. આપનું હોવું ગુણ છે, સ્વરૂપ નથી. પરમાત્માનું હોવું સ્વરૂપ

છે. ગુણ નથી. તે સદા છે. ઉચિત તો એ હશે કે અમે કહીએ કે જે સદા-સર્વદા છે, હંમેશા છે, તેનું નામ પરમાત્મા છે. એટલે 'ॐ तत् सत्' આ ત્રણેમાં બધું આવી જાય છે.

❖ ઓંકારના ત્રણ સ્વરૂપ ❖

ઓંના ત્રણ રૂપ છે. પ્રથમ છે - યજ્ઞાદિ રૂપ. યાને કર્મ, બીજું છે - વેદરૂપ યાને બોધ, અધ્યયન, સ્વાધ્યાય, મનન અને ચિંતન. ત્રીજું છે - બ્રાહ્મણ રૂપ યાને ભાવ-અન્તર્ભાવ. આ રૂપોથી પરમાત્માને જાણવું, સમજવું અને પ્રાપ્ત કરવું. પ્રથમ રૂપમાં કર્મની પ્રધાનતા છે, બીજા રૂપમાં બોધ અધ્યયન, સ્વાધ્યાય, અને ચિંતન - મનનની પ્રધાનતા છે. અને આ રીતે ત્રીજા રૂપમાં ભાવ અને અન્તર્ભાવની પ્રધાનતા છે. આ ત્રણે 'પ્રધાનતા' સાધન છે.

બ્રાહ્મણનો અર્થ છે - તે બ્રાહ્મણ જેણે 'તેને' જાણી લીધો. અહીં 'તેને' નું તાત્પર્ય છે - 'બ્રહ્મ'. બ્રાહ્મણનો અર્થ જ્ઞાની. બ્રાહ્મણનો અર્થ છે - જે બ્રહ્મને પ્રાપ્ત થઈ ગયો. અથવા જે બ્રહ્મસ્વરૂપ બની ગયો છે. જે પોતાની અંદર અહર્નિશ પ્રત્યેક ક્ષણ અનાહત નાદ (ઓંકાર)ની ધ્વનિ સાંભળી રહ્યો છે.

આનું તાત્પર્ય એ થયું કે આદિમાં તેનાથી જ બ્રાહ્મણ ઉત્પન્ન થાય છે ? આનું તાત્પર્ય એ થયું કે જ્યારે પણ કોઈ બ્રહ્મજ્ઞાનને પ્રાપ્ત કરે છે તો તે પોતાના થકી નહીં, પરંતુ બ્રહ્મ દ્વારા જાણે છે. તે બ્રહ્મ દ્વારા જ 'બ્રહ્મ' ને પ્રાપ્ત થાય છે. કહેવાનું તાત્પર્ય એ કે જે સ્વયંને મટાડી દે છે. બસ આટલું જ તમારે કરવાનું છે. બ્રહ્મને પ્રાપ્ત કરવા માટે સ્વયંને મરવું પડશે. અહંકારને મારવો પડશે. આ સૃષ્ટિમાં સર્વ પ્રથમ બ્રાહ્મણનો આવિર્ભાવ થયો, પછી બ્રાહ્મણને જે કહ્યું તેનાથી વેદનો આવિર્ભાવ થયો. બ્રહ્મ અને વેદોની વચ્ચે બ્રહ્મજ્ઞાની છે. બ્રહ્મની નિકટ બ્રાહ્મણ છે. અને બ્રાહ્મણની નિકટ છે વેદ અને વેદનો સ્વીકાર કરીને તેના અનુસાર કર્મ કરવામાં આવે છે - તેનું નામ યજ્ઞ છે. વેદની નિકટ યજ્ઞ છે. પરમાત્મા ! બ્રાહ્મણ ! વેદ ! યજ્ઞ !

'तत्' નામથી સંબોધિત કરનારા પરમાત્માનું જ આ બધું છે. એવા ભાવથી ફળની કામના ન કરીને, ભિન્ન ભિન્ન પ્રકારના જપ, તપ, યજ્ઞ, અને

દાન રૂપ ક્રિયાઓ મોક્ષની કામના કરનારા પુરુષો દ્વારા કરવામાં આવે છે.

ગીતાજીનું કથન છે કે - જ્યાં જ્યાં અહંકારશૂન્ય થઈને જે કંઈ પણ થશે, કોઈપણ કાર્ય થશે, ત્યાં જ 'सत्' શબ્દનો પ્રયોગ કરી શકાય છે. તે કાર્યને આપણે 'સત્કર્મ' (સત્કર્મ) કહીએ છીએ, જે નિરહંકાર ભાવમાં કરવામાં આવે. આ પરિભાષાને બરાબર યાદ રાખવી પડશે.

❖ સાચું સત્કર્મ ❖

સત્કર્મનો અર્થ છે - જેને આપે કર્યું ન હોય, પરંતુ જે આપના દ્વારા પરમાત્માથી થયું હોય. સત્કર્મનો બીજો કોઈ અર્થ નથી કે આપે દાન કર્યું, દક્ષિણા આપી, સેવા કરી, મંદિર બનાવ્યું, ધર્મશાળા બનાવી, ગૌશાળા બનાવી, આનથાશ્રમ બનાવ્યો. એનાથી કોઈ ફરક નથી પડતો. જો તમે સેવા કરી, દાન આપ્યુ, દક્ષિણા આપી કે કોઈ પણ સારૂં કામ કર્યું, ભલાઈનું કામ કર્યું. તમે જ કર્યું તો તે સત્કર્મ નથી. જો આપના વડે સેવા થઈ, પરમાત્માએ કરાવી, પરમાત્માએ કરી તો તેમ સત્કર્મ થયું. જો દાન આપતી વખતે તમારી અંદર અહંકારે જન્મ લીધો તો સમજી લેજો કે તે અસત્દાન અથવા અસત્કર્મ થઈ ગયું. જો દાન આપતી વખતે આપે પોતાનો હાથ પરમાત્માના હાથમાં સોંપી દીધો અને એમ સમજી લીધું કે આ દાન કરનાર મારો હાથ નથી, પરમાત્માનો હાથ છે. અને પરમાત્માએ જ દાન આપ્યું છે. સારી દુનિયા ભિખારી દાતા એક રામ. યાદ રાખો, હું કેવળ ઉપકરણ અને નિમિત્ત માત્ર જ રહી ગયો તો તે દાન તે ક્રિયા સત્કર્મ બની ગયું. સત્કર્મની વ્યાખ્યા અનોખી છે. કોઈ બીજાથી એમાં કોઈ સંબંધ નથી. એમાં સારા કર્મનો પણ પ્રશ્ન નથી. એમાં પ્રશ્ન છે નિરહંકારિતાનો.

ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને સમજાવે છે કે - પ્રશ્ન યુદ્ધનો નથી. પણ પ્રશ્ન યુદ્ધ કરનારાનો છે. તું યુદ્ધ ક્ષેત્રમાં એવી રીતે ઊતર જેમ કે તું છે જ નહીં. પરમાત્મા તારા દ્વારા યુદ્ધ કરાવી રહ્યા છે અને યુદ્ધ થઈ રહ્યું છે. લેખક લખી રહ્યો નથી. પરમાત્મા લેખક દ્વારા લખાવી રહ્યો છે. **તું વચમાંથી હઠી જાય તો સત્કર્મ છે. હું પણાને ભાવ હઠી જવો જોઈએ આવી અવસ્થામાં ભયંકર યુદ્ધ પણ ધર્મયુદ્ધ બની જાય છે. કુરુક્ષેત્ર ધર્મક્ષેત્ર બની ગયું અને**

મહાયુદ્ધ ધર્મયુદ્ધ કહેવાયું. આ છે ગીતા રહસ્ય.

અને જો તું યુદ્ધ કરી રહ્યો છે અને પરમાત્માને પાછળ રાખીને તું સ્વયં આગળ વધી રહ્યો છે - તો તે અસત્ બની જશે. એનો અર્થ એ થયો કે સત્ અને અસત્ હોવાનો સંબંધ કર્મોથી નથી. એક વેશ્યા પણ સત્ ને પ્રાપ્ત કરી શકે છે. એક ખૂની-હત્યારો યા એક ચોર પણ સત્ ને પ્રાપ્ત કરી શકે છે, જો અહંકાર છોડી દીધો હોય તો અને પરમાત્માએ જે કરાવ્યું તે નિમિત્ત માત્ર થઈ ગયું. આપ પરમાત્માના હાથની લાકડી અથવા પરમાત્મા માટેનું સાધન (માધ્યમ) બની ગયા, પછી ન તો આપને પાપ લાગશે અને નહીં પુણ્ય. પછી કર્મજાળમાં આપને ફસાવાનો પ્રશ્ન જ રહેશે નહીં. આપનું જીવન જળકમળવત્ બની જશે, અસ્પર્શિત.

શ્રદ્ધા વિના કરેલ કોઈ પણ કાર્ય, કર્મ, અથવા કૃત્ય અસત્ છે. એટલા માટે તે ન તો આ લોકમાં લાભદાયક છે અને નથી મર્યાબાદ પરલોકમાં. તેના ધોકામાં પડશો નહીં. સૂક્ષ્મરૂપમાં એક અંતિમ વાત આપને સ્મરણમાં રહેવી આવશ્યક છે કે જે પણ તમારાથી થાય છે તે અસત્ છે, અધર્મ છે. જે અહંકારને સાથે લઈને વહે તે પવિત્ર ગંગા નથી. તેના કિનારે તીર્થ બનશે નહીં. એક જ યજ્ઞ છે - તમારું ભસ્મ બની જવું. નકામું ઘી નહીં બાળો, ઘીની આમ તો તંગી છે, કમી છે, હવનમાં વ્યર્થ અન્ય બાળી ન મૂકો. આમ જ અન્ન ઓછું છે. મૂર્ખતા કરશો નહીં.

એક જ તપ છે તડકામાં તપવાની તપસ્યાના નામ પર કોઈ જરૂર નથી. વ્રતના નામ પર ભૂખ્યા મરી ઉપવાસ નહીં કરો. દાન-પુણ્ય નહીં કરો સ્વર્ગની પ્રાપ્તિના નામ પર, કારણ કે એનાથી આપનો અહંકાર સઘન બનશે, મજબૂત બનશે, દૃઢ થશે, બસ, એક જ તપ છે, એક જ વ્રત છે, એક જ દાન છે કે આપ સ્વયંમાં મટી જાવ. એક જ યજ્ઞ છે કે આપ સ્વયં મટી જાવ, આપનો અહંકાર ભસ્મીભૂત થઈ જાય. એક જ દાન છે કે આપ સ્વયંનું દાન કરી દો. સ્વયં સમર્પિત થઈ જાવ. પછી જે શેષ બચી રહેશે તેનું નામ છે - **'ॐ तत् सत्'.**

❖❖❖

૨૬

ॐ मणि पद्मे हुम्

એક અતિ પ્રસિદ્ધ મંત્ર છે તિબેટનો - '**ॐ मणि पद्मे हुम** ।' એ સર્વોચ્ચ અનુભવની સર્વાધિક સુંદર અભિવ્યક્તિ છે. એનો અર્થ છે - મૌનની ધ્વનિ, કમળમાં હીરો.



મૌનને પોતાનો ધ્વનિ હોય છે, પોતાનું સંગીત હોય છે. જો કે બાહ્ય કાન એને સાંભળી નથી શકતા. બાહ્ય આંખો એને જોઈ નથી શકતી. આપણા છ બહારની ઈન્દ્રિયો છે. **અતીતમાં માનવ કેવળ પાંચ ઈન્દ્રિયોના વિષયમાં જ જાણતો હતો. છઠ્ઠી ઈન્દ્રિય નવી ખોજ છે.** એ કાનોની અંદર હોય છે, એટલા માટે લોકો એને ઓળખી શક્યા નથી. આ સંતુલનની ઈન્દ્રિય છે. જ્યારે તમે ભ્રમિત દશા ચક્કરનો અનુભવ કરો છો ત્યારે કોઈ શરબી-દારૂડીયાને ચાલતો લથડતો જુઓ છો ત્યારે તે સંતુલનની ઈન્દ્રિય પ્રભાવિત થયેલી હોય છે.

જેવી રીતે આ છ ઈન્દ્રિયો બહારનો અનુભવ કરવા માટે છે તેવી રીતે છ ઈન્દ્રિયો અંદરનો અનુભવ કરવા માટે પણ છે. એને જોવા માટે, સાંભળવા માટે, એના નિતાંત સંતુલનના સૌંદર્યનો અનુભવ કરવા માટે એ બાહ્ય ઈન્દ્રિયો માટે અદૃશ્ય છે, પરંતુ આંતરિક ઈન્દ્રિયો માટે નહીં. તમે એને બાહ્ય ઈન્દ્રિયોથી સ્પર્શ નથી કરી શકતા પરંતુ આંતરિક ઈન્દ્રિયો એમાં તરબોળ છે.

'**ॐ मणि पद्मे हुम ।**' આ મંત્રનો સંબંધ શરીરના ચાર ભાગો સાથે છે. ઉઁ કંઠમાં ગૂંજે છે. '**मणि**' નો સંબંધ હૃદય સાથે છે. મણિપુર ચક્ર નાભિ સાથે

'**पद्मे**' નો સંબંધ છે. તે નાભિમાં ગૂંજે છે. આ રીતે 'हुम्' સંબંધ કામકેન્દ્ર સાથે છે. છે.તે ત્યાં ગૂંજે છે. ચાર ભાગોમાં ક્રમશઃ તેનું ગૂંજરણ થાય છે. આ મંત્રમાં કેટલાક રહસ્યો ભરેલાં છે. પ્રથમ શબ્દહીન શબ્દ છે ૐ અને અંતિમ છે हुम्' પ્રથમ પુષ્પ છે, અંતિમ બીજ છે.

ૐ સત્યના શોધકોની મહાનતમ ઉપલબ્ધિઓ પૈકીની એક છે. એવા ઉલ્લેખો છે જે સર્વથા અવિશ્વસનીય છે, પરંતુ ઐતિહાસિક છે. ૐ તે ધ્વનિ છે. જ્યારે તમારી અંદરથી બાકી બધું લુપ્ત થઈ જાય છે - ન કોઈ વિચાર, વિકાર, ન સ્વપ્ન, ન પક્ષેપક્ષ, ન કોઈ અપેક્ષા, એક તરંગ પણ નહીં. તમારી ચેતનાનું ઝરણું શાંત થઈ જાય છે. માત્ર એક દર્પણ રહી જાય છે. આ દુર્લભ ક્ષણોમાં તમે મૌનની ધ્વનિ સાંભળી શકો છો. તે એક મૂલ્યવાન સર્વાધિક અનુભવ છે. કારણકે તે માત્ર આંતરિક સંગીતની ગુણવત્તાને નથી દર્શાવતો - તે સાથે જ દર્શાવે છે કે આંતરિક લયબધ્ધતા, આનંદ અને અહોભાવથી ભરેલ છે. આ બધું ૐના સંગીતમાં નિહિત છે.

❖ મૌનનો ધ્વનિ ❖

તમારે એમાં કંઈપણ કહેવાપણું કે બોલવાનું રહેતું નથી. જો તમે એમાં કંઈ પણ બોલો છો, તો વાસ્તવિક્તાથી દૂર થઈ જાવ છો. તમારે માત્ર એને સાંભળવાનું છે. તમારે પૂર્ણરૂપથી શાંત અને મૌન થવું પડશે. અને અચાનક જ એ તમારી ચારે બાજુ હશે, એક સૂક્ષ્મ નૃત્યની માફક અને જે ક્ષણે તમે એને સાંભળવા માટે સક્ષમ થશો એટલે તમે અસ્તિત્વના રહસ્યમાં પ્રવેશ કરતાં એટલા સૂક્ષ્મ બની ગયા હશો કે તમામ રહસ્યોને જાણવાની યોગ્યતા પ્રાપ્ત થશે. અસ્તિત્વ તમારી તૈયારી સુધી પ્રતીક્ષા કરશે.

❖ ૐકારના સ્પન્દન ❖

જ્યારે મારપા નામક એક તિબેટના સદ્‌ગુરુનું મૃત્યુ થયું. તેમના અંતેવાસી શિષ્યો તેની ચારે બાજુ બેઠેલા હતા. કારણ કે એક રહસ્યદર્શીનું મૃત્યુ એના જીવન જેટલું જ મૂલ્યવાન છે, સંભવતઃ એનાથી પણ અધિક. જો એક શરીર છોડતી

વખતે રહસ્યદર્શીની સમીપ તમે હાજર રહી શકો તો, તમે ઘણા એવા અનુભવ કરી શકશો કારણ કે તેની સમગ્ર ચેતના શરીરને છોડો રહી છે - જો તમે સજાગ અને ચેતન રહ્યા તો તમને એક નવીન સુવાસનો અનુભવ થશે, તમે એક નવા પ્રકાશને જોઈ શકશો, એક નવું સંગીત સાંભળી શકશો.

જયારે મારપાનુ મૃત્યુ થયું ત્યારે તે એક મંદિરમાં રહેલો હતો. અને તેના સર્વશિષ્યો અચાનક ચકિત થઈ ગયા. તેમણે ચારે બાજુ જોયું - ઓંનો ધ્વનિ ક્યાંથી આવી રહ્યો છે ? અંતમાં તેઓને ભાન થયું તે બીજે ક્યાંયથી નથી આવી રહ્યો - તે મારપામાંથી આવી રહ્યો હતો. તે ધ્વનિનું શ્રવણ તેઓએ તેમના હાથમાંથી પગમાંથી કાન લગાડીને કર્યું. અને તેઓને વિશ્વાસ નહીં આવ્યો કે તેમના શરીરમાં એક કંપન હતું - જે ઓંનો ધ્વનિ પેદા કરી રહ્યું હતું. એ ધ્વનિ તે જીવનભર સાંભળી રહ્યો હતો. જયારે તે વૃદ્ધત્વને પ્રાપ્ત થયો. ધ્વનિ નિરંતર આંતરિક અનુભવના કારણે, તે ધ્વનિ તેની શારીરિક કોશિકાઓમાં પ્રવિષ્ટ થઈ ગયો. તેના શરીરના પ્રત્યેક તંતુએ એક નિશ્ચિત લયબદ્ધતા આત્મસાત કરી લીધી હતી.

જો તમે પોતાનાં જીવનના બીજ ઉપર ચોટ મારો છો તે ધરતીમાં લુપ્ત થવા માંડે છે, અને હરિત વર્ણના પાન તથા નવાંકુર ફૂટવા લાગે છે. આ બંને - ઓં અને '**હુમ્**' ની મધ્યમાં '**મણિપદ્મે**' રહેલ છે. કોઈ પણ તે અંતિમ અનુભવ, તે નિતાંત સૌંદર્યને અભિવ્યક્ત કરવામાં એટલું સફળ નથી થયો જેટલો '**મણીપદ્મે**'. તમારે એની પરિકલ્પના કરવી પડશે. પૂર્વમાં કમળ સર્વાધિક સુંદર સર્વથી મોટું ફૂલ છે. અને તમે જો પ્રાતઃકાળમાં તડકામાં કમળના ફૂલમાં હીરા ગોઠવી દો. તમને એક સુંદર અનુભવ થશે, કમળનું ફૂલ અને હીરાની સાથે.

આ મંત્ર '**ઓં મણિપદ્મે હુમ્**' પોતાની અંદર પૂર્ણ દર્શન સમાવીને રહેલો છે. પ્રથમ ધ્વનિ '**હુમ્**' થી પ્રારંભ કરો અને અંતિમ સ્વયં પ્રત્યક્ષ થઈ જશે. અને તમારૂં અંતઃકરણ મૌનથી આપ્લાવિત થશે. હીરો ચમકી રહ્યો છે. કમળ એટલું સૌમ્ય, નાજુક અને સ્ત્રૈણ છે. એની બીજા કોઈ પુષ્પ સાથે સરખામણી શક્ય નથી.

સૂફીઓ અલ્લાહના પૂરાનામનો ઉપયોગ નથી કરતા, તે પરમાત્માનું મુસ્લિમ નામ છે. તે ઉપયોગ કરે છે 'અલ્લાહ હૂ' અને ધીરે ધીરે તેઓએ

'અલ્લાહ હૂ'ને માત્ર 'હૂ'માં પરિવર્તિત કરી દીધું. તેઓએ જાણ્યું કે 'હૂ' નાભિની એકદમ નીચે જીવન સ્રોત ઉપર ચોટ કરે છે. તમે પોતાના જીવ નથી, પોતાની માતા સાથે નાભિથી જ જોડાયેલા હતા. નાભિની એકદમ નીચે તમારા સ્વયંના જીવનનો સ્રોત છે.

❖ હુ અને હુમ્ નો યોગ્ય પ્રયોગ ❖

'હુમ્'નો સંબંધ કામકેન્દ્ર સાથે પણ છે. અગર 'હુમ્' નો પ્રયોગ વારંવાર કરવામાં આવે તો કામકેન્દ્રની ઊર્જા બહારની બાજુએ પ્રવહિત થતાં અંદરની તરફ પ્રવાહિત થવા લાગે છે. એટલી મોટી ચોટ (પ્રહાર) થાય છે 'હુમ્' નો કે એક એવી ક્ષણ આવે છે કે, જ્યારે કામુકતા હંમેશાને માટે સમાપ્ત થઈ જાય છે. આ મંત્રનો બૌદ્ધ તંત્રમાં મહત્ત્વપૂર્ણ મંત્ર માનવામાં આવેલ છે.

આને અજમાવીને તમે જુઓ. જ્યારે તમે હૂ' બોલો છો તો પ્રહાર નાભિ પર થયા છે. આનો ઉપયોગ આપણે સક્રિય ધ્યાનમાં કરી અનુભવ કરી શકીએ છીએ. આ એક સૂફી ખોજ છે. પરંતુ તેનો ઉપયોગ તિબેટના માર્ગમાં પણ કરી શકાય છે. 'હૂ' ના સ્થાન પર 'હૂ' નો કંઈક કઠોર અનુભવ થાય છે - 'હૂમ્' કંઈ નરમ છે. પરંતુ નરમને તમારી ઊર્જાને જાગૃત કરવામાં અધિક સમય લાગે છે. એ સંભવ છે કે તિબેટના વાતાવરણમાં નરમ પૂર્ણતયા ઉચિત હોય. તેઓને જીવન ઊર્જાને જગાડવા માટે એટલા કઠોર ધ્વનિની આવશ્યકતા ન હતી. પરંતુ અરબસ્તાનના કઠોર રેગિસ્તાનમાં (રણ પ્રદેશમાં) જ્યાં સૂફીઓએ 'હૂ' ના ઉપયોગની શરૂઆત કરી.

'હુમ્' તમારી અંદર ૐને જગાડવા માટે એક (પ્રહાર) ચોટ છે. ૐસંભવતઃ સંપૂર્ણ જગતનું મહાનતમ પ્રતીક છે. એના ધ્વનિનું ગુંજરણ તમે નથી કરી રહ્યા. એ અસ્તિત્વનું કેન્દ્ર છે એ આકાશનો ધ્વનિ છે, જગતનો ધ્વનિ છે અને જીવંતતાનો સંકેત છે. તમારે વારંવાર ઉચ્ચારવાનો નથી. ખરેખર તો એનો અર્થ જાણીને પોતાની અંદર આત્મસાત્ કરવાનો છે. મૌન બેસી રહી. પૂર્ણ નિશ્ચલ બની મનને જોતા રહો. કેટલાક વિચારો આવશે. પરંતુ જેમ જેમ મૌન થશો તેમ તેમ વિચારો લુપ્ત થશે. અને અચાનક એક ધ્વનિનું ગુંજરણ

ચારે બાજુ સંભળાશે ઊં.

અલ્લાહ શબ્દથી આપણે બધા પરિચિત છીએ. અલ્લાહ શબ્દમાં પણ હુંકારનો જ ઉપયોગ છે. અને જ્યારે કોઈ સાધક અલ્લાહનો ઉપયોગ કરે છે, તો જે ઉપયોગ થાય છે તે હોય છે આ પ્રમાણે - અલ્લાહૂ, અલ્લાહૂ, અલ્લાહૂ. પછી તો શબ્દમાંથી અલ્લા છૂટી જાય છે અને લાહૂ, લાહૂ રહી જાય છે. આગળ વધતાં લા પણ છૂટી જાય છે, પછી તો હૂ, હૂ, હૂ અને આખરમાં હૂ હૂ બી જતો અનુભવાય છે અને તે અજપા બની જાય છે. જ્યારે હૂ અજપા બની જાય છે ત્યારે બધા જ વિકારો તિરોહિત થઈ જાય છે.

તિબેટનો મંત્ર છે જે મહામંત્ર છે - '**ઊં મણિપદ્મે હુમ્**'. તે 'હુમ્' 'હૂ'નું જ રૂપ છે. ઊં પણ હૂ' જેવું કામ કરી શકે છે. પરંતુ કદાચ હાલમાં નહીં. બહુ જ **સરલ વ્યક્તિત્વ હોય તો ઊંપણ 'હૂ' નું કામ કરે છે, પરંતુ ખૂબ જટિલ વ્યક્તિત્વવાળા લોક હોય તો કામ નથી કરતો. કારણકે ઊંનો જે પ્રહાર છે, ચોટ છે તે ખૂબ જ સૂક્ષ્મ (માઈલ્ડ) છે. 'હૂ' પ્રહાર ખૂબ જ ઊંડો (ગહન) અસરકારક છે.**

ઊં ની ચોટ માઈલ્ડ (ધીમી) છે, તે બહુ જ ઓછી માત્રાની દવા છે જે તેમને માટે ઉપયોગમાં લવાય છે કે, જે ગંભીર રીતે બીમાર ન હોય. જે લોકો સરળ ચિત્તના છે, નિર્દોષ છે, જેનામાં ચાલાકી - આંટી ઘૂટી નથી, લુચ્ચાઈ નથી, બેઈમાની નથી તેમને માટે ઊં પૂરતો અને અસરકારક છે. હોમિયોપેથીની નાની માત્રા એમની બીમારીને ઠીક કરી શકે છે. તેમ 'હૂ' એલોપેથિક છે - ગંભીર બીમારીમાં એલોપેથીનો પ્રયોગ કરવો પડે છે. તેના વગર ચાલતું નથી. 'હૂ'નો પ્રહાર ભયંકર છે. તે ઊંડે થી ઊંડે સુધી જનાર છે. શીઘ્ર અસરકારક છે. તે અજપામાં ઊતરી જશે તો 'હૂ' ગાયત્રી બની જશે. તંત્રમાં પણ 'હુમ્' બીજનું ખૂબજ અસરકારક વર્ણન ઉપલબ્ધ છે. તેનાથી બધાજ વિકારોનું શમન થઈ જાય છે.

❖❖❖

૨૭

ૐ શબ્દ અને વર્ણમાળા

શબ્દ બ્રહ્મ વિજ્ઞાનનું સ્થાન જગતમાં સર્વોપરિ છે. આ વિજ્ઞાનના નિષ્ણાતોમાં શિવનું સ્થાન અદ્વિતીય છે. અત્યાર સુધીનો સ્થૂળ-સૂક્ષ્મ કારણ જગતનો જે વિકાસ છે તેની પાછળ શિવજીએ રચેલી ''શિવસૂત્ર જાળ'' છે તે મહત્ત્વનો ભાગ ભજવે છે. જગતની સર્વભાષાઓમાં જે શબ્દો છે, જે ધ્વનિઓ છે તેનો સમાવેશ આ 'સૂત્રજાળ'માં થઈ જાય છે.

સંસ્કૃત ભાષા વિશ્વની તમામ ભાષાઓની જનની કહેવાય છે. સંસ્કૃતના અક્ષરોમાં કુલ પચાસ અક્ષરો છે. એ શિવસૂત્ર જાળના વિસ્તૃતીકરણ રૂપે છે.

માનવનું મન - બુદ્ધિ - ચિત્ત - અહંકાર આ ચાર જગતની જે ભૌતિક અને આધ્યાત્મિક પ્રગતિ છે તેના આધારસ્તંભ છે. ભૌતિક સિદ્ધિઓની દૃષ્ટિથી વિચાર કરીએ તો એ સિદ્ધિઓ ક્યાંથી આવી ? સૌ પ્રથમ માનવીના મન અને બુદ્ધિમાં જ તેનું સ્થાન હોઈ શકે અને સિદ્ધિઓ જે સૂક્ષ્માવસ્થામાં માનવીની બુદ્ધિમાં હતી તેનું સ્થૂળમાં રૂપાંતર થયું.

❖ ધ્વનિની વ્યાપકતા ❖

હવે જે બુદ્ધિનું સ્વરૂપ છે અથવા તો મનનું કે ચિત્તનું કે અહંકારનું સ્વરૂપ છે તે કેવું છે ? આ સ્વરૂપ માનવીની સ્વ સ્વ ભાષામાં ગોઠવાયેલા શબ્દોનું સ્વરૂપ છે. આ શબ્દોનું જે સ્વરૂપ છે તેના મૂળમાં ધ્વનિ છે. આ ધ્વનિને એક સ્થાનથી બીજા સ્થાનમાં જવા માટે આધાર અથવા પૂલની જરૂર હોય છે. તે પુલ જે છે તે અગ્નિ છે. બહિર્ જગતમાં આ અગ્નિ વાતાવરણના પ્રત્યેક અણુ અણુમાં વ્યાપી રહેલો છે. વિરાટ્ પુરુષના મુખમાંથી અગ્નિ ઉત્પન્ન થયો છે. **'મુખાદ્ અગ્નિર્અજાયતઃ ।'** એટલે આપણા મુખમાંથી નીકળતા પ્રત્યેક ધ્વનિનું પ્રસરણ આ અગ્નિકણો એક સ્થાનથી બીજા સ્થાનમાં પહોંચાડે છે.

આપણા શરીરમાં પણ અગ્નિ છે એટલે જ આપણે ભાષા દ્વારા આપણા ભાવો, વિચારો વ્યક્ત કરી શકીએ છીએ. આ ભાવો અને વિચારો પણ શબ્દ સ્વરૂપ છે. શબ્દોનું સ્વરૂપ અક્ષરોમાં હોવાથી એ અક્ષરો વિષે આપણે વૈજ્ઞાનિક પદ્ધતિએ કંઈક વિચારવું પડશે.

સંસ્કૃત અને દેવનાગરી વર્ણમાળાનો વિકાસ વાણી સંસ્થાનના સૂક્ષ્મ અવયવોના આધાર પર કરવામાં આવ્યો છે. તેમનું પોતાનું એક સૂક્ષ્મ વિજ્ઞાન છે. શિશુ જ્યારે જન્મ ધારણ કરે છે, તો અબોધ શિશુના મુખમાંથી અનાયાસ જ ધ્વનિ નિઃસૃત થાય છે. તે સ્વર મૂલક હોય છે.

સંસ્કૃતમાં **અ, ઈ, ઉ, ઋ** અને **ऌ** આ પાંચ હ્રસ્વ સ્વર છે. એ જ મૂળ

સ્વર છે. એમાંથી જ સ્વર અક્ષર મળીને આ, ए, ऐ, ओ, औ, ई, ऊ, ऋ, ॡ, अं, अः આદિ સોળ સ્વર બની ગયા છે. જેવી રીતે अ+अ=आ, अ+उ=ओ, अ+ओ=औ બન્યા છે. આ પ્રત્યેકમાં અ ની જ પ્રધાનતા છે.

શિશુના સહજ રૂદનમાં પણ આ સોળ સ્વરો જ અભિવ્યક્ત થાય છે. અને હર્ષના, આનંદના અતિરેકમાં સ્વર જ આગળ થાય છે. આશ્ચર્ય અને વિસ્મયની અભિવ્યક્તિમાં સ્વર જ મુખ્ય ભાગ ભજવે છે.

❖ સનાતન ધ્વનિનું મહત્ત્વ ❖

જુઓ શિશુ રડે છે અવલોકન કરો. બાળક ભારતમાં જન્મે, ચીનમાં, જાપાનમાં, ઈન્ડોનેશિયામાં, રશિયામાં, આફ્રિકામાં, ઈંગ્લેન્ડમાં, અમેરિકામાં અથવા તો ઈરાન કે ઈરાકમાં ગમે ત્યાં જન્મ લે તેની બોલવાની માતૃભાષા અલગ અલગ હશે. દુનિયાના બાળકોની રડવાની ભાષા એક જ છે તે પ્રાકૃત ભાષા - સંસ્કૃત ભાષા.

बालाः रोदन्ति संस्कृभाषा, बालाः रोदन्ति प्राकृतभाषा ।
बालाः रोदति अ...अ...अ...! बालः रोदति... आ... आ... आ...!
बालः रोदति इ... ई... इ... ई...! बालः रोदति ए...ए...ए...!
बालः रोदति ऐ...ऐ...ऐ...! बालः रोदति ओ... ओ... ओ...!
बालः रोदति उ...ऊ...उ...ऊ...! बालः रोदति औ... औ... औ...!
बालः रोदति अं... अं... अं...! बाल रोदति अः... अः... अः...!
बालाः रोदन्ति संस्कृत भाषा, बाला रोदन्ति प्राकृतभाषा...!

- ઈત્યાદિ સ્વર વર્ણમાં બાળકો બધાજ પોત-પોતાના નૈસર્ગિક ઢંગમાં રડતા હોય છે. આ સંપૂર્ણ અભિવ્યક્તિ સંસ્કૃત ભાષાના સોળ સ્વરો જ આપી શકે, દુનિયાની બીજી ભાષા નહીં.

સંસારના કોઈપણ ભાગમાં જીવ અને કોઈપણ જાતિ યા ધર્મના બાળકને જુઓ જ્યારે તેઓ ખૂબ ખુશ હોય છે, આનંદિત હોય છે. અને હર્ષાન્વિત હોય છે ત્યારે આનંદ વિભોર થઈને નાચતા કૂદતા તેઓ '**ओ... ओ...**' ધ્વનિમાં

પ્રસન્નતા વ્યક્ત કરે છે, ક્યારેક ઓહ... અને હા...હા....હા.... પણ કરતા હોય છે. શારીરિક પીડા કે દુઃખમાં વેદના વ્યક્ત કરવા માટે ઊં..હ.. ઊં..હ.. જેવા ઊંહકાર લેતા હોય છે, ઓહ... ઓહ... જેવા ઉચ્ચારણ થતાં હોય છે. આશ્ચર્યની વેળાએ ઓ...ઓ... કે અહા... જેવા ઉદ્‌ગાર નીકળે છે અને અતિ દુઃખ પ્રસંગે યા કોઈના મરણ પ્રસંગે ઓ...હો... હો... કે આહ... જેવા ઉદ્‌ગારો નીકળી જાય છે. આ બધામાં સ્વરની તેમાં ખાસ કરીને '**અ**' અક્ષરની ભૂમિકા મહત્ત્વની છે. તેવીજ રીતે ૐ કારમાં પણ '**અ**' અક્ષર ભૂમિકા મહત્ત્વની છે. તેવીજ રીતે ૐ કારમાં પણ '**अ**' અક્ષર પ્રથમાક્ષર છે. વર્ણમાળાનો પણ પ્રથમાક્ષર છે. એ વાત મહત્ત્વપૂર્ણ છે. ૐ આત્માની નિરહંકાર, નિર્લિપ્ત અને નિર્લિપ્ત આનંદાવસ્થાનો સૂચક છે. આત્માને આ પાંચ-સાત ફૂટના સીમિત આયતન (શરીર)માં આબધ્ધ કરનારી '**अहम्**' અને '**मम**' ની સંકુચિત અવસ્થાથી જ્યારે આપણે ઉપર ઊઠીએ છીએ ત્યારે આપણા આનંદોદ્‌ગાર ૐકાર રૂપે વ્યક્ત થાય છે.

દારૂણ પીડા વખતે ૐની રૂપાન્તરિત ધ્વનિ **ઊં હ, હું હું** આ પીડાને, દુઃખને હળવું કરી આનંદની અનુભૂતિ કરાવે છે. હસવાની વેળાનો **હું** પણ ૐનું એક રૂપ છે. આ રીતે **ઓઊમ**નો પવિત્ર ધ્વનિ સુખઃદુઃખ બંનેમાં આપણો સહચર છે.

શિશુના રુદનની **ઓં...ઓં...ઓં...!** ધ્વનિ પણ ૐનું જ બીજું રૂપ છે અવિકસિત સ્વર પેટી (ધ્વનિ યંત્ર) દ્વારા શિશુ **ઍં...ઓં...ઓં...** ના માધ્યમથી ૐનું જ સંકીર્તન કરે છે. પશ્ચિમ પરિહાર માટે ધોબી **હાં, હાં, હું હું** નો અવાજ કરી કપડા ધુએ છે, ઉલ્કાપાતની તરફ શૃગાલ (શિયાળ) **હુઆ** કરે છે, સિંહ ગર્જના અને યંત્રોની **ભોં...ભોં...ભોં...** માં અંતે ધ્વનિ ૐકારનો ગૂંજારવ છે. અનન્ત પ્રકૃતિના રૂપોમાં પ્રતિક્ષણ અનવરત ૐનો જ અનુવાદ નિનાદિત થઈ રહ્યો છે.

વ્યાકરણની દૃષ્ટિએ વિચાર કરતાં એ નિષ્કર્ષ નીકળે છે કે ૐકાર એ પદ ગૂઢાર્થવાળું છે. ૐનું નિશ્લેષણ **અ+ઉ+મ** છે એટલે **અ** અને **ઉ** સ્વરો હોવાથી બે ભાગ ઋણના છે એટલે નેગેટિવિટી ઋણાત્મક વધુ છે. અને **મ** માં પણ **મ્+અ** એટલે અર્ધી માત્રા જે છે તે પૃથ્વી તત્ત્વની છે કારણ કે **મ્** એ

વ્યંજન હોવાથી પૃથ્વી તત્ત્વયુક્ત ઘનતા છે. એટલે તેમાં પૃથ્વી તત્ત્વનો ભાગ છે. આમ ૐમાં ત્રણ અક્ષરો સ્વરો છે, અને અર્ધમાત્રા વ્યંજન છે. ત્રણ ભાગમાં સ્વરો હોવાથી તેનું ઉચ્ચારણ કરવાથી સંસ્કારોનું ઉર્ધ્વગમન થઈ મન સૂક્ષ્મતામાં રૂપાંતરિત થતું જાય છે. સંસ્કૃત વ્યાકરણ અનુસાર ૐકારનો પ્રત્યેક અક્ષર ધ્વનિ સાર્થક છે, પૂર્ણ શબ્દ છે. જડ શબ્દ નથી. શબ્દ બ્રહ્મ છે.

❖ અ કારનું સ્વરૂપ અને મહત્ત્વ ❖

'અ' સ્વર રૂપ અક્ષર હોવા છતાં પૂર્ણ શબ્દ છે અને એનો અર્થ બ્રહ્મ છે. '**अक्षराणाम् अकारोऽस्मि**' સર્વ અક્ષરો (વર્ણો)ની મધ્યમાં હું અ કાર છું. એનો સીધો અર્થ એ છે કે પરમાત્માની વિભૂતિને જો વર્ણમાળાના અક્ષરોમાં જોવી હોય તો તેને '**અ**' અક્ષરમાં જુઓ. સર્વ અક્ષરોનો આદિ છે. પરમાત્મા પણ સર્વના આદિ છે. '**અ**' સર્વથા સ્વાધીન અક્ષર છે. એનું ઉચ્ચારણ સ્વયં સિધ્ધ છે. '**અ**' ધ્વનિ જ મૂળ ધ્વનિ છે. પોતાના ઉચ્ચારણમાં એને કોઈ સહાયક ધ્વનિની આવશ્યકતા નથી. તેમ પરબ્રહ્મ પણ સર્વદા સ્વાધીન છે, સ્વયંભૂ છે તેની વિદ્યમાનતા સર્વ નિરપેક્ષ છે.

બધા હલન્ત વ્યંજન અક્ષર પોતાના ઉચ્ચારણમાં પરાધીન છે. જ્યાં સુધી તેઓના ઉચ્ચારણમાં તેની સાથે કોઈ સ્વરનો યોગ થતો નથી ત્યાં સુધી તેના ઉચ્ચારણમાં સરળતા થતી નથી. 'હેલો' ના ઉચ્ચારણ કરવામાં સ્વર જ સહાયક થાય છે. આ રીતે વિવિધ રૂપો વાળો તથા મનોવેદ્ય આ સંસાર '**અ**' (બ્રહ્મ)ના આશ્રયથી ગતિશીલ થઈ રહ્યો છે. '**અ**' જ તેનો મહાપ્રાણ પ્રેરણાકેન્દ્ર છે, જીવન સ્રોત છે.

❖ અવ્યક્ત ઈશ્વરની સર્વોપરિતા ❖

અ કારની એક વિશેષતા એ પણ છે કે જ્યારે કોઈ હલ અક્ષર (વ્યંજન) સાથે મળે છે ત્યારે, તેના ધ્વનિને સ્પષ્ટ તથા સરળ તો બનાવે જ છે. પરંતુ પોતાને છૂપાવતો રહે છે. પોતે પ્રકાશમાં નથી આવતો છતાં બધા વર્ણોને ધ્વનિને પ્રકાશિત કરે છે. શ્રોતાને **અ** નું ભાન થતું નથી. આ વિશેષતા

પરમેશ્વરમાં પરિલક્ષિત થાય છે. તેણે અખિલ સૃષ્ટિની રચના કરી છે. અને પોતાને છૂપાવ્યો છે. તે બધાનો આધાર છે, તો પણ અવ્યક્ત છે. તે સર્વમાં ઓતપ્રોત છે, અનુસ્યૂત છે, આમ છતાં અદૃશ્ય છે, અગોચર છે. આથી તેને પરબ્રહ્મ, અત્યંત સૂક્ષ્મ, પરાત્પર અને સર્વોપરિ પણ કહેવાય છે.

પરોપકારી પુરુષનો પણ આ સ્વભાવ છે. તે ઉપકાર અને પ્રમાણિક વર્તન કરવા છતાં પોતાને પ્રકાશમાં નથી આવવા દેતો. સાધુ યા સજ્જન પુરુષ અમાની માનદઃ હોય છે. તેઓ બીજાને માન આપે છે. બીજાનાં કાર્યો તો સફળતાપૂર્વક કરે છે પરંતુ સ્વયં અહંકાર નથી કરતા. આ રીતે આપણે જોઈએ છીએ કે **અ**કાર ઘણો જ પરોપકારી અને નિરહંકારી છે. બ્રહ્મ પણ અહેતુક દયાળુ, અહમત્વથી શૂન્ય છે. **અ** બ્રહ્મની કૃપાળતા, સહજ કોમળતા, પરોપકારિતા પર જ પ્રકાશ નથી પાડતો તે તેના ૐ રૂપમાં સમુચ્ચાર અમને પણ તેના જેવા પરોપકારી, નિરહંકારી, સર્વસુહૃદ અને સર્વ હિતૈષી બનવાની પ્રેરણા આપે છે.

માત્ર પ્રકાશરૂપ પરાધ્વનિ પોતાને મધ્યમામાં ક્રમશઃ સ્થૂળાન્તરિત કરી અન્તસ્થ પ્રાણવાયુના આઘાતથી કંઠાદિ સ્થાનોમાં થઈને જિહ્વા (જીભ)ના પ્રયત્નથી વૈખરી વાણી (શ્રવ્યગિરા)નું રૂપ ધારણ કરે છે, તો જે સ્થાનોથી અક્ષરોનું ઉચ્ચારણ થાય છે, તે સર્વનું પ્રથમ સ્થાન કંઠ જ છે. અને જે અક્ષરો કંઠસ્થાનથી બોલવામાં આવે છે, તે સર્વમાં **અ**કાર અક્ષર છે. આથી એ સિદ્ધ થાય છે કે સૃષ્ટિ ઉપક્રમના સમયે પરમાત્માથી જ્યારે અક્ષરોના ઉચ્ચારણની વિદ્યાનું વિધાન થયું તો સર્વથી પ્રથમ **અ**નો ધ્વનિ જ હશે. આથી તેને આદિનાદ પણ કહે છે. એટલે સ્પષ્ટ જ છે કે **અ** નો નિત્ય સંબંધ, **અ** ની હરગિરા સાધના છે, નાદાનુસંધાન છે. જેને શબ્દસુરતિયોગ, લયયોગ, નાદયોગ, આદિ નામોથી ઓળખવામાં આવે છે. ખરેખર તો તે **અ-યોગ** જ છે.

❖ મ્ કારનું સ્વાસ્થ્ય ❖

ૐનો અંતિમ વર્ણ **મ્** છે. જેના અનેક અર્થ છે. ભાષાની દૃષ્ટિથી વિચાર કરીએ તો આપણને સમજાશે કે ભાષામાં પણ એનું પોતાનું એક વિશિષ્ટ સ્થાન

છે. બધા વ્યંજનોને પાંચ વર્ગોમાં **क** વર્ગ, **च** વર્ગ, **ट** વર્ગ, **त** વર્ગ અને **प** વર્ગમાં સંગઠિત કરવામાં આવ્યા છે. આ પાંચે વર્ગોમાં અંતિમ અક્ષર **म**કાર જ છે. આ કોઈ આકસ્મિક ઘટના નથી ઋષિઓને સમજી વિચારીને એવો અક્ષર ક્રમ નિયમિત કર્યો છે. તેઓએ ૐ અનુસાર જ પોતાની અક્ષરમાળા બનાવી છે.

સંસ્કૃત ભાષાના પ્રસિદ્ધ સૂત્ર **मोऽनुस्वारः** (**अष्टाध्यायी ८/३/२३**) અનુસાર '**म**'ના સ્થાન પર અનુસ્વાર થઈ જાય છે. અનુસ્વાર થઈ ગયા પછી એ **म**કાર બધા અક્ષરોના માથે ચડી જાય છે. આથી સિદ્ધ થયું કે **म**કાર સર્વ અક્ષરોમાં પ્રબળ છે. જે '**म**'માયા વાચી છે અને માયાની પ્રબળતા સર્વ વિદિત છે.

'**म**' નો અનુસ્વાર જ તંત્રમાં બિંદુ કહેવાય છે. બધા તાંત્રિક બીજ મંત્રો બિંદુયુક્ત અર્થાત્ અનુસ્વારયુક્ત હોય છે. જેમકે **हीं, श्रीं, क्रीं क्लीं, ऐं, अं, कं, खं, घं, गं, चं, छं, टं, डं, दं, ढं, आं, इं, पों, कों, बों, भों, मों** ઈત્યાદિ.

તાંત્રિક સાધન ઋધ્ધિ-સિધ્ધિની સાધનાઓ છે. તંત્રમાં સર્વત્ર માયા શક્તિની જ વિશેષતા છે. આથી '**म**' ની નીચે સર્વ શક્તિનું સ્થાન છે. ૐકાર સંપૂર્ણ સાધના છે. સર્વાંગીણ સાધના છે. તાંત્રિક સાધનાની માફક તે માત્ર લૌકિક કે એકાંગી સાધના નથી. ૐ ઉપાસના જીવનની સમગ્રતાને સાથે લઈને ચાલે છે. એટલા માટે તે સમગ્રતાની ઉપાસના કહેવાય છે. ૐની ઉપાસનાથી લોકની સાથે પરલોક પણ સુધરે છે. તાંત્રિક સાધનામાં પારલૌકિક લાભ ઓછો મળે છે. આ દૃષ્ટિથી વિજ્ઞ ઋષિઓએ પ્રધાનતાના ક્રમમાં '**म**' ને અંતિમ સ્થાન આપવાનું ઉચિત માન્યું છે. આપણે આ બોધનું અનુસરણ કરવું જોઈએ.

ૐના **अ,उ,म्** માં '**अ**' ની જ્યેષ્ઠતાનું વિવેચન તેના આદિ (પ્રારંભ)માં હોવાનું ઔચિત્ય સ્વયં પ્રકટ કરે છે. '**उ**' અક્ષર તેનો અનુગામી છે અને શબ્દના રૂપમાં એનો અર્થ 'જીવ' યા 'આત્મા' થાય છે. **म्** ત્રીજો અક્ષર તેના પછી અનુગામી છે. જે વ્યંજન હોવાના કારણે એક અક્ષર છે. પરંતુ પ્રકૃતિવાચી હોવાથી પ્રકૃતિ યા માયાનો અર્થ ધ્વનિ કરવાને લીધે તે સ્વયં પૂર્ણ શબ્દ છે. તે પ્રકૃતિનો વિલાસ સૂચવે છે. આ વ્યુત્પત્તિ અનુસાર **अ,उ,म** ના સંયોજનથી

બનેલો ઓં શબ્દ ઈશ્વર, જીવ અને પ્રકૃતિનો પ્રતિનિધિ છે. ઈશ્વર, જીવ અને પ્રકૃતિ જ સમસ્ત વિદ્યાઓ મૂળ વિષય છે.

આ સંપૂર્ણ બ્રહ્માંડની સૃષ્ટિના મૂળમાં એક પરમતત્ત્વ છે. આ પરમ તત્ત્વને આપણા દાર્શનિકો અને મનીષિઓએ પરબ્રહ્મની ઉપાધિ આપી છે. શબ્દ જગતના નિર્માણમાં આ 'પરબ્રહ્મ' શબ્દ બ્રહ્મ વાચક બની જાય છે. પરમ તત્ત્વના મૂળમાં બે તત્ત્વ છે પુરુષ તત્ત્વ અને પ્રકૃતિ તત્ત્વ જેને દર્શનશાસ્ત્રમાં બ્રહ્મ અને માયાના નામથી સંબોધિત કરવામાં આવેલ છે. એ જ બંને તત્ત્વ તંત્રશાસ્ત્રમાં શિવ અને શક્તિ છે. તંત્રના વળી બે રૂપ છે મંત્ર અને યંત્ર. તંત્રશાસ્ત્રની રચના શબ્દશાસ્ત્રના આધાર પર થઈ છે. શબ્દ શાસ્ત્રમાં શબ્દ 'શક્તિ'રૂપ અને અર્થ 'શિવ'રૂપ છે. મંત્રમાં સ્વર 'શિવ' રૂપ અને વર્ણ (વ્યંજન) 'શક્તિ'રૂપ છે. યંત્રમાં સમ સંખ્યા શિવરૂપ અને વિષમ સંખ્યા શક્તિરૂપ છે.

જે પ્રકારે સંપૂર્ણ વિશ્વ બ્રહ્માંડની સૃષ્ટિ મિથુનાત્મક છે. અને શિવ તત્ત્વ અને શક્તિ તત્ત્વના સંયોગથી સૃષ્ટિ થઈ છે તેવી જ રીતે શબ્દ જગતની સૃષ્ટિ અથવા રચના મિથુનાત્મક છે. શિવ આધાર છે અને શક્તિ આધેય છે. બીજા શબ્દોમાં શિવ આસન છે અને શક્તિ આસીન છે. કૌલ મતવાળાઓનું કહેવું છે કે - સમસ્ત જગત શૈવ-શાક્ત જગત છે, જેની ઉત્પત્તિ શક્તિ શક્તિમાનથી થઈ છે. સ્ત્રી-પુરુષથી વિશ્વ ઉત્પન્ન થયું છે સ્ત્રી-પુંસાત્મક જ છે. પરમાત્મા શિવ છે તો માયા શિવા છે. પુરુષ પરમેશ્વર છે તો પ્રકૃતિ પરમેશ્વરી છે. શિવ કામેશ્વર છે તો શક્તિ કામેશ્વરી, આ બંનેનો મિથુનાત્મક સંબંધ જ મૂળ વાસના છે. તે જ મૂળ આકર્ષણ અથવા કામ છે. નિસ્સંદેહ ''કૌલમત''ની આધ્યાત્મિક ભાવના દાર્શનિક દૃષ્ટિ અત્યંત ગહન અને અતિ સૂક્ષ્મ છે્

જેવી રીતે શિવ-શક્તિના સંયોગથી સૃષ્ટિ થઈ છે તેવી જ રીતે તેના ફળ સ્વરૂપ શબ્દ અર્થની ઉત્પત્તિ થઈ છે. અને નિવૃત્તિ શક્તિ અને પ્રવૃત્તિ શક્તિ પણ નિષ્પન્ન થઈ છે. શબ્દની નિષ્પત્તિ અને જપની ક્રિયા ને પણ મૈથુન સંજ્ઞાથી જ સ્પષ્ટ કરવામાં આવી છે. સ્વરના આશ્રય વિના વર્ણ (વ્યંજન) પ્રકટ થઈ શકતા નથી. સ્વર વર્ણના મિથુનાત્મક સંયોગથી શબ્દની સૃષ્ટિ થાય છે.

ઉપરનો હોઠ પુરુષ (શિવ) વાચક છે અને નીચેનો હોઠ સ્ત્રી (શક્તિ) વાચક છે. બંનેના સંયોગથી શબ્દનું ઉચ્ચારણ અથવા પ્રકટીકરણ થાય છે. બંને હોઠોનો સંયોગ પણ મિથુનાત્મક છે. બંને હોઠોનું હાલવું શિવ-શક્તિનું મૈથુન છે. એમાંથી નીકળનારો શબ્દ બિંદુ (વીર્ય)નું સ્વરૂપ છે. અને તેનાથી ઉત્પન્ન થનારા દેવતા સાધકને માટે પુત્ર સમાન છે.

❖ માહેશ્વર સૂત્રોના ઉચ્ચારણની સમજ ❖

ભારતીય પ્રાચીન કાળના આંતર વિજ્ઞાની એવા મહાન ઋષિઓએ પ્રથમ આંતર વિજ્ઞાન દૃષ્ટિથી અક્ષરોની રચના કરી છે. અક્ષરો કુલ ૫૦ છે. આદિનાદ જેમાં જગત સમાયેલું છે તે ''ૐ'' છે. આના આધારે શિવજીએ શિવસૂત્રની રચના કરી ૧૪ સૂત્રો બનાવ્યાં છે. આ સૂત્રોને વિદ્વાન વર્ગ જાણે છે. પાણિનીનું વ્યાકરણ શિવજીની મહતકૃપાથી પાણિનીએ રચેલ છે.

શિવસૂત્ર જાળની રચના સંબંધે એક રૂપક ગાથા છે કે - તાંડવ નૃત્ય કરી રહ્યા પછી ભગવાન શિવ ચૌદ વખત ડમરૂ વગાડે છે, તેમાંથી વિભિન્ન પ્રકારના ચૌદ નાદના રૂપમાં ચૌદ સૂત્ર પ્રકટ થાય છે. તે શિવસૂત્ર જાળ કહેવાય છે. પ્રશ્ન એ થાય છે કે - આ સૂત્રરૂપી જાળની રચના શા માટે કરી ? કહેવાય છે કે સનકાદિ સિદ્ધોનો ઉદ્ધાર કરવા માટે આ ચૌદ સૂત્ર રૂપી સૂત્ર જાળ અર્થાત્ વિભિન્ન પ્રકારના સ્વરૂપી નાદની સૃષ્ટિ કરી છે. સનક વગેરે ઘણા એવા સિદ્ધ પુરુષો વિચિત્ર પ્રકારની અર્થસૂચક એવી અસંખ્ય શબ્દ સંસ્કારની જાળમાં ફસાઈને ભટકી રહ્યા છે. **શબ્દ અને અર્થ (વિષય)નો અવિનાભાવ સંબંધ હોવાથી તે શબ્દ સાથે તે તો અર્થાકારવૃત્ત પણ થાય એ સ્વાભાવિક છે.**

ફીલ્મના વીંટાયેલા રીલમાં જાત જાતના દૃશ્યોરૂપી ફોટાઓ હોય છે. તેમ મનમાં પણ સુપ્ત અવસ્થામાં ગુપ્ત એવા અનેક પ્રકારના શબ્દ સંસ્કારને અનુરૂપ દૃશ્યો પણ હોય છે. આપણે ઘડીભર શાંત થઈને બેસવા, ધ્યાન કરવા કે એકાગ્ર થવા પ્રયત્ન કરીએ છીએ ત્યારે ફીલ્મનું રીલ ખુલતાં જેમ દૃશ્યો પડદા પર આવે છે તેમ માનસપટ પર અનેક દૃશ્યો ઊભરી આવે છે. જે જન્મ જન્માંતરના પણ હોઈ શકે. તે મનને બળપૂર્વક અશાંત બનાવે છે. અને શબ્દ

સંસ્કારોને ઘેરી લઈને અંતર્ભૂત કરવા માટે આ ચતુર્દશ શિવસૂત્ર જાળની રચના થઈ છે. સંક્ષિપ્તમાં શિવસૂત્ર જાળની વિગત આ પ્રમાણે છે.

આ ચતુર્દશ સૂત્રો પૈકી પ્રથમ સૂત્ર છે - ''**अईउण्**'' આ પ્રથમ સૂત્રમા ''**अइउ**'' આ ત્રણ અક્ષરનો ઉચ્ચાર સરળતાથી થાય છે. આ ત્રણ અક્ષરમાં ઋણભાવ (Nagativity) વધારે પ્રમાણમાં છે. ઘનભાવ (Positinity) ઓછો છે. ''**अइउण**'' એમાં છેવટનો ''**ण्**''કાર છે તેનું સ્થાન મૂર્ધ્નિછે. ''**अइउ**'' દબાણ ન હોય તો અધ્ધર રહે છે. ''**ण्**'' વડે દબાણ આપવાથી ત્રણે સ્વર મૂર્ધ્નિમાં આવીને સ્પર્શ કરે છે.

બીજું સૂત્ર ''**ऋलृक्**'' આ દ્વિતીય સૂત્ર પ્રથમ અક્ષર ''**ऋ**'' કારમાં ઝંકાર થાય છે. આ ''**ऋ**''નું પ્રાયશઃ કોઈ સ્પષ્ટ ઉચ્ચારણ થતું નથી. આ મહત્વનો અક્ષર છે. આ અક્ષરના સ્પષ્ટ ઉચ્ચારણથી શીઘ્ર વાણીશુદ્ધિ થાય છે. ગુજરાત અને મહારાષ્ટ્રમાં આ અક્ષરનો ઉચ્ચાર ''રૂ'' કરવામાં આવે છે. જ્યારે ઉત્તરપ્રદેશ તેમજ બંગાળમાં ''રિ'' એવો ઉચ્ચારણ કરે છે. વાસ્તવિક રીતે જોતાં ''**ऋ**'' એ સ્વર હોવાથી સ્વરના ઝંકારની માફક ઉચ્ચાર થવો જોઈએ. ''**रि**'' એ ''રૂ'' તો વ્યંજન છે, સ્વર નથી. અક્ષરોની મહત્તા તેના ઉચ્ચારણમાં છે. સ્પષ્ટતા ઉચ્ચારણની ખૂબજ આવશ્યક્તા છે. ''**ऋ**'' અને ''**ऌ**''માં ''**ऋ**''ના જેટલો ઝંકાર ''**ऌ**''માં નથી થતો. જેમ તારને પાણીમાં ભીંજવતાં સ્પષ્ટ ઉચ્ચાર થતો નથી ને ઉચ્ચારમાં ફરક પડી જાય છે. તેવું ''**ऌ**''કારમાં છે. કારણ માત્ર એટલું કે ''**ऋ**''કાર કરતાં ''**ऌ**'' કારમાં ઘનીભૂત તત્ત્વ વધુ છે. આ રીતે પ્રથમ અને બીજું સૂત્ર મળીને **अईउऋ ऌ** આ પાંચ મુખ્ય સ્વર થાય છે.

તૃતીય સૂત્ર ''**ए ओङ्**'' છે. એમાંનો ''**ए**'' અક્ષર **अ+इ=ए** હોવાથી મિશ્રિત છે. તેથી દીર્ઘ છે. આથી તે ઉચ્ચારણમાં માત્રા કાળની જરૂર વધારે પડે છે. ''**ओ**'' અક્ષર **अ+उ=ओ** થાય છે તેથી આ પણ દીર્ઘ સ્વર છે.

ચતુર્થ સૂત્ર છે -''**ऐ औ च**'' તેમાં '**ऐ**' એ '**ए**' ની વૃદ્ધિ છે. અને ''**औ**'' એ ''**ओ**''ની વૃદ્ધિ છે. એટલે એના ઉચ્ચારણમાં થોડોક સમય વધુ જોઈએ. આમ **अ इ उ ऋ ऌ ए ओ ऐ औ** એમ નવ અક્ષર સૂત્ર અનુસાર થાય છે. **अइउ** આ ત્રણના એક એક દીર્ઘ અક્ષર ક્રમશઃ **आ ई ऊ** અને **ऋ ऌ** ના એક

એક **ऋ ऌ** તથા અનુસ્વાર યુક્ત **अं** અને વિસર્ગ યુક્ત **अः** એમ સાત અક્ષરો મળવાથી કુલ ષોડશ (૧૬) સ્વર થાય છે. આ સોળ સ્વર શુધ્ધ આકાશ તત્ત્વના હોવાથી અસ્પર્શા છે. એટલે કે વ્યંજન અક્ષર સાથે જોડાયા વિના આ ષોડશ સ્વર તાલુ (તાળવા) આદિ સ્થાનમાં સ્પર્શ કરતા નથી.

પાંચમું સૂત્ર છે - **हयवरट** આ પાંચ અક્ષર મુક્ત સ્વર છે. એટલે કે - **+अ=ह, इ+अ=य, उ+अ=व, ऋ+अ=र, ऌ+अ=ल** આ પ્રમાણે બે સ્વર જોડાવાથી **हयवरल** આ પાંચ સ્વરોને અંતસ્થા કહેવાય છે. એટલે કે ઉચ્ચારણ વખતે મુખની અંદર વધુ અને બહાર ઓછા આવે છે. બે બે સ્વર જોડાતાં ઉચ્ચારણ વેળા વાયુ આદિ સ્થાનને સહજ સ્પર્શ કરે છે. આથી આ પાંચ અક્ષર ''ઈષત્ સ્પર્શા'' કહેવાય છે.

છઠ્ઠું સૂત્ર છે - ''**ल ण**'' આ બંને અક્ષરોની ચર્ચા આગલા સૂત્રોમાં થઈ ગઈ છે.

સાતમું સૂત્ર છે - ''**ञ म ङ ण न म्**'' આઠમું સૂત્ર છે - ''**झ भ ञ**'' નવમું સૂત્ર છે - ''**घ ढ ध ष्**'' દશમું સૂત્ર છે - '**जबगडदश्**'' અગિયારમું સૂત્ર છે - '**ख क छ ठ थ च ट त प्**'' અને બારમું સૂત્ર છે - '**कपय**'' આ સૂત્રોના પચ્ચીસ અક્ષરને વ્યંજન કહેવામાં આવે છે. એટલે આ અક્ષરોનું ઉચ્ચાણ કરવાથી જે નાદ કે ધ્વનિ પ્રકટ થાય છે તે ધ્વનિ તે સ્વરોના ધ્વનિ કરતાં વિશેષ ઘનીભૂત છે, તેથી ઉચ્ચારણ વખતે તાલુ(તાળવું) આદિ સ્થાનોને સ્પર્શ કરે છે. જેનો સ્પર્શ થાય તે સ્પર્શ સ્થાનમાં કંઈ છાપ રૂપે ડાઘ અથવા નિશાની છોડી જાય છે. એટલે જ તેને વ્યંજન કહેવામાં આવે છે.

તેરમું સૂત્ર છે - ''**श ष स र**'' અને ચૌદમું સૂત્ર છે - ''**ह ळ्**'' આ બે સૂત્રના ચાર અક્ષરને ઉષ્માક્ષર કહેવામાં આવે છે. એટલે વાયુતત્ત્વ પ્રધાન હોવાથી સ્પર્શ તો છે, પરંતુ આ ચાર અક્ષર મહાપ્રાણના પ્રધાન હોવાથી ઉચ્ચારણ વખતે અમુક માત્રાની ગરમી પણ લાવે છે, અને તે ઉષ્માક્ષર છે. જેને આપણે હૂંફ કહીએ છીએ.

સાધારણ રીતે જે પ્રમાણે શાળામાં બાળકોને ભણાવવામાં આવે છે તે અક્ષરોના ક્રમ પ્રમાણે આ સૂત્રોની ગોઠવણી નથી. કારણ કે **ચૌદ સૂત્રો મુખ્ય**

ચૌદ નાદના સ્વરૂપ છે. તેનો ચોક્કસ પ્રકારનો લય પણ છે. તે નાદમાંથી સ્વર-વ્યંજન અક્ષરોની કલ્પના કરવામાં આવી છે. શબ્દ માત્ર આકાશ તત્ત્વના હોવાથી સ્વરના ૧૬ + અંતસ્થાના ૪ + સ્પર્શા ૨૫ + ઉષ્મા ૪ = ૪૯ અક્ષર આકાશ તત્ત્વના છે. કારણ કે આ અક્ષરો દ્વારા આપણે આકાશનો ગુણ જે શબ્દ કે ધ્વનિ છે, તેની અભિવ્યક્તિ કરીએ છે.

આમાં ૧૬ સ્વરો અને ૩૪ વ્યંજનો છે.

૧૬ સ્વરો	૩૪ વ્યંજનો
ઋણભાવ	ધનભાવ
Nagative	Positive
ચિહ્ન (-)	ચિહ્ન (+)
સ્વરા - (ઋણાત્મક) ॥ અ, આ, ઇ, ઈ, ઉ, ઊ, ઋ, ૠ, ઌ, ૡ, એ, ઐ, ઓ, ઔ, અં, અઃ ॥	વ્યંજનો (ધનાત્મક) ॥ ક ખ ગ ઘ ઙ ચ છ જ ઝ ઞ ટ ઠ ડ ઢ ણ ત થ દ ધ ન પ ફ બ ભ મ ય ર લ વ શ ષ સ હ ળ ક્ષ જ્ઞ ॥

❖ ઉચ્ચારણનાં સ્થાનો ❖

આ પૈકી અક્ષરોના ઉચ્ચાર માટેના મુખ્ય આઠ સ્થાન નીચે પ્રમાણે છે : **અ આ ક ખ ગ ઘ ઙ હ** અને : (વિસર્ગ) આ નવ અક્ષરોના ઉચ્ચાર વખતે મુખ્યત્વે તેના આંદોલન કંઠમાં થાય છે. તેથી તે કંઠના અક્ષરો છે.

ઇ ઈ ચ છ જ ઝ ઞ ય શ - આ નવ અક્ષરો તાલુ (તાળવા)નાં છે.

ઋ ૠ ટ ઠ ડ ઢ ણ ર ષ - આ નવ અક્ષરો મૂર્ધન્ય છે.

ઌ ૡ ત થ દ ધ ન લ સ - આ નવ અક્ષરો દાંતના (દંત્ય) છે.

ઉ ઊ પ ફ બ ભ મ આ સાત અક્ષરો ઓષ્ઠ (હોઠ)ના છે.

ઞ મ ઙ ણ ન - આ પાંચ અક્ષર તે સ્થાન ઉપરાંત અનુનાસિક હોવાથી

નાકમાં પણ આંદોલન પહોંચાડે છે.

ए ऐ આ બે કંઠ અને તાલુ બે સ્થાનમાં આંદોલિત થાય છે.

ओ औ – આ બે અક્ષરો કંઠ ઓષ્ઠ (હોઠ) તથા **व** અક્ષર દંત અને ઓષ્ઠ (હોઠ)માં આંદોલન પહોંચાડે છે.

અક્ષરોનું ઉચ્ચારણ કરવા માટે આભ્યંતર અને બાહ્ય ભેદથી બે પ્રકારે પ્રયત્ન કરવો પડે છે. આભ્યંતર પ્રયત્નમાં અક્ષર તે તે સ્થાનને સ્પર્શ કરે છે. તે પ્રમાણે ઉચ્ચારવો જોઈએ. અંતસ્થા અક્ષર ઈષત્ સ્પર્શ કરે તે પ્રમાણે ઉચ્ચારવો જોઈએ. ઉષ્મા અક્ષર ઈષત વિવૃત્ત (થોડું મુખ પહોળું કરીને) અને સ્વર અક્ષરો (મોઢું ફાડીને) ઉચ્ચારવા જોઈએ. બાહ્ય પ્રયાસમાં વિવાર, સંવાર, શ્વાસ, નાદ, ઘોષ, અઘોષ, અલ્પ પ્રાણ, મહાપ્રાણ, ઉદાત્ત, અનુદાત્ત સ્વરિત એ પ્રમાણે અગિયાર પ્રયાસો છે. આ પ્રયાસો પ્રયોગાત્મક છે. કેવળ વાંચવાથી સમજી શકાશે નહીં એ માટે અનુભવી વ્યક્તિ પાસે પ્રત્યક્ષ જાણવું આવશ્યક છે.

❖ ઉર્ધ્વગમન ❖

ધનાત્મક ભાવ (Positive)નું ચિહ્ન + છે, તેનું કારણ શું હોઈ શકે? તે જોઈએ. વત્તા (+) એટલે ઉમેરવું. જે છે તેમાં ઉમેરો કરવો, જે વ્યંજનો છે તે બધા ધન છે. એટલે કે તે સંસ્કારોમાં ઉમેરો કરે છે. અને ધન હોવા પૃથ્વી તરફ આકર્ષાયેલા રહે છે. શબ્દ સ્વરૂપ વાસના હોવાથી પુનર્જન્મ લેવો પડે છે. ''**पदभ्यां भूमि**'' જે કહેવામાં આવ્યું છે તેનો અર્થ આપણા શરીરમાં જે પગો છે તેમાં ''પૃથ્વી તત્ત્વ'' વિશેષ પ્રમાણમાં છે તેને લીધે પૃથ્વીની ઉપર શરીર ઊંચે જઈ શકતું નથી. આ પૃથ્વી તત્ત્વનું રૂપાંતરણ કરવામાં આવ તો શરીરમાં જે ગુરુત્વાકર્ષણ (Gravitation Power) શક્તિ તે પણ ઓછી થશે. આ રૂપાંતર કરવામાં યોગ વિદ્યાની ચરમ સીમા સુધી શબ્દ બ્રહ્મ (ૐ) લઈ જાય છે. એટલે શબ્દ બ્રહ્મમાં નિષ્ણાત થાય છે તે અનંતકાળ સુધી જગતની સંચાલન ક્રિયામાં મહત્વનો ભાગ ભજવે છે. અને શબ્દનો નિષ્ણાત પુરુષ જગતમાં સંચાલન કરતો પરમબ્રહ્મ સુધી પહોંચી શકે આ વાત ભગવતી શ્રુતિ આપણને અનેક ઠેકાણે નિર્દેશ કરે છે.

ઋણાત્મક ભાવ (Nagative) નું ચિહ્ન - છે, તેનું કારણ શું હશે તે અંગે વિચારીએ. ઓછા (-) એટલે ઓછું કરવું. જે છે તેમાંથી ઓછું કરવું. ઓછું થવું. જે સ્વરો છે તે ઋણ ભાવના છે. એટલે કે તેનાં Nagativity અર્થાત્ સૂક્ષ્મતા વધુ છે. પદાર્થ જેમ રૂપાંતર પામી સૂક્ષ્મ બને તેમ ઊર્ધ્વગામી બને છે. ગુરુત્વાકર્ષણનું બળ ઓછું થતું જાય. પદાર્થ કે તત્ત્વમાં સ્થૂળતત્ત્વ કરતાં સૂક્ષ્મમાં વિશેષ શક્તિ હોય છે. એટલે સર્વકોઈને ઊર્ધ્વમાં જ વધુ આનંદ પ્રાપ્ત થાય છે. અને તેથી જ બધી વૃત્તિ ઊર્ધ્વગામી અને ઉન્નતિના માર્ગે હોય એ સ્વાભાવિક છે. કોઈને પછડાટ કે નીચે પડી રહેવું ગમતું નથી. તે ઊર્ધ્વમાં જવાનો સહુકોઈ પ્રયત્ન કરે છે. એટલે ઊર્ધ્વગામી થવા માટે ''સ્વરો'' નો ઉપયોગ કરવો પડે છે.

અનેક જન્મોથી આપણામાં ઘનીભૂત થયેલા સંસ્કારોને સ્વર દ્વારા ઊર્ધ્વગામી કરવા પડે છે. આપણું સ્થૂળ શરીર પૃથ્વીતત્ત્વ પ્રધાન છે. તેમાંય વળી વ્યંજનો રૂપી અનેક અક્ષરો આપણા મનોમય કોશમાં ગોઠવાઈને રહેલા હોવાથી Nagative ઋણાત્મક ભાવ રૂપ અક્ષરોને વારંવાર અથડાવતા રહેવાથી શરીરમાંથી તે અક્ષરો છૂટા પડે છે. તેમાં રહેલ જડતા ઘનતા ઓછી થવાથી બુદ્ધિ વધુને વધુ સૂક્ષ્મ થતી જાય છે. ૐમાં ત્રણ અક્ષરો સ્વરો છે. અર્થ અર્ધ માત્રા વ્યંજન છે. ત્રણ ભાગમાં સ્વરો હોવાથી તેનું ઉચ્ચારણ કરવાથી સંસ્કારોનું ઊર્ધ્વગમન થઈ મન સૂક્ષ્મતામાં રૂપાંતરિત થતું જાય છે. જેઓએ પોતાની વાસનાઓ, ઈચ્છાઓ અને સંસ્કારો જ્ઞાન અને ઉપાસના દ્વારા ઓછા કર્યા છે તે જીવને ૐકાર મોક્ષદાયક છે.

❖ 'છાંદોગ્યોપનિષદ'માં ૐકાર ❖

''શ્રી છાંદોગ્યોપનિષદ્''માં કહ્યું છે કે -

''यथा शङ्कुना सर्वाणि पर्णानि सन्तृणान्येवमोङ्कारेण सर्वा वाक् सन्तृणोंकार एवेदं सर्वम् ॥''

ભાવાર્થ - જેમ વૃંત (દીંટ) વડે સર્વ પાંદડાઓ વ્યાપ્ત છે, તેમ ૐકાર વડે વાણી વ્યાપ્ત છે. ૐકાર જ આ સર્વ છે.

હવે ૐકારના વિકારરૂપ ૫૦ (પચાસ) અક્ષરો થયા છે. તેમાં ૐકારના કુલ સાત વિભાગોમાંથી કયા વિભાગના જોડાણથી બન્યો છે. આકાર પામ્યો છે. તેનું સચિત્ર વિવરણ અહીં આપવામાં આવ્યું છે. તે જોતાં ઘણું જ આશ્ચર્ય થયા વિના રહેશે નહીં.

ૐનું વિજ્ઞાન અતિશય ગહન અને વિસ્મયકારી છે. ૐનો ધ્વની આલ્હાદ્‌ક છે. અને ૐનો ક્રિયાકલાપ પણ આશ્ચર્ય જનક છે. ભગવદ્‌ ગીતા (૨/૨૯)માં કહ્યું છે કે -

आश्चर्यवत्पश्यान्ति कश्चिदेनमाश्चर्यवद्वदंति सैव श्चान्यः ।
आश्चर्यवच्चैन मन्यः शृणोति श्रृत्वाप्येनं वेद न चैव कश्चित् ॥

- અર્થાત્‌ તે પરમાત્મા ઘણો વિલક્ષણ છે. તેને જોનારા, તેના સંબંધમાં ચિંતન મનન અને વિચાર કરવાવાળી વ્યક્તિ આશ્ચર્યાન્વિત થઈ જાય છે. જેમ જેમ તેના સંબંધમાં સમજાતું જાય છે, તેમ તેમ વિસ્મય વધતું જાય છે. તેનું વર્ણન, તેના સ્વરૂપની ચર્ચા પણ તે આશ્ચર્યચકિત બનીને જ કરે છે. તેના રહસ્ય પ્રભાવ અને ગતિ વિધિના સંદર્ભમાં સાંભળનાર વ્યક્તિ પણ અદ્‌ભુતતાનો જ બોધ કરે છે. તથ્યતઃ બ્રહ્મ-વિમુગ્ધકારી વિસ્મય છે. એનાથી અતિરિક્ત અવ્યય જે છે તેના જેવો વિસ્મયબોધક અવ્યય બીજો કોઈ નથી. ૐથી આ વાતની સંપુષ્ટિ થાય છે.

सप्तविभागसहित प्रणव

प्रणवना पृथक् पृथक् सप्त विभाग



प्रणवमांथी वर्णमालानी उत्पत्ति

प्रणवमांथी देवनागरी स्वरनी उत्पत्ति



प्रणवमांथी देवनागरी व्यंजनोनी उत्पत्ति



प्रणवमांथी देवनागरी अंकमालानी उत्पत्ति



प्रणवमांथी गुजराती लिपिना स्वर, व्यंजन तथा अंकोनी उत्पत्तिनो प्रकार



प्रणवमांथी अंग्रेजी तथा उर्दु लिपिना मूलाक्षर अने अंकोनी उत्पत्तिनो प्रकार

अंग्रेजी पांच अक्षरो



अंग्रेजी पांच अंको



उर्दु पांच अक्षरो



उर्दु पांच अंको



प्रणवमांथी जीवनी चार खाण तथा पदार्थनी उत्पत्तिनो प्रकार



પ્રણવમાંથી વર્ણમાળાની ઉત્પત્તિ સહિતના ઉપરોક્ત ચિત્રો આનંદાશ્રમ, બીલખા, જિ.-જુનાગઢ તરફથી પ્રકાશિત "શ્રી પ્રણવ પદ્ય વિસ્તાર" મુજબના અહીં ઉદ્ધત કરવામાં આવેલ છે. તેમના સૌજન્યથી સ્વીકાર કરેલ ચિત્રો માટે હૃદયપૂર્વક આભાર માનું છું.

લેખક - શ્રી શરદચંદ્ર ઈ. પુરોહિત.

'છાંદોગ્ય ઉપનિષદ'માં ઉૅંકારના ગહન પદ અને શૃંગાર પ્રતિમાઓની સામ્યતા બાબતમાં કહ્યું છે કે -

तदेतन्मिथुन ॐ (ओऊम) इत्येतस्मिन्नक्षरे सदा संयुज्ये यदा वै मिथुनौ । समागच्छत आयतो वै तावन्योन्सस्य कामय ॥

મૈથુન લિંગ યોનિનું ઐક્ય અને ઉૅંકારનું ગહન પદ એ બંને સમાન છે. જયારે લિંગને યોનિનું ઐક્ય થાય છે, ત્યારે તેઓ પરસ્પરની ઈચ્છાને સંતોષે છે. (સ્ત્રી-પુરુષને જે ભોગમાં સમાન આનંદ પ્રાપ્ત થાય તે સંભોગનો સાચો અર્થ છે.) એની ઉપર ટીકા કરતાં શ્રીમદ્ શંકરાચાર્ય ઉમેરે છે કે - આ સંતોષ એ યોનિ એને લિંગનું ઐક્ય છે, જગતમાં સ્ત્રી અને પુરુષનું ઐક્ય છે, એ ઐક્યમાંથી જે આનંદ ઉત્પન્ન થાય છે. તે તેઓ બંને અનુભવે છે. જેવી રીતે તેઓ બંને પરસ્પરની ઈચ્છાઓને સંતોષે છે, તેવી જ રીતે ઉૅંકારનું પદ, તેના તત્ત્વોના ઐક્યથી (ભોગ અને મોક્ષમાં) સર્વ ઈચ્છાઓને સંતોષે છે. જુઓ -

ॐ कारं बिन्दु संयुक्तं नित्यं ध्यायन्ति योगिनः ।
कामदं मोक्षदं चैव ॐकाराय नमो नमः ॥

ઉૅંકારનું પદ ઘણું જ રહસ્યમય અને ગહન છે. બિંદુથી યુક્ત ઉૅંકારનું ધ્યાન યોગીઓ રોજ રોજ કરે છે. આ અક્ષર બ્રહ્મરૂપ ઉૅંકારં ભોગ અને મોક્ષ બંને આપનાર છે તેને અમારાં પ્રણામ છે.

સંસ્કૃત, હિન્દી, મરાઠી, અરબી, અંગ્રેજી, રોમન, ઉર્દૂ અને દુનિયાની તમામ ભાષાઓની લિપિના અક્ષરો તથા અંકોનું સર્જન ઉૅંકારના સાત વિભાગો (ચિન્હો)માંથી થયેલ છે. એનું એક અતિગૂઢ વિજ્ઞાન ઉૅંકારમાં સમાવિષ્ટ છે. તેનું સચિત્ર દર્શન ઉપર કરવામાં આવ્યું છે. પ્રણવમાં પ્રાણ અને વાણી સંયુક્ત યુગ્મ સ્વરૂપ (જોડકું, મિથુન) છે. પ્રણવમાં જોડિયા અક્ષરના સંયુક્ત સ્વરૂપને મિથુન-જોડકું કહે છે. આ જોડકાંની લીલા એ સૃષ્ટિ છે.

સામાન્ય મિથુન (યુગલ)થી સ્ત્રીલિંગ અને પુલ્લિંગથી જેમ મિથુન બને છે અને જોડાંનો આનંદ અને તેનો સાંસારિક વિકાસ અપેક્ષિત છે. તેમજ તે વ્યવહાર આ શબ્દરૂપી મિથુનને પણ લાગુ પાડી શકાય છે.

❖ ૐકાર મુદ્રાના પ્રકાર ❖

વિશ્વમાં ૐ સર્વાધિક પ્રાચીન મુદ્રા (પ્રતીક) છે. ૐની મુદ્રાના અનેક પ્રકાર છે. (૧)નો અંક લિંગની મુદ્રાનું પ્રતીક છે. શૂન્ય (૦) યોનિની મુદ્રા છે. દસ (૧૦)નો અંક સમસ્ત વિશ્વ સમષ્ટિની મુદ્રા પ્રતીક છે. પુરુષ પુરુષના સંયોગથી, સ્ત્રી-સ્ત્રીના સંયોગથી ક્યારેય સૃષ્ટિ સંભવિત થતી નથી. **સ્ત્રી અને પુરુષના સમન્વયથી જ સૃષ્ટિ થાય છે.** સ્ત્રી સૌમ્ય હોવાથી ભોગ્ય છે. પુરુષ આગ્નેય હોવાથી ભોક્તા છે. એટલા માટે તે સ્ત્રીથી પ્રબળ છે. સ્ત્રી પુરુષ અપેક્ષયા ન્યૂન છે. આ ન્યૂન સંબંધથી જ પ્રજોત્પત્તિ થાય છે.

વાસ્તવમાં નિગમોક્તા સૃષ્ટિવિદ્યા ૧૦ ભાગોમાં વિભક્ત છે. એક જ પુરુષ દશ (૧૦) ભાગોમાં વિભક્ત થઈ રહ્યો છે. પુરુષ પ્રકૃતિથી અવિનાભૂત છે. બસ, નિગમમૂલક આગમશાસ્ત્ર સૃષ્ટિ વિદ્યારૂપી આજ દશ મહાશક્તિઓનું નિરૂપણ કરે છે. તે શક્તિ પ્રપંચ ૧૦ મહાવિદ્યા નામથી પ્રસિદ્ધ છે. દસ મહાવિદ્યા કામકળાનો જ વિલાસ છે. કામકળાનો સ્વીકાર વામમાર્ગ અને દક્ષિણમાર્ગના ઉપાસકોએ પ્રકારાન્ત ભેદથી સ્વીકારેલ છે.

વાસ્તવમાં ૐ એ લિંગ અને યોનિનું જોડાયેલ સ્વરૂપ એટલે કે સંભોગ મુદ્રા છે. જો તેને ઊલટાવવામાં આવે તો પ્રાર્થના કરતા સાધકનું પ્રતીક એટલે કે પ્રાર્થના મુદ્રા જેવું પ્રતીત થાય. જેમાં ઉપાસકના બે હાથ ઊંચા કર્યા હોય છે. આ વાત નીચેના ચિત્રથી સમજી શકાશે.



તંત્ર વિદ્યામાં યોનિને અધોમુખી ત્રિકોણ દ્વારા વ્યક્ત કરવામાં આવે છે. નીચેના ત્રિકોણથી ઉપર એક રેખા બતાવવામાં આવે છે. જે યોનિની ઉપરના વાળનું સૂચક છે. પુરુષના લિંગનું પ્રતીક છે ઊર્ધ્વમુખી ત્રિકોણ. આમાં નીચેની રેખા ઉપરની તરફ એકરેખા બતાવવામાં આવી હોય તો લિંગની આજુ બાજુના વાળનું સૂચક છે. અનેક ગુપ્ત મુદ્રાઓ તાંત્રિક ભાષાનું નિર્માણ કરે છે. એનો ઉપયોગ તંત્રમાર્ગીઓ સમજી લે પરંતુ સામાન્ય લોકો તે સમજી શકે નહીં.

✧✧✧

૨૮

સર્વશ્રેષ્ઠ જપ યજ્ઞ

મહર્ષિ પંતજલિએ પાતંજલ યોગ સૂત્રમાં કહ્યું છે કે -

तस्य वाचकः प्रणवः । तज्जपस्तदर्थभावनम् ॥

(योगसूत्र १/२७-२८)

પરમાત્મા વાચક મુખ્ય શબ્દ 'ૐકાર' છે. ૐકારના જપ અને તેનું અર્થચિંતન કરવું જોઈએ. આથી અધ્યાત્મ માર્ગ પર ચાલનારા સરળતાથી એકાગ્રતા તથા અન્તર્મુખતાને પ્રાપ્ત કરી શકે છે. અને તેના માર્ગમાં આવનારા સર્વ પ્રકારના વિઘ્ન સ્વતઃ નષ્ટ થઈ જાય છે.

સાચા શ્રધ્ધાળુ માટે ૐકાર એક ચિંતામણિ છે. કઠોપનિષદ્ (૧/૨/૧૬)માં એટલા માટે કહ્યું છે કે -

'एतध्दयेवाक्षरं ज्ञात्वा यो यदिच्छति तस्य तत् ।'

અર્થાત્ 'ૐકાર'ને જાણીને કોઈપણ જે પદાર્થની ઈચ્છા કરે છે તે સર્વ કંઈ તેને પ્રાપ્ત થાય છે.

न वेत्ति यो यस्य गुण प्रकर्ष, स तस्य निन्दां सततं करोति ।

यथा किराती करि कुंभ जातां, मुक्तां परित्यज्य बिभर्ति गुजां ॥

જે મનુષ્ય જેના ઉચ્ચગુણને જાણતો નથી. તે હંમેશા તેની નિંદા કરે છે. જેમ ભીલડી જગમુક્તાનો ત્યાગ કરીને ચણોઠીના આભૂષણો પહેરે છે.

પાશ્ચિમાત્ય શિક્ષણના પ્રભાવે આપણા દેશના કહેવાતા સુશિક્ષિત અને

કેળવાયેલા, એવા પોતાની દોમ દોમ સાયબી વાળી નકલી આદર્શરૂપી સભ્યતાનો અંચળો ઓઢી ફરનારા સદ્‌ગૃહસ્થો કહે છે, મંત્ર જપ કરવાથી શું લાભ છે? મંત્ર, તંત્ર, યંત્ર એ તો બધાં બ્રાહ્મણોને પેટ ભરવાનાં સાધનો છે. 'નિરાકાર ઈશ્વરની પ્રાર્થના કરવી એ જ માનવ ધર્મ છે.'

આ વચનો બોલીને તેઓ આપણ ઋષિમુનિઓનું ઘોર અપમાન કરે છે! ધર્મશાસ્ત્ર, મંત્રશાસ્ત્ર તેમજ વેદાદિ શાસ્ત્રોની નિંદા કરે છે. જેઓએ માનું દૂધ પીધું નથી, કૂતરીને ધાવીને ઉછરેલાં પરદેશી ગલુડિયાં જેવા છે. જેઓ ધર્મ કે સંપ્રદાયના ભેદ જ સમજતા નથી, જેઓ ધર્મને સમજતા નથી તે આ ધર્મનિરપેક્ષતાની વાતો કરે છે. જેની પાસે સદાચાર નથી માત્ર સ્વેચ્છાચાર અને સ્વરછંદી પણું જ છે તેઓ જીવનમાં બીજાને શું આપી શકે? જેની પાસે જે હોય તે જ આપને છે.

જે ઋષિ-મુનિઓએ અરણ્યમાં, કષ્ટ સહન કરીને વેદ પુરાણ, ઉપનિષદ, દર્શનશાસ્ત્રો, વૈદ્યક, જ્યોતિષશાસ્ત્ર તેમજ તંત્ર-મંત્રાશાસ્ત્રોના લોકોપકારક ગ્રંથો રચ્યા છે. તેનો લાભ જન સમાજને યુગ-યુગાન્તરથી મળતો રહ્યો છે. તેજ શાસ્ત્રોની નિંદા સાંભળી સનાતની હિંદુના હૃદયમાં અવશ્ય સંતાપ થાય છે.

ઋષિકુળના સંતાનો આવી રીતે વર્તે જ નહીં, તેઓ વર્ણશંકરતાની નિપજ છે. દેશ-કાળ, પરિસ્થિતિ એ યુગપ્રભાવ હેઠળ જીવી રહેલા નિર્માલ્ય જીવાત્માઓ છે. સાધકે તેવાઓની વાતમાં ન આવતાં પોતનો કલ્યાણનો માર્ગ પોતે નક્કી કરી આગળ વધવાનું છે. એવા ક્ષણિક સુખ ભોગથી કંઈ જ મળવાનું નથી. સંતવર્ય કબીર સાહેબ કહે છે કે -

"શિલા પરે ઉસ સુખ પર,"
જો સાહેબ દિયા ભુલાય;
બલિહારી વા દુઃખકી,
જો પલ પલ યાદ દિલાય.

- અહો ! ધન્ય છે કબીર જેવા મહાપુરુષને કે જેણે પોતાના જાત અનુભવથી સુખ-દુઃખ માટે કેવા અતિ દુર્લભ ઉદ્‌ગારો વહેતા કર્યા છે ! તેઓ કહે છે કે : 'એવા સુખ ઉપર પત્થર (શિલા) પડો કે તે ભગવાનને ભૂલાવી

દે છે, જ્યારે દુઃખની બલિહારી છે કે ભગવાનને ક્ષણે ક્ષણે યાદ કરાવે છે.' એ માટે જ ફરી ફરીને કહેવાનું મન થાય છે કે - જેટલું અધિક ભગવાનનું સ્મરણ થઈ શકે તેટલી જ શીઘ્રતાથી તમારા સંકટનું, દુઃખનું નિવારણ થશે.

પાંડવોનો વનવાસ પૂરો થયો. ભગવાન શ્રીકૃષ્ણથી છૂટા પડતી વખતે પાંડવો અને કુંતા માતાને ભગવાન કહે છે. 'ઈચ્છ હોય તે કંઈક માંગી લો.' ત્યારે કુંતાજી કહે છે - ''અમને વારંવાર દુઃખ પ્રાપ્ત થાવ, જેથી અમને તમારો સાથ અને સાન્નિધ્ય મળતાં રહે. અને તમને વારંવાર યાદ કરીએ. તમારું વિસ્મરણ કદીપણ નહીં થાય.''

સંતો પણ આ જ વાત કહે છે -

''दुःखमें सुमिरन सब करै, सुख में करे न कोय । सुखमें सुमिरन जो करै, दुःख काहेको होय ?''

- દુઃખમાં તો ભગવાનનું નામસ્મરણ બધા જ કરે છે. પરંતુ સુખમાં કોઈ કરતું નથી, સુખમાં જો ભગવાનનું નામ સ્મરણ થાય તો દુઃખ ક્યાંથી આવે?

શાસ્ત્રકાર કહે છે **'संपदः स्मरणं विष्णो विपदः विस्मरणं हरिः ।'** 'ભગવાન વિષ્ણુનું સ્મરણ થવું એ જ સૌથી મોટી સંપત્તિ છે. અને ભગવાનનું વિસ્મરણ થવું (ભગવાનને ભૂલી જવું) એ જ વિપત્તિનું મૂળ કારણ છે.

❖ 'બૃહદારણ્યક' ઉપનિષદમાં ૐનું મહત્ત્વ ❖

મહર્ષિ યાજ્ઞવલ્કયે કહ્યું છે કે -

''यो वा यतदक्षरं गार्ग्य विदित्वाऽस्माल्लोकात् प्रैति स कृपणः ।' अथ य एतक्षरं गार्गि विदित्वाऽस्माल्लोकात् प्रैति स ब्राह्मणः ।''

(બૃહદ્ આરણ્યક ઉપનિષદ્)

- ''હે ગાર્ગિ ! જે મનુષ્ય એ અક્ષર ૐ (બ્રહ્મ)ને જાણ્યા વગર જ આ લોકમાંથી ચાલ્યો જાય છે, તે કૃપણ (દયાને પાત્ર) છે. (અર્થાત્) તે બિચારાનો મનુષ્ય જન્મ નિષ્ફળ જ ગયો છે.) અને જે મનુષ્ય એ અક્ષર બ્રહ્મ (ૐકાર)ને જાણીને આ જગતમાંથી ચાલ્યો જાય છે તે જ બ્રાહ્મણ છે. (તેનો જ મનુષ્ય જન્મ સફળ છે)''

મનુષ્ય જાણે છે ઘણું, જ્ઞાનનો સંગ્રહ કરે છે, વાંચે છે, વિચારે છે. પરંતુ અમલમાં મૂકતો નથી, કંઈ પણ કરતો નથી. તેના મસ્તકાલયમાં અને પુસ્તકાલયમાં કોઈ ભેદ નથી. ઔષધનું અને વિવિધ ચિકિત્સા પદ્ધતિઓનું જ્ઞાન મેળવીએ પણ તેનો ઉપયોગ ન કરીએ તો રોગ (વ્યાધિ) મળતો નથી.

તેવી જ રીતે મંત્રનું જ્ઞાન મેળવીએ, શાસ્ત્રોનું અધ્યયન કરીએ અને જો ઉપાસના કે સાધના વિધિવત્ કરીએ નહીં તો રોગ, શોક, મોહ, ભય, ચિંતા આદિ ટળતા નથી. અને ભવ સાગર પાર થતો નથી. અને જીવનની પ્રગતિ, ઉન્નતિ અને ઉત્કર્ષની અભિલાષાઓ ઠગારી નિવડે છે. એટલે જન્મ મરણ ફેરામાંથી મુક્ત થવા માટે તથા જીવનના પ્રત્યેક વ્યવહારની સફળતા માટે મંત્ર સાધના એક અમોઘ ઉપાય છે.

'માણ્ડૂક્ય - ઉપનિષદ્' ની ગૌડપાદાચાર્ય કૃત કારિકામાં કથન છે કે

युञ्जीत प्रणवे चेतः प्रणवो ब्रह्म निर्भयम् ।
प्रणवे नित्ययुक्तस्य, न भयं विद्यते क्वचित् ॥२५॥

- ચિત્તની વૃત્તિઓને ૐકારમાં જોડવી, ૐકાર એ નિર્ભય બ્રહ્મ છે. ૐકારના ચિંતન-મનનમાં જે સાધક સદા તત્પર રહે છે, તેને જીવનમાં કોઈપણ વખતે ભય ઉત્પન્ન થતો નથી.

❖ ગીતામાં જપ યજ્ઞ ❖

ભગવાન શ્રીકૃષ્ણ શ્રીમુખે ગીતા (૧૦-૧૫)માં કહે છે કે -

''यज्ञानां जप-यज्ञोऽस्मि ॥''

- એટલે કે "મંત્રોમાં જપ યજ્ઞ હું જ છું." ત્યાં પછી જપ કરનાર સાધકને કોઈપણ પ્રકારની શંકા રાખવાનું પ્રયોજન નથી.

વળી ગીતામાં કહ્યું છે કે - **'जातस्य हि ध्रुवो मृत्युः ।'**

શ્રીમદ્ ભાગવતમાં પણ કથન છે કે -

'अद्य वाब्द शतान्तेवा मृत्यु प्राणिनां ध्रुवम् ।'

- પ્રત્યેક મનુષ્ય જાણે છે કે : આજે નહિ તો સો વર્ષ પછી પણ કોઈ એક દિવસે તેને અવશ્ય મૃત્યુને આધીન થવાનું જ છે. માટે જ ભગવાન કહે છે કે - જપ કરો, જપ કરો. જપ થી જ સિધ્ધિ મળશે, જપ થી જ સિદ્ધિ મળશે. એમાં શંકા રાખવાનું કોઈ કારણ જ નથી.

''जपात् सिद्धि, जपात् सिद्धि, जपात् सिद्धि न संशयः ॥''

''तत्राप्यनुकुलं मन्त्रं दीक्षयेत् । मननात् त्रायते यस्मात् तस्मात् मन्त्रः प्रकीर्तितः ।'' (तंत्रसार)

''સર્વ મનુષ્યએ ગુરુમુખદ્વારા પોતાને અનુકૂળ હોય એવા (દેવી-દેવતાનો) ઈષ્ટ મંત્ર (દીક્ષા રૂપે) ગ્રહણ કરવો એ જ કર્તવ્ય છે. જેનું મનન (સ્મરણ) કરવાથી જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં રક્ષણ થાય અને ભવસાગર પાર કરવામાં સહાયક થાય તે (સાધન) મંત્ર કહેવાય છે, તેથી જ મુનિઓએ એનું નામ 'મંત્ર' નિર્ધારિત કર્યું છે.

❖ અગ્નિપુરાણમાં જપનું મહત્ત્વ ❖

'અગ્નિ પુરાણ'માં જપ શબ્દની વ્યાખ્યા આ રીતે કરવામાં આવી છે -

जकारो जन्म विच्छेदः पकारः पापनाशकः ।
तस्माज्जप इति प्रोक्तो जन्म-पाप विनाशकः ॥

- જપ શબ્દમાં જે જ કાર (જ અક્ષર) છે તે જન્મ અને જન્મના હેતુ (કારણ)નો નાશ કરનારો છે. જ્યારે પ કાર (પ અક્ષર) છે તે પાપનો વિનાશ કરનારો છે. આમ જન્મ વિચ્છેદ અને પાપ વિચ્છેદનું પ્રયોજન 'જપ' શબ્દ સૂચવે છે.

સાધકે (મનુષ્ય માત્રએ) શ્રદ્ધા-ભક્તિ પૂર્વક ભગવદ્ નામસ્મરણ અને ઈષ્ટ મંત્રનો જપ કરવાથી સંસાર સાગર પાર કરી શકાય છે. અજામિલ જેવો પાપાત્મા નામ સ્મરણથી જ ભવસાગર તરી ગયો હતો.

વળી આગળ અગ્નિ પુરાણમાં વક્તવ્ય મળે છે -

जपानिष्ठो द्विज श्रेष्ठोऽखिल यज्ञफलं लभेत् ।
सर्वेषामेव यज्ञानां जायतेऽसौ महाफलः ॥

- જે જપનિષ્ઠ સાધક (જાપક) છે તે સમસ્ત યજ્ઞોનું ફળ પ્રાપ્ત કરે છે. કારણ કે બધા યજ્ઞોમાં જપ યજ્ઞ જ મહાન ફળ દાયક છે.

'તંત્રસાર' નામક ગ્રંથમાં નિર્દેશ પ્રાપ્ત થાય છે કે - ''જપ કરતા રહી ને સાધક જે દેવતાનું સ્મરણ કરતો રહે તે દેવતા પ્રસન્ન થાય છે. અને પ્રસન્નતા પ્રાપ્ત દેવતા અનેક પ્રકારના ભોગ વિલાસ અને મુક્તિ પ્રદાન કરે છે. જપ કરનાર સાધકથી યક્ષ, રાક્ષસ, પિશાચ, ગ્રહબાધા અને સર્પાદિ ભય પામે છે. અને તેની સમીપ આવતા નથી. એટલે કે તેનું અહિત કરી શકતા નથી. જે કંઈ કર્મ, યજ્ઞ, તપ વગેરે છે તેનાથી જપયજ્ઞ જેવું ફળ પ્રાપ્ત થતું નથી, એવું વાચિક (મુખ વડે ઉચ્ચ સ્વરથી બોલાતા મંત્ર) જપનું મહાત્મ્ય છે.

ઉપાંશુ (જે જપ કરતી વખતે હોઠ થોડા થોડા હાલતા જણાય અને મંત્ર જપના શબ્દ માત્ર સાધકનાજ કાનને સંભળાય તેવા) જપથી સોગણું ફળ પ્રાપ્ત થાય છે. અને માનસિક જપ જેમાં જીભ પણ સ્થિર રહે અને મનમાં જ ભાવપૂર્વક એક લક્ષથી જપ થતા રહે એનું ફળ હજાર (સહસ્ત્ર) ગણુ અધિક મળે છે.'' આટલું જાણ્યા પછી સાધકને જપ વિશે ઘણી શંકાઓનું નિવારણ થશે. અને ઉપાસનામાં ઉત્તરોત્તર પ્રગતિ સાધી શકાશે.

વાયરલેસ ટેલેગ્રાફી, કોર્ડલેસ ટેલીફોન, મોબાઈલ ફોન વગેરે આધુનિક સુવિધાપૂર્ણ ઉપકરણોનો ઉપયોગ સર્વ સામાન્ય માનવ સુધી સુલભ થયો છે. એમાં તાર કે દોરડાની જરૂર પડતી નથી. વિજ્ઞાન નિર્મિત ઉપકરણો દ્વારા ગ્રહો અને ઉપગ્રહોના સંદેશા ઝીલવામાં આવે છે. ટેલીવિઝન અને રેડિયો પણ દૃશ્ય-શ્રાવ્ય, મનોરંજન પૂરા પાડે છે. એક દેશનો સંદેશો બીજા દેશમાં સંભળાય છે હજારો માઈલ સુધી.

❖ વૈજ્ઞાનિક રીતે જપની અસર ❖

કોઈ વ્યક્તિ વિશેષને તેના સાંકેતિક નામથી બોલાવવાથી જે પ્રકારે તેને બોલવામાં (ઉત્તર આપવામાં) વિવશ, આતુર અને કાર્ય કરવામાં પ્રેરિત કરવામાં આવે છે. અને તે વ્યક્તિ નિશ્ચિત કાર્યમાં પ્રવૃત્ત થાય છે, એ જ રીતે મંત્ર જપ દ્વારા બોલાવવામાં આવેલ દેવતા મંત્રના ભાવ પ્રમાણે કાર્ય કરે છે

એ વાત નિર્વિવાદપણે સિદ્ધ થઈ ચુકેલ છે. વિજ્ઞાન દ્વારા પણ સાબિત થયું છે કે - **મનુષ્યના મુખમાંથી નીકળતા શબ્દોના કંપનો (વાઈબ્રેશન્સ) સંસારમાં સર્વત્ર વ્યાપી જાય છે.** જે રીતે તળાવમાં એક પત્થર નાંખતાં જળ તરંગ (કુંડાળાં) ઉત્પન્ન થાય છે. તે કિનારા સુધી ફેલાઈ જાય છે. મનુષ્યના મુખમાંથી નીકળેલા શબ્દો વાયુ દ્વારા વ્યાપ્ત સમસ્ત બ્રહ્માંડમાં ઉપરોક્ત તરંગોની માફક વિસ્તૃત થઈ જાય છે.

હાથી જળમાં સ્નાન કરવા ઊતરે અટલે જળમાં એક મહત્ત્વપૂર્ણ પરિવર્તન ઉત્પન્ન થાય. જળમાં વસતા જીવો પણ કંપાયમાન બને છે. તેની ચિંતા કરતા જળચર જીવો તેને બંધ કરવા, અને જળકંપનોને શાંત કરવા પ્રયત્નરત બને છે. તેવી જ રીતે સાધકના મંત્ર જપ સંસાર સાગરના વાયુમંડળમાં રેલા જીવોને કંપાયમાન કરી મૂકે છે. પરંતુ સાધકના મંત્ર જપની સંખ્યાનું પ્રમાણ અધિકાધિક હોવું જોઈએ, ત્યારે એ શક્ય બને. જેટલા જપ વધારે તેટલા કંપનો વધુ તીવ્ર બને છે. બ્રહ્માંડ વ્યાપી વાયુમાં પ્રચંડ આંદોલનો ઉત્પન્ન થાય ત્યારે સંસાર સમુદ્ર વિહવળ બની જાય છે.

જેવી રીતે અજપા-જપ પ્રયત્ન વગર શ્વાસોશ્વાસ લેવાતાં વગર મહેનતે આપોઆપ સંપન્ન થાય છે તેવી રીતે ઘણા જપ કર્યા પછી સાધકના મંત્ર જપ પણ સ્વાભાવિક રીતે થતા જ રહે પછી એ જપ ક્રિયાત્મક નથી રહેતા એ પ્રક્રિયા બની જાય છે.

ભગવાન શ્રીકૃષ્ણે ગીતામાં કહ્યું છે કે - **'ममैवांशो जीवलोके जीवभूत सनातनः ।'** 'મારો જ સનાતન અંશ આત્મા સંસારમાં જીવાત્મા બને જીવ રૂપે કાર્યરત છે.' તેથી જ દેવતા અથવા મનુષ્ય દ્વારા જે દેવ કે મનુષ્યનું ચિંતન કરવામાં આવે છે, તે ચિન્તન કરવામાં આવેલ દેવ અથવા મનુષ્યમાં ચંચળતા પ્રગટ કરે છે, ઈચ્છાનુસાર પરિવર્તન આવે છે. અને ચિંતન કરનારના મનની અભિલાષા પ્રમાણે કાર્યમાં પ્રવૃત્તિ થાય છે. એવા સંખ્યાબંધ ઉદાહરણો ગણાવી શકાય તેમ છે.

❖❖❖

૨૯

જપ કોણે કોના કરવા...(૧)

જપ સાધના શ્રેષ્ઠ છે. જપ યજ્ઞ જેવો બીજો યજ્ઞ નથી. એ વાતમાં સર્વધર્મો અને સંપ્રદાયો સહમત છે. પરંતુ જપ કોના કરવા એ વિશે થોડાક મતભેદ હોય એ સ્વાભાવિક છે.

❖ નૈસર્ગિક પ્રતિભા ❖

મનુષ્ય માત્રને દેશકાળ અને પરિસ્થિતિ અનુસાર તેને અમુક સંસ્કારો જન્મજાત માતા પિતા તરફથી આનુવંશિક રીતે પ્રાપ્ત થતા હોય છે. તે મુજબ તેનું જીવન ઘડતર થયું હોય છે. માતા-પિતા તરફથી જન્મજાત લોહીમાં ભળેલા સંસ્કારો મૃત્યુ પર્યન્ત તેની સાથે રહે છે. તે સંસ્કારો યુક્ત તેની ચેતના હોય છે. આ ચેતના માણસ નશામાં હોય, ઊંઘતો હોય ત્યારે, બેભાન અવસ્થામાં અને જીવનના અંતકાળે નૈસર્ગિકપણે પ્રકટ થાય છે. મહાત્મા ગાંધીજીની વાત કરીએ તો, ગાંધીજીએ હિન્દુ મુસ્લિમ એકતાની વાતો કરી, સર્વધર્મ સમભાવની વાત કરી, ઈશ્વર અને અલ્લાહ એક હોવાની વાત કરી વારંવાર ગાયું કે -

"રઘુપતિ રાઘવ રાજા રામ, પતિત પાવન સીતારામ,
ઈશ્વર - અલ્લાહ તેરો નામ, સબકો સન્મતિ દે ભગવાન."

- આ બધી વાત ખરી, પરંતુ ગોડસેની ગોળી વાગ્યા અંતે પ્રાણ છોડતી વખતે મુખમાંથી શબ્દો નીકળ્યા 'હે રામ.' ગાંધીજીને પ્રાણ ત્યાગ વખતે અંતકાળે 'રામ' જ યાદ આવ્યા. હે અલ્લાહ, યા ઓ માય ગોડ એવું બીજું નામ બોલ્યા નથી. કારણ ગાંધીજી જન્મજાત સનાતની હિન્દુ હતા. 'રામ'ની ચેતના તેના શરીરના અણુએ અણુમાં વ્યાપ્ત હતી. એટલે અંતકાળે પણ 'રામ'નું ઉચ્ચારણ થયું. વાતો અને વિચારો ભલે ગમે તે વ્યક્ત કર્યા હોય.

આજકાલ શ્રીમંત હોય કે ગરીબ હોય દરેકના ફેમિલી ડૉક્ટર હોય છે. જે તે ડૉક્ટર તેના પોતાના દર્દીઓની પ્રકૃતિ કયા પ્રકારની છે તે બરાબર સમજતા હોય છે. અને જરૂર પ્રમાણે દર્દીને રોગ નિવારવા માટે પ્રકૃતિ અનુસાર અનુકૂળ દવા આપતા હોય છે. તેવી જ રીતે બ્રાહ્મણ આદિ જાતિ પરંપરા અને વંશ પરંપરામાં જે દેવી-દેવતાની ઉપાસના થતી આવી હોય તે પ્રમાણે તેના સુખ-દુઃખના કારણો જાણી આચાર્યોએ તેમને માટે શાસ્ત્રમાં ઉપાસનાના માર્ગ બતાવ્યા છે તે મુજબ માર્ગદર્શન કરવું જોઈએ. તે પ્રમાણે

જ પ્રત્યેક મનુષ્યએ ઉપાસના કરવી જોઈએ.

હિંદુઓને મુસલમાન, ખ્રિસ્તી અથવા અન્ય ધર્મના મંત્રોની ઉપાસના કરવાથી કોઈ જ લાભ થતો નથી. અંતે દુઃખનો ભાર વધી પડતાં પોતાના હિન્દુ ધર્મને જ અનુસરવું પડે છે. તે પ્રમાણે મુસલમાન, ખ્રિસ્તી, પારસી અને જૈન ધર્મના અનુયાયીઓએ પોતાના ધર્મની મર્યાદાનું પાલન કરી તે મુજબ આચરણ અને ઉપાસના કરવાથી તે સુખી થાય છે. પરધર્મનું પાલન કરવાથી સુખ મળતું નથી. પરિણામે પરધર્મના આશ્રય લીધાનો પસ્તાવો થાય છે.

હિન્દુ ધર્મવાળાને તેની ધર્મ મર્યાદા મુજબ આચરણ અને ઉપાસના કરવાથી તેના શરીરમાં વણાયેલા હિન્દુ ધર્મના સંસ્કારો યુક્ત દૈવી ચેતના જાગ્રત થતાં તે પ્રબળ બને છે અને જીવન વિકાસ થાય છે. તેવી રીતે મુસલમાનોમાં ઈસ્લામની ચેતના, પારસીમાં પારસીચેતના, જૈનમાં જૈન ચેતના, બૌદ્ધમાં બુદ્ધ ચેતના, શીખમાં શીખ ચેતના, ખ્રિસ્તીમાં ઈસાઈ ચેતના બળવાન થતાં જે તે વ્યક્તિ તેના ધર્મની મર્યાદામાં ઉપાસના કરી જરૂરી સિધ્ધિ હાંસલ કરીને જીવન સાર્થક કરી શકે છે.

જન્મજાત સંસ્કારો નાબૂદ ન થાય ત્યાં સુધી તે ચેતના તેનો પીછો છોડતી નથી. એનો અર્થ જીવનના વિરોધાભાસને પોષવાનો કે ધાર્મિક કટ્ટરતા વધારવાનો નથી. સાધક અવસ્થાને સફળ બનાવવાનો છે. કોઈને કોઈના તરફ ભેદભાવ હોય, વેર ભાવ હોય અને શ્રેષ્ઠ અને કનિષ્ઠતાની લાગણી થાય તે ઈચ્છનીય નથી. આ તો થઈ સાધક મનોદશાની વાત. સિદ્ધાવસ્થા એક અલગ સ્થિતિ છે. ત્યાં સમગ્ર ચેતના એક જ પરમાત્મા મય હોય છે. સિદ્ધ વચ્ચે કોઈ ભેદભાવ કે અંતર રહેતું નથી. ત્યાં તો 'સબ સયાને એક મત' જ હોય છે.

કોઈ ખાસ કિસ્સાઓમાં અપવાદરૂપ કોઈ વખત પરધર્મના મંત્રથી પરધર્મીઓને લાભ થયાના પ્રસંગોથી લાભ થયાનું પણ અમારા જાણવામાં આવેલ છે. તેની પાછળ જન્માન્તરના સંબંધો જેવા કોઈ કારણ તેને માટે સહાયભૂત થતાં હોય એવું પણ બની શકે છે.

❖ આત્મચેતના ❖

જેની સાથે તમારા લોહીના સંબંધ છે તેવી વ્યક્તિનું મરણ થયું હોય કે થવાનું હોય તેના પૂર્વસંકેતો જે તે વ્યક્તિ ને મળતા હોય છે. જેની સાથે ખૂબ જ આત્મીયતા હોય ત્યારે પણ શુભ-અશુભ ઘટનાની જાણ સંકેત રૂપે થતી હોય છે. અને કોઈ શુભ ઘટના જીવનનું પરિવર્તન લાવનારી બનવાની હોય તો તેને અનુરૂપ સ્વપ્ન સંકેતો મળે છે. પ્રકૃતિ સૂચના આપે છે. અને લાઈન દોરી નક્કી થાય છે આ બધું ગુપ્ત એવી આત્મ ચેતનાનું જ અનુસંધાન વગર બનતું નથી.

પ્રત્યેક ધર્મના આચાર્યો અને ગુરુઓએ પોતાના ધર્મ ગ્રંથોના અભ્યાસ દ્વારા, સ્વધર્મના ગૂઢ તત્ત્વોને સમજવાં જોઈએ. અને સ્વધર્મ ઉપર શ્રદ્ધા રાખી, સ્વધર્મની મર્યાદા પ્રમાણે સાધકોને ઉપાસના માર્ગમાં પ્રેરણા કરવી જોઈએ. તેથી સાધક પોતાની ઉપાસનામાં સફળતા પ્રાપ્ત કરી જીવન સાર્થક કરી શકશે. અને સર્વપ્રકારે સુખશાંતિ થશે. આજના કળિયુગના જમાનામાં શાસ્ત્રમાં કહેલા નિયમોનું પાલન થતું નથી, એટલે તેની ઉપાસનાનું સંપૂર્ણ ફળ મળતું નથી.

❖❖❖

30

ૐકારના જપ કેવી રીતે થાય...(?)

❋ 'સોઽહં' અને ૐકાર ❋

'**સોઽહં**' આપણો અત્યન્ત સ્વાભાવિક ધ્વનિ છે આપણે પ્રાત્યેક ક્ષણે શ્વાસ ગ્રહણ કરતી વખતે (એટલે કે શ્વાસ પ્રવેશ કરે છે ત્યારે) '**સો**' (**સઃ**) અને શ્વાસ છોડવાની સ્થિતિમાં (શ્વાસ જ્યારે બહારનીકળે છે ત્યારે) '**હં**' નો ધ્વનિ સ્વતઃ ઉત્પન્ન થાય છે. એટલે પ્રત્યેક શ્વાસ-પ્રશ્વાસ પર અનાયાસ ઉત્પન્ન '**સોઽહં**'નો ધ્વનિ

એ પ્રાણી માત્રનો સ્વાભાવિક ધ્વનિ છે. પ્રાકૃતિક ધ્વનિ છે. આ ધ્વનિના માધ્યમથી આપણે પ્રત્યેક શ્વાસમાં પોતાના વ્યક્તિત્વની, પોતાના અસ્તિત્વની ઘોષણા કરતાં 'હું' તે પરમતત્વ છું. એવી અભિવ્યક્તિ કરીએ છીએ. આ **'सोऽहं'** રૂપ ધ્વન્યાત્મક સ્વાભાવિક મંત્ર અજપાજપ તરીકે ઓળખાય છે. **જેના જપ જીવ વગર મહેનતે, અનાયાસ કરે છે. તેની ફળશ્રુતિ તો મનને તેની સાથે તન્મય કરવામાં આવે ત્યારે જ પ્રાપ્ત થાય છે.** આ 'सोऽहं' ધ્વનિમાં નિહિત **'स'** તન **'ह'** જે વ્યંજન છે તેનું બંનેનું એકીકરણ કરનારો છે ૐ. ૐના **अ, उ, म्** અને અનુસ્વાર **स** અને **ह** સાથે સંયોજીત છે. **स** અને **ह** વ્યંજન મિથ્યા નામરૂપના દ્યોતક છે, તેને કાઢીને બાજુ પર કરીએ તો **'सोऽहं'** નો જે મૂળ ધ્વનિ ૐ છે તે અવશિષ્ટ રહે છે.

તે ૐકાર જ સત્યનામ છે - એક માત્ર પરમસત્ય છે. ૐ જ આદિ ધ્વનિ (નાદ) રૂપ છે, એ અમારા પ્રત્યેક શ્વાસ-પ્રશ્વાસનું સતત ગુંજન છે. કહોને કે પરમાત્માનું દિવ્ય સંગીત છે. એ ૐકાર જ પરમ મંત્ર અને પરમાત્માની શાંતિમય વાણી છે. ૐ જ ચિત્તને એકાગ્રતા, સામ્યતા, તથા આત્માને પરમાત્માથી પ્રાપ્તિ કરાવે છે. તે એકાક્ષર ૐ સમસ્ત વિશ્વને સમસ્ત વિશ્વને પોતાના અંશમાં સ્થિત રાખે છે, ધારણ કરે છે. જુઓ ગીતામાં કથન આ પ્રમાણે છે કે -

अथवा बहुनैतेन किं ज्ञातेन तवार्जुन' ।
विष्टाभ्या मिदं कृत्स्नमिकांशेन स्थितो जगत् ॥

- 'હે અર્જુન ! હું તને જ્ઞાનની વધારે વાતો શું કરું ? હું એક અંશથી જગતમાં વ્યાપ્ત છું.'

આ અખિલ વિશ્વમાં સંપૂર્ણ અસ્તિત્વ **'अ'** અને **'म'** ની મધ્યમાં સ્થિત છે. આદ્યન્ત સર્વ એની અંદર સમાહિત છે. જે કંઈ પણ કલ્પનાતીત, કાલાતીત, તથા દેહત્રયાતીત પરમતત્ત્વ છે, તે સર્વ ૐમાં સમાહિત છે. ૐ થી અતિરિક્ત અન્ય કોઈ પ્રતીક આ અખિલ અસ્તિત્વને પોતાની અંદર આત્મસાત કરી શકતું નથી.

❖ મન્ત્રનું મનન ❖

આ વર્ણન પુસ્તકના વિષયની મર્યાદામાં સમાવિષ્ટ થવું અશક્ય છે. અનુભવે એવું સમજાવ્યું છે કે - **વાસ્તવિક જપ તો તે છે, જ્યારે ઉપાસકને સ્વયં જપ કરવા માટે પ્રયત્ન (મહેનત) કરવી નહીં પડે, પરંતુ તે એક સ્વભાવ જેવું બની જાય.** વાણીના પ્રયોગની આવશ્યકતા જ રહે નહીં. હૃદયમાં ઓંનો ધ્વનિ સંભળાતો જ રહે. હા, ક્યારેક કોઈ કોઈ વાર ઓં નામના ધ્વનિનો નશો જ્યારે વધતો જ જાય છે ત્યારે સ્થૂળ શરીરના અણુએ અણુમાં રોમે રોમમાં પ્રણવનાદ (ઓંકાર) ગુંજતો અનુભવાય છે. વાસ્તવિક તથ્ય આ છે. પ્રણવ યા ઓંકાર મુખ દ્વારા ઉચ્ચાર કરવાની વસ્તુ નથી. શરૂઆત મુખ વડે તીવ્ર ઉચ્ચારથી થાય અને તે માનસિક જપમાં પરિવર્તન પામે એ જરૂરી છે. હા, માનસિક જપનો જ એટલો અભ્યાસ વધારી લેવો કે અંતઃકરણમાં એ જપ થતો જ રહે. અને અંદર જ તેનો ધ્વનિ સંભળાતો રહે અને તેની સાથે એનું ધ્યાન પણ થતું જ રહે. આ આંતર નાદનો વેગ પ્રબળ થતાં પરિણામ સ્વરૂપ મુખ દ્વારા પણ ઓંનું રટણ આપોઆપ થવા લાગે છે. મન તેની સાથે જોડાવાથી મનની ચંચળતા મટવા લાગે છે, અને એક અદ્‌ભુત આસ્વાદ અનુભવાય છે.

❖ ઓંકાર પરબ્રહ્મ સ્વરૂપ ❖

આપણે વિચારણામાં ઘણા જ આગળ નીકળી ગયા. હવે મૂળ મુદ્દા ઉપર પાછા આવીએ. આ સૃષ્ટિ પ્રારંભ કાળે પ્રથમ ઈશ્વરવાચક ઓં શબ્દ ઉત્પન્ન થયો. પછી એ શબ્દમાંથી જ સંપૂર્ણ દશ્યમાન સૃષ્ટિ ઉત્પન્ન થઈ તે પછી જ અન્ય સર્વ વર્ણાક્ષરો અને શબ્દો પ્રકટ થયા. ઓં સાક્ષાત્ પરબ્રહ્મ સ્વરૂપ છે એ સર્વ મંત્રોમાં શ્રેષ્ઠ છે. એને દેશકાળ તેમજ ભાષાના કોઈપણ બંધનો નથી. એ દુનિયાની કોઈ પણ એક ભાષાનો શબ્દ નથી. બધી જ ભાષાઓ એના થકી અભિવ્યક્ત થઈ છે.

ઓં इति एकाक्षरं ब्रह्म । ओंकारः परमो मंत्रः सर्वमंत्रेषु नायकः ।

- ઓં એકાક્ષર બ્રહ્મ છે. ઓંકાર પરમ મંત્ર છે. સર્વ મંત્રોનો રાજા છે. સર્વ મંત્રોને દોરનારો, સર્વમંત્રોનું નેતૃત્વ કરનારો નેતા (નાયક) છે.

આ રાજા એવો છે જેના રાજ્યની કોઈપણ સીમા (મીર્યાદા) નથી તેની સત્તા સર્વવ્યાપી છે. એને કોઈ મારું, તારું કે પરાયું નથી. એની કોઈ રાણી નથી. એનું કોઈ રૂપ નથી. એને કોઈ રાગ દ્વેષ નથી. એને કોઈ પણ ભેદભાવ નથી. તે સ્વયં અભેદ્ય છે. સદા, સર્વદા, સર્વથા હાજરાહજૂર છે. એ જ ૐકાર રૂપ શબ્દમાંથી ઉત્પન્ન થયેલી સંપૂર્ણ વર્ણમાલાના સર્વ અક્ષરો (સ્વર અને વ્યંજન) બધા જ મંત્ર રૂપ છે. શાસ્ત્રોમાં કથન છે કે **'अमंत्रमक्षरं नास्ति'** અર્થાત્ એવો એક પણ અક્ષર નથી કે તે મંત્રરૂપ ન હોય. એ અક્ષરોમાંથી અનેક શબ્દરૂપ મંત્રો બન્યા છે. મંત્ર મુખ્યત્વે બે પ્રકારના છે - (૧) બીજ મંત્ર અને (૨) નામ મંત્ર.

❖ મ્ કારનું સ્વારસ્ય ❖

ભાષાની રીતે વિચાર કરતાં સર્વ વ્યંજનો ને પાંચ વર્ગોમાં **क** વર્ગ, **च** વર્ગ, **ट** વર્ગ, **त** વર્ગ અને **प** વર્ગમાં વર્ગીકૃત કરી સંગઠિત કરેલ છે. આ પાંચે વર્ગના અક્ષરોના માથા ઉપર ૐકારનો અંતિમ વર્ણ **'म्'** કાર અનુસ્વાર સ્વરૂપે રહેલો છે. સંસ્કૃત ભાષામાં પ્રસિદ્ધ સૂત્ર **मोऽनुस्वारः।** અનુસાર **'म'** ના સ્થાન પર પ્રાયઃ અનુસ્વાર થઈ જાય છે. અનુસ્વાર થઈ જતાં એ **म**કાર સર્વ અક્ષરોના માથે ચઢી જાય છે. **म** સર્વ અક્ષરોમાં પ્રબળ છે કારણ કે **'म'** માયાનો વાચક છે અને માયાની પ્રબળતા સર્વવિદિત છે. તંત્રમાં શક્તિરૂપા (માયા)નું પ્રાધાન્ય છે. **'म'** જનિત અનુસ્વાર જ તંત્રમાં બિંદુ કહેવાય છે. સર્વ કથિત બીજ મંત્રો અનુસ્વાર (બિંદુ) યુક્ત હોય છે. જેમ કે **ऐं, ह्रीं, श्रीं, क्लीं, अं, कं, खं, चं, टं, तं, पं, आं, इं, ऊं, पौ, क्रों, बों, भों, मों, हं, क्षं, यं, रं, वं, शं, सं, षं** ઈત્યાદિ. **म** બિંદુ જ તાંત્રિક મંત્રોમાં કેન્દ્ર સ્થાને છે, તે જ કેન્દ્ર બિંદુ છે. તંત્ર શાસ્ત્ર ઋદ્ધિ-સિદ્ધિની સાધના છે. ભોગ અને અપવર્ગ પ્રાપ્તિની સાધના છે. એમાં પંચમકાર અતિશય ભેદથી ભરેલા અને રહસ્યપૂર્ણ છે. તેનું વિવેચન અહીં અસ્થાને છે. તંત્રમાં માત્રાઓની પણ વિશેષતા છે પરંતુ તેને પણ **म** થી નીચે સુવ્યવસ્થિત સ્થાન મળેલું છે. ૐ સંપૂર્ણ સાધના છે, સર્વાંગ સાધના છે. અન્ય તાંત્રિક સાધનાની માફક તે માત્ર લૌકિક નથી, અલૌકિક છે. એકાંગી નથી, સર્વાંગી છે. ૐકાર ઉપાસના સમગ્રતાને સાથે લઈને ચાલનારી સમગ્રતાની ઉપાસના છે. ૐકાર ઉપાસના લોક અને પરલોકને પણ સુધારનારી છે.

'मंत्राणां प्रणवः सेतुः' જેમ કોઈ નદી પાર કરવા ઈચ્છતો હોય તો તેને કોઈ પુલ ઉપરથી પસાર થવું પડે છે. ૐકાર એ સેતુ (પુલ) સમાન છે. સંસાર સાગર પાર કરવાનું સર્વોત્તમ સાધન છે. પ્રત્યેક મંત્રની આગળ પાછળ ૐ અક્ષરનો ઉચ્ચાર કરવાથી એક વ્યાપક શક્તિનો આધાર (સેતુ પુલની માફક) મળે છે. તેના ઉચ્ચારથી મંત્રના પ્રત્યેક વર્ણાક્ષરોને અસાધારણ બળ મળે છે. જેથી પ્રત્યેક મંત્રની શરૂઆતમાં ૐકાર બોલવો અતિઆવશ્યક છે.

'સંન્યાસ ઉપનિષદ' અનુસાર ૐકાર એ જ સંન્યાસીઓની જનોઈ છે. ૐકાર એ જ સંન્યાસીનો પરમમંત્ર છે. સંપૂર્ણ બ્રહ્મચર્યનું પાલન કરનાર, સંસારથી વીતરાગ થયેલ વ્યક્તિએ ફક્ત ૐ મંત્રની ઉપાસના કરવાની છે. બ્રહ્મચારી અને વૈરાગી સંન્યાસીને માટે ૐ એકલો સર્વ સિદ્ધિદાતા મંત્ર છે. સમગ્ર વિશ્વ ૐમાં સમાઈ જાય છે. ઈચ્છાસિદ્ધિ અને મોક્ષ પ્રાપ્તિ બધું જ જેમાં સમાવિષ્ટ થાય છે તેવા ૐકારનું યોગીઓ સતત ધ્યાન કરે છે.

❖ જપ કરવાનો અધિકાર કોને છે ? ❖

પૂ. પાંડુરંગ આઠવલે શાસ્ત્રીજી જાણવે છે કે - "ૐકારની ઉપાસના માટે યોગ્ય અધિકાર હોવો જોઈએ. દશ્ય અને શ્રાવ્ય જગતના વિષયો માટે સંપૂર્ણ વિરક્તિ નિર્માણ ન થાય ત્યાં સુધી ૐકાની ઉપાસના કરવી એ અનધિકારી ચેષ્ટા છે. જેણે જીવનનાં દ્વંદ્વોમાં સમતુલા જાળવવાનું શિક્ષણ લીધું છે, જેની વૃત્તિ અનાસક્ત થઈ છે, વૈરાગ્યમય બની છે તેજ ૐકારની ઉપાસનાનો અધિકારી ગણી શકાય, અનધિકારી માણસ મોટી ઉપાસનાના નાદમાં પડે એ બાલ મંદિરનો વિદ્યાર્થી એમ.એ.ના વર્ગો ભરવાનો પ્રયત્ન કરે એવી હાસ્યાસ્પદ ઘટના છે.

નિસ્તેજ, લાચાર આસક્તિગ્રસ્ત મનુષ્યને ૐકારની ઉપાસનાનો આદેશ કાં તો ઉપદેશ એ ટાઈફોઈડના દર્દીને બાસુદી પીવડાવવા જેવું ઘોર કર્મ છે. ૐકારના ઉચ્ચારણના કેટલાક શારીરિક કાયદાઓને ધ્યાનમાં લઈને પણ ઉપાસ્ય તરીકે તે સાર્વજનીન થઈ શકતો નથી. તેવી એવા લોકોને ૐકાર જપ કરવાનું ન કહેતાં સગુણ સાકાર ભગવાનની ઉપાસના સમજાવવી જોઈએ. અને તેથી જ સમાન્ય લોકોમાં કેવળ ૐનો જપ ન કરતાં **'हरि ॐ'**, **'ॐ नमः शिवाय'**,

'ૐ નમો ભગવતે વાસુદેવાય' વગેરે જપ કરવાની પદ્ધતિ છે. જૂના કાળમાં તો ફક્ત સાચા અર્થમાં સંન્યાસી થયેલા લોકો જ ૐનો જપ કરતા હતાં''

સ્થૂળ દેહ, સ્થૂળ જગત અને સંસારમાં આસક્ત લોકોને કેવળ ૐકારની ઉપાસના કરવી ઉચિત નથી. કેવળ ૐકાર (ફક્ત ૐકાર)ની જ ઉપાસના કરવાથી માણસ સંસારના સુખ અને વૈભવ ગુમાવે છે, દુનિયાથી એકલો પડી જાય છે. પતિ-પત્ની, બાળકો, માતાપિતા અને સ્વજનોનું સુખ ગુમાવે છે. સંસારમાં તે ગાંડો કહેવાય છે. ધુની તરીકે ઓળખાય છે. સંત કબીરજી કહે છે કે - **''પ્રેમ ગલી અતિ સાંકરી, તામે દો ન સમાય''**

પ્રભુ પ્રેમનો માર્ગ (ૐકાર)નો રસ્તો ખૂબ જ સાંકડો છે. તેમાં બે એટલે કે દ્વૈતનું સ્થાન નથી. અદ્વૈત બનવું પડે એટલા પડવું પડે છે. તો જ પરમાત્માનું સાયુજ્ય મળે છે. કોઈ સાથે જઈ શકતું નથી. બધું જ છોડવું પડે અને ન છોડે તો પણ ૐકાર સાધકનું સર્વ છૂટી જાય છે.

એટલા માટે સંસારી જનો માટે કેવળ ૐકાર મંત્ર હિતકારક નથી. સંન્યાસીઓ માટે જ હિતકારક છે. સંસારીએ ૐને છોડવા જેવો નથી. સંસારીઓએ પોતાના ઈષ્ટ મંત્ર અથવા ગુરુ પ્રદત્ત દિશા મંત્રની સાથે ૐકારને આગળ જોડીને ઉપાસના કરવાનું શાસ્ત્રનું વિધાન છે તે પ્રમાણે કરવું. જેથી **''कामदं मोक्षदं चैव ॐकाराय नमो नमः ॥''** એ શબ્દો સાર્થક થાય અને સંસારના સુખની કામના અને દેહાન્તે મોક્ષની પ્રાપ્તિ સંભવિત બને છે.

❖ બીજ મંત્રનો મહિમા ❖

જો નામ મંત્ર સાથે બીજ મંત્રો જોડવામાં આવે તો તે એથી વિશેષ શક્તિશાળી અને શીઘ્ર સિદ્ધિપ્રદ બની જાય છે. ''બીજકોષ'' નામક ગ્રંથમાં સર્વબીજ મંત્રોના અર્થનું વિસ્તૃત વર્ણન મળે છે. જિજ્ઞાસુઓએ તે તે ગ્રંથ જોવા આવશ્યક છે.

'ૐ क्लीं कृष्णाय नमः ।' 'ૐ क्लीं गोपी वल्लभाय नमः ।' 'ૐ रां रामाय नमः ।' 'ૐ द्रौं दत्तात्रेयाय नमः ।' 'ૐ गं गणपतये नमः ।' 'ૐ क्लीं कामदेवाय नमः ।' 'ૐ क्लीं काल्यै नमः ।' 'ૐ क्रीं कामाख्यायै

નમઃ ।' 'ૐ હ્રીં ભુવનેશ્વર્યૈ નમઃ ।' 'ૐ ઐં સરસ્વત્યૈ નમઃ ।' 'ૐ બું બુધાય નમઃ ।' 'ૐ સૂં સૂર્યાય નમઃ ।' 'ૐ મં મંગલાય નમઃ ।' 'ૐ ગું ગુરવે નમઃ ।' 'ૐ બૃં બૃહસ્પતયે નમઃ ।' 'ૐ શું શુક્રાય નમઃ ।' 'ૐ શં શનૈશ્ચરાય નમઃ ।' 'ૐ રાં રાહવે નમઃ ।' 'ૐ કેં કેતવે નમઃ ।' 'ૐ ચં ચંદ્રમસે નમઃ ।' 'ૐ નમઃ શિવાય ।' 'ૐ નમો ભગવતે વાસુદેવાય ।' 'ૐ નમો નારાયણાય ।' 'ૐ દું દુર્ગાયૈ નમઃ ।' 'ૐ ઐં હ્રીં ક્લીં ચામુણ્ડાયૈ વિચ્ચે ।' ઈત્યાદિ સબીજ મંત્રો છે. પરંતુ પ્રત્યેક ની આગળ ૐનો ઉપયોગ થયેલ છે. તે પ્રમાણે થવું આવશ્યક છે. એમાં આદિ શબ્દ અને તેના અર્થનો પરસ્પર એવો સંબંધ છે કે જેવો અગ્નિ અને ઉષ્ણતાનો, જળમાં શીતળતાનો હોય છે તેમ.

આ પ્રમાણે પોતાનું જીવન સુખી કરવા, શાંતિમય અને સફળ કરવા માટે શબ્દ શક્તિનું અમોઘ સાધન આપણી પાસે વિદ્યમાન છે. જે આપણે અભૌતિક સત્તાનો સંપર્ક કરાવે છે. અભૌતિક પરમ સત્તામાં પ્રવેશ કરાવે છે. જેના અગણિત લાભ છે. તેનો લાભ ઉઠાવતાં આપણને આવડતું નથી. એમાં દોષ આપણી બેદરકારી અને આળસનો છે. જેથી આપણે સર્વ પ્રકારે દીન, હીન, ક્લેશમય અને દુઃખદ જીવન વ્યતીત કરી રહ્યા છીએ. પ્રયત્ન કરો, આળસ ખંખેરી નાંખો અને વિધિવત્ બીજ મંત્રો સહિત ઈષ્ટ દેવના નામ મંત્રોનો જપ શરૂ કરો. એકલા બીજ મંત્રોથી પણ નામ મંત્ર જેટલોજ લાભ થશે.

શબ્દની જે શક્તિ છે તે તેના અર્થમાં સમાયેલી છે. પરંતુ ધ્વનિ પ્રધાન મંત્રો છે, તેના અર્થ જાણવામાં આવે કે ન આવે તો પણ જો મંત્રનો વારંવાર સતત ઉચ્ચાર કરવામાં આવે તો તેનો પ્રભાવ જપ કરનાર સાધક ઉપર અથવા જો કોઈ બીજાના ઉદેશ્ય માટે જપ કરવામાં આવે તો તેનો પ્રભાવ તેના ઉપર તેમજ આસપાસના વાતાવરણ ઉપર નજીકમાં અથવા અતિશય દૂર હોય તો પણ થયા વગર કદી રહેતો નથી.

❖ બીજ મંત્રની અસર ❖

જો કોઈ ને અનુભવ કરવો હોય તો **'યં'** (વાયુબીજ)નો વારંવાર ઉચ્ચારણ કરવાથી વાયુ તત્ત્વ બળવાન થયાનો અનુભવ થશે. **'રં'** (અગ્નિબીજ)નો

વારંવાર જપ કરવાથી જાપકના શરીરમાં ગરમીનો વધારો થયાનું માલમ પડશે. **'वं'** (વરુણબીજ, જળતત્ત્વનું છે) નો વારંવાર જપ કરવાથી સુખ, શાંતિ, સફળતા અને શીતળતાનો અનુભવ થશે. **'लं'**બીજનો સતત જપ કરવાથી પૃથ્વી તત્ત્વ બળવાન થતાં શરીર પુષ્ટ થશે અને શરીરનું વજન વધશે, ભૌતિક મનોકામનાથી પૂર્તિ થશે, જીવનમાં સ્થિરતા પ્રાપ્ત થશે. કોઈપણ શબ્દનો એક સ્વરથી તાલબદ્ધ ઉચ્ચાર કરવામાં આવે તો તેનું અદ્‌ભુત પરિણામ મળે છે. આ અનુભવ કરવા જેવી બાબત છે. આ વૈજ્ઞાનિક પ્રક્રિયા છે.

'श्रीं' બીજ મંત્રના વિધિપૂર્વક જપ કરવાથી લક્ષ્મી અવશ્ય પ્રાપ્ત થાય છે. **'क्लीं'** કામબીજનો સતત જપ કરવાથી મોહન, વશીકરણની સિદ્ધિ થાય છે. ઈચ્છિત વસ્તુને આકર્ષી શકાય છે. **'ह्रीं'** માયાબીજ ઐશ્વર્ય, વૈભવ અને સત્તા પ્રાપ્ત થાય છે. **'ऐं'** વાગ્બીજના જપેથી વાકસિદ્ધિ અને વિદ્યાની પ્રાપ્તિ થાય છે. આમ અલગ અલગ મંત્રોના અલગ અલગ ફળ મળે છે.

આપણા મંત્ર શાસ્ત્રના ગ્રંથોમાં **'वषट्'** થી વશીકરણ **'वौषट्'**થી વિદ્વેષણ, **'हुं फट्'** થી મારણ-ઉચ્ચારણ, **'ठः ठः खें खें, ज्वल ज्वल, प्रज्वल प्रज्वल, मारय मारय, ताडय ताडय, भेदय् भेदय, छिन्दि छिन्दि, भिन्दि भिन्दि'** આદિ શબ્દોના પ્રયોગોથી સ્તંભન થાય છે. **'ग्रहन्निवारय'** થી ગ્રહપીડાનું નિવારણ થાય છે. **'व्याधि विनाशय'** રોગ નિવારક, **'दुःख हर दुःख हर'** દુઃખ હરનાર, **'दारिद्रय विध्वंशय विध्वंशय्'** ગરીબીનો નાશ, **'देहं पोषय पोषय'** દેહનું પોષણ કરવું, **'चित्तं तोषय तोषय'** થી ચિત્તને પ્રસન્નતા અને સંતોષ પ્રાપ્ત થાય છે, આદિ લાભદાયક શબ્દોના પ્રયોગ જોવા મળે છે. તેનો વારંવાર ઉચ્ચાર કરવાથી ચોક્કસ પરિણામ તેના અર્થ અનુસાર અવશ્ય મળે છે.

જો ઉપર પ્રમાણે ભિન્ન ભિન્ન શબ્દોવાળા મંત્ર પ્રયોગની ગડભાંજ (ઉપાધિ)માં ન પડવું હોય તો એક જ ઈશ્વનું નામ અથવા પોતાની ઈચ્છાનુસાર દેવ-દેવીનું ઈષ્ટનામ સ્મરણ વારંવાર કરતા રહો. તે જ નામની વારંવાર ધુન લગાવો તેનું જ અર્થ ચિંતન અને ધ્યાન કરો. તે જ નામરૂપી મંત્રમાં એવા તન્મય બની જાવ કે તમારા રોમે રોમમાં તે જ ગુંજતો અનુભવાય. આમ

કરવાથી તમારામાં અનેક ગુણોનો સંચાર થશે, તમારી સર્વ મનોકામના પૂર્ણ થશે અને જીવન કૃતાર્થ બની જશે.

હવે પાછા ઓંકાર ઉપર આવીએ. પૂ. પાંડુરંગ શાસ્ત્રીઆ બાબતમાં જણાવે છે કે -

"ઓં એ અનુભૂતિસૂચક પ્રતીક છે, તે હકારનું સૂચક છે, અને તેથી ઓંકાર દ્વારા મળતા જવાબમાં આપણી વૃત્તિનું પ્રતિબિંબ પડે છે, તેમજ આપણા વિચારોનો પડઘો સંભળાય છે. (મૂળ પ્રણવનું સ્વરૂપ નાદ એ ધ્વન્યાત્મક પ્રતીતિ છે પરંતુ ઓંકાર તેમાંથી પ્રકટ થતી વૃત્તિઓના વર્તુળનું પ્રતિબિંબ છે. સાવ બિલકુલ સાચી વાત છે. તેમજ આપણા વિચારોનો પડઘો સંભળાય છે. એટલે કે મૂળ અસ્તિત્વની શબ્દાત્મક વિચાર શક્તિ પ્રકટ થાય છે.)

આપણે જો પૂછીએ કે - ભગવાન છે ? તો ઓંકાર જવાબ આપે છે 'હા, છે જ.' (આપણે આ પ્રકરણમાં વિચાર્યું કે **'સોઽહં'** માં રહેલો પ્રણવ કહે છે કે - 'તે પરમાત્મા હું જ છું.') ભગવાન આપણને મળશે કે ? ઓં જ કહેશે, 'હા, મળશે જ !' (તે પરમાત્મા આપણા શ્વાસમાં - પ્રાણમાં જ પ્રાણેશ્વર બની ને ધબકી રહ્યો તેને અનુભવો એટલે પરમાત્મા મળ્યો જ સમજો.) ભગવાન મળવા કઠણ છે ? ઓં કહેશે, 'હા, કઠણ છે !' (ઉચિત રીતે ઉપાસના કરવાથી જ ભગવાનની પ્રાપ્તિ થાય છે. એટલે એ ઉપાસનાનું કાર્ય કઠણ તો છે જ). આ રીતે નિરાશ થયેલાઓને તે હિંમત આપે છે, અને ઉતાવળિયા બનેલાને સાધના અને તપશ્ચર્યાનું મહત્વ સમજાવે છે. ઓંકાર આપણને ગાંડા આશાવાદ અને નબળા નિરાશાવાદની વચ્ચે સમતુલા જાળવવાનું શીખવે છે. ટૂંકમાં, ઓંકાર બ્રહ્મવિદ્યાનું પ્રતિક છે. બ્રહ્મવિદ્યાનો સમગ્ર અર્થ ઓંકારમાં સંકલિત થયો છે."

તેના ઉચિત રીતે જપ કરવાથી જ તેની ફળશ્રુતિનો અનુભવ થાય છે. ઓંકારનો ઉપયોગ જપ અને ઉપાસનામાં ખૂબ જ સમજદારી પૂર્વક કરવાનો છે એ વાત ભૂલવા જેવી નથી.

❖❖❖

૩૧

નામ જપ કરવાની ઉંમર કઈ ?

❋ આધુનિકતાનું આવરણ ❋

પ્રાચીન કાળના સંયુક્ત કુટુંબમાં જે મર્યાદાઓનું પાલન થતું હતું, બાળકોમાં સંસ્કારોનું સિંચન થતું હતું, જે જીવન જીવવાની કળા ખીલતી હતી, જે પરસ્પર સહાયની ભાવના હતી, જે ઉદારતા હતી, જે પરસ્પર સદ્‌ભાવ હતો. એકબીજાની ઉન્નતિમાં સહયોગ આપતા

હતા, જે ધર્માચરણ અને નીતિનાં મૂલ્યો હતાં તે બધું પાશ્ચાત્ય સંસ્કૃતિના પ્રભાવને કારણે ધોવાઈ ગયું છે. બચી ગઈ છે માત્ર ઉપલકની ટાપટીપ અને ઠઠેરો. આજે ધર્મની કોઈને જરૂર નથી, ભગવાન છે જ ક્યાં ? સદાચારનો છેદ ઉડી ગયો છે. સ્વેચ્છાચાર અને સ્વચ્છંદતા એ તેનું સ્થાન લીધું છે. જીવન સ્વાર્થી અને સંકુચિત મનોદશાના ઘેરામાં આવી ગયું છે. આજે પૈસો જ સર્વસ્વ છે. સગા સગા નથી રહ્યા ને વ્હાલા વ્હાલા નથી રહ્યા. ઘરમાં વૃદ્ધ માતા-પિતા કે દાદા-દાદીની વાત કોઈને ગમતી નથી. વિચારોની વિષમતા બે પેઢી વચ્ચે મોટી ખાઈ બની ગઈ છે. વડીલો ઘરમાં કણાની માફક ખૂંચે છે. તેઓનું વારંવાર અપમાન થાય છે. ઘરડાનાં ઘર અને વૃદ્ધાશ્રમો વધી રહ્યા છે. ઘરડા માણસોને માર ખાવો પડે છે. અને દાતણની ચીરીની માફક બહાર ફેંકી દેવાય છે.

જીવનમાં અજંપો વધી રહ્યો છે. જેને અત્યારથી પેઢી સુખ કહે છે, તે સાચું સુખ નથી, માત્ર સુખનો ખોટો અભ્યાસ છે. સ્વાર્થીવૃત્તિ અને ધન દોલતના ઠાઠમાઠનું પ્રદર્શન છે. માને છે પોતાને સુશિક્ષિત અને કહેવડાવે છે સંસ્કારી પરંતુ શિક્ષણ છે પોપટીયું અને સંસ્કાર નામે છેતરામણી સજાવટ અને ફેશનની ચમક દમક. ક્યાં જઈને અટકશે અત્યારનો સમાજ ? શું થશે ભાવિ પેઢીના સંતાનોનું ? કોઈને કંઈ જ કરવું નથી. વિચારવું નથી. બેફામ નીતિહીન જીવન જીવાય છે. ધર્મ - નીતિ કે ઈશ્વરનો કોઈને ડર જ નથી. સૌ માને પડશે તેવા દેવાશે. કોણે દીઠી કાલ ? આજનો લ્હાવો લીજીએ રે કાલ કોણે દીઠી છે ?

કહેવાનું મન થાય છે કે ખાટલે મોટી ખોડ છે કે ખાટલાનો એક પાયો જ નથી. જીવનના પાયા રૂપ ધર્મના સંસ્કારો લુપ્ત થઈ રહ્યા છે. માતા-પિતાના જીવનમાં જ ધર્માચરણે, સદાચારનિવદાય લીધી હોય અને ગમે તે રીતે કાવાદાવા કરીને ધન કમાવું, તેને માટે જે કરવું પડે તે બધું કરી છૂટવું. સંતાનો પ્રત્યેક માતા-પિતાને સંસ્કારી, સદાચારી, વિદ્વાન, બુદ્ધિમાન, સુશીલ, ધનવાન અને ધાર્મિક થાય એવી ભાવના ખરી, પરંતુ સંસ્કારનું સાચું ઘડતર થતું નથી.

દોઢ-બે વર્ષના બાળકના હાથમાં ક્રિકેટના બોલ-બેટ પકડાવવામાં આવે છે. માતાનું દૂધ નથી મળતું, બાટલીનું દૂધ અપાય છે, ગાય દૂધ પાતળું પડે

છે ભેંસ દૂધ અપાય છે. ટ્રાન્ઝીસ્ટર, રેડિયો, ટેલીફોન, મોબાઈલ બાળકના કાન ઉપર ધરવામાં આવે છે. ટી.વી.ના નખરાળાં દશ્યો અને ખોટી માદક જાહેરાતો સંભળાવવમાં આવે છે. કુદરતી જીવનથી અળગા રાખીને, ઘરની બનાવેલી શુદ્ધ, પવિત્ર અને પૌષ્ટિક વાનગીઓને બદલે ફાસ્ટફુડ અને હોટલની વાનગીઓ ખાવાની કુટેવ પાડવામાં આવે છે. માતા-પિતા જેવા મમત્વ અને વાત્સલ્યપૂર્ણ શબ્દોનું સ્થાન મમ્મી-ડેડી (મમા-ડેડ) જેવા મૃત અર્થહીન શબ્દોએ લીધું છે. હવે નથી રહી માસી, કાકી, મામી, ફોઈ બધાંજ આન્ટી શબ્દની આંટીમાં ગૂંથાઈ ગયા છે. પિતરાઈ - મોસાળિયા બધા કઝીન બની ગયા છે. કાકા, મામા બધા અંકલ શબ્દમાં ખોવાઈ ગયા છ. સંબંધોમાં સ્નેહ અને સાર્થકતાનો અભાવ વર્તાય છે. રહી ગઈ છે માત્ર ઔપચારિકતા (ફોરમાલીટી).

ઘરના દાદા-દાદી કે વડીલજન બાળકોને રામયણ - મહાભારતની વાતો કરે, ધ્રુવ - પ્રહ્લાદની વાતો કરે, નીતિકથાઓ સંભળાવે, સંતોના જીવન પ્રસંગો વર્ણવે અને ભગવાનનું નામ બોલવાનું શીખવે તો આધુનિક મમ્મી-પપ્પા તેમ કરતાં વડીલોને રોકે છે. એ બધી જુના જમાની વાતો કરીને નાહકનું બાળકોનું મગજ ખરાબ કરી રહ્યા છો. એ બધા તમારા જેવા નવરા માણસોનું કામ છે. ગયા ધ્રુવ અને પ્રહ્લાદના જમાના. આજના વિજ્ઞાનના યુગમાં વિજ્ઞાનની વાતો કરો, પ્રગતિની વાતો કરો. મહેનત કરવાની વાતો કરો, પૈસા કમાવાની વાતો કરો. ઠેકાણે પડી ગયેલા, હારીને થાકી ગયેલા નવરાઓથી કંઈ થાય નહીં તે બેઠા બેઠા ભગવાન, ભગવાન કર્યા કરે. ભગવાન છે જ ક્યાં ?

બાળકોને તો ખેલવા કૂદવાનું, મોજ મસ્તી કરવાના, ખાવા-પીવાનું, ભણવાનું ને મઝા કરવાની. ભગવાનનું નામ લેવું હોય તો હજી આખી જિંદગી પડી છે. આ ઉંમર કંઈ ભગવાનનું નામ દેવા માટે છે ? આ સાંભળી લાચાર વડીલોને સંતાપ અવશ્ય થાય છે. તેઓ સમસમીને બેસી રહે છે, ચુપ થઈ જાય છે. જપ કરવાથી, ભગવાનનું નામ લેવાથી બાળકોનું જે જીવન ઘડતર થાય છે તેનાથી અધિક યુવાવસ્થાવાળા મનુષ્યોનું થાય છે. કુમળું ઝાડ વાળીએ તેમ વળે છે. એમાં બાળકોનો દોષ નથી, અપરાધ તેના માતા-પિતાનો છે. જેના

માતા-પિતા જ સદાચારનું પાલન ન કરતા હોય, ભગવાનનું નામ કે સેવાપૂજા ન કરતા હોય તો બાળકો પાસે ભગવાનના નાજસ્મરણની આશા રાખવી નકામી છે.

❖ ભારતની ભાવિ પેઢી ❖

પ્રિય, બાળકો ! પ્યારા વિદ્યાર્થીઓ ! ખરેખર, તમને જોતાં તમારી અવદશા પર વિચાર કરતાં અમને ઘણું જ દુઃખ થાય છે. તમે યાદ રાખો, તમો કોઈ સામાન્ય વ્યક્તિ નથી, ભારતના ઋષિ-મુનિઓના સંતાન છો, ગાંધીજી, વિવેકાનંદ, રામ, કૃષ્ણ, બુદ્ધ, મહાવીર, ઈસુખ્રિસ્ત, મહંમદપયગમ્બર અને સંતો-મહંતોના સંસ્કારના વારસદાર છો. તેઓના આશીર્વાદ તમારી સાથે છે. તેઓના ચીંધેલા માર્ગ ઉપર આવો. સદાચાર અને સંસ્કારો અપનાવો. ભગવાનનું નામ સ્મરણ કરો. શ્રદ્ધા રાખો કે - જે ભગવાને માતાના ગર્ભમાં તમારૂં રક્ષણ કર્યું છે, જન્મ થતાં જ તમારા પોષણ માટે દાંત ન હતા તો માતાના સ્તનમાં દૂધ મૂક્યું છે. તે ભગવાન તમને છોડીને ભાગી નથી ગયો. જેણે તમને જન્મ આપ્યો તે તમને ભૂલી ગયો નથી. સત્યતો એ છે કે : તમે ભગવાનને ભૂલી ગયા છો. તમે તેની આજ્ઞાનું પાલન નથી કરતા તેથી તમારી દુર્દશા થઈ રહી છે.

જો તમારે ધ્રુવ, પ્રહલાદ, શિવાજી, રાણાપ્રતાપ, મહાવીર, બુદ્ધ, રામ-કૃષ્ણ કે વિવેકાનંદ અને ગાંધીજી જેવા બનવું હોય તો તમારે નિત્ય ઈષ્ટ મંત્રનો જપ કરવો જોઈએ. રામ, કૃષ્ણ, શિવ, ઓમ, અંબા જેમાં શ્રદ્ધા હોય તેનું નામદ્સ્મરણ અવશ્ય કરવું જોઈએ. એ મંત્ર જપથી તમારી સર્વ મનોકામના પૂર્ણ થશે. આવતી કાલની રાહ જોયા વગર આજથી જ ભગવાનના નામના જપ કરવા માંડો, નિયમિત જપ કરો. પવિત્રતાપૂર્વક જપ કરો. મંત્રનું રહસ્ય સમજીને ભાવપૂર્વક જપ કરો. થોડા જ સમયમાં આ જગત તમને સ્વર્ગ સમાન સુખદાયક જણાવા માંડશે. મુશ્કેલીઓ દૂર થશે. બાળપણથી કરેલી શરૂઆત યુવાનીમાં પણ નહીં ભૂલાય તે જરૂરી છે.

બાળક નાનું હોય ત્યારે તેનો સંસાર શાળા, શિક્ષક અને પોતાનું ઘર

પૂરતો મર્યાદિત હોય છે. નાના સંસારમાં સંસારમાં સુખ-દુઃખનો પ્રભાવ બાળકો ઉપર હોય છે પરંતુ ઓછો. યુવાવસ્થામાં પ્રવેશતાં જ સંસારની સીમા વિસ્તૃત થાય છે. માતા-પિતાની સેવા, સુશ્રુષા, બાળકોનું લાલન પાલન, પતિ પત્નીનો સંતાપ, સગાં-સ્નેહી, મિત્ર-પરિવાર અને જ્ઞાતિજનો સાથેનો વ્યવહાર અને સામાજિક મોભો - પ્રતિષ્ઠા સાચવવાનાં હોય છે. વેપાર કે નોકરી-ધંધાની ચિંતા આમ ઉપાધિની વણથંભી અને વણઝાર યુવાનની પાછળ લાગેલી હોય છે. વ્યાધિ, ભય, શોક, ગ્લાનિ અને ઉદ્વેગ તેનો પીછો છોડતા નથી. એટલે જ તેમને સુખ-શાંતિ અને આરોગ્યની આવશ્યકતા હોય છે.

જેઓ સર્વ પ્રકારે સુખી હોય છે તેમને ભાગ્યેજ ભગવાનનું નામ સ્મરણ કે ઈષ્ટ મંત્રનો જપ કરવાની ઈચ્છા થાય છે. હા, જન્માંતરના જીવના સંસ્કાર હોય અને માતા-પિતા તરફથી વારસામાં ભગવાનનું નામ મળ્યું હોય તો જ જુવાનીમાં ભગવાનનું નામ સ્મરણ થાય છે.

ક્યાં તો કોઈ દૈવી પ્રકોપ, વિપત્તિ કે આપત્તિના ચક્રમાં જ્યારે માણસ ફસાઈ જાય છે ત્યારે તેની સ્થિતિ અતિશોચનીય બની જાય છે. ધંધારોજગાર નોકરીમાં પછડાટ ખાતાં ધનનો અભાવ, રોગ અને અસહાય સ્થિતિમાં મૂકાઈ જાય, અને કોઈનો પણ સાથ સહકાર મળે નહીં ત્યારે ભગવાન યાદ આવે છે, તે ભરયુવાનીમાં ભગવાનનું શરણ સ્વીકારે છે. ભગવાનનું નામ સ્મરણ અને જપ કરવા માંડે છે. પરંતુ એ નામ સ્મરણ સાથે ચિંતા હોય છે, સ્વાર્થ હોય છે અને વિહ્વળતા હોય છે. ચિત્તની એકાગ્રતા સધાતી નથી. ગુજરાતીના કવિએ કહ્યું છે કે -

"દુઃખીના દુઃખની વાતો સુખી ના સમજી શકે,
સુખી જો સમજી શકે તો દુઃખ જગમાં ના ટકે."

- આજ કાલ કોઈને જીવન વિશે વિચાર કરવાની ફુરસદ જ નથી. બે ફામ, ઢંગ ધડા વગરની જિંદગી જીવાય છે. મનુષ્ય જીવન શા માટે મળ્યું છે, તે કેવી રીતે સફળ અને સાર્થક થાય, સાચું સુખ કેવી રીતે મળે ? આ બધું બુદ્ધિથી વિચારવું જરૂરી છે. પાણી વહી ગયા પછી પાળ બાંધવાથી કંઈ વળવાનું નથી.

જે નેત્રો વડે જુવાની રંગ બેરંગી, સુવાસિત, ખીલેલા પુષ્પ જેવી મન મોહક લાગતી હતી. તે જ ચર્મ ચક્ષુઓ - એ જ તમારી આંખો વૃધ્ધાવસ્થાને પ્રવેશતી જુએ છે ત્યારે તે સ્થિતિ હૃદયમાં કાંટાની પેઠે ખૂંચવા લાગે છે. મુખની મોહકતા ઓછી થતી જાય છે, વાળ ધોળા થવા લાગે છે, શરીર શક્તિહીન થવા માંડે છે. ત્યારે લોકો કૃત્રિમ રીતે જુવાન દેખાવા બ્યુટી પાર્લર અને સૌંદર્ય પ્રસાધનો પાછળ ગાંડો ખર્ચ કરે છે. તેમાં વપરાતા અકુદરતી પદાર્થોના ફાયદા કરતાં ગેરફાયદા વધારે છે. તે બીજી જ વિકૃતિઓ સર્જી મુશ્કેલીમાં વધારો કરે છે. માનસિક સંતોષ અને આનંદ ધીમે ધીમે પ્રકૃતિદેવી વૃધ્ધાવસ્થમાં મનુષ્ય પાસેથી છિનવી લે છે. કારણ કે તેણે પ્રકૃતિનો સાથ છોડીને વિકૃતિનું શરણું સ્વીકાર્યું છે. જે ઈન્દ્રિયોના લાલન-પાલન અને લાડ લડાવામાં સમસ્ત જીવન વેડફી માર્યું, તે પણ ધીમે ધીમે નારાજ થઈ કામ કરવા નાખુશી વ્યક્ત કરે છે.

આંખ, કાન, નાક, દાંત વગેરે પણ શરીરનો સાથ છોડી પોતાના મૂળ કેન્દ્ર ઉત્સ તરફ જવાની રજા માંગી રહ્યા હોય તેવો અનુભવ થાય છે. જેમ થાગડ થીગડથી કપડું ટકી રહે, ગાબડગુબડ કરવાથી મકાન ટકી રહે તેવીજ રીતે ઔષધોના ટેકા થકી શરીર રૂપી મકાન દુરસ્ત રાખવા છતાં ધીમે ધીમે તે પડવા લાગે છે. સગા સંબંધીઓ, કુટુંબીજનો, પુત્રો અને પુત્રવધૂઓને તમારી હવે જરૂર નથી. જેને માટે તમારૂં જીવન ઘસી નાંખ્યું. જીવનનું સર્વસ્વ લૂંટાવી દીધું. તમે સાવ ખાલી થઈ ગયા. પત્ની હયાત હોય તેને પણ હવે તમારી જરૂર નથી. પુત્ર-પુત્રીઓનો સહારો શોધે છે. તમે જાવતો ઘરમાં મોકળાશ થાય અને ખખડધજની ખટપટ મટે એની સૌ રાહ જુએ છે. સૌને તમારા પૈસા જોઈએ, મિલ્કત જોઈએ છે.

બાળપણ અણસમજણ અને નાદાનીમાં વિતાવ્યું. જુવાની ભોગ-વિલાસ, વૈભાવ, કાવાદાવા અને ખોટી પ્રતિષ્ઠા માટે વેડફી નાંખી. હવે વૃધ્ધાવસ્થામાં શરીર ક્ષીણ થયું, ઈન્દ્રિયો સાથ નથી આપતી, શક્તિ રહી નથી. ત્યારે 'અશક્તિમાન ભવેત્ સાધુ'. અને 'હારે કો હરિ નામ'ની સ્થિતિ પર માનવ આવી ગયો છે. સ્મશાનમાં લાકડાં પહોંચી ગયાં છે. સમય ખૂબ ઓછો

છે. હરિનું નામ સ્મરણ કરવું છે. શરીરમાં કળતર થાય છે. પીડા થાય છે હરિને યાદ કરતા પહેલા તો હાય, હાય જ થાય છે. ચારે બાજુ ઘોર નિરાશા છે. જીવન નિષ્ફળ ગયાનો અહેસાસ થાય છે. હવે બચેલી ક્ષણોમાં જો નામ સ્મરણ અને જપ થાય તો જન્માન્તરના પુણ્ય અને પ્રભુકૃપા જ સમજવી.

જીવનમાં પ્રત્યેક કાર્યો કરવા માટે નિર્ધારિત સમય હોય છે. તે પ્રમાણે તે ઉંમરે થતાં કાર્યો ઉચિત રીતે થાય તો જરૂર સફળતા મળે છે. પરંતુ **ભગવાનું નામસ્મરણ અને જપ કરવાની ઉંમર એટલે ઘડપણ અને વૃદ્ધાવસ્થા એ માન્યતા ખૂબજ ભૂલભરેલી છે.** વૃધ્ધાવસ્થામાં પ્રભુ નામ સ્મરણ થતું નથી. પથારીમાંથી ઉઠાતું નથી પરંતુ ક્રિકેટની મેચ ચાલતી હોય તો કોણે કેટલા રન કર્યા અને કોની કેટલી વિકેટ પડી તે પથારીવશ ખખડધજ માનવી પૂછતો હોય છે. તેને ખબર નથી કે ક્રિકેટ વાળાની જેટલી વિકેટ પડવાની હશે તે પડશે અને જેટલા રન થવાના હશે તે થશે. પરંતુ તારી વિકેટ પડવાની તૈયારી છે, તારા રન પૂરા થયા છે તેનો વિચાર કરી લે. બચેલી ક્ષણો અને શ્વાસને હરિસ્મરણમાં જોડી દે તેમાં જ તારું શ્રેય છે, કલ્યાણ છે. નહીં તો તારે વારંવાર સંસારમાં આવીને રન કરવા પડશે અને વારંવાર વિકેટો પડતી રહેશે. કલ્યાણનો માર્ગ તો માત્ર ભગવાનનું નામસ્મરણ છે, જપ છે. ગીતાજીમાં ભગવાને કહ્યું કે -

ॐ इति एकाक्षरं ब्रह्म व्याहरन्मामनुस्मरन् ।
यः प्रयाति त्यजन्देहं स याति परमां गतिम् ॥

(ગીતા ૮/૧૩)

- ૐ એવા એક અક્ષર રૂપ બ્રહ્મનું ઉચ્ચારણ તથા તેના અર્થરૂપ મારું - પરમાત્માનું સ્મરણ કરતા કરતાં જે દેહ છોડી દે છે તે પરમ ગતિને પામે છે.

આ શ્લોકના શબ્દો વારંવાર યાદ કરીને, ઈન્દ્રિયોના સર્વદ્વારોનો સંયમ કરી, મનનો હૃદયમાં નિરોધ કરવો, પોતાાન પ્રાણને બ્રહ્મરંધ્રમાં સ્થાપના કરી યોગની ધારણામાં સ્થિત થવાનો અભ્યાસ કરવો પડે છે. યોગ સાધના સર્વસુલભ નથી. પરંતુ જપયોગ એટલે નામ જપ દ્વારા ભગવાનનું સ્મરણ

બાળકથી માંડીને વૃધ્ધજન સુધી સર્વને માટે સુલભ છે. એને માટે ઉચિત સંસ્કારો અને નિયમિત અભ્યાસની આવશ્યકતા છે.

ફરી પાછું એક વખત કહેવાનું મન થાય કે - ભગવાનના નામ સ્મરણ માટે કોઈ ઉંમરની મર્યાદા નથી. જન્મથી મરણ સુધીનો જીવનકાળ પ્રભુના નામ સ્મરણનો ઉત્તમ સમય છે.સંસારનું ઉત્તરદાયિત્વ નિભાવતા રહી પોતાની ફરજ બજાવતા રહેશો અને ભગવાનનું નામ સ્મરણ જપ ચાલુ રાખશો તો જીવન સાર્થક થશે. એમાં શંકાને સ્થાન નથી. **'संशयात्मा विनश्यति'** સંશય કરનારનો વિનાશ થાય છે, પતન થાય છે એ નિશ્ચિત હકીકત છે. એમાં બેમત નથી જ. આટલા વિવેચનથી મને સંતોષ છે. પ્રિય સાધક ! પ્રિય જિજ્ઞાસુ ! તમને ઉત્તર મળી ગયો હશે કે નામ સ્મરણ (જપ) માટેની ઉંમર કઈ ? ચાલો ત્યારે ખૂબજ પ્રેમથી **'हरिः ॐ'** સર્વનું પ્રભુ કલ્યાણ કરો.

✧✧✧

૩૨

ૐકાર ઉપાસનાના વિધિસંકેત

ૐકાર ઉપાસના માટે ઉપયોગી મહત્ત્વની બાબતો આ પ્રકરણમાં દર્શાવવામાં આવી છે. જે સાધકને માટે ખૂબ મહત્ત્વની છે.

ઉપાસના માટેનું સ્થાનઃ

ૐકાર ઉપાસના એક નિઃશબ્દની ઉપાસના છે. ૐકાર ઉપાસના એક નિઃરવ ઉપાસના છે. એની ઉપાસના અને જપ માટેનું સ્થાન સંપૂર્ણ કોલાહલ અને ઘોંઘાટથી મુક્ત હોવું જરૂરી છે. જ્યાં કોઈપણ જાતનો અવાજ ન હોય, બાળકોની ધમાલ કે કાગારોળ ન હોય. યંત્રોની ખટાખટ ન હોય, ટી.વી., રેડીયો કે લાઉડ સ્પીકર ના અવાજ અને શોર બકોરથી મુક્ત વાતાવરણ હોય એ ખૂબ જ ઈચ્છનીય છે.

જપ અને ઉપાસનાની ભૂમિ પવિત્ર હોય, ચાંચડ, માંકડ, મચ્છરનો ઉપદ્રવ ન હોય, કોઈપણ પ્રકારની દુર્ગંધ ન આવતી હોય, મનુષ્યની ઝાઝી અવરજવર ન હોય તેવી જગ્યા જપ અને ઉપાસના માટે ઉત્તમ સમજવી.

ઋષિ-મુનિઓના આશ્રમો અને આપણા પવિત્ર તીર્થસ્થાનો, સાગર તટે, નદી કિનારે, સંગમ સ્થાને, વન પ્રદેશમાં કે પર્વતોના શિખરો ઉપર બાંધવા પાછળ એ જ હેતુ રહેલો છે કે ત્યાં આવનાર વ્યક્તિના ચિત્તમાં પ્રસન્નતા વ્યાપી જાય. સાધક ભક્તિ, જપ, તપ, ધ્યાન આદિ ક્રિયાઓ ઉચિત રીતે પાર પાડી શકે.

સાધક શુદ્ધ, શીતળ હવાનું વાતાવરણ મળે તે માટે વન પ્રદેશમાં પર્વતના શિખર ઉપર, અથવા નદીકિનારે એકાંત વાતાવરણમાં ઘાસની કુટિર બનાવીને ઉપાસના કરે અથવા કોઈ આશ્રમ, દેવાલય, શિવાલયનું શાંત વાતાવરણ હોય તેનો આશ્રય લે યોગ્ય છે. પરંતુ બધા સાધકને તેવી સગવડ મળતી નથી.

સંસારી સાધકે પોતાના સાધન-સંયોગ અનુસાર જ સ્થાનની પસંદગી કરવી પડે છે. એટલે કે પોતાના નિવાસ સ્થાનનો જ શાંત અને એકાંત ભાગ પસંદ કરવો પડે છે. જ્યાં જપ કે ઉપાસના માટે અલગ ઓરડો કે ઓરડી ફાળવી શકાય તેમ હોય ત્યાં તે મુજબ કરવું. ઉપાસના ખંડમાં ૐકારનું એક મોટું સુંદર ચિત્ર, ઈષ્ટદેવ અને દેવી અને ગુરુના ફોટાઓ અને મૂર્તિ રાખવી. ઉપાસનામાં પ્રેરણાદાયક સૂત્રો અને સુભાષિતોથી જગ્યા શણગારવી. નિયમિત

ધૂપ દીપ કરતા રહેવું. સંગંધિત ફૂલો રાખવાં જેથી વાતાવરણ પ્રેરક અને ઉત્સાહવર્ધક બની રહે. ટૂંકમાં ઉપાસના કે જપ માટેનું સ્થાન રમણીય અને સુંદર બનાવવું કે જ્યાં વધુને વધુ બેસવાનું મન થાય. સ્થાન અને વાતાવરણની અસર આપણા શરીર અને મન ઉપર મોટી થાય છે. એમાં કોઈપણ વ્યક્તિને સંદેહ ન હોય એ સ્વાભાવિક છે.

ઉપાસના માટે આસન અને શરીરની સ્થિતિઃ

વટવૃક્ષ, પીપળો, ઉમરડો (ઔદુમ્બર), બીલીનું વૃક્ષ અને તુલસીવન સમીપ આસન લગાવી ઉપાસના કરવી સાધક માટે સિદ્ધિપ્રદ મનાય છે. એકાંત, ઉદ્યાન, પવિત્રવન, સંગમતીર્થ, ગુફા, સરિતાતટ, પુણ્યક્ષેત્ર, સિદ્ધપીઠ, પર્વતની તરાઈ અને ગૌશાળા (જેમાં બળદ કે અન્ય પશુઓ બંધાતા ન હોય તેવી માત્ર ગાયોની જગ્યા) તેમજ આમળાનું વૃક્ષ હોય તે પણ સાધકની ઉપાસના અને જપ સાધના માટેના ઉપયુક્ત સ્થાનો છે, જ્યાં સાધક પોતાનું આસન લગાવી શકે છે.

આસન અસંક્રામક વસ્તુનું બનેલું હોવું જોઈએ. એમાં પાર્થિવ વિદ્યુત પૃથ્વીમાં પ્રવાહિત ન થતી હોય. વીજળીનું કામ કરનારા ફીટીંગ અને મરામત કરનારાઓ એવી અસંક્રામક (નોન કંડક્ટ, અવાહક) વસ્તુનો ઉપયોગ કરતા હોય છે. લોખંડ, પીત્તળ, કાસું, તાંબુ વગેરે બધીજ વસ્તુઓ એવી છે કે જે સંક્રમક (કંડક્ટર) કહી શકાય છે. જ્યારે રેશમ, માટી, ચિનાઈ માટી, રબર, લાકડું વગેરે અસંક્રામક છે. એમાં બીજી તરફ વિદ્યુત પ્રવાહિત નથી થતી. આ સિદ્ધાંતને અનુલક્ષીને કુશાસન, મૃગચર્મ, વ્યાઘ્રચર્મ, ઊનનું આસન (કંબલ, કામળો), લાકડાની ચોકી અથવા બાજઠ કે પાટલો અને ગાયના છાણથી લિંપાયેલ જગ્યા પૂજા-પાઠ, જપ અને ઉપાસના માટે ઉપયોગી છે. કારણ કે તે અસંક્રામક છે. આસન પૃથ્વી અને સાધક વચ્ચે એવું માધ્યમ છે કે જે ઉપાસનાથી ઉત્પન્ન શક્તિ (વિદ્યુત-ઊર્જા)ને નીચે જવા દેતું નથી.

પ્રત્યેક સાધકે પોત-પોતાનું આસન અલગ રાખવું જરૂરી છે. બીજી વાત સાધકે પોતાના જ આસનનો ઉપયોગ કરવો. એ આસન એક બીજાને બેસવા દેવું નહીં તેમજ પોતે બીજાના આસન ઉપર સાધના કાળે બેસવું નહીં.

❖ અયોગ્ય આસનની અસરો ❖

ભૂમિ પર આસન વગર બેસીને જપ કરવાથી કે ઉપાસના કરવાથી દુઃખ આવે છે, વાંસના આસન ઉપર બેસવાથી દરિદ્રતા આવે છે, પત્થર પર બેસીને જપ કરવાથી વ્યાધિગ્રસ્ત થવાય છે. છિદ્રયુક્ત કાષ્ટના આસન ઉપર બેસી જપ કરવાથી દુર્ભાગ્યનો સામનો કરવો પડે છે. ઘાસ કે તૃણના આસન ઉપર બેસવાથી ધન અને યશનો નાશ થાય છે. પાંદડાના આસન ઉપર બેસીને જપ કરવાથી ચિત્તમાં ભ્રમ ઉત્પન્ન થાય છે. એટલે પોતાની ઉપાસનાને અનુરૂપ આસનની પસંદગી કરવી જોઈએ. સામાન્ય રીતે સાત્વિક ઉપાસના માટે કુશાસન (ધર્મનું આસન) શ્રેષ્ઠ છે. કંબલાસન (ગરમ ઊનનું આસન) સર્વ માટે સુલાભ છે. તેનો ઉપયોગ કરવો પણ યોગ્ય છે.

પત્થર ઉપર કલાકો સુધી આસન વગર બેસીને જપ કે ઉપાસના કરવાથી ઉપાસના ફળતી નથી અને તેની કઠણાઈને લીધે ગુદા સંબંધિત રોગો થવાની સંભાવના રહે છે.

આમ જપ અને ઉપાસનામાં સંસ્કારિત સ્થળ અને ઉપયુક્ત આસનનું ખૂબ જ મહત્ત્વ છે.

જપ કે ઉપાસના માટે નિરોગી શરીર અને લાંબા સમય સુધી શરીરની અવસ્થા સ્થિરતા ધારણ કરી શકે તેવી હોવી જોઈએ. એ માટે શારીરિક આસનની સ્થિતિની પણ એટલી જ અગત્યતા છે. આ બાબતમાં સામવેદીય યોગ ચુડામણિ ઉપનિષદનો આ શ્લોક આપણને માર્ગદર્શક બની રહે છે.

पद्मासनं समारुह्य, समकाय शिरोधरः ।
नासाग्र द्रष्टिरेकान्ते, जपेद ॐकारमव्ययम् ॥

- પદ્માસન પર બેસીને, શરીર તથા મસ્તકને સીધું રાખીને, દૃષ્ટિ નાકના અગ્રભાગ ઉપર સ્થાપીને, એકાન્ત સ્થાનમાં અવ્યય એટલે અવિકારી એવા ૐકાર મંત્રના જપ કરવા જોઈએ.

પદ્માસન પ્રસિદ્ધ અને ઉત્તમ છે પરંતુ તેના પર બેસીને લાંબો સમય જપ

થવા શક્ય ન હોય તો સુખાસન કે સામાન્ય રીતે સાદી પલાંઠી વાળીને પણ કરી શકાય છે. જપ કરતી વખતે લાંબા પગ કરીને અથવા બેઢંગી હાલતમાં બેસવું યોગ્ય નથી.

'જાબાલદર્શન ઉપનિષદ'માં નાદયોગ અને પ્રણવ ઉપાસના માટે 'સ્વસ્તિકાસન'ની ભલામણ છે - **'स्वस्तिकासनमास्थाय समाहित मनस्तथा ॥'** એટલે કે સ્વસ્તિકાસને બેસીને મનને એકાગ્ર કરવું અને ૐ કારના જપ કરતા રહી પ્રણવનાદની સાધના કરવી. આમ જોતાં 'સ્વસ્તિકાસન' પણ ખૂબજ સરળ અને પ્રણવ જપમાં સહાયક છે. તેમાં વધુ સમય બેસવામાં હરકત થતી નથી.

શરીરને સીધું રાખવું એટલે મસ્તક અને કરોડરજ્જુ (બરડો) સીધા એક લીટીમાં રહે તેમ બેસવું. વાંકા વળીને બેસવું નહીં. થાંભલા કે ભીંતનો આશ્રય લઈ અઢેલીને બેસતાં આ નિયમનું પાલન થતું નથી. માટે તેનાથી થોડા દૂર બેસવું. મસ્તક સીધું રાખવું એટલે કે ઊંચુ અથવા નીચું ન રહેતાં શરીર સાથે સમાંતર સ્થિતિ બની રહે તેમ કરવું.

દૃષ્ટિ નાકના અગ્રભાગ સ્થિર રાખવાથી પ્રાણનો સ્વાભાવિક નિરોધ થાય છે. દૃષ્ટિ આજુ બાજુ જતી નથી. ઊંચે પણ જોવાતું નથી. નેત્રો અર્ધા બંધ અને અર્ધા ખુલ્લાં રહે છે. અને નજર નાકના અગ્રભાગે નાકના ટેરવા પર સ્થિર રાખવી જોઈએ. વિકલ્પે આંખો બંધ કરીને પણ ૐકારના જપ કરી શકાય છે. પોતાની નજર સામે સાધકે ૐકારનું સુંદર ચિત્ર અથવા ઈષ્ટદેવીની મૂર્તિનું સ્થાપન કરી તેના ઉપર દૃષ્ટિ કેન્દ્રિત કરીને પણ જપ કરવાથી જપમાં એકાગ્રતા સધાય છે. મન બહાર ભટકતું બંધ થાય છે. આમ જપ સાધના કે ઉપાસના શીઘ્ર ફળદાયક બને છે. એ વાત નિર્વિવાદ છે.

જપ સાધના માટે દિશાઃ

મંત્ર જપમાં દિશાઓનું પણ વિશિષ્ટ મહત્વ છે. **પોતાની ઈચ્છાથી કોઈ ચોક્કસ ઉદ્દેશ્યની સિધ્ધિ માટે ગમે દિશા તરફ મુખ રાખીને જપ કરવાથી સફળતા મળતી નથી. પ્રત્યેક પ્રકારની સાધના માટે અલગ અલગ દિશાઓ નિર્ધારિત કરવામાં આપેલ છે.**

'ઉડ્ડીશતંત્ર'માં જણાવ્યા અનુસાર વશીકરણમાં પૂર્વદિશા, ધનપ્રાપ્તિમાં પશ્ચિમદિશા, આયુષ્યના રક્ષણાર્થે શાંતિ અને પૌષ્ટિક કર્મમાં ઉત્તર દિશા તરફ મુખ કરીને જપ કરવા જોઈએ. જપ કરતી વખતે પગ લંબાવીને બેસવું, વાતો કરવી, નખ કાપવા, દોરી, તણખલા યા દોરા તોડવા અને વાળોને બાંધવા જેવા કાર્ય નિષિદ્ધ માનવામાં આવેલ છે.

❖ શતપથ બ્રાહ્મણ અને દિશા ❖

'શતપથ બ્રાહ્મણ' (૧/૭/૧/૧૩)માં કહ્યું કે - "**प्राची हि देवानां दिक्।**" "દેવતાઓની દિશા પૂર્વ દિશા છે."

પ્રાતઃકાલીન સંધ્યા જપ માટે પૂર્વદિશા તરફ મુખ કરવાનું વિધાન છે. સંધ્યામાં પૂર્વાભિમુખે બેસવાનું કારણ એ છે કે - શક્તિનો સ્રોત સૂર્ય પૂર્વમાં ઉદય પામતો હોય છે. સૂર્ય અગ્નિ, તેજસ્વિતા અને પ્રાણશક્તિનો મહાભંડાર છે. એનાથી શારીરિક અને માનસિક આરોગ્યની પ્રાપ્તિ થાય છે. તેના પ્રત્યેક કિરણોમાં ઊર્જા ભરેલી છે. પ્રાણ શક્તિ વધુને વધુ પ્રાપ્ત થાય તે માટે સૂર્યના તરફ મુખ રાખી ઉપાસના કરવી જોઈએ. '**सूर्य आत्मा जगतस्तस्थुतश्च।**' સૂર્યએ જગતનો આત્મા છે. સૂર્ય સાંજે પશ્ચિમ દિશા તરફ જતો રહે છે. એટલા માટે સાયંકાલીન સાધના પશ્ચિમાભિમુખથી કરવી જોઈએ. આપણા વિદ્યુતને વિશ્વની પ્રાણ ઊર્જાના સ્રોતને અનુકૂળ થાય તે રીતે પ્રવાહિત કરવાથી સાધના સુવિધાપૂર્ણ રીતે સફળ થાય છે. વિપરીત ધારામાં ચાલવાથી મુશ્કેલી આવે એ સ્વાભાવિક છે. ખ્રિસ્તોના ગિરજાઘરો, પારસી, જૈન, બૌદ્ધ અને હિન્દુ મંદિરોના દ્વારો પૂર્વની તરફ જ રાખવામાં આવે છે. પ્રાચીન ઋષિઓ પોતાના આશ્રમ કુટિરોના દ્વાર પણ પૂર્વ દિશા તરફના જ રાખતા હતા. પ્રાતઃકાળે પૂર્વ દિશામાં સૂર્યતરફ મુખ રાખીને સાધના કરવાથી સાધકને જે લાભ થાય છે, તે સાયંકાળે પશ્ચિમ દિશા તરફ મુખ રાખીને સાધના કરવાથી સ્વાભાવિકપણે પ્રાપ્ત થાય છે.

આમ સ્વાભાવિકપણે મંત્ર જપ અને ઉપાસના કાર્યમાં પૂર્વ દિશા જ શ્રેષ્ઠ છે પરંતુ તે દિશામાં અનુકૂળતા ન થતી હોય તો ઉત્તર દિશા તરફ

મુખ રાખીને જપ કે ઉપાસના કાર્ય કરવાં જોઈએ.

ઉપાસના અને જપ નો સમયઃ

ૐકારનો જપ સામાન્ય રીતે કોઈપણ સમયે કરી શકાય છે. કારણ કે તે સતત સ્મરણ કરવા યોગ્ય છે. આમ છતાં બ્રાહ્મ મુહૂર્ત અને પ્રાતઃકાળનો સમય જપ કે ઉપાસના કાર્ય માટે પ્રશસ્ત છે. શ્રીમદ્‌ભાગવતના આઠમા સ્કંધના ચતુર્થ અધ્યાયમાં કથન છે કે -

उत्थायापररात्रान्ते प्रयताः सुसमाहिताः ।
स्मरन्ति प्रणवं सत्यं मुच्यन्ते ह्येनसोऽखिलात् ॥

- રાત્રિના અંતે બ્રાહ્મમુહૂર્તમાં સ્થિર મન વડે યુક્ત જે મનુષ્ય પ્રયત્ન પૂર્વક સત્ય સ્વરૂપ પ્રણવનો જપ કરે છે તે સમસ્ત પાપોથી મુક્ત થઈ જાય છે.

અઢી ઘડીનો એક કલાક થાય છે. રાત્રિના અંતની ચાર ઘડી માંથી પ્રથમ બે (એટલે છેલ્લી ચાર ઘડી પૈકીની પહેલી બે) ઘડીને બ્રાહ્મ મુહૂર્ત અને પાછલી બે (છેલ્લી બે) ઘડીને રૌદ્ર મુહૂર્ત કહેવામાં આવે છે. આ બ્રાહ્મ મુહૂર્તમાં શૈયા (પથારી)નો ત્યાગ કરી દેવો જોઈએ. સંતકવિ નરસિંહ મહેતાએ પણ ગાયું છે કે -

"રાત રહે જ્યારે પાછલી ખટ્ ઘડી, સાધુ પુરુષને સૂઈ ન રહેવું,
નિદ્રાને પરહરી સમરવા શ્રી હરિ, એક તું એક તું એમ કહેવું.

આર્યશાસ્ત્રોમાં બ્રાહ્મમુહૂર્તમાં શૈયાત્યાગ કરવાની ભારે પ્રશંસા કરેલી છે. એનું કારણ છે કે, બ્રાહ્મ મુહૂર્તમાં ભગવાન સૂર્ય સમસ્ત રાત્રિની પાછળ પોતાની જ્યોતિ તેમજ શક્તિ (ઊર્જા) વિસ્તારે છે. એટલે તે વખતે જાગવાથી સૂર્ય ભગવાનની શક્તિ વડે આપણી દૈહિક ઊર્જામાં ઘણો જ વધારો થાય છે. અને એની જ્યોતિના પ્રભાવ વડે કરીને મન અને બુદ્ધિ અલૌકિક બની જાય છે.

શરીરમાં રાત્રિના પ્રભાવથી જે જડતા આવી ગઈ હોય છે તે સૂર્ય શક્તિ અને જ્યોતિના પ્રભાવથી દૂર થાય છે. શરીરને નવજીવન પ્રાપ્ત થાય છે. વિશ્વનો પ્રાણાત્મા ભગવાન સૂર્ય છે તે પોતાના મહાપ્રાણની સાથે આપણા વ્યષ્ટિના પ્રાણને જોડી દે છે. આથી જીવન તાજગી સભર અને પ્રફુલ્લિત બને છે. આથી ભારતના મહર્ષિઓએ બ્રાહ્મ મુહૂર્તમાં ઊઠવાનો આદેશ આપ્યો છે.

બ્રાહ્મ મુહૂર્તમાં ઉઠવાનો બીજો પણ એક લાભ છે. સમગ્ર રાત્રિ દરમ્યાન ચંદ્ર તેમજ નક્ષત્રોના કિરણોની સાથે જે અમૃત વરસે છે, તેને સાથે લઈને પ્રભાત સમયે જે વાયુ પ્રવહિત થાય છે. એ વાયુને અમૃત યુક્ત 'વીરવાયુ' કહેવામાં આવે છે. વીરવાયુ શરીરમાં ગ્રહણ કરવાથી બળ વધે છે. બુદ્ધિ સતેજ થાય છે, મન પ્રફુલ્લિત થાય છે, શરીર નિરોગી બને છે અને મુખની કાન્તિ વધે છે.

આપણા સાંસારિક પિતા ઉપરાંત પિતૃલોકમાં અનેક પ્રકારના પિતૃગણ હોય છે. જે અર્થમા આદિ એક શ્રેણીના દેવ છે. જે બળ, વીર્ય તેમજ વંશતંતુને વધારનારા છે, અને સ્થૂળ શરીરના સ્વાસ્થ્યને સંભાળવામાં સહાયક થાય છે. **પ્રાતઃકાળમાં પ્રસન્ન બનેલા પિતૃઓ પોતાનું વૃધ્ધિગત બળ સંસારમાં પ્રસારિત કરે છે. આથી બ્રાહ્મમુહૂર્તમાં ઉઠવાથી પિતૃગણનું બળ આપણને પ્રાપ્ત થાય છે. સ્વાસ્થ્ય સુરક્ષિત રહે છે અને શક્તિ વધે છે.** આ બધો બ્રાહ્મમુહૂર્તમાં શીઘ્ર શૈયા ત્યાગનો મહિમા છે. એ સમયનું શાંત વાતાવરણ ઉપાસના માટે ઘણું જ ઉપર્યુક્ત છે. જપ માટે પણ ખૂબ જ અનુકૂળ છે. પ્રાતઃકાળમાં સૂર્યોદય થયા પછી તેની સામે બેસીને જપ કરવા પણ ઉત્તમ છે. જો પ્રાતઃકાળમાં સમય ન મળે તો રાત્રે સૂતા પહેલાં ૐકારના જપ કરવા ઈષ્ટ છે.

જપમાળાનું રહસ્યઃ

અગ્નિપુરાણમાં વર્ણન છે કે -

विना दर्भेषु यत्स्नानं यच्च दानं विनोदकं ।
असंख्यातन्तु यज्जप्तं सर्व तदफलं स्मृतम् ॥

- કુશ દર્ભ વિનાનું સ્નાન, જળ વગરનું દાન, ગણતરી વગરના જપ એ ત્રણે ફળ આપતા નથી. નિષ્ફળ જાય છે.

વળી આગળ જણાવ્યું છે કે -

गणना विधिमुत्सृज्यं यो जपेत्तज्जपं यतः ।
गृहणन्ति राक्षसातेन गणयेत् सर्वथा बुधैः ॥

- ગણતરી વગર થયેલા જપનું ફળ રાક્ષસો ગ્રહણ કરે છે, તેથી જપ

કરનારને ફળ મળતું નથી. એટલે જ જપની સંખ્યા ગણવી આવશ્યક છે. જ્યારે આપણને ઉપરોક્ત પ્રમાણથી જપ સંખ્યા ગણવાની ફરજ પડે છે. ત્યારે સંખ્યાની ગણતરી માટે ધાન્ય, માટીના મણકા, ગાયનાં છાણની ગોળીઓ, આંગળીના વેઢા અને સંધિ દ્વારા તથા વર્ણમાળાથી જપની સંખ્યા ગણી શકાય છે. અલગ અલગ કામનાઓ પરત્વે અલગ પ્રકારના મણકાઓવાળી માળાના ઉપયોગના વિધાનો પણ છે. લાખ અને સિંદૂર જેવા દ્રવ્યનો પણ ગણતરી માટે ઉપયોગ થઈ શકે છે.

વર્ણમાળાના બિંદુ યુક્ત અક્ષરો **अं, कं, क्षं** વગેરે પચાસ અક્ષરોથી ગણતરી થઈ શકે છે. કરમાળા વડે ગણતરી કરવાનું પણ ચોક્કસ વિધાન છે. હાથની માળાથી જપ કરતી વખતે હાથના આંગળાં છૂટાં છૂટાં રાખવાં નહીં પણ એક બીજા સાથે જોડેલાં રાખવાં. આંગળાંની વચ્ચે છિદ્ર રાખવાથી મંત્રજપનું ફળ હાથમાંથી સરી જતાં મંત્રજપ નિરર્થક નીવડે છે. કરમાળાથી મંત્ર જપ કરવાનું સાચું વિધાન કોઈ સદ્‌ગુરુ પાસે જાણી લેવું પછી જ કરમાળાનો ઉપયોગ કરવો નહિ તો જપ નિષ્ફળ જશે. કરમાળાનું સાચું વિધાન કોઈ જાણતું નથી. તેથી જ અન્ય માળાઓનો જન્મ થયો છે. નીચે દર્શાવ્યા પ્રમાણે કોઈપણ એક વસ્તુની માળા વડે જપ કરવા એજ ઈષ્ટ છે. અગ્નિપુરાણ જણાવે છે કે-

❖ જપ માળાનું મહત્ત્વ ❖

"પ્રવાલ, વૈડૂર્યમણિ, રૂદ્રાક્ષ, સ્ફટિક અને આંગળીઓના વેઢાની સહાયથી મંત્રજપની ગણતરી કરવી જોઈએ. સોનું, રત્ન તથા મણિથી જપ કરવાથી સો ગણો લાભ થાય છે, પરંતુ ઈન્દ્રાક્ષ થી હજાર ગણો, કમળબીજના મણીથી અયુત (દસહજાર ગણો), રૂદ્રાક્ષ અને ભદ્રાક્ષની માળાથી કરોડ ગણો લાભ થાય છે. પુત્ર જીવકની માળા વડે જપ કરવાથી જે લાભ થાય છે તે **'पुत्रजीवक जपयस्य परिसंख्या न विद्यते ॥'** તે અસંખ્ય ગણો લાભ છે. તેની કોઈ ગણના નથી.

'સમયાચાર તંત્ર' અનુસાર શંખની માળાથી વાંછિત ફળ મળે છે. તેવી જ રીતે ઉદુંબર (ઉમરડા)ના નાના ફળની માળાનું ફળ પણ એવું જ છે.

'યોગિની તંત્ર' સમર્થન કરે છે કે - વર્ણમાળાની માળા સર્વ મંત્ર ફળદાયિની છે. એ જો ન બની શકે તો તેના બદલે શંખની માળાથી જપ કરવો. તે પણ શક્ય નહોય તો સ્ફટિક માળાથી જપ કરવો.

મુણ્ડમાળા તંત્રમાં માળાના મણકાની સંખ્યાનું ફળ બતાવતાં જણાવેલ છે કે - "ત્રીસ મણકાની માળા ઐશ્વર્ય (સત્તા) આપનારી છે, પચ્ચીશ મણકાની માળા વડે જપ કરતાં મોક્ષ મળે છે. ચૌદ મણકાની માળા ભોગ અને મોક્ષ બંને આપે છે. પંદર મણકાની માળાનો ઉપયોગ મારણ, મોહન, વશીકરણ, સ્તંભન ઉચ્ચારણ, રોધન અને અંજન માટેના અનુષ્ઠાન પ્રયોગમાં કરવો આવશ્યક છે. પાદુકા સિદ્ધિ અને યંત્ર, મંત્રની સિદ્ધિ માટે એકસો આઠ મણકાની માળાનો ઉપયોગ કરવો. પરંતુ સમસ્ત કામનાઓની સિધ્ધ માટે ૧૦૮ મણકાની માળાથી જ મંત્ર જપ કરવા જોઈએ - **'अष्टोत्तर शतं कुर्यात् अथवा सर्व कामदम् ॥'**

વળી બીજું પ્રમાણ આ પ્રમાણે છે - પચ્ચીસ મણકાની માળા વડે જપ કરતાં મોક્ષ, સત્તાવીસ મણકાની માળાથી પુષ્ટિ, ત્રીસ મણકાની માળાથી ધન પ્રાપ્તિ, પચાસ મણકાની માળા વડે મંત્ર સિદ્ધિ અને ૧૦૮ મણકાની માળાના જપ સર્વકામના પરિપૂર્ણ કરે છે. જેથી સર્વકામના પૂર્ણ કરનારા ૐકારના જપ ૧૦૮ મણકાની માળા વડે જ કરવા જોઈએ.

'રૂદ્રયામલ તંત્ર' માં કહ્યું છે કે -

अप्रतिष्ठित मालाभिः मंत्रं जपति यो नरः ।
सर्वतद्विफलं विद्यात् क्रुध्धा भवति देवता ॥

- પ્રતિષ્ઠા કર્યા વગરની માળા વડે જપ કરવાથી, સાધકના મંત્રજપ નિરર્થક જાય છે. મંત્રના દેવતા ક્રોધે ભરાય છે. એ માટે માળાની પ્રતિષ્ઠા અવશ્ય કરવી અથવા યોગ્ય બ્રાહ્મણ કે સદ્‌ગુરુ પાસે કરાવવી.

❖ માળા પ્રતિષ્ઠા વિધિ ❖

'કાલિકાપુરાણ' માળા પ્રતિષ્ઠાનો વિધિ આ રીતે બતાવે છે. - પ્રથમ જે માળા સિધ્ધ (પ્રતિષ્ઠિત) કરવાની હોય તે માળાનો સુમેરૂનો મણકો હાથમાં

પકડીને પછી પંચગવ્ય (ગાયનું મૂત્ર, છાણ, દહીં, દૂધ, ઘી એકત્ર કર્યું હોય તે પંચગવ્ય કહેવાય)માં ડૂબાવી દેવી પછી પીપળાના આઠ પાનનું બાજઠ કે ચોકી ઉપર અષ્ટદળ કરવું. તેની વચ્ચમાં પીપળાનું નવમું પાન મૂકવું. માળાને પંચગવ્યમાં બહાર કાઢી શુધ્ધ જળ વડે સ્નાન કરાવી પીપળાના અષ્ટદળ પર સ્થાપન કરી, તેના ઉપર હાથ રાખી વર્ણમાળાના અક્ષરો લોમ-વિલોમ ક્રમમાં બોલી જવા. આથી માળા પ્રતિષ્ઠિત થયેલી સિદ્ધ માળા બની જશે. આ પછી માળાને શુદ્ધ થળથી ધોઈને જપ કરવા માટે ઉપયોગમાં લેવી.

સિદ્ધ કરેલી માળા જમીન ઉપર મૂકવી નહીં, જમીન પર પડવા દેવી નહીં, માળાને ગૌમુખીમાં જ રાખવી, જપ કરતી વખતે કોઈ દૃષ્ટિ માળા ઉપર પડવી ન જોઈએ. માળા હંમેશા આસન ઉપર અથવા કોઈ ઊંચી જગ્યાએ ખીંટી ઉપર ટીંગાડી જપ કર્યા બાદ મૂકી રાખવી. પરંતુ જમીન પડવા દેવી નહીં કે રખડતી મૂકવી નહીં. આમ થાયતો માળાની પુનઃ પ્રતિષ્ઠા કર્યા બાદ જ જપ માટે ઉપયોગ કરવો.

માળા વડે જપ કરવાનો વિધિઃ

'સ્વછંદ માહેશ્વર તંત્ર' ના કથન અનુસાર સાધારણ રીતે માળાને જમણા હાથની મધ્યમા આંગળી ઉપર રાખી તર્જની અથવા અંગુઠા વડે ફેરવવી જોઈએ. આ રીતે કરવાથી '**भुक्ति मुक्ति प्रदासेयं किंचाय मातृकाक्रमात् ॥**' અથવા વર્ણમાળાના ક્રમ ફેરવી શકાય છે. આ રીતે કરવાથી મંત્ર જપ વડે ભોગ અને મોક્ષપ્રાપ્તિ થાય છે.

તર્જની અને અંગુઠા વડે માળા પકડીને જપ કરવાથી શત્રુનો નાશ થાય છે, અંગુઠો અને મધ્યમા વડે જપ કરવાથી મંત્ર સિદ્ધિ થાય છે. અંગુઠો અને અનામિકાના ઉપયોગથી જપ કરવાથી શત્રુને ઉચ્ચાટન થાય છે, અંગુઠો અને કનિષ્કા વડે જપ કરવાથી શત્રુ ઉપર શાસન કરી શકાય છે.

મંત્ર જપ કરતાં કરતાં માળા હાથમાંથી પડી જાય તો ફરીથી શરૂઆતથી ૧૦૮ મંત્ર જપ કરવા. જપ કરતી વખતે નિષિદ્ધ વસ્તુનો સ્પર્શ થાય તો માળાને શુદ્ધ જળથી સ્નાન કરાવી જપ કરવા જોઈએ.

ભાવના વગરના જપ અને માત્ર વિધિ - વિધાનનો અમલ અને પાલન થતું તો એવી ઔપચારિકતા માત્રથી કોઈ લાભ થશે નહીં. મંત્ર સાધનામાં સાધકની ભાવના જ મુખ્ય બાબત છે. બાકી બધું ગૌણ અને ઔપચારિક છે. મંત્ર સાધના અને સાધકની ભાવનાનો ઘનિષ્ઠ સંબંધ છે. સાધક જેવી ભાવના રાખે છે તેવી જ તેને સફળતા પ્રાપ્ત થાય છે. ભાવનાથી સાધનામાં ગતિ આવે છે. સાધકની સુષુપ્ત શક્તિઓને જાગ્રત કરવાનું કામ ભાવના કરે છે. મંત્ર સિદ્ધિ માટે ભાવનાની ખૂબ જ આવશ્યકતા છે. શાસ્ત્ર પણ આ વાતને અનુમોદન આપે છે આ રીતે -

मंत्रो, तीर्थे द्विजे देवे दैवज्ञै भैषजे गुरौ ।
यादृशी भावना यस्य सिध्धिर्भवति तादृशी ॥

- મંત્ર, તીર્થ, બ્રાહ્મણ, દેવતા, જ્યોતિષી, તથા ગુરુ અને ઔષધ (દવા)માં જેવા પ્રકારની ભાવના હશે, તે પ્રમાણે સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

સાધક માત્રએ નિષેધાત્મક વિચારોથી દૂર રહેવું અને વિધેયાત્મક (હકારાત્મક) વિચારો જ કરવા. અશુભના સ્થાને શુભ વિચારો જ કરવા જોઈએ. જે ઈચ્છાની પૂર્તિ કરવી હોય, તે ઈચ્છાપૂર્તિ થઈ રહી છે એવી ભાવનાનો ચિતાર નેત્ર સમક્ષ ખડો થાય તેવી ભાવના કરવી અને તે મુજબ મનને સંકેત આપવા. આ સંકેતો જેટલા દૃઢ અને તીવ્ર વિશ્વાસથી પૂર્ણ હશે તેટલી જ શીઘ્રતાથી સફળતાની પ્રાપ્તિ થશે. આ શુભ સંકેતોનો સીધો પ્રભાવ આપણા ગુપ્ત મન પર પડે છે. ગુપ્ત મન ઈશ્વરપ્રદત્ત શક્તિનો ખજાનો છે. દૈવી શક્તિઓનો તે મૂળ સ્રોત છે. ઈશ્વર તરફથી પ્રાપ્ત સર્વ ગુપ્ત શક્તિઓ ત્યાં સુપ્ત પડી છે. તેને પ્રાપ્ત કરવા માટે તેને જાગ્રત કરવી પડશે. તેનો ઉપાય શુભ સંકેત જ છે. ભાવનાનો આ મનોવૈજ્ઞાનિક આધાર છે.

ૐકારની જપ સંખ્યા :

ૐકારના જપ કરતાં પહેલાં સાધક જપની સંખ્યા નક્કી કરવી જોઈએ. કેટલા દિવસમાં કેટલા જપ કરી શકાય તે મુજબ પ્રતિદિન કેટલા જપ કરવા તેની સંખ્યા પણ નિર્ધારિત કરવી જોઈએ. પ્રતિદિન એક સરખી સંખ્યામાં જપ કરવા અને નિયમિતતા સાચવી તેમજ નિયત સમયે રોજ જપનો આરંભ

કરવાથી ઘણો મોટો લાભ થશે, જે સાધક પ્રતિદિન વધુ સંખ્યામાં જપ ન કરી શકે તેઓને તેથી પણ મર્યાદિત સમયમાં અવશ્ય સિદ્ધિ લાભ થાય છે. સાધકે પ્રતિદિને ઓછામાં ઓછા ૫૦૦૦ ૐકારના જપ કરવા. એટલા જપ કરવાની પણ અનુકૂળતા ન હોય તો રોજના ૧૦૦૮ જપ તો અવશ્ય કરવા જોઈએ. ઓછા જપ કરવાથી સાધકના મન-હૃદય ઉપર જે સંસ્કાર પડવા જોઈએ તેટલા પ્રમાણમાં પડતા નથી. તેથી ૐકાર ની જપ સંખ્યાનું પ્રમાણ ઓછામાં ઓછું ૧૦૦૮ની સંખ્યામાં હોવું જરૂરી છે.

'સામવેદીય સંન્યાસોપનિષદ્' ના બીજા અધ્યાયમાં જણાવેલ છે કે -

यस्तु द्वादश साहस्त्रं प्रणवं जवतेऽन्वहम् ।
तस्य द्वादशभिर्मासैः परं ब्रह्म प्रकाशते ॥

- જે મનુષ્ય પ્રતિદિન પ્રણવના ૧૨૦૦૦ની સંખ્યામાં નિયમિત જપ કરે છે. તેને બાર મહિના (એકવર્ષ)માં પરબ્રહ્મના પ્રકાશના દર્શન થાય છે.

ત્યાં આગળ એવું પણ કથન છે કે

सवेषामेव पापानां सङ्घाते समुपस्थिते ।
तारं द्वादश साहस्त्रमभ्येसच्छेदनं हि तत् ॥

- જે મનુષ્યના સર્વ પ્રકારના પાપોનો સમૂહ એકત્ર (ઢગલો) થઈ ગયો હોય (અને તેના વિનાશનો અન્ય કોઈ ઉપાય ન હોય) તો નિત્ય ૧૨૦૦૦ સંખ્યામાં ૐકારનો જપ કરવાથી તેનું છેદન થાય છે એટલે તમામ પાપોનો નાશ થઈ જાય છે.

ૐકારનું અર્થચિંતનઃ

ૐકારની સાધના સમય સાધ્ય છે. એ સાધનામાં લાંબો સમય લાગી શકે છે. એટલે સાધના ધૈર્યપૂર્વક થવી જોઈએ. ૐકારના પ્રત્યેક અર્થનો વિચાર કરવો જોઈએ. એ આવશ્યક નથી કે તમામ અર્થનું ચિંતન એક જ બેઠકમાં પૂર્ણ થઈ જાય. આ સાધનાના વિશિષ્ટ લાભોનું વર્ણન શાસ્ત્રકારોએ પોત-પોતાની રીતે કર્યું છે. તે પૈકી મહર્ષિ પતંજલિ યોગ સૂત્રમાં જણાવે છે કે -

'तस्य वाचकः प्रणवः । तज्जपस्तदर्शभावनम् ॥
(योगसूत्र-१/२७-२८)'

– અર્થાત્ પરમાત્માના નામનો મુખ્ય વાચક શબ્દ 'ઓંકાર' છે. ઓંકારના જપ અને તેના અર્થનું ચિંતન કરવું.

અહીં ઓંકારના જપ સાથે તેનું અર્થચિંતન અતિ મહત્વની વાત બની જાય છે. પ્રણવના જપ અને અર્થચિંતન કરવાથી અત્યાધિક લાભ થાય છે. પ્રાણવના જપની સાથે અર્થચિંતન કરવાથી ચિત્તની ચંચળતા નષ્ટ થાય છે. પ્રણવ મંત્ર ધ્વન્યાત્મક મંત્ર છે.

નિયત ધ્વનિઓના સમૂહને મંત્ર કહેવામાં આવે છે. મંત્રોમાં ધ્વનિઓની વિશેષતા રહેલી છે. એટલા માટે મંત્રમાં સ્વર ઉપર તેના ઉચ્ચારણ ઉપર વિશેષ ધ્યાન આપવામાં આવે છે. તેનાથી શક્તિઓનો વિકાસ થાય છે, મંત્રમાં જાગૃતિ આવે છે. મંત્રોના નિર્માણનું એક સ્વતંત્ર વિજ્ઞાન છે. પ્રત્યેક મંત્રની રચનામાં એક સુવ્યવસ્થિત વિધિ-વિધાન રહેલું છે. એનો સીધો પ્રભાવ આપણી સૂક્ષ્મ નાડીઓ, ગ્રંથિઓ, ષટ્ચક્રો અને શક્તિ કેન્દ્રો ઉપર પડે છે, જેના વડે સૂક્ષ્મ જગતના શક્તિ કેન્દ્રો જાગૃત બની કાર્યરત થાય છે.

મંત્ર શબ્દનો અર્થ જ છે **'मननात् त्रायते स मंत्रः ।'** જેનું મનન કરવાથી સાધકનું રક્ષણ થાય છે તે મંત્ર. મંત્ર એ મનનની વિદ્યા એનાથી જ્ઞાન પ્રાપ્ત થાય છે. મંત્રોમાં ધ્વનિ શક્તિઓની સાથોસાથ ઉત્તમ શિક્ષણ અને પ્રેરણાનો પણ સમાવેશ થયેલો હોય છે. જેનું મનન, ચિંતન કરવાથી સાધકના જીવનનો કાયાકલ્પ જ થઈ જાય છે. જો સાધક મંત્રના અર્થનું મનન ચિંતન નથી કરતો તો તેની મંત્ર-જપ-સાધના અધૂરી જ રહી જાય છે, ફળદાયક થતી નથી.

સાધકે જપ સાધના માટે ઉપયુક્ત માળા જમણા હાથમાં ગ્રહણ કરવી જોઈએ. **પ્રાતઃકાળમાં નાભિ પાસે હાથ રાખીને, મધ્યાહ્નમાં હૃદય આગળ હાથ રાખીને સાયંકાળે નાસિકા(નાક)ની સમીપ હાથ રાખીને જપ કરવાનું વિધાન છે.**

જ્યારે ઈષ્ટ મંત્રનો જપ કરવામાં આવે ત્યારે નેત્રો બંધ કરીને મંત્રના પ્રત્યેક અક્ષરના અર્થનું ચિંતન વચમાં અટકી અટકીને કરી લેવું જોઈએ. અને મનમાં તે વિચારો પ્રતિષ્ઠિત થવા જોઈએ. તે ભાવ પ્રબળ થવો જોઈએ. જાણે કે તે મૂર્ત રૂપમાં સાધકની સામે આવી રહ્યા છે, અને સાધક તેનું શ્રદ્ધાપૂર્વક

મનન ચિંતન કરી રહ્યો છે. આથી સાધકના મનમાં આગલા જન્મોના જે સંસ્કારો જામી પડેલા હોય છે તે નિર્મૂળ થઈ ઉખડવા લાગે છે. અને નવા સંસ્કારો પ્રકાશમાન થાય છે. આ રીતે સાધક પોતાને માટે એક નવી સૃષ્ટિનું નિર્માણ કરે છે. પરંતુ આ ત્યારે શક્ય બને છે કે આ પ્રક્રિયા સાધના દરમ્યાન નિરંતર ચાલુ રહેવી જોઈએ. સાધક ઈષ્ટ મંત્ર સાથે એકાકાર થઈ જવો જોઈએ. સાધનાની પૂર્ણતા એમાં છે કે જપની સાથે અર્થોનું ચિંતન થતું રહે. ૐકારના અર્થ અને તેની ચિંતન વિધિ આ પ્રમાણે છે –

❖ ૐકારના અર્થ ❖

ૐકાર પદવાચ્ય પરમાત્માનો સાક્ષાત્કાર મનુષ્યના કલ્યાણનું નિધાન છે. વ્યાકરણની રીતે **अ,उ,म्** આ ત્રણેના મેળથી ૐ (**ओ३म्**) શબ્દ સિધ્ધ થાય છે. આ અવ્યુત્પન્ન પ્રતિપાદિક છે. બીજો મત એ છે કે **'अव्'** ધાતુથી **औणादिक 'मन्'** પ્રત્યયનું વિધાન થવાથી **ओम्** (**ओ३म्**) બને છે, એટલે આ વ્યુત્પન્ન પ્રતિપાદિક છે. એટલા માટે જ **'अव्'** ધાતુના અર્થ થાય છે – રક્ષણ, ગતિ, કાન્તિ, પ્રિતિ, તૃપ્તિ, અવગમ, પ્રવેશ, શ્રવણ, સ્વામ્યર્થ, યાચન, ક્રિયા, ઈચ્છા, દીપ્તિ, અવાપ્તિ, આલિંગન, હિંસા, દાન, ભાગ અને વૃદ્ધિ આ ૧૯ અર્થ છે. વ્યાકરણની રીતે ૐ (**ओ३म्**) શબ્દ સિદ્ધ થઈને ઉક્ત ૧૯ અર્થોનો બોધક થાય છે. તેની સમજણ નીચે મુજબ છે.

(૧) રક્ષણ – સંસાર સાગરથી રક્ષણ કરનારો.

(૨) ગતિ – સર્વકાળ સર્વવ્યાપક સંસારના ચક્રને ચલાવનાર અને સર્વજ્ઞાતા.

(૩) કાન્તિ – નિખિલ વિશ્વને પ્રકાશિત કરનાર.

(૪) પ્રીતિ – ભક્તોને પ્રેમ કરનારો આનંદ સ્વરૂપ.

(૫) તૃપ્તિ – ભક્તોને તૃપ્તિ – સંતોષ આપનારો.

(૬) અવગમ – જીવ માત્રના વિચારોને સદા સર્વદા જાણનારો.

(૭) પ્રવેશ - સૂક્ષ્મ આત્મ સ્વરૂપથી સર્વ પ્રાણીઓમાં પ્રવેશ કરનારો અવતિ.

(૮) શ્રવણ - સૂક્ષ્મતમ તથા ગુપ્તતમ શબ્દોને શ્રવણ કરવાની ક્ષમતાવાળો.

(૯) સ્વામ્યાર્થ -શાસક-સમસ્ત ચરાચર વિશ્વનો શાસક તથા સ્વામી.

(૧૦) યાચન - સમસ્ત ઐશ્વર્યોથી યુક્ત, જેમની પાસે તમામ પ્રકારની કરી શકાય તેવું યાચનાનું લક્ષ્ય.

(૧૧) ઈચ્છા ક્રિયા - જયાંથી સમસ્ત ઈચ્છાઓ અને ક્રિયાઓનું સંચાલન થાય છે તેવો.

(૧૨) ઈચ્છિત - અવાપ્તિ - સ્વયં ઈચ્છા રહિત પરંતુ સર્વ પ્રાણીઓ ની શુભ કામનાઓને પૂર્ણ કરનારો.

(૧૩) દીપ્તિ અવતિ - દીપ્તતિ - જ્ઞાન અને વિદ્યાના તેજ સ્વરૂપ, અજ્ઞાન અંધકારનો નાશક.

(૧૪) આલિંગન - સર્વવ્યાપક, સર્વજ્ઞ અને સર્વ સાથે સંબંધથી જોડાયેલો.

(૧૫) વાપ્તિ - અપ્રતિમ અને ઈન્દ્રિયાતીત હોવા છતાં પણ અણુ અણુમાં વ્યાપ્ત હોવાથી શુધ્ધ અંતઃકરણમાં સ્વસ્વરૂપ પ્રદર્શક.

(૧૬) હિંસા - ધર્માવલમ્બિઓના અજ્ઞાનનો નાશ કરનારો.

(૧૭) દાન - સુખપ્રદ પદાર્થોને ભોગવવાની બુદ્ધિ આપનારો.

(૧૮) ભોગ - પ્રલયકાળમાં સંસારને પોતાની અંત લીન કરવાવાળો.

(૧૯) વૃદ્ધિ - સૃષ્ટિકાળમાં સૂક્ષ્મ પ્રકૃતિને સ્થૂળતાની તરફ લઈ જનારો.

આ પ્રમાણે ૧૯ અર્થોથી યુક્ત ઓંકાર સ્વરૂપ પરમાત્માના નામના અર્થોનુ ચિંતન કરવાથી સાધકને ૧૯ ઈશ્વરીય ગુણોનો લાભ પ્રાપ્ત થાય છે. અર્થાત્ ચિંતન કરતાં કરતાં અને જપ કરતાં કરતાં સાધકનો આત્મા ઈશ્વરીય ગુણો સાથે સંયુક્ત થઈને બ્રહ્મસ્વરૂપ બની પરબ્રહ્મ પરમાત્મામાં લીન થઈ જાય છે.

આ ઉપરાંત જપ કરતી વખતે જપની સાથો સાથ ૐકાર લક્ષી આ પ્રમાણેનું ચિંતન પણ કરવું જોઈએ.

ૐમાં ત્રણ અક્ષરોનો સમાવેશ છે - અ, ઉ, મ્

અકારમાં વિરાટ્ સ્થૂળ જગત, વિશ્વ, જાગ્રત અવસ્થા, રજોગુણ, લાલ રંગ, બ્રહ્મા, ઉત્પત્તિ, જમણી આંખ, સ્થૂળભોગ, મુખ, વૈખરી વાણી, બાહ્યપ્રજ્ઞા ગાર્હસ્પત્ય અગ્નિ, પૃથ્વી, ઋગ્વેદ સ્વરૂપનો બોધ સમાયેલો છે.

ઉકારમાં હિરણયગર્ભ, સૂક્ષ્મજગત, તૈજસ, સૂક્ષ્મશરીર, સ્વપ્નાવસ્થા, સત્વગુણ, શ્વેતરંગ, વિષ્ણુ, પાલનશક્તિ, કંઠ, સૂક્ષ્મભોગ, મધ્યમા વાણી, કંઠ, અંતઃપ્રજ્ઞા, દક્ષિણાગ્નિ, અંતરિક્ષ, યજુર્વેદ, સ્થિતિ આદિના બોધનો સમાવેશ થયેલો છે.

મકારમાં ઈશ્વર, કારણ જગત, પ્રાજ્ઞ, કારણ શરીર, સુષુપ્તિ અવસ્થા, તમોગુણ, કૃષ્ણવર્ણ (કાળો રંગ) શિવ (મહેશ્વર), સંહાર શક્તિ, હૃદય, આનંદભોગ, પશ્યન્તિવાણી, વિજ્ઞાનધન, આવહનીય અગ્નિ, સ્વર્ગ, સામવેદ, પ્રલયાવસ્થા આદિના બોધનો સમાવેશ છે.

ઁ અર્ધમાત્રામાં શુદ્ધ બ્રહ્મ, કૂટસ્થ (સાક્ષી), અશરીર, તુરીયાવસ્થા, નિર્ગુણ, રંગરહિત, સર્વ સ્વરૂપ, સક્રિય, રોમ રોમમાં, અભોક્તા, નાભિ, પરાવાણી, અપ્રજ્ઞા, વ્યષ્ટિ-સમષ્ટિ અને પ્રકૃતિની સામ્યાવસ્થા આદિનો બોધ સમાવિષ્ટ છે.

'**અ**' ના ઉચ્ચારણ સાથે મુખ ખુલે છે. તેથી **અ**કાર ઉત્પત્તિનો બોધક છે. '**ઉ**' ના ઉચ્ચારણ સાથે મુખ વિસ્તૃત (પહોળું) થાય છે તેથી **ઉ**કાર સ્થિતિનો બોધક છે. અને '**મ**' ના ઉચ્ચારણ સાથે મુખ બંધ થઈ જાય છે એટલે **મ**કાર સંહારનો બોધક છે. ઁ અર્ધમાત્રાની અવસ્થા એ વાણીનું પ્રાણમાં વિસર્જન થવાની અવસ્થાનો બોધ કરે છે.

આ રીતે ૐકારની જપ સાધનાની સાથોસાથ તેનું અર્થચિંતન કરવાનો યોગ દર્શનનો અભિપ્રાય છે.

'અથર્વ વેદીય પરમ હંસ પરિવ્રાજકોપનિષદ્'ના કથન અનુસાર - **'ब्रह्म प्रणवानुसंधानेन कृतकृत्यो भवति ।'**

- બ્રહ્મ અને પ્રણવના અનુસંધાન વડે સાધક કૃતકૃત્ય થાય છે.

કહેવાનો ઉદ્દેશ માત્ર એટલો જ છે કે - ૐકારના ઉપાસકે બ્રહ્મ અને પ્રણવને ભિન્ન સ્વરૂપ ન માનતાં તેનું અભેદ ચિંતન કરવું જોઈએ. આ રીતનું અભેદ ચિંતન કરવાને લીધે અભીષ્ટની પ્રાપ્તિ થાય છે. અને સાધકને કોઈ કર્તવ્ય કર્મ કરવાનું બાકી રહેતું નથી.

જપનો પ્રારંભ:

ૐકારનો જપ શરૂ કરતાં પહેલાં પ્રાણાયામ, ન્યાસ, ધ્યાન અને પ્રણવ કવચનો પાઠ કરવાથી નાડી તંત્રમાં તાજગી અને સ્ફૂર્તિ આવે છે. જપ ઉચિત રીતે થઈ શકે છે. ૐકારનું હૃદયમાં પ્રતિસ્થાપન થાય છે. તથા તમામ પ્રકારના ભયોમાંથી રક્ષણ મળે છે.

શરૂઆતમાં ત્રણથી છ જેટલા પ્રાણાયામ પ્રણવ યુક્ત કરવા. પછી ધીમે ધીમે તેની સંખ્યામાં વધારો કરી સોળ સંખ્યા પર પહોંચવું.

પ્રાણાયામ કરવાથી અજીર્ણ, મંદાગ્નિ, ઉદરશૂળ, બંધકોશની ફરિયાદો દૂર થાય છે. પિત્તાશય સુધરે છે. હૃદયને બળ મળે છે. આ ક્રિયા મનની એકાગ્રતા સાધવામાં સહાયભૂત છે અને શરીરને ઉપાસના યોગ્ય નિરોગિતા પ્રાપ્ત થાય છે.

યોગશાસ્ત્ર તથા અન્ય ધર્મગ્રંથોમાં ૐકારનો ઉચ્ચારણ તાર સ્વરે કરવાના વિધાનો મળે છે. વશિષ્ઠ સંહિતામાં પણ કથન ઉપલબ્ધ થાય છે કે - "ઘંટની વચમાં લટકતા લોલકને દોરી બાંધીને યોગ્યરીતે હલાવવાથી ઘંટમાં રણકાર ઊઠે છે. તેના વડે ઘંટની અંદરનો ભાગ વ્યાપ્ત થઈ જાય છે તે પ્રકારે ૐકારનો ઉચ્ચાર સાધકે તાર સ્વરમાં એવી રીતે કરવો કે જેથી એક પ્રકારનો રણકાર એવી રીતે ઉઠે કે તે ઉપર જતાં બ્રહ્મરંધ્ર તથા મુખનો બધોજ ભાગ તેનાથી વ્યાપ્ત થઈ જાય છે."

'પાતંજલ યોગદર્શન'માં એવો નિર્દેશ છે કે -

बुध्ध्या तत्वेन धी दोषःशून्येन्नैकांत वासिनः ।
दिर्घ प्रणवमुच्चार्य मनोराज्यं विजीयते ॥

- એકાંતમાં, શૂન્ય સ્થાનમાં (અથવા ખુલ્લા આકાશમાં) જે જગ્યાએ કોઈ મનુષ્યનો અવાજ ન આવી શકે ત્યાં, સુખપૂર્વક આસને સ્થિત થઈ ૐનો લાંબો ઉચ્ચાર વારંવાર કરવો. અને શ્વાસની ગતિ જેટલી લંબાવી શકાય ત્યાં સધી ઉચ્ચાર કરવો. જેમકે **'ओ ડડડડડડડડડમ્'**, **'ओ ડડડડડડડડડમ્'** એ પ્રમાણે વારંવાર કરવું. આથી મન વશ થશે, એકાગ્રતા કેળવાશે. યોગબળ અને જ્ઞાનની વૃદ્ધિ થશે. વાસનાનો ક્ષય થશે. આ ઉત્તમ પ્રકારની કરામત યુક્તિના નિર્દેશક ભગવાન શિવ છે. તેમને અનેક કોટિ પ્રણામ.

❖ ઉદ્‌ગીથની ઉપાસના કરવાની રીત ❖

ઋષિ-મુનિઓ આ પ્રમાણે જ ઉદ્‌ગીથ ઉપાસનામાં પ્રણવજ્ઞાન ઊંચા સ્વરે કરતા હતા. સાધુ-સંન્યાસીઓ પણ આ રીતે ઉચ્ચસ્વરે (તારસ્વરે) પ્રણવનો ઉચ્ચાર કરતા જોવાય છે. આ રીતે ૐકારનો પ્રથમ ઉચ્ચાર તાર સ્વરે કરવો કેટલોક સમય સુધી અને પછી ઉપાંશુ કે માનસ જપમાં લીન થઈ જવું એ સુગમ અને સુવિદિત વિધિ છે.

સાધકે યાદ રાખવું ઘટે કે ૐ પ્લુત ધર્મી છે, જે એ વાતને ઈંગિત કરે છે કે બ્રહ્મ સર્વદેશી અને સર્વકાલિક જ નથી, તે દેશ અને કામથી પર પણ છે. તે દેશાતીત, તે કાલાતીત છે. સમસ્ત બ્રહ્માંડ તેના અંશમાં નિહિત છે. તે દેશકાળ દ્વારા બાધિત થતો નથી. તે તો દેશકાળનો પ્રણેતા છે. પ્લુતની તાર સ્વરતા (ઉચ્ચ-ઉચ્ચારણ) આ રહસ્યનું ઉદ્‌ઘાટન કરે છે.

શાસ્ત્રોમાં નિર્દેશ મળે છે કે - ૐ શબ્દનું પ્લુત ઉચ્ચારણ કરવું જોઈએ. પ્લુતનો અર્થ ત્રિમાત્રા છે 'પ્લુત' ત્રણ માત્રાનો હોય છે. એટલા માટે ૐ પદને લખતી વખતે **'ओ'** ની આગળ પ્લુતના સંકેત રૂપમાં '૩' (ત્રણ)નો અંક લખાય છે - આ રીતે **'ओ૩म્'** (ૐ). ૐના ઉચ્ચારણ વખતે ઉચ્ચ સ્વરમાં **'ओ'**

ધ્વનિ ત્રિવાર (ત્રણગણો) અર્થાત્ ઉચ્ચ અને તીવ્ર કરવો જોઈએ. મંદ સ્વર યા અસ્પષ્ટ ઉચ્ચારણથી યથેષ્ટ લાભ થતો નથી.

'ઓ' પર પ્લુત યા બળ ભાવનાની પ્રબળતાનો દ્યોતક છે. ઘણું કરીને આપણી ઉપાસના ભાવપૂર્ણ નથી હોતી. આપણે વાણીથી મંત્ર બોલીએ છીએ અને મન વિવિધ પ્રકારની વાતોનો વિચાર કરતું હોય છે. એવી પૂજા ભાવ-શૂન્ય પૂજા કહેવાય છે. ભાવનાના અભાવમાં તે નિષ્પ્રાણ છે. એનાથી વધારે લાભ કેવી રીતે મેળવી શકાય ? 'પ્લુત' કહે છે કે આપણે આપણી પૂજા - અર્ચન - જપ ભાવપૂર્ણ બનાવવા જોઈએ. આપણે ભવ્યાતિભવ્ય ભાવોથી ઈશ્વર પૂજા કરવી, ઉપાસના કરવી જોઈએ. જપ કરવા જોઈએ.

વસ્તુતઃ ૐ ચિન્મય છે. જડ નથી પરંતુ સ્વયં ચૈતન્ય છે. 'ઓ' પર પ્લુત લગાડવાનો અર્થ એ છે કે બ્રહ્મ જ સર્વોપરિ છે, સૌથી મોટું છે અને સર્વેશ પણ છે. 'પ્લુત' તેની મહાનતા (બૃહદ વ્યાપકતા), પ્રભવિષ્ણતા અને સર્વોત્કૃષ્ટતાનો દ્યોતક છે. તે સર્વપ્રધાન છે, એ 'પ્લુત' તાર સ્વરથી નિનાદિત કરે છે. ૐના જાપકે (જપ કરનારે) આ રહસ્ય સારી રીતે હૃદયંગમ્ કરી લેવું આવશ્યક છે.

અતિ ગમનશીલ વેગવાન મનનોનિગ્રહ કરવા માટે 'પ્લુત' સ્પંદનની અપેક્ષા છે. આથી વાત સંસ્થાન (પ્રાણ વાહક નાડી સમુદાય) સજાગ થઈ જાય છે. ચૈતન્યમય બની જાય છે. એકાગ્રતા આવે છે. ધ્યાન પ્રગલ્ભ થાય છે. એટલા માટે શરીર ક્રિયા વિજ્ઞાન, મનોવિજ્ઞાન અને યોગવિજ્ઞાનની દૃષ્ટિથી 'પ્લુત' ઉચ્ચારણનું ખૂબ જ મહત્વ છે.

શુદ્ધતા જ શુદ્ધત્વને પ્રકટ કરે છે. પ્રણવ પ્લુત જપ શુદ્ધ છે. એનાથી આંતરિક શુચિતામાં વધારો થાય છે. ભાવલોક પ્રશસ્ત બને છે. યેનકેન પ્રકારેણ ૐના જપ કરવાથી એટલો લાભ નથી થતો જેટલો પ્લુત યુક્ત ૐના શુદ્ધ ઉચ્ચારણથી થાય છે. મંદ સ્વરથી પણ ઉપાંશુ જપ કરી શકાય છે. પ્લુતને માટે જોરથી (દબાણ પૂર્વક) તાર સ્વરમાં જપ કરવામાં આવે, એ આવશ્યક નથી. ખૂબ મોટા અવાજે (તાર સ્વરમાં) કરવામાં આવતું ઉચ્ચારણ 'કીર્તન'ની શ્રેણીમાં આવે છે.

કીર્તનનું એની રીતે પોતાનું મહત્વ છે, જપના નામ સ્મરણમાં તેનું પોતાનું. માનસિક જપમાં પણ પ્લુત પર ઉચિત બળ આપવાનું સર્વથા સંભવ છે. પ્લુતનો અર્થ સમજવાથી અને તેને જીવનમાં ઉતારવાથી ઉપાસના પ્રાણવાન બને છે. પ્રાણવાન ઉપાસના જ સંપૂર્ણ મનોરથોને પૂર્ણ કરનારી અને આશુ સિદ્ધિ - સફળતા પ્રદાન કરનારી હોય છે. પ્લુતની નિષ્ઠા જ સાધનાનો પ્રાણ છે એ પ્રત્યેક ઉપાસક અને પ્રણવના જપ કરનારે ભૂલવું જોઈએ નહીં.

✧✧✧

33

પ્રણવોચ્ચાર (ॐકારનું ઉચ્ચારણ)

આમ તો પ્રણવોચ્ચારણ (ૐના ઉચ્ચારણ) પર એક બૃહદ્ગ્રંથ લખી શકાય છે, પરંતુ ૐ મંત્ર પોતાના લઘુ સ્વરૂપમાં જ અધિક શક્તિમાન છે. એટલે શબ્દોની ભ્રમજાળમાં આપણે ઓછામાં ઓછા પ્રમાણમાં ફસાવાય તેવો પ્રયાસ કરીશું. જો ૐ જેવા નાદથી સમસ્ત બ્રહ્માંડને અભિવ્યક્ત કરી શકાય છે, અર્થાત્ આટલા નાના મંત્રમાં આટલું અધિક વિસ્તૃત જ્ઞાન

ભરી શકાય છે તે આપણે નથી સમજતા તો અત્યાધિક સમજાવવાના ચક્કરમાં આપને અધિક માનસિક ગૂંચવણમાં નાંખવા શું ઉચિત છે ? જો અહીં આપણે વાત કરીએ તો વાસ્તવિકતાને કહેવી જ ઉચિત રહેશે. - अ-अ-अ-अ-अ-अ-अ-अ-उ-उ-उ-उ-उ-उ-उ-उ-म्-म्-म्-म्-म्-म्-म्।

આ જોવા, સમજવા અને કરવામાં અતિ સરળ સાધના છે, પરંતુ એનાથી જે લાભ થાય છે. તે અતિ મહત્ત્વપૂર્ણ છે. વાસ્તવમાં ૐ મંત્ર અન્ય તમામ મંત્રોનો અધિપતિ છે. એના અર્થનો અનુભવ થવાથી અન્ય તમામ મંત્રોનો અભિપ્રાય સ્વતઃ સ્પષ્ટ થઈ જશે, સમજમાં આવી જશે. કારણ કે અન્ય સર્વ વિશિષ્ટ ઉદ્દેશ્ય યા વિશિષ્ટ વ્યક્તિ સુધી જ સીમિત હોય છે. એનાથી બરાબર વિપરીત ૐ મંત્ર પૂર્ણતઃ અવિશિષ્ટ છે. તેને પ્રત્યેક વ્યક્તિ અપનાવી શકે છે.

❖ ૐના ઉચ્ચારણની ગતિ ❖

ૐનું ઉચ્ચારણ શીઘ્ર અને મંદ બંને રીતે કરી શકાય છે. બંને વિધિઓ સમાન રૂપથી પ્રભાવકારી અને સારી છે. એટલે આપ પોતાને માટે સ્વયં પ્રયોગ કરો તથા સ્વાનુભવના આધાર પર જે કાંઈ શ્રેષ્ઠ અનુભવ થાય તેને અપનાવો. જો ૐનું ઉચ્ચારણ શીઘ્ર કરવામાં આવે તો તેને હૃદયના ધબકાર સાથે સમન્વિત કરવું જોઈએ. એનાથી એ અતિ પ્રભાવશાળી બની જશે. આપ ૐને હૃદયના ધબકાર સાથે સંપૂર્ણ શરીરમાં અનુનાદિત થતો અનુભવી શકો છો. આ પરિસ્થિતિમાં ૐકાર સ્વયં ઉચ્ચારિત થતો હોય તેવું જાણી શકાશે. આપ ચાહો તો હૃદયથી ૐનો ઉદ્‌ભાવ થવાની માનસિક કલ્પના પણ કરી શકો છો.

ૐ ઉચ્ચારણની એક અન્ય પ્રભાવશાળી વિધિ છે - ભ્રૂમધ્યપર નાડી સ્પંદન સાથે ૐનુ સમન્વિત ઉચ્ચારણ. આ પણ અત્યંત શક્તિશાળી વિધિ છે. તથા અંતર્નિરીક્ષણ, શિથિલતા અને અંતતઃ ધ્યાનના અવતરણમાં સહાયક સિદ્ધ થાય છે. ૐનું ત્વરિત ઉચ્ચારણ વૈખરી (સસ્વર)ને બદલે માનસિક કરવામાં વધુ લાભકારી અને પ્રભાવશાળી થાય છે, કારણ કે જો સસ્વર અને ત્વરિત ૐ ઉચ્ચારણ કરવામાં આવશે તો હૃદયના ધબકાર અને નાડી સ્પંદન પ્રતિ બોધ (સભાનતા) બની રહેવી સંભવ થતી નથી.

ૐના ધીમા ઉચ્ચારણને વ્યક્તિગત ક્ષમતા અનુસાર લંબાવી શકાય છે. તથા એકવાર ઉચ્ચારણ કરવા માટે કેટલીયે સેકન્ડો (ક્ષણો)નો સમય લઈ શકાય છે. આ રીતે ઉચ્ચારણ કરતી વેળા 'અ' 'ઉ' 'મ્' પ્રત્યેક અક્ષરનો અતિ સ્પષ્ટ ઉચ્ચાર થવો જોઈએ. ધ્યાનમાં રહે કે અક્ષરોનુ ઉચ્ચારણ ક્રમિક હોય.

આથી અતિરિક્ત દીર્ઘ ૐકારના ઉચ્ચારણનો અભ્યાસ વૈખરી (સસ્વર) યા માનસિક (અવાજ વિના) કરી શકાય છે. યદ્યપિ અધિકાંશ વૈખરી ઉચ્ચારણને જ પ્રધાનતા આપવામાં આવે છે. વિશેષ કરીને નવસાધકોને માટે તથા સામૂહિક ઉચ્ચારણ હેતુ વૈખરી જ ઉત્તમ છે. આથી વિક્ષિપ્ત મનને શાંત કરવામાં ઘણી જ સહાયતા પ્રાપ્ત થાય છે. આજે બધા જ જાણે છે કે અધિકાંશ લોકોના મન નિરંતર ચંચળ રહે છે, દ્વંદ્વોથી ઘેરાયેલાં રહે છે. એટલે એવા લોકોને માટે ૐનું વૈખરી ઉચ્ચારણ અત્યંત ઉપયુક્ત અભ્યાસ છે.

આથી વ્યક્તિની મનઃસ્થિતિ અભિભૂત થઈ જાય છે. આ રીતે વ્યક્તિ બળપૂર્વક જ ૐકારના ઉચ્ચારણ અને નાદ પર એકાગ્ર થાય છે. મન નિરંતર ચાલનારી ચિંતાઓ તથા વિક્ષેપોને ભૂલી જાય છે. આ કારણે જ નવા અભ્યાસીઓને વૈખરી ઉચ્ચારણ કરવાનું કહેવામાં આવે છે. એટલે સંભવ હોય તો ૐનું વૈખરી ઉચ્ચારણ કરવું. પરંતુ એ પ્રમાણે કરવાથી આપના પરિવાર અને આડોસ-પાડોસના લોકોને અસુવિધા થતી હોય તો બીજી વાત છે. તેવી પરિસ્થિતિમાં માનસિક ઉચ્ચારણ કરવું યોગ્ય રહેશે. આવી સ્થિતિમાં વિવેકનો ઉપયોગ કરવો.

❖ ૐકારના માનસિક જાપ વિધિ ❖

જ્યારે યોગ સાધનામાં આપની પર્યાપ્ત ઉન્નતિ થાય ત્યારે માનસિક ૐનું ઉચ્ચારણ ધીમે ધીમે વધારતા જવું, કારણ કે તેનાથી આપનું મન શાંત થશે. જ્યારે મન એકવાર પર્યાપ્ત શાંત થઈ જાય તો આત્મ નિરીક્ષણ યા વિશ્લેષણમાં મુશ્કેલી પડતી નથી. સાધનામાં ક્રમિક રૂપે આગળ વધવા માટેનો એક ઉત્કૃષ્ટ ઉપાય એ છે કે પ્રારંભમાં વૈખરી ઉચ્ચારણ કરવું. (જેટલો દીર્ઘકાળ કરે તેટલુ વધુ સારૂ છે) અને ત્યાર બાદ માનસિક ઉચ્ચારણ કરી સજગતાને બાહ્ય

જગતથી વિમુખ કરી મનના ઊંડાણમાં દિશાન્તરિત કરવું. આ ક્રમિક અને વ્યવસ્થિત રૂપમાં મનને શાંત કરવામાં સહાયક છે.

હંમેશા ખ્યાલમાં રાખવું - ૐનું ઉચ્ચારણ સમસ્વરમાં, અર્થાત્ કોઈપણ વિક્ષેપ અને ઉતાર - ચઢાવ વગર કરવું. પછી તે ઉચ્ચારણ ભલેને વૈખરીમાં હોય અથવા માનસિક .આથી વિશેષ તે સહજ અને સ્વાભાવિક હોવું જોઈએ. કોઈપણ પ્રકારે જોર-જબરદસ્તી ન હોય. વાસ્તવમાં નિરંતર મધુર નાદ દ્વારા જ મન શાંત થાય છે. શુદ્ધ અને ઉચિત ઉચ્ચારણ નિતાંત આવશ્યક છે. જો આપ પોતાના ઉચ્ચારણથી આશ્વસ્ત નથી તો કોઈ આશ્રમમાં જઈને જાણકાર ગુરુ પાસે સાચી વિધિ જાણી લેવી જરૂરી છે.

આપને ૐના ઉચ્ચારણની બે વાતો પરત્વે વિશેષ સજાગ રહેવું જરૂરી છે - (૧) વૈખરી યા માનસિક ધ્વનિ પરત્વે. (૨) ૐ મંત્રના તાત્પર્ય અને મનન ચિંતન પરત્વે.

ૐ વિશ્વવ્યાપી મંત્ર છે. એટલે ૐના શાબ્દિક યા પુસ્તકીય જ્ઞાનની મોહજાળમાં ફસાવાને બદલે તેનું ઉચ્ચારણ કરવું અને તેના તાત્પર્ય પર મનન - ચિંતન કરવું. આ રીતે કરવાથી આપ સ્વયં જ પોતાને માટે ૐના વિશેષ તાત્પર્ય સમજવાની દિશામાં પ્રગતિ કરવા માંડશો. ત્યારે જે રહસ્ય પ્રગટ થશે તે કોઈ પુસ્તકની પુનરોક્તિ નહીં હોય, પરંતુ વિશિષ્ટ અને વ્યક્તિગત અનુભવ પર આધારિત હશે અને ત્યારે કદાચ ૐના સંદર્ભમાં પુસ્તકીય જ્ઞાનની જરૂરત જ રહેશે નહીં.

જ્યારે આપની સજગતા આરોહણ માર્ગના શીર્ષ અર્થાત્ બિંદુ પર પહોંચે છે તો માનસિક રૂપથી ત્રણ વાર બિંદુ શબ્દનું ઉચ્ચારણ કરવું.

જ્યારે આપ અવરોહણ માર્ગના નીચલા ભાગમાં સ્થિત મૂલાધાર ચક્રપર આવો છો તો માનસિક રૂપથી ત્રણવાર મૂલાધાર શબ્દનું ઉચ્ચારણ કરવું.

જેમ જેમ આપની સજગતા અન્ય ચક્રો પરથી ક્રમશઃ પસાર થાય છે, ત્યારે તમારે માનસિક રૂપથી પ્રત્યેક ચક્રનું નામ એક વાર ઉચારણ કરવું. આ ક્રિયાઓ માનસિક આવૃત્તિ છે.

જ્યારે આપની સજગતા અવરોહણ માર્ગથી નીચે ઉતરે છે ત્યારે ઓં મંત્રનું ઉચ્ચારણ કરવું. ઓં નું ઉચ્ચારણ બિંદુથી પ્રારંભ થાય ત્યારે ઊંચા સ્વરથી અને વિસ્ફોટક હોવો જોઈએ. આ પછી સજગતા ક્રમશઃ ચક્રોથી નીચે ઉતરતી વખતે ઓંનો ધ્વનિ ભ્રમર નાદ સમાન ગુંજતો રહેવો જોઈએ. ઓંનો ધ્વનિ ક્રમશઃ ચક્રોનું ભેદન કરી રહી છે એવો અનુભવ કરવો. વાસ્તવમાં પ્રાણશક્તિના પ્રવાહની સાથે ઓંનો ધ્વનિ એકત્વ સ્થાપિત કરતો નીચે જઈ રહ્યો છે, એવો અનુભવ કરવો જઈએ.



સજગતા મૂલાધાર ચક્ર પર પહોંચતા ધ્વનિની પણ સમાપ્તિ થવી જોઈએ.

સારાંશ રૂપમાં આ વિધિ આ પ્રકારે હશે -

બિંદુથી આજ્ઞાચક્ર સુધી ઓંનો ધ્વનિ વિસ્ફોટ સમાન થશે. આજ્ઞાચક્રથી મૂલાધાર ચક્ર સુધી - મેરુદંડમાં ભ્રમરના ગુંજનની ધ્વનિ સમાન **મ...મ...** નો ધ્વનિ થશે.

ઓંનું ઉચ્ચારણ ઊંચું ને અંતઃકરણનું ભેદન કરનારું હોવું જોઈએ. આ રીતે ચક્રોમાં સૂક્ષ્મ સંવેદનશીલતા જાગ્રત થશે. જો કોઈ બાહ્ય પરિસ્થિતિઓના કારણે ઊંચા સ્વરમાં ઓંનું ઉચ્ચારણ કરવું સંભવ ન હોય તો આપ ઓં ઉચ્ચારણ ધીમા સ્વરમાં કરી શકો છો.

❖ વર્ણ પ્રમાણે પ્રણવની ઉપાસના ❖

પ્રણવના સ્વર ઉપાસકના વર્ણ અનુસાર પૃથક હોય છે. કાલિકાપુરાણનું કથન છે. બ્રાહ્મણને ઉદાત્ત સ્વરમાં, ક્ષત્રિયને અનુદાત્ત સ્વરમાં, વૈશ્યને પ્રચિત અથવા માનસિક જપ કરવાનો અધિકાર છે. શુદ્રને પ્રણવ ચૌદમાં સ્વરમાં જેને અંકુર કહેવાય છે તેમાં કરવાની પાત્રતા છે. એની સાથે અનુસ્વાર (મ નો નાદ) અને નાદ રહે છે. શુદ્ર પણ એક યા બે સ્થાનો પર આરંભ યા અંતમાં અથવા બંનેમાં જ પ્રણવનો પ્રયોગ કરી શકે છે. બ્રાહ્મણ માટે આદિ અને અંતમાં બંનેમાં પ્રણવનો પ્રયોગ અનિવાર્ય છે. અથર્વ બ્રાહ્મણનું કથન છે ત્રિસ્વરનો ભેદ વેદોની ભિન્નતા પર આધારિત છે. કિંતુ સ્વરના નિયમ કેવળ વૈદિક ઉદ્દેશ્ય માટે છે એટલે અહીં આગળ તેની વિશેષ ચર્ચાનુ પ્રયોજન નથી.

❖❖❖

૩૪

નાદાનુસંધાન રહસ્યમ્

❁ અનહદ્ નાદ ❁

ખરેખર, મોક્ષ-સાધનામાં નાદાનુસંધાન અતિ મહત્ત્વપૂર્ણ વસ્તુ છે. વેદમાં, ઉપનિષદોમાં, યોગ શાસ્ત્રમાં અને સંતવાણીમાં નાદાનુસંધાનનો ભરપૂર મહિમા ગવાયો છે. હઠયોગ અને રાજયોગના સ્થાન પર મધ્યકાલીન મોટાભાગના સંતોએ વિવિધ રૂપમાં નાદાનુસંધાનનું પ્રતિપાદન કર્યું છે. કારણ એવું

છે કે નાદાનુસંધાનથી મનનો નિરોધ થાય છે અને અપેક્ષાકૃત ચિત્તવૃત્તિનો નિરોધ સહજ બને છે. એ જ નાદબ્રહ્મયોગ છે. બીજા શબ્દમાં એ જ લય યોગ છે. એમાં સાધક મૂળ નાદ ધ્વનિ જેને અનાહત ધ્વનિ પણ કહેવાય છે, સંતો હિન્દી ભાષામાં અનહદ્ નાદ કહે છે, તે જ પ્રણવના મૂળ નાદને સાંભળવાનો સાધક અભ્યાસ કરે છે. શ્રીમદ્ આદ્યશંકરાચાર્યે 'યોગતારાવલી' નામક ગ્રંથમાં નાદાનુસંધાનનું મહત્ત્વ દર્શાવતાં વર્ણન કર્યું છે -

सदाशिवोक्तानि सपाद - लक्षावधानि वसन्त लोके ।
नादानुसन्धान समाधिमेके मन्यामहे मान्यतमं लयानाम् ॥

- ભગવાન સદાશિવે મનનો લય કરવા માટેના સવાલક્ષ અવધાન (ધ્યાન વિધિઓ) આ લોકમાં બતાવી છે.એ સર્વમાં નાદાનુસંધાન સુલભ અને શ્રેષ્ઠ છે એવું મારું માનવું છે અને લયયોગના સાધકો પણ માને છે.

વળી આ જ ગ્રંથમાં તેઓ આગળ કહે છે કે -

नादानुसंधान नमोऽस्तु तुभ्यं त्वां मन्महे तत्त्वपदं लयानाम् ।
भवत्प्रसादात् पवनेन साकं विलीयते विष्णुपदे मनो मे ॥

- હે નાદાનુસંધાન ! આપને નમસ્કાર છે. આપ પરમપદમાં સ્થિતિ પ્રાપ્ત કરાવો છો. આપના કૃપા-પ્રસાદથી મારો પ્રાણવાયુ અને મન એ બંને ભગવાન વિષ્ણુના પરમપદમાં લીન થઈ રહ્યાં છે.

सर्वचिन्तां परित्यज्य सावधानेन चेतसा ।
नाद एवानुसन्धेयो योग साम्राज्य मिच्छता ॥

- જો યોગ સામ્રાજયની શ્રેષ્ઠ સ્થિતિ પ્રાપ્ત કરવાની ઈચ્છા હોય તો સાધકે સર્વ પ્રકારની ચિંતાઓનો ત્યાગ કરી, માનસિક તનાવોથી મુક્ત થઈ, સાવધાનીપૂર્વક ચિત્તવૃત્તિને નાદાનુસંધાનના અભ્યાસમાં જોડવી જોઈએ.

❖ નાદનું સ્વરૂપ ❖

હવે પ્રશ્ન એ ઊઠે છે કે નાદનું સ્વરૂપ શું છે ? ઉત્તરના રૂપમાં પ્રાચીન તત્ત્વાન્વેષી ભારતીય ઋષિમુનિઓનું કહેવું છે કે - નાદનું સ્વરૂપ વિલક્ષણ,

નિર્માયિક (માયા, પ્રકૃતિથી રહિત) અને સાધનાગમ્ય છે એવો તેમનો અનુભવ પણ છે. જેનાથી આ સૃષ્ટિ થઈ છે તે નાદ જ નિર્ગુણ (ત્રિગુણ રહિત) સત્ય અને દેશકાળરહિત છે. પરમેશ્વરે આદિમાં સર્વ પ્રથમ નાદને જ પ્રકટ કર્યો, જે સૃષ્ટિનું મૂળ કારણ બન્યો અને જેની ધારા અવિચ્છિન્ન પણે અને અવ્યાહત રૂપમાં અગ્રસર થતી જ રહી છે. તેનો લોપ સૃષ્ટિનો લોપ સમજવો. એ સર્વથા સત્ય અને નિત્ય છે.

'બાઈબલ'માં પણ જણાવ્યું છે કે -

'Word was the beginning, word was with God and word was God.' (The Holy Bible st. Joha)

'ઈશ્વર આદિમાં હતો. શબ્દ ઈશ્વરની સાથે હતો અને શબ્દ જ ઈશ્વર હતો.' પૈથાગોરસ ગ્રીક મહાત્મને શબ્દો વાપર્યા કે -

'Music of the spheres' (Pythagoras - 600 B.C.)

અર્થાત્ - તે સૃષ્ટિ મંડળનું સંગીત છે.

પશ્ચિમના દાર્શનિકો અને વિદ્વાનો એને માટે શબ્દો પ્રયોજે છે કે -

'Word Logos, Whispers From the un-known, Inner Voice, the voice from Heaven, the language of soul, the voice of soul, premordial sound etc.'

'અદભુત શબ્દ અજ્ઞાતમાંથી થયેલ વિસ્ફોટ, આંતરિક અવાજ, સ્વર્ગમાંથી આવતો અવાજ, આત્માની ભાષા, આત્માનો અવાજ, સૃષ્ટિના આરંભનો પ્રાથમિક ધ્વનિ વગેરે.'

❖ સ્ફોટ ❖

પતંજલિ આદિ પ્રાચીન વ્યાકરણ કર્તાઓએ એના નિત્યત્વની પુષ્ટિ કરી છે. પરમેશ્વરથી પ્રથમ સ્ફૂટિત થવાને લીધે તેને 'સ્ફોટ' કહેવાય છે. પ્રણવ એ નાદ છે. જ્યારે ૐ એના પ્રતિઘોષ (પડઘો) છે. આ ૐકાર ધ્વનિ એ કોઈ

ભાષા શબ્દ કે વર્ણાક્ષર નથી. એ વાચ્ય - વાચક સંબંધના કારણે અભેદ, અનાદિ અને અનંત છે. ઉચ્ચારણના સર્વસ્થાનોમાં સભર બનીને નીકળવાને કારણે ઋષિઓએ તે નાદને અભિહિત કરવા માટે વર્ણાત્મક શબ્દ ૐ ની પસંદગી કરી.

આ નાદ શક્તિમાંથી સૃષ્ટિ ઉત્પન્ન થાય છે. કારણકે મૂળ ધ્વનિ છે, નિર્વિકાર બ્રહ્મનો મૂળ સ્ફોટ છે, મન-બુદ્ધિ પર એવો અત્યંત સૂક્ષ્મ પ્રકંપ નાદ છે. કોઈ પણ વસ્તુ ટકરાવ વગર, અથડાયા વિના ઉત્પન્ન થયો હોઈ અન-આહત (કોઈનાથી પણ આહત ન થનારો) ધ્વનિ તે અનાહત નાદ છે.

આ પરમાત્માનું સ્વયંસિદ્ધ નામ છે. યોગવિદ્યાના આચાર્ય સમાધિ અવસ્થામાં પહોંચીને જ્યારે બ્રહ્મ સાક્ષાત્કાર કરે છે, ત્યારે તેને પ્રકૃતિના અંતરાલમાં એક વિશેષ પ્રકારનો ધ્વનિ થતો પરિલક્ષિત થાય છે. તેને જ ઋષિઓએ ઈશ્વર કહ્યો છે, તે જ નાદબ્રહ્મ છે, તે જ શબ્દબ્રહ્મ પણ છે.

સૃષ્ટિના પૂર્વે તેનો ઉદય થવાને કારણે તે ઉત્પત્તિ સ્થાન (Place) અને સમય (Time) થી રહિત છે. આથી તેને દેશકાળની મર્યાદાનું કોઈ બંધન નથી. સૃષ્ટિના પ્રારંભ પહેલા તેનો ઉદય થવાથી સ્વાભાવિક રીતે તે સૃષ્ટિમાં સર્વવ્યાપક બની ઓતપ્રોત થઈ ગયો છે. જેમ કોઈ માટીનો ગોળો બનાવતી વખતે તેને ટીપવામાં આવે ત્યારે જ અવાજ થાય છે તે માટીના ગોળામા અણુ અણુમાં વ્યાપી જશે. તેવી જ રીતે સૃષ્ટિની રચના માટે પરમાત્માથી જે મૌજ યા કંપન (શબ્દ) થયો સમગ્ર સૃષ્ટિમાં ઓતપ્રોત થઈને રહેલો છે. આ જ ચેતન શબ્દ જીવભાવથી સર્વની અંદર ધબકી રહ્યો છે. તત્ત્વતઃ ગીતાનો 'ક્ષેત્રજ્ઞ' અને અક્ષરપુરુષ એ જ છે.

❖ નાદનું અનુસંધાન ❖

આ શબ્દની ખોજ, એની ઉપાસના તે નાદાનુસંધાન છે. વેદ અને ઉપનિષદોમાં એને 'ઉદ્‌ગીથ' કહેલ છે. એને 'સુરત-શબ્દ-યોગ', 'શબ્દ-સાધન', 'નામ-ભજન' જેવા શબ્દોથી નવાજેલ છે. એની ખોજ યા ઉપાસના કેવી રીતે કરી શકાય ? જ્ઞાનીઓએ નાદ-બ્રહ્મની ઉપાસનાનો માર્ગ

અન્તર્મુખતાની દિશામાં દર્શાવેલ છે. આ નાદ પરમાત્માનો નિકટતમ છે. સૃષ્ટિનો આદિ છે. આત્માને પરમાત્મા સુધી લઈ જવા માટેનું સર્વોત્તમ સાધન છે. સાધના માર્ગનો સાથી છે.

તે શબ્દ આપણને બહાર શોધવાથી મળી શકવાનો નથી. બહાર જ્યાં કોઈપણ જગ્યાએ જવાનું હશે, ત્યારે શરીર અને ઈન્દ્રિયોની સાથે જ જવું પડશે. અને કથિત શબ્દની પ્રાપ્તિ આપણને પ્રકૃતિના માયિક આવરણોને પાર કરી જવાની સ્થિતિમાં જ થશે. તે આપણી અંદર જ પ્રાપ્ત થશે.

સંસાર અને શરીર અર્થાત પિંડ અને બ્રહ્માંડનો ઘણો જ ઘનિષ્ઠ સંબંધ છે. શરીર સંસારનું પ્રતિનિધિ છે. શરીર નિર્માણમાં જેટલાં તત્ત્વો છે, સંસારમાં પણ તે જ તત્ત્વ છે. શરીરમાં આપણે જે અવસ્થામાં રહીએ છીએ. સંસારમાં પણ તે જ અવસ્થામાં આપણે પોતાને અનુભવીએ છીએ. જાગ્રત અવસ્થામાં પોતાનું અને સંસારનું જ્ઞાન રહે છે, સ્વપ્નાવસ્થામાં બંનેનું જ્ઞાન ઓછું થાય છે. પછી સુષુપ્તિમાં બંનેનું જ્ઞાન બિલકુલ રહેતું નથી. પિંડના સર્વ આવરણોને પાર કરવાથી બ્રહ્માંડ અને પ્રકૃતિના પણ સર્વ આવરણ પોતાની મેળે છૂટી જશે.

એટલે નાદ બ્રહ્મની ઉપાસનાની પરિણતિમાં આપણી સ્થિતિ સૃષ્ટિના માયિક આવરણોનું ઉત્ક્રમણ કરી જવાથી હશે, અર્થાત્ દેશકાલાતીત પદ (પરમપદ) ને પ્રાપ્ત કર્યાની સ્થિતિ હશે. હવે તે શબ્દની પ્રાપ્તિ આપણને યુક્તિ યુક્ત સાધનાના અભ્યાસથી પોતાની અંદર જ થશે. અને પછી તો પરમાત્મા પ્રાપ્તિનો સવાલ તો આપમેળે જ હલ થઈ જશે. આ શબ્દ પ્રાપ્તિની સ્થિતિ 'કૈવલ્યાવસ્થા' ની સ્થિતિ યા એકલવાયાપણાની હાલત છે. તુરીયા વસ્થાની હાલત પણ આપણને આવા જ પ્રકારની પ્રાપ્ત થશે.

❖ આત્મા આધારિત પાંચ મંડળ ❖

શરીર યા સંસારના પાંચ મંડળ છે - સ્થૂળ, સૂક્ષ્મ, કારણ, મહાકારણ અને કૈવલ્ય. કૈવલ્ય ચૈતન્ય મંડળ છે, ઓંકારનું મૂળ સ્થાન છે. શેષ ચારેય મંડળો માયિક અને જડ છે. ચૈતન્ય મંડળ અને પરમાત્માનો સંબંધ અત્યંત

નિકટનો છે. ચારેય જડ મંડળોમાંથી છૂટવાથી અને કૈવલ્ય મંડળમાં સ્થિત રહેવાથી નાદના સ્વરૂપની પ્રાપ્તિ, પછી પરમાત્મા-પદની ઉપલબ્ધિ થાય છે. પ્રત્યેક મંડળનું એક કેન્દ્ર હોય છે. કેન્દ્ર વગરનું કોઈ મંડળ નથી હોતું. પાંચેય મંડળોના પાંચ કેન્દ્ર છે. એટલા માટે સંત કબીરજી કહે છે -

पांचो नोबत बाजती होत छत्तीसो राग ।
सो मंदिर खाली पडा बेठन लागे काग ॥

- જ્યાં સુધી શરીરમાં આત્મચેતના હતી ત્યાં સુધી પાંચે મંડળમાં નાદ ગુંજતો હતો. છત્રીસ પ્રકારના રાગ ઉત્પન્ન થતા હતા. તે શરીર જીવાત્માના જવાથી ખાલી પડ્યું છે અને તેના ઉપર કાગડા ઉડવા-બેસવા લાગ્યા છે.

શબ્દમાં ત્રણ ગુણ છે. - ઉદ્‌ગમ સ્થાનમાં આકર્ષણનો, ઉદ્‌ગમ યા કેન્દ્રના ગુણ સાથે લઈને ચાલવાનો, અને સાંભળનારને ગુણથી ગુણાન્વિત કરવાનો અને ઉપરના શબ્દને નીચે સુધી જવાનો. પ્રત્યેક મંડળની રચના થતાં પહેલાં તેના કેન્દ્રમાંથી મંડળ (તેનું વર્તુળ) બનાવવા માટે અનિવાર્ય કંપનની ધારા અવશ્ય પ્રવાહિત થઈ, કારણ કે કંપન વગર કંઈપણ બનવું અસંભવ છે. કંપ અને શબ્દ એકબીજાના સહચર છે. જ્યાં કંપન થાય છે. ત્યાં શબ્દ હાજર હોય છે. બંનેને જુદા પાડી શકાતા નથી. એટલે પાંચ મંડળોના કેન્દ્રના પાંચ શબ્દ માનવા પડે છે, સ્થૂળ મંડળના કેન્દ્ર પર જે શબ્દની ધારા છે, તેનો સંબંધ સૂક્ષ્મ મંડળની ધારા સાથે, અને આગળ કારણ મંડળ, મહાકારણ મંડળના કેન્દ્રો તથા કૈવલ્ય મંડળના કેન્દ્ર (સ્વયં પરમપ્રભુ પરમાત્મા) સુધી શબ્દની ધારા સંબંધ ધરાવે છે.

સાધક જપ અને ધ્યાનની સહાયતાથી પોતાની ચિત્તવૃત્તિનો નિરોધ કરે છે, અને પોતાની વૃત્તિઓને સૂક્ષ્મતમ બનાવે છે. તે પોતાની વૃત્તિને એટલી તો સૂક્ષ્મ બનાવે છે કે સ્થૂળ મંડળનું કેન્દ્ર તેની સુરત યા ચેતન વૃત્તિમાં મળી જાય. સૂક્ષ્મ વસ્તુને સ્થૂળ યંત્રો પકડી શકતા નથી. એટલે તે સૂક્ષ્મ શબ્દની પ્રાપ્તિ માટે પોતાની વૃત્તિને અત્યાધિક એકાગ્ર અને સૂક્ષ્મ બનાવવી અતિ આવશ્યક છે. પરંતુ એ ખ્યાલમાં રાખવાનું છે કે સ્થૂળ મંડળના કેન્દ્ર પર

તે આદિનાદની પ્રાપ્તિ થઈ જશે, એ ભ્રમપૂર્ણ છે. આ નાદ ઉત્તરોત્તર અધિકથી અધિક સૂક્ષ્મતર છે, અને મધુરતર છે. શબ્દનું આકર્ષણ સાધકને વધુને વધુ એકાગ્ર બનાવશે. અને પોતાનાથી ઉચ્ચકક્ષાના શબ્દને પ્રાપ્ત કરવાની યોગ્યતા - પ્રદાન કરાવીને તેને પકડાવશે, અને છેવટે તેને તે આદિનાદની પ્રાપ્તિ થશે.

આ નાદ એટલો તો સૂક્ષ્મ છે જેને માટે 'નાદ બિન્દુ ઉપનિષદ્' (૪) તેનું પ્રમાણ આપતાં જણાવે છે કે -

बालाग्र शतसाहस्त्रं तस्य भागस्य भागिनः ।
तस्य भागस्य भागार्धं तत्क्षये तु निरंजनम् ॥

- 'જો કેશ (વાળ)ની અણીના સો હજાર ભાગ કરવામાં આવે, તો તેના પછી ભાગ કરવાથી અર્ધો ભાગ થશે તે નાદનું સ્વરૂપ હશે. અને જ્યારે આ નાદ પણ લીન થઈ જાય છે, ત્યારે યોગી નિરંજન બ્રહ્મને પ્રાપ્ત કરે છે.'

આવા બારીક ધ્વન્યાત્મક નાદનું આપણે ઉચ્ચારણ કેવી રીતે કરી શકીએ ? 'અમૃતનાદ ઉપનિષદ' કહે છે કે -

अघोषमव्यंजनमस्वरः च यद् अतालु कष्ठोष्ठमनासिकं यत् ।
अरेफ जातमुनयोष्म वर्जितं यदक्षरं न क्षरते कथंचित् ॥

(अमृतनाद० २५)

- 'આ મૂળનાદ છે તે અઘોષ, વ્યંજન રહિત, સ્વરરહિત છે તેનો તાળવા, કંઠ કે નાસિકામાંથી ઉચ્ચાર થતો નથી. તે રેફ વગરનો, ઉષ્માવર્જિત અક્ષર છે. જેનું ક્ષરણ નાશ કેવી રીતે થઈ શકે ? અર્થાત્ અવિનાશી છે એવું મુનિઓ કહે છે.'

❖ સ્થૂળ - સૂક્ષ્મ આવરણોનું વર્ગીકરણ ❖

સ્થૂળ-સૂક્ષ્માદિ પાંચ આવરણોનું સાધારણ રીતે આપણે ત્રણ ભાગમાં વર્ગીકરણ કરી શકીએ છીએ. (૧) અંધકાર (૨) પ્રકાશ અને (૩) શબ્દ. સ્થૂળ મંડળ અંધકાર પૂર્ણ છે. એના પછી પ્રકાશ અને શબ્દના મંડળ છે.

જ્યોતિ અને રૂપ જગતના બીજ બિંદુ (Point) છે. 'બિંદુ ધ્યાન' યા 'દૃષ્ટિ યોગ'ના નિયમાનુસાર આપણે પ્રકાશના દિવ્યદેશમાં પ્રવેશ કરીએ છીએ. પ્રકાશનું જીવન શબ્દ છે. નાદાનુસંધાન આપણને શબ્દની દોરી પકડાવે છે. બિંદુ પીઠનું ભેદન કરવાથી નાદલિંગ ઉપસ્થિત થાય છે, કારણ કે બિંદુમાં જ નાદ સમાહિત છે.

'बिन्दुपीडं विनिर्भिद्य नादलिंगमुपस्थितम् ।'
(योगशिख्ओपनिषद् २/१३)

बीजाधारं परं बिन्दुं नादं तस्योपरि स्थितम् ।
सशब्दं चाक्षरे क्षीणे निःशब्दं परमं पदम् ॥
(ध्यान बिन्दुः २)

- પરમ બિંદુ જ બીજાક્ષર છે. તેની ઉપર નાદ છે. નાદ અક્ષર રૂપમાં (અવિનાશી બ્રહ્મ)માં લય થઈ જાય છે તો તે નિઃશબ્દ પરમપદ છે.

આ આદિનાદ તો સ્વયં પ્રભુ પરમાત્માથી ઉત્થિત છે અને એટલા માટે જે કોઈ તે નાદની સાથે પોતાને જોડીદે.છે, તે ઈશ્વરીય ગુણોથી પૂર્ણ બની જાય છે.

'ધ્યાન બિંદુ-ઉપનિષદ' (૩૪/૩૫) નાદાનુસંધાનના અનુભવનું આ રીતે વર્ણન કરે છે -

आदौ नादः जलधिजीभूतभेरी निर्झर सम्भवः ।
मध्ये मर्दल शब्दाभो घण्टा काहलजस्तथा ॥
अन्तं तु किं कीणी वंश वीणा भ्रमर निःस्वनः ।
इति नाना विधा नादाः श्रुयन्ते सूक्ष्मसूक्ष्मतः ॥

- 'આરંભમાં નાદ સમુદ્ર, વાદળ, દુન્દુભિ, જળપ્રપાત (પાણીના ધોધ)માંથી ઊઠતા અવાજ જેવો માલુમ પડે છે. અને મધ્યમાં મર્દલ, ઘંટા, અને સિંધા જેવો. અંતિમ અવસ્થામાં (કિંકીણી) મંજીરા, વીણા, અને મધમાખીઓની ભનભનાહટ જેવો લાગે છે. આ રીતે અનેક બારીક થી બારીક

નાદો સંભળાય છે.'

આ માટે સદ્‌ગુરુની ખોજ, તેની શરણાગતિ અને સદાચાર પાલન ખૂબજ આવશ્યક બની જાય છે. ગીતાજીનો આદેશ છે કે -

तद्विध्धि प्रणिपातेन परिप्रश्नेन सेवया ।
उपदेक्ष्यन्ति ते ज्ञानं ज्ञानिनस्तत्त्वदर्शिनः ॥

- વિધિ પૂર્વક સદ્‌ગુરુના શરણે જઈ તેમને પ્રણામ કરીને, તેમની સેવા કરવી, અને પ્રશ્ન કરવા. આમ સેવાથી પ્રસન્ન થયેલા તત્ત્વદૃષ્ટા અને જ્ઞાની એવા ગુરુ જ્ઞાનનો ઉપદેશ કરશે અને પ્રશ્નોનું સમાધાન થશે.

સદ્‌ગુરુ જ શબ્દ (નાદાનુસંધાન) નો માર્ગ બતાવશે. નાદાનુસંધાન માટે સંતવાણી અને ઉપનિષદોમાં આંખ, કાન અને મુખ બંધ કરવાનો નિર્દેશ મળે છે. પ્રારંભિક દશામાં કાન ખુલ્લા રહેવાથી બહારની દુનિયાના શબ્દો જ આપણને સાંભળવા મળે છે. એટલે કાન બંધ કરવા આવશ્યક છે.

જ્યાં સુધી નાદાનુસંધાન કરવાની ગુરુ આજ્ઞા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી કેવળ માનસજપ, માસનધ્યાન અને દૃષ્ટિયોગનો અભ્યાસ કરવાની ગુરુ આજ્ઞા હોય, ત્યાં સુધી આંખ, અને મુખને જ બંધ કરવા જોઈએ. નાદાનુસંધાન કરવાની ગુરુ આજ્ઞા પ્રાપ્ત થતાં આંખ, કાન અને મુખ ત્રણને બંધ કરવાં જોઈએ.

'શિવપુરાણ' (ઉમાસંહિતા) ના હુંકાર - અનુસંધાન પ્રકરણમાં ઉલ્લેખ પ્રાપ્ત થાય છે - 'યોગવેત્તા પુરુષે સુખદ આસન ઉપર બેસીને વિશુદ્ધ શ્વાસ (પ્રાણાયામ) દ્વારા યોગાભ્યાસ કરવો. રાત્રિના સમયે જ્યાં બધા લોકો સૂઈ જાય તે સમયે, દીપક બુઝાવીને અંધકારમાં યોગ ધારણ કરવો. તર્જની આંગળીથી બે કાનો બંધ કરીને બે ઘડી સુધી દબાવી રાખવા. જેવી રીતે આકાશમાં વર્ષાઋતુના વાદળ ગર્જના કરે છે, તે પ્રમાણે તે શબ્દ સાંભળીને યોગી તત્કાળ સંસારના બંધનોથી મુક્ત થઈ જાય છે. આ શબ્દ જ સુખદ મોક્ષનું કારણ છે. બહાર અને અંદરના ભેદથી રહિત, અવિનાશી અને સમસ્ત ઉપાધિઓ રહિત પરબ્રહ્મ છે.

આ અનાહત નાદ (કોઈપણ જાતના આઘાત વિના અથવા કોઈપણ રીતે વગાડ્યા વિના જ) પ્રકટ થનારો (શબ્દ) છે. આ રીતે નવ પ્રકારના શબ્દ બતાવવામાં આવ્યા છે. - (૧) ઘોષ, (૨) કાંસ્ય (ઝાંઝ આદિ), (૩) શૃંગ, (સિંગા વગેરે), (૪) ઘંટાનાદ, (૫) વીણા વગેરે (તંતુવાદ્ય), (૬) બાંસુરી (બંસી, મુરલી), (૭) દુન્દુભિ (ઢોલક, નગારા), (૮) શંખ અને (૯) મેઘગર્જના આ રીતે નવ પ્રકારના શબ્દોને ત્યાગીને છેવટે 'હુંકાર' નો અભ્યાસ કરવો. ઉપર્યુક્ત નવ પ્રકારના શબ્દો માયા મંડળના છે. તે સાર શબ્દ યા આદિનાદ હુંકાર જ છે. જે આત્મજ્ઞાન આપે છે. પરંતુ તેની પ્રાપ્તિ માટે આપણે માયાના શબ્દોનો અભ્યાસ કરવો પડશે. નાદાનુસંધાનની સાધનામાં સદાચારની મોટી અપેક્ષા રહે છે. સદાચાર પાલન વગર નાદાનુસંધાનમાં સિધ્ધિ મળવી અસંભવ છે.

❖❖❖

૩૫

પ્રાણાયામ અને ૐકાર સાધના

'શ્રીમદ્ ભાગવત'માં કથન છે કે -
'बुद्धिरर्थमसूयत ।'



– "ધનની જનેતા બુદ્ધિ છે." અર્થાત્ જેની બુદ્ધિ જેટલી તેજસ્વી અને વિશુદ્ધ હશે, તેના પ્રમાણમાં તે મનુષ્ય વિદ્યા અને ધનની પ્રાપ્તિ કરી શકશે. બુદ્ધિને પ્રકટ કરનાર અને તેનો પ્રકાશ બધી દિશાઓમાં પાથરનાર પ્રાણાયામ જ એક માત્ર સાધન છે. તે માટે મનુષ્ય બીજી સાધના કરે યા ન કરે તો પણ પ્રાણાયામ તો રોજે રોજ નિયમિત પણે કરવા જોઈએ. પ્રાણાયામમાં ડરવા જેવું કંઈ જ નથી. પ્રાણાયામ આપણો હિતસાધક મિત્ર છે.

પ્રાણાયામથી જેટલો લાભ થાય છે તેટલો ઘી, દૂધ, માખણ, કંદમૂળ, ફળ અથવા બીજી કોઈપણ વસ્તુથી મનુષ્ય જીવનમાં થતો નથી. પ્રાણાયામ કરવામાં એક પણ રૂપિયાનો ખર્ચ થતો નથી. આમ હોવા છતાં જે મનુષ્ય પ્રાણાયામ કરતો નથી તેના જેવો મહાન મૂર્ખ બીજો કોણ હોઈ શકે ? બીજા અધકચરા લોકોની વાતોમાં આવી જઈને કેટલાક લોકો પ્રાણાયામ કરતાં ડરે છે, અને કહે છે. "પ્રાણાયામની ક્રિયા કરવાથી કોઈક વખત શરીરને મોટું

નુકસાન થાય છે, અરે! કોઈ વખત જીવ પણ ગુમાવવો પડે છે.'' આ સમજણ મૂર્ખતાપૂર્ણ છે. સત્ય તો એ છે કે પ્રાણાયામથી કોઈ જ નુકસાન નથી, તેનાથી એક પ્રકારના લાભો જ થાય છે. એ મારો વર્ષોનો અનુભવ છે.

અષ્ટાંગ યોગમાં પ્રાણાયામ એ મહત્ત્વપૂર્ણ એવું યોગનું ચોથું અંગ છે. મંત્ર સાધનાનું એક આવશ્યક અંગ પ્રાણાયામ છે. સાધક પોતાના ઈષ્ટદેવનું ધ્યાન કરે છે, મન તેની ઉપર સ્થિર કરે છે. ચંચળ મન આમતેમ ભાગતું રહે છે. તે એકાગ્રતામા પણ શક્તિ રહસ્ય છૂપાયેલ છે. તે જ સાધકની સાધનાની સફળતા છે. પ્રાણાયામ મનને સ્થિર કરવામાં સહાયક છે. ધીરે ધીરે એકાગ્રતા વધતી જાય છે. શાસ્ત્રો કહે છે મન પ્રાણને આધીન છે. જેવી રીતે કોઈ પક્ષી દોરીથી બંધાયેલું હોય છે, તેવી જ રીત ચિત્ત (મન) પ્રાણ સાથે સંલગ્ન (જોડાયેલ) છે. વિચારથી મનને વશમાં કરવું અસંભવ છે. મનને એકાગ્ર કરવાનો એકમાત્ર ઉપાય પ્રાણાયામ છે.

પ્રણવ એ આપણા પ્રાણોનો અત્યન્ત સ્વાભાવિક ધ્વનિ છે.જેને કારણે ૐનો પ્રાણાયામ સાથે અવચ્છિન્ન સંબંધ છે. વાસ્તવિક રીતે ૐ અને પ્રાણાયામ અભિન્ન છે. ૐ સાર્વભૌમિક નાદ (ધ્વનિ) છે. પ્રત્યેક દેશ, ધર્મ અને વર્ણના માનવ તથા પશુ, પક્ષી, નાના મોટા જીવજંતુઓ વગેરે પ્રાણીઓ શ્વાસ લેવાની ક્રિયા કરે છે. એ શ્વાસને શરીરમાં ગ્રહણ કરવાની પ્રક્રિયા પૂરકમાં '**ओ**' તથા શ્વાસ બહાર કાઢવાની (છોડવાની ક્રિયામાં) '**म**' નો ધ્વનિ સ્વાભાવિક પણે થતો જ રહે છે. ૐ ની પૂરક તથા રેચક ક્રિયામાં કરેલા સચેતન જપ પ્રાણાયામના અભ્યાસમાં દૃઢતા પ્રદાન કરે છે. પ્રાણાયામની એ ક્રિયાને 'સગર્ભ' પ્રાણાયામની સંજ્ઞા આપી શકાય. એને પારિભાષિક પદાવલિમાં 'અજપા-જપ' પણ કેવામાં આવે છે. શ્વાસ લેવાની અને છોડવાથી ક્રિયામાં સાવધાની પૂર્વક '**अ**' અને '**म**' નું મનોમન ઉચ્ચારણ ચાલતાં-ફરતાં, કાર્ય કરતાં થઈ શકે છે. આ જપની સાથે વિરાટ્ સ્વરૂપ ૐનું ધ્યાન પણ સાધી શકાય છે.

પ્રાણાયામ સાથે સંયુક્ત અજપા જપ (ૐના અજપા જપ) લઘુમાં વિરાટનો અનુભવ કરાવે છે. અને બિંદુને સિંધુમાં વિલયિત કરે છે. ૐનુ ધ્યાન

કરતી વેળાએ એ સ્મરણમાં રહેવું જોઈએ કે - 'અ-ઉ-મ' અક્ષરત્રયીથી સુલસિત એકાક્ષર બ્રહ્મ ૐ ભગવાનના ગર્ભધારણ કરવાનું સ્થાન છે. ૐના પ્રાણાયામની ક્રિયા સાથે ધ્યાન આ વિધિથી કરવું જોઈએ.

આ અગાઉ 'ઉપનિષદોમાં ૐકાર' એ પ્રકરણમાં પ્રાણાયામની કેટલીક બાબતો વિચારમાં આવેલ છે, તે પણ સાધકે ધ્યાનમાં લેવી. આ ઉપરાંત સાધકે જાણવા જેવું છે કે - જમણા નાક (સૂર્યનાડી)માંથી જે શ્વાસ બહાર આવે છે તે ગરમી કરે છે અને ડાબા નાક (ચંદ્રનાડી)માંથી જે શ્વાસ બહાર આવે છે તે શીતળ હોય છે, તે શરદી કરે છે. (આ નાડીના વધુ અભ્યાસ અને વિસ્તૃત જાણકારી માટે લેખકનો - સુપ્રસિદ્ધ બૃહદ્ગ્રંથ "શિવસ્વરોદય રત્નાકર (વૈજ્ઞાનિક તત્ત્વજ્ઞાન સ્વરોદય)"નો અભ્યાસ કરવો. તે માટે શરીરમાં ગરમીનું પ્રમાણ વધેલું માલમ પડે ત્યારે ડાબી (ચંદ્રનાડી) નાસિક વધુ ચાલે તેમ કરવું અને જ્યારે શરીરમાં શરદી વધી જાય, શીતળતાનું પ્રમાણ વધે ત્યારે જમણી (સૂર્યનાડી) નાસિકા ગતિમાન થાય તે પ્રમાણે સ્વરમાં પરિવર્તન કરવું. મુખ વાટે શ્વાસ બહાર કાઢવો એ ઠીક છે પરંતુ શ્વાસ હરહંમેશા નાક દ્વારા જ લેવો, મૂકવો જોઈએ. એ આરોગ્ય માટે હિતપ્રદ બાબત છે.

પ્રાણાયામ વખતે ડાબી નાસિકા વડે **અ**કારની ૧૬માત્રાઓથી શ્વાસ અંદર ખેંચી પૂરક કરવો. તથા **ઉ**કારની ૬૪માત્રાઓથી કુંભક કરવો. અને **મ**કારની ૩૨ માત્રાઓના ધ્યાન સાથે રેચક કરી શ્વાસ જમણી નાસિકાથી બહાર કાઢવો. **અ**ના પૂરક સમયે બ્રહ્મા-સરસ્વતી, ઉના કુંભક સમયે વિષ્ણુ-લક્ષ્મી તથા **મ**ના રેચક સમયે શિવપાર્વતીનું ધ્યાન કરવું. આ જ રીતે જમણી નાસિકા વાટે પૂરક કરી, કુંભક બાદ ડાબી નાસિકાથી રેચન ક્રિયા કરવી. સાથો સાથ ઉક્ત વિધિ પ્રમાણે ધ્યાન પણ કરવું જોઈએ. પ્રાણાયામ સહિત ૐનું ધ્યાન ૧:૪:૨ના ક્રમથી આરંભ કરી ૧૬:૬૪:૩૨ની માત્રા સધી આસાનીથી પહોંચી શકાય છે. આ પ્રાણાયામથી કુંડલિની જાગરણ અને નિર્વિકલ્પ સમાધિ સુધી પહોંચી શકાય છે. 'કૃષ્ણ યજુર્વેદીય ધ્યાન બિંદુ ઉપનિષદ્'માં જણાવ્યું છે કે -

इड्या वायुमापूर्व पूरयित्वोदर स्थितिम् ।
ओङ्कार देहमध्यस्थ ध्यायेज्ज्वालावली वृत्तम् ॥



- ચંદ્રનાડી (ડાબી, ઈડાનાડી)થી વાયુને (પ્રાણને) ખેંચી, ઉદરમાં સ્થિતિ (કુંભક) કરી, શરીરની મધ્યમાં રહેલા અપાર તેજપુંજ સમા ૐકારનું ધ્યાન કરવું.

ત્યાં વધારે સ્પષ્ટતા કરતાં જણાવેલ છે કે -

हत् पद्म कर्णिका मध्ये स्थिरदीपमीवाकृतिम् ।
अंगुष्ठामात्रमचलं ध्यायेत् ओंङ्कारमीश्वरम् ॥

- હૃદય પદ્મની કર્ણિકાના મધ્યભાગમાં સ્થિર દીપકની જ્યોતિ જેવો, અંગુઠા જેટલા પ્રમાણવાળો, અચલ ૐકાર વિરાજે છે તેનું ઈશ્વર (બ્રહ્મ) રૂપે ધ્યાન કરવું.

✧✧✧

૩૬

ઓંકારની ધ્યાન સાધના

સંસારનાં પ્રત્યેક મહત્ત્વપૂર્ણ કાર્યોની સફળતા માટે મનોયોગ અથવા ધ્યાનની, એકાગ્રતા આવશ્યક્તા હોય છે. એમાં પણ આધ્યાત્મિક જ્ઞાન તો ધ્યાન વગર નિશ્ચિત રીતે પ્રાપ્ત થતું જ નથી. ધ્યાનપૂર્વક વિચાર કરવાથી જ આપણે કોઈ વસ્તુના મૂળ સ્વરૂપ અને તેની વાસ્તવિક્તાને જાણી શકીએ છીએ. આપણી વૃત્તિઓ આમ તેમ વેરવિખેર હોવાથી, આપણે કોઈ વિષયનું ગહનતાથી બેસીને યથાતથ્ય જ્ઞાન

પ્રાપ્ત કરી શકતા નથી. જેવી રીતે કોઈ બિલોરી કાચ વડે સૂર્યના કિરણો એકત્રિત કરીને કોઈ કપડા કે કાગળ ઉપર નાંખવામાં આવે તો તે બળવા માંડે છે. પરંતુ એકત્ર થયા વિનાના કિરણોનું સાધારણ રીતે તેને બાળવાનું સામર્થ્ય હોતુંયનથી. તેવી જ રીતે કોઈ સમસ્યા પર ગંભીરપણે વિચાર કરવાથી, એકાગ્રતા પૂર્વક મનન કરવાથી મુશ્કેલ સમસ્યાનું પણ સરળ સમાધાન થઈ શકે છે. કારણ સ્પષ્ટ જ છે કે મનની વેરવિખેર શક્તિ એકત્રિત થઈ જાય છે. એકતા શક્તિનું બીજું નામ છે.

મનના અપાર સામર્થ્યને એક નિશ્ચિત માર્ગમાં જોડી દેવાથી શક્તિના દ્વાર ખુલી જાય છે. એને જ તો સિદ્ધિ કહેવાય છે. એટલા માટે ધ્યાનયોગનો સાધક સિદ્ધિ માર્ગ તરફ પગલાં માંડે છે, તેને હર ક્ષેત્રમાં સિદ્ધિ જ જોવામાં આવે છે. અસફળતા કે અસંભવપણાનો એક કણ પણ તેને દૃષ્ટિગોચર થતો નથી.

ઋષિ-મુનિઓ તથા યોગીઓ ઉઁકારના જપ કરતા તેમજ તેનું ધ્યાન પણ ધરતા. તેથી જ તેમને ઉઁકાર મંત્ર સત્વર સિધ્ધ થતો. વાસ્તવમાં કોઈપણ મંત્રની સાધના, આરાધના કે ઉપાસના ધ્યાન વિના અધૂરી રહે છે. તેથી જ પ્રત્યેક પૂજા અને ઉપાસના વિધિમાં ધ્યાનનો ઉપક્રમ થયેલો છે. પરમ સારતત્ત્વ પ્રણવ (ઉઁ) જ શાશ્વત આનંદ પ્રદાયક છે. ઉઁ એજ આપણો પરમ સદ્‌ગુરુ અને પથ પ્રદર્શક છે એટલા માટે આપણું લક્ષ્ય પ્રતિપળ - પ્રતિક્ષણ ઉઁના ચિંતન, મનન અને ધ્યાનમાં હોવું જોઈએ.

શ્રુતિ જણાવે છે કે - પ્રણવ ધનુષ્ય છે, જીવાત્મા શર (બાણ) છે, પરમાત્મા લક્ષ્ય છે, શર (બાણ)ની માફક તન્મયતાપૂર્વક શાંત ચિત્તથી લક્ષ્યભેદ કરવો જોઈએ.

મુણ્ડકોપનિષદમાં ઉઁદ્વારા પરમાત્માનું ધ્યાન કરવાનો આદેશ આ રીતે કરવામાં આવ્યો છે - **'ઉઁ इति एवं ध्यायेथ आत्मानम् ।'**

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણના સ્વમુખે ઉચ્ચારેલા શબ્દો છે - **'जपात् ध्यानम् विशिष्यते ।'** 'જપ કરતાં ધ્યાન વધારે મહત્ત્વ પૂર્ણ છે.'

મંત્રવિશારદોનું કહેવું છે કે - 'जपाद् शतगुणं ध्यानम् ।' 'જપ કરતાં ધ્યાન સોગણું બળવાન સાધન છે.' એટલેજ તે મંત્રશક્તિને શીઘ્ર જાગ્રત કરે છે. અને તેના લીધે મંત્ર સિદ્ધિ વધુ સમીપ આવે છે.

શ્વેતાશ્વતરનો ઋષિ કહે છે કે -

आत्मानमरणिं कृत्वा प्रणवोच्चेत्तरारणिम् ।
ध्यान निर्मथनाभ्यासाद् देवं पश्येन्निगूढवत् ॥

જેવી રીતે કાષ્ટ (લાકડા)માં અંદર અગ્નિ રહેલો છે. પરંતુ તે મૂર્ત સ્વરૂપે બહાર દેખાતો નથી અને નથી તેના અસ્તિત્ત્વનો નાશ થતો. તે અગ્નિ ફરીથી લાકડામાંથી મેળવી શકાય છે. લાકડાનું પરસ્પર ઘર્ષણ થવાથી તેમાંનો નિહિત અગ્નિ પ્રકાશમાન થાય છે. એવી જ રીતે ૐ દ્વારા આત્માને આ દેહમાં પ્રકાશિત કરી શકાય છે. પકડી શકાય છે. પોતાના આત્માને નીચેની અરણિ (અરણીનું લાકડું) બનાવીને, ૐ ને ઉપરની અરણિ બનાવીને ધ્યાન રૂપી મંથનીના અભ્યાસથી મૂઢ પુરુષે પરમાત્માનો સાક્ષાત્કાર કરવો જોઈએ.

❖ મંત્રોપાસનાનું વિભાજન ❖

કેટલાક મંત્રવેત્તાઓ મંત્રોપાસનાનું પાંચ ભાગમાં વિભાજન કરે છે.:- (૧) અભિગમન, (૨) ઉપાદાન, (૩) ઈજ્યા, (૪) સ્વાધ્યાય અને (૫) યોગ.

તે પૈકી અભિગમ શબ્દમાં મંત્રના ઉપાસના માર્ગને શુદ્ધ કરી, નિશ્ચિત લક્ષ્ય તરફ જવાનો અર્થ અભિપ્રેત છે.

જે જે ઉપકરણ (સાધનો) મંત્રોપાસના માટે આવશ્યક હોય તેનો ઉપયોગ કરવાનો ઉપાદાન શબ્દમાં સમાવેશ છે.

શ્મૂત શુદ્ધિ, પ્રાણાયામ, ન્યાસાદિ પૂર્વક મંત્રના ઈષ્ટદેવતાનું જે પૂજન કરવામાં આવે છે તે બાબતનો સમાવેશ 'ઈજ્યા' શબ્દમાં છે.

ઉપાસ્ય દેવતા સંબંધી શાસ્ત્રનું ચિંતન, જપ અને મોક્ષ સુધીની બાબતોનો નિત્ય વિચાર કરવો તેનું નામ સ્વાધ્યાય છે.

અને જે પાંચમો યોગ શબ્દ છે તે ધ્યાનની પ્રક્રિયા સૂચવે છે.

વૈખરી, ઉપાંશુ અથવા માનસિક રૂપથી ૐકારનું નિરંતર રટણ (સ્મરણ) કરવું તે જ જપ છે. સ્વામી શિવાનંદજીના મત અનુસાર ૐકારના નાદ (ધ્વનિ)નું ઉચ્ચ સ્વરમાં ઉચ્ચારણ કરવું અને તેના પ્રતિધ્વનિને પોતાના શ્વાસની સાથે મૂલાધાર ચક્રથી આરંભ કરી સહસ્ત્રાર ચક્ર સુધી લઈ જવું તે જ ૐનું સંકીર્તન છે. નિરંતર ૐકારનું અર્થ ચિંતન કરતા રહેવું તે ૐનું ચિંતન છે. મનમાં ૐનો દૃઢ સંકલ્પ જ મનન અને ૐ અને બ્રહ્મની જિજ્ઞાસા જ ૐનો વિચાર છે. સર્વવ્યાપી શુદ્ધ ચૈતન્ય **'સ્વસ્થોઽહં બ્રહ્મ ૐ'** અર્થાત્ હું સર્વ વ્યાપી શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ બ્રહ્મ છું - ની અદ્વૈત બ્રહ્મભાવનાથી અવિચ્છિન્ન તૈલધારાવત્ તે નિત્ય અને અવ્યક્ત આત્માનું નિદિધ્યાસન જ ૐકારનું ધ્યાન છે. આપણે નામ રૂપાત્મક સંસારને ભૂલીને સ્વયંને શુદ્ધ-બુદ્ધ સર્વવ્યાપી સચ્ચિદાનંદ બ્રહ્મ સમજવું જોઈએ. ૐ સાધનાની આ જ અંતિમ પરિણતિ છે.

જેમણે મંત્ર યોગના સોળ અંગો માનેલા છે તેમણે પણ જપ પછી ધ્યાનને મહત્ત્વપૂર્ણ સ્થાન આપેલું છે, જુઓ આ પ્રમાણે - (૧) ભક્તિ, (૨) શુદ્ધિ (૩) આસન, (૪) પંચાંગ સેવન, (૫) આચાર, (૬) ધારણા, (૭) દિવ્યદેશ સેવન, (૮) પ્રાણ ક્રિયા, (૯) મુદ્રા, (૧૦) તર્પણ, (૧૧) હવન (હોમક્રિયા, યજ્ઞ), (૧૨) બલિદાન (૧૩) યોગ, (૧૪) જપ, (૧૫) ધ્યાન અને (૧૬) સમાધિ. આ બધાં અંગોનું વિવેચન કરવું અહીં શક્ય નથી. જેથી માત્ર જાણ માટે નિર્દેશ કરેલ છે.

❖ સગુણ અને નિર્ગુણ ધ્યાન ❖

ૐમાં સગુણ સાધના અને નિર્ગુણ સાધના બંને નિહિત છે. વસ્તુતઃ ૐકાર નિર્ગુણ - સગુણનાઊભય સ્વરૂપને પોતાની અંદર સમેટીને રહેલો છે. ૐના ચિત્રનો ખુલ્લી આંખો વડે કરવામાં આવતા નાટકીય અધ્યાસમાં ઊભયાત્મક ધ્યાન યા સમુચ્ચયાત્મક ધ્યાનની ક્રિયાઓ વિદ્યમાન છે.

ધ્યાન સાધનાના આરંભમાં રામ, કૃષ્ણ, શિવ અથવા શક્તિના કોઈપણ વિગ્રહનો (મૂર્તિ કે ચિત્ર રૂપે) ઉપયોગ કરવામાં આવે છે એને સગુણ ધ્યાન કહેવામાં આવશે. પરંતુ જ્યારે ૐ (**ઓ૩મ**) ની સાથે

વેદાન્તના મહાવાક્યો જેવાં કે - '**अहं ब्रह्मास्मि**', '**सोऽहं**', '**तत्त्वमसि**', '**अयमात्मा ब्रह्म**' વગેરેનું અનુચિંતન કરવામાં આવે છે. ત્યારે તે ધ્યાન નિર્ગુણ કોટિનું ધ્યાન બની જાય છે.

જે સાધક આરંભમાં રામ, કૃષ્ણ, શિવ, શક્તિ, ગણેશાદિનું સગુણ સ્વરૂપ ધ્યાન ધારણ કરી, મનને અન્ય સર્વ વિષયોમાંથી હટાવીને લીન કરવાનો સુદીર્ઘ અભ્યાસ કરી ચૂક્યા છે, તેઓને માટે ૐકાર બ્રહ્મનું નિર્ગુણ ધ્યાન સહજ સાધ્ય બને છે. નિર્ગુણ ધ્યાનથી જ સાધનાનો આરંભ કરવાવાળાનો માર્ગ દુષ્કર અને કઠિન છે.

વેદાન્તમાં નિર્ગુણ ધ્યાનને 'નિદિધ્યાસન' કહેવામાં આવેલ છે. આ નિદિધ્યાસનની અવસ્થા સાધકને લાંબી સાધના પછી પ્રાપ્ત થાય છે. જે સાધક પ્રખર બુદ્ધિ, સૂક્ષ્મ ધારણા શક્તિ, શુદ્ધ સ્થિર વિવેક, ઉદાત્ત ભાવના, આત્માવલંબનને ધારણ કરનાર હોય છે, તે જ ૐકારની નિર્ગુણ અહંગ્રહ ઉપાસનાનો અધિકારી થઈ શકે છે. '**सोऽहं**' નં ધ્યાન નિર્ગુણ ધ્યાન છે.

સ્વામી શિવાનંદજીએ ૐના નિર્ગુણ ધ્યાનના ભેદ નીચે પ્રમાણે દર્શાવેલ છે : (૧) '**ओ३म्**' નું લય ચિંતન, (૨) લય ચિંતન અંતઃકરણનું, (૩) લય ચિંતન પાંચ તત્ત્વોનું, (૪) અન્વય વ્યતિરેક, (૫) નેતિનેતિ, (૬) અધ્યારોપવાદ ભાગ ત્યાગ લક્ષણા, (૭) ૐનું અર્થ સહિત ચિંતન, જપ, સ્મરણ, કિર્તન ધ્યાન, (૮) પંચકોશ વિલક્ષણ વ્યતિરેક, (૯) અવસ્થાત્રય સાક્ષીરૂપ ધ્યાન, (૧૦) ત્રિગુણાતીત અનન્ત બ્રહ્મ ભાવ, (૧૧) **सोऽहं** જપ ધ્યાનાદિ.

નિર્ગુણ ધ્યાનનો અભિપ્રાય ગુણોનો સર્વથા અભાવ એવો નથી. નિર્ગુણનો અર્થ છે કે બ્રહ્મના કેટલાક ગુણ વિશિષ્ટ નથી, પરંતુ તેમની અંદર બીજરૂપમાં સમસ્ત સંભાવ્યગુણ અંતર્ભૂત છે. આ કારણે નિર્ગુણ ધ્યાનમાં પ્રારંભિક અવસ્થામાં કોઈને કોઈ અવ્યક્ત મૂર્તિ પ્રતિષ્ઠિત રહે છે. કેટલાક ઉદાહરણો તપાસીએ - હિમ (બરફ) સ્થૂળ રૂપ છે, એની શીતળતા સૂક્ષ્મ રૂપ છે.

પોતાના પિતાની સ્વરૂપાકૃતિ પિતાનું સગુણધ્યાન છે જ્યારે પિતાના (પિતૃત્વ) ગુણોનું ધ્યાન નિર્ગુણ ધ્યાન છે. હલન-ચલન કરવું, હવાના રૂપમાં જે તરલતા આદિ જે છે તે સગુણ ધ્યાન છે, જ્યારે નિરાકાર સ્વરૂપ વાયુની આકાશમાં પરિકલ્પના મનોમન કરવી તે વાયુનું નિર્ગુણ ધ્યાન છે. જેના પર સવાર થઈને આ નિર્ગુણ ધ્યાન સુધી પહોંચી શકાય છે. ૐના નિર્ગુણ ધ્યાનની સ્થિતિ પર પહોંચીને સાધક અનુભવ કરે છે. **शान्तोऽयमात्मा**' હું કેવળ શાંતિસ્વરૂપ આત્મા છું. '**केवलं शान्तिरुपोऽस्मि**' ની વિચારણામાં લીન સાધક '**सत्यं, शिवं, सुन्दरम्**' તથા સચ્ચિદાનંદ સંપૂર્ણ **सुखं, शांतं, सत्यं ज्ञानमनन्तं ब्रह्म**' (ૐ)માં લીન થઈ જાય છે.

અહીં આપવામાં આવેલ ૐકારના ચિત્ર ત્રાટક અને ધ્યાન સાધના માટેના છે. કોઈ સફેદ કાગળ ઉપર ૐ બનાવવો. કાગળને પોતાની સામે ત્રણ-ચાર ફૂટના અંતરે દીવાલ લટકાવી દો.



પદ્માસન, સિદ્ધાસન અથવા સુખાસનમાં સુવિધાનુસાર બેસવું. પછી તે ૐને અપલક (આંખની પલક ઝપકાવ્યા વિના) દૃષ્ટિથી જોતા રહેવું. જ્યારે નેત્રોમાં બળતરા થવા લાગે યા પાણી આવી જાય તો આંખો બંધ કરી લેવી. ત્રાટકનો સમય ધીરે ધીરે વધારતા જવું. અભ્યાસ થતાં એ કલાકો સુધી કરી શકાય છે. આમાં આંખોને ફાડીને જોવાની જરૂર નથી. પરંતુ હળવેથી ખુલ્લી રાખવી.

આંખોની ચારે બાજુનીમાંસ પેશીઓ ઢીલી રહેશે.

આ ૐ ત્રાટક સાધનાથી નેત્ર રોગોનું નિવારણ થાય છે. દૃષ્ટિ તીવ્ર અને દૂરદર્શી બને છે. તંદ્રા, નિદ્રા અને આળસ દૂર ભાગે છે. ચિત્તવૃત્તિ સૂક્ષ્મ લક્ષ્યમાં સ્થિર થાય છે. એકાગ્રતા અને સ્થિરતા પ્રાપ્ત થાય છે. ત્રાટક સાધક બીજાના હૃદયના ભાવોને જાણી શકે છે. તે દૃઢ સંકલ્પ વાળો થાય છે.

❖❖❖

૩૭

મનો દૈહિક રોગ નિવારક ૐકાર

ભારતીય મનીષિઓએ 'શબ્દ'નો જ બ્રહ્મના રૂપમાં સ્વીકાર કર્યો છે. શબ્દોનું જ વિશદ સ્વરૂપ મંત્ર છે. મંત્ર શબ્દનો અર્થ જેનું મનન કરવાથી ત્રાણ (રક્ષણ) થાય. કલ્પ સૂત્રોમાં મંત્રોની અગમ્ય અને અચિંત્ય શક્તિનું વર્ણન મળે છે. ગોસ્વામી તુલસીદાસજી કહે છે કે -

मंत्र महामनि विषय व्यालके ।
मेटत कठिन कुअंक भाल के ॥

વિવિધ મનોદૈહિક વ્યાધિઓના ઉપચારમાં ઊંકાર મંત્રની સફળતા અસંદિગ્ધ છે. અનેક અસાધ્ય રોગોની અવસ્થામાં આ મંત્ર દ્વારા ચમત્કારપૂર્ણ લાભ પ્રાપ્ત કરી શકાય છે. આજના વધતા જતા ભૌતિકવાદથી પીડિત તણાવ (તનાવ-તાણ), અવસાદ જેવા મનોરોગોથી પીડિત માનવ માટે આ મંત્ર કોઈ અમોઘ - ઔષધિથી કમ જણાતો નથી.

ઊંનો સ્રોત નાભિથી શરૂ થાય છે. અને નાભિથી જે શ્વાસની સાથે ઉચ્ચારિત થાય છે. તે સીધો આપણી કુંડલિની સુધી પહોંચે છે. બે આંખોની વચ્ચે ભ્રુમધ્ય સ્થાનને ત્રીજું નેત્ર માનવામાં આવેલ છે. ને મહા શક્તિશાળી દેવતા શિવ ત્રિનેત્રધારી માનવામાં આવે છે. આવા મંત્રોનો ઉપયોગ વારંવાર જોરદાર ધ્વનિ સાથે કરવો આવશ્યક છે. તેનાથી નાભિથી લઈને આપણા મસ્તકની અંદર રહેલા સહસ્રદળ કમળ સુધી એક સ્વરૂપ આપ મેળે બને છે. લગાતાર આ પ્રક્રિયા કરવામાં આવે તો તે પોતાની સ્વયંભૂ સિદ્ધિ છે. આપણે તિબેટના એક મંત્રનો ઉદાહરણ રૂપે વિચાર કરીએ તો -

'ॐ मणि पद्मे हुम् ।'

- આ તિબેટનો એક પ્રસિધ્ધ મંત્ર છે. શાસ્ત્ર અનુસાર આ મંત્રનો સંબંધ શરીરના ચાર ભાગો સાથે છે. જેમકે ઊંનો કંઠ સાથે, મણિનો હૃદય સાથે, પદ્મનો નાભિ સાથે અને હુમ્ નો કામ કેન્દ્ર સાથે છે. આ મંત્રનો ધ્વનિ સમગ્ર શરીરમાં ગૂંજે છે અને પ્રભાવ પાડે છે.

આ સિવાય અન્ય સૌમ્ય મંત્ર પણ છે અને તેઓની પોતાની અસ્મિતા છે. એના માટે શુધ્ધ પવિત્ર વાતાવરણ તથા મનની એકાગ્રતા ખૂબજ આવશ્યક છે. મંત્ર ચાહે સૌમ્ય હોય ચાહે ધ્વન્યાત્મક, એ આવશ્યક છે કે એનું ઉચ્ચારણ એકદમ શુદ્ધ હોવું જોઈએ. અશુદ્ધ ઉચ્ચારણથી નુકસાન પણ થઈ શકે છે. એટલા માટે એ પ્રયત્ન કરવો જોઈએ કે કોઈ સુયોગ્ય અધિકારી વિદ્વાન પાસે પ્રથમ માર્ગદર્શન લેવું જોઈએ.

ૐકારનો 'अ' પ્રથમ સ્વર છે. તો 'ऊ' હિંદી અનુસાર છઠ્ઠો અક્ષર છે અને સંસ્કૃત અનુસાર ऊ ત્રીજો સ્વર પણ છે. અને છઠ્ઠો સ્વર પણ. 'ऊ' (ઊ) સ્વર ઊર્ધ્વગામી થાય છે. 'ऊ' ઠેઠ નાભિમાંથી ઉદ્‌ભવે છે 'ऊ' નું કામ છે માનસિક વેદના અને વ્યથાને વ્યક્તિથી અલગ કરવાનું. સંપૂર્ણ ૐ માં ऊ એવો વર્ણ છે, જેના ઉચ્ચારણથી શરીરના તમામ અવયવો પ્રભાવિત અને સ્પંદિત થાય છે. જો કોઈ વ્યક્તિ માનસિક તણાવગ્રસ્ત (ડીપ્રેશન) થઈ જાય તો તેનાથી મુક્ત થવા માટે ૐનું જોર જોરથી ઉચ્ચારણ કરવું. ૐ ને તે એવી રીતે બોલે કે જાણે સિંહનાદ કરી રહ્યો હોય. આ પ્રયોગ વ્યક્તિને આશ્ચયવચકિત કરી દેશે. શરીર પસીનાથી રેબઝેબ થઈ જશે.

જ્યારે 'ૐ' - 'ૐ' કરીને થાકીને લોથ પોથ થઈ જવાય તો શાંત થઈ જવું. પ્રથમ દશ મિનિટ સુધી તો બોલવું અને ત્યાર બાદ દશ મિનિટ સુધી શાંત પડ્યા રહેવું. ૐનો આ વેદના મુક્તિ માટે કરવામાં આવતો મંત્ર યોગ છે, ધ્યાનનો એક માર્ગ છે. એક નવી તાજગી આપશે આ પ્રક્રિયા. શરીરની તંદુરસ્તી અને મનની સ્વસ્થતા પામશો.

❖ ૐકારના ફાયદા ❖

ૐ જપ કેવળ માનસિક શક્તિ યા શાંતિ પ્રદાન કરે છે, એવું નથી. પરંતુ એના દ્વારા સ્નાયુઓની ચંચળતા દૂર થઈને વિવિધ હૃદય રોગો, ઉચ્ચ અને નિમ્ન રક્તચાપ, મધુમેહ (ડાયાબીટીઝ) જેવા કષ્ટ સાધ્ય રોગોનો ઉપચાર કરવો સંભવ બને છે. ૐકાર મંત્રના સતત અને નિયમિત જપથી હૃદયની શુદ્ધિ થાય છે. માનસિક શક્તિઓ પ્રખર થાય છે. મનમાં વૈરાગ્ય ભાવનો આવિર્ભાવ થાય છે. કામ, ક્રોધાદિ ષડ્‌રિપુઓનો નાશ થાય છે. લોક વ્યવહાર અને સમાજમાં વ્યક્તિનો આત્મવિશ્વાસ ટકી રહે છે. અધીરતાનો નાશ થાય છે. આથી આપણી અનિયંત્રિત અને વ્યર્થ ઈચ્છાઓનું સહજ જ દમન થાય છે.

ૐકારમંત્રના સતત અભ્યાસથી સ્વભાવમાં નિર્ભયતા આવે છે. આરોગ્ય, ધનલાભ, દીર્ઘાયુષ્ય જેવા લાભ પણ આ મંત્ર પ્રદાન કરે છે. આ મંત્રના

ઉચ્ચારણથી આપણા અન્નમય શરીરનું રહસ્યમય ઢંગથી પ્રક્ષાલન થવા માંડે છે, પરિણામ સ્વરૂપ કેન્સર જેવા ઘાતક રોગોના ઉપચારમાં પણ આ મંત્ર ઉપયોગી સિદ્ધ થાય છે. રોગની ગંભીરતાને ધ્યાનમાં લેતાં સામૂહિક રૂપથી આ મંત્રના જપ કરવાથી ત્વરિત લાભ મળે છે. ૐકાર મંત્રની સાથે ધ્યાન અને પ્રાણાયામનો અભ્યાસ કરતા રહેવાથી વધુ સારા પરિણામોની પ્રાપ્તિ થાય છે.

ભારત વર્ષની આ નિયતિ બની ગઈ છે કે આપણે આપણા પ્રાચીન વારસામાં મળેલ જ્ઞાન-વિજ્ઞાન પર વિદેશિયતની છાપ લાગ્યા પછી જ તેનો દિલથી સ્વીકાર કરી અપનાવીએ છીએ. કાલ સુધી અમે યોગનો પરિહાર કર્યો, પરંતુ ભારતીય મહર્ષિઓની સતત સાધનાથી અવિષ્કૃત આ વિદ્યા જ્યારે વિલાયતથી 'યોગા' બનીને આવી તો આપણે પણ રંગીન ટી.વી.ની સામે બેસીને પોત-પોતાના ડ્રોઈંગ રૂમમાં તથા કથિત 'યોગા'ની પ્રેક્ટીસ આરંભ કરી દીધી.

જંગલો અને ગિરી કંદરાઓમાં ફૂલેલી-ફાલેલી આ પ્રાચ્ય વિદ્યાને આપણે ડ્રોઈંગ રૂમમાં અપનાવીને સુખનો અનુભવ કર્યો. આ જ રીતે પ્રાણાયામ પણ 'ડીપ બ્રીધીંગ'નું નામ ધારણ કરીને ભારતમાં આવી રહ્યો છે. પ્રાણાયામથી આપણને કંટાળો અનુભવાતો હતો, જ્યારે 'ડીપ બ્રીધીંગ'ની અમને ટેવ પડી ગઈ છે. હરે કૃષ્ણા હરે રામા તથા ૐકાર જેવા મંત્રોના જપ પરદેશીઓના મુખથી સાંભળીને અમે તંદ્રાથી જાગવા લાગ્યા છીએ તથા વિદેશોથી આવનારી આ વિષયોના ઓડિયો-વિજયુઅલ કેસેટો ખરીદવા લાગ્યા છીએ. આ પણ એક શુભ લક્ષણ છે.

❖ ૐકાર કરવાની વિધિ ❖

ૐકારના ઉચ્ચારણની અનેક વિધિઓ છે. આ વિવિધ વિધિઓ દ્વારા શરીરના વિવિધ કેન્દ્રોને સ્પંદિત કરીને પ્રભાવિત કરવામાં આવે છે. અહીં એક વિધિ પ્રસ્તુત કરું છું, તેના નિત્ય અભ્યાસથી આધ્માન (આફરો), જઠરાગ્નિ દૌર્બલ્ય, અજીર્ણ, વિબંધ, જેવા ઉદર રોગોનું સહજ રીતે શમન થાય છે. મનને અખંડ શાંતિ પ્રાપ્ત થાય છે. તથા વિચારોની સ્થિરતા અને બળનો આવિર્ભાવ થવા લાગે છે.

પદ્માસન, સિધ્ધાસન અથવા વજ્રાસનમાં બેસવું. સર્વ પ્રથમ રેચક કરવો, ત્યાર પછી દીર્ઘશ્વાસ ગ્રહણ કરવો. હવે અંદર મંદ ધ્વનિ પૂર્વક ધીરે ધીરે '**ओ**'નું ઉચ્ચારણ આરંભ કરવું. જ્યારે લાગે કે અડધી શક્તિનો ઉપયોગ થઈ ગયો છે, તે સમયે ઉત્તરોત્તર ધ્વનિને અવિચ્છિન્ન રૂપમાં ગુંજાયમાન કરતા રહી '**म**'ના ઉચ્ચારણનો આરંભ કરી દેવો. '**म**'નું ઉચ્ચારણ ભ્રમરનાદવત પ્રશ્વાસની સમાપ્તિ સુધી પ્રયાસ પૂર્વક ચાલી જાય છે. જ્યારે '**म**'નું ઉચ્ચારણ કરતા રહેતા એવી પ્રતીતિ થવા લાગે કે શરીરમાં શક્તિ અને ફેફસામાં વાયુ લેશ માત્ર પણ બચ્યો નથી, તો બાહ્ય કુંભક કરવો. ઉદરને કેટલીક ક્ષણો સુધી અંદર ચીપકેલું (વળગેલું) રહે તેવી સ્થિતિમાં રહેવા દેવું. પૂરા સમય દરમ્યાન પેટમાં થનારી અનુભૂતિઓ, ધ્વનિઓ પર ધ્યાન એકાગ્ર કરવું.

ૐકારમાં **अ,उ,म** એ ત્રણ વર્ણો સમાવિષ્ટ હોય છે.

'**अ**' દેવનાગરી લિપિનો પ્રથમ સ્વર છે. એમાં અનુસ્વાર લગાડીને **अ** ને **अं** બીજાક્ષર બનાવવામાં આવ્યો છે. **अं** બીજ મહાકાલ અને મહાકાલીનું શક્તિ બીજ છે. **अं, आं, ओं, औं** આ ચારે બીજોનો એક મંત્ર બન્યો છે **ॐ अं आं ओं औं नमः** । આ પૂર્ણ મંત્રના જપથી મહાશક્તિનો નાદ સ્ફોટ થાય છે. એમાંથી કેવળ એક જ બીજાક્ષર મંત્રના જપ કરવાથી મૃત્યુ, વિશેષ કરીને અકાળ મૃત્યુનો ભય દૂર થઈ જાય છે. ચિકિત્સાની દૃષ્ટિથી '**अं**' થી લઈને '**औं**' સુધીના કોઈપણ બીજાક્ષરનો જપ કરવાથી એકસીડન્ટ (અકસ્માત) થી યા આગ્નેયાસ્ત્રોથી ઘાયલ મરણાસન્ન વ્યક્તિ પણ બચી શકે છે. જો ઘાયલ વ્યક્તિ કોમામાં હોય અને સ્વયં ઉચ્ચારણ કરીને યા માનસિક જપ કરી શક્તો નથી. તો કોઈ પણ સારી અંતશ્ચેતના વાળી વ્યક્તિએ બીલીવૃક્ષની છાલ વગરની લાકડીથી મંત્ર વારંવાર જપતા રહી સંપૂર્ણ શરીરનો સ્પર્શ કરતા રહેવું. આ પ્રમાણે કરવાથી દર્દીની હાલતમાં અવશ્ય સુધારો થશે. બીલી વૃક્ષની લાકડીના સ્થાન ઉપર બીલીપત્રની કોમળ ડાળખીથી પૂરા શરીરને સ્પર્શ આપી શકાય છે. પરંતુ એ વાતનું ધ્યાન રાખવું કે ડાળીમાં કુમળા બીલીપત્ર હોય અને બધા બીલીપત્ર ત્રિદલ હોય. કપાયેલ, ફાટેલ, તૂટેલ, કીડાએ ખાધેલ અને પાકા પાન ન હોય, સાથે જ કોઈપણ પ્રિય વ્યક્તિ દર્દીની પાસે બેસીને નિરંતર '**अ**' નો જપ કરતા

રહે તો બહુ ઝડપી સુધારો થશે.

अ નું ઉચ્ચારણ કરવાથી શ્વાસ (દમરોગ)નું ઉપશમન થાય છે, આળસનું નિવારણ થાય છે. એટલા માટે દમરોગથી પીડિતોએ આ મંત્રનો પ્રયોગ કરવાથી વિશેષ લાભ થાય છે. '**अ**' ઉચ્ચારણથી ઓજ અને શક્તિનો પણ વિકાસ થાય છે.

'**अं**' નું ઉચ્ચારણ વાણીના બીજા અવયવો અને હોઠોના સહયોગથી થાય છે. ઉચ્ચારણની સાથે સ્વતઃ બન્ને હોઠ બંધ થઈ જાય છે. આ જ કારણથી આ બીજાક્ષરના ઉચ્ચારણની સાથે ઉત્સર્જિત ઊર્જા શરીરમાં એકત્રિત થાય છે. **એવા લોકો જેઓ શીઘ્ર ક્રોધવશ થઈ જાય છે તેઓ જો 'अं रां अं' નું ૧૦૮ વાર ઉચ્ચારણ કરે તો શીઘ્ર જ તેનો ક્રોધ શાંત થવા લાગે છે. નિયમિત પ્રયોગમાં ક્રોધની આદતનો સમૂળ નાશ થાય છે.**

વાતાવરણમાં વિચરણ કરનારા બૂરા વિચારના જીવાત્માઓથી બચવા માટે બીજાક્ષર '**अं**' રામબાણ સાબિત થાય છે. **જે બાળક રાત્રે પથારીમાં પેશાબ કરી પથારી ભીની કરે છે તેને સૂતા પહેલાં 'अं' બીજાક્ષરનું ઉચ્ચારણ કરાવી સુવડાવવામાં આવે તો આ સમસ્યા નિવારણ થાય છે.**

પેટમાં બળતરા થતી હોય તો अं નું ઉચ્ચારણ કરીને બે ગ્લાસ પાણી પીવાથી તત્કાળ રાહત થાય છે. મૂત્રાશયની પથરી પણ अं બીજાક્ષરની પ્રતિક્રિયાથી કાઢી શકાય છે, પરંતુ આ એક જટિલ અને સુવ્યવસ્થિત પ્રક્રિયા છે. જે એક સિધ્ધગુરુના નિર્દેશનમાં જ સંપન્ન થઈ શકે છે.

ઘરની બહાર નીકળતી વેળાએ **अं** બીજનું ઉચ્ચારણ કરીને નીકળવાથી સમાજમાં પર્યાપ્ત સન્માન અને પ્રતિષ્ઠા મળે છે.

उं તથા **ॐ** ને **ॐ उं ऊं नमः** । એવો બે અક્ષરી મંત્ર બનાવીને જપી શકાય છે. આ બળદાયક છે, સ્વયંના ઉચ્ચાટનને દૂર કરનારો અને સંકલ્પથી બીજાને ઉચ્ચાટન કરાવનાર બીજ મંત્ર છે. આધ્યાત્મિક ક્ષેત્રમાં આ અમરેશ્વર રૂદ્રને પ્રસન્ન કરી અભીષ્ટ ફળ દેનાર બીજ મંત્ર છે.

ચિકિત્સાના ક્ષેત્રમાં આ બીજ મંત્રનો ઉપયોગ ગુદા સંબંધી મળ સંબંધિત

બીમારીઓમાં કરવામાં આવે છે. હરસ-મસા, ભગંદર, ડાયરિયા, કોષ્ઠ બધ્ધતા આદિ રોગોમાં બાવળની છાલ વગરની લાકડીના સાત ઈંચના ટૂકડાથી મંત્ર બોલતા રહી પેટ, પેઢુ તથા મળદ્વારને ઝાડવામાં આવે છે. જો લાકડીને એક લાખ મંત્રોથી અભિમંત્રિત કરી લેવામાં આવે તો દર્દીને શીઘ્ર લાભ પહોંચાડી શકાય છે.

'ઙ' અક્ષરના ઉચ્ચારણથી યકૃત, પેટ અને આંતરડા પર સારો પ્રભાવ પડે છે આથી વિકૃતિ અને કબજિયાત સહજ રીતે દૂર થવા લાગે છે.

'ह्रूं' અક્ષરના ઉચ્ચારણથી માનસિક શક્તિઓ વિકસિત થાય છે. 'मं' બીજ સાક્ષાત રૂદ્ર બીજ છે. એના રૂદ્ર મહાકાલ દેવતા અને જયાદેવી છે. આ આકાશ તત્ત્વનો બોધ કરે છે. રૂદ્રનું બીજ સ્વયં રૂદ્ર છે. ક્રોધાવેશમાં જપવામાં આવેલ આ બીજ વિનાશ અને સંહાર કરી શકે છે. મહાપ્રલય યા પ્રલય જેવી પરિસ્થિતિઓને આમંત્રિત પણ કરી શકે છે. અને તેનું નિરાકરણ કરી શાંત પણ કરી શકે છે. આ બીજ શારીરિક-માનસિક સર્વપ્રકારના દારુણ, મૃત્યુ તુલ્ય કષ્ટોથી મુક્ત કરવા પૂર્ણ સમર્થ છે.

સમગ્રતામાં ૐકાર શબ્દનું ઉચ્ચારણ મસ્તક, પેટ અને સૂક્ષ્મ ઈન્દ્રિયો પર સારી અસર પાડે છે.

✧✧✧

૩૮

ઓંકાર પૂજા રહસ્યમ્

કેટલીક વાર જિજ્ઞાસુઓ પ્રશ્ન કરે છે કે - ઓંનું ધ્યાન અને જપનું વિધાન વેદો અને શાસ્ત્રોમાં મળે છે. પરંતુ ઓંકારની પૂજા અને કીર્તનનું પ્રમાણ મળતું નથી. તો શું ઓંકારની પૂજા એ નવીન બાબત છે - ઈત્યાદિ. આવી શંકા કરનારા જિજ્ઞાસુજન માટે નિવેદન છે કે - પ્રાચીન વસ્તુ જ્યારે લુપ્ત થઈ જાય છે ત્યારે કાલાન્તરે નવા રૂપમાં તેનો ઉદય થતાં તે નવીન

જેવી લાગે છે. પરંતુ તે વાસ્તવમાં રહે છે અત્યંત પ્રાચીન જ. પ્રાચીન કાળમાં જયારે ઋષિઓએ ઉપનિષદની રચના કરી, પુરાણો બન્યા ત્યારે ઓંકારની પૂજા અને કીર્તન થતું હતું. કેટલોક વધુ સમય પસાર થતાં પુરાણોની પૂજા છૂટતી ગઈ તેની જગ્યાએ નવીન પૂજાઓ પ્રચારમાં આવી. જેવી રીતે પ્રાચીન દેવો લુપ્ત થતાં લોકો ગાયત્રી મંત્રનું મહત્વ પણ ભૂલવા લાગ્યા. તેવી જ રીતે ઓં ની પૂજા પણ લોકો ભૂલી ગયા અને લુપ્તપ્રાયઃ બની ગઈ.

વિચિત્રતા તો એ વાતની છેકે ભગવાન શિવના ઉપાસકોને એ વાતની ખબર નથી કે ઓંકારેશ્વર શિવજીને જ કહેવામાં આવે છે. તેઓ પણ ઓંકારની પૂજાથી વિમુખ થઈ ગયા. શૈવ-જન શિવપુરાણનું પઠન કરે છે. અને જુએ છે તો પ્રાયઃ સંપૂર્ણ શિવ પુરાણ ઓંકારને કેન્દ્રમાં રાખીને જ લખાયું છે, તો પણ આ વત ઉપર ધ્યાન આપતા નથી કે શિવપુરાણના આદેશ અનુસાર ઓંની પૂજા જ શિવની પૂજા છે. શિવપુરાણ વિદ્યશ્વર સંહિતાના અઢારમા અધ્યાયમાં કહ્યું છે કે -

'तदेव लिङ्ग प्रथमं प्रणवं सार्वकामिकम्' (श्लोक-२७)

- સુતજી એ કહ્યું - કે હે દ્વિજો ! હું લિંગોનું ક્રમપૂર્વક યથાવત્ વર્ણન કરી રહ્યો છું. તો તમે બધા સાંભળો. એ પ્રણવ જ સમસ્ત ઈચ્છિત વસ્તુઓનું પ્રદાન કરનાર પ્રથમ લિંગ છે. એને સૂક્ષ્મ સૂક્ષ્મ પ્રણવ સમજો. સૂક્ષ્મ લિંગ નિષ્કલ હોય છે અને સ્થૂળલિંગ સકલ હોય છે. પંચાક્ષર મંત્રને સ્થૂળ લિંગ કહે છે. આ બંને પ્રકારના લિંગોનું પૂજન જ તપ કહેવાય છે. એ બંને લિંગ સાક્ષાત્ મોક્ષ પ્રદાયક છે. પૌરુષલિંગ અને પ્રકૃતિલિંગના રૂપે ઘણા લિંગ છે. એમને તો ભગવાન શિવ જ વિસ્તાર પૂર્વક બતાવી શકે છે.

માત્ર શિવપુરાણને વાંચવું અને સાંભળવું પોતાનું કર્તવ્ય સમજીને શૈવ ઉપાસકો પણ પ્રાચીનતમ વૈદિક શ્રેષ્ઠ પૂજાથી પોતાને વંચિત રાખે છે.

શિવપુરાણના નીચે દર્શાવેલ શ્લોક સમજવાનો પ્રયત્ન કરીએ તો -

सुवर्णरजतादौ वा पृथिव्यांस्थिडिलेथि वा ॥ ३४ ॥
स्वहस्तालिखितं लिङ्गं शुध्ध प्रणवमन्त्रकम् ।

यन्त्रलिङ्गं समालिख्य प्रतिष्ठावाहनं चरेत् ॥ ३५ ॥
बिन्दु नादमयं लिङ्गं स्थावरं जगमं च यत् ।
भावनामयमेतर्धि शिव दृष्टं न संशयः ॥ ३६ ॥

- આ શ્લોકોનો ભાવ એ છે કે - સોના, ચાંદી આદિના પત્ર પર, ભૂમિ પર અથવા વેદી પર પોતાના હાથ વડે લિખિત જે શુધ્ધ પ્રણવ (ॐ) મંત્રરૂપ લિંગ છે તેમાં ભગવાન શિવની પ્રતિષ્ઠા અને આવાહન કરવું. એવા બિંદુ નાદમય લિંગ સ્થાવર અને જંગમ બંને પ્રકારના હોય છે. એમાં શિવના દર્શન ભાવનામય જ છે, એવું નિઃસંદેહ કહી શકાય છે. ભાવના અનુસાર શંકર પ્રકટ થઈને અભીષ્ટ ફળ આપે છે, ઈત્યાદિ શિવપુરાણના વચનોથી ॐમાં શંકરની વિધિવત પ્રાણ પ્રતિષ્ઠા અને આવાહન કરીન પૂજન કરવાનો પ્રત્યક્ષ આદેશ છે.

આ રીતે શિવપુરાણની કૈલાસ સંહિતામાં ॐની સાકાર ઉપાસના કરવાનાં પ્રમાણ તે પ્રસંગમાં મળે છે. જ્યાં મંડળની રચનાની વિધિ બતાવવામાં આવી છે. તેનું રૂપાન્તર આ પ્રમાણે છે - "હે સુરેશ્વર ! આ રીતે કમળના દળોને લાલ તથા પીળા રંગના બનાવીને, દળ સંધિને લાલ અને કાળી બનાવવી. તેની કર્ણિકામાં પ્રણવ અર્થ નો પ્રકાશ મંત્ર લખવો જોઈએ. તેની નીચે પીઠ અને તેની ઉપર "શ્રીકંઠ" ઈત્યાદિ વચનો દ્વારા પૂર્ણ મંડળને ભિન્ન ભિન્ન રંગોથી રંગવાનું વિધાન બતાવવામાં આવેલ છે. અને ॐના 'अ, उ, म्' નાદ બિંદુને લખવાનો આદેશ આ શબ્દોમાં આપવામાં આવ્યો છે ચારેય બીજોને ક્રમથી ચારે ખૂણામાં પ્રમાણથી લખવા જોઈએ. પૂર્વની તરફ શુભ્ર બિંદુ તથા દક્ષિણમાં કૃષ્ણ વર્ણન લખવા. ઉત્તરની તરફ રક્તવર્ણ उકાર (उ) તથા મકાર (म्) પશ્ચિમની તરફ લખવો. अકાર પીળા વર્ણનો બનાવવો ઈત્યાદિ. આનાથી અધિક સ્પષ્ટ ॐની પૂજાનું બીજું કયું પ્રમાણ હોઈ શકે છે ?

હાલમાં પણ 'પંચ ઓંકાર'ની પૂજાનું વિધાન પ્રચલિત છે. જે 'સર્વદેવ-પ્રતિષ્ઠા પદ્ધતિ' નામક પુસ્તકમાં જોવામાં આવે છે. આ પૂજનમાં પૂર્વમાં બ્રહ્મા, દક્ષિણમાં ગાયત્રી, પશ્ચિમમાં ગોવર્ધન, ઉત્તરમાં પૃથ્વી. તથા મધ્યમાં યજ્ઞપુરુષ ॐકારનું મંડળ રચીને યજુર્વેદના પાંચ મંત્રોનું ॐ સહિત ઉચ્ચારણ કરીને પૂજા

કરવાની વિધિ બતાવવામાં આવી છે. અને અંતમાં આ નમસ્કાર મંત્ર આપવામાં આવ્યો છે -

ૐકારં બ્રહ્મરૂપાખ્યં, ધ્યાયન્તિ મુનયઃ સદા ।'
સિદ્ધિદં મુક્તિદં ચૈવ ૐકારાય નમો નમઃ ॥

વૈદિક ઉપનિષદ્ છાંદોગ્યની શિક્ષા અનુસાર પણ ૐની પૂજા અને કીર્તન કરવાનો સર્વનર-નારીઓનો પૂર્ણ અધિકાર છે. સ્વયં જ્યારે વેદનો જ આદેશ પ્રાપ્ત છે, તે પણ સમજવા જેવો છે. યજુર્વેદના અધ્યાય-૨નો ૧૩મો મંત્ર સર્વ પ્રકારની દેવમૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા કરતી વખતે ભણવામાં આવે છે. આ સુપ્રસિધ્ધ મંત્ર આ પ્રમાણે છે -

ૐ મનો જૂતિર્જુષતામાજ્યસ્ય બૃહસ્પતિર્યજ્ઞમિમં તનોત્વરિષ્ઠં યજ્ઞસમિમં દધાતુ । વિશ્વે દેવાસ ઇહ માદયન્તામ્ ઓ૩મ્ પ્રતિષ્ઠા ॥

- આ ઉપરોક્ત મંત્રના ઉત્તરાર્ધમાં **'વિશ્વે દેવાસઇહ માદયન્તામ્ ઓ૩મ પ્રતિષ્ઠ'** - આ મંત્રાંશમાં **'ઓ૩મ પ્રતિષ્ઠ'** શબ્દો સ્પષ્ટ લખેલા છે. એટલે વેદે ૐને પ્રતિષ્ઠિત કરવાનો આદેશ આપેલ છે. પરંતુ આજે આ આદેશની અવહેલના કરીને આ મંત્રનું પઠન કરતા રહી અન્ય દેવોની પ્રતિષ્ઠા કરવામાં આવી રહી છે. ૐના તિરસ્કારનું પરિણામ એ આવ્યું કે આજે હજારો અવૈદિક પૂજાઓમાં આપણે ફસાઈ ગયા છીએ. અને ખોદવો ડુંગરને મળ્યો ઉંદર જેવી દશા થઈ ગઈ છે. આપણા સમાજની. ૐની પૂજા પૂર્ણરૂપથી વેદોક્ત તથા શાસ્ત્રીય પૂજા છે. જેને પ્રત્યેક નર-નારીએ અપનાવી પોતાના આ લોક અને પરલોકને સુધારી લેવો જોઈએ. ભગવાન ૐકારેશ્વરને પ્રાર્થના છે કે સર્વના હૃદયમાં પોતાની આ પૂજા અને સાચા અર્થમાં ઉપાસના કરવાની પ્રેરણા પ્રદાન કરે. **'ૐ તત્સત્'**

❖❖❖

૩૯

ૐકારના મંત્ર પ્રયોગો

(૧) ધનધાન્ય પૂર્તિની સાધનાઃ

મંત્ર - ઓઽઽઽઽઽઽઽઽમ્ । (ૐ)

વિધિ - બ્રહ્મ મુહૂર્તમાં ભૂમિ યા મકાનના ઈશાન ખૂણામાં (ઈશાન તરફનો રૂમ હોય, તો તેના પણ ઈશાન ખૂણામાં) ઉત્તરદિશા તરફ મુખ કરીને બેસવું અને ઉપરોક્ત રીતે ૐના દીર્ઘ ઉચ્ચારણપૂર્વક ૧૧૮૮ વાર જપ પ્રતિદિન

કરવા. ૨૧ દિવસ કરવાથી મંત્ર સિદ્ધ થશે આ સર્વ કામના પૂરક મંત્ર છે.

(૨) પ્રેતનિવારક સાધનાઓ:

(૧) મંત્ર - ઓડડડડડડડડમ્ । (ૐ)

વિધિ - આ મંત્રનો ઈશાનકોણમાં મનોકામના સિદ્ધિની માફક ઉપર મુજબ સિદ્ધ કરવો. ત્રાટક માટે 'ૐકાર'નું ચિત્ર સામે સ્થાપિત કરવું. ૨૧ દિવસમાં મંત્ર સિદ્ધ થશે.

હવે મંત્ર સિદ્ધિ બાદ કોઈ ભૂત-પ્રેતથી પ્રકોપિત વ્યક્તિના ખુલ્લા શરીર પર હાથ ફેરવતા રહી આ મંત્ર બોલતા રહેવાથી સાતમું આવર્તન થતા થતાં પ્રકોપમાંથી મુક્તિ મળી જશે.

(૨) ઉપરોક્ત મંત્ર સિદ્ધ કર્યા બાદ સરસવના તેલને ઉપર્યુક્ત મંત્રથી સાતવાર અભિમંત્રિત કરીને સાધક સંપૂર્ણ શરીરને લગાડતા મંત્ર જપ કરે તો બધા પ્રકારના ઊપરી પ્રકોપ દૂધ થઈ જાય છે.

(૩) ભૂતાદિ પ્રકોપનું પાગલપન (ગાંડપણ) નિવારણ પ્રયોગ:

મંત્ર - ઓડડડડડડડડમ્ । (ૐ)

વિધિ - ઉક્ત મંત્રનો ૧૧૮૮ વાર મંત્રનો બોલીને જપ કરવો. અને પાંચ તુલસીના પાનનો પ્રત્યેક વાર સ્પર્શ કરવો. આ પાંચ તુલસીના પાનને રોગીને ખવડાવી દેવાં. જપ કરતી વખતે - કોચલું, પીળા સરસવ, સાપની કાંચળી, ખુરાસાની, વચ, હીંગ, કપૂર અને કડવા લીમડાના પાનની ધૂણી કરવી.

(૪) બવાસીર નિવારણ પ્રયોગ:

મંત્ર - ઓડડડડડડડડમ્ । (ૐ)

